ચોથી શ્રેણી

પુસ્તક-૯૬

તા.૧લી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે
થી
તા.૭મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## બીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક-૯૬ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી | |
|---|---|---|---|
| | **વિષય** | **પાના નંબર** | |


| | | |
|---|---|---|
| **તા.૧લી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 47 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર (નિયમ-૧૧૬ની નોટિસ પર ચર્ચા કરવા સમય ફાળવવા અંગે) | 48 | 53 |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 54 | 78 |
| **તા. ૨જી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૧, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૭૯ | ૯૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૯૧ | ૧૧૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર(સસ્પેન્શન નિયમ મુજબ ન હોવા અંગે) | ૧૧૯ | ૧૨૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૨૬ | ૧૨૬ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | 127 | 148 |
| **તા. ૩જી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૪૯ | ૧૬૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬૨ | ૧૮૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ) | ૧૮૯ | ૨૦૦ |
| દાખલ કરવાના બીન-સરકારી વિધેયકો | ૨૦૧ | ૨૦3 |
| **તા. ૪થી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૩, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 204 | 214 |
| અતારાંકિત પ્રશ્નો | 215 | 246 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર( પ્રશ્નોત્તરી બાબતમાં સભ્યશ્રીઓને સૂચના આપવા અંગે) | 247 | 247 |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | 248 | 249 |
| અધ્યક્ષશ્રીની સૂચના ( પૂરક માગણીઓની ચર્ચા દરમિયાન જે તે વિભાગના ઉચ્ચ અધિકારીએ હાજર રહેવા અંગે) | 250 | 263 |
| **તા. ૬થી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૫, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૬૪ | ૨૭૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૬ | ૩૧૧ |
| રાજ્યકક્ષાના રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)(સ્પર્ધાત્મક રમતોની ઇનામોમાં વધારો કરવા બાબત ) | ૩૧૨ | ૩૧૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | 313 | 338 |
| **તા. ૭મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 339 | 348 |
| અતારાંકિત પ્રશ્નો | 349 | 390 |
| કૃષિ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪) | 391 | 393 |
| લાલ ડુંગળીના બજારભાવ સંદર્ભે | 391 | 391 |
| બટાટાના ભાવમાં ઘટાડો થતાં ખેડૂતો માટે વાહતુક સહાય જાહેર કરવા બાબત | 391 | 393 |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | 394 | 407 |

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા બુધવાર,**

**તા. ૧લી માર્ચ, ૨૦૨૩**

**ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય**

* ૫૮૬ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૯ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૬ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૬૪.૦૦ લાખ. |

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખાતેદાર ખેડૂતને અકસ્માત વીમા યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે? અને સહાય કોને અને કેટલી મળવાપાત્ર છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ખેડૂતોને ખેડૂત કે એના પરિવારના કોઇપણ વ્યક્તિ અકસ્માતે અવસાન પામે, મૃત્યુ થાય તો એના કુટુંબને આર્થિક રીતે સધિયારો મળી રહે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૬માં આ યોજના ખેડૂત અકસ્માત વીમા યોજના દાખલ કરેલ. રાજય સરકાર દ્વારા તમામ ખાતેદાર ખેડૂતો માટે આકસ્મિક મૃત્યુ થાય કે અકસ્માત થવાથી અથવા તો કાયમી અપંગતા થાય એવા કિસ્સામાં રાજયના તમામ ખેડૂત ખાતેદારો અને તેમના ૫ થી ૭૦ વર્ષ સુધીના સીધી લીટીના તમામ વારસદારોને, કુટુંબીજનોને આ યોજનામાં વીમા રક્ષણ આપવાની જોગવાઇ છે. ૧૦૦ ટકા રાજય સરકાર પુરસ્કૃત એવી આ યોજના તા. ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬થી દાખલ કરવામાં આવેલ છે. આ યોજનામાં રાજયના તમામ ખેડૂત ખાતેદારો વતી રાજય સરકારશ્રી દ્વારા અકસ્માત વીમા પ્રિમિયમની ચૂકવણી કરવામાં આવે છે એટલે કે આ યોજના હેઠળ વીમાનું રક્ષણ મેળવવા રાજયના ખેડૂતોને કોઇપણ જાતનું પ્રિમિયમ ચૂકવવાનું રહેતું નથી. અકસ્માતે અપંગતા કે મૃત્યુ જેવી અણધારી કુદરતી જે આફતો આવે એવા સમયે ખેડૂત પ્રત્યે સરકારની સંવેદના અને લાગણી સ્વરૂપે કરવામાં આવતી આર્થિક સહાય ખેડૂત અને એના કુટુંબ માટે એક સધિયારો પૂરો પાડવાનું કામ કરે છે. આ યોજના તા.૧-૪-૨૦૦૮થી વીમા નિયામકશ્રી, ગાંધીનગર મારફત અમલમાં મૂકવામાં આવી છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે સહાય કોને કેટલી મળવાપાત્ર છે? આ પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખાતેદાર ખેડૂતના કોઇપણ સંતાન પુત્ર, પુત્રી તેમજ ખેડૂત ખાતેદારના પતિ, પત્નિના અકસ્માતે મૃત્યુ થાય કે કાયમી અપંગતા આવે તો તેના વારસદારને આર્થિક સહાય આપવા માટેનો મુખ્ય ઉદ્દેશ આ યોજના પાછળનો છે. બીજા પ્રશ્નના જવાબમાં જણાવું કે વ્યક્તિગત કે સંયુકત નામે જમીન ધારણ કરનાર બધા જ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઇપણ સંતાન તેમજ ખાતેદાર ખેડૂતના પતિ, પત્નીનું અકસ્માતમાં મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં તેઓની ઉંમર ૫થી ૭૦ વર્ષની હોય તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ યોજના અંતર્ગત અકસ્માતના કારણે મૃત્યુ કે કાયમી અપંગતા આવે કે અકસ્માતના કારણે બે આંખ, બે હાથ કે બે પગ અથવા એક આંખ કે એક પગ એમ કોઇપણ બે અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા લેખે વીમાની સહાય મળવાપાત્ર થાય છે. અકસ્માતના કિસ્સામાં એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા લેખે એટલે કે રૂપિયા એક લાખ જેટલી સહાય મળવાપાત્ર થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે વર્ષ ૨૦૨૧-૨૨માં કચ્છના ૧૦ તાલુકામાં અત્યાર સુધી અકસ્માત અરજીઓ કેટલી આવી અને કેટલાને સહાય કરવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૧ના વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ વિશે વાત કરું તો ભુજ તાલુકામાં મૃત્યુની ૧૫ અને ૧ અરજી અપંગતાની આવી છે. તેમાંથી મંજૂર થયેલ અરજીઓની સંખ્યા જોઇએ તો ૧૩ મૃત્યુની અને ૧ અપંગતામાં મંજૂર થઇ છે. તેમાં મૃત્યુ સહાય ૨૬ લાખ અને અપંગતા સહાય ૧ લાખ રૂપિયા ચૂકવી છે. મુન્દ્રા તાલુકામાં મૃત્યુની ૧૯ અને ૧ અરજી અપંગતાની આવી છે. તેમાંથી મંજૂર થયેલ અરજીઓની સંખ્યા જોઇએ તો ૧૭ મૃત્યુની અને ૧ અપંગતામાં ૧ અરજી મંજૂર થઇ છે. તેમાં મૃત્યુ સહાય ૩૪ લાખ અને અપંગતા સહાય ૧ લાખ રૂપિયા ચૂકવી છે. માંડવી તાલુકામાં મૃત્યુની ૯ અને અપંગતામાં ૦ અરજી છે. તેમાંથી મંજૂર થયેલ અરજીઓની સંખ્યા જોઇએ તો ૯ અરજી મૃત્યુની મંજૂર થઇ છે. તેમાં મૃત્યુ સહાય ૧૮ લાખ સહાય ચૂકવી છે. અંજાર તાલુકામાં મૃત્યુની ૧૨ અરજીઓ અને અપંગતાની ૧ અરજી

આવી છે. તેમાં મૃત્યુના ૧૨ કિસ્સામાં ૨૪ લાખ અને અપંગતાના ૧ કિસ્સામાં ૧ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. ગાંધીધામમાં ૦ અરજી છે. ભચાઉમાં મૃત્યુની ૬ અરજી આવી છે અને તેમાંથી ૪ અરજી મંજૂર થઇ છે અને તેમાં ૮ લાખ રૂપિયા સહાય ચૂકવવામાં આવી છે. રાપર તાલુકામાં મૃત્યુની અરજી ૧૦ અને અપંગતાની ૧ અરજી આવી છે. તેમાં મૃત્યુની ૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને અપંગતાની ૧ અરજી મંજૂર કરવામાં આવી છે. એટલે મૃત્યુ સહાય ૧૪ લાખ અપંગતાની સહાય ૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવી છે. નખત્રાણા તાલુકામાં મૃત્યુની ૫(પાંચ) અરજીઓ આવી હતી તેમાંથી ૩ અરજીઓ મંજૂર થઇ છે અને તેમાં ૬ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. અબડાસા તાલુકામાં મૃત્યુની ૧૧ અને અપંગતાની ૧ અરજી આવી હતી. તેમાંથી મૃત્યુની ૮ અને અપંગતાની ૧ અરજી મંજૂર કરવામાં આવી છે. તેમાં ૧૬ લાખ રૂપિયા મૃત્યુ સહાય અને ૧ લાખ રૂપિયા અપંગતાની સહાય ચૂકવવામાં આવી છે. લખપત તાલુકામાં સને ૨૦૨૧ માં કોઇ અરજી મળેલ નથી. આ જ રીતે ૨૦૨૨ ના વર્ષમાં તાલુકાવાર અરજી અંગે વાત કરું તો ભુજ તાલુકામાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે બધા આંકડા વાંચશો તો લાંબુ થશે. તમે તે માહિતી ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાનો લાભ લેવા માટે અરજી ફોર્મ કયાંથી મેળવવાનું થાય છે અને અરજદારે કેટલી સમય મર્યાદામાં અરજી કરવાની હોય છે તથા કેટલા સમયમાં આ સહાય ચૂકવવાની જોગવાઇ છે?

શ્રી રાઘવજીભાઇભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો આ યોજનાનો લાભ લેવા માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક, તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારીશ્રી અથવા તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, પેટા વિભાગીય કક્ષાએ મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ), જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અને ખેતીવાડી ખાતાની વેબસાઇટ પરથી આ માટેના અરજી ફોર્મ અરજદારને મળી શકે છે. અરજદારે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને અકસ્માત મૃત્યુ થયાની તારીખથી ૧૫૦ દિવસ સુધીમાં અરજી કરવાની હોય છે. વીમા નિયામકશ્રીની કચેરી દ્વારા અરજી મળ્યેથી ૬૦ દિવસની સમય મર્યાદામાં દાવો મંજૂર કે નામંજૂરનો નિર્ણય કરી અરજદારને સીધા તેના બેન્ક ખાતામાં ડીબીટી (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર)થી સહાયની રકમ ચૂકવવાની જોગવાઇ છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કચ્છ જિલ્લાના ૨૦૨૧-૨૨ના વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને આ નામંજૂર કરવાના કારણો શું છે? બીજું બનાસકાંઠા જિલ્લો કચ્છ જિલ્લાને અડીને આવેલ છે તો બનાસકાંઠા જિલ્લામાં તમામ ૧૪ તાલુકાઓમાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ વર્ષ દરમ્યાન કેટલી અરજીઓ આવી, કેટલાને સહાય આપવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન કચ્છ જિલ્લાનો જ છે. તમારી પાસે અવેલેબલ હોય તો આપી શકો.

શ્રી રાઘવજીભાઇભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન કચ્છ જિલ્લા માટે પૂછવામાં આવ્યો છે છતાંય માનનીય સભ્યશ્રીની લાગણી અને માગણી છે એટલે તેની માહિતી હું ટેબલ ઉપર મૂકાવી દઇશ.

અધ્યક્ષશ્રી : તેમાં ખાલી નામંજૂર અને તેના કારણો જ પૂછ્યા છે.

શ્રી રાઘવજીભાઇભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૨૦૨૧માં ૧૪ અરજી નામંજૂર થઇ અને ૨૦૨૨માં ૫ (પાંચ) અરજી નામંજૂર થઇ છે. આમ કુલ ૧૯ જેટલી અરજીઓ નામંજૂર થઇ છે. નામંજૂર થવાના કારણો જણાવું તો અકસ્માતની તારીખે વેલીડ ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતા ન હોવાના કારણે, મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાના કારણે, સીધી લીટીના વારસદાર ના હોવાથી અરજી નામંજૂર થાય છે. ઇન્કવેસ્ટ પંચનામું રજૂ કરેલ ન હોવાથી, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ રજૂ કરેલ ન હોવાથી એફ.આઇ.આર.ની નકલ રજૂ થયેલ ન હોવાથી, અકસ્માતની તારીખે ખાતેદાર ખેડૂત ન હોવાથી, મૃતક નોંધાયેલ ખેડૂતના વારસદાર ન હોવાથી આમ જુદાં જુદાં કારણોસર અરજીઓ નામંજૂર થયેલ છે.

### સુરત જિલ્લામાં પાવરડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના

* ૬૨૨ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં પાવરડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ બિન અનામત જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) બિન અનામત જાતિ-૧૬૧<br>અનુસૂચિત જાતિ-૧૨<br>અનુસૂચિત જનજાતિ-૬૨<br>કુલ-૨૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટેગરી વાઇઝ કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) બિન અનામત કેટેગરી-રૂ.૩૯,૨૪,૦૦૦/-<br>અનુસૂચિત જાતિ કેટેગરી-રૂ.૨,૭૦,૦૦૦/-<br>અનુસૂચિત જનજાતિ કેટેગરી-રૂ.૧૩,૩૨,૦૦૦/-<br>કુલ-રૂ.૫૫,૨૬,૦૦૦/- |

## તારાંકિત પ્રશ્નો

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પાવરડ્રીવન ચાફકટર ખરીદી પર સહાય આપવાની યોજનાની શરતો અને બોલીઓ શું છે? મારો બીજો પ્રશ્ન છે કે, સહાય મેળવવા માટે ક્યા કયા દસ્તાવેજો અરજી સાથે જોડવાના હોય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ખેતીની સાથો સાથ પશુ પાલનનો વ્યવસાય પણ ખેતીની સમકક્ષ ઊભો છે અને એટલા માટે પશુ પાલન વ્યવસાયને વધુ ઉત્તેજન મળે, પશુ પાલકોને જુદી જુદી મદદ મળી રહે અને એના પશુઓનું સારી રીતે પોષણ કરી શકે એવા જુદા જુદા હેતુસર રાજયના લાખો કુટુંબ માટે પશુ પાલન એ આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે અને એના માટે આ પાવરડ્રીવન ચાફકટર સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનો હેતુ એ છે કે ચારાના નાના નાના ટૂકડા જો કરવામાં આવે તો પશુ દ્વારા જે ખોરાકનો બગાડ થાય છે એ અટકાવી શકાય, પશુ સારી રીતે એ પાચન કરી શકે છે. લીલા અને સૂકા ચારાને ભેગો કરીને પશુઓને ખવરાવી શકાય છે અને પશુઓ આવો સૂકો ચારો બગાડ્યા વગર ખાઇ શકે, એની જઠરની આંતરિક પાચન શક્તિ છે એ જળવાઇ છે અને અપચાની બીમારીનું પ્રમાણ ઘટાડી શકાય છે, પશુ વધુ ખાઇ શકે છે અને ભૂખ પણ સંતોષાય છે અને એના પરિણામે પશુઓના દૂધનું ઉત્પાદન પણ વધે છે એટલે જુદા જુદા હેતુસર આ ચાફકટર મશીનથી પશુ પાલકોને એના પશુઓના પોષણમાં ખૂબ મોટો ફાયદો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પાવરડ્રીવન ચાફકટર ખરીદી ઉપર સહાય માટેની શરતો અને બોલીઓ અંગેનો પ્રશ્ન પૂછ્યો છે તો હું જણાવવાની રજા લઉં કે પશુ પાલકે આ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવી અથવા તો સંબંધિત તાલુકાના પશુ દવાખાના ખાતે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવા માટે અરજી કરવાની રહેશે. અનુસૂચિત જાતિના પશુ પાલક, અનુસૂચિત જનજાતિના પશુ પાલક, નાના પશુ પાલક, સીમાંત પશુ પાલક, સામાન્ય પશુ પાલક અને બક્ષીપંચના પશુ પાલકોને આ યોજનાનો લાભ મળી શકશે. પશુ પાલકો પાસે ઓછામાં ઓછા પાંચ કે તેથી વધુ પશુઓ હોવા જરૂરી છે. સરકારશ્રી દ્વારા એમ્પેનલ કરેલ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી જ આ ચાફકટર ખરીદી કરવાનું રહેશે, વિદ્યુત ચાફકટર ખરીદીનું બિલ રજૂ કરવાનું રહેશે, પશુ પાલક પાસે આ માટે લાઇટ કનેકશન હોવું જરૂરી છે. પશુ પાલકે પશુઓને ચાફકટરથી નાના નાના ટુકડા કરી સૂકો લીલો ચારો ભેગો નિરણ કરવાનો રહેશે. આ યુનિટની ખરીદીની સમય મર્યાદા મુજબ મંજૂરી મળ્યાથી ૬૦ દિવસની અંદર પશુ પાલકે આ ચાફકટરની ખરીદી કરવાની રહેશે. લાભાર્થીએ પોતાનો બેન્ક એકાઉન્ટ જણાવવાનો રહેશે કે જેથી સહાયની રકમ સીધી તેના બેન્ક ખાતામાં જમા થઇ શકે. એમ આ ચાફકટર ખરીદી કરવા માટેની બોલીઓ અને શરતો છે. સહાય મેળવવા માટે એણે જે વિગતો માગી છે એમાં બેન્કની પાસબૂકની નકલ અથવા રદ કરેલ ચેકની નકલ, બારકોડેડ રેશન કાર્ડની નકલ, સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ, પાંચ કે તેથી વધુ દૂધાળા પશુઓ હોવાનો પૂરાવો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે કોઇને ચાફકટર જોઇશે તો તમારું આ ભાષણ સાંભળીને અરજી કરી શકશે. માનનીયશ્રી પ્રવીણભાઇ ઘોઘારી..

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પાવરડ્રીવન ચાફકટર યોજનામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન કેટલી અરજીઓ નામંજૂર જાતિવાર થયેલ છે ? અને બીજો પ્રશ્ન એ છે કે, અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે અરજી નામંજૂર થઇ છે તેની વિગત અને નામંજૂરીના કારણો જાણવા માગ્યા છે ત્યારે માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ઉંમરપાડા તાલુકામાં જનરલમાં ૨ નામંજૂર થઇ છે, એસ.સી.માં ૧ નામંજૂર થઇ છે, એસ.ટી.માં ૩ નામંજૂર થઇ છે તેમ કુલ-૬ નામંજૂર થઇ છે. ઓલપાડ તાલુકામાં જનરલમાં ૮ ટોટલ-૮ નામંજૂર થઇ છે. કામરેજ તાલુકામાં જનરલમાં-૧, એસ.ટી.-૧ એમ કુલ-૨ નામંજૂર થઇ છે. ચૌર્યાસી તાલુકામાં જનરલમાં-૧, એસ.સી.માં-૨ એમ કુલ-૩ નામંજૂર થઇ છે. પલસાણા તાલુકામાં જનરલમાં-૫ અને કુલ-૫ નામંજૂર થઇ છે. બારડોલી તાલુકામાં એસ.સી.માં-૨ એસ.ટી.માં-૩ એમ કુલ-૫ નામંજૂર થઇ છે. મહુવા તાલુકામાં જનરલમાં-૧, એસ.ટી.માં-૫ એમ કુલ-૬ નામંજૂર થઇ છે. માંગરોળ તાલુકામાં જનરલમાં-૮, એસ.સી.-૧, એસ.ટી.માં-૮ એમ કુલ-૧૭ નામંજૂર થઇ છે. માંડવીમાં એસ.ટી.માં-૬ એમ કુલ-૬ નામંજૂર થઇ છે. કુલ જનરલમાં-૨૬, એસ.સી.માં-૬, એસ.ટી.માં-૨૬ અને ટોટલ-૫૮ જેટલી અરજીઓ નામંજૂર થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો છે કે નામંજૂર થવાનાં કારણો શું ? તો પશુપાલક દ્વારા ઓનલાઇન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ આઉટ લઇ અને ભૌતિક રીતે રજૂ કરેલી ના હોય, પ્રિન્ટ આઉટ ભૌતિક રીતે રજૂ કરેલી હોય પણ તેની સાથે જરૂરી કાગળો સામેલ રાખવામાં આવેલા ના હોય, આ જ પશુપાલકે અગાઉ આ યોજના હેઠળ સહાય લીધી હોય અને ફરીથી અરજી કરેલી હોય, અરજી કરનાર પશુપાલક ઘટક માટે જરૂરી પાંચથી ઓછાં પશુ ધરાવતો હોય, અરજી મંજૂર કર્યા બાદ પશુપાલકે ચાફકટરની ખરીદી ના કરી હોય, અરજી મંજૂર કર્યા બાદ પશુપાલકે ૬૦ દિવસમાં એટલે કે તેની નિયત સમય-મર્યાદામાં ખરીદી ના કરી હોય તો આ અરજી નામંજૂર કરવામાં આવે છે.

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગીર સોમનાથ જિલ્લામાં પશુઓનું રસીકરણ**

* ૬૩૦ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬,૦૯,૩૦૩ |
| (૨) ઉક્ત રસીકરણ કયા પ્રકારના રોગો માટે કરવામાં આવ્યું ? | (૨) પશુઓના જીવાણુજન્ય અને વિષાણુજન્ય રોગો માટે. |

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ મને જયારે અતિ મહત્ત્વના પ્રશ્નની ચર્ચા કરવાનો મોકો મળ્યો છે ત્યારે થોડાં સમય પહેલાં દેશ ઉપર કોરોના કાળનો પંજો આપણને સૌને હેરાન કરવા માટે આવ્યો ત્યારે અને તેના પછી આ દેશના અને આપણાં સૌના સન્માનનીય એવા ગુજરાતના સપુત ભાઇશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે સમગ્ર દેશ અને દુનિયા અને ગુજરાત આ તમામ લોકોને જે રસીકરણનું કામ જે વિશ્વ ના કરી શકયું તે પ્રથમ જે આપણાં દેશની અંદર કરીને બતાવ્યું એવું જ થોડાં સમય પહેલાં ગુજરાતના પશુઓની અંદર પણ આવો એક કોરોના તે લમ્પી નામનો જે રોગ આવ્યો આમ તો ખરેખર તે કોરોના હતો. હવે તે વખતે તો હું વિપક્ષના ધારાસભ્ય તરીકે આ હાઉસમાં કામ કરતો હતો ત્યારે પણ એ લમ્પીના વાયરસમાં પણ ગૃહના નેતા અને આ ગૃહના મુખ્યમંત્રી આપણાં સૌના નેતા એવા ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ સાથે સતત ટેલિફોનીક વિપક્ષનો ધારાસભ્ય હોવા છતાં પણ એ સમયગાળાની અંદર પણ ખૂબ સહયોગ મને આપ્યો છે મારા જિલ્લા માટે પણ આપ્યો છે ત્યારે પ્રથમ તો હું એ સૌનો આભાર વ્યકત કરું છું અને અભિનંદન પણ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એ જાણવુ છે કે, આ પશુઓમાં જે વિવિધ પ્રકારના રોગ આવે છે તે રોગોમાં રસીકરણ કઇ રીતે કામગીરી કરે છે ? અને એનાથી પશુ માલિકોને શું ફાયદો થાય છે? મારો બીજો પ્રશ્ન એ છે કે પશુઓમાં જે રોગ આવે છે એ કઇ સિઝનમાં વધારે આવે છે અને કયો રોગ કઇ સિઝનમાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડે બહુ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે. કોરોના પછી ગૌવંશમાં લમ્પી નામનો રોગ પ્રસર્યો હતો અને સમગ્ર રાજ્યના ૨૭ જેટલા જિલ્લાઓના ગૌવંશમાં ગાય, બળદ એ બધાંને આ રોગની અસર થઇ હતી. એવા સમયે પશુપાલન મંત્રી તરીકે હું હતો. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અમને એમના તરફથી તમામ પ્રકારની છૂટ હતી. ગમે તેટલો ખર્ચ થાય પણ રાજ્યના ગૌવંશને ઉણી આંચ ન આવે. એની સારવાર માટે જે કરવું હોય એ કરો. એના પરિણામે અમારું પશુપાલન ખાતું, રાજ્યની જુદી-જુદી સામાજિક, ધાર્મિક સંસ્થાઓ, જિલ્લાના દૂધ ઉત્પાદક સંઘો આ બધાંએ મળી અને લમ્પી રોગનો અસરકારક સામનો કર્યો. એમાં સારવારની સાથોસાથ જે સશક્ત પશુઓ છે એમાં આ લમ્પી પ્રસરે નહિ એના માટે રોગપ્રતિકારક રસી મૂકવાનું અભિયાન કર્યું અને એના પરિણામે આપણા ગુજરાત રાજ્યમાં લમ્પી નામના રોગથી ગૌવંશમાં મૃત્યુદરનું પ્રમાણ ઓછામાં ઓછું રાખી શક્યા. એમાં પણ સન્માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડનો ઉલ્લેખ કરું તો એમના બારડ પરિવારે આવી અસરગ્રસ્ત ગાયોને શોધીને લગભગ ૯૫૦૦ ગાયોની સારવાર કરી અને એના માટે એમણે ચાર જેટલી એમ્બ્યુલન્સ વાન સરકારની મદદમાં પણ રાખી હતી અને લગભગ ૬,૦૦૦ જેટલા પશુઓને રસીકરણ કરવામાં પણ આ બારડ પરિવારે મદદ કરી હતી. અઠવાડિયામાં બે-ત્રણ દિવસ મને ફોન આવે. મારી પાસેથી કોઇ સહાયની જરૂર હોય તો એ માંગે. આ ગૌવંશ પ્રેમી બારડ પરિવારે પણ સરકારના આ ભગીરથ પ્રયત્નમાં ખૂબ સાથ સહકાર આપ્યો છે. એક કહેવત છે કે 'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર'. 'પાણી પહેલાં પાળ બાંધવી' અમારી સરકારે નક્કી કર્યું કે સશક્ત પશુઓનું પણ રસીકરણ કરવું કે જેથી જુદા-જુદા રોગો એના શરીરમાં પ્રવેશે નહિ. એના માટે આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સરકારે પશુઓનું ૧૦૦ ટકા રસીકરણ થાય એના માટેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે એવી યોજના પ્રથમ વખત દાખલ કરી અને આ યોજનાનો વધુમાં વધુ જો કોઇ રાજ્યએ લાભ લીધો હોય તો એ ગુજરાત રાજ્યની સરકારે લીધો છે. ગુજરાતના પશુપાલન ખાતાએ જે મહેનત કરી છે એના માટે હું પશુપાલન ખાતાના જવાબદાર અધિકારીઓને ખૂબ-ખૂબ અભિનંદન આપુ છું. પશુપાલકોને આર્થિક રીતે નુકસાનકર્તા અને પશુઓમાં જોવા મળતા અગત્યના ચેપી રોગો જેવા કે ગળસુંઢો, ગાંઠિયો તાવ, કાળિયો તાવ, ખરવાસા, મોંવાસા, ચેપી ગર્ભપાત જેવા રોગોમાં રોગ પ્રતિકારક શક્તિ જળવાઇ રહે એના માટે સમયાંતરે આવી રસીઓ આપવી ખૂબ જરૂરી છે. એટલા માટે આ પશુઓનું આપણે રસીકરણ કરીએ છીએ. રોગચાળાનું પ્રમાણ ઘટે અને એનું ઉત્પાદન પણ જળવાઇ રહે અને એકંદરે ઉત્પાદકતામાં વધારો થાય જેમાં સરવાળે પશુપાલકોની આર્થિક આવક વધે. પશુઓમાં રોગચાળાને કારણે થતાં મૃત્યુના કારણે પશુપાલકોને થતું આર્થિક નુકસાન પણ ઘટે અને સારવાર થતા એના ખર્ચમાં પણ લાભ થાય. પ્રાણીઓમાંથી મનુષ્યમાં અને પ્રાણીઓમાંથી પ્રાણીઓમાં જે ચેપી રોગો ફેલાય છે એ આ રસીકરણના કારણે અટકે છે.

આમ, રસીકરણ કરવાથી અનેકવિધ ફાયદા થાય છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો છે તેના અનુસંધાને ગળસુંઢો અને ગાંઠિયો તાવ નામના રોગો ચોમાસામાં, ખરવા-મોવાસા, આંત્ર વિષજવર અને પીપીઆર નામના રોગો શિયાળામાં,

હડકવા અને બ્રુસેલોસિસ નામના રોગો વર્ષમાં ગમે ત્યારે થાય છે. આ રીતે રસીકરણ કરવાથી પશુઓને રોગમુક્ત રાખી શકીએ છીએ.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર અને પશુવર્ગવાર કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ગીર-ગઢડા તાલુકામાં ગાય વર્ગમાં ૬૧,૩૯૧, ભેંસ વર્ગમાં ૪૩,૬૪૩, ઘેટા વર્ગમાં ૩,૬૧૧, બકરા વર્ગમાં ૧,૪૨૨ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું. ઉના તાલુકામાં ગાય વર્ગમાં ૬૭,૧૫૯, ભેંસ વર્ગમાં ૩૫,૭૦૬, ઘેટા વર્ગમાં ૬,૬૮૩, બકરા વર્ગમાં ૨,૯૯૧ અને અન્ય વર્ગમાં ૩ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું. કોડીનાર તાલુકામાં ગાય વર્ગમાં ૫૭,૩૪૫, ભેંસ વર્ગમાં ૨૮,૬૮૦, ઘેટા વર્ગમાં ૨,૮૩૦, બકરા વર્ગમાં ૨,૬૫૦ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું. સુત્રાપાડા તાલુકામાં ગાય વર્ગમાં ૭૭,૯૫૬, ભેંસ વર્ગમાં ૩૫,૦૫૭, ઘેટા વર્ગમાં ૭,૩૧૦, બકરા વર્ગમાં ૩,૮૯૦ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું. તલાલા તાલુકામાં ગાય વર્ગમાં ૧૯,૭૦૨, ભેંસ વર્ગમાં ૧૨,૨૦૭, ઘેટા વર્ગમાં ૩૭૫, બકરા વર્ગમાં ૩,૦૩૩ અને અન્ય વર્ગમાં ૩ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું. વેરાવળ તાલુકામાં ગાય વર્ગમાં ૯૩,૭૨૧, ભેંસ વર્ગમાં ૩૪,૨૨૬, ઘેટા વર્ગમાં ૫,૯૮૦, બકરા વર્ગમાં ૧,૭૧૦ અને અન્ય વર્ગમાં ૧૯ જેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર-સોમનાથ જિલ્લો અને અમરેલી જિલ્લો અડીને આવેલો છે ત્યારે ગીર-સોમનાથ જિલ્લાના કોઈ તાલુકામાં પશુઓ માટે કોઈ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨થી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રાજ્યમાં પશુઓ માટે આરોગ્ય મેળાનો કન્સેપ્ટ પ્રથમ વાર શરૂ કરાવ્યો ત્યારથી આજ સુધી સમગ્ર રાજ્યના તમામ તાલુકાઓમાં હજારો આરોગ્ય પશુ મેળાઓનું આયોજન કરી લાખોની સંખ્યામાં પશુઓનું નિદાન અને સારવાર થાય, તેના માટેની જરૂરી દવાઓ આપવામાં આવે, તેવો પશુપાલકોને ઘરઆંગણે સુવિધા આપવા માટેનો ભગીરથ પ્રયત્ન ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે તેમાં માનનીય સભ્યશ્રીના વિસ્તારનો પણ સમાવેશ થઈ જાય છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં જે પશુ દવાખાનું આવેલું છે તેમાં સ્ટાફની વધારે પડતી જગ્યાઓ ખાલી છે. જ્યારે લમ્પી વાયરસ હતો ત્યારે સ્ટાફની ઘટના લીધે ગાય માતાના મૃત્યુ થયા છે. સમયસર સારવાર મળી નથી અને લોકોને પોતાના સ્વખર્ચે સારવાર આપવી પડી છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સ્ટાફ ક્યારે અને કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, પશુઓની સારવાર માટેની જરૂરી તજજ્ઞોની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. જેમ બને તેમ વહેલી તકે ખૂટતો સ્ટાફ ભરી આપવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો**

* ૫૪૦ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૨૧-૨૨માં કચ્છ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) ૦૫ દરખાસ્તો મળી. |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ? | (૨) ૦૪ મંજૂર કરી. |

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યની અંદર ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગવધારાની મંજૂરીની પ્રક્રિયા શું છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ વધારાની સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને તે હેતુથી રાજ્ય સરકારની કેશલેસ વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે વર્ષ ૨૦૧૯-૨૦માં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગવધારો આપવા માટેની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિશિષ્ટ સોફ્ટવેર બનાવવામાં આવેલ છે. જે શાળાઓ વર્ગ વધારો ઇચ્છતી હોય તેવી શાળાઓ આ વેબસાઇટ પર પોતાની અરજી ઓનલાઇન ભરી શકે છે. ત્યારબાદ જે-તે જિલ્લા શિક્ષણાધિકારીના એકાઉન્ટમાં ટ્રાન્સફર થાય છે, જિલ્લા શિક્ષણાધિકારી તેમના એકાઉન્ટમાં આવેલ અરજીઓની ચકાસણી કરી જરૂરી અભિપ્રાય સાથે અરજી કમિશનરશ્રી, શાળાઓની કચેરીના એકાઉન્ટમાં ઓનલાઇન સબમિટ કરે છે અને આ રીતે કમિશનરશ્રી, શાળાઓના એકાઉન્ટમાં આવેલ વર્ગવધારા અંગેની અરજીઓની સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ સંબંધિત શાખા દ્વારા ચકાસણી કરી નાયબ નિયામક કક્ષાના અધિકારીશ્રી દ્વારા અભિપ્રાય સાથે આ અંગે બનાવેલ નીચે મુજબના અધિકારીશ્રીઓની કમિટીના એકાઉન્ટમાં સબમિટ કરવામાં આવે છે.

(૧) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક

(૨) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ + ૨
(૩) સંયુક્ત નિયામકશ્રી, હિસાબ
(૩) ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ.

આમ, આ કમિટી તમામ દરખાસ્તોની ઓનલાઇન ચકાસણી કરી મંજૂર કે નામંજૂર કરવાના અભિપ્રાય સાથે અરજી કમિશનરશ્રીને ઓનલાઇન રજૂ કરે છે અને કમિશનરશ્રી દ્વારા આખરી નિર્ણય લેવાયા બાદ જે-તે શાળાને તે અંગેની જાણ ઓનલાઇન કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને ઓનલાઇન છે અને આ સમગ્ર પ્રક્રિયામાં કોઇપણ શાળાએ કોઇપણ જગ્યાએ રૂબરૂમાં જવાની જરૂર પડતી નથી કે પેપર સબમિટ કરવા પડતા નથી. સમગ્ર પ્રક્રિયા પેપરલેસ અને કેશલેસ છે એ આપણી ગુજરાત સરકારનું પારદર્શક વહીવટનું ઉત્તમ ઉદાહરણ છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ગ વધારો મંજૂર કરવા માટેની નીતિ શું છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના તા. ૦૮-૦૩-૨૦૨૧ના ઠરાવથી થયેલ સુધારા પ્રમાણે મંજૂર થયેલા વર્ગોમાં ગ્રામ્ય વિસ્તારમાં જે-તે વર્ગમાં ૬૦ વિદ્યાર્થીઓની સંખ્યા ઉપરાંત, ૨૪ કે તેથી વધુ સંખ્યામાં વધારો, ૬૦ + ઓછામાં ઓછા ૨૪ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૮૪ વિદ્યાર્થીઓ થાય તો અને શહેરી વિસ્તારમાં જે-તે વર્ગમાં ૬૦ વિદ્યાર્થીઓની સંખ્યા ઉપરાંત, ૩૬ કે તેથી વધુ સંખ્યામાં વધારો. એટલે કે, ૬૦ + ઓછામાં ઓછા ૩૬ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૯૬ વિદ્યાર્થીઓ થાય ત્યારે જે-તે વર્ગનો વધારો મળવાપાત્ર થાય છે. સાથે-સાથે વર્ગવધારો આપતી વખતે સરકારશ્રીના નોર્મ્સ પણ ધ્યાને લેવામાં આવે છે. નોર્મ્સ પ્રમાણે શાળા પાસે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય-૧૯૭૪ મુજબ પૂરતી ભૌતિક સુવિધા હોવી જોઇએ. વધારાના વર્ગ માટે ઓછામાં ઓછા ૪૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતા વર્ગખંડો હોવા જોઇએ. સાતમો વર્ગ કે તેથી આગળના વર્ગની મંજૂરી માટે શાળાનું બોર્ડનું પરિણામ ૫૦ ટકા કે તેથી વધુ હોવું જોઇએ. આદિજાતિ ખાસ અંગભૂત યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારની કન્યા શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

શ્રી ત્રિકમ બિ. છાંગાઃ માનનીય અધ્યક્ષશ્રી**,** આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે**,** વર્ગ વધારો કયા સંજોગોમાં નામંજૂર થાય છે**?** અને નામંજૂર કરવામાં આવેલા વર્ગ વધારા માટે અપીલની શું જોગવાઇ છે**?**

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ વધારો કયા સંજોગોમાં નામંજૂર થાય છે. તો જણાવું કે, નામંજૂરના સામાન્ય કારણો હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૪ અને શહેરી વિસ્તારમાં ઓછામાં ઓછી ૩૬ વિદ્યાર્થીઓની સંખ્યા ન હોય, સાથે સાથે વર્ગખંડનું ક્ષેત્રફળ ૪૦૦ ચોરસફૂટથી ઓછું હોય, પૂરતી ભૌતિક સુવિધા ના હોય, સાથે સાથે જે તે વર્ષની બજેટ જોગવાઇ કરતાં મંજૂર કરવાપાત્ર દરખાસ્તો વધુ હોય ત્યારે પાત્રતા ધરાવતી દરખાસ્તોના નિશ્ચિત ધારાધોરણ, શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા, બોર્ડનું પરિણામ મુજબના મેરિટના આધારે તૈયાર કરેલ અગ્રિમતા યાદીમાં શાળાઓએ માગેલા વર્ગનો સમાવેશ ન થતો હોય ત્યારે બજેટ જોગવાઇના અભાવે વર્ગ વધારો નામંજૂર કરવામાં આવે છે સાથે સાથે ધોરણ-૧૧ સળંગ એકમ પ્રથમ ગ્રાન્ટેડ વર્ગ મંજૂર કરતાં સમયે, ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ કરતાં ઓછી હોય તથા છેલ્લા ત્રણ વર્ષનું ધોરણ-૧૦નું સરેરાશ પરિણામ ૫૦ ટકાથી ઓછુ હોય ત્યારે વર્ગ વધારો નામંજૂર થાય છે. સાથે સાથે અપીલની જોગવાઇ છે કે, કમિશનર શાળાઓની કચેરી દ્વારા નામંજૂર કરવામાં આવેલ વર્ગ વધારાના હુકમ સામે શાળા મંડળ ઇચ્છે તો ૩૦ દિવસમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગમાં અપીલ કરી શકે છે.

શ્રી હાર્દિક ભ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભારતમાં ગુજરાત રાજ્યનું શૈક્ષણિક ક્ષેત્રે આદિકાળથી બહુ મહત્ત્વ રહ્યું છે. રાજ્યમાં આવી વધુ અને જૂની હેરિટેજ કહી શકાય એવી ઘણી બધી શાળા અને કોલેજો છે. જે પૈકી ૭૫-૧૦૦ વર્ષ જૂની પણ શાળા અને કોલેજો છે. આવી શાળાઓ કોઇ ટ્રસ્ટ મારફતે જો ચાલતી હોય અને એકાદ સરકારના પ્રતિનિધિ મારફતે જો ચાલતી હોય અને આવી શાળાઓમાં ફીનું પ્રમાણ પણ નહિવત હોય છે અને આના કારણે ટ્રસ્ટ આર્થિક રીતે ખૂબ કમજોર થતા હોય છે. તો આવી શાળા અને કોલેજોને માનનીય રાજ્ય સરકાર પોતાના હસ્તક લેવા માગે છે કે કેમ? અથવા આવી શાળાઓને કોઇ વિશેષ ગ્રાન્ટના માધ્યમથી મદદરૂપ થવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કચ્છના પરિપ્રેક્ષ્યમાં હોય તો ચોક્કસ જવાબ આપી શકશો.

ડો.કુબેરભાઇ ડીંડોર :માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર કચ્છના સંદર્ભમાં જે પાંચ દરખાસ્તો મળી છે અને દરખાસ્ત મંજૂર કરવાની પ્રક્રિયા શું છે? એ બાબતનો પ્રશ્ન છે. શ્રી હાર્દિકભાઇને હું અલગથી મળીને જવાબ આપી દઇશ.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન સરસ છે પણ જયારે આખા રાજ્યનો પ્રશ્ન આવે એની અંદર તમે મૂકી શકશો.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલી અને કંઇ કંઇ ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ વધારા મંજૂર કરવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : શ્રી કેશુભાઇ, બધી સ્કૂલોના નામ લેશે તો લાંબુ થશે. ટેબલ ઉપર મૂકી દેશે તો ચાલેને? માનનીય સભ્યશ્રી કહી રહ્યા છે કે ટેબલ ઉપર મૂકી દેશો તો ચાલશે.

ડો.કુબેરભાઇ ડીંડોર :માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કુલ ૨૦ વર્ગ છે.

અધ્યક્ષશ્રી : ૨૦ બોલવા છે તો ફકત ૨૦ નો આંકડો કહી દો. બધી સ્કૂલોના નામ બોલશો તો લાંબુ થશે.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**લુણાવાડા તાલુકામાં પટેલીયા સમાજના લોકોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબત**

* ૨૯૯ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા કરવામાં આવેલ લુણાવાડા તાલુકાના પટેલિયા જાતિના લોકોના પ્રમાણપત્રો, ખરાઇમાં સાચા જણાવેલ હોવા છતાં પણ તેઓને અનુ.જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવતા નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર લુણાવાડા તાલુકામાં પટેલિયા જાતિના લોકોના પ્રમાણપત્રોની ખરાઇ કરવામાં આવેલ છે છતાં પણ તેમના પરિવારજનોને પ્રમાણપત્રો આપવામાં આવતા નથી. આ અંગે તા. ૨૧-૧૦-૨૦૨૨ના રોજ સાદડીયા ગામના પટેલિયા નીમાબેન જુવાનસિંહે માગણી કરેલ હતી તેમના પિતાશ્રીનું ખરાઇનું પ્રમાણપત્ર તા. ૦૨-૦૮-૨૦૨૨ના રોજ વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરાએ કરેલ છે છતાં પણ આપવામાં આવેલ નથી. આ અંગે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય મારા સભ્યશ્રી ગુલાબસિંહભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, એમાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા કરવામાં આવેલ લુણાવાડા તાલુકાના પટેલિયા જાતિના લોકોના પ્રમાણપત્રો ખરાઇમાં સાચા જણાવેલ હોવા છતાં પ્રમાણપત્રો આપવામાં આવતા નથી. જેમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવો જવાબ છે પણ એમને જે નામ આપ્યું છે કે વિશ્લેષણ સમિતિએ ખરાઇ કર્યા પછી પણ પ્રમાણપત્રો આપવામાં આવતા નથી અને એમને તારીખ સાથે વાત કરી છે એટલે મારે કહેવું છે કે, તા. ૦૭-૧૦-૨૦૨૧ પટેલિયા હર્ષદકુમાર ખાતુભાઇ અને અન્ય ૪ મળીને મુકામ ઉકરડી, સાદડીયા, તાલુકા લુણાવાડાના ૫ અરજદારોએ પટેલીયા અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજી તારીખ ૭-૧૦-૨૧ના રોજ મામલતદાર કચેરી, લુણાવાડાએ મળેલ. મામલતદારશ્રી, લુણાવાડાએ તેમના તા. ૧૧-૧૦-૨૧ના હુકમથી, હુકમમાં દર્શાવ્યા મુજબના કારણોસર અરજી ગ્રાહ્ય રાખવાપાત્ર ન હોવાનું જણાવી અરજીને નામંજૂર કરેલ છે. એનાથી આગળ વધીને મામલતદારશ્રી, લુણાવાડાના ઉક્ત તા.૧૧-૧૦-૨૧ના હુકમથી નારાજ થઇ અરજદારો તેઓના ૧૩-૧૦-૨૦૨૧ના પત્રથી નિવાસી અધિક કલેકટર અને જાહેર અપીલ અધિકારીશ્રી, લુણાવાડા સમક્ષ અપીલ દાખલ કરી. તા. ૨૧-૫-૨૦૨૨ નિવાસી અધિક કલેકટર અને અપીલ અધિકારીશ્રી, લુણાવાડાએ તા. ૨૧-૫-૨૦૨૨ના અલગ અલગ પાંચ હુકમથી હુકમમાં દર્શાવ્યા મુજબના અલગ અલગ કારણોસર મામલતદારશ્રી, લુણાવાડાના તા. ૧૧-૧૦-૨૧ના હુકમ યથાવત રાખીને અરજદારોની અપીલ નામંજૂર કરેલ અને નિવાસી અધિક કલેકટરના તા.૨૮-૨-૨૩ના પત્રથી જણાવ્યા અનુસાર અપીલની સુનાવણી સમયે અરજદારશ્રીઓએ વિશ્લેષણ સમિતિનું માન્યતા પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલ ન હતું. આ નામંજૂર કરવાનું કારણ જે છે. સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી, વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરાના ૮-૨૦૨૨ના પત્રથી પટેલિયા જવાનભાઇ મણીભાઇ, મુ. સાદડીયા, તા.લુણાવાડા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ગોધરા દ્વારા ઇસ્યુ કરાયેલ અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર નંબર ૯૨૧ તા.૨-૭-૯૧ને ચકાસણી સમિતિએ માન્ય ઠરાવેલ હોવા અંગેનું તા.૭-૧-૨૦૨૨નું માન્યતા પ્રમાણપત્ર અરજદારને મોકલી આપવામાં આવેલ.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્ર માટે અરજી કરનાર અરજદારોને સરળતાથી પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવી શકાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : સન્માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે અરજદારને પ્રમાણપત્ર સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? ગુજરાતી તથા અંગ્રેજીમાં એકીસાથે આગળ અને પાછળ અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલી છે. અરજીનો ઝડપી નિકાલ કરવા માટે જનસેવા કેન્દ્ર ઉપર અરજી મળ્યેથી દસ્તાવેજો સ્કેન કરી શકાય તથા સક્ષમ સત્તાધિકારી મામલતદારશ્રી દ્વારા નિયત નમૂનામાં અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર આપી શકાય તે માટે એન.આઇ.સી. મારફતે પોર્ટલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. અરજદાર ઓનલાઇન અરજી કરી શકે તે માટેની સુવિધા માટે નવીન સોફટવેર પ્રોગ્રામ વિકસાવીને પ્રાયોગિક ચકાસણી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા દ્વારા પટેલીયા જાતિના કેટલા પ્રમાણપત્રોની ખરાઇ કરવામાં આવી અને એમાંથી કેટલા માન્ય રાખવામાં

આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એવો છે કે પ્રમાણપત્ર ન મળતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ખૂબ જ મુઝવણમાં મૂકાયેલા છે. તો આ પ્રશ્નનું નિરાકરણ કરવા માગે છે કે કેમ?

ડૉ.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રી માનસિંહભાઇએ જે પ્રશ્ન પૂછયો છે કે વિશ્લેષણ સમિતિ વડોદરા દ્વારા પટેલીયા જાતિના કેટલા પ્રમાણપત્રોની ખરાઇ કરવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે આપણે ગુજરાતમાં આદિવાસીનું સર્ટિફિકેટ કોઇ ખોટી રીતે ન લઇ જાય અને સાચાને ન્યાય મળે એના માટે ગુજરાત અનુસૂચિત જાતિ અને ગુજરાત અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેને ખરાઇ કરવાનું નિયમન કાયદો બનાવવામાં આવ્યો. એ કાયદા અનુસાર નિયમો અને જે એવિડન્સ, પ્રમાણપત્રો મૂકવાની જે બાબત છે, એના આધારે જે ચકાસણી કરવામાં આવે છે અને એના આધારે જે વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરાને પટેલીયા જાતિના કુલ ૨૫૯ પ્રમાણપત્રો ખરાઇ અર્થે મળેલ. જે પૈકી ૨૨૯ જાતિ પ્રમાણપત્રો માન્ય કરવામાં આવેલ છે. એક અરજી દફતરે કરવામાં આવેલ છે. જયારે ૨૯ જાતિ પ્રમાણપત્રોની ખરાઇની કાર્યવાહી અત્યારે ચાલુ છે. અને એમણે આખી જે વિગત માંગી છે તો એમાં દાહોદ જિલ્લો છે એમાં ૨૩૪માંથી ૨૧૪, મહિસાગર જિલ્લો છે એમાં ૧૭માંથી ૧૨ ને માન્ય કરવામાં આવેલ છે, ત્રણ પૂર્તતા હેઠળ છે, સાથે આપણું પંચમહાલ છે એમાં ગોધરામાં ૨ અને સાથે નડિયાદમાં ૧, એમ કરીને કુલ ૨૫૯માંથી ૨૫૯ પ્રમાણપત્રો પટેલીયા જાતિના માન્ય કરવામાં આવેલ છે, ૧૬ પ્રમાણપત્રો ખરાઇ માટે પુર્તતા હેઠળ છે. અને ૧૧ વિજિલન્સ સેલમાં વધુ ચકાસણી માટે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અનુસૂચિત જાતિના પ્રમાણપત્ર મેળવવા માટે જે પ્રીમિટિવ ટાઇપ છે, વારલી, આદીમ જૂથ, હળપતિ, નાયકા જાતિના લોકો પાસે મોટે ભાગે એ લોકો ખેત મજૂર છે એમની પાસે ખેતીની જમીન હોતી નથી એના કારણે તે 73 એએ ના જે પૂરાવા હોય છે એ મળતા નથી, તો શું એમને દાખલા આપવા માંગો છો અને અનુસૂચિત જનજાતિ માટે મારો આ એક પ્રશ્ન છે. અને પ્રશ્ન નંબર બે, કે આ પ્રક્રિયા ખૂબ લાંબી હોવાથી વારલીની સમાજ આદિમ જૂથ સમાજ અશિક્ષિત છે, જંગલમાં રહેતો છે હળપતિ સમાજ જે છે એ શહેરોમાં રહે છે અને ખેત મજૂરી કરે છે તે પ્રક્રિયા લાંબી છે, તો શું એમના માટે એમાં કોઈ પ્રોયોજન કરી શકશો?

ડૉ. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન લુણાવાડાના પટેલીયા જાતિની સાથે જોડાયેલો હતો તેમ છતાં સન્માનનીય સભ્યશ્રી જે વાત કરી છે આપણે એક બનવાથી જે અધિકારીઓ છે એ પોતાની રીતે અલગ અલગ અર્થઘટન કરતા હોય છે અને થોડો પ્રશ્ન છે, પણ એના માટે અમારા સમયમાં સાથે મળીને જે પ્રશ્ન છે એના માટે ચર્ચા વિચારણા કરીને આગળ વધીશું.

અધ્યક્ષશ્રી : અનવોઇસ પીપલ માટે સરળતા થાય એવો કંઇક રસ્તો કરવો પડે. જે મજૂરી કરવા બહાર જતા હોય તો એને સરળતાથી મળી રહે, હળપતિ અને આ જ્ઞાતિઓ જે એમણે કહી છે લગભગ સૌથી વધુ આદિવાસી સમાજમાં જે ગરીબ કહેવાય એવા સમાજો છે તો એને સરળતાથી મળી રહે એવી વ્યવસ્થા માટે વિચારવું જોઇએ. (અંતરાય) હા, એટલા માટે મેં ડાયરેકટ સીધું કીધું તમારા માટે. (અંતરાય) અનંતભાઈ મેં એટલા માટે તમને ચાન્સ આપ્યો, તમારો પ્રશ્ન નહોતો છતાં મેં સમય આપ્યો, અને તમે જે વાત કરો છો એના કરતાં વધારે વાત મેં કરી અહીંથી. (અંતરાય) તમારો પ્રશ્ન હતો એનો જવાબ પણ આપી દીધો મંત્રીશ્રીએ અને એના ઉપર વધારાની મેં કોમેન્ટ પણ કરી છે. (અંતરાય)

શ્રી અનંતકુમાર હ. પટેલ : એમની પાસે ૭૩ એએ માં જમીન જે એમની પાસે નથી, તો એમના માટે સ્પેસિફિક જોગવાઈ કરવાના છે કે કેમ એટલો જ મારો પ્રશ્ન છે સાહેબ બીજો કોઈ નથી, કારણ કે ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. જમીન એમની પાસે ખેતીની નથી એટલે ૭૩ એએ નો પૂરાવો નથી. એમનાં માટે કોઇક સ્પેસીફીક જોગવાઇ કરીને એમને સરળતા કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : મેં એ જ વાત કરી અને એમના માટે જવાબ પણ આપ્યો કે એના માટે સરળતા કરવા માટે અમે સૂચના કરીશું, આવો જવાબ પણ આપ્યો તમે સાંભળ્યું ન હોય તો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : સાંભળ્યું, પણ સરળતા પણ શું કરવાના છે?

અધ્યક્ષશ્રી : હા, પણ એ બધું તમને ન કહેવાનું હોય, તમે કહો એ પ્રમાણેનો જવાબ ન મળે, તમારી ઈચ્છા પ્રમાણેનો જવાબ આપવાનું મંત્રીને ન કહી શકાય. એ પોઝિટિવ વાત કરે છે.

**ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૬૨૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૩૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૫૩,૬૯૭ |
| (૩) કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧૦૮ |

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળાનો ઉદ્દેશ શું છે અને બીજો પ્રશ્ન છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકા વાર કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું અને કેટલા ગામોના પશુઓને લાભ થયો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પશુ આરોગ્ય મેળા માટે ગાંધીનગર જિલ્લા અંગેની વાત કરી છે તો જણાવું કે ૨૦૦૨ની સાલથી તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પશુપાલકોના પશુઓની સારવાર ઘર આંગણે થઈ શકે એના માટે આવા આરોગ્ય મેળાઓનો કન્સેપ્ટ શરૂ કરાવ્યો. ૨૦૦૨ થી લઇ અને ૨૦૨૧-૨૨ સુધીમાં આવા ૭૦૫૧૧ જેટલા પશુ આરોગ્ય મેળાઓ સમગ્ર રાજ્યમાં કરી અને ૨,૯૦,૭૮,૫૭૭ જેટલા પશુ માલીકોના ઘર આંગણે નિશુલ્ક સારવાર થાય એવું આયોજન આ સમયગાળા દરમિયાન ૪૩,૨૬,૬૯૮ જેટલા પશુપાલકોને આ પશુ આરોગ્ય મેળાઓનો કન્સેપ્ટ શરૂ થયો ત્યારથી લઇને અત્યાર સુધીમાં લાભ થયો છે. આ પશુઓને માટે મેડિસિન, સર્જીકલ, ગાયનોકોલોજીકલ સારવાર, કૃત્રિમ બીજદાન, રસીકરણ, કૃમિનાશક સારવાર, ખસીકરણ જેવી સેવાઓ વિના મૂલ્યે આ પશુ આરોગ્ય મેળામાં સરકાર દ્વારા નિષ્ણાત ડોકટરો દ્વારા આપવામાં આવે છે. છેલ્લા વર્ષની વાત કરું તો ૪૪૯૭ પશુ આરોગ્ય મેળાનું આયોજન થયેલ હતું એના માટે પૂરતી નાણાકીય જોગવાઇ પણ કરવામાં આવી હતી. આ મેળાના હેતુ વિશે પૂછ્યું છે ત્યારે જણાવું કે પશુ પાલકોને તેના ગામ બેઠા વિના મૂલ્યે પશુ આરોગ્યની જાળવણની સેવાઓ સહિત પશુ સંવર્ધન અને પશુ વિસ્તરણની સેવાઓ પૂરી પાડવી. જુદા જુદા પ્રકારના પશુઓની જુદી જુદી બીમારીઓના નિદાન એના સારવારની કામગીરી કરવી. તજજ્ઞ પશુ ચિકિત્સકો દ્વારા વિના મૂલ્યે પશુ ચિકિત્સા સેવા પશુપાલકોને ઘર આંગણે પૂરી પાડવી. પશુ આરોગ્યની જાળવણી અને પશુ પેદાશોની ઉત્પાદન વૃદ્ધિની સેવાઓ પૂરી પાડવી. રાજયના અંતરીયાળ વિસ્તારોમાં પશુ ચિકિત્સા, પશુરોગ નિદાન જેવી પશુ આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવી. રાજયમાં પશુપાલન ક્ષેત્રથી ઉપલબ્ધ તમામ તજજ્ઞો દ્વારા છેવાડાના અંતરીયાળ ગામો સુધીના તમામ પશુપાલકોને વિના મૂલ્યે લાભ આપવો. ક્ષેત્રીય કક્ષાના વેટરનરી કોલેજોના જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના તમામ પશુ ચિકિત્સા તજજ્ઞોના જ્ઞાન અને સેવાઓનો વિના મૂલ્યે લાભ આપવો. ખર્ચાળ શસ્ત્રક્રિયા જેવી સીજેરીયન રૂમેનોટોમી, કરમોડી, પેશાબમાં પથરી, ગાંઠ જેવા ઓપરેશન વિના મૂલ્યે થતાં ગરીબ પશુપાલકોને આર્થિક ફાયદો આપવો. પશુ આરોગ્ય અને પશુ ઉત્પાદન વૃદ્ધિના અતિ આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાનની પશુ તાલીમ શિબિરમાં તજજ્ઞો દ્વારા ઉંડાણપૂર્વક સમજ અને પ્રચાર કરવો. અને પશુપાલકોનું જીવન ધોરણ ઊંચું લાવવા માટેનો પ્રયત્ન કરવો. આ બધા જ બહુલક્ષી હેતુઓ આ પશુ આરોગ્ય મેળાઓ દ્વારા રાજયના પશુપાલન ખાતા દ્વારા આ રાજયના તમામ પશુપાલકોને પૂરા પાડવામાં આવે છે. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નનો જવાબ આપું તો ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર યોજવામાં આવેલ પશુ આરોગ્ય મેળાઓ સન ૨૦૨૧માં ગાંધીનગર તાલુકામાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમે બધા તાલુકાના પત્રકો મૂકી દેજો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : હા, જી.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય પશુપાલન મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૨૧-૨૨માં યોજવામાં આવેલ પશુ આરોગ્ય મેળામાં કેટલા કેમ્પ થયા, કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૨૦-૨૧ અને સન ૨૦૨૨ની વાત કરું તો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપના જવાબની વચ્ચે જણાવવું છે. માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે માહિતી મેળવવા માટે આપની પાસે ઘણા બધા રસ્તાઓ છે એ વિગત લઇને એનો ઉપયોગ આપણે કરીશું. આ આપણો એક કલાક છે એને પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે કાઢીશું પ્રશ્નની માહિતી માટે નહિ. સમસ્યાની માહિતી માટે નહિ પરંતુ સમસ્યાના ઉકેલ માટે કાઢીશું તો વધારે સારું રહેશે. તો હું આના માટે તમને એક વિનંતી કરીશ કે માહિતી ઉપયોગી પણ છે તમે માહિતી આપશો પ્રજા સુધી પહોંચશે તો એનો ફાયદો પણ થશે પરંતુ એના માટે બીજા પણ રસ્તા છે. ઉકેલ કરવા માટેનો રસ્તો આ છે. એટલા માટે મારી તમને પ્રાર્થના છે અને મંત્રીશ્રીઓ પણ ટૂંકમાં થઇ શકે એ રીતે જવાબ આપે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓને તો માહિતી મળે. આપના માધ્યમથી આ ગૃહના માધ્યમથી સમગ્ર રાજયની જનતાને પણ સરકાર જે તે ખાતામાં શું કામગીરી કરી રહી છે એની પણ માહિતી મળે એના માટે પણ આ ખૂબ જ જરૂરી છે. માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપું.

અધ્યક્ષશ્રી : લોકશાહીના ધબકારામાં એ દેખાય જ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧માં ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકામાં ૧૬૧ જેટલા કેમ્પો કરવામાં આવેલ હતા. ૨૪૮ ગામોમાં ૩૫૪૫૧ પશુઓને આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવેલ હતી. આ ઉપરાંત ૧૫૮ જેટલા પશુઓને કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ. સન ૨૦૨૨માં ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકામાં ૭૫ જેટલા કેમ્પો કરવામાં આવેલ.જિલ્લાના ૧૨૭ ગામોમાં ૧૮,૨૪૬ પશુઓને આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવેલ. આ ઉપરાંત ૪૩ પશુઓને કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ. પશુ આરોગ્ય મેળાના માધ્યમથી પશુપાલકોને ઘરઆંગણે તેના પશુઓની સારવાર,

ઉપચાર, નિદાન, ઓપરેશન આ બધી કામગીરી રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે હાથ ધરવામાં આવે છે. જેનાથી પશુપાલકોને ખૂબ મોટો ફાયદો થાય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પશુઆરોગ્ય મેળામાં કયા કયા પ્રકારની અને કેટલી સારવાર આપવામાં આવી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર તાલુકામાં ૬૧૭ જેટલી તબીબી, ૧૫ જેટલી શસ્ત્રક્રિયા, ૯૫૩ જેટલી જાતિ આરોગ્યની, ૪૬૨૫ જેટલી કૃમિનાશક સારવારની, કલોલ તાલુકામાં ૫૫૭ તબીબી, ૬ શસ્ત્રક્રિયા, ૨૧૫૪ જેટલી કૃમિનાશક સારવાર, ૫૫૦ જાતિઆરોગ્ય, માણસા તાલુકામાં ૫૧૩ તબીબી, ૬ જેટલી શસ્ત્રક્રિયા, ૧૯૧૭ જેટલી કૃમિનાશક સારવાર, ૬૭૯ જાતિ આરોગ્ય, દહેગામ તાલુકામાં ૧૨૩૬ તબીબી, ૧૦૫૭ જેટલા પશુઓને જાતિ આરોગ્યની સારવાર આપવામાં આવી. ૩૩૫૬ જેટલા પશુઓને કૃમિનાશક સારવાર આ સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ.

**જૂનાગઢ જિલ્લામાં પાવરડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના**

* ૬૦૮ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં પાવરડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ બિન અનામત જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) બિન અનામત જાતિ-૧૨૮<br>અનુસૂચિત જાતિ-૦૨<br>અનુસૂચિત જનજાતિ-શૂન્ય<br>કુલ-૧૩૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટેગરી વાઈઝ કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) બિન અનામત કેટેગરી-રૂ.૧૫,૧૦,૦૦૧/-<br>અનુસૂચિત જાતિ કેટેગરી-રૂ.૧૮,૦૦૦/-<br>અનુસૂચિત જનજાતિ કેટેગરી-શૂન્ય<br>કુલ-રૂ.૧૫,૨૮,૦૦૧/- |

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, ચાફકટર ખરીદી પર સહાય આપવાની યોજનામાં કઇ પાત્રતા ધરાવતા પશુપાલકોને સહાય મળવાપાત્ર છે તેનો જવાબ મને મળી ગયો છે. મારો બીજો પ્રશ્ન છે કે પાત્રતા ધરાવતા લાભાર્થીની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે અને કેટલી સહાય ચૂકવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અગાઉના પ્રશ્નના જવાબમાં આપે કહી દીધેલું છે, એટલે તેને રિપીટ ન કરીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સહાયની રકમની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : રકમ પૂરતું તમે બોલી જાવ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાફકટર પાંચ પશુઓ ધરાવતા પશુપાલકને આપવામાં આવે છે અને અરજદારને ૧૮,૦૦૦ રૂપિયા જેટલી સહાય આપવામાં આવે છે. મેં અગાઉ જણાવ્યું તેમ આ ચાફકટરથી પશુપાલકને આર્થિક રીતે પણ ખૂબ મોટો ફાયદો થાય છે. તેના પશુઓના પોષણ અને ખોરાક માટે પણ ખૂબ મોટો ફાયદો થાય છે. દૂધ ઉત્પાદન કરતા પશુઓમાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ પણ વધે છે એટલે આ યોજના પશુપાલકો માટે ખૂબ મહત્ત્વની છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાવરડ્રીવન ચાફકટર ખરીદી પર સહાય આપવાની યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા પશુપાલકોને કેટલી સહાય આપવામાં આવી છે**?** (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ**,** માનનીય મંત્રીશ્રીની વાત સાચી છે. તેનાથી ફાયદો થાય છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન ક્ષેત્રે આપનું બહોળું જ્ઞાન છે. પશુપાલકોને આપ આર્થિક રીતે ખૂબ મોટી મદદ, સહકારી દૂધ ઉત્પાદક સંઘના અધ્યક્ષ તરીકે દૂધ ઉત્પાદક સંઘની કામગીરી ગુજરાતમાં અને સમગ્ર દેશમાં નમૂનારૂપ છે. એટલે પશુઓના આરોગ્ય બાબતે પશુપાલકોને જે મદદ કરવામાં આવે છે અથવા તો મદદની જરૂર છે તેના વિષે આપ સારી રીતે જાણકાર છો. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે મુજબ જૂનાગઢ જિલ્લામાં ૮૫ પશુપાલકોને ૧૫, ૨૮,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય છેલ્લા બે વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવી છે. તેની તાલુકાવાર વાત કરું તો કેશોદ તાલુકામાં ૯ લાભાર્થીઓને ૧,૬૦,૮૭૬ રૂપિયાની, જૂનાગઢ તાલુકામાં ૧૦ લાભાર્થીઓને ૧,૭૯,૧૨૫ રૂપિયાની, ભેંસાણ તાલુકામાં ૩ લાભાર્થીઓને ૫૪,૦૦૦ રૂપિયાની, માંગરોળ તાલુકામાં ૯ લાભાર્થીઓને ૧,૬૨,૦૦૦ રૂપિયાની, માણાવદરમાં ૨ લાભાર્થીઓને ૩૬,૦૦૦ રૂપિયાની, માળિયા તાલુકામાં ૨૧ લાભાર્થીઓને.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**તાપી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળના દાવા/અરજીઓ**

૬૮૫ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા/અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દાવા/અરજીઓ મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત દાવા/અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૪) ઉક્ત પડતર દાવા/અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના પડતર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| **અનું.** | **જિલ્લાનું નામ** | **પડતર દાવા/અરજીઓ** |
|---|---|---|
| ૧ | તાપી | ૩૬૫૬ |
| ૨ | વલસાડ | ૪૧૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર મંજૂર અને નામંજૂર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

<table>
<tr><th>અનું.</th><th>જિલ્લાનું નામ</th><th>મંજૂર દાવા/અરજીઓ</th><th>નામંજૂર દાવા/અરજીઓ</th></tr>
<tr><td>૧</td><td>તાપી</td><td>૦</td><td>૦</td></tr>
<tr><td>૨</td><td>વલસાડ</td><td><table><tr><td>વર્ષ</td><td>મંજૂર દાવા/અરજીઓ</td></tr><tr><td>૨૦૨૦-૨૧</td><td>૧૧૪૭</td></tr><tr><td>૨૦૨૧-૨૨</td><td>૫૭૭</td></tr></table></td><td>૦</td></tr>
</table>

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પડતર અરજીઓની ચકાસણી રીમોટ સેન્સીંગ ઇમેજના આધારે કરવા માટે ગીર ફાઉન્ડેશનને મોકલવામાં આવે છે, ત્યારબાદ અહેવાલ પ્રાપ્ત થયેથી તાત્કાલિક SDLC અને DLC બેઠકમાં રજૂ કરીને નિકાલ કરવામાં આવશે.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

૫૬૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૨૪૩૪૧૭૩ | ૯૩૬૨૮૮ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** |
|---|

અતારાંકિત પ્રશ્નો

| વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ (તા. ૩૧-૦૧-૨૦૨૩ અંતિત) |
|---|---|
| ૧૨૫૫૨૯૪ | ૧૧૬૬૪૧૮ |

(૩)તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓને નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| મહીલાઓને ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ (તા. ૩૧-૦૧-૨૦૨૩ અંતિત) |
| ૫૬૭૪૫૦ | ૫૩૬૯૪૭ |

---------

**નવસારી જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો (વિજ્ઞાન પ્રવાહ)**

૫૪૧ **શ્રી રાકેશભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૧-૨૨માં નવસારી જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) ૧૧ દરખાસ્તો મળી. |
| (૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહમાં કેટલા વર્ગ વધારા મંજૂર કરવામાં આવ્યા ? | (૨) ૦૫ મંજૂર કર્યા. |

---------

**આણંદ જિલ્લામાં કેળાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત/**

૫૭૪ **શ્રી યોગેશ આર. પટેલ** (આણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને (ટીસ્યુકલ્ચર) કેળાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો (ટીસ્યુકલ્ચર) કેળાના વાવેતર માટે વર્ષ ૨૦૨૨-૨૩માં આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) આણંદ જિલ્લામાં કુલ-૨૮૫ લાભાર્થીઓને કુલ રૂ.૭૪,૦૧,૨૮૩/- રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**કચ્છ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો**

૫૩૯ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૧-૨૨માં કચ્છ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) ૦૫ દરખાસ્તો મળી. |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ? | (૨) ૦૪ મંજૂર કરી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ માટેની સહાય યોજના**

૫૬૯ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બાગાયતી પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ માટેની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) બાગાયત ખાતા તરફથી કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | ૫૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ | | | ૫૦૦૦ થી ૨૦૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાય |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૫૦ ટન થી મોટી ચેમ્બર | ૨૫૦ ટન થી નાની ચેમ્બર | નિયંત્રિત વાતાવરણ પ્રલાણી | |
| ૧ | વ્યક્તિગત લાભાર્થી | સામાન્ય | રૂ.૨૦૫ લાખ | રૂ.૨૫૫ લાખ | રૂ.૫૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી. |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ.૨૬૫ લાખ | રૂ.૩૨૫ લાખ | રૂ.૬૫૦ લાખ | રૂ.૩૬૦ લાખ |
| ૨ | એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ.૨૪૬ લાખ | રૂ.૩૦૬ લાખ | રૂ.૬૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી. |
| | | આદિજાતિ | રૂ.૩૦૭.૫૦ | રૂ.૩૭૫ | રૂ.૭૮૦ લાખ | રૂ.૩૬૦ લાખ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ-૧ (એક) કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે રૂ.૨૦૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બસો પાંચ લાખ પૂરા) રકમની ચૂકવણી કરવામાં આવી.

- - - - - - - - -

**ખેડબ્રહ્મા તાલુકામાં વન અધિનિયમ હેઠળ હક્ક દાવાની અરજીઓ**

૧૮૮ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં વન અધિકાર અધિનિયમ હેઠળ હક્ક દાવાની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૨૨૧૪ અરજીઓ પડતર છે.

(૨) ૧૬

(૩) પડતર અરજીઓની ચકાસણી રીમોટ સેન્સીંગ ઈમેજના આધારે કરવા માટે ગીર ફાઉન્ડેશનને મોકલવામાં આવે છે. ત્યારબાદ અહેવાલ પ્રાપ્ત થયેથી તાત્કાલિક SDLC અને DLC બેઠકમાં રજૂ કરીને નિકાલ કરવામાં આવશે.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં પપૈયાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત**

૫૭૩ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને પપૈયાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

૧૯૦ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્યની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટેના શિક્ષકો (વ્યાયામ શિક્ષક) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ની અનુસૂચિ (જુઓ કલમ ૧૯ અને ૨૫) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટે કાયમી શિક્ષકની નિમણૂંકની જોગવાઈ નથી.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટેના શિક્ષકોની ખાલી જગ્યાઓ.

| | સરકારી | | ગ્રાન્ટેડ | |
|---|---|---|---|---|
| | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
| વ્યાયામ શિક્ષકોની ખાલી | ૦૯ | ૦૫ | ૧૪૪ | ૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ પર વ્યાયામ શિક્ષકોની ફરજીયાત અને કાયમી નિમણૂક કરવાનું શું આયોજન છે ?

(૨) પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટે શારીરિક શિક્ષણ માટેના કાયમી શિક્ષકની નિમણૂંકની જોગવાઈ ન હોવાથી નિમણૂંકનો પ્રશ્ન ઉપસ્થિત થતો

નથી.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટેના શિક્ષકોની ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદી ભરવામાં આવશે.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં મનરેગા યોજના**

૫૬૬ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં છેલ્લાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

(૨) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી.

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૭૧૨૬૩૪ | ૫૨૦૭૬૨ |

(૨) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૬૩૬૦૩૭ | ૫૩૦૦૬૨ |

(૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **મહિલાઓને ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૨૨૯૮૭૦ | ૧૮૮૭૦૪ |

- - - - - - - - -

**વિજાપુર તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાના નવા ઓરડાઓ**

૨૬૮ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં કઈ સરકારી પ્રાથમિક શાળાના કેટલા નવા ઓરડાઓ મંજૂર કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ છે અને તે ઘટ ક્યારે પૂરી

**જવાબ**

(૧)

| **શાળાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ ઓરડાની સંખ્યા** |
|---|---|
| અમરપૂરા (ખ) પ્રાથમિક શાળા | ૦૪ |
| છાપરાપરા પ્રાથમિક શાળા | ૦૨ |
| ગઢડા પ્રાથમિક શાળા | ૦૩ |
| ડાભલા પ્રાથમિક શાળા | ૧૦ |
| હાથીપૂરા પ્રાથમિક શાળા | ૦૩ |
| ખરોડ પે સેન્ટર પ્રાથમિક શાળા | ૦૨ |

(૨) વિજાપુર તાલુકાની ૦૭ (સાત) શાળાઓમાં ઓરડાઓની ઘટ છે જે આગામી વર્ષોમાં તબક્કાવાર

કરવાનું આયોજન છે ?

ઝડપથી પૂરી કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં મગફળી અને કપાસના પાક વિમાના વળતર બાબત**

૧૦ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં તાલુકાવાર મગફળી અને કપાસના પાકના પ્રીમીયમ પેટે ખેડૂતોએ રકમ ભરેલ હોવા છતાં પણ તેઓને પાક વિમાની રકમ મળી નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ખેડૂતોને પાક વિમાની રકમ ન મળવાના કારણો શા છે અને ઉક્ત સ્થિતિએ કેટલા સમયમાં આ રકમ ચૂકવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં વિમા કંપની મુજબ મગફળી અને કપાસ પાકના દાવા ચૂકવવાપાત્ર થતાં નથી.

(૨) ઉક્ત સ્થિતિએ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૨૨૩ **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા બાકીના ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| **તાલુકા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
|---|---|
| ધ્રોલ | ૨૧ |
| જામજોધપુર | ૩૫ |
| જામનગર | ૪૩ |
| જોડિયા | ૦૩ |
| કાલાવડ | ૨૭ |
| લાલપુર | ૦૮ |

(૨)

| **તાલુકા** | **બનાવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|
| ધ્રોલ | ૦૬ |
| જામજોધપુર | ૧૩ |
| જામનગર | ૨૬ |
| જોડિયા | ૦૦ |
| કાલાવડ | ૩૨ |
| લાલપુર | ૦૪ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૬૨૫ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૨૩૬

(૨) ૫૩,૬૯૭

(૩) ૧૦૮

- - - - - - - - -

**સાંસદ આદર્શ ગ્રામ યોજના માટેની રાજ્યકક્ષાની સમિતિની મળેલ બેઠકો**

૨૨૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** ( પોરબંદર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્ય કક્ષાની સમિતી (એમ્પાવર્ડ કમિટિ)ની બેઠક ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એકવાર મળશે તેવી જોગવાઈ થયેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જોગવાઈ મુજબ ક્યારે બેઠકો મળેલ છે, અને | (૨)<br>• તા.૦૫-૦૪-૨૦૨૧<br>• તા.૦૭-૦૨-૨૦૨૨<br>• તા.૨૧-૦૭-૨૦૨૨ |
| (૩) જો ઉક્ત બેઠકો ઉક્ત જોગવાઈ મુજબ ન મળી હોય તો શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૩) કોવિડ-૧૯ની બીજી લહેર તથા ગુજરાત રાજ્ય વિધાનસભા-૨૦૨૨ની ચૂંટણીની આદર્શ આચાર સંહિતાના સમયગાળા સિવાય મહદઅંશે બેઠકો મળેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજના**

૬૦૪ **શ્રી મહેશભાઈ ભૂરીયા** (ઝાલોદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં દાહોદ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળાં પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) કુલ-૪૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૬૩,૮૩,૨૧૨/- |

- - - - - - - - -

**ધો-૧૦ અને ધો-૧૨ના પરીક્ષાર્થીઓને રાજ્ય સરકાર તરફથી પાઠવવામાં આવતા શુભેચ્છા પત્રો**

૫૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ધો.૧૦ અને ધો.૧૨ના પરીક્ષાર્થીઓને પરિક્ષા પૂર્વે માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી તરફથી શુભેચ્છા પાઠવવાની પ્રણાલી ક્યારથી શરૂ કરવામાં આવી છે. | (૧) માર્ચ-૨૦૨૨ થી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આ હેતુસર વર્ષવાર કેટલા શુભેચ્છા પત્રો પાઠવવામાં આવ્યા, અને | (૨) માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પંદર લાખ અને માન.શિક્ષણમંત્રીશ્રી દ્વારા પંદર લાખ. |
| (૩) ઉક્ત હેતુ માટે છાપકામ અને પોસ્ટેજ ચાર્જને લગતો ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) છાપકામનો કરેલ ખર્ચ રૂપિયા સીતેર લાખ ચુંમાળીસ હજાર છસ્સો.<br>પોસ્ટેજ ચાર્જ-શૂન્ય. |

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લાની સરકારી શાળાઓમાં સ્માર્ટ ક્લાસ**

૯૯ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી સરકારી

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સ્માર્ટ ક્લાસ | સ્માર્ટ |
|---|---|---|---|

શાળાઓમાં કેટલા સ્માર્ટ ક્લાસ વિકસાવવામાં આવ્યા છે,

| | | **ધરાવતી શાળાઓની સંખ્યા** | **ક્લાસની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ કોર્પોરેશન | ૧૭૯ | ૮૬૨ |
| ૨ | બાવળા | ૩૦ | ૮૭ |
| ૩ | દસ્ક્રોઈ | ૭૬ | ૨૧૬ |
| ૪ | દેત્રોજ-રામપૂરા | ૧૬ | ૩૫ |
| ૫ | ધંધુકા | ૧૪ | ૨૯ |
| ૬ | ધોલેરા | ૧૦ | ૨૦ |
| ૭ | ધોળકા | ૩૨ | ૭૬ |
| ૮ | માંડલ | ૧૩ | ૨૮ |
| ૯ | સાણંદ | ૪૪ | ૧૧૩ |
| ૧૦ | વીરમગામ | ૨૬ | ૬૦ |
| | **કુલ** | **૪૪૦** | **૧૫૨૬** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા સ્માર્ટ ક્લાસ ઉક્ત શહેર અને જિલ્લાવાર વિકસાવવાના બાકી છે, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધી)** | **સ્માર્ટ ક્લાસ ધરાવતી શાળાઓની સંખ્યા** | **સ્માર્ટ ક્લાસ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા** | **સ્માર્ટ ક્લાસ બનાવવાના બાકી હોય તેવી શાળાઓની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ કોર્પોરેશન | ૪૫૯ | ૧૭૯ | ૨૮૦ | ૦ |
| ૨ | બાવળા | ૫૬ | ૩૦ | ૨૬ | ૦ |
| ૩ | દસ્ક્રોઈ | ૧૦૯ | ૭૬ | ૩૩ | ૦ |
| ૪ | દેત્રોજ-રામપૂરા | ૪૯ | ૧૬ | ૨૯ | ૪ |
| ૫ | ધંધુકા | ૪૨ | ૧૪ | ૨૮ | ૦ |
| ૬ | ધોલેરા | ૩૬ | ૧૦ | ૨૨ | ૪ |
| ૭ | ધોળકા | ૮૮ | ૩૨ | ૫૬ | ૦ |
| ૮ | માંડલ | ૪૦ | ૧૩ | ૨૫ | ૨ |
| ૯ | સાણંદ | ૧૦૦ | ૪૪ | ૫૬ | ૦ |
| ૧૦ | વીરમગામ | ૭૭ | ૨૬ | ૫૧ | ૦ |
| | **કુલ** | **૧૦૫૬** | **૪૪૦** | **૬૦૬** | **૧૦** |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ સ્માર્ટ ક્લાસ ક્યા સુધીમાં વિકસાવવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - - -

**ગીર, નેશડામાં વસતા રબારી, ચારણ અને ભરવાડ જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા બાબત**

૨૮૨ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચના નેશમાં વસતા રબારી, ચારણ અને ભરવાડ જાતિના લોકોને અનુ. જનજાતિની યાદીમાંથી દૂર કરી બક્ષીપંચની યાદીમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકાર

**જવાબ**

(૧) તા.૧૨-૦૭-૨૦૨૧ના રોજ દરખાસ્ત કરવામાં આવેલ છે.

દ્વારા છેલ્લા બે વર્ષમાં કેન્દ્રના અનુસૂચિત જનજાતિ આયોગને ક્યારે દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) ઉક્ત કરેલ દરખાસ્ત અન્વયે ઉક્ત આયોગ દ્વારા રાજ્ય સરકારને ક્યારે અને શાં પ્રતિભાવો મળેલ છે ?

(૨) ઉક્ત કરેલ દરખાસ્ત અન્વયે રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ, નવી દિલ્હીના તા.૦૨-૦૮-૨૦૨૧ના પત્ર ક્ર.NCST-14011(GJ)/3/2021-RU-I થી ''ગીર, બરડા અને આલેચના નેશમાં વસતા રબારી, ચારણ અને ભરવાડ જાતિના લોકોને અનુ.જનજાતિની યાદીમાંથી દૂર કરી બક્ષીપંચની યાદીમાં સમાવેશ કરવા અંગેની કાર્યવાહી મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સ, ભારત સરકાર દ્વારા કરવાની રહેતી હોઈ, આ તબક્કે આયોગની કોઈ ભૂમિકા રહેતી નથી'' તેમ જણાવેલ છે.

- - - - - - - - -

**નર્મદા અને ડાંગ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાની સહાયની અરજીઓ**

૩૧ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા અને ડાંગ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાની બાબતે સહાયની કેટલી અરજીઓ મળી છે,

(૧)

| **જિલ્લો** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| નર્મદા | ૩૮,૭૨૩ |
| ડાંગ | ૧,૪૨૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓને મંજૂર કરી સહાય આપવામાં આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે, અને

(૨)

| **જિલ્લો** | **મંજૂર કરેલ અરજીઓ** | **સહાય આપવામાં આવેલ અરજીઓ** | **મંજૂર કરવાની બાકી અરજીઓ** |
|---|---|---|---|
| નર્મદા | ૩૮,૬૧૨ | ૩૭,૦૩૮ | ૦૦ |
| ડાંગ | ૧,૪૨૭ | ૧,૪૨૭ | ૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ પૈકી નામંજૂર કરેલ અરજીઓમાં સહાય ન આપવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નર્મદા જિલ્લામાં કુલ ૧૧૧ અરજીઓ નામંજૂર કરેલ છે જેમાં સહાય ન આપવાના મુખ્ય કારણો પત્રક મુજબ છે તથા ડાંગ જિલ્લામાં કોઈ અરજી નામંજૂર કરવામાં આવેલ નથી.

**પત્રક**

| **નામંજૂર અરજીઓ** | **કારણો** |
|---|---|
| ૨૭ | સંયુક્ત ખેડૂત ખાતેદારો એ સંમતિપત્રકમાં સંમતિ આપેલ ન હોવાથી. |
| ૧ | એક જ ખેડૂત દ્વારા અલગ-અલગ ખાતા પર અરજી કરેલ હોવાથી. |
| ૬ | ડુપ્લીકેટ અરજીઓ હોવાથી. |
| ૧ | મુખ્ય ખેડૂત ખાતેદારનું મરણ થવાથી પેઢીનામું રજુ ન કરેલ હોવાથી. |
| ૪ | અરજદારશ્રી તરફથી એકથી વધારે સનદ નંબરમાં અરજી કરેલ હોવાથી તથા ઠરાવની જોગવાઈ પરીપૂર્ણ ન થતી હોવાથી. |
| ૧ | શ્રી સરકારની જમીન પર અરજી કરેલ હોવાથી. |
| ૭૧ | અરજદાર તરફથી ઠરાવમાં નિયત કરેલ સાધનિક કાગળો રજૂ ન કરેલ હોવાથી. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં લાભાર્થીઓને બકરાં એકમ યોજના**

૬૧૩ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસુચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૪૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૩,૧,૦૯,૩૫,૦૦૦/- |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ**

૬૮૯ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામા તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ છે, અને

(૧)

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૬ |
| આંકલાવ | ૧૧ |
| બોરસદ | ૨૧ |
| ખંભાત | ૧૫ |
| પેટલાદ | ૦૯ |
| સોજિત્રા | ૦૫ |
| તારાપુર | ૦૩ |
| ઉમરેઠ | ૨૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ ઓરડાઓની ઘટ કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**ગૌસંવર્ધન યોજના માટે સન ૨૦૨૨-૨૩ના બજેટમાં ફાળવેલ રકમ**

૭૬ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગૌસંવર્ધન યોજના અંતર્ગત સને ૨૦૨૨-૨૩ના બજેટમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) રૂ. ૫૭૫૩૬.૭૬ લાખની બજેટ જોગવાઈ |
| (૨) તે અન્વયે મૂંગા પશુઓ માટે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કઈ પાંજરાપોળને કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી ? | (૨) પત્રક મુજબ |

**પત્રક**

| તાલુકો | પાંજરાપોળનું નામ | સહાય આપેલ રકમ રૂ. | સહાયની રકમ આપેલ તારીખ |
|---|---|---|---|
| કાંકરેજ | ખોડાઢોર પાંજરાપોળ, ચીમનગઢ | ૨૦૧૬૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી સિધ્ધભુવન મનોહર પાંજરાપોળ, ઉણ | ૩૫૯૧૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | ખોડાઢોર પાંજરાપોળ, થરા | ૫૪૭૨૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | ખોડાઢોર પાંજરાપોળ, તેરવાડા | ૨૪૩૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| ડીસા | શ્રી જુના ડીસા મહાજન પાંજરાપોળ | ૨૭૦૦૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી રાજપુર ડીસા પાંજરાપોળ | ૨૭૦૦૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | ભીલડિયાજી મહાજન પાંજરાપોળ | ૨૨૫૯૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| થરાદ | શ્રી થરાદ પાંજરાપોળ ટ્રસ્ટ, થરાદ | ૧૩૫૧૮૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| દિયોદર | શ્રી ખોડાઢોર પાંજરાપોળ | ૬૩૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી ખોડાઢોર પાંજરાપોળ | ૬૬૮૭૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| ધાનેરા | શ્રી ધાનેરા જૈન મહાજન અને પાંજરાપોળ | ૧૨૩૨૧૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી સુંદર પરિવાર સંચાલિત અખંડ જીવ મૈત્રી ધામ પાંજરાપોળ | ૯૦૯૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |

| તાલુકો | પાંજરાપોળનું નામ | સહાય આપેલ રકમ રૂ. | સહાયની રકમ આપેલ તારીખ |
|---|---|---|---|
| પાલનપુર | શ્રી પાલનપુર મહાજન પાંજરાપોળ | ૪૪૩૭૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| ભાભર | ભાભર જૈનસંઘ સંચાલિત ખોડાઢોર પાંજરાપોળ, ભાભર | ૨૫૦૨૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | કુવાળા પાંજરાપોળ, કુવાળા | ૮૪૦૬૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| વાવ | શ્રી વાવ જૈન શ્વેતાંબર મુર્તિપુજક સંઘ ખોડા ઢોર પાંજરાપોળ, | ૧૪૩૨૮૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી ઢીમા મહાજન ખોડા ઢોર પાંજરાપોળ-ઢીમા | ૪૭૬૧૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| સુઈગામ | બેણપ ગૌશાળા ખોડાઢોર પાંજરાપોળ | ૨૨૫૦૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |
| | શ્રી સુઇગામ ખોડાઢોર પાંજરાપોળ | ૨૪૭૫૦૦ | તા.૨૮-૧૦-૨૦૨૨ |

- - - - - - - - -

## દિવ્યાંગ મરઘા પાલકોને તાલીમ

૬૦૯ **શ્રી બાબુસિંહ જાદવ** (વટવા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા દિવ્યાંગ મરઘાંપાલકોને તાલીમ અને આર.આઇ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૪૪૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ? | (૨) રૂ. ૩૬,૭૩,૭૫૭/- |

- - - - - - - - -

## રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના

૬૯૧ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ? | (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજના માટે<br>• તા. ૦૧-૦૨-૨૦૨૧ થી તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીનાં એક વર્ષ માટે **રૂ. ૯૯૩.૩૪/-** કરોડ ખર્ચ થયેલ છે.<br>• તા. ૦૧-૦૨-૨૦૨૨ થી તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધીનાં એક વર્ષ માટે **રૂ. ૮૯૬.૮૪/-** કરોડ ખર્ચ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રતિ બાળક, પ્રતિ માસ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી છે, અને | (૨)• તા. ૦૧-૦૨-૨૦૨૧ થી તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં, ધોરણ ૧ થી ૫ નાં પ્રતિ બાળક પ્રતિ માસ **રૂ. ૧૨૯.૨૨** અને ધોરણ ૬ થી ૮ નાં પ્રતિ બાળક પ્રતિ માસ **રૂ. ૧૯૩.૭૦** ખર્ચ કરવામાં આવેલ છે.<br>• તા. ૦૧-૦૨-૨૦૨૨ થી તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધીમાં, ધોરણ ૧ થી ૫ નાં પ્રતિ બાળક પ્રતિ માસ **રૂ. ૧૪૩.૦** અને ધોરણ ૬ થી ૮ નાં પ્રતિ બાળક પ્રતિ માસ **રૂ. ૨૦૦.૭૨** ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) બાળકદીઠ ફળવાતી રકમમાં વધારો કરવાનું શું આયોજન છે ? | (૩) ભારત સરકાર દ્વારા કરવામાં આવતા વધારા મુજબ બાળકદીઠ ફળવાતી રકમમાં વધારો કરવામાં આવે છે. |

- - - - - - - - -

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં લમ્પી વાયરસના કારણે થયેલ પશુઓના મૃત્યુ સંબંધમાં વળતર બાબત**

૮૪ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર લમ્પી વાયરસના કારણે કેટલા પશુઓના મૃત્યુ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યુ અને કેટલા પશુઓનુ રસીકરણ બાકી છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત થયેલ રસીકરણ સબંધમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **પશુ મૃત્યુની સંખ્યા** |
|---|---|
| જૂનાગઢ (ગ્રામ્ય) | ૦૩ |
| માળીયા | ૪૨ |
| કેશોદ | ૪૧ |
| ભેંસાણ | ૦૩ |
| મેંદરડા | ૦૩ |
| વંથલી | ૦૧ |
| માણાવદર | શૂન્ય |
| માંગરોળ | શૂન્ય |
| વિસાવદર | શૂન્ય |
| **કુલ** | **૯૩** |

(૨) પશુઓમાં કરેલ રસીકરણ-૧,૫૨,૪૬૧ (ગાય વર્ગ) બાકી રસીકરણ – શૂન્ય

(૩) ખર્ચ રૂ. ૧,૯૭,૯૨૫/ -

- - - - - - - - -

**જામનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ ક્લાસ**

૨૨૪ **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા સ્માર્ટ ક્લાસ આવેલા છે.

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **સ્માર્ટ ક્લાસ ધરાવતી શાળાઓની સંખ્યા** | **સ્માર્ટ ક્લાસની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ધ્રોલ | ૨ | ૬ |
| ૨ | જામજોધપુર | ૪ | ૮ |
| ૩ | જામનગર | ૩૯ | ૧૦૮ |
| ૪ | જોડિયા | ૨ | ૫ |
| ૫ | કાલાવડ | ૧ | ૨ |
| ૬ | લાલપુર | ૫ | ૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા સ્માર્ટ ક્લાસ ક્યા કારણોસર બનાવવાના બાકી છે, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધી)** | **સ્માર્ટ ક્લાસ ધરાવતી શાળાઓની સંખ્યા** | **સ્માર્ટ ક્લાસ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા** | **સ્માર્ટ ક્લાસ બનાવવાના બાકી હોય તેવી શાળાઓની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | ધ્રોલ | ૫૧ | ૨ | ૨૧ | ૨૮ |
| ૨ | જામજોધપુર | ૧૦૨ | ૪ | ૪૬ | ૫૨ |
| ૩ | જામનગર | ૨૧૭ | ૩૯ | ૧૫૮ | ૨૦ |
| ૪ | જોડિયા | ૩૪ | ૨ | ૧૯ | ૧૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | કાલાવડ | ૯૨ | ૧ | ૪૨ | ૪૯ |
| ૬ | લાલપુર | ૧૦૨ | ૫ | ૫૪ | ૪૩ |
| | **કુલ** | **૫૯૮** | **૫૩** | **૩૪૦** | **૨૦૫** |

નામાંકન આધારે પ્રાથમિકતા આપી તબક્કાવાર સ્માર્ટ ક્લાસ બનાવવાનું આયોજન હોઈ ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ૨૦૫ સ્માર્ટ ક્લાસ બનાવવાના બાકી છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ સ્માર્ટ ક્લાસ ક્યા સુધીમાં બનાવવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - - -

**રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની જગ્યાઓ**

૨૨૧ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ ખાલી છે.

(૧) પત્રક-અ મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૨)

| વર્ષ | પશુચિકિત્સા અધિકારી | પશુધન નિરીક્ષક |
|---|---|---|
| ૨૦૨૧ | ૦૧ | ૦૫ |
| ૨૦૨૨ | ૦૦ | ૩૨ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગની ખાલી જગાઓ ભરવાનું શું આયોજન છે ?

(૩) ● પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ સંવર્ગ

પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીએ ઠરાવેલ દસ વર્ષીય ભરતી કેલેન્ડરના અનુસંધાને વિભાગે ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ માંગણી પત્રકો અન્વયે જગાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

● પશુધન નિરીક્ષક

પશુધન નિરીક્ષક, વર્ગ-૩ સંવર્ગની પશુપાલન ખાતા હેઠળની ખાલી જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીએ ઠરાવેલ દસ વર્ષીય ભરતી કેલેન્ડરના અનુસંધાને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલેલ માંગણી પત્રકો અન્વયે જગાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જ્યારે આ સંવર્ગની પંચાયત વિભાગ હેઠળની ખાલી જગાઓ ભરવાની કાર્યવાહી પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

**પત્રક- અ**

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | પશુધન નિરીક્ષક |
| ૧ | અમદાવાદ | ૨૦ | ૧૩ |
| ૨ | અમરેલી | ૨૮ | ૫૧ |
| ૩ | આણંદ | ૬ | ૧૬ |
| ૪ | બનાસકાંઠા | ૨૩ | ૧૨ |
| ૫ | ભરૂચ | ૧૭ | ૭૯ |
| ૬ | ભાવનગર | ૨૦ | ૧૯ |
| ૭ | બોટાદ | ૬ | ૧૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | પશુધન નિરીક્ષક |
| ૮ | દાહોદ | ૧૪ | ૧૯ |
| ૯ | ડાંગ | ૨ | ૦૮ |
| ૧૦ | ગાંધીનગર | ૦૭ | ૦૫ |
| ૧૧ | જામનગર | ૨૪ | ૧૮ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૯ | ૦૫ |
| ૧૩ | જૂનાગઢ | ૧૭ | ૦૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૪ | ૦૨ |
| ૧૫ | કચ્છ | ૩૦ | ૬૬ |
| ૧૬ | ખેડા | ૦૭ | ૦૬ |
| ૧૭ | મહેસાણા | ૦૯ | ૦૯ |
| ૧૮ | નર્મદા | ૧૪ | ૩૩ |
| ૧૯ | નવસારી | ૧૫ | ૩૩ |
| ૨૦ | પંચમહાલ | ૧૫ | ૨૦ |
| ૨૧ | મહીસાગર | ૧૩ | ૧૧ |
| ૨૨ | પાટણ | ૧૭ | ૦૭ |
| ૨૩ | પોરબંદર | ૦૮ | ૧૧ |
| ૨૪ | રાજકોટ | ૨૦ | ૫૨ |
| ૨૫ | મોરબી | ૦૯ | ૨૦ |
| ૨૬ | સાબરકાંઠા | ૧૩ | ૦૯ |
| ૨૭ | સુરત | ૧૪ | ૬૩ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૭ | ૨૬ |
| ૨૯ | તાપી | ૦૫ | ૩૭ |
| ૩૦ | વડોદરા | ૦૮ | ૩૪ |
| ૩૧ | છોટાઉદેપુર | ૦૮ | ૨૮ |
| ૩૨ | વલસાડ | ૦૨ | ૧૩ |
| ૩૩ | અરવલ્લી | ૧૦ | ૦૭ |
| **કુલ ખાલી જગ્યા** | | **૪૪૧** | **૭૫૪** |

- - - - - - - - -

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૧૦૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકારે કેટલી રકમની માંગણી કરી,

(૧)

| વર્ષ | માંગણી કરેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૧૮૦૬૧.૫૩ |
| ૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૨ની સ્થિતિએ) | ૧૨૫૭૦૧.૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨)

| વર્ષ | ફાળવેલ કરેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૭૮૦૯.૫૨ |
| ૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૨ની સ્થિતિએ) | ૭૭૫૨૬.૮૨ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૧૧૦૬૪.૨૮ | ૦ |
| ૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૨ની સ્થિતિએ) | ૭૪૩૯૯.૫૩ | ૦ |

(૪) ઉક્ત સ્થિતિએ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શા છે ?

(૪) સને ૨૦૨૦-૨૧ અને સને ૨૦૨૧-૨૨ અંતિત વણવપરાયેલ રકમ, ત્યારબાદના નાણાંકીય વર્ષ અનુક્રમે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં પુરેપુરી વપરાઇ ગયેલ હોઇ, વણવપરાયેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અનુ.જનજાતિ પ્રમાણપત્ર આપવા અને ખરાઇ કરવા બાબત**

૨૮૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અનુ.જનજાતિ પ્રમાણપત્ર આપવા અને ખરાઇ કરવા અંગેના ૨૦૨૦ના નિયમોમાં જાતિના પ્રમાણપત્રો ત્રણ માસમાં ખરાઇ કરવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો નવસારી અને વલસાડ જિલ્લામાં ત્રણ માસમાં જાતિના પ્રમાણપત્રો ખરાઇ કરવામાં આવતા નથી તેના કારણો શાં છે, અને

(૩) નિયત સમયમર્યાદામાં પ્રમાણપત્રો ખરાઇ થઇ જાય તે માટે સરકારે શાં પગલા લીધાં ?

**જવાબ**

(૧) ના, જી
ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો ૨૦૨૦ના નિયમ નં. (૧૧) (૧૦) (ક) માં કરાયેલ જોગવાઇ મુજબ, ''ચકાસણી સમિતિએ, અરજી મળ્યેથી બે મહિના કરતાં વધારે ન હોઇ તેટલી મુદ્દતમાં અરજદારના દાવા પર નિર્ણય લેવો જોઇશે.'' તેવી જોગવાઇ છે.

(૨) ઉક્ત સ્થિતિએ વિભાગીય વિશ્લેષણ સમિતિ, સુરતને નવસારી અને વલસાડ જિલ્લાના અનુ. જનજાતિઓના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ માટે મળેલ કુલ ૧૨૧૭ કેસો પૈકી માત્ર ૪૦ કેસોમાં ખરાઇ કરી આખરી નિર્ણય લેવાનો બાકી છે. બાકી રહેલ ૪૦ કેસો ખુટતા પૂરાવા મેળવવા અને વિજીલન્સ સેલમાં વિશેષ તપાસ અર્થે, જેવા ક્ષતિપૂર્તતા અને તપાસ પ્રક્રિયા ચાલુ હોવાના કારણસર ખરાઇ બાકી રહેલ છે.

(૩) જાતિ પ્રમાણપત્રની ખરાઇ હેઠળના બાકી કેસો પૈકી ૨૭ ઉમેદવારના કેસોમાં ખુટતા પૂરાવા રજુ કરી ક્ષતિપુર્તતા રજુ કરવા સંબંધિત ઉમેદવાર કે કચેરીઓને વિભાગીય વિશ્લેષણ સમિતિ-સુરત કચેરી દ્વારા લેખિત જાણ કરવામાં આવેલ છે. તેમજ વિજીલન્સ સેલમાં તપાસ હેઠળના કેસોમાં પણ ૧૩ ઉમેદવારોને ખુટતા પૂરાવા રજુ કરવા લેખિતમાં જાણ કરાયેલ છે.

- - - - - - - - -

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

પોઇન્ટ ઓફ ઓર્ડર

**આર્ટીકલ ૨૭૫(૧) સ્પેશીયલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ રકમ**

૩૨ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડીયાપાડા) :**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર્ટીકલ ૨૭૫(૧) અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને

(૨) ઉક્ત રકમ પૈકી ઉક્ત વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર્ટીકલ ૨૭૫(૧) અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ (પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના (PMAAGY)) અંતર્ગત રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળીઃ

| **ક્રમ** | **વર્ષ** | **આર્ટીકલ ૨૭૫(૧) અંતર્ગત મળેલ રકમ (રૂ. લાખમાં)** | **સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ / (PMAAGY) અંતર્ગત મળેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૬૯૨૩.૭૯ | ૩૧૮૩૯.૫૬ |
| ૨ | ૨૦૨૨-૨૩ (તા. ૩૧-૦૧-૨૦૨૩ અંતિત) | ૪૭૫૫..૯૬ | ૩૪૮૪.૯૮ |

(૨) આર્ટીકલ ૨૭૫(૧) અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ (પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના (PMAAGY)) અંતર્ગત વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી તે નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **જે હેતુ માટે ફાળવાયેલ છે તેની વિગત** | **ફાળવેલ રકમ રૂ. (લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | પત્રક-અ અને પત્રક-બ મુજબ | |
| ૨ | ૨૦૨૨-૨૩ | પત્રક-ક અને પત્રક-ડ મુજબ | |

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન SCA TO TSS (SPECIAL Central Assistance to Tribal Sub Plan) યોજનાનું નામ સુધારીને પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના (PMAAGY) કરવામાં આવેલ છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**છેલ્લા એક વર્ષમાં ખરીદાયેલી લમ્પી વાયરસની રસી બાબત**

૭૭ **શ્રી કાંતિભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં પશુઓને થતાં લમ્પી વાયરસની કેટલી રસી ક્યા ભાવે ખરીદવામાં આવી ?

**જવાબ**

કેન્દ્ર સરકારશ્રીની એડવાઇઝરી અનુસાર ગોટપોક્ષ રૂ. ૩.૧૫/- ના ભાવે ૩૬.૦૦ લાખ ડોઝ અને શીપપોક્ષ રૂ. ૧.૬૪૫/- ના ભાવે ૩.૦૦ લાખ ડોઝ ખરીદી કરવામાં આવેલ છે. વધુમાં અસરગ્રસ્ત જિલ્લાઓએ સ્થાનિક કક્ષાએથી સ્વભંડોળ અને ડોનેશન મારફત રસી મેળવેલ છે.

- - - - - - - - -

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**નિયમ-૧૧૬ની નોટિસ પર ચર્ચા કરવા સમય ફાળવવા બાબત**

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, અમે આપને નિયમ-૧૧૬ની નોટિસથી વિનંતી કરીએ છીએ કે ગુજરાતમાં જે રીતે પહેલાં પેપરો ફૂટયા અને હવે કરાઇ એકેડેમીમાં ગઇકાલે જે કૌભાંડ બહાર આવ્યું છે કે કોઇપણ જાતની પરીક્ષા પાસ નહીં કરી હોવા છતાં પણ એક મયુર તડવી નામનો વ્યકિત ત્યાં લાંબા સમયથી..

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ પહેલાં મને બતાવો. પોઇન્ટ ઓફ ઓર્ડર બતાવો.

શ્રી અમિત ચાવડા : મારી એટલી જ વિનંતી છે કે આ ગંભીર પ્રશ્ન છે. ગુજરાતના યુવાનોમાં ગંભીર ચિંતાનો વિષય છે કે પહેલાં પેપરો ફૂટયા હવે બઢતીમાં કૌભાંડો થાય છે..

અધ્યક્ષશ્રી : ગંભીર પ્રશ્ન છે તો શું કરવું?

શ્રી અમિત ચાવડા : તો એના ઉપર પહેલાં અહીંયા આગળ ચર્ચા થાય..

અધ્યક્ષશ્રી : ચર્ચા થાય એટલા માટેને?

શ્રી અમિત ચાવડા : માનનીય ગૃહમંત્રીશ્રી છે તો એ અહીંયા એમનું નિવેદન કરે તો બધાને ખ્યાલ આવે.

અધ્યક્ષશ્રી : તમારી નિયમ-૧૧૬ માટેની નોટિસ ત્યાં આગળ પહોંચી છે એ મેં ચેક કર્યું છે. તો એ આજે તમે કરશો તો આજેને આજે નિયમ-૧૧૬ની નોટિસ દાખલ થાય અને આજેને આજે એનો જવાબ આપે એવું ના હોય.

શ્રી અમિત ચાવડા : મેં ગઇ કાલે દાખલ કરી હતી.

અધ્યક્ષશ્રી : નિયમ-૧૧૬ની અંદર તાકીદની જાહેર અગત્યની બાબતની અંદર આજે તમે દાખલ કરશો તો હું એના માટે એને એડમીટ કરીશ અને પછી નક્કી કરેલો દિવસ આપીશ એ આ વિધાનસભાના નિયમોની અંદર છે એટલે આજેને આજે તમે કહેશો કે એનો જવાબ મળે તો એ માનનીય અમિતભાઇ ના મળી શકે.

શ્રી અમિત ચાવડા : અમે ગઇ કાલે આપી હતી..

અધ્યક્ષશ્રી : આપણે વિધાનસભાગૃહના નિયમ પ્રમાણે ચાલવું પડશે.

શ્રી અમિત ચાવડા : હા, પણ અત્યારે આટલો ગંભીર પ્રશ્ન હોઇ પહેલા માનો કે ..

અધ્યક્ષશ્રી : તો એના માટે મારે શું કરવું? તમે કહો કે હું એના માટે નિયમ તોડી અને જે ચાર દિવસ પછી હોય એને બદલે આજેને આજે તમને આપી દઉં એવું તમારું કહેવું છે? વિધાનસભાના નિયમો તોડી નાખું એવું તમારું કહેવું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય મંત્રીશ્રી છે, મુખ્યમંત્રીશ્રી પણ બેઠા છે, લોકોને ચિંતા છે. પહેલાં આપણે પેપર ફૂટવા માટેનો કાયદો બનાવ્યો હવે ..

અધ્યક્ષશ્રી : તમે વર્ણન કરવા કરતા એના મુદ્દા ઉપર આવો. આપને શું જોઇએ છે એ બોલો?

શ્રી અમિત ચાવડા : માનનીય ગૃહમંત્રી છે, મુખ્યમંત્રી છે, એ ગુજરાતના યુવાનોને આશ્વસ્ત કરાવે કે આવા બઢતીમાં કોઇ કૌભાંડ નથી ચાલતા

અધ્યક્ષશ્રી : એ જયારે તમે દાખલ કરશો પછી આવશે. ચર્ચા થશે એ સમયે એ કરી શકશે. પહેલેથી ના કરી શકે.

શ્રી અમિત ચાવડા : પહેલાં એમ હતું કે પેપર ફોડવા પડે હવે વગર પેપર ફોડે ૪૦ લાખ, ૫૦ લાખ રૂપિયા આપીને નોકરી આપે. ( અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બહુ સિનિયર અને અનુભવી સભ્ય છો, આજે તમે નિયમ-૧૧૬ની સૂચના દાખલ કરો તો એનો જવાબ ત્રણ દિવસ પછી કે જયારે સમય હશે ત્યારે હું આપી શકીશ. આજેને આજે મંત્રીશ્રી કે મુખ્યમંત્રીશ્રી જવાબ નહીં આપી શકે. નિયમ-૧૧૬ દાખલ કરવા માટેની આપણી આ પ્રક્રિયા છે.

શ્રી અમિત ચાવડા : સાહેબ, હું પ્રક્રિયા જાણું છું..

અધ્યક્ષશ્રી : તો જાણો છો છતાંય કેમ આમ આગ્રહ કરો છો?

શ્રી અમિત ચાવડા : મારી વિનંતી છે કે અત્યારે લોકોમાં જે આખી વાત ઊભી થઇ છે, લોકોમાં વધારે વાત પ્રસરે અને એમાંથી નવા નવા પ્રશ્નો ઊભા થાય એના બદલે નિવેદન કરે તો આખા ગુજરાતના લોકોને પણ ખ્યાલ આવે ..

અધ્યક્ષશ્રી : આના મુદ્દા ઉપર કહું તો એમનું એવું કહેવું છે કે નિયમ-૧૧૬ની દરખાસ્ત આજે દાખલ કરી છે અને આ એવી અગત્યની બાબત છે કે એમાં વિધાનસભાના નિયમમાં ફેરફાર કરીને નિયમ-૧૧૬માં આવે, આવો કોઇએ નિર્ણય કર્યો નથી એના અનુસંધાને તમારે વાત કરવી હોય તો કરો બાકી હું એ બાબતમાં સંમત નથી.

શ્રી અમિત ચાવડા : અમે નિયમ-૧૧૬ની નોટિસ આપી હતી એનો નિકાલ થયો નથી એટલે અર્જન્ટ મેટર તરીકે વિનંતી કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : નિયમ-૧૧૬ની બાબતને અર્જન્ટ તરીકે લેવી? વિધાનસભાની સ્થાપના થઇ છે ત્યારથી અત્યાર સુધી આવી કોઇ ઘટના નથી ઘટી?

શ્રી અમિત ચાવડા : કોઇ વ્યક્તિ બારોબાર ૪૦ લાખ રૂપિયા આપીને મને નોકરી મળી ગઇ છે એમ કહીને ટ્રેનિંગ લેતો હોય (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચર્ચા માટે આપને સમય મળવો જોઇએ, આપને મોકો મળવો જોઇએ એની ના પાડતો નથી. (અંતરાય) માનનીય રમણભાઇ, આપ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર શું કહેવા માગો છો?

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિયમોના નિયમમાં સ્પષ્ટ જોગવાઇ છે. કોઇપણ તાકિદની ઘટના અને મહત્ત્વની ઘટના હોય તો આપણે નિયમ-૧૧૬ની નોટિસ આપી શકીએ છીએ અને ટૂંકી મુદ્દતનો પ્રશ્ન પણ પૂછી શકીએ છીએ. માત્ર નિયમ-૧૧૬ની નોટિસ આપવાથી એ પ્રશ્ન અહીંયા પૂછી શકાતો નથી. જે તે પ્રભારી મંત્રી એ પ્રશ્ન માટે એલાઉ કરે, એ પોતાની સંમતિ આપે એ પછી માનનીય અધ્યક્ષશ્રી સંમતિ આપે તો જ નિયમ-૧૧૬ની નોટિસને દાખલ કરી શકાય છે. માત્ર પત્ર આપ્યો છે એ કારણે ચર્ચા કરવી એ આ ગૃહના નિયમોના નિયમ વિરુદ્ધ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડરના આધારે નિયમ-૧૧૬ની નોટિસનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. આ ગૃહ નિયમો સાથે બંધાયેલ છે. સ્વાભાવિક છે કે નિયમ-૧૧૬ની નોટિસ આપ્યા પછી સરકાર એનો જવાબ આપે ત્યારે ગૃહમાં ચર્ચા થઇ શકે છે. પ્રશ્ન અત્યંત ગંભીર છે. ટૂંકી મુદ્દતના આધારે રમણભાઇએ કહ્યું પ્રશ્ન પૂછી શકાય છે. અમારા સૌની લાગણી અને વિનંતી છે કે જે રીતના પોલીસ ખાતાની અંદર જે પી.એસ.આઇ. પકડાયો અને જે ચર્ચા સમગ્ર ગુજરાતમાં થઇ રહી છે ત્યારે સરકારશ્રીને અમે વિનંતી કરીએ છીએ કે આ સંવેદનશીલ અને લાગણીશીલ મુદ્દો હોવાના કારણે અમે અપેક્ષા રાખીએ કે પ્રશ્ન ઉપસ્થિત થયો છે તો એની ચર્ચા માટે સ્કોપ તો રાખે ને? નિયમ-૧૧૬ દાખલ થાય ત્યારે ચર્ચા થાય. સરકાર એવી બાંહેધરી આપી શકે કે જ્યારે એ દાખલ થશે ત્યારે એના ઉપર ચર્ચા કરવાની સરકારની પૂરી તૈયારી છે. અતિ ગંભીર બાબતનો મુદ્દો છે. આમાં કોઇને છાવરવાની વાત નથી આવતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એવું લાગે કે અતિ ગંભીર પ્રશ્ન છે અને આ અતિ ગંભીર પ્રશ્ન છે. કારણ કે આપણી સુરક્ષાની અંદર છેદ કરીને એક વ્યક્તિ પી.એસ.આઇ.ની ટ્રેનિંગ લેવા પહોંચી ગયો છે. ઝીરો અવર્સ આપીને પણ કરી શકાય, સભા મોકૂફીના ઠરાવથી ધ્યાન ખેંચીને પણ આપી શકાય અને આપને અધિકાર છે. અમારા વતી આપ વિનંતી કરો કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી બન્ને છે. આજે સ્પષ્ટતા થઇ જાય પછી અમારે નિયમ-૧૧૬ની નોટિસ ઉપર ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. જ્યારે આ ચૂક થઇ છે ત્યારે સરકારે છૂપાવવું શા માટે જોઇએ?

અધ્યક્ષશ્રી : આપણે નિયમની ચર્ચા કરીએ પછી તમારો મુદ્દો લોકશાહીની અંદર તમને વાત કરવાનો અધિકાર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આ પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં મારી એટલી જ વાત છે કે નિયમ-૧૧૬ની નોટિસ પણ આપી છે. ઝીરો અવર્સમાં પણ ચર્ચા કરી શકાય અને સભા મોકૂફી દ્વારા પણ ચર્ચા કરી શકાય અને ક્યારેક એવું લાગે કે કોઇપણ આઇધર સાઇડમાંથી મુદ્દો આવે કે અમે આ કરવા માગીએ છીએ અને ગૃહ ઠરાવે તો કરી શકાય. અમે વિનંતી કરીએ છીએ કે આ ચર્ચા જ્યારે ઊભી કરી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના માનનીય ગૃહમંત્રીશ્રી બન્ને છે. ૫ જ મિનિટમાં ખુલાસો કરીને આ વાત પૂરી કરી શકે છે. આ પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં વધારાની આ પણ જોગવાઇ છે. માનનીય અમિતભાઇએ વાત કરી એ તો છે જ. પણ એ સિવાય બીજી બાબતોમાં પણ કરી શકાય છે. આજે મુદ્દાનો જવાબ આપી દે તો વાત પૂરી થઇ જાય.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, હું ફરી એક વખત કહું કે નિયમ-૧૧૬ની નોટિસ આપી છે એ હું એડમિટ કરું એ પછી માનનીય મંત્રીશ્રીને નિવેદન માટે બે દિવસ આપવા પડે અને એના પછી એને આપણે ચર્ચા માટે અહીંયા લાવી શકીએ. આપણા વિધાનસભાના નિયમોમાં આ જોગવાઇ છે. તમે એમ કહો છો કે બધા નિયમોને બાયકોટ કરીને આજે ને આજે ચર્ચા ઉપર લો?તો આ સમયે નિયમને આપણે તોડીને નહીં કરીએ. (અંતરાય)

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી (બેઠાં બેઠાં) : નિયમ તોડીને ભરતી થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એના માટે એ તોડી શકે. વિધાનસભા નિયમ નહીં તોડી શકે. માનનીય જીજ્ઞેશભાઇ કોઇ વ્યક્તિ નિયમ તોડે છે એટલે વિધાનસભાએ, ધારાસભાએ નિયમ તોડવા એવું નહીં કરી શકાય અને કમસેકમ ગૃહના નિયમ નહીં તોડાય. ગૃહ તો નિયમ પ્રમાણે જ ચાલશે અને એ આપણી અને તમારી બધાની જવાબદારી છે. આ વિધાનસભા ગૃહને નિયમ પ્રમાણે ચલાવવું એ તમારી અને મારી બધાની જવાબદારી છે. મારી તમને બધાને પ્રાર્થના છે આ વિધાનસભાને નિયમ મુજબ ચલાવીએ. (આ તબક્કે વિપક્ષના તમામ સભ્યો પોતાની જગ્યા ઉપર ઊભા રહીને ''ગૃહ મંત્રી રાજીનામું આપે''ના સૂત્રોચ્ચાર કરવા લગ્યા.)

અધ્યક્ષશ્રી : હું માનનીય સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર બેસી જવા માટે વિનંતી કરું છું. (અંતરાય) (સતત સૂત્રોચ્ચારો) હું માનનીય સભ્યશ્રીઓ જે દેખાવ કરે છે એ માનનીય સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર બેસી જવા વિનંતી કરું છું. (અંતરાય, સતત સૂત્રોચ્ચારો ) હું હજુ પણ કહું છું માનનીય સભ્યશ્રીઓ વિધાનસભા ગૃહ મળશે. તમને ચર્ચા કરવાનો મોકો મળશે. પરંતુ આપણે વિધાનસભાના નિયમો પ્રમાણે કરીએ અને વિધાનસભાના નિયમો પાળવાની જવાબદારી આપણી બધાની છે. આપણા બધાની વિધાનસભાના નિયમો પાળવા માટેની જવાબદારી છે. કોઇ નિયમ તોડે એટલે આપણે ધારાસભ્યોએ નિયમ તોડવો એવું નિવેદન ના કરી શકાય. એ નિયમ તોડે એટલે આ ગૃહ નિયમ વગર ચાલે એવું ના કરી શકાય. મારી આપ સૌને વિનંતી છે કે આવું આપણે ના કરીએ. (સતત ઘોંઘાટ) (વિધાનસભાના વિપક્ષના તમામ ધારાસભ્યો અને ભાજપના ધારાસભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા) જે પ્લેકાર્ડ દ્વારા દેખાવ કરે છે. સાર્જન્ટને કહું છું કે એ મેળવી

લ્યો. તમે દેખાવ કરવા માટેના પ્લેકાર્ડ બનાવીને લાવ્યા છો એ તાત્કાલિક આપી દો. આપ સૌ બેસો. માનનીય ગૃહના નેતા વાત કરે છે. ત્યાંથી પ્લેકાર્ડ મેળવી લ્યો ભાઇ.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જે જરૂરિયાત ઊભી થઇ અને ચર્ચા કરવાની આ ગૃહમાં બધાને છૂટ આપી છે. પેપર લીક માટે પણ કાયદો લાવ્યા અને કાયદા ઉપર પૂરતી ચર્ચા થઇ છે. એમાં કોઇને રોકવામાં નથી આવ્યા કે તમારે શું કહેવું? શું નહીં? પણ કોઇ વ્યક્તિને પોતાની જાતે અથવા તો સાથી પક્ષને જે કરવું છે એ જ કરવા માટેનું આ ગૃહ નથી. એટલે જ્યારે સમયાંતરે કોઇ પણ કાયદાકીય પ્રવૃત્તિ રોકવાની હોય તો સરકારની પણ પૂરેપૂરી તાકાત છે કે કોઇ પણ વસ્તુ અમે રોકી શકીએ એમ છીએ અને અત્યાર સુધી યુવાનો માટેના જેટલા પણ જ્યાં જ્યાં આગળ ડ્રગ્સથી માંડીને અત્યારે તમે જુઓ તો સરકાર પ્રોએક્ટિવ થઇને ખૂબ સારી રીતે અમારાં ગૃહ રાજ્ય મંત્રી હોય કે કાયદાકીય અમારે કામ કરવાનું હોય એમાં તમે જુઓ તો ખૂબ સારી રીતે સરકાર કામ કરી રહી છે અને છતાંય પોતાનું કંઇક ને કંઇક સાબિત કરવા માટે જો ગૃહમાં વાત થતી હોય અને એકદમ ઊભા થઇ જવું એ વાજબી નથી અને આ રીતે ગૃહ ના ચલાવી શકાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી પણ કહે છે કે એના માટે મારી ઉદારતાપૂર્વકની વાત છે. (અંતરાય) (વિપક્ષના તમામ ધારાસભ્યો પોતાની જગ્યા પર ઊભા થતા) આપ બધા બેસો, આપ સૌ બેસો. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે બેસો. માનનીય કાંતિભાઇ બેસો. (સતત ઘોંઘાટ ) હું વાત કરું છું. ભાઇ, તમે પેલું ફેંકવાનું નહીં કરો. નિયમને તોડી અને કોઇ કહેતા હોય કે બહાર લોકો નિયમ તોડે છે એટલે અહીંયા પણ તમે નિયમ તોડશો એ નહીં ચાલે. અહીંયા નિયમ પ્રમાણે જ આપણે બધાએ કરવું પડશે અને કોઇ એક ગુનેગાર નિયમ તોડે એટલા માટે આ ગૃહને નિયમ તોડવાનો અધિકાર મળતો નથી. આ ગૃહ મહાત્મા ગાંધીના સાનિધ્યમાં બેઠેલું છે. આપણે નિયમ પ્રમાણે જ ચલાવવું જોઇએ. આપણે નિયમ તોડવાનું કામ ન કરી શકીએ. આપણે સંવિધાનમાં ભરોસો રાખવાવાળા લોકો છીએ. આપણે સંવિધાનનું રક્ષણ કરવાવાળા લોકો છીએ. આપણે સંવિધાન તોડવાનું કામ ન કરી શકીએ. (અંતરાય) પ્લીઝ, આપ મુદ્દા ઉપર વાત કરો, હું સાંભળીશ. ફરી આપ વાત કરો. મુદ્દા ઉપર વાત કરો તમે. બાકીના બેસો તમે. બેસો બધા. શ્રી અર્જુનભાઇ, આપ બોલશો કે શ્રી અમિતભાઇ બોલશે? કોણ બોલશે એ નકકી કરો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાત એટલી જ છે કે અમને આ મુદ્દા ઉપર ૧૧૬ ની નોટિસ ઉપર ચર્ચા કરવા મળે અથવા તો મેં બીજા બે નિયમો બતાવ્યા છે એમાં ચર્ચા કરવા મળે એટલું જ છે. અમારે ચર્ચા જોઇએ છે. આજે નહીં તો કાલે આપો મને કોઇ વાંધો નથી પણ એનો જવાબ આ ગૃહને મળવો જોઇએ અને નોટિસો આપેલી છે એક કરતા વધારે સભ્ય છે. જો એના ઉપર જવાબ મળવાનો હોય તો અમે આપની વાત માનવા તૈયાર છીએ. (અંતરાય)

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જવાબ પણ આપવો જોઇએ. એનો મતલબ એ નથી કે પ્રિપ્લાન કરીને, તૈયારી કરીને, પ્લે કાર્ડ બતાવીને આવવાનું. આ અઘટિત ઘટના બની નથી. માત્ર એક પી.એસ.આઇ.ના કારણે ગુજરાતનું આસમાન જમીન એક થવાનું નથી. એમના જમાનામાં અનેક એસ.પી.ઓ. એમણે કૌભાંડ કરેલા છે અને અનેક એસ.પી.ઓ.ને એમણે સાચવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એટલે તમારું શું વોકઆઉટ કરવાનું પ્લાનિંગ છે? જો નકકી કરીને આવ્યા હોય અને એવું હોય તો પછી બાકીનું કામ ચાલુ રહે. (અંતરાય) નહીં, ગૃહના નેતાએ આપણને વાત પણ કરી છે. આપણે એડમિટ કરીશું તો એ જવાબ આપવા બંધાયેલા છે એમાં તમારે એવી ખાતરી અહીંયા જાહેરમાં લેવાની કયાં જરૂર છે? ગૃહના નેતા જાહેરમાં ખાતરી આપે એવો વિષય કયાં આવ્યો? અત્યાર સુધીમાં આપે ૧૧૬ની સૂચનાઓ આપી જ છે. ૧૧૬ દાખલ કરવા માટેનો જે અધિકાર છે એ વિધાનસભાના અધ્યક્ષને છે. આજે નોટિસ આપી છે તો એનો જવાબ તમને બે દિવસ પછી જયારે દાખલ કરીએ પછી મળશે અને તમે એમ નકકી કરો કે ના, અમારું દાખલ કરશો કે કેમ? તમે જવાબ આપશો કે કેમ? તો મને લાગે છે કે આ રીતે બાંહેધરી માનનીય અર્જુનભાઇ, ન કરી શકાય. માનનીય ગૃહમંત્રીશ્રી શું કહેવા માંગે છે? (અંતરાય) બેસી જાવ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ખૂબ વિદ્ધાન સભ્યશ્રી અમિતભાઇ ચાવડા અને બીજા પણ એક વિદ્ધાન સભ્ય નિયમોની હંમેશા વાતો કરતા હોય છે એમને હું વિનંતી કરવા માગું છું કે આ ખૂબ ગંભીર મુદ્દો છે. અમે એગ્રી છીએ. વિધાનસભાની બહાર જે જે સ્ટેટમેન્ટ આપ્યા, વિધાનસભાની બહાર મને કહેશે તો હું આજે જ બધા જવાબ આપી દઇશ પણ વિધાનસભાના ગૃહનો એક નિયમ છે. કાલે આ બાબતનો સંપૂર્ણ ખુલાસો રાજયના ડી.જી.પી. દ્વારા કરવામાં આવ્યો છે. આ ગંભીર ઘટના જે બની છે એની તપાસ અનેક દિવસોથી ચાલતી હતી. આ તપાસને કયાંકને કયાંક પ્રેસના માધ્યમથી આ સારી વાત છે કે આની પાછળ ખૂબ મોટું રેકેટ હતું નહીં પરંતુ આ રીતની જે સિક્રેટ ઇન્કવાયરી ચાલતી હતી. આપ સૌ સભ્યશ્રીઓ રાજયના ચૂંટાયેલા પ્રતિનિધિ છો. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આપને હું વિનંતી કરવા માગું છું. અમારે ત્યાં બે બિલાડી લડાઇ લડતી હતી એનો પેપરમાં ફોટો આપ્યો. બીજા દિવસે કોઇએ કીધું મ્યુનિસિપલ કમિશનર રાજીનામું આપે. બે બિલાડીની લડાઇ રોડ ઉપર થાય એનાથી મ્યુનિસિપલ કમિશનરનું રાજીનામુ માંગવાથી નિકાલ આવી જવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય વાતો આવી ઘટનાઓમાં ના થવી જોઇએ. વિધાનસભાગૃહની બહાર જેટલા જેટલા સ્ટેટમેન્ટ આજે આપ્યા છે તેના જવાબ જરૂરથી મળશે. જે વાતો થઇ છે તે વાતો માટે આજે નિયમોમાં જવાબ આપવાની છૂટ

નથી. જો છૂટ હોત તો તમામ લોકોને એક-એક જવાબ સો ટકા આપતો. સો ટકા સચોટ જવાબ આપતો. પરંતુ વિધાનસભાની બહાર જેટલા આરોપો લાગ્યા છે તેનો જવાબ આપવાની છૂટ છે. તે આરોપોના જવાબ પણ આજે જ મળશે. તમામ આરોપોના જેટલા વિષયો છે તેમાં ગમે ત્યારે મને અડધી રાત્રે કહેશે હું મારી કેબિનમાં અવેલેબલ છું. તમારા મનમાં કોઇપણ પ્રકારના પ્રશ્નો હશે તેનો જવાબ આપવા હું બંધાયેલો છું. જવાબ આપવો તે મારી જવાબદારી છે. વિધાનસભામાં અહીં ટ્રેઝરી બેન્ચમાં બેઠેલા તમામ લોકો જવાબ આપવા તૈયાર છે. હું વિધાનસભાગૃહની અંદર તે લોકો જે સમયે માગશે તે સમયે અને આજે જ જો અરજન્ટ જવાબ જોઇતો હોય તો વિધાનસભાગૃહના મારા કાર્યાલયમાં આવે. હું સો ટકા જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : આજે ના થઇ શકે. વિધાનસભા તો વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલે.

શ્રી હર્ષ સંઘવી : નિયમ પ્રમાણે જ ચાલે.

અધ્યક્ષશ્રી : તમે બહાર જવાબ ગમે તે રીતે આપી શકો.

શ્રી હર્ષ સંઘવી : મારું એ માનવું છે કે, નિયમો અને લાગણીની વાત કરીને બીજા વિષયો મૂકીને ભાષણ આપવાનું સ્ટેન્ડ અને પ્લેટફોર્મ વિધાનસભાગૃહમાં ના મળવું જોઇએ. આ વાતો જોડે જોડે બીજા *(xxx)રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ ના થવો જોઇએ. આ વિષયનો જવાબ આપવા માટે હું બંધાયેલો છું અને સચોટ જવાબ આપવા માટે બંધાયેલો છું. મારા કાર્યાલય ઉપર હંમેશાં અવેલેબલ છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એમનું કોઇ જ્ઞાન જોઇતું નથી.

અધ્યક્ષશ્રી : તે આપવા તૈયાર છે, તે જવાબ આપવા તૈયાર છે. માનનીય અમિતભાઇ, તે તમને જવાબ આપવા તૈયાર છે. તમને જવાબ આપવા તૈયાર છે. તમે ગૃહને નિયમ મુજબ ચલાવો મારી એટલી જ વાત છે.

શ્રી અમિત ચાવડા : માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કે, થોડું મોટું મન રાખે. ગુજરાતના યુવાનોના ભવિષ્યનો પ્રશ્ન છે. એકબાજુ પેપર ફૂટતા હોય, પેપરો ફૂટતા રોકવા માટે કાયદો લાવીએ...

અધ્યક્ષશ્રી :આ તમે જે બોલો છે તેમની બોલવાની સ્વીચ બંધ રાખો. એ રીતે આક્ષેપ કરીને સ્વીચ ચાલુ રાખીને નહીં બોલી શકીએ. અહીંયાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલતા હશે ત્યારે તે મુદ્દાસર જ બોલે. હું જેને બોલવાનું કહું છું તે જ બોલે. આપે જો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર હજુ ચર્ચા લાંબી ચલાવવી હોય તો હું તમને ફરી સમય લાંબો કરી આપું. હું મારું જજમેન્ટ આપું તે પહેલાં ફરી આપને તક આપું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એટલી જ વાત છે કે, આ બહુ ગંભીર બાબત છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, તેમનું માઇક ચાલુ કરી આપો. મુદ્દા ઉપર વાત કરો. તમે પેપર ફોડવાની બાબતની વાત કરો છો, પી.એસ.આઇ.ની વાત કરો છો તે બધી ચર્ચાઓ ત્યાં આગળ થઇ. હવે મુદ્દો એટલો છે કે, નિયમ પ્રમાણે ગૃહ ચલાવવું કે શું કરવું? મંત્રીશ્રીએ તો બધી રીતે કહ્યું કે હું જવાબ આપવા તૈયાર છું. તમે કહો તે પ્રમાણે જવાબ આપવા તૈયાર છે. પરંતુ વિધાનસભાના ફ્લોર ઉપર તો વિધાનસભાના નિયમો પ્રમાણે જ ચાલે ને? વિધાનસભાના ફ્લોર ઉપર તમે કહો છો કે આમ નહીં આ રીતે જવાબ આપે તે પદ્ધતિ કેમ હોય? આપણા બધાની જવાબદારી થાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી એટલી જ વિનંતી છે અને અમારી એટલી જ લાગણી છે કે, આપના માધ્યમથી ગૃહના નેતા બેઠા છે. અમે ૧૧૬ની નોટિસ એટલા માટે આપી કે આ તાકીદની ગંભીર બાબત છે. ગૃહના નેતા પાસે અમે એટલા જ આશ્વસ્ત થવા માગીએ છીએ અને ગેરંટી માગીએ છીએ કે, આના પર ચર્ચા કરે. માનનીય મંત્રીશ્રી ચર્ચા કરવા અને જવાબ આપવા તૈયાર છે. તો ગૃહના નેતા કહે કે કાલે, પરમ દિવસે, બે દિવસ પછી આના પર વિસ્તૃત ચર્ચા થશે તો અમે તેની સાથે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, તમારો કોઇ વિષય હોય તો વાત કરી લો. મારે હવે આ ચર્ચા લાંબી ચલાવવી નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમિતભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. આપે બધી નિયમોની સંપૂર્ણ માહિતી આપી છે. છતાં પણ શ્રી અર્જુનભાઇ ઊભા થાય, શ્રી શૈલેષભાઇ ઊભા થાય, અન્ય લોકો ઊભા થાય, પ્રિપ્લાન સાથે ઊભા થાય તેની વાત શ્રી રમણભાઇએ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ખુદ પોતે ગૃહની અંદર નિવેદન આપતા હોય તો તેની બાબતો કેટલી મહત્ત્વની હોય છે તે સમજી શકાય છે. મુખ્યમંત્રી બોલે છે, તે ઇન્ટરવીન થાય છે. તે પોતે કહે છે, ગૃહમંત્રીશ્રી પોતે બોલે છે. એટલે આપે પણ અને હું એવું માનું છું કે, આપે નિર્ણય પણ આપી દીધો છતાં નિર્ણયની ઉપરવટ જઇ બોલ્યા કરવું. હું પોઇન્ટ ઓફ ઓર્ડર એ ઉઠાવું છું કે, ભવિષ્યમાં આ પ્રકારની બાબતો હોય તેના માટે રાજ્ય સરકાર ઓપન છે, માનનીય મુખ્યમંત્રી, ગૃહમંત્રીશ્રી ઓપન છે. અમારી સરકારે કાંઇ ઢાંકવાનું નથી. જે કાંઇ થતું હશે તેમાં કડક નિર્ણય લેશે. મારો વિષય એ છે કે, ભવિષ્યમાં આ પ્રકારની કોઇપણ બાબત હોય અને સભ્યશ્રીઓનો અધિકાર છે કે તેઓ નિયમ પ્રમાણે ગૃહમાં બોલી શકે. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકે પણ આ પ્રકારની પ્રેક્ટિસ વારંવાર ના થાય તેના માટે આપના નિર્ણયની હું અપેક્ષા રાખું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : આપ બેસો, મારે મારો નિર્ણય આપવો છે, હું મારો નિર્ણય આપવા માગું છું, માનનીય સભ્યશ્રી આપે આપની વાત કરી દીધી અને મેં આપને પૂરતા સાંભળ્યા છે હવે હું મારો નિર્ણય આપું છું. મેં બંને પક્ષને બરાબર સાંભળ્યા છે અને આપના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર હું મારો નિર્ણય આપવા માગુ છું. (અંતરચ) આપ સૌ સિનિયર સભ્યો છો, આ વિધાનસભા નિયમ મુજબ ચલાવવાની આપણી બધાની જવાબદારી છે, આપને જ્યારે હું બે વખત કહું છું કે આપ બેસી જાવ છતાં આપ બેસતા નથી. માનનીય સભ્યશ્રી હું આપને ફરી વખત ત્રીજી વખત વિનંતી કરું છું કે, માનનીય અમિતભાઇ, આપ પોતાનું સ્થાન ગ્રહણ કરો, અધ્યક્ષ પોતાનો ચૂકાદો આપે છે. મારી આ સભાગૃહને વિનંતી છે, સભાગૃહની અંદર આપણા બધાની જવાબદારી આ ગૃહ ચલાવવા માટેની છે. તાત્કાલીક કોઇ ઘટના આવે તો આપણા સંવિધાનના રચયીતાઓએ વિધાનસભાના જે નિયમો જે બનાવ્યા છે એ નિયમો બનાવવાવાળા મહાશયોએ આપણને એ બનાવીને અધિકાર આપ્યા છે કે આપણે એને કઇ રીતે ચર્ચા કરી શકાય? એ ચર્ચા કરવાનો તમારો અધિકાર છે એ અધિકારોનું રક્ષણ કરવા માટે હું પૂરેપૂરું ધ્યાન રાખીશ. પરંતુ એ નિયમને તોડીને આપણે એમ કહીએ કે નહીં, આજેને આજે આપણે દાખલ કરી દઇએ તો મને લાગે છે કે વિધાનસભાના નિયમોને માનવાની આપણી તૈયારી નથી આવો એનો અર્થ થાય. આવું ન થાય, આવી ઇમેજ બહાર ન જાય, સંવિધાનની રક્ષા કરવાની આપણી બધાની જવાબદારી છે એટલા માટે વિધાનસભાના નિયમો પ્રમાણે તમે નોટિસ આજે આપો છો તો એ આજે આપેલી નોટિસ એને દાખલ કર્યા પછી હું મંત્રીશ્રીને જવાબ આપવા માટેનો સમય આપું બે દિવસનો અને એ આપ્યા પછી દિવસ જે નક્કી કરીએ એ દિવસે એની ચર્ચા કરવાનું આપણે નક્કી કરી શકીએ. તો મારી આપને પ્રાર્થના છે કે જ્યારે ચર્ચાનો દિવસ આવશે તો એ દિવસે આપણે ચર્ચા કરી શકાશે. મારી તમને પ્રાર્થના છે કે, નિયમો પ્રમાણે આપણે કામ કરવાનું ચાલુ રાખીએ અને આજેને આજે ચર્ચા રાખવા માટેનો આપનો આગ્રહ છે એને હું માન્ય રાખતો નથી. નિયમ ૧૧૬ માટેના જે નિયમો બનેલા છે એ નિયમ મુજબ જ કાર્યવાહી કરવા માટે ગૃહ પણ બંધાયેલું છે. મારો નિર્ણય છે કે, વિધાનસભાના નિયમોના નિયમ મુજબ ૧૧૬ દાખલ કરવાનો, એ દાખલ થયા પછી નોટિસનો સમય અને ચર્ચાનો દિવસ જ્યારે નક્કી કરેલા છે અને મારા અગાઉના અધ્યક્ષશ્રીઓએ જે ચુકાદા આપ્યા છે એને હું વળગી રહીને એ જ પ્રમાણે હું કાર્યવાહી કરવા માગું છું. એટલા માટે આજે ચર્ચા કરવા માટે ૧૧૬ અંતર્ગત મંજૂરી આપતો નથી. (અંતરાય) નેકસ્ટ. (અંતરાય) આપ પ્રેમથી નીકળી શકો, આપને વોક આઉટ કરવો હોય તો આપ વોક આઉટ કરીને પ્રેમથી નીકળી શકો છો, આપને અધિકાર છે. (અંતરાય)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષ તથા આપ પાર્ટીના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કર્યો)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના સિનિયર નેતાએ જે વાત કરી. પોઇન્ટ ઓફ ઓર્ડર શેના માટે થાય? આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો થતો જ નથી, આજે ચર્ચા થઇ એ મને લાગે છે કે પહેલી વખત આવું થયું છે. પોઇન્ટ ઓફ ઓર્ડર મૂકે ત્યારે કઇ બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એની નિયમો ટાંકીને સ્પષ્ટતા કરવી જોઇએ એ સ્પષ્ટતા કરવાને બદલે ૩૦ મિનિટ સુધી ગૃહનો સમય બગાડ્યો છે. ૧૧૬ની નોટિસ આપે પછી સરકારશ્રી નક્કી કરે અને મંત્રીશ્રી એને મંજૂરી આપે ત્યારે ૧૧૬ દાખલ થતી હોય છે. આપના માધ્યમથી પ્રેસર ટેકનીક કરીને અહીંયા દાખલ કરવાની જે ચેષ્ટા કરી છે એ ખરેખર ખોટી છે, આ સિસ્ટમ ખોટી છે આવી પ્રથા પડવી જોઇએ નહીં.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કંઇ ગોળ ગોળ વાત કરવાનો કોઇ વિષય નથી. પ્રિ-પ્લાનિંગ કરીને આપણા નિયમોના નિયમ પ્રમાણે પ્લે કાર્ડ બતાવી શકાતા નથી એટલે માત્ર ગૃહમાં વોકઆઉટ કરવો એ જરૂરી નથી. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે જે સભ્યશ્રીઓએ પ્લે કાર્ડ બતાવ્યા છે અને સૂત્રોચ્ચાર કરીને સભાત્યાગ કરી ગયા છે એ તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા માટેની દરખાસ્ત મૂકે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના રુલિંગ પછી પણ આજે આખે આખી ઘટના જે શરૂઆતથી ઊભી થઇ, પ્રશ્નોતરીનો સમય પત્યા પછી સીધો જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને અને ત્યારથી જ તેમણે જે વાતની શરૂઆત કરી અને સીધા જ પ્લે કાર્ડ બતાવી દીધા. એટલે આખી ઘટના બહારથી પ્રોજેકટ કરીને અહીંયા પ્લાન્ટ કર્યું અને પ્લાન્ટ કેવળ રાજકીય રીતે બહાર કંઇક કહેવાય અમે વોકઆઉટ કર્યો આ મુદ્દાએ સાહેબ ઘટના તો પીએસઆઇવાળી બની ગઇ છે તેની તપાસ અને જે વિગતે જવાબ આપવાની માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇએ વાત પણ કરી છે અને તેમણે કયાંક એવુ નથી કહ્યું કે આના માટે સરકાર કયાંય બંધ બારણે કંઇ કરવા માગે છે. તેમને જો વ્યકિતગત રીતે પણ જો કોઇ વાત જોઇતી હોય, કરવી હોય તો શ્રી હર્ષભાઇની ઓફિસમાં જઇને પણ વિગત મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તેમણે જે વારંવાર વાત કરી કે પેપરો ફૂટે છે, પેપરો ફૂટે છે સાહેબ જો કદાચ એ વખતે જે પોલીસે જે શકના આધારે માનનીય મુખ્યમંત્રીશ્રીને જાણ કરી કે આવી સંભાવનાઓ છે અને આવું થયેલું છે તો તરત જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ લોકોના અને હોંશિયાર વિદ્યાર્થીઓના લાભ માટે પરીક્ષા રદ કરી. નહીંતર કદાચ પરીક્ષા પણ લેવાઇ ગઇ હોત પરંતુ એવું ના કરતા યોગ્ય વિદ્યાર્થીઓને ન્યાય મળે તેના માટે સંવેદનશીલ આપણાં મુખ્યમંત્રીશ્રીએ તરત જ નિર્ણય લીધો. કેવળ પોલિટિકલ બેનિફિટ માટે બહાર જઇને આ ઘટના માટે બોલી શકાય પરંતુ બોલવાની અને ચર્ચા કરવાની આ ગૃહ અને રૂબરૂ પણ માનનીય હર્ષભાઇ સાથે કરી રહ્યાં છે અને મારો માનનીય રમણભાઇએ આ જે પ્રસ્તાવ મૂકયો છે તેમને આખા દિવસ માટે આ ગૃહમાંથી સસ્પેન્ડ કરવા જોઇએ.

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય આપે કર્યા પછી પણ દા.ત. પ્લે કાર્ડ હું આપનું ધ્યાન દોરવા માગું છું કે, પ્લે કાર્ડ આપી દો. આવો આપે નિર્ણય કર્યો, ઓર્ડર કર્યો એ પછી માનનીય સભ્યશ્રી ગેનીબેન અમે નહીં આપીએ એમ કરીને તેમણે તેમનું પ્લે કાર્ડ ના આપ્યું. એ નીકળ્યા ત્યારે આપની સમક્ષ પ્લે કાર્ડ બતાવતાં ગયા. માનનીય અધ્યક્ષશ્રી, આપના ઓર્ડરનું ઉલ્લંઘન છે, એમણે માફી માગવી જોઇએ અથવા તો આપે ઠપકો આપવો જોઇએ એવો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમારી એકઝેટ દરખાસ્ત શું છે તે જરા મને બતાવો, તમે શું દરખાસ્ત મૂકો છો ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસ પૂરતાં તમામ સભ્યોને સસ્પેન્ડ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : કયા સભ્યોને ? જેમણે દેખાવો કર્યા તેમને ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં જેમણે દેખાવ કર્યો અને અહીંથી વોક આઉટ કર્યો તે તમામને.

અધ્યક્ષશ્રી : દેખાવ કરી અને વોક આઉટ કર્યો તેવા સભ્યોને, બધાનું નથી કહેતાંને ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષ છે.

અધ્યક્ષશ્રી : ઠીક છે કંઇ વાંધો નહીં હવે આપની આ દરખાસ્ત છે તે દરખાસ્તને ટેકો કોણ આપે છે ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા શ્રી ઋષિકેશભાઇ જે વિપક્ષના સભ્યો જેમણે પ્લે કાર્ડ બતાવી અને વોક આઉટ કર્યો છે તેમને આજના દિવસ પૂરતા સસ્પેન્ડ કરવાની દરખાસ્ત લાવ્યા છે તેને મારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : આજે જે ગૃહની અંદર વ્યવહાર થયો એ બાબતે હું પણ દુઃખી છું એટલા માટે કે મેં તેમને વારંવાર સૂચના આપી, વારંવાર કહ્યું કોંગ્રેસ પક્ષના અને આપ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને કે આપણે ગૃહને વિધાનસભાના નિયમો પ્રમાણે ચલાવીએ એમાં એ લોકો માન્યા નહીં. મેં એક વખત, બે વખત, ત્રણ વખત સૂચના આપી છતાં પણ તેઓ તે વાતને માન્યા નહીં. તેના કરતા પણ ગંભીર બાબત તો એ છે કે, એક કોંગ્રેસ પાર્ટીના સભ્ય એવું બોલે કે, એક કોઇ ગુનેગાર નિયમ તોડે છે તો અમે કેમ ના તોડીએ. મને લાગે છે કે આ લોકશાહી માટે, સંવિધાન માટે અતિ ગંભીર બાબત છે. કોઇ એક ગુનેગાર ત્યાં આગળ નિયમ તોડતા હોય, ગુનો કરતા હોય તો તેના માટે થઇને વિધાનસભાના સભ્ય આ રીતે વાત કરે કે આપણે પણ નિયમ તોડીએ. આ બાબત સંવિધાન માટે અને લોકશાહીની સંસદીય પ્રણાલિ માટે ખૂબ ચિંતાજનક બાબત છે. આ હદે કોઇ ધારાસભ્યશ્રી જાહેરમાં સ્ટેટમેન્ટ આપે તે બાબત યોગ્ય નથી એટલે વ્યકિતગત રીતે પણ હું તેમને ટકોર કરું છું કે આવી બાબતનો ફરી ઉલ્લેખ સંવિધાનના વિરોધમાં જે બાબાસાહેબ આંબેડકરજીએ જે સંવિધાનની રચના કરી અને જે સંવિધાનની રક્ષા કરવાની જવાબદારી આપણી બધાની છે અને તેની સામે જયારે સભ્યશ્રી જીજ્ઞેશભાઇ મેવાણી એવું સ્ટેટમેન્ટ આપે કે તેમણે તોડયું છે તો આપણે કેમ ના તોડીએ? આ રીતનો તેનો અર્થ થતો હોય તો એ બાબત સૌથી ગંભીર બાબત છે અને તે સંસદીય લોકશાહી માટે સહેજે પણ ચલાવી લેવાય એવી બાબત નથી. એટલે હું જાહેરમાં એમને ટકોરું પણ છું કે આવી વાત ના ચાલે. બીજી બાબત એ છે કે તમે જે દરખાસ્ત મૂકી છે અને એને સમર્થન પણ આપ્યું છે એને હું અત્યારે મત માટે મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી બાદ ૧૧૬ની નોટિસ બાબતે સૂત્રોચ્ચાર અને હંગામો કરી અને વૉક આઉટ કરી ગયેલા કોંગ્રેસ પક્ષ અને આપ પક્ષના તમામ સભ્યોને સર્વાનુમતે આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)**

અધ્યક્ષશ્રી : સભાગૃહ સમક્ષ તા.૨૩/૨/૨૦૨૩ના રોજ રજૂ કરવામાં આવેલો પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા ઉપરની ચર્ચા હવે આગળ ચાલશે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આજનો બીજો દિવસ છે અને એમના પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એમને આ ગૃહના અમારા નવયુવાન સદસ્ય એવા શ્રી પ્રવિણભાઇ માળીએ સમર્થન આપ્યું છે. સૌ પ્રથમ તો અહિંસાના પુજારી અને સત્યના સાધક એવા રાષ્ટ્રપિતાશ્રી મહાત્મા ગાંધીજી, આપણા અખંડ ભારતના શિલ્પી એવા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, ગુજરાતના મહાન સપૂત એવા લોકસેવક પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ, રાજ્યના પનોતા પુત્ર એવા ઇન્દુલાલ યાજ્ઞિક અને આ દેશના યશસ્વી લોકપ્રિય વડાપ્રધાન એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા ગુજરાતના અનેક સપૂતોને હું શત શત વંદન કરીને આ ગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ ગુજરાત સરકારે ગુજરાતની પ્રજા માટે કરેલા કામો, પ્રજાના વિકાસ અને વિશ્વાસનો એક દસ્તાવેજ કહેવાય છે અને આ પ્રવચન ગુજરાતની પ્રજાના વિકાસનું, મિજાજનું પ્રતિબિંબ છે એમ કહીએ તો પણ ખોટું નથી. ગુજરાતમાં લગલગાટ ૧૩થી ૧૪ વર્ષ સુધી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આ ગુજરાતની સેવા કરી છે અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એક તપસ્વી રાજનેતા, હું ફરીથી કહું છું કે એક તપસ્વી રાજનેતાની જેમ તેઓ કહેતા હતા કે,'' મને ગુજરાતના વિકાસનું ઘેલું લાગ્યું છે અને વિશ્વમાં જે શ્રેષ્ઠ છે એ ગુજરાત

માટે હું કરીને જંપીશ.'' આ શબ્દો આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના હતા. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કહેતા હતા કે, ''ગુજરાત એ મારો આત્મા છે અને ભારત મારો પરમાત્મા છે.'' આ શબ્દો આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના છે. આ ગુજરાતની પવિત્ર ભૂમિને આપણે વંદન કરીએ. વિશ્વના સૌથી લોકપ્રિય વ્યક્તિ તરીકે જેમની ગણના થતી હોય અને આજના દેશના લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં ગુજરાતે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ''ના મંત્રને અનુસરીને આ ગુજરાત રાજ્ય આજે દેશનું એક રોલ મૉડલ બન્યું છે. ગુજરાત રાજ્યને છેલ્લા ૯ વર્ષથી ડબલ એન્જિનની સરકારનો ભરપૂર લાભ મળી રહ્યો છે. નાના-મોટા દરેક વર્ગની આ રાજ્ય સરકારે દરકાર કરી છે અને તેમના ઉત્કર્ષ અને આર્થિક, સામાજિક ઉન્નતિ માટે ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકાર ગુજરાતમાં કામ કરી રહી છે. આદરણીય નરેન્દ્રભાઈ અને શ્રી ભૂપેન્દ્રભાઈની આ જોડી માટે હું એટલું ચોક્કસ કહી શકીશ કે આ સરકાર ગરીબો, પીડિતો, શોષિતો અને આદિવાસીઓની સરકાર છે. આ સરકાર ખેડૂતો, યુવાનો, મહિલાઓ સાથે સાથે ગુજરાતની છ કરોડની જનતા માટે સંવેદના સાથે કામ કરનારી સરકાર છે. જગતનો તાત કહી શકાય તેવા ખેડૂતોની ભૂતકાળમાં કોઈએ ચિંતા કરી ન હતી. અમારી સરકાર વરસાદની અછત હોય કે કમોસમી વરસાદ થયો હોય તો કરોડો રૂપિયાનું રાહતનું પેકેજ આપીને ખેડૂતોની પડખે ઊભી રહી છે. ટેકાના ભાવે ખરીદી અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના થકી સીધા ખેડૂતોના ખાતામાં કરોડો રૂપિયા જમા કરવાનું કામ કરીને આ સરકારે ગુજરાતના કિસાનોના આશીર્વાદ મેળવ્યા છે. કોરોના કાળમાં ગુજરાતમાંથી ૧૫ લાખ જેટલા શ્રમિક ભાઈ-બહેનોને સન્માનજનક એમના વતન સુધી પહોંચાડવાનું કામ કર્યું છે. ગુજરાતની લગભગ ૧૩ લાખ કરતાં વધારે ગંગા સ્વરૂપા વિધવા બહેનોના દીકરા બનીને દર મહિને તેને ચોક્કસ રકમ પહોંચાડવાનું કામ સરકારે કર્યું છે. ગુજરાતના ખુણેખુણાથી દિવ્યાંગોને બસમાં સારી રીતે બેસાડીને એમને સાધન સહાય અને નાણાકીય સહાય આપવાનું કામ કરીને એમના પણ આશીર્વાદ મેળવ્યા છે. અત્યાર સુધીમાં ગુજરાતના ૧૦ લાખ કરતાં વધારે યુવાનોને રોજગાર પ્રાપ્ત કરાવીને યુવાનોના આશીર્વાદ મેળવવાનું કામ કર્યું છે. અમારી સરકાર માત્ર આટલું જ નથી કરતી પરંતુ પાંજરાપોળમાં અબોલ પશુઓને પૂરતો ખોરાક પહોંચાડવાનું કામ અમારી સરકારે કર્યું છે. આજે ગરીબ માણસોને મા-અમૃત્તમ કાર્ડ, મા-વાત્સલ્ય કાર્ડ અને આયુષ્માન કાર્ડ જેવી સેવાઓના કારણે હાથ લંબાવવા જવાની જરૂર પડતી નથી. કોરોના કાળથી અત્યાર સુધીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૬-૬ વખત ગરીબ લોકોને મફત અનાજ આપીને તેમના પેટ ઠારવાનું કામ કર્યું છે. આદિવાસી વિસ્તારોમાં મેડિકલ અને એન્જિનિયરિંગ કૉલેજ થકી શિક્ષણ પહોંચાડવાનું કામ, જંગલ જમીનના અધિકારો આપવાનું કામ, સિંચાઈનું પાણી પહોંચાડવાનું કામ, જમીનથી જેઓ વંચિત હતા એમને સાથણીની જમીનો આપવાનું કામ એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને આ ગૃહના માધ્યમથી હું કહેવા માગું છું કે, સંસદીય પ્રણાલિઓમાં સરકાર અને વિપક્ષની થતી ચર્ચાઓ એ આપણા સૌ માટે ખૂબ મહત્ત્વની બાબત છે. જેને ગમે તે પ્રશંસા કરે અને જેને ન ગમે તે ટીકા કરે. પરંતુ, પ્રશંસા અને ટીકાઓ વચ્ચે સાચી હકીકત અને પ્રજાનું હિત એ પણ ખૂબ મોટો પ્રશ્ન છે ત્યારે ગુજરાતમાં ગુજરાત વિરોધી માનસિકતા તથા નકારાત્મક રાજનીતિ કરનારા લોકોને ગુજરાતની પ્રજાએ પાયામાંથી નકારી કાઢ્યાં છે અને તેમને અરીસો બતાવવાનું કામ ગુજરાતની જનતાએ કર્યું છે. અમે કહીએ છીએ કે, આ દેશની જનતાએ, આ ગુજરાતની પ્રજાએ અમને વૉટ નથી આપ્યા પરંતુ, અમને આશીર્વાદ આપ્યા છે. દેશ અને ગુજરાતની જનતાએ કરવટ બદલી છે. છેલ્લી બે ટર્મથી આપણે જોઇએ તો, જે કૉંગ્રેસના મિત્રો અહીંથી બહાર નીકળ્યા છે એમની કૉંગ્રેસ પાર્ટીને દેશમાં ૫૦ સંસદસભ્યો લાવવાના પણ ફાંફા પડી જાય છે. એ પ્રકારની હાલત આ દેશની જનતાએ કૉંગ્રેસની કરી છે અને આજે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વ હેઠળ મજબૂત સરકાર દિલ્હીમાં કામ કરી રહી છે અને ભારત વિશ્વગુરૂ બનવા તરફ મજબૂતાઈથી આગળ વધી રહ્યું છે એ વાતનો આપણને આનંદ છે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણીઓ જોઇ લઇએ તો, વિરોધી પાર્ટીના સૂપડાં સાફ કરી નાંખીને વિધાનસભાની ૧૫૬ સીટો થકી સમગ્ર ગુજરાતમાં કેસરીયો લહેરાવીને ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમત અપાવ્યો છે તે બદલ હું ગુજરાતની જનતાનો પણ આભાર માનું છું. આ વિજય વિકાસનો વિજય છે, આ વિજય એ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ઉપર પ્રજાના અતૂટ વિશ્વાસનો છે ત્યારે આજે માનનીય સદસ્યશ્રી મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર-પ્રસ્તાવ ઉપર આભાર માનતો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો ટેકો આપીને મારી વાણીને વિરામ આપું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલા મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર-પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

રાજ્યમાં પંચાયતી રાજના સબળ સંચાલન અને સુદ્રઢીકરણમાં આપણા આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતાપુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આપણા ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને હાલમાં પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ તેની સતત ચિંતા કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તાર વિકાસની હરણફાળમાં પાછો ન રહી જાય એવા દ્રઢ સંકલ્પ સાથે અને વિચારને સાચા અર્થમાં અમલમાં મૂકવા માટે નાણાપંચની ગ્રાન્ટ પણ સીધી જ ગ્રામપંચાયતોના ખાતામાં જમા થાય તેવો નિર્ણય કરીને ગામડાના સશક્ત વિકાસ માટે નવી રાહ ચીંધી છે. ૧૫માં નાણાપંચ થકી ત્રણેય સ્તરની પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને ત્રિ-સ્તરીય

પંચાયતીરાજને વધુ મજબૂત બનાવવાનો ક્રાંતિકારી નિર્ણય આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્રની સરકારે લીધો છે. હાલમાં રાજ્યમાં ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ દ્વારા ત્રિ-સ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા સુચારુરૂપે અને સંવાદપૂર્ણ રીતે કાર્યરત છે ત્યારે રાજ્ય સરકારના વિવિધ વિભાગો પણ તેમના હસ્તકની વિવિધ વ્યક્તિલક્ષી અને સામુદાયિક યોજનાઓના સબળ અમલીકરણ થકી ગ્રામીણ વિસ્તારમાં ગ્રામજનોને મૂળભૂત સેવાઓ પૂરી પાડીને પંચાયતી રાજની યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. આ સન્માનનીય સભાગૃહમાં પણ જે સન્માનનીય સભ્યશ્રીઓ છે એમાં મોટાભાગના સભ્યશ્રીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. આપણે ૨૫ વર્ષ પહેલાનું આપણું ગામ અને આજનું આપણું ગામ જોયું છે. ૨૫ વર્ષ પહેલા જે ગામ હતું એમાં અનેકગણો વિકાસ આજે આપણી રાજય અને કેન્દ્રની સરકારે કર્યો છે જેનો લાભ ગ્રામ્ય વિસ્તારના છેવાડાના વ્યકિતને આજે મળી રહ્યો છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે લાઇટ, પાણી, રસ્તાઓ વિગેરે રાજય સરકારે પૂરી પાડી છે. આપણે જોઇએ તો એક સમય એવો હતો કે ગામમાં બરાબર જમવાના ટાઇમે લાઇટ જતી રહેતી હતી. આજે ૨૪ કલાક ગામડામાં લાઇટ મળે છે. આપણું ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ એવું રાજ્ય હતું કે, આપણા ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ કલાક લાઇટ આપવાનું કામ જયોતિગ્રામ યોજના હેઠળ આપણી તે વખતની રાજય સરકારે શરુ કર્યું હતું. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક લાઇટ મળે છે. પીવાના પાણી માટે નલ સે જલ યોજનાની અત્યારે કામગીરી ચાલી રહી છે. રસ્તાઓ જોઇએ તો આજે ગુજરાતનું કોઇ ગામ એવું બાકી નથી કે જેને ઓછામાં ઓછા એક પાકા ડામરના રસ્તાની સુવિધા ના મળી હોય. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના તથા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના થકી આજે ગામે ગામ પાકા રસ્તાઓ આપણી રાજય સરકારે ગામડાઓને આપ્યા છે. આજે જોઇએ તો, શિક્ષણની અદ્યતન સુવિધાઓ, શિક્ષણ માટે અદ્યતન મકાન તથા શિક્ષણ માટેની બધી સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં આપણી સરકારે પૂરી પાડી છે. આત્મા ગામનો અને સુવિધા શહેરની, આ મંત્ર સાથે તાલુકાનું મુખ્ય મથક ગ્રામ પંચાયત હોય છે. આદિજાતિ વિસ્તારના સાત હજારથી વધુ અને અન્ય ગામોના દસ હજારથી વધુ વસતિ ધરાવતા ગામોમાં ભુગર્ભ ગટરના અર્બન યોજના હેઠળ કામો કરવામાં આવે છે. પંચાયતી રાજ વ્યવસ્થાના સુદ્દઢીકરણ માટે અને ગ્રામ્ય સ્તરની વિકાસની ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે લોક ભાગીદારી થકી વિકાસની નેમ સાથે વતન પ્રેમ યોજના અમારી સરકારે અમલમાં મૂકી છે. ગુજરાતીઓ સમગ્ર દેશ અને દુનિયામાં વસે છે. સમગ્ર દેશના અલગ અલગ રાજયોની અંદર કદાચ આપણું રાજ્ય પહેલું હશે કે જેને આ વતનપ્રેમ યોજના અમલમાં મૂકી છે. પોતાના વતનના સંભારણા અને વતન પ્રત્યેનો પ્રેમ તેમના હ્દયમાં હંમેશા જીવંત હોય છે. વતન માટે કંઇક કરી છૂટવાની તમન્ના હોય છે ત્યારે તેમના દાન અને સહકાર થકી આ યોજના હેઠળ વતનના ગામમાં ખૂટતી સુવિધાઓ પૂર્ણ થશે. આ યોજના હેઠળ દાતા દ્વારા પોતાના ગામમાં શાળાનો રૂમ, સ્માર્ટ કલાસ, આંગણવાડી, હોસ્પિટલ, રસ્તાઓ, પીવાના પાણીની સુવિધા, ગામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાઇબ્રેરી, કોમ્યુનિટી હોલ અને સ્મશાન જેવી સુવિધાઓ ઊભી કરી શકાય છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રિકરણ કરવા માટે રાજયના તમામ ગામોને આવરી લીધેલ છે. આપણા રાજ્યમાં પ્રથમ વખત એવું બન્યું હશે કે તાલુકા વિકાસ અધિકારીની સો ટકા જગ્યા આપણી રાજ્યની સરકારે ભરી છે. આપણી રાજય સરકારે વસતિના ધોરણે ૧૪ લાખ, ૧૮ લાખ, ૨૨ લાખ પ્રમાણે દરેક ગ્રામ પંચાયતને મળવા પાત્ર નવીન મકાનો આપ્યા છે. રૂફ ટોપ સિસ્ટમ લગાવવા માટેની પણ યોજના બનાવેલ છે. આપણને તાલુકા પંચાયતના મકાન માટે રૂપિયા ૨.૪૦ કરોડ તથા જિલ્લા પંચાયતના મકાન માટે રૂપિયા ૨૯.૪૦ કરોડ જેટલી માતબર રકમ રાજય સરકારે આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત પણ ગુજરાતમાં આપણી સરકારે કરી છે. ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરી છે. જેમાં જગ્યાઓની ભરતી કરવાની છે. હું આ આભાર પ્રસ્તાવને મારુ સમર્થન આપું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ નામદાર રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આ જ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એ પ્રસ્તાવને આપણા સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે. આ પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. નામદાર રાજયપાલશ્રીના સંબોધનમાં ગુજરાતના સર્વાંગી વિકાસ અને સાડા છ કરોડ જનતાની સુખાકારી માટે લીધેલા નિર્ણયો અને છેવાડાના માનવી સુધી કરેલા કામોના લેખાજોખા આપણને જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી,જયારે રાજયપાલશ્રીનું પ્રવચન ચાલતું હતું, ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓ પણ હાજર હતા. હું પણ ગૃહમાં હાજર હતો. આ વખતે તો એ લોકો પણ રાજયપાલશ્રીનું પ્રવચન પૂરેપૂરું સાંભળતા હતા. ત્યારપછી જયારે ચર્ચામાં ભાગ લેવાનો એમને અવસર મળ્યો ત્યારે એ અવસરમાં ચર્ચામાં જે રીતે આપણે એ લોકોને સાંભળીએ છીએ એ પ્રકારે એક એક ચર્ચા પાછળ જે રીતે રાજયપાલશ્રીએ આ સરકારની કામગીરી વિશે જે લેખાજોખા જે રીતે આપણી વચ્ચે એમના પ્રવચનમાં કહ્યાં. આ વિપક્ષના લોકો એ વાતને સ્વીકારવા તૈયા નથી. અમારા દરેક સભ્યો જયારે આ વખતે એક એક વિષય ઉપર અભ્યાસ કરીને ચર્ચા કરી રહ્યાં છે ત્યારે હું પણ એ સાંભળતો આવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે અન્ન નાગરિક પુરવઠા ઉપર થોડી વાત કરવી છે. મને પણ એક વર્ષ મંત્રી તરીકે મને જવાબદારી મળી. અન્ન નાગરિક પુરવઠો એ ગુજરાતની સાડા ત્રણ કરોડની જનતા માટે એટલો બધો ઉપયોગી છે. અહીં બેઠેલા

ગૃહના સભ્યોને જાણકારી મળી રહેશે. વિપક્ષના મિત્રો અત્યારે અહીં બેઠા નથી, પણ જેમને ગામમાં દુકાન નથી અને ઉધાર આપવા નીકળેલા છે. પરંતુ,અમારી સરકાર શું કરે છે. એ અમારા સભ્યો પણ પૂરેપૂરું જાણે છે. મેં એક વર્ષ દરમ્યાન પૂરેપૂરી નાગરિક પુરવઠા પાછળ ખૂબ મહેનત કરી છે. મારે આજે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનવો છે. આપણા આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલનો અને નાણામંત્રીશ્રીનો પણ આભાર માનવો છે. ૨૦૨૧-૨૨ સુધીમાં એક જ વર્ષમાં આ ગુજરાતની ગરીબ પ્રજા માટે આપણી સરકારે જે નિર્ણયો લીધેલા હતા. ગુજરાતમાં ૭૧ લાખ કાર્ડ ધારકો છે અને એમાં કુલ ૩ કરોડ ૪૮ લાખની ઉપર સંખ્યા થવા જાય છે. આજે જ્યારે અંત્યોદય અને બી.પી.એલ.ના કુલ મળીને ૭૧ લાખ કુટુંબો અને જેની કુલ સંખ્યા સાડાત્રણ કરોડ થાય છે અને જેમને આપણે ૧ લાખ ૮૦ હજાર મેટ્રિક ટન અનાજ આપણે આપીએ છીએ. અત્યાર સુધી જે અનાજ આપતા હતા એ ૩ રૂપિયે કિલો ચોખા અને ૨ રૂપિયે કિલો ઘઉં. હું અભ્યાસ કરીને કહું છું કે એક કુટુંબને લગભગ ૭૦૦ રૂપિયાની આસપાસ સબસિડી સહાય આપણે આપીએ છીએ. આજે તો આ ફ્રીમાં કરી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનવો જોઇએ કે જે ૩ રૂપિયા અને ૨ રૂપિયા લેતા હતા એ પણ ફ્રી કરી દીધા છે. કોરોના મહામારીમાં ૧ લાખ ૮૦ હજાર મેટ્રિક ટન મળવાપાત્ર અનાજ એટલે જે મફત અનાજ આપણે એમને આપતા હતા. આટલું અનાજ આપતા હતા. એ સિવાય રાજ્ય સરકારે પણ કેટલાક સારા નિર્ણયો લીધા. અહીંયા નાણામંત્રીશ્રી બેઠા છે. મેં એમને પણ વિનંતી કરી. મુખ્યમંત્રીશ્રીને પણ આપણી ગરીબ જનતા પ્રત્યે ભાવના હતી. દાળ માટે અનેકવાર આ ગૃહમાં પ્રશ્ન ઉપસ્થિત થયા. દાળના ભાવ વધે તો દાળ લેવી ગ્રાહકોને અઘરી પડતી હતી. બધા સભ્યોની લાગણી હતી એટલે દાળના ભાવ ફીક્સ કરવાનો નિર્ણય લીધો. ૫૦ રૂપિયે દાળ કરી દીધી અને ૩૦ રૂપિયે ચણા. મીઠું ૧૧ રૂપિયે ખરીદીને ૧ રૂપિયે આપ્યું. પહેલી જ વાર સીંગતેલ આપ્યું અને એ પણ ૧૦૦ રૂપિયે આપ્યું. ૯૦ રૂપિયા ઉપરની લગભગ સહાય. આમ કરીને જે આપણે અનાજની સબસિડી, ચણા, તુવેર દાળ, મીઠું, તેલ એટલું જ નહીં, પણ દુકાનદાર પ્રમાણિકપણે કામ કરી શકે એ માટે ૧૦૮ રૂપિયાનું કમિશન વધારીને ૧૫૦ રૂપિયા કર્યું. આ ટોટલ સરવાળો કરીને તો ૭૦૦ રૂપિયાની આજુબાજુ દર મહિને એક પરિવારને આપણે સહાય આપીએ છીએ. એ કોઇ નાની સૂની ઘટના નથી.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના ઉદ્‌બોધન પરના આભાર પ્રસ્તાવ પર મારા વિચારો રજૂ કરું છું. આદેશના વડાપ્રધાન અને આ રાજ્યના સપૂત આદરણીય નરેન્દ્રમોદીજીના વિચારો આ દેશની ધર્મપ્રેમી પ્રજાના જેટલા પણ દેવસ્થાનો છે, યાત્રાધામો છે તેના માટે સવિશેષ ચિંતા કરી છે તેની વાત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના ઉદ્‌બોધનમાં જે વર્ણન કરવામાં આવ્યું છે અને બતાવ્યું છે તેમ ૩૩૩. ૭૪ કરોડ રૂપિયા, ૬૭ તીર્થ ગામોમાં ખર્ચ કરવામાં આવેલ છે. એ પૈકી મારા મત વિસ્તારને અડીને આવેલા માં ભગવતી, મહાકાળીના પાવાગઢના સ્થાન માટે ૧૨૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમ પાવાગઢના વિકાસ માટે ખર્ચ કરેલ છે. મને થોડો સમય આપજો, આ પાવાગઢની ધરતીમાંથી આવું છું અને માં ભગવતીની, નવા સભ્યશ્રીઓને કદાચ ખ્યાલ નહીં હોય, આ પાવાગઢની ઉત્પતીની વાત કરીએ તો ૩૩ કરોડ દેવો સામે રકતબીજ જીતી જતો હતો અને રકતબીજને હણવા માટે દેવો નાકામ નીવડયા, ત્યારે માં ભગવતીનું સ્મરણ કર્યું તે વખતે માં અંબા ભવાનીએ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી મૂળ અંબા ભવાનીમાંથી મહાકાળી દેવી પેદા કર્યા અને એ રકતબીજને ભગવાન શીવે એવું વરદાન આપેલું કે તને કોઇ હથિયારથી મારે અને એક ટીપું લોહીનું પડે તો એમાંથી અસંખ્ય દૈત્ય પેદા થશે. આવું વરદાન હતું. એ દૈત્યને હણવા માટે માં ભગવતીએ પૂરેપૂરા યુદ્ધ મેદાનમાં પોતાની જીભ લાંબી કરીને આ રકતબીજનું લોહી ચૂસીને એને મારી નાખેલો. એ ઇતિહાસ અમારા પાવાગઢનો છે. પાવાગઢનો બીજો ઇતિહાસ છે એનું નામ છે. પવન ગઢ, પણ જે સમયે પાવાગઢનો પુજારી, મહાકાળીનો પુજારી સજન શાહ, વાણીયો હતો. એને ખબર પડી કે આ ડુંગર હલે છે કેમ? તો મા કાળી જતા હતા ત્યારે પુજારી તરીકે માં ભગવતીનો ચોટલો જાલીને કહ્યું કે માં તું પાતાળમાં જાય તો અમારું કોણ? જેથી આજે પણ માં નું મસ્તક બહાર રહ્યું છે. એવા પવિત્ર સ્થાનમાં આપણી ધર્મ ઘેલી સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આટલી બધી રકમ આપી છે ત્યારે એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ધરતીનો ઇતિહાસ એવું કહે છે કે આના ઉપર મહમ્મદ બેગડાએ સહાય કરી, આ શક્તિપીઠને અભડાવી, અને એ વખતે સજન શાહ વાણીયાની જગ્યા ઉપર એ પોતે મુસલમાન છે એવું કહેવડાવવા માટે આ વાણીયાની સમાધી ઉપર દરગાહ બનાવવામાં આવી. એ પાવાગઢનો ઇતિહાસ છે. એ ધરતી ઉપર અમારા કૂળના ચૌહાણ કૂળનું છેલ્લું રાજ્ય હતું જેને કહેવાય પતઇ રાવળ, જેને કેટલાક લેખકો અને પત્રકારોએ ઉંધું અર્થઘટન કરીને પતઇ રાવળને માતાના વિરોધી બતાવવામાં આવે છે એ બિલકુલ ખોટું છે. એ પવિત્ર ભૂમિમાં આજે પણ આપણને બધાને દુ:ખ થાય એવી ઘટના ત્યાં બની છે. ચાવડી વાવના બગીચા ઉપર એક મસ્જીદ બનાવવામાં આવી છે. જેને જામા મસ્જિદ કહેવામાં આવે છે. એવી જ રીતે આ પાવાગઢની ધરતી ઉપર આજે મને આનંદ થાય કે આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી સાહેબે ૫૫૦ વર્ષ પછી માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી આવ્યા પછી કોઇ વડાપ્રધાનને હિન્દુ દેવી દેવતાઓના યાત્રાધામ વિશે કયારેય પણ લાગણી હતી નહિ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર(ઉમરેઠ): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ માનનીય રાજયપાલશ્રીએ આ ગૃહને સંબોધન બદલ આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ રજૂ કર્યો જેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો એને હું પણ મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર વિકાસને વરેલી છે તેઓશ્રીએ આ બજેટમાં રાજયના ગરીબો વંચિતો અને છેવાડાના માનવીઓની ચિંતા કરી છે. ગરીબોનું જીવન ધોરણ ઊંચું આવે અને તેમને રોજગારી મળે તે માટે સરકારી કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે એ માટે સરકાર કટિબદ્ધ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ પશુપાલન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા સમર્થન સાથે વિચારો રજૂ કરું છું.

રાજયના પશુપાલકો પશુઓ થકી પોતાનું જીવન ગુજરાન કરે છે તે માટે પશુઓની આરોગ્યની સુવિધા હોય કે રસીકરણની હોય કે પોષક આહારની સુવિધા હોય એ માટે પશુપાલકોના પશુઓની તંદૂરસ્તી માટે સરકારે મદદરૂપ થવાના પ્રયત્નો કરેલા છે. આ રીતે પશુપાલકો પોતાના કુટુંબ માટે ગુજરાન ચલાવીને આનંદપૂર્વક જીવન પસાર કરી શકે એ માટે સરકારે અનેક કદમો ઉઠાવ્યા છે.

આદરણીય રાજયપાલશ્રીએ ગુજરાતની વિકાસ ગાથાનું તેમના પ્રવચનમાં નિરૂપણ કર્યું છે અને ગુજરાતની સમગ્ર પ્રજાને વિશ્વાસ અપાવ્યો છે તે માટે આદરણીય રાજયપાલશ્રીના સંબોધનને હું સમર્થન આપું છું. આ વખતના બજેટમાં માનનીય મંત્રીશ્રીએ પશુપાલન માટે બજેટમાં જોગવાઇ કરી છે એના કારણે પશુપાલકોને ખૂબ જ ફાયદો થવાનો છે. પશુપાલન એ ખેડૂતોનો પૂરક વ્યવસાય છે અને પૂરક આવકનું સાધન છે. ગાય ભેંસના દૂધના વેચાણ કરવાના ઉદ્યોગને ડેરી કહેવામાં આવે છે. ભારતમાં સૌથી ડેરી ઉદ્યોગમાં પ્રથમ હરોળમાં ગુજરાત છે. આપણા રાજયમાં સહકારી ધોરણે ડેરી ઉદ્યોગ અને ખાનગી ડેરી ઉદ્યોગ સમગ્ર વિશ્વમાં છવાયેલો છે. સમગ્ર ગુજરાતમાં ડેરી ઉદ્યોગ માટે મારા વિસ્તારની અમૂલ ડેરી વિશ્વ વિખ્યાત છે તે સહકારી ધોરણે ચાલે છે એમાંથી દૂધ,દહીં, છાસ, બટર, ચીજ, શીખંડ, ચોકલેટ, આઇસ્ક્રીમ અને દૂધનો પાવડર વગેરે પ્રોડકસ તૈયાર કરીને સમગ્ર ભારત તથા વિદેશમાં મોકલવામાં આવે છે. આથી સીધો ફાયદો પશુપાલકોને થાય છે. અમૂલ દ્વારા પશુઓની સારવારની વ્યવસ્થા અને પશુ આહરની વ્યવસ્થા કરવામાં આવે છે. કચ્છમાં ઉંટડીના દૂધનું પણ વેચાણ કરવામાં આવે છે. અમારી અમૂલ ડેરી દ્વારા ઉંટડીના દૂધમાંથી ચોકલેટ પણ બનાવવામાં આવે છે જે સરાહનીય છે.

ગુજરાતમાં મુખ્યત્વે ૯૬ લાખ ગાય વર્ગના ૧૦૫ લાખ ભેંસ વર્ગના પશુઓ ૧૭ લાખ ઘેટા અને ૪૮ લાખ બકરીઓ સાથે કુલ ૨૬૯ લાખ પશુધન છે. દેશના કુલ પશુધન પૈકી અંદાજીત પાંચ ટકા છે. છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૦૮.૪૬ લાખ મેટ્રિકટનનો અભૂતપૂર્વ વધારો થયો છે. ચાલુ વર્ષે માનનીય મંત્રીશ્રીએ પશુપાલન વિભાગ માટે બજેટમાં જે જોગવાઇ કરી છે તેમાં ગૌશાળા, પાંજરાપોળ અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવવા માટે મુખ્યમંત્રી ગૌ માતા પોષણ અંતર્ગત ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મુખ્યમંત્રી નિશુઃલ્ક પશુ સારવાર અને ફરતા પશુ દવાખાનાની સેવાઓ માટે ૧૦૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય માટે ૬૨ કરોડની જોગવાઇ દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા ૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સેવાઓ માટે ૧૦ કરોડની જોગવાઇ રાજયમાં ૧૫૦ નવા કાયમી નવા પશુ દવાખાના બનાવવા માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે જે આવકારદાયક છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી રમેશભાઇ મિસ્ત્રી.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર શ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને પ્રવિણભાઇ માળીએ જેને સમર્થન આપ્યું છે તેના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું. બજેટની સીઝન ચાલે છે. સમગ્ર દેશમાં ભારત સરકારના બજેટની ચર્ચા છે. ૭ લાખ સુધીની આવક મર્યાદામાંથી મુક્તિ. મહિલાઓને બચતમાં વ્યાજનો વધારો, જે ગરીબ શ્રમજીવીઓ છે, જે વિશ્વકર્મા પરિવારમાં જ આવે છે એવા સૌને સરકાર ગેરેન્ટેડ બનીને ધિરાણ આપશે. આવી સમાજને લાભ થાય એ પ્રકારની અનેકવિધ યોજનાઓ સાથે ગુજરાતમાં પણ આપણાં નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે, ૩ લાખ કરોડથી પણ ઉપરનું. આની ચર્ચાની વચ્ચે દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આગામી ૨૫ વર્ષ આ દેશને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવવા માટેનું જે સ્વપ્ન છે તેના સંકેતો આજે વિશ્વમાં દેખાઇ રહ્યા છે. આજે શ્રી નરેન્દ્રભાઇનું વૈશ્વિક નેતૃત્વ આના માટેના અનેક સિગ્નલો આપી રહેલ છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન જેવા વિકસિત દેશો સાથે ચોથું ભારત એક-બીજાં દેશો સાથે વ્યાપાર વધારી રહ્યા છે. રશિયા અને યુક્રેનના યુદ્ધમાં ભારતના ૨૦,૦૦૦ જેટલા નાગરિકોને બચાવવાનું સફળ ઓપરેશન અને એ પણ માત્ર ત્રિરંગાના સહારે. સ્પેસ લઇને યુદ્ધની વચ્ચેથી બહાર લાવવાનું કામ, માત્ર આપણાં નાગરિકો નહીં પરંતુ બાંગ્લાદેશ અને પકિસ્તાનના નાગરિકોને પણ આપણો ત્રિરંગો જીવન આપે. આ જે સંકેતો છે એ ભારતના કદને બતાવે છે. આ યુદ્ધના કારણે નાગરિકોને મોંઘવારીથી બચાવવા માટે રશિયા પાસેથી ૩૦ ટકા ડિસ્કાઉન્ટથી ક્રુડની ખરીદી. આવા ઐતિહાસિક નિર્ણય પછી યુરોપિયન સંઘના નેતા અમેરિકાનો જે કાયદો છે એ આપણાં દેશ ઉપર લાગે એ પહેલાં

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

મજબૂત ભારતના મજબૂત નેતૃત્વ નરેન્દ્રભાઇ મોદીના આગ્રહથી અમેરિકાનો સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ આ બન્ને ભેગા થઇને ભારતને પ્રતિબંધોથી બહાર મૂકે એ શક્તિશાળી ભારતની નિશાની છે. ચીન અને પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં ભારતનું જે મજબૂત નેતૃત્વ છે તેના દર્શન આજે સમગ્ર દેશને થઇ રહ્યા છે. રશિયા અને અમેરિકાનો ઇતિહાસ એ પ્રકારે છે કે એક દેશ જેની સાથે હોય તેની સામે બીજો દેશ હોય. આજે આ બન્ને મહાસત્તાઓ ભારતના અને ભારતના નેતાના વખાણ કરવા માટે હરિફાઇ કરી રહ્યા છે. એક સપ્તાહ એવું નહીં ગયું હોય કે અમેરિકા કે રશિયા બેમાંથી એકના નેતાએ ભારતની કે ભારતના નેતા નરેન્દ્રભાઇની પ્રશંસા કરી ન હોય. આ સ્થિતિ ઉપરથી એવું દેખાઇ રહ્યું છે કે ભારત એ વિકસિત દેશ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીએ જ્યારે ગુજરાતની વિકાસ યાત્રાનો ચિતાર આ ગૃહની સમક્ષ મૂક્યો છે.

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન વિશે હું પણ બે વાતો કરવા માંગું છું. આપ અમારા કચ્છની પરિસ્થિતિ સારી રીતે જાણો છો. પાણીની જો વાત કરીએ તો જે તે વખતે દાદા મેકરણ હતા એ રણમાં પાણી પીરસતા હતા, કચ્છ માટે પાણી એ બહુ મોટી વાત કહેવાય અને આજના યુગમાં નેવાનું પાણી જો મોભે ચડાવ્યું હોય તો એ આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે એટલે એમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ખાસ આપને કહેવા માગું છું કે જયારે વરસાદ ન પડે તો અમારે હિજરત કરવાનો વારો આવતો, પશુપાલકોએ કચ્છ મૂકી અને અમારે બહાર જવું પડતું હતું. જે તે વખતે અમે નદીઓમાં વીરડા ખોદીએ, એ વીરડામાં પાણી ન નીકળે તો તકલીફ થતી, એ પછી ડંકીઓ નીકળી, કૂવા કરતા, કૂવામાં પણ પાણી ન નીકળતા એને બદલે અત્યારે આપણા દેશના વડાપ્રધાનશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, અને આપણા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ, એમના દ્વારા અત્યારે હાલમાં અમને નર્મદાનું પાણી ગામોગામ ઘર ઘર નળની યોજના અત્યારે જે અમને મળી રહી છે એના માટે આભાર માનવા અમારા માટે કોઇ શબ્દ નથી. જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. વાસ્મો યોજના દ્વારા નાના ગામમાં, વાંઢોમાં, પરામાં એક એક જગ્યાએ અમને પાણીની ટાંકી અને નળ દરેક જગ્યાએ મૂકવામાં આવ્યા છે. અત્યારે માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના કયા શબ્દમાં વખાણ કરવા તે સમજાતું નથી. ગામડામાં અમે ઇલેક્ટ્રિક મોટરનું બિલ ભરી નહોતા શકતા એટલે ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ૨૦ વર્ષમાં એ લાઇટ બિલ પણ ફ્રી કર્યું છે. જેના લીધે સારી રીતે વોટર સપ્લાય ગામડામાં થઇ રહ્યો છે. આપણા વડાપ્રધાનશ્રી જે તે વખતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે પંચાયતોમાં જે બિન હરીફ થાય પાંચ લાખ વસતિ પ્રમાણે એને બોનસ આપવામાં આવતું હતું એના લીધે ગામડામાં ચૂંટણીમાં જગડા ન થાય અને એ ગામમાં વિકાસના સારા કામો થાય, નિશાળોમાં પણ આર.ઓ. પ્લાન્ટ મૂકી કઇ રીતે છોકરાઓને ચોખ્ખું પાણી મળે એના માટે પણ આ સરકારે યોજના કરેલી. કયાં નર્મદા અને કયાં નારાયણ સરોવર અને કોટેશ્વર, જે હિન્દુસ્તાન-પાકિસ્તાનની બોર્ડર પાસે અમારા આજની તારીખમાં ૫૦ પોઇન્ટ જે ખાલી મારા વિસ્તારમાં આવેલા છે એ ચોકીઓની આર્મી, મરીન હોય એવી ૫૦ ચોકી છે એવી દરેક ચોકી ઉપર પીવા માટે નર્મદાનું પાણી અત્યારે દેશના વડાપ્રધાનશ્રી પહોંચાડી રહ્યા છે. ખાલી એટલું જ નહીં અત્યારે અમારા સફેદ રણમાં કોઇપણ માણસ આવે, અને અત્યારે એનો વિકાસ જોઇ રહો એવો છે. અમિતાભ બચ્ચનજી આવે અને એમને પણ કહેવું પડે કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. આ માટે અમે મોદી સાહેબના આભારી છીએ. એના સિવાય જે તે વખતે જયારે ફાટકો બંધ હોય અને આપણે જયાં જઇએ ત્યાં ટોલટેક્સ ભરીએ, જકાતનાકાના કારણે બે-ત્રણ કિલોમિટરની લાંબી લાઇન લાગે, એમાં ડીઝલના ખર્ચા થાય અને પ્રદૂષણ વધે એ મુશ્કેલી માનનીય મોદીસાહેબે આવી અને આપણને જકાતનાકા મુકત કરેલ છે એ મોદી સાહેબને આભારી છે. વડાપ્રધાનશ્રી જે તે વખતે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એવો નિર્ણય લીધો હતો કે ખેડૂતો માટે આઠ કલાકની લાઇટો કરીએ ત્યારે ખેડૂતોને એમ થતું કે આઠ કલાક લાઇટમાં શું થશે પણ જો ખરેખર આઠ કલાક લાઇટ ના કરી હોત તો અત્યારે પાતાળમાં ચાર હજાર ટી.ડી.એસ., પાંચ હજાર ટી.ડી.એસ.નું પાણી હોત પણ એનાથી આ ખેતી બચી ગઇ, એના લીધે પાછો સરકારશ્રીએ ડ્રીપમાં સબસિડી યોજના કરી છે, અત્યારે ૫૦-૧૦૦ કરોડના ઘણી બધી જગ્યાઓએ ઓવરબ્રિજ બનાવ્યા છે, એના સિવાય એક એક છોકરાને રમવા માટે ૭૫ હજાર રૂપિયા સરકાર દ્વારા ગામોગામ ગ્રામવાટિકાઓ કરી એના આપવામાં આવે છે. માનનીય રાજ્યપાલશ્રી જે ઓર્ગેનીક ખેતીની વાત કરી રહ્યા હતા એના માટે સરકારશ્રી દ્વારા પ્રયાસો થઇ રહ્યા છે. અત્યારે એટેકનું પ્રમાણ બહુ છે, પથરીનું પ્રમાણ બહુ છે, જે ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી થાય છે એ આપણે અપનાવવાની જરૂર છે અને ભવિષ્યમાં એનાથી આપણું આરોગ્ય સુધરે અને ખેડૂતને ફાયદો મળે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મોદી સાહેબનું સપનું છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત સાહેબે આ ગૃહને સંબોધન કરવા બદલ માનનીય શ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે એને હું મારું અનુમોદન આપું છું. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાની ઝલક રજૂ કરીને ભારતીય જનતા પાર્ટીની આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી છે ત્યારે માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર કચ્છ જિલ્લાના મુખ્ય મથક એવા ભૂજમાં એક વિનાશક ભૂકંપ થયેલ હતો અને કચ્છ જિલ્લો ખૂબ પ્રભાવિત થયો હતો ત્યારે દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને જેઓના હૃદયમાં કચ્છ વસેલું છે એવા શ્રી

નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ભયંકર નુકસાનીમાં કચ્છનો હાથ પકડીને વિશ્વના ફલક પર કચ્છને પ્રમોટ ક્યું છે. ભૂકંપના કારણે કચ્છનું અસ્તિત્વ રહેશે કે કેમ એવો પ્રશ્ન હતો તેવી સ્થિતિમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વભાવ મુજબ આફતને અવસરમાં પલટાવીને કામ કરવાની ઇચ્છા મુજબ કચ્છને નવા રસ્તાઓ, નવા મકાનો, નવી વ્યવસ્થાઓ, અનેક પ્રકારની કચેરીઓ નિર્માણ કરીને કચ્છને વહીવટી સરળતા કરી આપી છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ આ સિલસિલો આગળ વધારી રહ્યા છે. પ્રવાસન ક્ષેત્રે દેશ અને દુનિયામાં કચ્છ જિલ્લાને મોખરાનું સ્થાન આપવા માટે કરોડો રૂપિયા ફાળવીને કચ્છના લોકોને રોજગારી મળી રહે તેવી વ્યવસ્થાઓ કરી છે. કારીગર કુશળ હોય કે બિન કુશળ હોય તેઓ અનેક રીતે રોજગારી મેળવી રહ્યા છે. જેમ કે ટુરિઝમ ક્ષેત્રે ધોરડો સફેદ રણ હોય, હડપ્પન ધોળાવીરા હોય કે સ્મૃતિવન હોય. ધાર્મિક સ્થળોમાં જેવા કે નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ કે ગુરુદ્વારા હોય આવા સ્થળોએ લાખો અને કરોડો રૂપિયા ખર્ચીને પ્રવાસીઓને સુવિધાસભર વ્યવસ્થાઓ થાય એ બધી વ્યવસ્થાઓ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ઇચ્છાશક્તિના કારણે ઊભી થઇ છે. આજે દેશ અને દુનિયાના પ્રવાસીઓ કચ્છની મુલાકાત લે છે. શ્રી અમિતાભ બચ્ચને જેમ વાત કરી, એમને પણ કહેવું પડ્યું કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.' આપ સૌને પણ આમંત્રણ આપીએ છીએ કે કચ્છની અવશ્ય મુલાકાત લો અને જે રીતે કચ્છ ટૂરિસ્ટ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે એ રીતે આવતા દિવસોમાં પણ લોકો અનેક પ્રકારે રોજગારી મેળવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના. રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા ભૌતિક, સામાજિક અને આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ટ્રાફિક સર્કલ, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર, સ્ટોર્મ વોટર, વોટર ડ્રેનેજ, તળાવોના બ્યૂટિફિકેશન, ફાયર સ્ટેશન, શાળા બાંધકામ, અર્બન હેલ્થ સેન્ટર, લાયબ્રેરી, પાર્કીંગ વગેરે જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. એવી જ રીતે ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી યોજના હેઠળ ખાનગી સોસાયટીઓના આંતરિક રસ્તાઓ, પાણી, લાઇટ, ગટર જેવા કામો માટે ખર્ચ કરી ૭૦ ટકા રાજ્ય સરકારનો ફાળો આપી જે ઘરમાં ગટર લાઇન નથી એને મુખ્ય ગટર સાથે જોડી પ્રતિ ઘર દીઠ ૭૦૦ રૂપિયા સહાય આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રેલવે ઓવર બ્રિજ, રેલવે અન્ડર બ્રિજ માટે આજસુધીમાં અંદાજિત રૂપિયા ૩૨૪૧ કરોડના ખર્ચે ૧૦૩ કામો રેલવે સાથે ૫૦ ટકા કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામાં ૧૦૦ ટકા રાજ્ય સહાય અંતર્ગત મંજૂર કરવામાં આવ્યા છે. દેશના જનપ્રિય માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે તાજેતરમાં જ અમદાવાદ શહેરમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ નું ઉદ્દઘાટન કરવામાં આવેલ છે. શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવા યોજના હેઠળ ૮.૮૬ લાખ આવાસોનું સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તે પૈકી ૭.૩૨ લાખ જેટલા (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નવા સભ્ય તરીકે આજ રોજ મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર રજૂ થયેલ આભાર પ્રસ્તાવ પર મારા વિચારો રજૂ કરવાની તક મળી છે તે બદલ હું આખા ગૃહનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગર્વ છે કે હું પંદરમી વિધાનસભાનો સદસ્ય છું. કારણ કે હું એવા નગરમાંથી આવું છું કે જેના સ્થાપક પ્રહલાદનચંદ્ર પોતે એક નાટ્યકાર હોય, એકે હજારા એવા ચંદ્રકાંત બક્ષીનું શહેર હોય, જે શહેરે અનેક શાયરો, અનેક કવિઓ આપ્યાં હોય અને એ પંદરમી વિધાનસભામાં પ્રાથમિક ધોરણની અંદર ગુજરાતી વિષય ફરજિયાત કરવાનું જે બિલ પસાર થયું તે હોય અને એમાં હું સહભાગી થયો તો તે બાબતે હું ગર્વ અનુભવું છે. પાલપુરના પ્રખ્યાત શહેર શૂન્ય પાલનપૂરીએ એક કાવ્યની અંદર કહ્યું છે કે : -

**'' વિશ્વને રોશન કરી ગઇ દિપીકા ગુજરાતની**
**સૂર્ય પણ જોતો રહ્યો જ્યોતિ કલા ગુજરાતની**
**ડાંગ માર્યાથી પાણી કદી જુદા થાતાં નથી**
**દુશ્મનોએ જોઇએ છે કાં એકતા ગુજરાતની''**

માનનીય અધ્યક્ષશ્રી, ભાષા, ભૂષા, ભોજન અને ભૂતકાળ એ કોઇ પણ સંસ્કૃતિનું પારીવારિક રહે છે. પેઢી દર પેઢી આ ચાર તત્વો એ આપણી સંસકૃત્તિને આગળ વધારે છે અને કલા, લોક કલા, નાટ્ય કલા, લલિત કલા જેવા અનેક સાંસ્કૃત્તિક કાર્યક્રમો થકી આ સંસકૃત્તિનું સંવર્ધન અને સંરક્ષણ થતું આવ્યું છે. જેમાં આપણી સરકારે ઘણાં બધા કાર્યો કર્યા છે અને ગુજરાતની વાત કરીએ તો ગુજરાત એટલે તો જે ગુજરાતની અંદર ગર્ભની અંદર બાળક હોય તે વખતના ગીતોથી લઇને છેક મૃત્યું પામે ત્યાં સુધીના એટલે કે મરશિયા સુધીની સાહિત્ય રચનાઓ થતી હોય તે સંસ્કૃત્તિવાળું ગુજરાત અને તે ગુજરાતની અંદર ગીત, સાહિત્ય, ભજનો, હાલરડા, લગ્ન ગીત આવા અનેક સાંસ્કૃત્તિક માધ્યમોથી ડાયરા હોય, ભવાઇ હોય એમાં ગુજરાત સરકાર કામ કરતી હોય, એવી જ એક વાત છે વિરાંગ દેવી. માનનીય અધ્યક્ષશ્રી, એવા જ વીરોની વીર ગાથાઓને રજૂ કરતા કાર્યક્રમથી લોકોમાં દેશ ભાવના પેદા થાય એવો કાર્યક્રમ જેમાં દેશ માટે પોતાનું મહત્તમ બલિદાન આપવાની તમન્ના પેદા થાય તેવા ઉમદા હેતુને ધ્યાનમાં લઇને એ સાંસ્કૃત્તિક કાર્યક્રમની ઊજવણી આખા ગુજરાતની અંદર કરવામાં આવી.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ''**આઝાદી કા અમૃત મહોત્સવ**'' એ અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમીના મૂખપત્ર શબ્દ સૃષ્ટિના દિપોત્સવી વિશેષાંકને સ્વાતંત્ર્ય ભૂમિ ગુજરાત વિષય ઉપર તૈયાર કરવામાં આવ્યો. સ્વતંત્ર્યતાના ૭૫ના વર્ષની ઊજવણી નીમિત્તે ''**હર ઘર તિરંગા**'' એનો કાર્યક્રમ આપવામાં આવ્યો જેની અંદર દરેકે દરેક ઘર ઉપર, દરેકે દરેક ઓફિસ ઉપર તિરંગો લગાવવાનો કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરાતત્વીય અને ઐતિહાસિક વિરાસત વિષે એની આગવી વિશેષતા ધરાવતા વડનગરને વૈશ્વિક હેરીટેજ પર્યટન સ્થળ તરીકે વિકસાવવાના હેતુથી વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું અને જેની અંદર અનેક દેશ-વિદેશના પૂરાતત્વવિદોએ, ઇતિહાસવિદોએ ભાગ લીધો. ''**એક ભારત શ્રેષ્ઠ ભારત**'' ના થીમ ઉપર માધવપૂરા ઘેડ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ જ રીતે અંબાજીની અંદર પણ ભવ્ય લોકમેળાનું આયોજન થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે જે રાજ્યપાલશ્રીએ ગરબાની વાત કરી હતી. એટલે કે શક્તિપર્વ એની અંદર ચોટિલા, અંબાજી, દ્વારકા, ઉનાઇ, અમદાવાદ, બહુચરાજી, પાવાગઢ અને

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અનિકેતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૩-૦૦ કલાકે મળશે.

**( વિરામ : બપોરના ૨-૩૦થી ૩-૦૦ )**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને શ્રી પ્રવિણભાઇ માળીએ અનુમોદન આપ્યું છે એ આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું. પૃથવીના મહાન ધર્મો અને શાસ્ત્રોમાં નોંધાયું છે કે સદીઓ સુધી કરોડો માનવોની તપસ્યાના અંતે ભૂમિમાંથી એક વીર યોદ્ધો પેદા થાય છે. જે સમગ્ર વ્યવસ્થાને નવો પથ ચીંધી ફકત રાષ્ટ્રને જ નહીં પણ વિશ્વને પણ માર્ગદર્શન પૂરું પાડે છે. આવો મહાન અને વીર રાજપુરુષ ગુજરાતમાંથી અને તેમાંય મહેસાણા જિલ્લાના વડનગર ગામના માતા હીરાબાના લાડકવાયા વીર યશસ્વી રાજપુરુષ બીજા કોઇ નહીં એ આપણા આદરણીય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ છે. ચક્રવર્તી સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય જેવા સશકત રાજપુરુષ માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની તેમજ મારા માણસા નગરના માનનીય શેઠશ્રી અનિલચંદ્ર શેઠના લાડલા અને ગુજરાતનું ગૌરવ એવા આધુનિક ભારતના ચાણકય અને દેશના કુશળ રાજનેતા કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની રાહબરી હેઠળ રાષ્ટ્ર ફકત સુરક્ષિત નહીં, વિકાસ પથ ઉપર અગ્રેસર છે અને ૧૩૬ કરોડની ભારત દેશની જનતા એમના વહીવટથી સંતૃષ્ટ છે. માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં રાજયના સર્વાંગી વિકાસની સાથેસાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો પોતાના પ્રવચનમાં સમાવેશ કર્યો છે. મારે શહેરી વિકાસ માટેના કામો માટે વાત કરવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબની રાહબરી નીચે આ ડબલ એન્જીનની સરકારમાં રાજયનો વિકાસ ઝડપથી થઇ રહ્યો છે. એમાંય શહેરી વિકાસના વિસ્તારો માટે પ્રવર્તમાન સરકારે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં શહેરી વિસ્તારના વિકાસ અને વિસ્તાર માટે ગત વર્ષના રૂ. ૧૪૨૯૬ કરોડનો બજેટમાં વધારો કરી ૧૯૬૮૫ કરોડનું બજેટ રજૂ કર્યું છે. શહેરી જનતાના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૫૧૦૦ કરોડની જોગવાઇ હતી એ વધારી ચાલુ વર્ષના બજેટમાં પણ રૂપિયા ૮૦૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટરના કામો, આંતર માળખાકીય કામો, રસ્તા, ટ્રાફિક વ્યવસ્થા, ફલાય ઓવરબ્રિજ, પાર્કસ, ગાર્ડન, તળાવોનો વિકાસ જેવા કામો કરવામાં આવી રહ્યા છે. ગંદા પાણીના શુદ્ધિકરણ માટે એસ.ડી.પી.નાં કામો હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરી સુવિધામાં વધારો કરવા માટે ૨૨ નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરના કામો પણ શરૂ કરવામાં આવેલ છે. ૮ મહાનગરપાલિકાઓના આંતરમાળખાકીય વિકાસનાં કામો માટે સન ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧૯૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ. આમાંથી સડક યોજના માટે રૂ. ૩૦૦ કરોડની અલગથી જોગવાઇ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે નગરપાલિકાઓના આંતરમાળખાકીય વિકાસ માટે બજેટમાં રૂ. ૩૭૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાંથી સડક માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પાણી પુરવઠા યોજના હેઠળ રાજયની નગરપાલિકાઓમાં માથાદીઠ ૧૪૦ લીટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ શુદ્ધ અને પર્યાપ્ત પીવાના પાણીનો પુરવઠો આધારભૂત જળસ્ત્રોતોમાંથી મળી રહે તે માટે પુરતી નાણાકીય વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે માટે ૧૬૮ પાણી પુરવઠાના કામો પૈકી ૧૫૧ કામો પૂર્ણ થયેલ છે. રાજયમાં વસતી કુલ વસતિના અંદાજે ૪૮ ટકા લોકો શહેરી વિસ્તારોમાં વસવાટ કરતા હોય છે ત્યારે ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા આ પ્રજાજનોને મળી રહે અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર ફકત જાગૃત જ નહીં સક્રિય પણ છે. શહેરી નગર યોજનાની સુવિધા વધારવા માટે ભારત સરકારે અમૃત યોજના અમલમાં મૂકી છે. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા માટે અમૃત-૨ યોજના રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. અમૃત-૨ યોજના હેઠળ ૧૪૫૪ કરોડનાં કામોનું આયોજન પણ કરવામાં આવે છે. આમ સરકાર દ્વારા શહેરી વિકાસનાં ઘણાં કામો હાથ ઉપર લેવામાં આવે છે, ત્યારે આઝાદીના ૬૫ વર્ષ પછી માનવીની મૂળભૂત જરૂરિયાત શૌચાલય બનાવવાનો વિચાર આપણા યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીને આવ્યો. એ જોઇને મને લાગે છે કે એવા સંવેદનશીલ શાસકો દેશનું સંચાલન કરે છે કે જેઓને આ વિચાર

આવ્યો. ચાલુ વર્ષના બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે સ્વચ્છ ભારત મિશન માટે રૂ. ૨૪૫ કરોડની જોગવાઇ પણ કરેલ છે. એ માટે હું એમને પણ અભિનંદન આપું છું. રાજયપાલશ્રીના સંબોધન પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર ગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને તેને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેને મારું સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માધ્યમથી હું કૃષિ વિષય પર મારા વિચારો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. ખેડૂત વિશ્વના બધા લોકોને ખાવા માટે અન્ન પકવે છે. એટલે ખેડૂતને જગતનો તાત કહ્યો છે. ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એ પછી ગુજરાતમાં ખેતી, ખેડૂત અને ગામડાંનો ખૂબ જ સારો અને ઝડપી વિકાસ થયો છે. ગામેગામ ચોવીસ કલાક વીજળી, પાણી અને સાથે સાથે પાકોના સારા ભાવ પણ ઉપલબ્ધ કરાવ્યા છે. તેનાથી જગતનો તાત ખેડૂત ખુશ થયો છે, સમૃદ્ધ થયો છે, તે બદલ હું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપણું ગુજરાત સહકારી ક્ષેત્રે પણ ખૂબ જ મજબૂત છે. સહકારથી સમૃદ્ધિના નારા સાથે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ પણ ગુજરાતના સહકારી અને સર્વાંગી વિકાસ માટે સતત ચિંતા કરે છે. તે બદલ ગૃહ અને સહકાર મંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇના વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂ.૨૧૬૦૫ કરોડની જોગવાઇ કરેલ છે. માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટમાં સિંચાઇ અને વીજળી સમસ્યાઓને ઉકેલવાનો ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે. કરોડો રૂપિયાની અઢળક યોજનાઓ થકી સમગ્ર ગુજરાતમાં સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ખેડૂતોના વીજ જોડાણ તેમજ રાહતદરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૮૨૭૮ કરોડની જોગવાઇ કરેલ છે. ટ્રેક્ટર તેમજ કૃષિ યાંત્રિકીકરણ માટે વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા માટે રૂ.૬૧૫ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરેલ છે. વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતા નુકસાનને અટકાવવા માટે ખેતરને ફરતે કાંટાળી તારની વાડ બનાવવા સહાય માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. ખેડૂતો, પશુપાલકો, સાગરખેડૂઓને કિસાન ક્રેડીટ કાર્ડ મારફત રૂપિયા ત્રણ લાખ સુધીના ટૂંકી મુદતના પાક ધિરાણ પર વ્યાજ સહાય પેટે રૂ.૧૨૭૦ કરોડની જોગવાઇ કરેલ છે. ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી માટે તે માટેની સૂર્યોદય યોજના માટે રૂ.૧૫૭૦ કરોડની જોગવાઇ કરેલ છે. આ વિશાળ અને સર્વસમાવેશી બજેટને આવકારતાં હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, મંત્રીઓ તથા સાથી સભ્યશ્રીઓને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. કૃષિ ક્ષેત્રે વાવણીથી વેચાણ સુધી ખેડૂતો સાથે અડીખમ ઉભેલી આપણી સરકારે કૃષિ ઉત્પાદન વધારવાની દિશામાં મક્કમ પગલાં ભર્યા છે. હું ખેતી, ખેડૂત અને પશુપાલન સાથે જોડાયેલ છું. ભારતીય જનતા પાર્ટીમાં કિસાન મોરચા થકી ખેતી, ખેડૂત અને પશુપાલનની સતત ચિંતા કરવાનો મોકો મળેલ છે. આદરણીય વડાપ્રધાનશ્રી આત્મનિર્ભર ભારતની વાત કરતા હોય ત્યારે મારા વિસ્તારના ખેડૂતો અને પશુપાલકો કેમ સુખી થાય અને કેમ આત્મનિર્ભર બને તેની હું સતત ચિંતા કરતો રહ્યો છું. મારા વિસ્તારના ગામોના તળાવોમાં પાણી ભરાય તે માટે પાઇપલાઇનના કામ માટે ગુજરાત સરકાર દ્વારા ૩૭૦ કરોડની સૈદ્ધાંતિક જોગવાઇ કરવામાં આવેલ છે. તે બદલ ખેરાલુ વિધાનસભા તેમજ સમગ્ર નાગરિકો વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપી મારી વાતને વિરામ આપું છું. ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી કિરીટકુમાર કે. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાના આ બીજા સત્રમાં મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી પ્રવીણભાઇ માળીએ સમર્થન આપ્યું છે એને હું મારું અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા પાછલા વર્ષોમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. રાજયમાં કૃષિ ઉદ્યોગ-વેપાર વગેરેની પ્રવૃત્તિને ખૂબ જ વેગ મળ્યો છે એની સાથે સાથે રાજયમાં વાહન-વ્યવહાર દિન-પ્રતિદિન મોટા પ્રમાણમાં વધી રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજયમાં નાનામાં નાના ગામથી માંડીને મોટા શહેરો સુધી રસ્તાઓનું નેટવર્ક વ્યાપક રીતે વધારવામાં આવ્યું છે અને જ્યાં જ્યાં જરૂરિયાત હોય ત્યાં હાયત રસ્તાઓને પહોળા કરવા, નવા પુલો, ફ્લાઇઓવરનું નિર્માણ કરવું તે પ્રમાણેની આંતરમાળખાકીય સુવિધાઓ સમગ્ર રાજયમાં વધારવામાં આવી છે. રાજયના ૭૫૧ કિલોમીટરની લંબાઇના રસ્તાઓને ચાર માર્ગીય કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે બીજા ૨૦૦૦ કિલોમીટર જેટલા રસ્તાઓનું ચાર માર્ગીયકરણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. ગુજરાત રાજયનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાઇ કાંઠો છે જેમાં ૧૫ જિલ્લામાંથી પસાર થતો વલસાડથી કચ્છના નારાયણ સરોવર સુધી જોડતા કોસ્ટલ હાઇવેને ૧૦ મીટર પહોળો કરવા માટે ત્રણ તબક્કાનું આયોજન કરેલ છે જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૩ જિલ્લામાંથી પસાર થતાં ૨૭૫ કિલોમીટર જેટલા

રસ્તાઓને ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. એજ રીતે સીમા સુરક્ષા માટે અતિ ઉપયોગી ગઢુલીથી સાંતલપુર રસ્તાની ૮૦ કિલોમીટરની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. અડાલજ પાસે અડાલજ ફ્લાઇઓવર બ્રિજની વચ્ચેની જગ્યામાં બ્યુટિફિકેશન કરવાનું, લેન્ડ સ્કેપિંગ કરવાનું તથા ગાર્ડન ડેવલપમેન્ટનું કામ પણ પ્રગતિમાં છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત આજ દિન સુધી પ્રથમ બે તબક્કામાં રાજયમાં ૧૨,૭૨૮ કિલોમીટરના રસ્તાઓનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ત્રીજા તબક્કાના અંદાજે ૩,૦૫૧ કિલોમીટરના ગ્રામ માર્ગોને પહોળા કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૭,૭૫૫ કિલોમીટર લંબાઇના રસ્તા-પુલોના કામોને મંજૂરી આપવામાં આવી છે જે કામો પ્રગતિ હેઠળ છે. આ તબક્કે મને કહેવાનું મન થાય છે કે, ગુજરાતના મોટા ભાગના ગામોને મુખ્ય માર્ગથી ફક્ત એક રસ્તો નહીં પણ બેથી પણ વધુ રસ્તાઓ સાથે દરેક ગામો જોડાયેલા છે. આપણે એક ગામમાં જ્યારે પ્રવેશ કરીએ છીએ ત્યાંથી બીજા ગામે જવું હોય તો એના એજ રસ્તે પાછા આવવું નથી પડતું પણ એક ગામથી બીજા ગામે જવાના રસ્તાઓ આપણી સરકાર દ્વારા થયેલા છે. ઘણાં ગામો તો એવા જંકશનોથી સંકળાયેલા છે કે જ્યાં ૭ થી ૮ ગામોને સાંકળતા રસ્તાઓનું નેટવર્ક જોવા મળે છે. છેલ્લા કેટલાય વર્ષોથી સરકારી કચેરીઓ વર્ષોના વર્ષોથી ભાડાના મકાનમાં બેસતી હતી તે આયોજનબદ્ધ રીતે પોતાના મકાનોમાં બેસીને કામ કરે એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે નવા મકાનો બનાવવાનું કામ કર્યું છે. મોટા ભાગના દરેક જિલ્લાઓમાં તાલુકા સેવા સદનમાં તાલુકાની કચેરીઓ બેસતી થઇ છે, જિલ્લા મથકોમાં પણ બહુમાળી મકાનો બનાવીને ત્યાં જિલ્લાની કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં મારું અનુમોદન આપુ છું.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી લોકશાહીના મંદિર સમા પંદરમી વિધાનસભામાં આજે રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચામાં ભાગ લેવા માટેની તક આપી તે બદલ આપશ્રી તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા મા ભારતીને વિશ્વના પરમ વૈભવ શિખર પર બીરાજવા માટે રાજયોનો વિકાસ થાય તે અત્યંત જરૂરી છે. રાજયના વિકાસ માટે ગ્રામ્ય વિસ્તારના લોકોના જીવન ધોરણની ગુણવત્તા સુધારવા તેમજ આર્થિક ઉન્નતિ માટે રાજયના મક્કમ અને નિર્ણાયક શકિત ધરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં આજીવિકા, કૌશલ્ય વિકાસ તેમજ સામાજિક સુરક્ષા અને માળખાકિય સુવિધા માટે અસંખ્ય યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ પૈકી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, પ્રધાનમંત્રી સિંચાઇ યોજના, નેશનલ રૂરલ લાઇવલી હુડ મિશન જેવી યોજનાઓ કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા તારીખઃ૨ ઓકટોબર, ૨૦૧૪ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને વ્યકિતગત શૌચાલય તેમજ ઘન અને પ્રવાહી કચરાનો સુયોગ્ય નિકાલ થાય તે માટે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તારીખઃ૨-૧૦-૨૦૧૭ના રોજ મહાત્મા ગાંધીની પાવન ભૂમિ પોરબંદર ખાતેથી મહામહિમ રાષ્ટ્રપતિની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર ગ્રામીણ ગુજરાતને ખુલ્લામાં શૌચક્રિયા મુકત રાજય તરીકે જાહેર કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં કુલ-૪૪ લાખ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યુ છે. ભારત સરકાર દ્વારા ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ભાગ-૨ તરીકે પણ મંજૂરી આપવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ પાર્ટ-૨માં રાજયમાં ૪૬૧૪ ગામોને ઓડીએફ પ્લસ જાહેર કરવામાં આવ્યા છે અને આ ગામોમાં પ્રવાહી કચરો, ઘન કચરો તેમજ માનવ મળના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જેમાં વ્યકિતગત સોકપીટની સંખ્યા ૮૪૨૬૪ તેમજ સામૂહિક સોકપીટની સંખ્યા ૨૨૩૬૪ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કલસ્ટર બેઇઝ પ્રોજેકટ ગોબરધન યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. જેમાં ૩૮ કલસ્ટર બેઇઝ પ્રોજેકટમાં ૭૬૦૦ વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે ૪૮૦૦ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવેલ છે. પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામીણ થકી રાજયના તમામ ઘર વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા કુટુંબોને પોતાના સ્વપ્નનું ઘર મળે અને તેમનું જીવન-ધોરણ ઉંચુ આવે તે દ્રષ્ટિએ માનનીય પ્રધાનમંત્રી દ્વારા તા.૨૦-૧૧-૨૦૧૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનો પ્રારંભ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૪ સુધીમાં રાજયના વધારેમાં વધારે પ્રમાણમાં આ યોજનાનો લાભ લે તેવો મક્કમ નિર્ધાર રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક-આર્થિક મોજણી અભ્યાસ -૨૦૧૧ મુજબની પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકો આ યોજનાનો લાભ લઇ શકે છે. આ યોજના થકી લાભાર્થીને ત્રણ હપ્તામાં રૂપિયા ૧,૨૦,૦૦૦/-ની સહાય તેમજ મનરેગા યોજના હેઠળ રોજગારી પેટે રૂપિયા ૨૧,૫૧૦ અને સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયના બાંધકામ પેટે રૂપિયા ૧૨૦૦૦/- એમ મળી કુલ રૂપિયા ૧,૫૩,૫૧૦ની સહાય લાભાર્થીને ચૂકવવામાં આવે છે.

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જો લાભાર્થી પ્રથમ હપ્તો મળ્યા પછી છ મહિનામાં ઘરનું બાંધકામ પૂર્ણ કરે તો મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના દ્વારા વધારાના રૂપિયા ૨૦,૦૦૦નો લાભ પણ મેળવી શકે છે. લાભાર્થી મહિલા હોય તો રાજ્ય સરકાર દ્વારા ઘરની સાથે બાથરૂમના બાંધકામ માટે રૂપિયા ૫,૦૦૦ની વધારાની સહાય આપવાનું નક્કી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ માટે ૪,૯૯,૧૫૨ લાભાર્થીઓને ફાળવવામાં આવેલ લક્ષ્યાંક સામે કુલ ૪,૦૧,૧૭૮ ગ્રામીણ લાભાર્થીઓને આવાસ પૂરાં પાડવામાં આવ્યા છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ૨૦૨૨-૨૩ માટે ૧,૮૪,૫૦૪ના લક્ષ્યાંક સામે ૧,૧૨,૦૧૦ મંજૂરીઓ આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી કૃષિ યોજના અંતર્ગત ગ્રામીણ લોકોની આજીવિકામાં વધારો થાય તેમજ માટી, વનસ્પતિ, આચ્છાદિત વિસ્તારો અને પાણી જેવા...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મુકેશભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫મી વિધાનસભાના બીજા સત્રમાં માનનીય રાજ્યપાલશ્રી દ્વારા જે સંબોધન કરવામાં આવ્યું છે એમાં હું મારું સમર્થન આપું છું. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ગુજરાત સરકારની વિકાસયાત્રાની ખૂબ ગૌરવપૂર્ણ અને સંક્ષિપ્તમાં વાત કરી છે. માનનીય રાજ્યપાલશ્રીએ સંબોધનમાં શિક્ષણ ક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે, ખેડૂત કલ્યાણ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ એમ દરેક ક્ષેત્રે ગુજરાત સરકારે કરેલ કામો અને તેમાં મળેલ સફળતાની ખૂબ ઝીણવટપૂર્વક ઝાંખી કરાવી છે. આપણા ગુજરાતીમાં કહેવત છે કે 'જેવું અન્ન એવો ઓડકાર' પણ આપણે બધાં જ જાણીએ છીએ કે અત્યારે આપણું અન્ન રાસાયણિક ખાતર અને રાસાયણિક દવાઓથી પેદા થાય છે ત્યારે આપણો ઓડકાર એટલે કે આપણું સ્વાસ્થ્ય કેવું હશે તેની રાજ્યપાલશ્રીએ ચિંતા કરી છે. રાજ્યપાલશ્રીએ આ રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ બંધ કરી પ્રાકૃતિક ખેતીની દિશામાં ખેડૂતોને તાલીમ આપી. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ પ્રાકૃતિક ખેતીને અગ્રતા આપી હતી અને રાજ્ય સરકાર પણ એ દિશામાં પ્રયત્ન કરી ચૂકી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩.૨૬ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. દેશી ગાય નિભાવ ખર્ચ હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૧.૮૪ લાખ ખેડૂતોએ રૂ.૩૨૦ કરોડની સહાયનો લાભ લીધો છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે અને અમે ગાંધીનગરવાસીઓ ધન્યતા અનુભવીએ છીએ કે અમે આ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વસીએ છીએ. પાટનગર યોજના હેઠળ શહેરમાં અંદાજિત રૂ.૨૩૫ કરોડના ખર્ચે ૮૪૦ રહેણાંક આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે અને અડાલજ ઓવરબ્રિજ પર ફ્લાયઓવરની વચ્ચેની જગ્યામાં અંદાજિત રૂ.૧૮ કરોડના ખર્ચે ગાર્ડન ડેવલપ કરેલ છે. આ સિવાય શહેરીજનોની સુખ-સુવિધા માટે આગામી સમયમાં રાજ્ય સરકારે ગાંધીનગર ખાતે વિવિધ કક્ષાના ૧૨૩૨ રહેણાંક આવાસો માટે અંદાજિત રૂ.૨૮૦ કરોડ ફાળવેલ છે જેનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર એ કર્મચારી નગરી છે. આ કર્મચારી નગરીમાં આશરે ૨૦૦૦થી વધારે આવાસો ઊભા કરવામાં આવ્યા છે. ગાંધીનગર સેક્ટર-૧૭ ખાતે ધારાસભ્યશ્રીઓના નવા ૨૧૬ નિવાસસ્થાન માટે અંદાજિત રૂ.૨૪૭ કરોડની રકમ ફાળવેલ છે. જેનું ગ્રાઉન્ડ લેવલનું કામ હાલ શરૂ કરી દેવામાં આવ્યું છે. પાટનગર યોજના હેઠળ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું નવીનીકરણનું કામ હાલ પ્રગતિમાં છે. જેના માટે અંદાજિત રૂ.૨૨૫ કરોડ ફાળવવામાં આવેલ છે. ગાંધીનગર એ પહેલું શહેર હશે કે જેમાં ૨૪ કલાક પાણી મળશે. એની પાછળ પણ રૂ.૨૨૫ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત રાજભવન ખાતેના કર્મચારી - અધિકારીશ્રીઓ માટે વિશેષ અદ્યતન સુવિધાયુક્ત રહેણાંક આવાસો બનાવવા માટે અંદાજે રૂ.૪૮ કરોડ અને અદ્યતન સુવિધાયુક્ત બૅન્કવેટ હૉલ તથા ગૅસ્ટ હાઉસ માટે રૂ.૨૯ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે. જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર ખાતે આવેલ જીવરાજ મહેતા ભવન ખાતે સરકારી કર્મચારીઓની અદ્યતન સુવિધા માટે રિ-ડેવલપમેન્ટ યોજના અંતર્ગત અંદાજિત રૂ.૧૦૦ કરોડના ખર્ચે બે નવીન બ્લૉક બાંધવાનું કામ શરૂ કરી દેવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૩-૨૪માં પણ આ પાટનગર યોજના માટે રૂ.૩૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મારી વાત પૂર્ણ કરતાં હું માનનીય રાજ્યપાલ દ્વારા જે સંબોધન કરવામાં આવેલ હતું તેમાં મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી મહેશભાઈ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ માળીએ જેને ટેકો આપ્યો છે તેને હું મારું અનુમોદન આપું છું. મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાની ઝલક રજૂ કરીને ભાજપની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી છે. મને કહેતાં વિશેષ આનંદ થાય કે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ૩૬મી નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગેમ્સનું આયોજન કરતાં લગભગ ત્રણથી ચાર વર્ષનો સમય થાય છે પરંતુ જ્યારે સાત વર્ષથી કોઈ પણ પ્રકારની નેશનલ ગેમ્સનું આયોજન ન થયું હોવા છતાં પણ ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં ગુજરાતમાં ૩૬મી નેશનલ ગેમ્સનું જે સુંદર આયોજન કરવામાં આવ્યું તે બદલ માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રમત-ગમત અને ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. સ્વાભાવિક છે કે જ્યારે રમત-ગમતની વાત આવતી હતી ત્યારે ગુજરાતની બહાર પંજાબ અને હરિયાણાની જ ખૂબ મોટા પ્રમાણમાં વાત થતી પરંતુ જ્યારે રાષ્ટ્રીય રમતમાં મેડલ લાવવાની વાત આવતી ત્યારે પણ પંજાબ અને હરિયાણાના ખેલાડીઓ ખૂબ મોટા પ્રમાણમાં મેડલ લઈને આવતા.

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ખેલ મહાકુંભની વિશેષ યોજના લાવીને ગુજરાતના ખેલાડીઓને પણ એક વિશેષ તક આપવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યાર બાદ ગુજરાતના ખેલાડીઓએ કોમનવેલ્થ ગેમ્સ કે એશિયન ગેમ્સમાં માત્ર ગુજરાતનું જ નહિ પરંતુ સમગ્ર દેશનું નામ રોશન કરવાનો પ્રયાસ કર્યો હતો. મને બરાબર યાદ છે કે જ્યારે ગુજરાતની વાત આવતી ત્યારે ગુજરાતને માત્ર વ્યાપાર સાથે જોડવાનો પ્રયાસ થતો હતો પરંતુ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં ટેબલ ટેનિસમાં સુરતના અમિત દેસાઇએ ગોલ્ડ મેડલ, વડનગરના વતની ભાવિકા પટેલે પેરા ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ, મારા વિરમગામના વતની સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ અને વડોદરાની યસ્તિકા ભાટિયા અને રાધા યાદવે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાતને રમત-ગમત ક્ષેત્રે ખૂબ મજબૂત અને સક્ષમ રીતે જોવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં પણ રાજ્ય સરકારે ખાસ કરીને યુવાનોને રમત-ગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવવાનો મોકો મળે તે હેતુથી રમત-ગમત અને યુવા શક્તિને વધુ મજબૂત કરવા માટે રૂ. ૫૬૮ કરોડની જોગવાઈ કરી છે. આ બજેટની વિશેષ જોગવાઈઓમાં રમત-ગમત ક્ષેત્રે ગુજરાતનો યુવાન પોતાની શક્તિને વિશ્વ ફલક સુધી પહોંચાડી શકે તે માટે રાજ્ય સરકાર અને રમત-ગમત મંત્રાલયે દરેક જિલ્લાના એક તાલુકામાં સારામાં સારું સ્પોર્ટ કોમ્પ્લેક્ષ બનાવવાની જોગવાઈ કરી છે. સ્વાભાવિક છે કે ગામડાના યુવા ખેલાડીને તમામ ક્ષેત્રમાં વિશેષ તક મળે તે હેતુથી રમત-ગમત ક્ષેત્રે પોતાની કરતબ દેખાડવા માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં માળખાકીય સુવિધાઓ વધુ સારી રીતે ઊભી કરવા માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ડેસર ખાતે ૪૨૫ની બેઠક વ્યવસ્થાવાળા ઓડિટોરિયમ હૉલ સહિત વહીવટી ભવનનું બાંધકામ, ૨૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળું બોયઝ હોસ્ટેલનું બાંધકામ, ૨૫૦ વિદ્યાર્થીનીઓની ક્ષમતાવાળી ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ, એથલેટિક ટ્રેક, વિવિધ રમતોના પ્રેક્ટિસ મેદાનોનું નિર્માણ, મલ્ટીપરપઝ ઈન્ડોર હૉલ, આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ અતિ આધુનિક સ્વિમિંગ પૂલનું બાંધકામ એમ કુલ રૂ.૯૫ કરોડના કામ પૂર્ણ થયેલ છે. તા.૨૯/૦૯/૨૦૨૨ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડેસર ખાતે આવેલી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સંકુલનું ઈ-લોકાર્પણ કરવામાં આવેલું છે. ગુજરાતનો ખેલાડી પોતાની ક્ષમતાને આધારે સફળ થાય પછી પોતાના જીવનમાં કંઇક કરી છૂટવાની ભાવના રાખતો હોય છે અને આ હેતુ સાથે રાજ્યના રમત-ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રેશન કરે તે હેતુથી વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અમલમાં મૂકવામાં આવેલી. શક્તિદૂત યોજનામાં ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત કુલ ૬૪ ખેલાડીઓને લાભ આપવામાં આવે છે. બી.સી.સી.આઈ. કે અન્ય ક્રિકેટમાં ખેલાડીઓને મોટા પ્રમાણમાં રકમ આપવામાં આવે છે તેવી જ રીતે આપણા ગુજરાતમાં ઓલિમ્પિકના સંભવિત ખેલાડીઓની કેટેગરીમાં વાર્ષિક મહત્તમ રૂ.૨૫ લાખ આપવામાં આવે છે. છેલ્લે મારે એટલું કહેવું છે કે ગુજરાતમાં જ્યારે ખેલાડી ગોલ્ડ મેડલ કે અન્ય કોઈ મેડલ લઈને આવે તે પછી તેવી વાત કરવામાં આવતી હતી કે મેડલ મેળવ્યા પછી ખેલાડીનું શું? તો ડાંગ જિલ્લાના ખરાડી-આંબા ગામની એક આદિવાસી બહેન સરિતા ગાયકવાડે વર્ષ ૨૦૧૮માં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યા બાદ રાજ્ય સરકારે પોલીસ વિભાગમાં ડી.વાય.એસ.પી. તરીકે સીધી નિમણૂક કરેલી છે. આ કિસ્સો ગુજરાતની તમામ યુવાપેઢી માટે પ્રેરણાદાયી છે.

શ્રી અમિત ઠાકર**(**વેજલપુર): માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી મહેશભાઇ કસવાલા અને શ્રી પ્રવિણભાઇ માળી મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર જે આભાર-પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. આજે અમે ૧૫૬ સભ્યશ્રીઓ ગૃહમાં એક ઊર્જા સાથે બેઠા છીએ તો આ ઊર્જાના વિષય ઉપર મારી વાત મૂકવા માગું છું. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના વ્યક્તિત્વની મહાનતા, શ્રી અમિતભાઇ શાહ સાહેબના અડગ આયોજન અને શ્રી ભૂપેન્દ્રભાઇના ભરોસાદાર નેતૃત્વના કારણે આજે અમે બધા જ ગુજરાતની ચિંતા કરવા માટે અહીં વિવિધ વિષય ઉપર ચર્ચા કરી રહ્યા છીએ. જ્યારે કૉંગ્રેસના મિત્રો અહીંથી ગૃહત્યાગ કરી ગયા છે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી શાસનમાં આવ્યા એ પહેલાંનું જે ગુજરાત હતું એ ગુજરાતને યાદ કરું તો, આખો દેશ અંધારામાં હતો.

**'' ઉજાલેને સિર્ફ હસી દેખી હૈ, અંધેરે કો પતા હે આસું કી કિંમત ક્યા હૈ ''**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની સાડા છ કરોડની જનતા આસુંની કિંમત ભૂલી નથી. એના કારણે 'સત્તામાં સત્તર' સુધી એ લોકો પહોંચી ગયા છે અને છતાં પણ પ્રજાના પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે ગૃહત્યાગ કરી ગયા છે. ૫૦ વર્ષના શાસનકાળ દરમિયાન માત્ર ૬૩૦૦ મેગાવૉટ વીજળીનું ઉત્પાદન કર્યું, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના શાસનકાળના ૨૦ વર્ષમાં ૩૧ હજાર મેગાવૉટ વીજળીનું ઉત્પાદન થયું છે. કૉંગ્રેસના શાસનમાં માત્ર છ લાખ ખેડૂતોને જ વીજજોડાણ આપી શક્યા હતા અને વીજ ફિડરમાં ૭ ટકાનું નુકસાન થયું હતું, રૂ.૧ કરોડની વીજચોરી થઇ હતી. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના આવ્યાના એક વર્ષની અંદર બે લાખ રેડ પાડીને પોપ્યુલર પોલિટિક્સની ચિંતા કર્યા વગર ગુજરાતના રૂ. ૨૩૦ કરોડ અને વર્ષ ૨૦૦૫ સુધીમાં રૂ. ૮૭૦ કરોડ બચાવ્યા હતા. વિશ્વમાં જ્યારે આબોહવા પરિવર્તનની વાત ચાલે છે ત્યારે પણ આ ''ચેમ્પિયન ઓફ ધ અર્થ '' એ માત્ર આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જ છે. જે રીતે અત્યારે એનર્જી બાસ્કેટની વાત કરવામાં આવે છે તો ઊર્જાની અંદર ગુજરાતનો ૩૦ ટકા હિસ્સો છે એનું ગુજરાતી તરીકે મને ગૌરવ છે. આજે સમગ્ર દેશમાં ગુજરાત વર્ષ ૨૦૦૯થી એનર્જી સરપ્લસ રાજ્ય બન્યું છે ત્યારે પહેલાં લોકો પાસે જમવા માટે, ભણવા માટે, વેપાર

માટે, ખેતી માટે વીજળી નહોતી. વર્ષ ૨૦૧૯-૨૦માં એક જ વર્ષમાં ૩૧૯ મેગાવૉટ સૌર ઊર્જાથી દેશ આગળ વધી રહ્યો છે અને હવે વિશ્વ ગ્રીન એનર્જી તરફ આગળ વધી રહ્યું છે, ગ્રીન હાઇડ્રોજનની વાત ચાલે છે ત્યારે ૫ એમ.એમ.ટી.નો જે ટાર્ગેટ આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ વિશ્વ સમક્ષ મૂક્યો હતો એ વર્ષ ૨૦૩૦ પહેલાં ૧૦ એમ.એમ.ટી. સુધી પહોંચાડવાના છે ત્યારે ગુજરાત એમાં સહેજ પણ પાછળ નથી.

શ્રી બાબુસિંહ સા. જાદવ(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત સાહેબે, ગૃહને સંબોધન કરવા બદલ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમજ શ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેને હું મારુ અનુમોદન આપું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આરંભેલી વિકાસયાત્રાને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ સતત આગળ વધારી રહ્યા છે. વિકાસની નવી ઉંચાઇઓ સર કરી રહ્યા છે. તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારના બધા જ મંત્રીશ્રીઓનો આભાર માનું છું. હમણાં જ ગૃહ છોડીને ગયેલા લોકોએ એમના આગળના ૩૦ વર્ષ સુધીમાં કામો ન કર્યા અને આ સિદ્ધિ એમનાથી સહન થતી નથી એટલે તેઓ ગૃહ છોડીને ગયા છે. સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ ગુજરાત અત્યંત સમૃદ્ધ રાજય છે. દેશ અને દુનિયામાં તેની નામના છે. આજે મારે એવા વિભાગની વાત કરવી છે જે કદની દ્રષ્ટિએ ખૂબ નાનો છે પરંતુ રોજગારની દ્રષ્ટિએ અને આપણા સમૃદ્ધ વારસાના સંરક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો વિભાગ છે. આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલ આત્મનિર્ભર ગુજરાતી, આત્મનિર્ભર ભારતનો મંત્ર વિભાગ દ્વારા સાકાર થઇ રહ્યો છે. ગુજરાતને હાથશાળ, હસ્તકલાઓ, ભરતકામ, મોતીકામ, કાંસ્યકલા, પથ્થરકલા, ઝવેરાત, છાપકામવાળા અને વણેલા વસ્ત્રો, આદિવાસી કલા, કલમકારીના જટિલ કલા સ્વરૂપો, માટીકામ અને માટીની બનેલી અન્ય ચીજવસ્તુઓની કલા વિગેરે આપણા રાજયના સાંસ્કૃતિક વારસો ધરાવતી સમૃદ્ધ પરંપરાઓની ભેટ સ્વરૂપે મળેલ છે. ગુજરાતની પરંપરાગત હસ્તકલા અને વણાટકામ એની વિવિધ અજોડ પેટર્ન અને સૌંદર્યલક્ષી કલાના કારણે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કુટિર ઉદ્યોગ એ એવો વિભાગ છે કે જે ગ્રામ્યના અંતરિયાળ વિસ્તાર અને સરહદી વિસ્તારોમાં રોજગારીનું નિર્માણ કરવા સક્ષમ છે. ગુજરાતની હસ્તકળા જગવિખ્યાત છે. પાટણના પટોડા હોય કે જેતપુર જામનગરની બાંધણી હોય, આપણું વાવલી પેન્ટિંગ હોય કે પછી પિઠોલા પેન્ટિંગ હોય, કચ્છનું ભરતકામ હોય કે સૌરાષ્ટ્રનું મોતીકામ હોય વિગેરે આખી દુનિયામાં પ્રસિદ્ધ છે. જે વાત પર ગુજરાત ગૌરવ લઇ શકે એવા ક્ષેત્રોને આજથી ૩૦ વર્ષ પહેલા સાઇડલાઇન કરી દેવામાં આવ્યા હતા. એ પ્રવાસન હોય, પૂરાતત્ત્વ હોય, સાંસ્કૃતિક ક્ષેત્ર હોય કે આપણો કુટિર ઉદ્યોગ હોય તમામને સાઇડલાઇન કરી દેવામાં આવ્યા હતા. આ તો ગુજરાત રાજ્યનું સદભાગ્ય છે કે માનનીય નરેન્દ્રભાઇ મોદી જેવા મુખ્યમંત્રી મળ્યા અને તેમને ગુજરાતના સર્વાંગી વિકાસ માટેની વિકાસયાત્રાનો આરંભ કર્યો. માનનીય નરેન્દ્રભાઇએ આવા દબાઇ ગયેલા અને સાઇડલાઇન થઇ ગયેલા ક્ષેત્રોને અત્યંત મહત્ત્વ આપ્યું. વિકાસની યાત્રામાં કોઇપણ ક્ષેત્ર બાકી ન રહી જાય તેની તેમને ખાસ કાળજી રાખી. પરિણામ સ્વરૂપે આપણા નાના કારીગરો અને હસ્તકલાના કારીગરોને નવજીવન મળ્યું. ગુજરાતનો કુટિર ઉદ્યોગ, ગ્રામ ઉદ્યોગના વૃદ્ધિના વિકાસ માટે પ્રોત્સાહન આપવા તથા આ ક્ષેત્રમાં કામ કરતાં લોકોના સામાજિક, આર્થિક ઉત્થાન ઉપર ભાર મૂકી પૂરક રોજગારીની તકો ઊભી કરવા આ સરકાર કાર્યરત છે. કુટિર ઉદ્યોગના કારીગરોની જીવનની ગુણવત્તામાં સુધારો થાય તેમજ પરંપરાગત કલા જીવનની વારસા તરીકે જાળવણી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ સતત પ્રયાસ કરી રહ્યા છે. આ સરકારે કુટિર ઉદ્યોગ અને ગ્રામઉદ્યોગ ક્ષેત્રમાં યોગ્ય અને સાનુકૂળ વાતાવરણ પૂરુ પાડ્યું છે જેના લીધે પૂરક રોજગારીમાં વધારો થયો છે. સરકારે કુટિર ઉદ્યોગના વિકાસ માટે પાયાના પ્રશ્નો ઉપર પણ ધ્યાન આપ્યું છે. હીરા, માર્કેટિંગ, આંતર માળખાકીય સુવિધાઓ અને કૌશલ્ય વિકાસ, ટેકનોલોજી અપગ્રેડેશન સંશોધનો માટે સહાયરૂપ થવાનો સરકારનો અભિગમ છે. ગુજરાતના ખાદી, હાથશાળ, હસ્તકલા અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવા માટે પણ અમે કટિબદ્ધ છીએ. તેના પરિણામ સ્વરૂપે આપણી ગરવી ગુર્જરી બ્રાન્ડ સમગ્ર દેશ અને દુનિયામાં જાણીતી થઇ છે. આપણા કચ્છના કલા કારીગરો કચ્છના સર્વે ગામડાઓમાં બેઠે બેઠે તેમની વસ્તુઓ ઓનલાઇન પોર્ટલના માધ્યમથી યુરોપ, સિડની અને ટૉરેન્ટોમાં વહેંચે છે. વિકાસની આનાથી વધારે બીજી સારી મિશાલ કંઇ હોઇ શકે? અને આપણો જીવંત દાખલો પાબીબેન રબારી જેનું ભરતકામ સમગ્ર દુનિયામાં વખણાય છે. હું આ આભાર પ્રસ્તાવને મારુ અનુમોદન આપું છું. આભાર.

શ્રી અમિત શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના ઉદ્દબોધન પર મારા મિત્ર શ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે, તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતના બજેટમાં રૂ.૪૪ હજાર કરોડ જેટલી માતબર રકમ એ શિક્ષણ માટે ફાળવી છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે રાજય શિક્ષણમાં ખૂબ અગ્રેસર થઇ રહ્યું છે. ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, મેરિટાઇમ યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓ નવીન વિચારધારાનું પ્રતિબિંબ છે. હું આ સદનને માહિતી આપવા માગું છું કે ૨૦૦૧માં ગુજરાતમાં એન્જિનિયરિંગ કોલેજો ૨૬ હતી. અત્યારે ૨૦૨૨માં ગુજરાતમાં એન્જિનિયરિંગ કોલેજો ૧૩૩ છે. ૨૦૦૧માં મેડિકલ કોલેજો ૯ હતી અને તેની ૧૩૭૫ સીટો હતી. તેની સામે આજે રાજયના તમામ જિલ્લા અને મહાનગરોમાં કુલ ૩૦થી વધારે મેડિકલ કોલેજો અને મેડિકલ સીટો ૫૭૦૦થી વધારે થઇ છે. એક

સમયે ગુજરાતમાં ૨૧ યુનિવર્સિટીઓ હતી. આજે ૨૦૨૨માં ૧૦૩ જેટલી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં છે. કુલ ૭૭૫ કોલેજો હતી, તેની સામે આજે ૩૧૧૭ કોલેજો છે. ૩૧ પોલિટેકનિક કોલેજો હતી, તેની સામે અત્યારે ૧૪૪ જેટલી પોલિટેકનિક કોલેજો છે. પ્રોફેશનલ કોલેજો ૧૦૮ હતા એની સામે ૫૦૩ પ્રોફેશનલ સ્ટડીના કોર્સ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે છેલ્લાં ૨૦ વર્ષમાં રાજયમાં ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં ૧૦૯ સંસ્થાઓ હતી એમાં ૫૬ હજારથી વધારે બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. ખાલી ડિગ્રી ફાર્મસીની ૬૨ સંસ્થાઓમાં પણ ૫૪૬૬ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. આવી રીતે અનેક ક્ષેત્રોમાં ભારતીય જનતા પાર્ટી શાસનમાં આવ્યા બાદ સીટોમાં ખૂબ મોટી સંખ્યામાં વધારો થયેલો છે. એક જમાનામાં ગુજરાતના વિદ્યાર્થીઓ જયારે એનું ધોરણ ૧૦ કે ૧૨નું રિઝલ્ટ આવે તો પૂછીએ કે કયાં જાય છે તો કહે કે કર્ણાટક ભણવા જવું છે કે મહારાષ્ટ્રમાં ભણવા જવું છે. આના બદલે આજે એકપણ વિદ્યાર્થી ગુજરાતની બહાર ભણવા જતો નથી. આ ગૌરવ લેવા જેવી બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણની વાત કરું તો ટીચર્સ ટ્રેનિંગ અને ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે ૪૦૧ કરોડ જેવી માતબર રકમ આદરણીય મંત્રીશ્રીએ ફાળવી છે. ટેકનિકલ સંસ્થાઓમાં ચાલુ સંસ્થાઓમાં જે ચાલુ સંસ્થાઓ છે તેના બાંધકામ અને મરામત માટે ૧૬૯ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. નવી શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ કરવા માટે ૧૫૦ કરોડની સહાયની જોગવાઇ કરી છે. યુવાનોમાં સ્ટાર્ટ અપની જોગવાઇ થાય અને માઇન્ડ ટુ માર્કેટ પંહોચવાના જે હબ બનાવવાના છે. પ્રોટોટાઇપ ડેવલપીંગ માટે ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુદી જુદી યુનિવર્સિટીઓ માટે માળખાકીય સુવિધાના સુદ્રઢીકરણ માટે ૬૪ કરોડ જેટલી જંગી રકમ ફાળવવામાં આવી છે. ઇમેર્જીંગ ટેકનોલોજી ક્ષેત્ર માટે ૪૦ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. ટેકનોલોજી માટે ૫ કરોડ રૂપિયા જેવી જોગવાઇ કરવામાં આવી છે. એટલે જયારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કુદકે ને ભુસકે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગળ જઇ રહ્યાં છીએ ત્યારે આ પ્રસ્તાવ જે મૂકવામાં આવ્યો છે તેને હું સમર્થન આપું છું. વંદે માતરમ્

ડો. પાયલ મ. કુકરાની**(**નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મંત્રીગણ, સન્માનનીય સભાગણ, મહામહિમ રાજયપાલશ્રીએ વિધાનસભા ગૃહમાં આપેલ સંબોધન બદલ સભ્યશ્રી મહેશ કસવાલાજીએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને જેને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેના અનુસંધાનમાં મને બોલવાની જે તક આપી છે એ બદલ હું આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ડોકટર તરીકે મારું એવું માનવું છે કે અત્યારના વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં આરોગ્ય ક્ષેત્રે જે ફાળવણી કરવામાં આવી છે તેનાથી મેડિકલ ક્ષેત્રનો વિકાસ એક નવી ઊંચાઇએ જશે. સ્વસ્થ ગુજરાતનું આપણું સ્વપ્ન સાકાર કરવા તરફ જઇ રહ્યા છીએ. સરકાર લોકોના આરોગ્ય માટે કેટલી ચિંતીત અને તત્પર છે એ આપણે કોવિડ વેક્સિનેશન ડ્રાઈવથી જોયું છે વિશ્વનું સૌથી મોટું અને ઝડપી રસીકરણ દેશમાં થયું અને એમાં ગુજરાત સો પ્રતિશત રસીકરણ સાથે અગ્રેસર થયું છે. આજે ગરીબમાં ગરીબ માણસને પણ આશ્વાસન છે કે આવતીકાલે જો કંઈ પણ થાય કે કોઈ ઓપરેશન કરાવવું પડે તો એનું બર્ડન મારા પરિવાર પર નહીં પડે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ યોજનાએ આ આશ્વાસન પૂરું પાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ ગુજરાતના પછાતમાં પછાત તાલુકામાં પણ ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ છે. એક સમય એવો પણ હતો કે દર્દીને ડાયાલિસિસ માટે દર બે દિવસે સો-સો કિલોમીટર દૂર જવું પડતું હતું. ડાયાલીસીસ માટે થઈને પૂરા પરિવારને માઇગ્રેટ કરવું પડે, નવો વ્યવસાય શોધવો પડે એવી પણ જરૂરિયાત ઊભી થતી હતી. એ પરિવારોને આ ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામથી કેટલી રાહત થઇ હશે એ વિચારો. આ અમારા માટે ગર્વની વાત છે કે ગુજરાત રાજ્યની સરકારી હોસ્પિટલો ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં પૂરા દેશમાં હાલ પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં વર્ષ ૧૯૯૮થી શરૂ થયેલ શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૪ થી પૂરા દેશમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ તરીકે ચાલુ છે. એક્સ્ટ્રિમ્સ ઓફ પેરીફરી જઈએ અને પૂછીએ તો પણ દરેક ગામમાં બેથી ત્રણ બાળકો મળશે કે જેમની મોટી મોટી બીમારીઓ નાનપણમાં જ શાળા આરોગ્ય કાર્યક્રમને લીધે ઓળખાઇ અને સારવાર પણ થઈ. એ પણ વિના મૂલ્યે. ગુજરાત બદલતા સમય સાથે ટેકનોલોજી સ્વીકારવામાં પણ અગ્રેસર રહ્યું છે. આપણી જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલો તરફથી વિના મૂલ્યે ટેલી મેડીસીન અને ઈ સંજીવની ઓ.પી.ડી. કાર્યરત છે. જેમાં દસ લાખ જેટલા કન્સલ્ટેશન થઈ ચૂક્યા છે. આ સુવિધા હજુ એના પ્રારંભિક તબક્કામાં છે, એ આગળ જતાં ઘણી ઉપયોગી થવાની શક્યતા છે. નાની તકલીફો માટે સરકારી હોસ્પિટલોમાં થતી લાંબી લાઈનો બંધ થશે અને એના કારણે સરકારી હોસ્પિટલો નું તંત્ર સારી રીતે કાર્ય કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ યંગ લોકોમાં સર્ડન કાર્ડીયાક ડેથનું પ્રમાણ વધી રહ્યું છે. ગત થોડા દિવસોમાં આપણે સાંભળીએ છીએ કે ક્રિકેટ રમતા કે ડાન્સ કરતા લોકોનું મૃત્યુ થઈ રહ્યું છે. આ બનાવોને ધ્યાનમાં લઈને આપણી સરકારનું આરોગ્ય વિભાગ, ઇન્ડિયન સોસાયટી ઓફ એનેસ્થેસીયોલોજીસ અને ભારતીય જનતા પાર્ટી ડોક્ટર સેલના સંયુક્ત ઉપક્રમે સી.પી.આર. ટ્રેનિંગનો રાજ્ય વ્યાપી અવેરનેસ પ્રોગ્રામ ચાલુ કરવા જઈ રહ્યા છીએ. માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને માનનીય પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલજીના કુશળ અને અનુભવી માર્ગદર્શન હેઠળ આ અવેરનેસ પ્રોગ્રામ ચાલુ થવા જઈ રહ્યો છે. આમ વ્યક્તિ જો સી.પી.આર. પ્રત્યે જાગૃત થશે તો આપણે ઘણા વ્યક્તિઓનો જીવ બચાવી શકીશું.

તા. ૧લી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પરષોત્તમભાઇ પરમાર દસાડા.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિર એવા સન્માનનીય આ ગૃહમાં માનનીય મહામહિમ રાજ્યપાલશ્રી એ જે સંબોધન કર્યું તેના પરનો આભાર પ્રસ્તાવ માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા મારફતે રજૂ થયો છે અને માનનીય ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી મારફતે જેને અનુમોદન મળ્યું છે તેના સમર્થનમાં સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકાર વિભાગની કામગીરી પર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરેન્દ્રનગર જિલ્લાના ૬૦-દડાસા વિધાનસભામાંથી પ્રતિનિધિત્વ કરું છું. આ સુરેન્દ્રનગર જિલ્લો જે જિલ્લાના આંબેડકર ચોકમાં રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન વિશ્વ નેતા એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડો. બાબાસાહેબ આંબેડકર રચિત બંધારણ ગ્રંથને હાથીની અંબાડી પર મૂકી તેની પૂજા અર્ચના કરી એ મુજબ સરકાર ચાલશે એ પ્રકારના શપથ લઇ સરઘસ સ્વરૂપે ચાર કિલોમીટર પગપાળા ચાલીને આ સુરેન્દ્રનગર જિલ્લાને ગૌરવ અપાવ્યું છે ત્યાંથી હું પ્રતિનિધિત્વ કરું છું.

મારી વાતની શરૂઆત ધમબંધુ પાગલ બાબાની પંકિતથી ડો.બાબાસાહેબ આંબેડકરને યાદ કરું છું.

''અગર ભીમ દલિતોમાં પેદા ન હોતા તો દલિતો કા ગુજારા ન હોતા.

યુહી ડૂબ જાતી દલિતો કી નૈયા અગર ભીમ નૈયાના સહારા ન હોતા.''

માનનીય અધ્યક્ષશ્રી, આજે આનંદ એ વાતનો છે કે પ્રચંડ જનસમર્થન ધરાવતા પ્રગતિશીલ અને ગતિશીલ ગુજરાતના મ્રુદુ ભાષી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી કે જેઓનો સરળ સ્વભાવ એવા શ્રીમતી ભાનુબેન બાબરીઆના વડપણ નીચે અમારી પાર્ટીના સંસ્થાપક એવા પંડિત દીનદયાળજીના એકાત્મ માનવવાદના સિદ્ધાંત અનુસાર અંતિમ પંકિતના વ્યકિતના વિકાસ માટેની સંવેદના સાથે આ અમારી સરકાર કામ કરી રહી છે.

મને કવિ મહેશ યાજ્ઞિકની પંકિતઓ યાદ આવે છે.

''આમ કયાં પિડા બીજાની કોઇને સમજાય છે, હોય લાગણી તો જ વેદના સમજાય છે.''

અમારું લક્ષ એ કોઇ વોટબેંકની રાજનીતિ નથી પરંતુ માનવ માત્રનું કલ્યાણ એ અમારું લક્ષ રહ્યું છે. સૌનો સાથ સૌનો વિકાસ,સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ તેમજ ચલો જલાયે દીપ વહા જહાં અભી ભી અંધેરા હૈ એ પંકિતને સાકર કરવા માટે અમારી સરકાર કામ કરી છે. ભારતના બંધારણના ઘડવૈયા ભારત રત્ન સિમ્બોલ ઓફ નોલેજ ડો. બાબાસાહેબ આંબેડકર બંધારણમાં જે જોગવાઇઓ કરી છે. છેવાડામાં રહેલી વ્યકિત ગરીબ, શોષિત, પીડિત,અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો મૂળ પ્રવાહમાં આવી શકે એ માટેની એમણે બંધારણમાં વાત મૂકી છે. ત્યારે અમારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફતે દરિદ્ર નારાયણની સેવા એની ઉન્નતિ તેના વિકાસ, શૈક્ષણિક સામાજિક આર્થિક અનેક યોજનાઓ બનાવીને દરેક ક્ષેત્રમાં સંવેદના સાથેની બજેટમાં ફાળવણી આ સરકારે કરી છે ત્યારે એને હું લાખ લાખ અભિનંદન આપું છું. ડો. બાબાસાહેબ આંબેડકરને વિદેશ અભ્યાસ માટે જવા માટે વડોદરાના સયાજીરાવ ગાયકવાડે તેમને લોન સહાય શિષ્યવૃત્તિ આપી હતી એ બાબતને લક્ષમાં લઇને અમારી સરકારે વિદેશ અભ્યાસ માટે લોન ૪ ટકાના વ્યાજના દરે સન ૧૯૯૮-૯૯માં ચાલુ કરી છે અને આવા ગરીબ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રૂ.૧૫ લાખ સુધીની લોન સહાય આપવામાં આવે છે. છેલ્લાં દસ વર્ષમાં રૂપિયા ૨૩૯.૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૧૬૬૩ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોનનો લાભ આપવામાં આ સરકાર સફળ રહી છે ત્યારે હું આ સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભામાં પહેલીવાર મને વિચાર વ્યકત કરવાની તક આપવામાં આવી છે એના માટે હું અંતઃકરણપૂર્વક આપનો આભાર માનું છું. માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા લાવ્યા છે અને જેને માનનીય પ્રવિણભાઇ માળીએ સમર્થન આપ્યું છે એને હું અનુમોદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ ઉપર મારા વિચારો વ્યકત કરું છું. સન ૨૦૦૧ની સાલમાં ગુજરાતનો જીડીપી ૧ લાખ ૫ હજાર કરોડ રૂપિયા હતો. ગુજરાતમાં શાસનની ધૂરા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંભાળી પછી એ સમયે ગુજરાતમાં ભૂકંપ આવ્યો. ૨૦૦૨માં કોમી રમખાણો થયા એટલે ગુજરાતની બ્રાન્ડ પોઝિશનિંગ માટે વિશ્વમાં એક પ્રશ્નાર્થ હતો ત્યારે મોદી સાહેબે વાયબ્રન્ટ ગુજરાત લોન્ચ કર્યું અને વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી ગુજરાતની શાખ વિશ્વમાં એસ્ટાબ્લીશ કરી. એ પછી આપણો જી.ડી.પી. સતત વધતો રહ્યો. કોઇ પણ શહેર કે રાજયનો વિકાસ હોય, દેશ કે દુનિયાનો વિકાસ હોય તેમાં ઉદ્યોગનો મહત્ત્વનો ફાળો હોય છે. ઉદ્યોગના વિકાસ માટે આ સરકારે સતત ચિંતા કરી છે. સર્વસ્પર્શી કામ કરવાવાળી સરકાર ઉદ્યોગો માટે એક પછી એક એવી પોલિસી લાવ્યા. ગુજરાતનો એ સમયનો ૧ લાખ ૫ હજાર કરોડનો જી.ડી.પી. આજે વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૨ લાખ કરોડ આસપાસ પહોંચ્યો છે એ સરકારની દીર્ઘદ્રષ્ટિને આધીન છે. એ સમયે મોરબી સિરામિક ઇન્ડસ્ટ્રીઝ પા પા પગલી ભરતી હતી. તેને ગેસ આપી અને આજે ૯૦ ટકા ઉત્પાદન મોરબી કરે છે અને ભારતને સિરામિકનો સપ્લાય કરે છે. ગુજરાતમાં ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝની કલ્પના થઇ શકતી નહોતી. ટાટા, સુઝૂકી આ બધી વૈશ્વિક કંપનીને લાવીને ગુજરાત ઓટોમોબાઇલ્સનું હબ બન્યું. ટુરિઝમ ક્ષેત્રે ગુજરાત ડ્રાય સ્ટેટ હોવાથી બીજાં લોકો આવતા નહોતા. ગુજરાતનું બ્રાન્ડીંગ કરી

અને ગુજરાતના ટુરિઝમને વેગ મળ્યો. તેના માધ્યમથી ગુજરાતનો જી.ડી.પી. વધ્યો. રાત દિવસ મહેનત કરીને ખેડૂત કપાસ પકવે. તેનું વેલ્યુએડિશન ન મળે. કોઇમ્બતુર જાય, રૂ બનીને ચીન એક્સપોર્ટ થઇ જાય. આદરણીય વડાપ્રધાનશ્રી તત્કાલિન મુખ્યમંત્રી હતા અને ૨૦૧૨માં ટેક્ષટાઇલ પોલિસી લાવ્યા. ફાર્મ ટુ ફેબ્રિકની પોલિસીના સફળ આયોજનના હિસાબે ગુજરાત પ્રોડક્ટ એક્સપોર્ટ કરતું થયું. તેના કારણે જી.ડી.પી. વધ્યો. વર્ષ ૨૦૧૪માં માનનીય વડાપ્રધાને દેશનું સુકાન સંભાળ્યું. એ સમયે દેશ અર્થસત્તામાં ૧૧મા ક્રમે હતો. સતત એવા કાર્યો કરીને એવી પોલિસી લાવ્યા. જી.એસ.ટી. હોય, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં બદલાવ હોય, ૩૬૦ ડિગ્રીએ કેટલા બધા બદલાવ કરીને આજે આપણે ગર્વથી કહી શકીએ કે ૧૧માંથી વિશ્વની ૫મી અર્થસત્તા ઉપર આપણે આવ્યા છીએ. ગઇકાલની સિદ્ધિઓ તો પુષ્કળ છે પણ દેશને ક્યાં લઇ જવો છે તેનું કોઇ સચોટ આયોજન આપ્યું હોય તો ૨૦૪૭માં ભારત વિશ્વની સોથી મોટી અર્થસત્તા બનવાનું છે એ લક્ષ્ય સાથે મોદી સાહેબ ચાલ્યા છે. મોદી સાહેબે ૨૦૨૪-૨૫માં પાંચ ટ્રિલિયનનું લક્ષ્યાંક આપેલ છે. ૨૦૩૨માં આપણે ૧૦ ટ્રિલિયને પહોંચવાના છીએ. ભારત પ્રગતિ કરશે પણ આત્મનિર્ભર ભારત માટે જો કોઇ સક્ષમ રાજ્ય હોય તો એ ગુજરાત છે. ઔદ્યોગિક વિકાસ માટે ગુજરાત દેશ અને દુનિયાનું રોલમોડલ બન્યું છે. આજે આપણાં જી.ડી.પી.માં ૪૫ ટકાથી વધુ ઉદ્યોગોનો ફાળો છે. ઉદ્યોગ સાહસિકતા એ ગુજરાતીના બ્લડમાં છે. આગામી દિવસોમાં એટલા બધા ક્લસ્ટર આ સરકાર વિચારી રહી છે ત્યારે આદરણીય નાણામંત્રી કનુભાઇ ૩ લાખ ૧ હજાર કરોડ રૂપિયાનું જે ઐતિહાસિક બજેટ લાવ્યા છે આ બજેટનું પ્રાવધાન સર્વસ્પર્શી વિકાસવાળું છે. ઉદ્યોગ માટે ૧૮ હજાર કરોડ રૂપિયાથી પણ વધુ રકમ ફાળવી છે. એટલે આ સરકારની દરેક ક્ષેત્રમાં કામ કરવાની નેમ છે ત્યારે રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવને હું સમર્થન આપું છું. આટલું કહીને મારી વાત પૂરી કરું છું.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫મી વિધાનસભાના સત્રમાં સૌ પ્રથમ વખત બોલવાનો અવસર મળ્યો છે ત્યારે હું આ અવસર પ્રદાન કરવા માટે આપશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં સૌ પ્રથમ વખત બોલી રહ્યો છું ત્યારે આ સભાગૃહના તમામ સદસ્યગણોનો હૃદયપૂર્વક આભાર માનું છું અને તમામ સદસ્યશ્રીઓને અભિનંદન પાઠવું છું. ગુજરાતના આદરણીય રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ રજૂ કર્યો છે જેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે એના સમર્થનમાં હું મારો પ્રસ્તાવ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને સર્વાંગી વિકાસના લીધે તમામ ઉદ્યોગોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ આજે ગુજરાતમાં પોતાના ઔદ્યોગિક એકમ સ્થાપવા માટે ગુજરાતની પસંદગી કરી રહ્યા છે તેમાં મીઠા ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે. સન્માનનીય ગૃહને જણાવું છું કે મીઠાનો ગુણધર્મ ખારો છે પરંતુ એના વગરનું બધું મોળું છે. જયાં સુધી કોઇપણ ખાદ્ય પદાર્થોમાં મીઠું ના ઉમેરાય ત્યાં સુધી એમાં મીઠાશ આવતી નથી. ગુજરાતના સોળસો કિલોમીટરના દરીયા કિનારામાં મીઠા ઉદ્યોગએ મહત્ત્વનો ઉદ્યોગ છે. તા.૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૩૦ના રોજ પરમપૂજ્ય મહાત્મા ગાંધીજીએ દાંડીયાત્રા દ્વારા અહિંસક અને સવિનય કાનૂની ભંગની ચળવળ ચાલુ કરી અને આપણને મીઠાનું મહત્ત્વ સમજાવે છે અને આજે મીઠા ઉદ્યોગ એક ઉદ્યોગ તરીકે સ્થાપિત થઇ રહ્યો છે. આજે વિશ્વમાં ભારતનું મીઠા ઉત્પાદનમાં ત્રીજું સ્થાન છે ત્યારે ભારતમાં પણ ગુજરાતના મીઠા ઉદ્યોગનો અંદાજીત ૮૨ ટકા જેટલો હિસ્સો ગુજરાતનો છે. ખૂબ જ ગૌરવની વાત છે કે ગુજરાતમાં ૧૬ જિલ્લાની અંદર મીઠાનું ઉત્પાદન થાય છે અને સોલ્ટ વર્કરોની સંખ્યા ૭૫૦ જેટલી છે. આ ઉદ્યોગની અંદર સંકળાયેલા કામદારોની સંખ્યા આશરે ૪૩હજાર જેટલી છે. મારા મોરબી જિલ્લાની અંદર અંદાજે ૮ લાખ ૫૦હજાર ટન મીઠાનું ઉત્પાદન થાય છે કે આ ઉદ્યોગો સાથે સંકળાયેલા મીઠાના એકમોની સંખ્યા ૧૦૦ જેટલી છે અને એની સાથે સંકળાયેલા કામદારોની સંખ્યા એક હજાર જેટલી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં નાનામાં નાના મીઠા પકવતા અગરીયાઓની પણ ચિંતા કરી છે. મીઠા ઉદ્યોગની સાથે સંકળાયેલા કામદારોનું જીવન ધોરણ સુધરે અને તેમના પરિવારોનું આર્થિક અને સામાજિક રીતે ઉત્થાન થાય તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે. ગુજરાત સરકાર દ્વારા મીઠા ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે સોલાર પંપ સબસિડી આપવાની એક યોજના ચાલે છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કક્ષા-૧નું ઓળખપત્ર મળે અને તે અગરિયાઓને યોજનાનો લાભ મળે તેવું કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત સોલાર પંપ સિસ્ટમની ખરીદી માટે લાભાર્થીઓને ૮૦ ટકા જેટલી સબસિડીની પણ સરકારમાં જોગવાઇ છે. રાજયની અંદર સોલાર પંપની યોજના તા.૨૪-૧૦-૨૦૦૦થી જાહેર થયેથી પૂર્ણ થયાની તારીખ સુધીમાં કુલ ૫૪૯૬ છે જેમાંથી ૩૯૧૫ કુટુંબોને રૂ.૯૪.૧૨ કરોડની સહાય આપવામાં આવી છે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પ્રથમ વખત હું ચૂંટાયો છું અને પ્રથમ વખત મને બોલવાની તક મળી છે તે બદલ નવસારી વિધાનસભાની જનતા વતી આપનો હું આભાર માનું છું. માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે આભાર પ્રસ્તાવ લાવ્યા એમને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ પર હું મારા વિચારો રજૂ કરવા માગું છું. ગુજરાતમાં યાત્રાધામોનો વિકાસ હોય, દરિયા કિનારાના બીચોનો વિકાસ હોય, મહાપુરુષોના સ્મારકોનો વિકાસ હોય, હીલ સ્ટેશનોનો વિકાસ હોય અને સાથે સાથે રોડ, રસ્તા, ઇન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ હોય આ સિક્કાની બે બાજુ જેવું છે. આ બધો વિકાસ હશે તો જ પ્રવાસીઓ,

સહેલાણીઓની સંખ્યામાં પણ વધારો થાય. જેટલા પ્રવાસીઓની સંખ્યા વધે એટલી જ રોજગારીની તકોનું પણ નિર્માણ થાય છે. સને ૨૦૦૨-૦૩ દરમિયાન પ્રવાસીઓની સખ્યા જે હતી એના કરતાં સને ૨૦૨૨ સુધીમાં આ સંખ્યા લગભગ ૨૦ ગણી વધી છે. આ ૨૦ ઘણી સંખ્યા ૨૦ વર્ષમાં વધી એ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે ઇચ્છાશક્તિ અને વિઝનના કોમ્બિનેશન સાથે ગુજરાતમાં કામો કર્યા છે. જગત જનની મા આદ્યશક્તિ મા અંબાના અંબાજી ધામના વિકાસની વાત હોય તો ત્યાં પણ જે કામો થયા છે એ કામોને લીધે છેલ્લા એક વર્ષમાં યાત્રાળુઓની સંખ્યામાં ૧૧ ગણો વધારો થયો છે. આ વધારો નાનોસૂનો નથી જ. એવી જ રીતે એમ કહું તો ચાલે કે ૨૫ વર્ષે એક પેઢી બદલાય એટલે લગભગ ૨૦થી ૨૫ પેઢીઓ આપણા ગુજરાતની એવુ ઝંખતી હતી કે મહાકાળી માતા એની યોગ્ય જગ્યાએ બિરાજે અને તે પણ ધજા સાથે બિરાજે. એ સ્વપ્ન પૂરું કરવાનું આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ બીડું ઝડપ્યું અને લગભગ રૂપિયા ૧૨૧ કરોડનો ખર્ચ કરીને એ કામોને યોગ્ય દિશામાં વાળીને એ કામો પણ પૂરા કરીને મહાકાળી માતાને યોગ્ય જગ્યાએ પુનઃ સ્થાપિત કરવાનું કામ કર્યું છે. આપણી સરકારના નેત્રદિપક કામ છે એ સાચું છે. શ્રી નરેન્દ્રભાઇનું પણ આ એક વિઝન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા નવસારી જિલ્લાની વાત કરવા માગું છું. મહાત્મા ગાંધીએ સાબરમતિથી દાંડીની જે યાત્રા, જે નમક સત્યાગ્રાહ કહેવાય છે. એ નમક સત્યાગ્રહની યાદગીરી રૂપે દાંડી ખાતે માનનીય શ્રી નરેન્દ્રભાઇની સીધી સૂચનાથી જે દાંડી સ્મારક બનાવવામાં આવ્યું એ દાંડી સ્મારકની અંદર મહાત્મા ગાંધીનું સ્ટેચ્યૂ તો યોગ્ય રીતે હોય, એમનું માન જળવાય એ રીતે હોય એ સ્વભાવિક પ્રક્રિયા છે. પણ મહાત્મા ગાંધીની સાથે જે ૭૮ સત્યાગ્રહીઓ હતા એ સત્યાગ્રહીઓના પણ યોગ્ય સ્ટેચ્યૂ મૂકાય એના માટે પણ માનનીય શ્રી નરેન્દ્રભાઇએ, મને યાદ છે એ વાતની, હું એનો સાક્ષી છું. માનનીય શ્રી નરેન્દ્રભાઇએ સીધી સૂચના નવસારી લોકસભાના સાંસદ અને અત્યારના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલજીને આપી કે ગાંધીજીનું સ્ટેચ્યૂ યોગ્ય હોવું જોઇએ પરંતુ એમની સાથે નીકળેલા ૭૮ સત્યાગ્રીહોના સ્ટેચ્યૂ પણ યોગ્ય હોય તો જ એમનું માન જળવાય. ગુજરાતનો વિકાસ એમને એમ નથી થયો. આ શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન છે કે નાનામાં નાના માણસની કાળજી તો રાખવી જ જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આ ગૃહને સંબોધન કરવા બદલ માનનીય મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય શ્રી પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનું મંદિર એવું આપણું આ ગૃહ અને લોકશાહીનો પાયો એ આપણો કાયદો. એ કાયદો ઘડનારા આપણા સૌ સન્માનનીય સભ્યશ્રીઓને હું વંદન કરું છું. આપણા દેશમાં કાયદો એક સમાન છે. વ્યક્તિ જન્મે ત્યારથી જ એને કાયદાકીય અધિકારો પ્રાપ્ત થતાં હોય છે. પરંતુ વર્ષ ૧૯૯૫ પહેલાની વાત કરીએ તો કાયદાની પરિસ્થિતિ, કાયદાની સમજણ કંઇક અલગ હતી. પહેલાની પરિસ્થિતિમાં કાયદો ખૂબ જ ખર્ચાળ હતો. કાયદો ખૂબ જ વિલંબ ભર્યો હતો. વર્ષો વર્ષ નીકળી જાય તો પણ લોકોને ન્યાય મળતો ન હતો. પહેલા ગુંડો રાજ હતું. કદાચ ગુંડો રાજ અસંસદીય શબ્દ હોય તો માફિયા રાજ લેજો, કદાચ એ પણ અસંસદીય હોય તો અસામાજિક તત્ત્વોનું રાજ લેજો અને કદાચ એ પણ અસંસદીય હોય તો ચોક્કસથી કોંગ્રેસ રાજ લઇ લેજો. એ લખાઇ જાય કે વર્ષ ૧૯૯૫ પહેલા કોંગ્રેસ રાજ હતું અને જેના કારણે લોકો ન્યાય નહોતા મેળવી શકતા. એક ડરનો માહોલ હતો જેના કારણે સૌને ડરીને રહેવું પડતું હતું. ક્યારે કઇ ગલીમાંથી કોઇ ગુંડો આવીને એને મારશે, બજારમાં તોફાનો થશે અને શહેરમાં કરફ્યું લાગશે એવો એક માહોલ વર્ષ ૧૯૯૫ પહેલા હતો. કાયદો એ જ હતો. આજે પણ કાયદો એ જ છે. પરંતુ કોંગ્રેસની કાયદો તોડવાની માનસિકતા અને કાયદાની ઉપરવટ જઇને પોતાની મનમાની કરીને પોતાનું માનીતું કરવાનું એ કોંગ્રેસની માનસિકતા રહી છે જે આજે પણ આપણે આ ગૃહમાં જોયું કે કોંગ્રેસના તમામ સભ્યોએ ગૃહના કાયદાની ઉપર જઇને પોતાની મનમાની કરવાનો પ્રયત્ન કર્યો અને છેલ્લે સૌ સન્માનનીય સદસ્યશ્રીઓ આ ગૃહ છોડીને ચાલ્યા ગયા છે. કાયદો એ જ છે પણ કાયદો લાગુ કરવાની અને કાયદાને સ્વતંત્રતા, ન્યાયતંત્રને સ્વતંત્રતા આપવાની પહેલ જો કોઇએ કરી હોય તો એ ચોક્કસથી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે જેનો ઉત્તમ દાખલો હમણાંજ આપણે જોયું છે કે સુરતમાં ૭ વર્ષની બાળકી ઉપર ગુનાહિત માનસિકતા ધરાવતી વ્યક્તિએ દુષ્કર્મ કર્યું અને એની હત્યા કરવામાં આવી અને આ વ્યક્તિને ન્યાયતંત્ર દ્વારા માત્ર ૭૮ દિવસમાં ફાંસીની સજા આપવામાં આવેલી છે. આ આજનું ન્યાયતંત્ર છે અને એનો આભાર માનીએ તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજી, કાયદા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલજી અને બાહોશ ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને જાય છે કે જૈના કારણે આજે આવા ગુનાહિત માનસિક્તા ધરાવતા વ્યક્તિઓને ટૂંકા દિવસોમાં સજા આપવામાં આવે છે. આજે આવા ગુનાહિત માનસિકતા ધરાવતા વ્યક્તિઓમાં કાયદાનો ડર છે અને નાગરિકો સુરક્ષા અનુભવે છે અને સ્વતંત્રતાની લાગણી છે જેના કારણે આજે સમગ્ર ગુજરાત એક સુરક્ષિત ગુજરાત અને સમૃદ્ધ ગુજરાત બની રહ્યું છે અને જેના કારણે ગુજરાતના લોકો કહી રહ્યાં છે આ ગુજરાત મેં બનાવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રી દ્વારા આ સભાગૃહને થયેલ સંબોધન બદલ આ ગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલા દ્વારા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને અનુમોદન

માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ આપ્યું છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં આ રાજયના વિકાસને વેગવંતો બનાવવા માટે મુખ્ય પાંચ સ્તંભની વાત કરી. તેમાં પ્રથમ સ્તંભ સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પાયાની સુવિધાઓ સાથે સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો છે. આ એ જ બતાવે છે કે રાજયમાં વસતી તમામ સમાજની જનતાને અને એ જનતાનું મહત્ત્વ આ રાજય સરકાર માટે કેટલું છે. આ સમાજો રાજયની વિકાસ યાત્રામાં સહભાગી થાય એવો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો છે. જયારથી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી સમગ્ર આદિવાસી વિસ્તારમાં રસ્તા, પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, સિંચાઇ ઉપરાંત બીજા અનેક ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ થઇ રહી છે. આ સિવાય જે ક્ષેત્રો અનટચેબલ છે એવા ક્ષેત્રોને પણ રાજયપાલ મહોદયના સંબોધનમાં આવરી લેવામાં આવ્યા છે. એ પૈકીનો મારો મુદ્દો એ છે કે આદિવાસી સમાજ સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે જોડાયેલો છે. ઘણો પ્રાચીન સમાજ છે. તેની રહેણીકરણી, તેની હસ્ત કલાકૃતિઓ ખૂબ અનેરી હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના મસીહા એવા આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ અમારા છોટાઉદેપુર જિલ્લાના શ્રી પરેશભાઇ રાઠવાને પીઠોરા પેઇન્ટીંગની કલામાં પદ્મશ્રી એવોર્ડ આપીને આદિવાસીઓની પ્રાચીન કલા સંસ્કૃતિને વિશ્વ સામે ઉજાગર કરી આદિવાસી સમાજનું સન્માન તેમજ ગૌરવ વધારેલ છે. આ પીઠોરા પેઇન્ટિંગની જે કલા છે એને વિશ્વમાં ઉજાગર કરી છે એવું કહું ત્યારે જી-૨૦ના સમારંભમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનને પીઠોરાની પેઇન્ટીંગની કલાકૃતિ આપી અને માનનીય વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે તે માટે પણ તેઓ અભિનંદનને પાત્ર છે. અમારી પાર્ટીની સરકાર અનેક વર્ષોના પ્રયત્નોના કારણે આદિવાસી રમતવીરોએ ફકત છોટાઉદેપુર જિલ્લામાં તિરંદાજીમાં ૩૪ ગોલ્ડમેડલ, ૨૪ સિલ્વર મેડલ અને ૩૫ બ્રોન્ઝ મેડલ મેળવેલા છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ વિધાનસભા ગૃહમાં સૌ પ્રથમ વખત બોલવાનો અવસર મળ્યો છે ત્યારે હું આ અવસર પ્રદાન કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યકત કરી આપનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. આ સભાગૃહની અંદર હું સૌ પ્રથમ વખત બોલી રહ્યો છું ત્યારે હું આ સન્માનનીય ગૃહના સૌ સભ્યશ્રીઓનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. માનનીય રાજ્યપાલશ્રીના ગૃહને સંબોધન બદલ લાવેલા આભાર પ્રસ્તાવ માટે હું મારા વિચારો રજૂ કરું છું. રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગની વાત કરવામાં આવે તો ભૂતકાળમાં જયારે એક શહેરથી બીજા શહેરને જોડતા માર્ગોની હાલત આપણે બધાએ જોઇ છે. ગામડેથી તાલુકા સેન્ટરે જવા માટે ગામને એક રસ્તો મળતો હતો. આજે જોઇએ તો ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક ગામને તાલુકા સેન્ટર સાથે જોડવા માટે એક થી વધારે પાકા રસ્તાઓ ઉપલબ્ધ કરાવ્યા છે. મારા વિસ્તારમાં ભૂતકાળના રસ્તાઓ વિશે વાત કરું તો ગામના ફળીયાથી દવાખાને જવા માટેના રસ્તા પણ અતિ બિસ્માર હાલતમાં હતા. ખખડધજ રસ્તા હોવાને કારણે લોકોને ખૂબ હાલકી વેઠવી પડતી હતી. આવા ઉબડ ખાબડ રસ્તાઓનો ઈતિહાસ ખૂબ જૂનો છે ત્યારે વર્તમાન સમયમાં ગામડેથી તાલુકા સેન્ટર માટે એકથી અનેક સારા રસ્તાઓ, પાકા રસ્તાઓ અત્યારે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ રસ્તાઓના કારણે ગામડામાં રહેતા યુવાનો અને લોકો આસાનીથી શહેરમાં જઇ શકે છે અને પોતાના ધંધા રોજગાર કરી અને શાંતિથી પાછા ગામડે આવી શહેરની સુખાકારી અને શહેરનો આનંદ ગામડામાં રહીને માણી શકે છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના રસ્તાઓની જે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે તે અત્યંત પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર હોઇ હું આ સરકારને અભિનંદન આપતાં અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના માર્ગો અને પુલોના નિર્માણ કરવામાં આવ્યા અને મરામત તેમજ તેનો નિભાવ ખર્ચ પણ કરવામાં આવે છે. રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વિવિધ શહેરો અને ગામડાઓને જોડતા રસ્તા પુલોની નિર્માણ કરી રાજ્યની સરકારે લોકોની સુખાકારીમાં વધારો કરી રહી છે. માર્ગ સલામતિ વધારી છે, લોકો માટે સગવડતા વધારી છે. રસ્તાના રીસર્ફેશીંગ, મજબૂતીકરણ અને ટ્રાફીકને ધ્યાને લઈ જરૂરિયાત અનુસાર પહોળાઇ વધારી ચારમાર્ગીય રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. પ્રવાસન ધામોને જોડતા રસ્તા બનાવવામાં આવ્યા છે. બાયપાસ નવીનીકરણ પુલોના બાંધકામો કરવામાં આવ્યા છે. જૂના પુલોનું મજબૂતીકરણ તેમજ અનેક પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. વિકાસપથ યોજના પૂર્ણ થયા બાદ તાલુકા મથકોની હદમાં વધારો થયેલ છે. આ વધારાની લંબાઇમાં પણ વિકાસપથની સુવિધા આપવા માટે સરકારશ્રી કાર્યરત છે. મારા મત વિસ્તારની વાત કરું તો માર્ગ અને મકાન વિભાગ હેઠળ કોસ્ટલ હાઇવેની કામગીરી અંતર્ગત સોસીયાથી મણાર, મણાર થી ભાડાપરા, ભાડાપરાથી પાદરી અને કળસરા જેવા રોડ ૧૬.૩૩ કિલોમિટરની લંબાઇ અને ૧૦ મિટર પહોળા કરવાની કામગીરી માટે રૂ.૨૭ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી છે. પાલીતાણા-ટીંબડી-રાજપરાની રીસર્ફેશિંગની તથા રોડ ફિનિશિંગની કામગીરી માટે ૬.૫૫ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે. મહુવા-ડાટા-પીથલપુર-ગોપનાથ રોડ પર બગડ નદી પર પુલનું ૫.૪૩ કરોડના ખર્ચે પ્રગતિ પર છે. આમ માનનીય રાજ્યપાલશ્રીના ઉદ્બોધન બદલ મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે અને પ્રવિણભાઇ માળીએ જેને અનુમોદન આપ્યું છે તેને હું અનુમોદન આપું છું.

## તા. ૧લી માર્ચ, ૨૦૨૩

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી**(**જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ વિધાનસભા સત્રમાં સૌ પ્રથમ વખત મને બોલવાનો અવસર મળ્યો છે ત્યારે આ અવસર પ્રદાન કરવા માટે આપશ્રી પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરી આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું તે બદલ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેને હું મારું સમર્થન આપું છું. ઉમાશંકર જોશીની પંક્તિ ટાંકીને કહું તો '' ત્રણ વાના મુજને દિયા હૈયુ, મસ્તક અને હાથ, જા ચોથું નથી માગવું બહુ દીધું નાથ.''

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાને આપણને આ ત્રણ વાના આપીને આપણા ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. ભગવાને આપણને હૈયુ, મસ્તક અને હાથ આપ્યા છે જેનો ઉપયોગ કરીને આપણે બીજા પ્રત્યે લાગણી અને પ્રેમ રાખવાના છે. આ બધી બુદ્ધિશક્તિ દ્વારા અન્યોને મદદ કરવા આપણા હાથ લંબાવવાના છે. આ ત્રણ વાનાનો ઉપયોગ પ્રજા કલ્યાણ માટે થાય તેનાથી રુડું બીજું શું હોઇ શકે? તે માટે આ સન્માનીય સભાગૃહ અને આપણા આ સભાગૃહના સૌ સન્માનીય સભ્યશ્રીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં ગુજરાતના શહેરીકરણ અને આપત્તિઓને અવસરમાં પરિવર્તિત કર્યું છે. ૪૮ ટકા શહેરીકરણ ધરાવતું ગુજરાત રાજય શહેરી સુખાકારીમાં દેશમાં અગ્રેસર છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકો રોજી રોટી, આવક માટે શહેરોમાં આવી રહ્યા છે ત્યારે ઝડપથી થતાં શહેરીકરણની સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને સાર્થક કરવા થકી જન સુવિધા અને લોકહિતના કાર્યો અવિરત ગતિએ થઇ રહ્યા છે ત્યારે રાજયના શહેરોમાં તમામ પ્રકારની શ્રેષ્ઠ આધુનિક સુવિધાઓ ઊભી કરવા આયોજન હાથ ધરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ થકી શહેરોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી સતત ચિંતા કરી રહ્યા છે. રાજયના વિકાસમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર બહુ મોટું યોગદાન હોય છે. ગુજરાતમાં દેશનું સર્વશ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે જેની સાથે સાથે શહેરોમાં માળખાકીય સુવિધાઓ પણ એટલી જ જરૂરી છે જે રાજય સરકાર શહેરીજનોને જરૂરિયાત પહેલા પૂરી પાડે છે. માનનીય વડાપ્રધાનશ્રીને યાદ કરું તો તેઓ કાયમ કહેતા આત્મા ગામડાનો અને સુવિધા શહેરોની તે પ્રમાણેનો આ સમન્વય સાધીને રાજય સરકાર શહેરોના વિકાસ માટે કાર્યરત છે તે અભિનંદનને પાત્ર છે. એવી જ રીતે અલગ અલગ યોજનાઓ કાર્યરત છે જેવી કે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, આ યોજના હાલ દેશના વડાપ્રધાન અને આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૦૯-૧૦માં કાર્યરત કરેલી. હું જામનગર મહાનગરમાંથી આવું છે એ જામનગરનું કોર્પોરેશન છે એ એક નાનું કોર્પોરેશન છે. વર્ષ ૨૦૦૯-૧૦માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજના ચાલુ કરી અને રાજયમાં જ્યારે ૬ઠ્ઠું અને ૭મું પગાર પંચ લાગુ પડ્યું ત્યારથી મહાનગરપાલિકાની પરિસ્થિતિ છે એમાં સ્વભંડોળ સાવ ઓછું હોવાથી આ યોજના થકી શહેરોના વિકાસમાં બહુ મોટું યોગદાન મળેલ. આવી જ રીતે લોકભાગીદારીની સ્કીમો હોય, ફાટક મુકત ગુજરાત હોય, સ્માર્ટ સિટી હોય, અમૃતમની ગ્રાન્ટ હોય, જી.યુ.ડી.એમ. સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ હોય, મુખ્યમંત્રી અર્બન બસ યોજના હોય, સ્વચ્છ ભારત મિશન હોય, સ્વચ્છ ભારત મીશનમાં વાત કરું તો અમારી જામનગર મહાનગરપાલિકામાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ પી.પી.પી. ધોરણે નાંખવામાં આવ્યો છે એમાં જામનગર શહેરનો દરરોજનો ૩૫૦ મેટ્રિક ટન જેટલો કચરો થાય છે એ અને આજુબાજુના વિસ્તારમાંથી ૧૫૦ મેટ્રિક ટન જેટલો કચરો થાય છે એ ટોટલ ૫૦૦ મેટ્રિક ટન જેટલા કચરાને ઉપાડી આ કચરાને આ પ્લાન્ટમાં નાંખી પાવર પેદા કરવામાં આવે છે અને એમાંથી દરરોજ ૭.૫ મેગાવોટ વીજળી ઉત્પાદન કરવામાં આવે છે. "અસ્તુ"

ડો. કુબેરભાઇ ડીંડોર**(**શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રીના અભિભાષણ પર આ સન્માનીય ગૃહમાં સદસ્ય આદરણીયશ્રી મહેશભાઇ કસવાલા આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આદરણીયશ્રી પ્રવિણભાઇ માળીએ તેને ટેકો આપ્યો છે તેના સમર્થનમાં હું પણ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન સરકારની પ્રવર્તમાન નીતિઓ, કાર્યક્રમો, ઉપલબ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓની મહત્ત્વની પરિષ્ણુ દસ્તાવેજ છે. આપણાં બંધારણની પરંપરા છે કે આપણી જમણી અને ડાબી બાજુ બેઠેલાં તમામ સન્માનનીય નેતાઓએ આ બંધારણીય પદ ઉપરથી રજૂ થતા વિચારો ગરિમાપૂર્ણ રીતે આપણે સાંભળતા હોઇએ છીએ તે આ ગૃહની એક પરંપરા રહી છે. દુઃખ સાથે કહેવું પડે છે કે અહીં ઘણી બધી ચર્ચાઓ થઇ માનનીય રાજયપાલશ્રી જયારે પ્રવચન આપવા માટે આવ્યા ત્યારે વિપક્ષના ચહેરા ઉપર નિરાશા દેખાતી હતી. હારની સ્વીકૃતિ બતાવતી હતી તે આજે પણ દેખાઇ રહી આજે પણ સભ્યોએ વોક આઉટ કરીને તેઓ બહાર ગયા છે. ભૂતકાળમાં રાજયની અંદર જ્ઞાતિ જાતિના વેરભાવ ઊભા કરીને સત્તા સ્થાને બેસવા માટેના અનેક પ્રયાસો કર્યા પણ રાજયની શાણી જનતાએ તેમણે આ વર્ષ ૨૦૨૨માં અખતરા ઘણાં કર્યા પણ તેમ છતાં વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં ગુજરાતની શાણી જનતાએ, શાણાં મતદારોને જાકારો આપ્યો છે અને ૧૫૬ સીટો સાથે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની બહુમતિની સરકાર મિત્રો આપણી જનતાએ બનાવી છે. જનતાએ એટલી હદે તેમના સૂપડાં સાફ કરી દીધા કે વિપક્ષના પદના નેતાનું પદ પણ તે ખોઇ બેઠાં છે.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૪ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, **ये नफरत बूरी है, न पालो इसे; दिलों में खलीश है, निकालो इसे; न तेरा न मेरा, न इसका न उसका; यह गृह हम सबका है, न निकलो ऐसे, न निकलो ऐसे...**। ગુજરાતના પનોતા પુત્ર અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા વિકાસપથ પર ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. આ વિકાસ પર વિશ્વાસ મૂકી ગુજરાતની સાડા છ કરોડ જનતાએ પંદરમી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિથી અમને જનાદેશ આપ્યો છે. અમારી સરકાર વતી લોકશાહીના મંદિરમાં જયાં પ્રચંડ જનાદેશ માટે ગુજરાતની શાણી જનતાને ચરણસ્પર્શ કરું છું અને તેનો હ્રદયપૂર્વક આભાર વ્યકત કરું છું. વિકાસની આ વણથંભી યાત્રાને ચાલુ રાખવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર સંકલ્પબદ્ધ છે, આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે વેપાર, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે સંસ્કાર, ગુજરાત એટલે સૌજન્ય, શૂરવીર અને સાહિત્યકારોની ભૂમિ એટલે ગરવુ ગુજરાત. ધરતીકંપનો માર હોય, વાવાઝોડાની મુસીબત હોય, કોરોનાની મહામારી હોય ગુજરાતી બાંધવોએ દરેક આફતનો મક્કમતાપૂર્વક મુકાબલો કરીને રાજયના વિકાસને રતિભર પણ મોળો પડવા દીધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના છેલ્લાં બે દાયકાઓમાં પ્રાયોરિટી, પોલીસ અને પર્ફોર્મન્સના રહ્યાં છે. ભાજપા સરકાર હંમેશા ગુજરાતની જનતાના એડવાન્સ મેપ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટને વરેલી છે. શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, મહિલા બાળ કલ્યાણ, અનુસૂચિત જનજાતિ અન્ય પછાત વર્ગો, વંચિતોના રોજગારીની વાત હોય ગુજરાત અગાઉ કોંગ્રેસના શાસનમાં કેવી સ્થિતિમાં હતું અને આજે કેવુ છે તે આપણે કહીએ એવુ નથી વિદેશમાંથી અને અન્ય રાજયોમાંથી જે કોંગ્રેસના રાજયમાંથી પણ લોકો આપણાં ગુજરાતમાં આવે છે. બહારના લોકો પણ આવે છે અને આપણાં ગુજરાતના વિકાસની વાતો કરે છે. ગુજરાત એક રોલ મોડેલ બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનો આનંદ છે કે ગુજરાતનો વિકાસ આપણે બધાએ માણ્યો છે, ગુજરાતનો વિકાસ દેશે જાણ્યો છે અને ગુજરાતનો વિકાસ વિશ્વે વખાણ્યો છે. આજે ગુજરાતના વેગવંતા વિકાસની અમારી પરિકલ્પનાના પાંચ મુખ્ય સ્તંભ છે. વિકાસનો પહેલો સ્તંભ જરૂરિયાત વર્ગને પાયાની સુવિધાઓ પૂરી પાડવી, ગુજરાતનો બીજો સ્તંભ માનવ સંશાધનના વિકાસનો છે. આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરવી એ અમારો સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ તૃતીય સ્તંભ છે. રોજગારીની નવી તકોનું સર્જન કરવું એ ચોથો સ્તંભ છે અને પાંચમો સ્તંભ ગ્રીન એનર્જી થકી પર્યાવરણની જાળવણી કરવી એ છે. ગઇકાલે આભાર પ્રસ્તાવમાં આપણા કોંગ્રેસના મિત્રોએ રાજયપાલના આભાર પ્રસ્તાવ પરના સુધારાની વાત કરી હતી. સન્માનનીય મિત્રો અત્રે ઉપસ્થિત નથી પણ માનનીય ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ વાત કરી હતી કે રાજ્ય સરકાર ગંભીર વીજ કટોકટી વગર ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરો પાડવામાં સફળ રહી છે પરંતુ તે માટે ખાનગી વીજઉત્પાદક એકમો પાસેથી કેટલી વીજળી ખરીદી અને તે પેટે કેટલી રકમ ચૂકવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. આ ગૃહના માધ્યમથી હું જણાવવા માગું છું કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ખાનગી વીજ ઉત્પાદક એકમો પાસેથી કેલેન્ડર વર્ષ ૨૦૨૨ દરમિયાન કુલ ૩૯,૬૬૪ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવેલ છે. જે પૈકી કુલ રૂ.૨૦,૮૩૨ કરોડ ચૂકવવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભે જણાવવાનું કે રાજ્યની આગામી વર્ષોની અંદાજિત વીજ માંગ સંપૂર્ણપણે સંતોષાય તે હેતુ અન્વયે સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરીટી ભારત સરકાર દ્વારા ઇલેક્ટ્રિક પાવર સરવે રિપોર્ટ થકી દરેક રાજ્યો માટે આગામી વર્ષોની અંદાજિત ડિમાન્ડ સપ્લાય જાહેર કરવામાં આવેલ છે. સાથે-સાથે ગૃહના સિનિયર સભ્યશ્રી શૈલેષભાઇએ પણ વાત કરી હતી કે રાજ્ય સરકારની દૂરદર્શિતાના કારણે ગુજરાત શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થામાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. પરંતુ રાજ્ય સરકારના સાહસોમાંથી કેટલી વીજળીનું ઉત્પાદન થાય છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. મને કહેતા આનંદ થાય છે કે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય સ્તરે કોલસાની અછત તેમજ સતત વધતા જતા કોલસાના ભાવો જેવી વિપરીત પરિસ્થિતિમાં પણ રાજ્યની વધતી જતી વીજ માંગને સંપૂર્ણપણે રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો દ્વારા કેલેન્ડર વર્ષ - ૨૦૨૨ દરમિયાન ૨૭,૭૮૪ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની દૂરદર્શિતાના લીધે છેલ્લા ૨૦ વર્ષથી રાજ્યની પ્રજાને સતત, અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવા આપણે સક્ષમ બન્યા છીએ. માત્ર શ્રેષ્ઠ વિતરણ વ્યવસ્થા જ નહિ પણ વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન નેટવર્ક ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ રાજ્ય સરકારના જાહેર સાહસો તથા ગુજરાત રાજ્ય ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેને સંલગ્ન કંપનીઓને અંદાજે આજ દિન સુધીમાં સારી કામગીરી બદલ ઊર્જા વિભાગને તો અભિનંદન પાઠવું છું પરંતુ આપણી કંપનીઓને ૨૮૭ જેટલા એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આ આપણા ગુજરાતની સિદ્ધિ છે. તદ્ઉપરાંત મિનિસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકાર દ્વારા દર વર્ષે આયોજિત કરવામાં આવેલ Annual integrative wisdom પ્રતિસ્પર્ધામાં ગુજરાત સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓ દ્વારા સતત A + ગ્રેડ મેળવવામાં આપણે સફળ રહ્યા છીએ. ગુજરાતના વેગવંતા વિકાસની અમારી આ પરિકલ્પનામાં ઊર્જા વિભાગે વિશેષ સહયોગ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી આપ સુવિદિત છો કે દેશના આદરણીય વડાપ્રધાન દીર્ઘ નેતૃત્વ કરે છે. પડકારોમાં પણ વિકાસ છુપાયેલો છે એ અભિગમ સાથે આત્મનિર્ભર ભારતનો મંત્ર માનનીય વડાપ્રધાને સમગ્ર દેશને આપ્યો અને મને કહેતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી

ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર આત્મનિર્ભર ગુજરાતનો સંકલ્પ સાર્થક કરવા માટે આગળ વધી રહી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં અનેકવિધ નીતિઓ, યોજનાઓ, વહીવટી પ્રતિબદ્ધતા અને સેવાનું સરળીકરણ, રસીકરણ જેવા સામાન્ય જનતાને અસર કરે એવા અનેક અસરકારક નિર્ણાયક નિર્ણયો લઇને સામાન્ય જનતાને અડચણ ન થાય એવા પ્રયત્નો કરીને નીતિ અને નિયમોમાં ફેરફાર પણ કર્યા છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને હું સવિશેષ અભિનંદન આપવા માગું છું. અનેક પૉલિસીઓ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી, નવી શિક્ષા નીતિ - ૨૦૨૦ દ્વારા શિક્ષણનું રિવોલ્યુશન કઇ રીતે થઇ શકે તેનું વિઝન આપણા દેશને આપણે આપ્યું છે.

છેલ્લા ૨૭ વર્ષના શાસન દરમિયાન ગુજરાત ઉત્તમમાંથી સર્વોત્તમ વિકાસ સાધવા પ્રયત્નશીલ બન્યું છે. શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, ગામડામાં ૨૪ કલાક વીજળી મળતાં વીજ કનેક્શન માટેનું વેઈટિંગ લિસ્ટ પૂર્ણ થતાં ખેતીના ઉત્પાદનમાં વધારો, સિંચાઈની સુવિધામાં વધારો, રસ્તાઓનું સુદ્રઢ નેટવર્ક, શાળા, કૉલેજ અને યુનિવર્સિટીની સ્થાપના થતાં ગુજરાતના વિદ્યાર્થીઓ બીજા રાજ્યોમાં જતા અટક્યા, સ્ટડી ઈન ગુજરાત થકી બીજા રાજ્યના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા માટે આવતા થયા છે તે આપણા બધા માટે ગૌરવની વાત છે. ગરીબી નિવારણ માટે ૨૦ મુદ્દા અમલીકરણના લક્ષ્યાંકને ૧૦૦ ટકા હાંસલ કરવામાં, રોજગારી પૂરી પાડવામાં અને ઉધોગોમાં રોકાણ માટે ગુજરાત પ્રથમ નંબરે છે. ગુજરાતમાં પીવાના પાણી માટે ટેન્કર પ્રથા બંધ થઈ છે અને દુકાળ એ ભૂતકાળ બન્યો છે. આમ, અમારી સરકાર ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા આગળ વધી રહી છે. આ સાર્વત્રિક અને સર્વસમાવેશક વિકાસને લીધે ગુજરાત એક રોલ મોડલ સ્ટેટ બન્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ''કામ કરતાં આવ્યા છીએ અને કામ કરતા રહીશું. ધન્ય ધરા ગુજરાતના ચરણ ચૂમતા રહીશું. સર્વસમાવેશી વિકાસ પથ પર આગળ વધતા રહીશું. ઋણી છીએ ગુજરાતના ઋણ ચૂકવતા રહીશું.''

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે એટલું ચોક્કસ કહીશ કે આ સરકાર ગરીબો, વંચિતો, શોષિતો, ઉપેક્ષિતો, પીડિતો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓ માટે સંવેદના સાથે કામ કરનારી સરકાર છે. મારે ખેતી માટે અપાતા વીજ જોડાણો અંગે, ઊર્જા વિભાગ અને તેની સિદ્ધિ વિશે ટૂંકમાં વાત કરવી છે. ગુજરાતની સ્થાપનાથી લઇને આજ દિન સુધીમાં કૉંગ્રેસના ૪૦ વર્ષના શાસનમાં ૭ લાખ ૩૩ હજાર જેટલા કુલ ખેતીવાડીના વીજ જોડાણો આપ્યા હતા એટલે કે વાર્ષિક ૧૭,૪૫૨ જ્યારે વર્ષ ૨૦૦૨થી ૨૦૨૨ સુધી એટલે કે ૨૦ વર્ષના શાસનમાં આપણી ગતિશીલ સરકારે ૧૦ લાખ ૫ હજાર ૧૫૧ જેટલા ખેતીવાડીના વીજ જોડાણો આપ્યા. વાર્ષિક સરાસરી મુજબ ૭૬,૭૭૩ જેટલા એટલે અગાઉની સરકાર કરતાં સાડા ચાર ગણા વધુ વીજ જોડાણો આપ્યા છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૯૯૪ કરોડના ખર્ચે ૬૫ હજારથી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવેલ છે. અમારી સરકારે છેલ્લા ૧૬ વર્ષથી ખેડૂતોના વીજદરમાં કોઈ જ વધારો કરેલ નથી અને ખેડૂતોને વીજ બિલ સબસિડી પેટે રૂ. ૮,૪૦૦ કરોડની માતબર રકમની રાહત આપવામાં આવેલ છે. અમારી સરકાર ખેડૂતલક્ષી છે. તાજેતરમાં ૭૪મા પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી અને પરેડમાં પ્રદર્શિત થયેલા દેશના ૧૭ રાજ્યો અને ૬ મંત્રાલયોએ રજૂ કરેલા ટેબ્લોમાંથી ક્લીન-ગ્રીન એનર્જી એફિશિયન્ટ ગુજરાતની થીમ પરના ટેબ્લોને પીપલ્સ ચોઈસ હેઠળ દેશમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરવામાં આવેલ છે. આ ટેબ્લોમાં કચ્છના ખાવડામાં આકાર પામી રહેલ વિશ્વના સૌથી મોટા હાઈબ્રીડ રીન્યુએબલ એનર્જી પાર્ક, સૂર્યનગરી મોઢેરા, પી.એમ. કુસુમ યોજનાની ઝાંખી દર્શાવવામાં આવેલી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે ગરીબ પરિવારમાંથી પરિવારનો કોઈ સભ્ય બીમાર પડે અને તેને હોસ્પિટલમાં દાખલ થવું પડે તો પરિવાર ઉપર જાણે આભ તૂટી પડે. તેવા સમયે ગુજરાત સરકાર પરિવારના પડખે ઊભી રહી છે. આપણા ગુજરાતમાં નાગરિકોને સારવારની શ્રેષ્ઠ સુવિધા મળે અને તેઓ નિરોગી બને તે અમારી સરકારની કટિબદ્ધતા છે. ભૂતકાળમાં કૉંગ્રેસની સરકાર વખતે જિલ્લા કક્ષાએ પણ હોસ્પિટલની સુવિધા ન હતી. આજે દરેક જિલ્લાદીઠ મેડિકલ કૉલેજ શરૂ કરવાની નેમ રાજ્ય સરકારે રાખી છે. ચાલુ વર્ષના બજેટમાં આદિવાસી વિસ્તારોમાં મેડિકલ કૉલેજ આપવા બદલ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો આદિવાસી સમાજ વતી ધન્યવાદ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ સુવિધા ધરાવતી અમદાવાદ સિવિલ હૉસ્પિટલના લીધે અમદાવાદ મેડિકલ ટુરિઝમનું હબ બન્યું છે. વિશ્વના સોથી મોટા આરોગ્ય વીમા કવચ 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' અને ગુજરાતની 'મા યોજના'નું સંકલન થતાં ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આરોગ્ય વિષયક ચિંતાઓ દૂર થઇ જવા પામી છે. કોરોનાની મહામારીથી બચવા અત્યારસુધીમાં ૧૨.૮૦ કરોડથી વધુના કોવિડ રસીના ડોઝ આપવાનું જનકલ્યાણનું કામ આપણા આરોગ્ય વિભાગે ગુજરાતની ધરતી પર કર્યું છે. અમારી સરકાર ખેડૂતોની સરકાર છે. ખેડૂતોનું હિત જેના હૈયામાં હંમેશા વસેલું છે એવા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પ્રાકૃતિક કૃષિને અને દેશી ગાયોના સંવર્ધનને ખૂબ જ પ્રોત્સાહન આપી રહી છે. 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' હેઠળ આજદિન સુધી રૂ. ૧૨૫૩૪ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવ્યા છે. ખેડૂતોને પોતાની કૃષિ ઊપજનું યોગ્ય વળતર મળી રહે તે માટે આપણે વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને આર્થિક ટેકો પણ કર્યો છે. ગયા વર્ષે પ્રથમ વખત ગુજરાતમાં ચણાની ઐતિહાસિક ખરીદી થઇ. ગુજરાત રૂ. ૨૯૨૨ કરોડ મુલ્યના ૫,૫૮,૬૨૩ મેટ્રિક ટન ચણાની ખરીદી ટેકાના ભાવે કરવામાં પ્રથમ ક્રમે રહ્યું. કોરોનાની મહામારીના સમયે જરૂરિયાતમંદ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ ૭૧ લાખ કુટુંબોને ૩.૪૭ કરોડની જનસંખ્યામાં પ્રતિ વ્યક્તિ દીઠ પાંચ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના થકી

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

ગરીબની આંતરડી ઠારવાનું કામ અમારી સરકારે કર્યું છે. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' હેઠળ છેવાડાના માનવીની ચિંતા કરીને આપણી ગરીબ આદિવાસી બહેનોને ધુમાડામાંથી મુક્તિ આપવા માટે સાચા અર્થમાં મહિલા સશક્તિકરણનું આદર્શ ઉદાહરણ એ 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' છે. જેના માધ્યમથી ગુજરાતમાં ૯.૪૩ લાખ કુટુંબોને વિનામૂલ્યે ગેસ કનેક્શનો અપાયા છે. રેશનકાર્ડનું આધુનિકીકરણ કરીને આવનારા સમયમાં અમારી સરકારે 'માય રેશન' મોબાઇલ એપ પણ બનાવી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે નારી સશક્તિકરણ પર ભાર મૂક્યો છે. રાજ્યમાં મહિલાઓની સ્થિતિમાં સુધારો થાય તે માટે 'બેટી બચાવો, બેટી પઢાઓ' અને 'કન્યા કેળવણી' જેવા મહત્ત્વપૂર્ણ અભિયાનો હાથ ધર્યા હતા. આ પગલાંને સુપેરે આગળ વધારતા મૃદુ છતાં મક્કમ આપણા ગુજરાત રાજ્યના ગૃહના નેતા સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે મહિલાલક્ષી અનેક યોજનાઓનો અમલ કર્યો છે. 'ટેક હોમ રેશન' દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આંગણવાડી કાર્યકર્તા બહેનોના માનદવેતનમાં વધારો કર્યો છે. રાજ્યની ૧૪ લાખ વિધવા માતા-બહેનોને મોટી સંખ્યામાં 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ આપવામાં આવ્યો છે. મને કહેતા એ વાતનો આનંદ છે કે, પહેલાં વિધવા માતા-બહેનોનો પુત્ર ૨૧ વર્ષનો થાય ત્યારે એ પેન્શન બંધ કરવામાં આવતું હતું, આ વિધવા માતા-બહેનોને આ યોજનામાં સુધારો કરીને આજીવન પેન્શન મળે એવી વ્યવસ્થા ગુજરાત સરકારે કરી છે. અમારી સરકાર ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધનને વરેલી સરકાર છે. આપણી આસ્થાના કેન્દ્રબિંદુઓ જેવા તીર્થસ્થાનોના વિકાસ માટે અમે પ્રયત્નશીલ છીએ. સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ, શામળાજી, ડાકોર, પાલીતાણા વગેરે તીર્થસ્થાનો ખાતે પાયાની સુવિધા ઊભી થતાં યાત્રિકોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. અમારા ફતેસિંહ ચૌહાણ સાહેબે કહ્યું એમ આટલા વર્ષો પછી પ્રથમ વખત પાવાગઢમાં સાડા છસ્સો વર્ષ પછી આપણી વિરાસત, આપણી સનાતન હિન્દુ સંસ્કૃતિના જે ધર્મસ્થાનો હતા એનો પુનરુદ્ધાર કરીને ધર્મની ધજા ચડાવવાનું કામ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે કર્યું છે. પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ધોળાવીરા, નડાબેટ, માનગઢ, શિવરાજપુર વગેરે જેવા આઇકોનિક સ્થળોના વિકાસ માટે આ વર્ષના બજેટમાં કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. અમારી સરકાર પાયાની સુવિધાઓ વિકસાવવાની સાથે સાથે રાજ્યનો વૈશ્વિક સ્તરનો વિકાસ થાય એ માટે પ્રયત્નશીલ છે. ગાંધીનગરનું ગિફ્ટ સિટી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાનું કેન્દ્ર બને તે માટે ગિફ્ટ સિટી ખાતે એક વિશિષ્ટ પ્રકારનું ફિન ટેક હબ બનાવવામાં આવશે. ફિન ટેક સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવા માટે ગીફ્ટ સિટીના વિકાસ માટે ચાલુ વર્ષે રૂપિયા ૭૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેના લીધે ગિફ્ટ સિટીમાં વિશ્વ કક્ષાની સવલતો ઊભી થશે. આઝાદી બાદના ૭૫ વર્ષમાં પ્રથમવાર ગુજરાતને નેશનલ ગેમ્સની યજમાની કરવાની તક મળી હતી. આપણી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારના નેતૃત્વમાં માત્ર ત્રણ મહિનામાં નેશનલ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરીને ગુજરાતે પોતાની અપ્રતિમ ક્ષમતા સાબિત કરી છે અને આવનારા સમયમાં એટલે કે વર્ષ ૨૦૩૬ના પેરા ઓલમ્પિકની તૈયારીની પણ આપણે આજથી શરુઆત કરી છે. સમગ્ર હિંદુસ્તાનનું આસ્થા કેન્દ્ર એવા ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યાના આઝાદી પહેલાથી ચાલતા ૫૦૦ વર્ષ પહેલાના મંદિરના વિવાદને હાલમાં સુપ્રીમ કોર્ટના માધ્યમથી ઉકેલવામાં આવ્યો છે. ભગવાન શ્રી રામની સાથે ગુજરાતના આદિવાસી સમાજનો ઈતિહાસ પણ જોડાયેલો છે. દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રીએ ત્યાં ખાતમુહૂર્ત કરી મંદિર નિર્માણનું કામ શરુ કર્યું. આપણે સૌ વર્ષ ૨૦૨૪માં આપણા આરાધ્ય દેવ શ્રી રામચંદ્ર ભગવાનના દર્શન આ મંદિરમાં કરી શકીશું. મને કહેતાં આ બાબતનો આનંદ છે કે, ભગવાન શ્રીરામચંદ્રજીનો ઈતિહાસ અમારા આદિવાસી સમાજ સાથે જોડાયેલો છે. જયારે મા સીતાનું રાવણે અપહરણ કર્યું ત્યારે મા સીતાની શોધમાં ભગવાન શ્રી રામ ચાલતાં ચાલતાં અત્યારના ડાંગ જિલ્લામાં દકારણ્ય ખાતે આદિવાસી માતા શબરીના આશ્રમમાં આવીને બેઠા અને શબરી માતાએ પણ આસ્થા, વિશ્વાસ અને શ્રધ્ધાથી શ્રી રામચંદ્ર ભગવાનજીની ભકિત કરી હતી. એને પણ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ હતો કે એક દિવસ મારો રામ મારા આંગણે આવશે. ભગવાન શ્રી રામ સ્વયં માતા શબરીના આંગણે પહોંચ્યા ત્યારે એમની આગતા-સ્વાગતા અને સન્માન તેમજ શ્રીરામ ભગવાનના સ્વાગત માટે માતા શબરીએ પણ રામ ભગવાનને એઠાં બોર ચાખીને આપેલા કે મારા રામને ખાટા બોર ના ખવડાવવા પડે. એમની ભાવના સારી હતી. બોર ચાખીને એમને આપ્યા હતા. એ માતા શબરીના અમે વંશજો છીએ. ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર બને તે માટે ગામે ગામે જેમ રામસેતુ બાંધતી વખતે ખિસકોલીએ જે રીતે યથાશકિત મદદ કરી હતી તેમ સમગ્ર આદિવાસી સમાજે યથાશકિત સહભાગી થવાનો પ્રયત્ન કરી મદદ પણ કરી છે. અંબાજીથી ઉમરગામ સુધીના મારા આદિવાસી સમાજની વાત કરુ તો, રાજ્યના આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાઓ, ૫૩ તાલુકાઓ અને ૫૮૭૨ ગામડાઓમાં વસતા અમારા એક કરોડથી વધુ આદિવાસી સમાજના લોકોના જીવનધોરણમાં વન બંધુ કલ્યાણ યોજના જયારે દેશના સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેઓ તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે અમલમાં મૂકી હતી. આજે અમારા ૨૦ વર્ષ પહેલાના આદિવાસી વિસ્તાર અને આજના આદિવાસી વિસ્તારમાં આમૂલચૂર પરિવર્તન આવ્યું છે. એ આપણી સન્માનનીય ભારતીય જનતા પાર્ટીના કારણે આવ્યું છે. ગુજરાત એક સમયે પાણીની અછત ધરાવતા રાજ્ય તરીકે ઓળખાતું હતું. પાણી એ વિકાસની પ્રથમ શરત છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મતે પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે. તેમને પાણીના એક એક ટીંપાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માટે આહવાન કરેલ છે સાથે સાથે તેમને ચિંધેલા માર્ગે ગુજરાત રાજ્ય, જળ સંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે દેશને એક નવી રાહ આપી રહ્યું છે. સરકાર અને

સમાજના સહિયારા પ્રયાસ થકી આપણે જળરૂપી જીવનને બચાવી રહ્યા છે. ખેતી અને પાણી એકબીજાના પર્યાય છે. જો પાણી હશે તો જ ખેડૂત ખોરાક, ઘાસચારો, બળતણ, અનાજ ઉત્પન્ન કરી નાણા કમાઇ શકશે. એટલે તો આપણી કહેવત છે કે, ખેડ, ખાતર અને પાણી નસીબને લાવે તાણી અને જેના ઘરે કાળી એના ઘરે રોજ દિવાળી. ગુજરાતના ખેડૂતોને સિંચાઇની સુવિધા પૂરી પાડવા માટે..

અધ્યક્ષશ્રી : કાળી એટલે કાળી ચૌદશની વાત નથી. દિવાળીની વાત છે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, દેરી સમાજ છે, એમને ખ્યાલ આવી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતોને સિંચાઇની સુવિધા પૂરી પાડીને ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે ભાજપા સરકાર આગળ વધી રહી છે. સરકારના પ્રયાસોના સુલભ પરિણામો ખેડૂતોને મળી રહ્યાં છે. ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે અને ખેડૂતોનું હિત ધ્યાને લઇને સરકારશ્રીએ અનેક પગલાં લીધાં છે. જેથી કરીને આજે ખેડૂતો આર્થિક રીતે નિર્ભર બન્યા છે. જળસંચય ક્ષેત્રે ગુજરાતે કરેલી કામગીરી દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવે છે. હજારો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, તળાવો ઉંડા કરવાનું અભિયાન, જૂની કેનાલો મરામત કરવાનું અભિયાન, ટપક સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ, સુજલામ્ સુફલામ યોજના હેઠળ ક્ષાર નિયંત્રણ યોજના વગેરે યોજનાનાં સુંદર પરિણામો આપણને મળ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપા સરકાર દ્વારા છેલ્લા ૨ દાયકામાં કરવામાં આવેલા વિવિધ પ્રયાસો અને સકારાત્મક પ્રયાસોથી શિક્ષણમાં પણ આમૂલચુર પરિવર્તન આવ્યું છે. મને આજે કહેતા આનંદ એ બાબતનો છે કે આજે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના માધ્યમથી ગુજરાતના ૧ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓના માઇ-બાપ તરીકેની કામગીરી સરકાર કરી રહી છે. આદિવાસી સમાજના ૧ લાખ ૫૦ હજાર જેટલા બાળકોને સૂટ અને બૂટ પહેરાવવાનું કામ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદિજાતિ વિકાસ વિભાગે કર્યું છે. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ લઇ અભ્યાસ કરતા હોય તેવા ૫,૧૨,૪૬૫ વિદ્યાર્થીઓને આવરી લઇને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૬૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જી.એસ.આર.ટી.સી. ની બસોમાં અભ્યાસ અર્થે મુસાફરી કરતા પ્રાથમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને બસ કન્સેશનના પાસની સુવિધા ફ્રી થાય, એટલા માટેની તમામ સુવિધા માટે ૨૦૨૨-૨૩ના બજેટમાં ૨૦૫ કરોડની જોગવાઇ મંજૂર કરવામાં આવી છે. જેમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૫૯ કરોડનું ચૂકવણું રાજય સરકાર દ્વારા નિગમને કરવામાં આવેલ છે. રાજય કક્ષાએ જી.સી.ઇ.આર.ટી. દ્વારા તૈયાર કરેલ પ્રશ્ન બેંક એપ્લીકેશન દ્વારા શાળાઓ સુધી પંહોચાડવામાં આવે છે. જેના આધારે શિક્ષકો કસોટી લે છે. આમ શિક્ષકો તેમજ વાલીઓને પણ પોતાનાં બાળકોની પ્રગતિનો અહેવાલ મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'પઢના લિખના અભિયાન' પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના પી.એમ. પોષણ યોજના તરીકે લાગુ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : લંબાવવું હોય તો તમે દરખાસ્ત કરી શકો છો.

શ્રી વિજયભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની હું દરખાસ્ત કરું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્તનું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીનું વકતવ્ય પૂરું થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ઇ.ટી.બી. ની કામગીરી અન્વયે ધોરણ ૧થી ૧૨ના ૧૦૦ પાઠ્ય પુસ્તકોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ શકે તેવા વીડિયો, ઓડિયો અને ડોક્યુમેન્ટના સ્વરૂપમાં ડિજિટલ સાહિત્યનો સમાવેશ કરતા ૨૨૧૭ કયુ.આર. કોડ મૂકવામાં આવેલ છે. એ કયુ. આર. કોડને પણ ડિજિટલના માધ્યમથી, ટેબલેટના માધ્યમથી મોબાઇલના માધ્યમથી એમાં વાંચી લખી શકે છે. જી.સી.ઇ.આર.ટી.ના દ્વારા બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ પરથી ધોરણવાર અને વિષયવાર શૈક્ષણિક કાર્યક્રમોનું ૨૪ કલાક પ્રસારણ કરવામાં આવે છે. મને કહેતા એ બાબતનો આનંદ થાય છે કે કોરોનાની મહામારીમાં જો સૌથી વધારે નુકસાન થયું હોય તો, લર્નિંગ લોસ થયો હોય તો એ શિક્ષણ વિભાગને થયો છે. તેની પરિપૂર્તિ કરવા માટે પણ આપણા બાયસેગના માધ્યમથી કોરોનાની મહામારી સમયે પણ બાયસેગના માધ્યમથી આપણા ગુજરાતના વિદ્યાર્થીઓને જયાં નેટવર્કનો પ્રોબ્લેમ હતો ત્યાં પંહોચી શકયા નથી, પણ, જયાં જયાં નેટવર્કની સુવિધા હતી, ત્યાં આપણે બાયસેગના માધ્યમથી આપણા ગુજરાતના વિદ્યાર્થીઓને લર્નિંગ લોસ ન જાય એના માટે પણ શિક્ષણ વિભાગે પ્રયત્ન કર્યો હતો. 'પઢના લિખના અભિયાન' ગુજરાત રાજયના એસ્પીરેન્ટ જિલ્લાઓ દાહોદ અને નર્મદામાં કરવામાં આવ્યા છે. જેમાં કુલ ૩૩૨૧૬ નિરક્ષરોમાંથી ૨૭૫૩૪ નિરક્ષરોને અક્ષરજ્ઞાન પૂરું પાડીને સાક્ષર કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ એ બાબતો છે કે સન્માનનીય અમારા માર્ગદર્શક શ્રી રમણલાલ વોરા સાહેબ, એમણે પણ શિક્ષણમાં સરસ સારી કામગીરી કરી અને અમારે એક એજ્યુકેશન ઇનોવેશન ફેર ઇડર મુકામે પણ અમારે મળવાનું થયું, ત્યાં જયાં દીકરાઓ જે નવું ઇનોવેશન કરે છે, આજના વિદ્યાર્થીઓ, યુવાનો, ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં, તેમાં એક એવી કૃતિ આવી, નાની બાળકીઓ જે ભાભર તાલુકાની હતી, જે આ સાંકેતિક ભાષામાં આપણે જે કંઇ

લખીને આપે તેનો સાંકેતિક ભાષામાં જવાબ આપતી હતી. સાથે સાથે ખાનપુર તાલુકાની સ્કૂલની બાલિકા જેને જે સાપ્તાહિક એકઝામ કસોટી શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવે છે, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે તો એમાં વાલીને સહી લેવા માટે જ્યારે શિક્ષક મિત્રો એ દીકરીને જ્યારે એ પેપર આપતા હતા કે આમાં વાલીની સહી લઇને આવજે. તો દીકરીએ કહ્યું કે મારા મમ્મી પપ્પા ભણેલા નથી તો અંગુઠા મારવાનું પેડ આપો. એટલે એ વખતે શિક્ષકને નવું ઇનોવેશન આવ્યું અને એ જ વખતે એ શિક્ષક મિત્રો એ ગામમાં ગયા અને દીકરીઓને ભેગી કરી અને પછી જોયું ત્યારે એમના વાલીની જે ઉંમર હતી એ ૪૦-૪૨ વર્ષની હતી. અને એ સમયે એક નવો કન્સેપ્ટ ઊભો કર્યો, નવું ઇનોવેશન કર્યું શિક્ષણ વિભાગે, અને મા બેટી સાથે રમે, સાથે ભણે, એ સૂત્ર આપીને દીકરીઓએ એમના માં બાપને ભણાવ્યા, એવા ૮૫ વાલીઓને પણ આપણે સાક્ષર કર્યા છે. ભારત સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાનું નવું નામાભિધાન, પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના, પી.એમ. પોષણ યોજનાનું નવું નામ આપીને તાજેતરમાં એ કરવામાં આવેલ છે. તમામ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરનું તાજું અને ગરમ ભોજન આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધી વધુ પાંચ વર્ષ લંબાવવા ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસન દરમ્યાન આદિવાસી વિસ્તારમાં મોટા મોટા ડેમો બનાવવામાં આવ્યા, આપણા કલાકારો, સાહિત્યકારો અને સંગીતકારોના માધ્યમથી ગરબા બનાવવામાં આવ્યા. મહીસાગરને આરે ઢોલ વાગે છે, એ ગરબા પૂરા ગુજરાતે ગાયા. અમારા મહીસાગરને આરે ઢોલ વાગે, કડાણા જળાશય બનાવ્યો. વર્ષ ૧૯૬૯માં એનું ખાતમુહૂર્ત થયું. વર્ષ ૧૯૭૩માં ડેમ પૂરો થયો. ૩૨૨૦ પરિવારો વિસ્થાપિત થયા. જે તે સમયની અમારી પુરોગામી સરકારે એમને એક એકરનું વળતર ૨૦૦ રૂપિયા કે ૪૦૦ રૂપિયા વળતર આપ્યું અને પુન:વસન કરવાની વાત તો બાજુ પર રહી. એમાંથી આજે પણ ૨૫૮ ખાતેદારોને આજની તારીખે પણ જમીન નથી મળી. આ સન્માનનીય ગૃહમાં આવવાનો મને જ્યારે મોકો મળ્યો છે ત્યારે એ પ્રશ્ન આપણી સરકારના માધ્યમથી અમે ઉકેલવાના છીએ. કોંગ્રેસના લોકો ગરીબોની કે આદિવાસીઓની વાત કરે. એમણે માત્ર મતબેંકની રાજનીતિ કરી, વોટબેંકની રાજનીતિ કરી. અમે વોટબેંકની રાજનીતિ કરીને આપણે માનવતાની રાજનીતિ કરીએ છીએ. અમે વિકાસની રાજનીતિ કરીએ છીએ. સાથે સાથે સિંચાઇનું પાણી અને પીવાનું પાણી આપવાની તો એ વખતે વાત જ નહોતી. આદિવાસી વિસ્તારમાં જે મોટા ડેમો બન્યા, પરંતુ સિંચાઈનું પાણી તો ઠીક પણ પીવાનું પાણી પણ આદિવાસી વિસ્તારોમાં આપ્યું નહોતું. ગુજરાતનો આદિવાસી પટ્ટો વર્ષોથી પીવાના પાણી અને સિંચાઇ માટે ટળવળતો હતો. આદિવાસીની આ પીડાને દૂર કરવા માટે ભાજપા સરકારે બીડું ઝડપ્યું. આ દેશના સન્માનની દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે વનબંધુ કલ્યાણ યોજનાના માધ્યમથી આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાઓમાં લિફ્ટિંગ કરીને જ્યાં પાણીની વ્યવસ્થા થાય, ડેમોમાંથી પાણી જે બેક વોટર હતું ત્યાંથી ઉઠાવીને, જેમ કહેવામાં આવે છે કે નેવાનું પાણી મોભે ચડાવવાનું કામ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું અને સુરત જિલ્લામાં કાકરાપાર, ઓલપાડ વડ ઉદવહન સિંચાઇ યોજના હોય, કે દાહોદમાં કડાણા દાહોદ ઉદવહન સિંચાઇ પાઇપ લાઇન યોજના હોય કે નવસારી જિલ્લાના વાઘરેટ ટાઇડલ રેગ્યુલેટર યોજના હોય, અમારી સરકારે ઉત્તમ જળ વ્યવસ્થાપન અને જળસંચય દ્વારા રાજ્યમાં નવી જળક્રાંતિ ઊભી કરી છે. મારે છેલ્લે નાનકડી કવિતા રજૂ કરવી છે એક સુંદર કવિતા લખી છે એ આપને કહેવા માગું છું.

<u>અધ્યક્ષશ્રી :</u> આમેય શિક્ષણ મંત્રી કવિ હોય જ છે. એટલે તમે કરો શરૂઆત.

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી,

'' ચૂંટણીમાં પરાજયનો પર્યાય છે કોંગ્રેસ,
જનતાની નજરમાંથી ઉતરી જવાનો પર્યાય છે કોંગ્રેસ,
ચૂંટણી હોય ભલે વિધાનસભા કે સ્થાનિક સ્વરાજની,
પરાજયનો પર્યાય છે કોંગ્રેસ, નથી નેતૃત્વ કે નથી નક્કર મુદ્દાઓ,
પોકળ વાતોનો પર્યાય છે કોંગ્રેસ,
માથા વિનાના ધડ જેવી સેનાપતિ વિનાની સેનાનો પર્યાય છે કોંગ્રેસ,
હારનું ઠીકરું કોના ઉપર ફોડવું એ માથુ નથી મળતું એવી દયનીય દશાનો પર્યાય છે કોંગ્રેસ,
વિકાસની વાતને વખોડનારા વિપક્ષો વિપક્ષમાં પણ બેસવાને લાયક નહિ રહી આ કોંગ્રેસ,
વિનાશના કિનારે લાંગરેલ વાહણનો પર્યાય છે કોંગ્રેસ.''

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના વિકાસને એક મોડેલ તરીકે જોઇને દેશના વિકાસની અપેક્ષા દેશની જનતા કરી રહી છે. ત્યારે આ બજેટમાં સંપૂર્ણપણે માનવીય મૂલ્યોના દર્શન થાય છે. સંપૂર્ણપણે માનવતાના દર્શન થાય છે અને આ માનવતા એકાત્મક માનવતાની વાત છે એની સાથે આઝાદીના અમૃતકાળ ગુજરાતના વિકાસનો પણ અમૃતકાળ બની રહ્યો છે. સર્વજન હિતાય સર્વજન સુખાયના ઉપનિષદ કાલીન એ વાકયને અમારી સરકારે સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના માધ્યમથી તૈયાર કર્યો છે. અમારી સરકારનું સર્વતોમુખી વિકાસ કરીને સૌનું કલ્યાણ કરવાનું છે. અમારું લક્ષ સુશાસનથી સુરાજ્ય સ્થાપવાનું છે. અમારી સરકાર માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક પ્રગતિ અને માનવ શકિતના

વિકાસને વરેલી છે. પ્રજા કલ્યાણનો સંકલ્પ સાકાર કરવા માટે અમે સૌ સંકલ્પબદ્ધ છીએ. અમારે વિપક્ષને જવાબ નથી આપવાનો અમારે તો રાજયની ૬.૫૦ કરોડની જનતા જનાર્દનને જવાબ આપવાનો છે. અમારો વિચાર ભારત માતાને વિશ્વગુરુના સ્થાને પહોંચાડવાનો છે જેના માટે જનતા જનાર્દનના અમોને ખૂબ આશીર્વાદ મળ્યા છે અને મળતા રહેવાના છે ત્યારે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનને સંપૂર્ણપણે સમર્થન આપું છું અને વિશ્વાસ અપાવું છું કે આગામી દિવસોમાં અમારી સરકાર ગતિની હરણફાળ ભરીને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાતને વિકાસની નવી ક્ષિતિજો તરફ લઇ જઇશું અને ગુજરાતને ઉત્તમ છે એનાથી સર્વોત્તમ તરફ લઇ જવા માટે સામૂહિક પ્રયાસ કરીને આગળ વધીશું.

અધ્યક્ષશ્રી : ગૃહની આજની કાર્યવાહી પૂર્ણ થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૭ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૧૧, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**ડાંગ અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકો**

* ૪૭૭ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ અને નર્મદા જિલ્લામાં અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોને પુરક પોષણ તરીકે શું આપવામાં આવે છે, અને

(૩) લાભાર્થી દીઠ કેટલા પ્રમાણમાં પુરક પોષણ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ અને નર્મદા જિલ્લામાં અતિ ઓછા વજનવાળા બાળકો આ મુજબ છે.

| જિલ્લો | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|
| ડાંગ | ૫૭૫ |
| નર્મદા | ૨૪૪૩ |

(૨)

- આંગણવાડી કેન્દ્રના ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રના ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ મિ.લિ. ફોર્ટિફાઈડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.
- પોષણ સ્તરમાં સુધારો લાવવા આંગણવાડી કેન્દ્રોમાં સત્વ ડબલ ફોર્ટિફાઈડ મીઠું, ફોર્ટિફાઈડ તેલ અને ડબલ ફોર્ટિફાઈડ આટો પુરો પાડવામાં આવે છે.

(૩) ૬ માસથી ૬ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને પ્રતિદિન ૫૦૦ કિલો કેલરી અને ૧૨-૧૫ ગ્રામ પ્રોટીન તેમજ ૬ માસથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને પ્રતિદિન ૮૦૦ કિલો કેલેરી અને ૨૦-૨૫ ગ્રામ પ્રોટીન જરૂરિયાત પ્રમાણે પૂરક પોષણ આપવામાં આવે છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી**,** વિધાનસભાના લોકશાહીના મંદિરસમા આ ગૃહમાં પ્રથમ વખત પ્રશ્નનોત્તરીમાં ભાગ લેવા માટે જે મૉકો મળ્યો છે તે બદલ હું આપશ્રીનો આભાર વ્યક્ત કરું છું અને લોકશાહીના મંદિરને હું મારા કોટિકોટિ વંદન અને પ્રણામ કરું છું. માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીને મારો પ્રશ્ન એ છે કે**,** ડાંગ અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકો માટે આંગણવાડીના લાભાર્થીઓને પૂરક પોષણમાં શું શું આપવામાં આવે છે**?**

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ભાનુબેન બાબરિયા :માનનીય અધ્યક્ષશ્રી, અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ મુજબ લાભાર્થીને તેની દૈનિક પોષણની જરૂરિયાતને ૧/૩ ભાગનું પોષણ આપવાનું થાય છે. જેમાં ભારત સરકારની માર્ગદર્શક સૂચનાને ધ્યાને લઇ લાભાર્થી માટે આહાર નક્કી કરવામાં આવેલ છે. આંગણવાડીમાં આવતાં ૩થી ૬ વર્ષનાં બાળકોને સવારમાં ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન આંગણવાડી ઉપર આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ પણ આપવામાં આવે છે. ડાંગ અને નર્મદા જિલ્લાના તમામ આદિજાતિ ઘટકમાં છ માસથી ત્રણ વર્ષનાં નાનાં બાળકો પૈકી સામાન્ય વજનવાળા બાળકોને સરકાર દ્વારા મૂલ્યવર્ધિત કરેલ બાળશક્તિ પ્લસના સાત પેકેટ, છ માસથી ત્રણ વર્ષનાં અતિઓછાં વજનવાળાં બાળકોને બાળશક્તિ પ્લસના દસ પેકેટ આપવામાં આવે છે. તેમજ આંગણવાડી આવતાં ત્રણથી છ વર્ષનાં અતિઓછાં વજનવાળાં બાળકોને બાળશક્તિ પ્લસના ચાર પેકેટ આપવામાં આવે છે. લાભાર્થીઓના પોષણના સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ફોર્ટીફાઇડ આટો, ફોર્ટીફાઇડ ચોખા તેમજ ફોર્ટીફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત ડાંગ અને નર્મદા જિલ્લાના તમામ તાલુકામાં છ માસથી છ વર્ષનાં બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મિ.લી. ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ પણ આપવામાં આવે છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આંગણવાડીનાં બાળકોને દરરોજ કેવા પ્રકારના આહાર આપવામાં આવે છે અને આ આહારમાં કયા પોષક તત્ત્વો શું શું પ્રમાણમાં આપવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત પૂરક પોષણ આહાર માટે નિયત કરેલ પૂરક પોષણના ધોરણો મુજબ સામાન્ય વજનવાળા બાળકોને ૫૦૦ કિલો કૅલેરી અને ૧૨થી ૧૫ ગ્રામ પ્રોટીનવાળો આહાર આપવામાં આવે છે. અતિ ઓછાં વજનવાળાં બાળકોને ૮૦૦ કિલો કૅલેરી અને ૨૦થી ૨૫ ગ્રામ પ્રોટીનવાળો આહાર આપવામાં આવે છે. પૂરક પોષણનો લાભ લેતા ત્રણથી છ વર્ષનાં બાળકો માટે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડીમાં વિષય નિષ્ણાતોની મદદથી તૈયાર કરેલ મેનુ મુજબ ગરમ આહાર પૂરો પાડવામાં આવે છે. ત્રણથી છ વર્ષનાં બાળકોને સવારમાં ગરમ નાસ્તા મેનુમાં અગિયાર વાગ્યે જે નાસ્તો આપવામાં આવે છે તેની વાત કરીએ તો સોમવારના દિવસે સુખડી અને ફળ આપવામાં આવે છે. મંગળવારે વેજીટેબલ પુલાવ જેમાં સિઝનલ બાળકદીઠ દસ ગ્રામ શાકભાજીનો ઉમેરો કરી આપવામાં આવે છે. બુધવારે શીરો આપવામાં આવે છે. ગુરુવારના દિવસે લીલી ભાજીના વઘારેલા મુઠિયા આપવામાં આવે છે. શુક્રવારે શીરો અથવા સુખડી આપવામાં આવે છે. શનિવારના દિવસે ગળ્યા પુડલા અથવા ગળી ભાખરી, સુખડી, શીરો અથવા મુઠિયા બાળકની રુચિ મુજબ આપવામાં આવે છે. તે જ રીતે ત્રણથી છ વર્ષનાં બાળકોને જે ગરમ ભોજન બપોરના ૧-૩૦ વાગ્યે આંગણવાડીમાં આપવામાં આવે છે. સોમવારના દિવસે લીલીભાજી શાક ઉમેરી મસાલાવાળી ભાખરી-થેપલાં અને દરેક બાળકના હિસાબ પ્રમાણે દસ ગ્રામ સરગવાના પાન ઉમેરી તુવેર દાળનો લચકો આપવામાં આવે છે. મંગળવારના દિવસે લીલીભાજીના વઘારેલા મુઠિયા, વઘારેલા મસાલાવાળા ચણા પણ આપવામાં આવે છે. બુધવારના દિવસે ભાત-તુવેરદાળનો લચકો અને શાક આપવામાં આવે છે. એ જ રીતે ગુરુવારના દિવસે શાકભાજી ઉમેરેલો પુલાવ અને વઘારેલા ચણા આપવામાં આવે છે. શુક્રવારના દિવસે દૂધીના ઢેબરાં અને વઘારેલા ચણા આપવામાં આવે છે. શનિવારે વઘારેલા ઢોકળાં અથવા ઇડલી આપવામાં આવે છે. આમ દરરોજ મેનુમાં સરગવાના પાનનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. ઉપરોકત મેનુમાં અનાજ, કઠોળની સાથે સાથે શાકભાજી અને સરગવાના પાનનો ઉપયોગ કરી સૂક્ષ્મ પોષકતત્ત્વોમાં કેલ્શિયમ, આયર્ન, ફોલિક એસિડ અને વિટામિન બાળકોને મળી રહે તે પ્રમાણે ખોરાક આપવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પોષણસુધા યોજના અંતર્ગત શું જમાડવામાં આવે છે અને જે આંગણવાડી બહેનો જમવાનું આપે છે એને એ બદલ કેટલો ખર્ચ આપવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે અને પોષણસુધા યોજનાની વાત કરી છે તો ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ૧૦૬ આદિજાતિ આઇ.સી.ડી.એસ. ઘટકોમાં આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે તથા ભોજન લીધા બાદ આંગણવાડી કાર્યકરની દેખરેખમાં જ લોહ તત્ત્વની ગોળી પણ ગળવા માટે આપવામાં આવે છે અને દિવસમાં બે કેલ્શિયમની ગોળી ઘેરે લઇ જવા માટે આપવામાં આવે છે. બાળકના શારીરિક વિકાસ દરમ્યાન પ્રોટીનની જરૂરિયાત પૂરી પાડવા તેઓને પોષણ સ્તરમાં સુધારો લાવવાના હેતુસર દૂધ સંજીવની યોજના અંતર્ગત રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૩૮ વિકાસશીલ અને આદિજાતિ આઇ.સી.ડી.એસ.ઘટકોમાં આંગણવાડી કેન્દ્ર ઉપર નોંધાયેલ બાળકોને ૧૦૦ મીલીગ્રામ અને સગર્ભા ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ મીલીગ્રામ પેસ્ચ્યુરાઇઝ્ડ ફ્લેવર મિલ્ક પણ આપવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માત્ર એટલો જ છે કે, આ પોષણસુધા યોજના અંતર્ગત સગર્ભા બહેનોને શું જમવાનું આપવામાં આવે છે અને એની આંગણવાડીની બહેનોને કેટલા રૂપિયા ચૂકવવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપનો પહેલો પ્રશ્ન આવી ગયો. માનનીય મંત્રીશ્રી, એમનો બીજો પ્રશ્ન એ છે કે આ યોજના અંતર્ગત જે આંગણવાડીની બહેનો જમવાનું આપવા જાય છે એમને શું આપવામાં આવે છે? ભોજન પહોંચાડવાનું કામ જે બહેનો કરે છે એમને શું આપવામાં આવે છે? આપની પાસે હોય તો આપો?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકી દઇશ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા જિલ્લામાં કેટલી આંગણવાડીઓ જર્જરિત હાલતમાં છે અને કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોષણનો પ્રશ્ન છે.

**ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડિંગમાં મૂડી રોકાણ બાબત**

* ૪૮૯ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ સહાયતા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડિંગમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે, અને | (૧) રાજ્ય સરકારે તા.૦૧-૦૯-૨૦૨૦ના રોજ જાહેર કરેલ ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય આપવા માટેની યોજના હેઠળ ન્યુ બિલ્ડિંગ, અધર કન્સ્ટ્રક્શન, અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી માટે માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા, પરંતુ રૂ. ૩૦ કરોડની મર્યાદામાં સહાય આપવાનું ઠરાવેલ છે. આ ઉપરાંત હોસ્ટેલ / ડોરમેટરીના નવા બિલ્ડિંગના બાંધકામના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા, પરંતુ રૂ. ૨૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે. |
| (૨) આ યોજના હેઠળ વનબંધુ તાલુકામાં ઔદ્યોગિક પાર્ક માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડિંગ સહાયમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે ? | (૨) રાજ્ય સરકારે તા.૦૧-૦૯-૨૦૨૦ના રોજ જાહેર કરેલ ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય આપવા માટેની યોજના હેઠળ ન્યુ બિલ્ડિંગ, અધર કન્સ્ટ્રક્શન, અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી માટે માન્ય સ્થાયી મૂડીરોકાણના ૫૦ ટકા, પરંતુ રૂ. ૩૦ કરોડની મર્યાદામાં સહાય આપવાનું ઠરાવેલ છે. આ ઉપરાંત હોસ્ટેલ / ડોરમેટરીના નવા બિલ્ડિંગના બાંધકામના થયેલ ખર્ચના ૨૫ ટકા પરંતુ રૂ. ૨૦ કરોડની મર્યાદામાં મળવાપાત્ર છે.<br>શરત – જો ભારત સરકારની પણ સહાય મેળવવામાં આવી હશે તો, પ્રોજેક્ટ કોસ્ટના ૬૦ ટકાથી (વનબંધુ તાલુકામાં ૮૦ ટકા) વધુ સહાય મળવાપાત્ર થશે નહીં. |

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક પાર્કને સહાય યોજના ૨૦૨૦ અંતર્ગત ઔદ્યોગિક પાર્ક બનાવવા માટે ઓછામાં ઓછો કેટલો જમીન વિસ્તાર હોવો જોઇએ? મારો બીજો પ્રશ્ન છે કે, ઔદ્યોગિક પાર્ક સહાય યોજના વર્ષ ૨૦૨૦ હેઠળ રાજયમાં કેટલા ઔદ્યોગિક પાર્કને રજિસ્ટ્રેશન આપવામાં આવેલ છે અને, તેનું સૂચિત મૂડી રોકાણ કેટલું છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે, ઔદ્યોગિક પાર્ક સહાય યોજના ૨૦૨૦ હેઠળ સુરત જિલ્લામાં કેટલા ઔદ્યોગિક પાર્કને રજિસ્ટ્રેશન આપવામાં આવેલ છે અને તેનું સૂચિત મૂડી રોકાણ કેટલું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછયું છે કે, સન ૨૦૨૦ના પાર્કની સહાય યોજના અંતર્ગત પાર્ક બનાવવા માટે ઓછામાં ઓછી ૨૦ હેકટરની જમીનની જરૂર છે, પરંતુ વનબંધુ તાલુકામાં ઔદ્યોગિક પાર્ક બનાવવા માટે ઓછામાં ઓછી ૫ હેકટર જમીન આપવાની હોય છે. ઔદ્યોગિક પાર્કની સહાય યોજના હેઠળ રાજયમાં ૪૩ પાર્કનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને તેનું સૂચિત મૂડી રોકાણ ૪૭૯૧ કરોડ રૂપિયા થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમનો ત્રીજો પ્રશ્ન શું હતો ?

અધ્યક્ષશ્રી : તમે ત્રણ-ચાર પ્રશ્નો પૂછી લીધા એટલે છેલ્લો પ્રશ્ન ફરી પૂછો.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, ઔદ્યોગિક પાર્ક સહાય યોજના-૨૦૨૦ હેઠળ સુરત જિલ્લામાં કેટલા ઔદ્યોગિક પાર્કને રજિસ્ટ્રેશન આપવામાં આવેલ છે ? અને તેનું સૂચિત મૂડી રોકાણ કેટલું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૮ પાર્કનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને તેનું સૂચિત મૂડી રોકાણ રૂપિયા ૭૩૬ કરોડનું છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક પાર્ક સહાય યોજના-૨૦૨૦માં ઔદ્યોગિક પાર્ક સહાય પ્રોજેકટ રજિસ્ટ્રેશનની સત્તા કોને આપવામાં આવે છે ?

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રજિસ્ટ્રેશનની સત્તા ઉદ્યોગ કમિશનર પાસે છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક સહાય યોજના-૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજયના કુલ કેટલા જિલ્લામાં કેટલા વનબંધુ તાલુકાઓ જાહેર કરવામાં આવેલા છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૧૪ જિલ્લાઓ અને ૫૩ તાલુકાઓ વનબંધુ જાહેર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : વનબંધુમાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક કે ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં વનબંધુ ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે અલગ પ્રકારની સુવિધા છે.

અધ્યક્ષશ્રી : બરાબર છે, ટ્રાયબલ એરિયાની અંદર વધારે સુવિધા આપવી તે બરાબર છે, ઠીક છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ પ્રમાણે એક સુરત જિલ્લામાં છે. ૭ જેટલા ઔદ્યોગિક પાર્કને ૭૦૦ કરોડ રૂપિયા ઉપરના ખર્ચથી મંજૂરી આપી છે. અમદાવાદથી વાપી સુધીનો જે ઔદ્યોગિકરણ બેલ્ટ છે તે વિસ્તારોમાં જ થાય છે, તો આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે જિલ્લાઓ આ ઔદ્યોગિક વિકાસની અંદર પાછળ છે અથવા તો જે વિસ્તારોમાં ઉદ્યોગો મોટા પાયે બંધ થયા છે, એ જિલ્લાઓ માટે આ જે ઇન્ફ્રાસ્ટ્રકચર યોજના છે તે ઔદ્યોગિક પાર્ક માટેની તેના માટે કોઇ વિશેષ પેકેજ આપવાની કે વિશેષ સહાય આપવાની જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે ઔદ્યોગિક પાર્ક પ્રાઇવેટ સાથે આવે અને જોડાય તેના માટે આમ તો બધાજ પ્રકારની સહાય તે મેં મારા જવાબમાં આપી છે. આપ કહો તો હું તે ફરીથી વાંચી જાઉં.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તે આપ ટેબલ ઉપર મૂકજો પણ મારો પ્રશ્ન એટલો છે કે, જે વિસ્તારોની અંદર ઔદ્યોગિક વિકાસ નહિવત થયો છે અથવા તો અમારો પોરબંદર જિલ્લો એવો છે કે મોટા..

અધ્યક્ષશ્રી : નહીં, જે વિસ્તારમાં નથી ત્યાં કરવા માગો છો કે કેમ ? તેના માટે કંઇક વિશેષ વિચારો છો કે કેમ ? શ્રી અર્જુનભાઇ, સમજી ગયા હવે આપની વાત જ કરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ જ વાત કરી કે, સમગ્ર ગુજરાતની અંદર જયાં પાર્ક સ્થપાય ત્યાં આગળ સરકારની યોજના છે. વધુમાં વધુ મૂડી રોકાણના આપણે ૨૫ ટકા આપીએ છીએ અને પૂરેપૂરી મૂડીનું રોકાણ થાય તો ૩૦ કરોડ રૂપિયા કોઇ પણ પાર્ક કરે તેની વ્યવસ્થા ગુજરાત સરકારે કરેલી છે. બીજું, માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે કયાંય નથી તો આપણે ચોક્કસપણે એ બાબતની કાર્યવાહી થાય એ રીતે લોકોને સમજાવવાના કે પોરબંદરમાં તમે આ કરો તે બાબતનું આપનું જે સૂચન છે તેમાં અમે નિયમ મુજબ ચાલીશું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિજાતિ જિલ્લાઓમાં જે ટ્રાયબલ તાલુકાઓ છે એ વર્ષો સુધી ભૂતકાળની સરકારોમાં વિકાસથી વંચિત હતા. ત્યાં વિકાસ થઇ શકે એના માટે આ રાજ્ય સરકારે ઉદ્યોગો માટેની ખૂબ સરસ યોજના ઘડી છે. એ બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને હું ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આ વનબંધુ તાલુકામાં સહાયના ધોરણો અન્ય તાલુકા કરતાં કઇ રીતે અલગ પડે છે અને અત્યાર સુધી સુરત જિલ્લામાં ક્યા-કયા તાલુકાઓમાં કેટલું-કેટલું રજિસ્ટ્રેશન થયું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જિલ્લાઓને ૨૫ ટકા સહાય આપીએ છીએ જ્યારે વનબંધુ તાલુકાઓમાં ૫૦ ટકાની સહાય કરતાં હોઇએ છીએ અને મૂડીના રૂ.૩૦ કરોડ પ્રમાણે આપણે એનું આયોજન કરતા હોઇએ છીએ. એમનો બીજો પ્રશ્ન હતો કે એના જવાબમાં વનબંધુ વિસ્તારમાં પાંચ તાલુકાના પાર્કનું રજિસ્ટ્રેશન થયું છે અને સદર પાર્કનું મૂડીરોકાણ રૂ.૨૧૩ કરોડ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા વિધાનસભા મતવિસ્તારના ત્રણેય તાલુકાઓ વિજયનગર, પોશીના અને ખેડબ્રહ્મા વનબંધુ તાલુકામાં સમાવિષ્ટ છે. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ ત્રણ તાલુકામાં કોઇ ઔદ્યોગિક પાર્ક આગામી દિવસોમાં આવે એવું કોઇ આયોજન છે કે કેમ? અને જી.આઇ.ડી.સી.ની સ્થાપના આ ત્રણ તાલુકામાં થાય એવી કોઇ દરખાસ્ત અત્યારે આ યોજનામાં છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ લોકો પાર્ક કરતા હોય છે. આપ પણ મદદ કરજો. સરકાર તરફથી પૂરતી વ્યવસ્થા છે અને પેમેન્ટથી લઇને આટલી મોટી સુવિધાઓ છે તો આપણે બધા સાથે મળીને કરીશું. એ ત્રણ તાલુકાઓમાં પણ આપણે ચોક્કસ વ્યવસ્થા કરી શકીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મારી વિધાનસભા વિસ્તાર બહેરામપૂરામાં સૌથી જૂની જી.આઇ.ડી.સી. આવેલી છે. એ વખતે ૩૬ પ્લોટ ફાળવ્યા હતા એમાંથી લગભગ ૭૦ ટકા પ્લોટ બંધ છે. લગભગ આઠ જેટલી ફેક્ટરીઓ ચાલુ છે. આજુબાજુ પૂરેપૂરો રહેઠાણ વિસ્તાર થઇ ગયો છે એના કારણે ફેક્ટરીઓ બંધ છે. એને બીજી જગ્યાએ શિફ્ટ કરવા માટે સરકાર કોઇ વિચારણા કરવા માગે છે કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પાર્કનો છે. જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન હશે તો સભ્યશ્રી ચોક્કસ મને કહી શકે છે. આપનું સૂચન છે એ અમે જોઇ લઇશું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કોઇ નવા ઉદ્યોગો આવે એ માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મેં હમણા જેમ કહ્યું એમ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું સૂચન છે કે આપણે દરેક તાલુકામાં અને દરેક જિલ્લાવાર ઉદ્યોગો સ્થપાય એના માટેની કોશિશ કરી રહ્યા છીએ.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જી.આઇ.ડી.સી. ઉપરાંત ઘણી બધી પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીઝ અને એસ્ટેટ હોય છે જેમાં ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી ઊભી થતી હોય છે. ત્યાં માળખાગત સુવિધાઓનો ઘણો અભાવ હોય છે. સરકાર ૧૦ કરોડ સુધી મદદ કરે છે એની મને જાણ છે પરંતુ એટલું પૂરતું નથી. એવા સંજોગોમાં જે રોજગારી મળે છે એ સતત વધતી રહે અને ગુજરાતનું ઇન્ડસ્ટ્રીઝ ખાતે જે નામ છે, એમાં વધારો થાય અને એમાં માળખાગત સુવિધામાં વધારો થાય એના માટે સહાયમાં કંઇ વધારો કરવા માટે એમની પાસે કોઇ યોજના છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે તેમાં આ બજેટમાં પણ રૂ. ૧૫૦૦ લાખ ફાળવ્યા છે. આ પ્રકારની જ્યાં જ્યાં તકલીફ હોય ત્યાં આપણે મદદરૂપ થતા હોઇએ છીએ.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક માટે કોઈ રજિસ્ટ્રેશન થયેલ છે કે કેમ? અને તેમાં ભારત સરકાર દ્વારા કોઈ મદદ કરવામાં આવે છે કે કેમ અને જો કરવામાં આવતી હોય તો કેટલી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૪૭થી વધારે પાર્કનું લિસ્ટ છે. જે હું માનનીય સભ્યશ્રીને મોકલી આપીશ. ભારત સરકાર પણ તેમાં મદદરૂપ થયેલી છે. વનબંધુ હોય તો ૬૦ ટકા અને ૮૦ ટકાથી વધારે સહાય થવી જોઇએ એટલે ૮૦ ટકા સુધીની સહાય આપતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : બધાને જાણકારી રહે એટલે સરકાર તો જી.આઈ.ડી.સી. માટે કામ કરતી હોય છે, પરંતુ જે તે વિસ્તારમાં ધારાસભ્યશ્રીઓ કોઈ પ્રાઈવેટ જી.આઈ.ડી.સી. ડેવલપ કરાવવાનું કામ કરાવડાવે તો પણ રૂ. ૩૦ કરોડ અને રૂ. ૨૦ કરોડ એમ કરીને રૂ. ૫૦ કરોડની સબસિડીની રાજ્ય સરકાર મદદ કરે તેવી પોલિસિ છે તેવું માનનીય મંત્રીશ્રીના જવાબ પરથી મને જણાયું.

### અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૪૮૫ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૨૧૪૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૦૯૮ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૪૩.૫૦ લાખ. |

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું ધંધુકા વિધાનસભામાંથી ચૂંટાઇને આવ્યો છું અને આ વિધાનસભા ગૃહમાં મને પહેલી વાર બોલવાની તક મળી છે તે બદલ હું આપનો, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો અને આ ગૃહના તમામ સભ્યશ્રીઓનો આભાર માનું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય મેળવવા માટે પાત્રતાના માપદંડ ક્યા-ક્યા છે? અરજી સાથે કયા પૂરાવા રજૂ કરવાના હોય છે? અરજી કરવાની કાર્યપદ્ધતિ શું છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈનું મામેરું યોજનામાં કન્યાની ઉંમર ૧૮ વર્ષ તથા યુવકની ઉંમર ૨૧ વર્ષથી ઓછી ન હોવી જોઈએ. એક કુટુંબમાં બે દીકરી સુધી લગ્ન પ્રસંગે લાભ આપવામાં આવે છે. શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૬ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. અરજદારે લગ્નના બે વર્ષમાં સહાય માટે અરજી કરવાની હોય છે. અરજી સાથે કન્યાનું આધાર કાર્ડ, કન્યાના પિતા/વાલીનો સક્ષમ અધિકારીશ્રીનો આવકનો દાખલો, લગ્ન રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંક પાસબુક અને રદ કરેલા ચેકનો નમૂનો પૂરાવા તરીકે આપવામાં આવે છે. અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહે છે. સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓને પોતાના જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ), જિલ્લા

સમાજ કલ્યાણ અધિકારીને અરજી કરવાની રહે છે. આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ અથવા જિલ્લાની હોય તે જિલ્લાને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. કુંવરબાઈનું મામેરું અને સાત ફેરા સમૂહ લગ્ન આ બંને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહિ તેવી બાહેંધરી મેળવીને સમૂહ લગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી બંને યોજનાનો લાભ લઈ શકશે. સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ડોક્યુમેન્ટની ચકાસણી કરી તેઓના અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ), જિલ્લા કચેરીને આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે. જિલ્લા કક્ષાએ જિલ્લા અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા અરજદારને અરજી મંજૂર કરી ડી.બી.ટી.ના માધ્યમથી ડાયરેક્ટ કન્યાને નિયમોનુસાર સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનામાં જે વધારો કર્યો એ ક્યારે-ક્યારે કરવામાં આવ્યો?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનામાં જે લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે એ સહાયની વાત કરું તો, તા.૦૨-૦૫-૧૯૯૫માં રૂ.૫૦૦૦ની સહાય આપવાનું ઠરાવેલ હતું, એમાં તા.૧૩-૪-૨૦૧૨ના રોજ રૂ.૫૦૦૦નો વધારો કરીને રૂ.૧૦,૦૦૦ કરવામાં આવેલ છે. એ જ રીતે તા.૦૩-૦૬-૨૦૨૧ એટલે કે, તા.૦૧-૦૪-૨૦૨૧થી સહાયની રકમ જે રૂ. ૧૦,૦૦૦ હતી એમાં રૂ.૨,૦૦૦નો વધારો કરી રૂ.૧૨,૦૦૦ કરવામાં આવેલ છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનાના માધ્યમથી ઘણા બધા જરૂરિયામંદ પરિવારોને સહાય મળે છે અને દીકરા-દીકરીઓના લગ્ન થઇ શકે છે તે માટે અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સરકારશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી છે? કેટલી અરજીઓ મંજૂર થઇ છે? અને સહાય તરીકે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, અમદાવાદ જિલ્લાની તાલુકાવાર એમણે જે યાદી માંગી છે એ પ્રમાણે અમદાવાદ સિટીની વાત કરીએ તો ૧૩૮૨ અરજીઓ મળી, ૧૩૪૦ મંજૂર કરવામાં આવી અને રૂ.૧૫૫.૮ લાખની સહાય ચૂકવવામાં આવી. દસક્રોઇની વાત કરું તો ૪૨ અરજીઓ મળી, ૩૯ મંજૂર કરવામાં આવી અને રૂ. ૪.૫૬ લાખની સહાય ચૂકવવામાં આવી. સાણંદની વાત કરું તો ૨૮ અરજીઓ મળી એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૩.૩૪ લાખની સહાય ચૂકવવામાં આવી. બાવળાની વાત કરું તો ૭૧ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂ. ૮.૩૨ લાખની સહાય ચૂકવવામાં આવી. ધોળકાની વાત કરું તો ૨૦૫ અરજીઓ મળી, ૨૦૪ મંજૂર કરવામાં આવી અને રૂ. ૨૩.૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી. વિરમગામની વાત કરું તો ૧૦૨ અરજીઓ મળી, ૧૦૧ મંજૂર કરવામાં આવી અને રૂ. ૧૧.૮૦ લાખની સહાય ચૂકવવામાં આવી. દેત્રોજની વાત કરું તો ૨૩ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂ. ૨.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી. માંડલની વાત કરું તો ૪૩ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂ. ૫.૪ લાખની સહાય ચૂકવવામાં આવી. ધંધુકાની વાત કરું તો ૨૧૨ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂ. ૨૪.૫૬ લાખની સહાય ચૂકવવામાં આવી. એ જ રીતે, ધોલેરાની વાત કરું તો, ૩૭ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂ. ૪.૩૨ લાખની સહાય ચૂકવવામાં આવી. આમ, કુલ ૨૦૯૮ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂ. ૨ કરોડ ૪૩ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવી.

**અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૬૩૫ **શ્રી કિરીટસિંહ ડાભી** (ધોળકા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૭૩ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૧,૯૬,૫૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાનો હેતુ શું છે? અને આ યોજનામાં હાલમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, હિંદુ ધર્મના અનુસૂચિત જાતિના વ્યકિત અને હિંદુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યકિત દ્વારા સામાજિક

સમરસતા લાવવાના ભાગરૂપે ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સહાયની વિગતની વાત કરું તો, આ યોજના હેઠળ રૂપિયા ૨ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. પતિ, પત્નીના સંયુકત નામે નાની બચતના રૂપિયા ૧ લાખના પ્રમાણપત્ર આપવામાં આવે છે અને ઘરવખરી વપરાશનાં સાધનો ખરીદવા માટે રૂપિયા ૧ લાખ ૫૦ હજારની સહાય આપવામાં આવે છે. આમ, કુલ મળીને રૂપિયા ૨ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દલિત સમાજનો યુવક એ દલિત સમાજની દીકરી સાથે જ પરણતો હોય છતાં પોતાના ગામમાં વરઘોડા ઉપરથી ઉતારી દેવાની ઘણી ઘટનાઓ બની. તો આંતરજ્ઞાતિય લગ્નોમાં જયારે દલિત સમાજનો યુવક બીજા કોઇ સમાજની દીકરી સાથે પરણતો હોય તો સ્વાભાવિક રીતે ઘણીવાર એના જીવનું જોખમ ઉભું થતું હોય છે. તો આપણે આર્થિક સહાય તો કરીએ છીએ પણ એમને પોલીસ પ્રોટેક્શન મળી રહે એ બાબતે માનનીય મંત્રીશ્રીનું શું કહેવું છે અને એ બાબતે કોઇ વિચારણા ખરી? અને તાજેતરમાં પોરબંદરમાં દલિત સમાજનો યુવક જેને બીજા સમાજની દીકરી સાથે લગ્ન કરેલા અને (વચ્ચે અટકાવતા)...

અધ્યક્ષશ્રી : શ્રી જિજ્ઞેશભાઇ, આ પ્રશ્ન અમદાવાદ જિલ્લાનો છે, એટલે તમે એનું ઉદાહરણ ચોક્કસ આપી શકશો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ સિરિયસ મેટર છે. પોરબંદર પોલીસ સ્ટેશનમાંથી દીકરીને ભગાડીને એનાં મા-બાપ લઇ ગયા.

અધ્યક્ષશ્રી : એના માટે તમને અલગથી પૂછવાનો મોકો મળશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : એટલે રાજયની સરકાર આ બાબતે પોલીસ પ્રોટેક્શન આપવા માગે છે કે કેમ? એ મારો સવાલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શ્રી જિજ્ઞેશભાઇનો પ્રશ્ન અમદાવાદ જિલ્લાનો છે, છતાં પણ જો આપની પાસે માહિતી હોય તો આપી શકો છો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં અમદાવાદ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા યુગલોને કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, એમને જે પ્રમાણે યાદી માગી છે એ પ્રમાણે વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ રૂપિયા ૧૦૪ લાખની સહાય આપવામાં આવી અને ૨૦૮ની સિદ્ધિ મળી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૯૯.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે અને ૧૬૮ની સિદ્ધિ મળી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૨૩૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે અને ૧૫૩ની સિદ્ધિ મળી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨૨૧ લાખની સહાય ચૂકવવામાં આવી છે અને ૨૨૧ની સિદ્ધિ મળી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨૯૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે અને ૨૯૩ની સિદ્ધિ મળી છે. વર્ષ ૨૦૨૨-૨૩ અને ડિસેમ્બર માસના અંત સુધીમાં રૂપિયા ૧૬૯.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે અને ૨૫૩ની સિદ્ધિ મળી છે. આમ અંકે રૂપિયા ૧૧ કરોડ ૧૯ લાખ પૂરા આપવામાં આવ્યા છે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લગ્નની સહાય મેળવવા માટે લગ્નની પાત્રતા અને માપદંડ શું છે? અને અરજી સાથે કયા પૂરાવા રજૂ કરવાના હોય છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઇ એક વ્યકિત અનુસૂચિત જાતિની હોવી જોઇએ. આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઇ એક વ્યકિત ગુજરાતની મૂળ વતની હોવી જોઇએ. આવા લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન બાદ બે વર્ષની અંદર આ યોજના હેઠળ સહાય મેળવવા માટે અરજી કરવાની રહેશે. આંતરજ્ઞાતિય લગ્ન કરનાર પરપ્રાંતિય વ્યકિતનાં મા-બાપ ગુજરાત રાજ્યમાં પાંચ વર્ષથી વસવાટ કરતા હોવા જોઇએ. અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતિય હોય તો તેણે તે પ્રાંત કે રાજ્યનું અસ્પૃશ્યતા ન ગણાતી હોય તેવો હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પણ પ્રમાણપત્ર આપવાનું રહેશે અને વિધુર કે વિધવા જેને બાળક ન હોય તેવી વ્યકિતઓ જો પુનઃ લગ્ન કરવા ઇચ્છે તો તેને પણ આ યોજના હેઠળ સહાય આપવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના**

* ૬૪૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ | (૧) ૩૨૦ |

યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

| | | | |
|---|---|---|---|
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) | ૩૨૦ |
| (૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) | રૂ. ૫,૩૯,૫૦૦ |
| (૪) | કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) | ૦ |

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ અરજી કેવી રીતે અને કયાં કરવાની હોય છે? અરજી મંજૂર કરવાની સત્તા કોને છે અને આ યોજના હેઠળ સહાય કેવી રીતે આપવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ યોજનાના અરજીપત્રકો ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે જે તે શાળા સંસ્થાના આચાર્યશ્રીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની ઓનલાઇન અરજી કરીને સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ ફોરવર્ડ કરવાની હોય છે. ડિગ્રી, ડિપ્લોમા, આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપરની વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ અરજીઓ કોલેજ, સંસ્થા, આઇ.ટી.આઇ.ના આચાર્યશ્રીના લોગઇનમાં જાય છે. તેની ચકાસણી કર્યા બાદ સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ ફોરવર્ડ કરવાની રહેશે. સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓના ફોર્મની ચકાસણી કરીને શિષ્યવૃત્તિની ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. દિવ્યાંગ શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને છે. સહાય કેવી રીતે આપવામાં આવે છે એની વાત કરું તો આ યોજના હેઠળની સહાય વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. એટલે કે ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર હેઠળ શિષ્યવૃત્તિની સહાય વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. મારફતે જિલ્લા કક્ષાએ જમા કરાવવાની હોય છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે વિકલાંગ હોય છે, એને ૮૦ ટકા સુધી વિકલાંગતા હોય તો એને જ ૧ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. તો એ સહાયમાં વધારો કરવા માગો છો કે નહીં? અને બીજું ઝીરોથી વીસનો સ્કોર હોય અને બી.પી.એલ. કાર્ડ ધારક એને જ આ લાભ મળે છે. વિકલાંગ વ્યક્તિને ઝીરોથી વીસનો સ્કોર ન હોવો જોઇએ. મારું એક સૂચન પણ છે. એને બદલે આવક મર્યાદા સાથે થાય તો ગુજરાતના ઘણાબધા વિકલાંગોને ફાયદો થાય તેમ છે. ત્રીજો પ્રશ્ન છે કે ૮૦ ટકા વિકલાંગ હોય તો એને લાભ મળે છે તેના બદલે ૫૦ ટકા સુધી કરવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ દિવ્યાંગો પ્રત્યે પોતાની લાગણી વ્યકત કરી છે. તો આવનારા દિવસોમાં એમનાં જે પણ સૂચનો છે એ અમે ધ્યાનમાં લઇશું.

અધ્યક્ષશ્રી : હા. હજુ છે કાંઈ?

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તા.૧૦-૧-૨૦૨૩ના રોજ લેખિતમાં પૂછયું હતું કે આની અંદર બજેટમાં વધારો થાય. મને ખબર છે કે સરકારે આજદિન સુધી વિકલાંગોને જે લાભ આપ્યા છે એવો લાભ ભૂતકાળમાં કોઇ સરકારે આપ્યો નથી. પરંતુ એમાં કંઇક વધારો થાય, કારણ કે મારા વિસ્તારના ઘણા બધા વિકલાંગોએ આવીને મને ફરિયાદ કરી હતી અને ગુજરાતમાંથી ઘણા બધા મારી પાસે આવેલા. હું શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલો છું.

અધ્યક્ષશ્રી : માનનીય ધવલસિંહભાઇ, મંત્રીશ્રીએ આપના પ્રશ્નને પોઝિટિવ લીધો છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કયા દરે શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે ધોરણ ૧થી ૮ના જે ડે સ્કોલર માટે રૂપિયા ૧૫૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. ધોરણ ૯થી ૧૨ના આઇ.ટી.આઇ. સમકક્ષ ડે સ્કોલર માટેના દરમાં રૂપિયા ૨ હજારની સહાય ચૂકવવામાં આવે છે. ધોરણ ૯થી ૧૨ અને આઇ.ટી.આઇ. સમકક્ષ હોસ્ટેલર માટેના દરોમાં રૂપિયા ૨૫૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે બી.એ., બી.એસ.સી. બી.કોમ., અને તેને સમકક્ષ અભ્યાસક્રમો હોય ડે સ્કોલર માટે તેઓને રૂપિયા ૩ હજારની સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે બી.એ., બી.એસ.સી., બી.કોમ અને તેને સમકક્ષ જે અભ્યાસક્રમ છે તેમાં હોસ્ટેલમાં છે તેમને રૂપિયા ૩૭૫૦ ની સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે બી.એડ, બી.ઇ., બી.ટેક, એલ.એલ.બી., બી.સી.એ. અને એમ.બી.બી.એસ. અને તેને સમકક્ષ જે અભ્યાસક્રમો છે, તેમજ ડિપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જિનિયરિંગ, સ્ટડી ઇન પ્લાન્ટ ટ્રેનિંગ અને તેને સમકક્ષ ડે સ્કોલર માટેનો જે દર છે એ રૂપિયા ૩૫૦૦ ચૂકવવામાં આવે છે. એ જ રીતે બી.એડ, બી.ઇ., બી.ટેક, એલ.અલ.બી., બી.સી.એ., એમ.બી.બી.એસ. અને તેને સમકક્ષ અભ્યાસક્રમો તેમજ ડિપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જિનિયરિંગ, સ્ટડી ઇન પ્લાન્ટ ટ્રેઇનિંગ અને તેને સમકક્ષ હોસ્ટેલર માટે રૂપિયા ૪૫૦૦ ચૂકવવામાં આવે છે. એ જ રીતે એમ. એસ. સી., એમ. ફીલ, એલ.એલ.એમ., જેમાં ડે સ્કોલર માટે રૂપિયા ૩૫૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. એલ.એલ.એમ., એમ.એડ, જે હોસ્ટેલ માટે છે તેને રૂપિયા ૪૫૦૦ ચૂકવવામાં આવે છે અને અંધ વ્યક્તિઓ માટે જે રીડર એલાઉન્સ છે તેઓને એક થી આઠ સિવાયના રૂપિયા ૧૫૦૦ની સહાય ચૂકવવામાં આવે છે.

**વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના**

* ૪૫૦ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૭ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૦૫૪૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આજે બધા પ્રશ્નો તમારા જ છે. એક જ શ્રી બલવંતસિંહભાઇનો આવ્યો છે. એટલે હવે તમે જવાબો લાંબા આપો કે ટૂંકા આપો.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના ક્યારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આપનો આભાર માનું છું કે મને વધુ સમય પ્રશ્ન માટે, જે કાંઈ વિગતો મારી પાસે છે એ પ્રમાણે વિગત આપી શકું એના માટેની તમે મંજૂરી આપી છે એટલે આપનો આભાર પણ માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી, (અંતરાય) (શ્રી શૈલેષભાઈ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાને ઝાંસીની રાણી છે એમ કોમેન્ટ કરતાં)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઈ, બેનને ઝાંસીના રાણીનું બિરુદ આપે છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : શ્રી શૈલેષભાઈ આપનો આભાર. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર તા. ૩૧-૦૭-૨૦૦૯ના ઠરાવથી ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. એના હેતુ વિશે વાત કરીએ તો જે દિવ્યાંગો છે એ દિવ્યાંગ તીવ્ર દિવ્યાંગતા ધરાવતી જે વ્યક્તિ છે, એ વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમ જ તેઓને નાણાકીય સહાય પૂરી પાડી તેમનું સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના મારફત મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લામાં નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના હેઠળ તા. ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ સુધી તાલુકા વાર કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જણાવવા માગું છું કે, તાલુકાવાઈઝ અરજીઓની વાત કરું તો વડોદરા શહેરમાં આઠ અરજી મળી, આઠ મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૪૨૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. વડોદરા ગ્રામ્ય ની વાત કરું તો ત્રણ અરજીઓ મળી, ત્રણ મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૫૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી. સાવલી ની વાત કરું તો બે અરજી મળી, બંને મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૧૧૬૦૦ ની સહાય ચૂકવવામાં આવી. વાઘોડિયાની વાત કરું, એક અરજી મળી એક મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૯૬૦૦ની સહાય ચૂકવવામાં આવી.ડભોઇમાં ૨ અરજીઓ મળી, બન્ને મંજૂર કરવામાં આવી અને ૧૨,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. પાદરામાં ૪ અરજીઓ મળી, ૪ અરજી મંજૂર કરવામાં આવી અને ૧૫,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. કરજણમાં ૬ અરજીઓ મળી, ૬ અરજી મંજૂર કરવામાં આવી અને ૪૬,૪૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. શિનોરમાં ૮ અરજીઓ મળી, ૮ અરજી મંજૂર કરવામાં આવી અને ૪૮,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. દેસરમાં ૩ અરજીઓ મળી, ૩ અરજી મંજૂર કરવામાં આવી અને ૧૪,૨૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. આમ કુલ ૩૭ અરજીઓ મળી. તમામ અરજી મંજૂર કરવામાં આવી અને ૨,૦૫,૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા.

**ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

*૬૩૮ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૩૭૭૨ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૭૬૦ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪૩૯.૯૦ લાખ. |

## તા. ૨જી માર્ચ, ૨૦૨૩
## તારાંકિત પ્રશ્નો

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરું યોજનામાં ગીર સોમનાથ જિલ્લામાં પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીને સહાય ચૂકવવામાં આવી છે અને તે અંગે કેટલો ખર્ચ થયો છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ ૧૩,૧૮૮ લાભાર્થીઓને ૧૪,૨૪,૨૫,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સમુહ લગ્નમાં જે કન્યાઓના લગ્ન થયા હોય તો આપણે તેમને આ યોજનાનો લાભ આપી શકીએ છીએ? જો આપી શકતા હોઇએ તો સમુહ લગ્નમાં કેટલી સંખ્યા હોય તો આપણે તેમને ત્યાં જઇને લાભ આપી શકીએ છીએ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : કન્યાના સમૂહલગ્નમાં લગ્ન થયા હોય તો કુંવરબાઇનું મામેરું યોજના તેમજ સાત ફેરા સમૂહલગ્ન યોજના આ બન્નેનો લાભ આપવા પાત્ર બનતો હોય છે અને સમૂહલગ્નનું જ્યાં આયોજન હોય છે ત્યાં આપણે તે લોકોને સહાય ચૂકવતા હોઇએ છીએ.

શ્રી પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરું યોજનાનો લાભ લેવા માટે શું આવક મર્યાદા નિર્ધારિત કરેલી છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનાનો લાભ લેવા માટે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં ૬ લાખ રૂપિયાની આવક મર્યાદા નિર્ધારિત કરેલી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુંવરબાઇનું મામેરું યોજનામાં કયા કયા નીતિ-નિયમો, ધારાધોરણો છે અને કુંવરબાઇનું મામેરું યોજનામાં કન્યાદીઠ કેટલી રકમ આપવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : મારા અગાઉના જવાબમાં આ પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

**રાજકોટ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

* ૪૭૩ **ડૉ. દર્શિતા શાહ** (રાજકોટ પશ્ચિમ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

**જવાબ**

(૧) ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ સુધી મળેલ તાલુકાવાર અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેર દક્ષિણ | ૧૦૫૩ |
| ૨ | રાજકોટ શહેર પૂર્વ | ૧૪૯૦ |
| ૩ | રાજકોટ તાલુકો | ૮૬૧ |
| ૪ | રાજકોટ શહેર પશ્ચિમ | ૧૧૪૦ |
| ૫ | ગોંડલ તાલુકો | ૬૦૪ |
| ૬ | ગોંડલ શહેર | ૪૭૪ |
| ૭ | લોધિકા | ૧૬૭ |
| ૮ | જેતપુર | ૫૫૮ |
| ૯ | જસદણ | ૬૬૧ |
| ૧૦ | ધોરાજી | ૫૮૬ |
| ૧૧ | ઉપલેટા | ૭૨૭ |
| ૧૨ | જામ કંડોરણા | ૨૦૮ |
| ૧૩ | પડધરી | ૨૫૦ |
| ૧૪ | વિછીયા | ૩૩૫ |
| ૧૫ | કોટડા સાંગાણી | ૨૧૧ |
| ૧૬ | જેતપુર શહેર | ૫૪૧ |
| | | **૯૮૬૬** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર દક્ષિણ | ૧૦૫૩ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | રાજકોટ શહેર પૂર્વ | ૧૪૭૫ | ૭ |
| ૩ | રાજકોટ તાલુકો | ૮૩૩ | ૨૨ |
| ૪ | રાજકોટ શહેર પશ્ચિમ | ૧૦૪૨ | ૪૬ |
| ૫ | ગોંડલ તાલુકો | ૫૪૩ | ૬૧ |
| ૬ | ગોંડલ શહેર | ૪૬૯ | ૫ |
| ૭ | લોધિકા | ૧૩૯ | ૨૮ |
| ૮ | જેતપુર | ૫૩૯ | ૧૪ |
| ૯ | જસદણ | ૬૬૧ | ૦ |
| ૧૦ | ધોરાજી | ૪૮૫ | ૮૬ |
| ૧૧ | ઉપલેટા | ૫૯૩ | ૧૦૯ |
| ૧૨ | જામ કંડોરણા | ૧૫૩ | ૩૦ |
| ૧૩ | પડધરી | ૨૪૨ | ૨ |
| ૧૪ | વિછીયા | ૨૯૫ | ૪૦ |
| ૧૫ | કોટડા સાંગાણી | ૧૭૩ | ૩૭ |
| ૧૬ | જેતપુર શહેર | ૫૨૮ | ૬ |
| | | **૯૨૨૩** | **૪૯૩** |

(૩) મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ. ૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મને આ સન્માનનીય ગૃહમાં સૌ પ્રથમ વખત પ્રશ્ન પૂછવાનો મોકો આપ્યો તે બદલ માનનીય અધ્યક્ષશ્રી અને સન્માનનીય ગૃહની ખૂબ ખૂબ આભારી છું. આજે સમગ્ર ભારતના પ્રસિદ્ધ કવિયત્રી, પ્રથમ મહિલા રાજ્યપાલ અને સ્વાતંત્ર્ય સેનાની શ્રીમતી સરોજિની નાયડુજીની પુણ્યતિથિ છે. એ નિમિત્તે સન્માનનીય ગૃહ વતી તેમને શતશત વંદન કરું છું અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આપણા લોકલાડિલા વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા દરેક નારીઓ વધુને વધુ સક્ષમ બને, સમર્થ બને આત્મનિર્ભર બને એ માટે વધુને વધુ યોજના, વધારેને વધારે સહાય આપવામાં આવી રહી છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા વિધવા સહાય યોજનાને બદલે ગંગાસ્વરૂપ એવું સન્માનનીય નામ આ બહેનોને આપવામાં આવ્યું છે. આપના માધ્યમથી દરેક બહેનને પોતાના બહેન જેવા લાગતા અને ગુજરાતના એકમાત્ર મહિલા કેબિનેટ મંત્રી આદરણીય શ્રીમતી ભાનુબેન બાબરીયાને હું પ્રશ્ન પૂછવા માગું છું કે ગંગા સ્વરૂપા યોજનામાં આર્થિક સહાય શું આપવામાં આવે છે? એટલું જ નહીં પરંતુ આ ગંગા સ્વરૂપા બહેનો છે એ પુનઃસ્થાપન કરી શકે એટલા માટે કોઇ યોજના છે? જો એના માટેની કોઇ યોજના હોય તો એ કયારથી અમલમાં આવી છે અને એના બીજા શું શું લાભો આ ગંગા સ્વરૂપા બહેનોને આપણે આપી શકીએ છીએ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સમાજમાં કોઇપણ સ્ત્રી વિધવા બનતી હોય છે ત્યારે એ સ્ત્રીને ખબર હોય છે કે એના ઉપર કેટલી મોટી આફત આવી ગઇ હોય છે, જયારે કોઇ સ્ત્રી વિધવા બને ત્યારે સૌ સગાંવહાલાં આવીને આશ્વાસન આપતા હોય, બાળકો નાનાં હોય, બાળકોના શિક્ષણની ચિંતા હોય, ઘર ચલાવવાનું હોય તો કેવી રીતે આ બહેન બધું કરી શકે એના માટે અનેક સવાલો એને મુઝવતા હોય છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આ બહેનોને એને આર્થિક રીતે મદદરૂપ થાય એટલા માટે ગંગા સ્વરૂપા એટલે કે વિધવા સહાયનો લાભ આપવામાં આવે છે. નિરાધાર વિધવા બહેનો સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે તે માટે થઇને ગુજરાત સરકાર દ્વારા વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવાના ઉદ્દેશથી ગંગા સ્વરૂપા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ લેવા માટેની પદ્ધતિની વાત કરું, સાથેસાથે લાભાર્થીને સહાયની મંજૂર થયેલી રકમ છે એ પોસ્ટ, બેંક ખાતામાં ડી.બી.ટી.ના માધ્યમથી જમા કરાવવામાં આવે છે, ડી.બી.ટી.થી રકમ આપવાનું શરૂ થયા પહેલા પોસ્ટ ઓફિસ મારફતે જે તે લાભાર્થીના ખાતામાં સહાય જમા થતી હતી, જે માટે પોસ્ટ વિભાગને સદર કામગીરી માટે પાંચ ટકા રકમ કમિશન પેટે ચૂકવવામાં આવતી હતી. ડી.બી.ટી.ની શરૂઆત થતા કમિશન પેટેની અંદાજિત રકમ રૂ.૧૧૦ કરોડની દર વર્ષે બચત થયેલ છે. સન ૨૦૨૦થી ડી.બી.ટી.ની શરૂઆત કરવામાં આવી. સદર ચૂકવણું પી.એફ.એમ.એસ. અને એન.એસ.એફ.ઇ. પોર્ટલના માધ્યમથી રાજ્યકક્ષાએથી સીધા લાભાર્થીના બેંક પોસ્ટ એકાઉન્ટમાં સહાયની રકમ જમા કરાવવામાં આવે છે. સાચા લાભાર્થીનેજ સહાય ચૂકવાય તે માટે લાભાર્થીના બેંક એકાઉન્ટની વિગત પી.એફ.એમ.એસ. મારફતે વેરીફીકેશન કરવામાં આવે છે. લાભાર્થીની સહાય સીધી જ ખાતામાં જમા થવાથી ચૂકવણાના વિલંબના પ્રશ્નો દૂર થયા છે. લાભાર્થી બહેનોને સમયસર સહાય ન મળવાથી આર્થિક હાલાકી ભોગવવી પડતી હતી. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારમાં બહેનોની સમસ્યા દૂર થઇ અને વચેટિયા અંગેની જે ફરિયાદો હતી એ ફરિયાદો પણ દૂર થઇ. ડી.બી.ટી. શરૂ થયા બાદ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને સહાય મેળવવામાં પડતી મુશ્કેલીને ધ્યાનમાં લઇ ડિસેમ્બર ૨૦૨૦થી આ યોજનાના તમામ લાભાર્થીઓને આ યોજનાની અરજી કરવાથી લઇ સહાય મંજૂર થવા સુધીની તમામ કામગીરી ગ્રામ્ય કક્ષાએ અથવા શક્ય તેટલા નજીકના સ્થળે થઇ શકે તે માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શરૂ કરવામાં આવેલ છે. જેથી લાભાર્થીઓને ગ્રામ્ય કક્ષાએ અરજી કરવાનું સરળ બન્યું. ફંડ ફાળવણીથી લઇ સહાય ચૂકવણીની પ્રક્રિયા ઝડપી બની. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ડિજિટલાઇઝેશનના સ્વપ્નને

વેગ મળ્યો. રાજ્ય કક્ષાએથી યોજનાનું મોનિટરિંગ અસરકારક રીતે થયું. એ જ રીતે સભ્યશ્રીએ પુનઃલગ્ન અંગેનો બીજો સવાલ પૂછ્યો છે. એમાં વાત કરું તો સમાજમાં ગંગા સ્વરૂપા મહિલાઓને પુનઃલગ્નનો સ્વીકાર થાય અને સુધારાત્મક અભિગમને સાકાર કરવા પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના તા.૧-૪-૨૦૨૧થી અમલમાં મૂકી છે. પ્રસ્તુત યોજનામાં સહાય પેટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી મહિલાઓ પુનઃલગ્ન કરે તો તેને ૨૫ હજાર રૂપિયાના નાની બચતના બોન્ડ અને ૨૫ હજાર રૂપિયા સીધા બેન્ક ખાતામાં, એમ કુલ ૫૦ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : હવે આપે માગણીઓના જવાબમાં કાંઇ બોલવાનું રહેશે નહીં, બધું જ આવી ગયું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિધવા બહેનો માટે ખૂબ સારી લાગણી વ્યક્ત કરી છે. ગૃહના માધ્યમથી આપના દ્વારા પૂછવા માગું છું કે આ યોજના શ્રી શંકરસિંહજી વાઘેલા જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ થયેલ અને એક હજારથી શરૂ થઇ છે. આજે રૂપિયા ૧૨૫૦એ પહોંચી છે. રૂપિયા ૧૨૫૦ માં ગેસનો એક બાટલો આવે એટલે આ મોંઘવારીમાં એમનું જીવનધોરણ ચાલે એટલો એમાં વધારો કરવાનું કોઇ આયોજન છે કે કેમ? અમારી બધાની લાગણી છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વિધવા બહેનો પ્રત્યે જે પોતાની લાગણી વ્યક્ત કરી છે એ લાગણીને અમે ચોક્કસ વિચારણામાં લઇશું.

**અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

* ૪૫૧ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૭૮ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૩૯૦૦૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦૦ |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કઇ પાત્રતા અને કયા ધોરણો પ્રમાણે મદદ કરવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે દિવ્યાંગ લગ્ન સહાય યોજનાની પાત્રતા અને ધોરણો વિશે વાત કરી, એ બાબતે જણાવું તો જે સહાય મેળવવાના ધોરણો છે એ જોઇએ તો આ યોજનાનો લાભ મેળવવા કન્યાની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને યુવકની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ. લગ્નની તારીખથી બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહે છે. અરજદારે લગ્ન નોંધણી અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ફરજિયાતપણે આપવાનું રહે છે. આ યોજનાનો લાભ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને નક્કી કરેલ દિવ્યાંગતાની ટકાવારી ૪૦ ટકાથી વધુ હોય તેવા લાભાર્થીઓને આપવામાં આવે છે. દિવ્યાંગતામાં મુખ્યત્વે અંધત્વ, સાંભળવાની ક્ષતિ અને બૌધિક અસમર્થતા સહિત કુલ ૨૧ પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ કરવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન જોડાણ બાબત**

* ૪૮૦ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, | (૧) ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૨૦ સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલાં સમયમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મને આ પ્રશ્નનો જવાબ સંતોષકારક મળેલ છે. મારું એક નમ્ર સૂચન છે કે માર્ગ અને મકાન વિભાગ માનનીય મુખ્યમંત્રી........(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

ફાલ્ગુન ૧૧, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૬૩૪ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૮૮ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૨૮૫ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૪૯.૫૮ લાખ. |

**અમદાવાદ અને દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકો**

૩૧૮ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | કુપોષિત બાળકોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૨૩૬ |
| દાહોદ | ૧૮૩૨૬ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૧૭૩૯ | ૪૯૭ |
| દાહોદ | ૧૩૨૨૫ | ૫૧૦૧ |

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) કોવિડ-૧૯ મહામારીને કારણે તા. ૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવેલ હતાં જે ૧૭-૦૨-૨૦૨૨થી પુનઃ શરૂ કરવામાં આવેલ છે. આથી તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોના પોષણસ્તરમાં થયેલ વધારા / ઘટાડાની સ્થિતિ રજૂ કરી શકાય તેમ નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા ?

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- તા. ૧૬-૩-૨૦૨૦ થી ૧૭-૦૨-૨૦૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે આંગણવાડીઓ બંધ કરવાના કારણે આંગણવાડીના તમામ લાભાર્થી બાળકોને દર અઠવાડિયાના ૭ દિવસ પ્રમાણે લાભાર્થીના ઘરે સુખડી આપવામાં આવતી હતી.
- તા. ૧૭-૦૨-૨૦૨૨ પછી આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે.

અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્ત્વ ડબલ ફોર્ટિફાઇડ મીઠું, સત્ત્વ ફોર્ટિફાઇડ આટો તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં તા. ૧૭-૦૨-૨૦૨૨ પછી દૂધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસ થી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇટ દૂધ આપવામાં આવે છે.

---------

**મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૬૩૭ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૬૭ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૩,૩૫,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૪૯૩ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** કલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૬૮ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૭૧,૦૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

---------

**દાહોદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૨ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૪૯,૭૯૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૯,૭૯૮ |
| (૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ. ૩,૭૯,૬૩,૦૦૦/- |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં મનોદિવ્યાંગવ્યક્તિઓને આર્થિક સહાય**

૪૪૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ભાવનગર જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૩૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૦૦૧ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫૯૨૨૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૪૬૬ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૬૬૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬૬૪ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭૮.૧૦ લાખ. |

- - - - - - - - -

**તાપી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ જોડાણ બાબત**

૪૭૯ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે, | (૧) ૧૦૪૯ આંગણવાડી કેન્દ્રો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષમાં જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ ક્યારે આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૪૬૨ **શ્રી જનકભાઈ તળાવીયા** (લાઠી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૬૪ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫૪,૪૮,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૬૩૯ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,

(૧) ૧૨૮૨

(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૧૨૭૪

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ. ૧૪૭.૧૪ લાખ.

- - - - - - - - -

**ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને ગ્રાન્ટની ફાળવણી**

૫૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને રાજ્ય સરકાર તરફથી વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટનો આ નિગમે વપરાશ કર્યો, અને

(૩) તે પૈકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહી અને તેના શા કારણો છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ(રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૧૯૮૫.૦૦ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૧૬૧૫.૫૧ |

(૨)

| **વર્ષ** | **વપરાયેલ ગ્રાન્ટ(રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૯૮૯.૦૩ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૨૭૮.૪૯ |

(૩) વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કોવીડ ૧૯ કોરોનાની મહામારીના કારણે લાભાર્થીઓ દ્વારા સમયસર લોન દસ્તાવેજીકરણ સમય મર્યાદામાં કરી શકેલ ન હોવાથી રૂ.૩૩૨.૯૯ લાખ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે.

- - - - - - - - -

**ખેડબ્રહ્મા મતવિસ્તારમાં G.I.D.C. બાબત**

૧૮૭ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓમાં સરકાર દ્વારા G.I.D.C. સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાર્યવાહી હાલ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) ઔદ્યોગિક વસાહતની સ્થાપનાથી આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે ઉમદા આશયથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓના વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહત વિકસાવવા/સ્થાપવા માટે નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસીલીટીની સગવડ, અંડર ગ્રાઉન્ડ કે ઓવરહેડ વિજ લાઇનની અને ઇલેક્ટ્રીક સબ સ્ટેશન તથા તેની ક્ષમતાની સુવિધા, નેશનલ/સ્ટેટ હાઇવે અથવા બ્રોડગેજ રેલવે લાઇનથી અંતર તથા સૂચિત જગ્યાને હયાત રોડથી મળતો એપ્રોચની સગવડ, ઔદ્યોગિક એકમ માટે જરૂરી પૂરતા પ્રામાણમાં પાણીની સગવડ વગેરે પરિબળો ધ્યાને લઈ, એક જથ્થે ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી જીઆઈડીસીની ક્ષેત્રિય કચેરીઓ પાસેથી મેળવવામાં આવી રહી છે. તેવી માહિતી મળ્યા બાદ વસાહત સ્થાપવી પોષણક્ષમતા જણાએથી જે-તે જિલ્લાના કલેક્ટરશ્રીને સરકારી જમીન ફાળવવા દરખાસ્ત કરવામાં આવે છે. સરકારી જમીન જીઆઈડીસીને ફાળવવામાં આવે ત્યાર બાદ વસાહત સ્થાપવાની બાબતે વિચારણા કરી શકાય. ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓ પૈકી ફક્ત ખેડબ્રહ્મા તાલુકામાં જીઆઈડીસીના આયોજનની બાબત

હાલ ચકાસણી હેઠળ છે.

- - - - - - - - -

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૨૨૮ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ફરજ બજાવે છે, | (૨) કોન્ટ્રાક્ટથી ૨, આઉટસોર્સીંગથી ૨૦૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને | (૩) કોન્ટ્રાક્ટથી ૨, આઉટસોર્સીંગથી ૧૮૦ |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૪) નિગમોની યોજનાકીય કામગીરીમાં વિલંબ કે વિપરીત અસર ન પડે તે માટે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૪૯૪ **શ્રી હાર્દિક પટેલ** (વિરમગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૭૩ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૧,૯૬,૫૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૬૫૫ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૩,૮૬૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩,૮૬૫ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ. ૫,૫૯,૯૦,૦૦૦/- |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના**

૪૪૬ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૧૫ |

(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને — (૩) રૂ. ૩,૭૬,૦૦૦/-

(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? — (૪) ૦

---------

**દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના**

૬૪૫ **શ્રી મહેશભાઈ ભૂરિયા** (ઝાલોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૮૬ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫,૫૨,૨૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) ૦ |

---------

**ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના**

૪૪૭ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૨૦ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫,૩૯,૫૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) ૦ |

---------

**વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના**

૬૪૪ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૭ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨,૦૫,૪૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) ૦ |

---------

**ભરૂચ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૬૪૯ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૪૮,૩૧૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૮,૩૧૮ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) રૂ. ૩,૯૭,૯૩,૦૦૦/- |

---------

**કેન્દ્ર સરકારનાં જાહેર સાહસોમાં રાજ્યનાં સ્થાનિકોને રોજગાર**

૬૯૩ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓ.એન.જી.સી., એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા, આઇ.ઓ.સી.માં રાજ્યનાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરિપત્રનું પાલન થતું નથી તે ફરિયાદોથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગને કેટલી ફરિયાદો મળી અને તે અન્વયે વિભાગે ક્યા જાહેર સાહસ સામે શાં પગલા લીધા ? | (૨) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૦૨ ફરિયાદો મળેલ છે. છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૧) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય તે માટે નાયબ નિયામક (રોજગાર) દ્વારા સંબંધિત એકમને સરકારશ્રીના તા.૩૧-૩-૧૯૯૫ ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>(૨) નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે. |

---------

## જૂનાગઢ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય

૬૪૭ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૯૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૯૯૦ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૬૨,૯૪,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

---------

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૪૮૩ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ પાટણ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૦૪૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦૩૭ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૨૧.૭૪ લાખ. |

---------

## આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૪૬૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર**(ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૮૮

(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૨૮૫

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪૯.૫૮ લાખ.

- - - - - - - - -

## જામનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૪૬૭ **શ્રી દિવ્યેશભાઈ અકબરી**(જામનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૪૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૨૪૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪૫.૦૨ લાખ. |

- - - - - - - - -

## દાહોદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

૬૫૪ **શ્રી કનૈયાલાલ કિશોરી**(દાહોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૪૯,૭૯૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૯,૭૯૮ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૩,૭૯,૬૩,૦૦૦/-. |

- - - - - - - - -

## રાજ્યમાં એર એમ્બ્યુલન્સની સેવા

૬૬૨ **ડૉ. હસમુખ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એર એમ્બ્યુલન્સ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) રાજ્યમાં એર એમ્બ્યુલન્સ સેવા તા.૨૧-૦૩-૨૦૨૨થી શરૂ કરવામાં આવી. |
| (૨) તે અંગેની વિગતો શુ છે, અને | (૨)<br>➢ રાજ્યના ગંભીર રીતે બીમાર અને ઈજાગ્રસ્ત દર્દીઓને રાજ્ય કે રાજ્ય બહારની હોસ્પિટલમાં તાત્કાલિક પહોંચાડવા અને ઓર્ગન ટ્રાન્સપોર્ટ માટે પ્રિ-હોસ્પિટલ કેર ફેસિલિટી અને ડૉક્ટર્સની ટીમ સાથે એર એમ્બ્યુલન્સ સેવા કાર્ય કરે છે.<br>➢ નિયામક, નાગરિક ઉડ્ડયન, આરોગ્ય વિભાગ GVK EMRI ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા સંકલિત પ્રયાસોથી વાજબી દરે રાજ્યના નાગરિકોને એર એમ્બ્યુલન્સ સેવા પૂરી પાડનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.<br>➢ આ સેવા માટે રાજ્યના નાગરિકો માટે પ્રતિ કલાકના |

દર રૂપિયા ૫૦,૦૦૦/- + ટેક્સ તથા ભારતના અન્ય નાગરિકો માટે પ્રતિ કલાકના દર રૂપિયા ૬૫,૦૦૦/- + ટેક્સ નિયત કરવામાં આવેલ છે.

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એર એમ્બ્યુલન્સ સેવાનો કેટલા દર્દીઓએ લાભ લીધો અને એર એમ્બ્યુલન્સ મારફતે કેટલા ઓર્ગન મોકલવામાં આવેલ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એર એમ્બ્યુલન્સની સેવાનો ૬ દર્દીઓએ લાભ લીધો અને એર એમ્બ્યુલન્સ મારફતે ૯ ઓર્ગન મોકલવામાં આવે છે.

- - - - - - - - -

**ભરૂચ અને વલસાડ જિલ્લામાં સી.એસ.આર. ફંડની ફાળવણી બાબત**

૩૪ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડિયાપાડા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમોએ પ્રજાના સુખાકારી માટે કુલ કેટલું કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ ફાળવેલ હતુ, અને

(૨) ઉક્ત સી.એસ.આર. ફંડમાંથી મુખ્યત્વે ક્યા કામો હાથ ધરવામાં આવેલ હતા ?

**જવાબ**

(૧) અને (૨)

ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા સોશિયલ કોર્પોરેટ રિસ્પોન્સિબિલિટી ફંડને લગતી માહિતી નિભાવવામાં આવતી નથી. અને

સોશિયલ કોર્પોરેટ રિસ્પોન્સિબિલિટીમાં ક્યા કામો હાથ ધરી શકાય તે તથા ફંડ અંગેની વર્ષવાર માહિતી ભારત સરકારની Ministry of Corporate Affairs ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

૪૪૮ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૯૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૯૯૦ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૬૨,૯૪,૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય**

૬૬૪ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મોરબી જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૯૯ અરજીઓ. |
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૩૦૯ એકમોને રૂ.૧૩૬૮.૪૦ લાખની સહાય. |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ જોડાણ બાબત**

૪૮૨ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે, | (૧) ૧૩૬૦ આંગણવાડી કેન્દ્રો |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ આપવામાં આવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ ક્યારે આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા યોજના**

૪૭૪ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે જામનગર જિલ્લામાં તાલુકા વાર કેટલી અરજીઓ મળી,

(૧) ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ સુધી મળેલ તાલુકાવાર અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૪૬૦૬ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૧૩૬૨ |
| ૩ | લાલપુર | ૬૮૨ |
| ૪ | ધ્રોલ | ૩૩૪ |
| ૫ | જામજોધપુર | ૪૯૩ |
| ૬ | કાલાવડ | ૪૭૨ |
| ૭ | જોડીયા | ૪૯૧ |
| | **કુલ** | **૮૪૪૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૪૫૯૨ | ૧૪ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૧૨૯૩ | ૩૫ |
| ૩ | લાલપુર | ૬૦૪ | ૭૮ |
| ૪ | ધ્રોલ | ૩૩૦ | ૪ |
| ૫ | જામજોધપુર | ૪૪૮ | ૨૨ |
| ૬ | કાલાવડ | ૪૦૪ | ૬૮ |
| ૭ | જોડીયા | ૪૮૨ | ૭ |
| | **કુલ** | **૮૧૫૩** | **૨૨૮** |

(૩) મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી?

(૩) મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૪૫૪ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા

(૧) ૨,૦૦,૭૯૪

માટેની કેટલી અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૦૦,૭૯૪ |
| (૩) તે પેટે કુલ કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૭,૭૪,૯૦,૫૦૦/- |

- - - - - - - - -

**અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરિંગ સમિતિ**

૧૦૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરિંગ સમિતિ દ્વારા શી કામગીરી કરવામાં આવે છે, | (૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ ઘડાયેલ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ અને સુધારેલ નિયમો, ૨૦૧૬ના નિયમ-૧૬(૨) માં ઉલ્લેખિત કાર્યો કરવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં મુખ્યત્વે શા નિર્ણયો કરવામાં આવ્યા, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમિતિની બેઠક મળેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સમિતિએ કરેલ નિર્ણયોના અમલ માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

૪૪૯ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૩૭ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૬૮,૫૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના**

૪૭૨ **શ્રીમતી સેજલબેન પંડ્યા** ( ભાવનગર પૂર્વ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અમલમાં છે કે કેમ ? | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવેલ છે ? | (૨) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯ લાભાર્થીઓને મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૪૬૪ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૩૭૭૨ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, | (૨) ૩૭૬૦ |

અને

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ.૪૩૯.૯૦ લાખ.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

૪૮૬ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૧૧૧ અરજીઓ |
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૭૩૭ એકમોને રૂ.૨૬૨૪.૭૮ લાખની સહાય |

- - - - - - - - -

**રાજ્યમાં એર એમ્બ્યુલન્સની સેવા**

૪૯૧ **શ્રી કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એર એમ્બ્યુલન્સ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) રાજ્યમાં એર એમ્બ્યુલન્સ સેવા તા.૨૧-૦૩-૨૦૨૨થી શરૂ કરવામાં આવી. |
| (૨) તે અંગેની વિગતો શુ છે, અને | (૨)<br>➢ રાજ્યના ગંભીર રીતે બીમાર અને ઈજાગ્રસ્ત દર્દીઓને રાજ્ય કે રાજ્ય બહારની હોસ્પિટલમાં તાત્કાલિક પહોંચાડવા અને ઓર્ગન ટ્રાન્સપોર્ટ માટે પ્રિ-હોસ્પિટલ કેર ફેસિલિટી અને ડૉક્ટર્સની ટીમ સાથે એર એમ્બ્યુલન્સ સેવા કાર્ય કરે છે.<br>➢ નિયામક, નાગરિક ઉડ્ડયન, આરોગ્ય વિભાગ અને GVK EMRI ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા સંકલિત પ્રયાસોથી વાજબી દરે રાજ્યના નાગરિકોને એર એમ્બ્યુલન્સ સેવા પૂરી પાડનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.<br>➢ આ સેવા માટે રાજ્યના નાગરિકો માટે પ્રતિ કલાકનો દર રૂપિયા ૫૦,૦૦૦/- + ટેક્સ તથા ભારતના અન્ય નાગરિકો માટે પ્રતિ કલાકના દર રૂપિયા ૬૫,૦૦૦/- + ટેક્સ નિયત કરવામાં આવેલ છે. |
| (૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એર એમ્બ્યુલન્સ સેવાનો કેટલા દર્દીઓએ લાભ લીધો અને એર એમ્બ્યુલન્સ મારફતે કેટલા ઓર્ગન મોકલવામાં આવેલ છે ? | (૩)તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એર એમ્બ્યુલન્સ સેવાનો ૬ દર્દીઓએ લાભ લીધો અને એર એમ્બ્યુલન્સ મારફતે ૯ ઓર્ગન મોકલવામાં આવેલ છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૭ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૪૮,૩૧૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૮,૩૧૮ |
| (૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં | (૩) રૂ. ૩,૯૭,૯૩,૦૦૦/- |

આવેલ છે ?

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૪૬૩ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૧૨ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૧૦,૬૦,૦૦૦/-. |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૬૩૩ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૦૭ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૩૬,૧૪,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

૬૪૬ **શ્રી અમિત ઠાકર** (વેજલપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૭૮ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૩૯,૦૦,૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦૦ |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૬૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨,૧૧૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨,૦૭૯ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૯૪,૧૬,૧૫૦/-. |

- - - - - - - - -

**રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટ**

૨૨૫ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે કેટલી રકમની આપવામાં આવેલ,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૨૨૭૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી વર્ષ ૨૦૧૯-૨૦ માં આપવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | વહીવટી મંજૂરી રૂ.કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૫૦૦.૦૦ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૦.૦૦ |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૨૦૦.૦૦ |

ઉક્ત પૈકી જેતપુર પ્રોજેક્ટ માટે રૂ.૬૬૭.૦૦ કરોડની તાંત્રિક મંજૂરી તા.૧૮-૦૧-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત પ્રોજેક્ટ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ પાછળ છેલ્લા બે વર્ષમાં GWIL દ્વારા રૂ.૨.૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવા કઇ એજન્સીને ક્યારે કામગીરી સોંપવામાં આવેલ ?

(૩) GWIL દ્વારા અમલીકૃત પ્રોજેક્ટો પૈકી જેતપુર ખાતેના પ્રોજેક્ટની અમલીકરણની કામગીરી મે.મેઘા એન્જિનિયરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ (જે.વી. દ્વારા સ્થાપિત સ્પેશિયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી.) ''જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેક્ટ પ્રાઇવેટ લીમીટેડ'' ને તા.૨૮-૧૦-૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે.

GIDC દ્વારા અમલીકૃત પ્રોજેક્ટનો ડી.પી.આર. મંજૂર થયેથી ટેન્ડર પ્રક્રિયા કર્યા બાદ એજન્સીની નિમણૂક થયેથી ૩ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૫ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૭૩,૮૬૫

(૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૭૩,૮૬૫

(૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૩) રૂ.૫,૫૯,૯૦,૦૦૦/-.

---------

**કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય**

૪૮૭ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૯૭ અરજીઓ.

| | |
|---|---|
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૬ એકમોને રૂ.૨૧૭.૮૦ લાખની સહાય. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના**

૪૯૭ **શ્રી કલ્પેશભાઈ પરમાર** ( માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૭ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૧,૮૫,૦૦૦/-. |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના**

૬૬૦ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઉક્ત જિલ્લામાં તેનો લાભ આપવામાં આવેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષમાં ૯ લાભાર્થીઓને ભાવનગર જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૪૯૬ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીકા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહિસાગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૮૫ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૧૭,૯૧,૦૦૦/-. |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦૦ |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેરોજગારો**

૦૮ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લા઼ામાં તાલુકાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ રોજગારવાંચ્છુ ઉમેદવારોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ રોજગારવાંચ્છુ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૩૭૩ |
| ૨ | મેંદરડા | ૩૭૪ |
| ૩ | માળિયા હાટીના | ૧૧૦૦ |
| ૪ | માંગરોળ | ૧૪૧૬ |

| | | |
|---|---|---|
| ૫ | કેશોદ | ૧૫૫૧ |
| ૬ | માણાવદર | ૧૦૩૧ |
| ૭ | વંથલી | ૬૮૮ |
| ૮ | ભેસાણ | ૩૮૫ |
| ૯ | વિસાવદર | ૪૦૫ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાને રોજગારી આપવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવેલ રોજગારી નીચે મુજબ છે.

| વર્ષ | અપાયેલ રોજગારી |
|---|---|
| ૨૦૨૧ | ૨૩૩૮ |
| ૨૦૨૨ | ૨૨૩૫ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગાર**

૭૯ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં રોજગાર કચેરીએ તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં રોજગાર કચેરીએ તાલુકાવાર નોંધાયેલ રોજગારવાંચ્છુ ઉમેદવારોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | | નોંધાયેલ રોજગારવાંચ્છુઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૧૯૬ |
| ૨ | અમીરગઢ | ૨૫૯ |
| ૩ | વડગામ | ૧૦૨૨ |
| ૪ | ડીસા | ૧૨૮૮ |
| ૫ | કાંકરેજ | ૭૧૧ |
| ૬ | દિયોદર | ૪૩૭ |
| ૭ | ભાભર | ૨૬૦ |
| ૮ | વાવ | ૩૦૭ |
| ૯ | થરાદ | ૫૨૩ |
| ૧૦ | ધાનેરા | ૩૯૧ |
| ૧૧ | દાંતીવાડા | ૨૬૧ |
| ૧૨ | દાંતા | ૮૩૯ |
| ૧૩ | સુઇગામ | ૧૩૬ |
| ૧૪ | લાખણી | ૩૨૬ |
| **કુલ** | | **૯૯૫૬** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાને રોજગારી અપાઇ ?

(૨) તા. ૩૧-૧૨-૨૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૯૦૨ રોજગારી અપાઇ.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ જોડાણ**

૬૬૬ **શ્રી મોહનભાઇ કોંકણી** (વ્યારા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા

**જવાબ**

(૧) ૧૦૪૯ આંગણવાડી કેન્દ્રો

(૨) છેલ્લા બે વર્ષમાં જિલ્લાના તમામ આંગણવાડી

આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ આપવામાં આવેલ છે, અને

કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ ક્યારે આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૬૫૨ **શ્રી મહેશભાઇ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૬૪ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫૪,૪૮,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય |

- - - - - - - - -

### રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ

૪૯૦ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ સેવા ક્યા સ્થળે અને ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ સેવા તા. ૦૧-૦૧-૨૦૨૨ થી સાબરમતી રીવરફ્રન્ટ ખાતે શરૂ કરવામાં આવી. |
| (૨) આ જોય રાઇડ સેવામાં ક્યા સ્થળો બતાવવામાં આવે છે, અને | (૨) આ સેવામાં સાબરમતી રીવરફ્રન્ટથી દૂરદર્શન ટાવર, સાયન્સ સિટી, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ મેટ્રો વ્યુ, પતંગ હોટલ તેમજ સાબરમતી આશ્રમ જેવા સ્થળો બતાવવામાં આવે છે. |
| (૩)ઉક્ત સ્થિતિએ આ જોય રાઇડ સેવા અઠવાડિયામાં કેટલા દિવસ માટે ચલાવવામાં આવી રહી છે ? | (૩) અઠવાડીયામાં બે દિવસ; શનિવાર અને રવિવાર. |

- - - - - - - - -

### વલસાડ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

૬૫૬ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯,૮૪૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૯,૮૪૩ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ. ૨,૩૦,૮૭,૦૦૦/- |

- - - - - - - - -

### પૂર્ણા યોજના અંતર્ગત આરોગ્ય સેવા બાબત

#M / ૬૫૭ **શ્રી અરવિંદ રાણા** (સુરત પુર્વ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ પૂર્ણા યોજના ક્યારથી અને કેટલા જિલ્લામાં અમલમાં છે, અને | (૧) પૂર્ણા યોજના એપ્રિલ, ૨૦૧૮ થી રાજ્યના તમામ જિલ્લામાં અમલી છે, |
| (૨) ઉક્ત સ્થિતિએ પૂર્ણા યોજના અંતર્ગત આરોગ્ય | (૨) પૂર્ણા યોજના હેઠળ આરોગ્ય વિભાગના સંકલન |

સેવામાં શી તપાસ કરવામાં આવે છે ?

સાથે ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આંગણવાડીમાં મમતા દિવસના રોજ નિષ્ણાતો દ્વારા નક્કી કરેલા સમયે આરોગ્ય તપાસ કરવામાં આવે છે. આ કિશોરીઓને વિનામૂલ્યે આર્યન ફોલિકની ગોળી આપવામાં આવે છે. આ કિશોરીઓનું દર ત્રણ માસે હિમોગ્લોબીન તપાસવામાં આવે છે તથા વર્ષમાં બે વખત (ઓગષ્ટ અને ફેબ્રુઆરી)માં ડિવોર્મિંગ કૃમિનાશક ગોળી આપવામાં આવે છે.

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં સંત સુરદાસ યોજના**

૪૪૩ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૫ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૧૬૫૨૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના**

૪૪૪ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૮૬ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫૫૨૨૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઈડ**

૬૬૩ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઈડ સેવા ક્યા સ્થળે અને ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઈડ સેવા તા. ૦૧-૦૧-૨૦૨૨ થી સાબરમતી રીવરફ્રન્ટ ખાતે શરૂ કરવામાં આવી. |
| (૨) આ જોય રાઈડ સેવામાં ક્યા સ્થળો બતાવવામાં આવે છે, અને | (૨) આ સેવામાં સાબરમતી રીવરફ્રન્ટથી દૂરદર્શન ટાવર, સાયન્સ સિટી, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ મેટ્રો વ્યુ, પતંગ હોટલ તેમજ સાબરમતી આશ્રમ જેવા સ્થળો બતાવવામાં આવે છે. |
| (૩)ઉક્ત સ્થિતિએ આ જોય રાઈડ સેવા અઠવાડિયામાં કેટલા દિવસ માટે ચલાવવામાં આવી રહી છે ? | (૩) અઠવાડીયામાં બે દિવસ; શનિવાર અને રવિવાર. |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં જી.આઈ.ડી.સી.**

૩૦૧ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં એકપણ જી.આઇ.ડી.સી. નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨)જો હા, તો નવી જી.આઈ.ડી.સી. સ્થાપવા સરકારે | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી ?

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૪૬૧ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી , | (૨) ૩૫૬ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૧૭,૮૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૪૬૫ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કચ્છ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૯૨૮ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૯૨૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૧૧.૧૨ લાખ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

૬૬૫ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૯૭ અરજીઓ |
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૬ એકમોને રૂ.૨૧૭.૮૦ લાખની સહાય |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૬૩૬ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૬૮ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૭૧,૦૦,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૪૮૪ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૦૭ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૩૬,૧૪,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) શૂન્ય |

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

૪૮૮ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મોરબી જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૯૯ અરજીઓ |
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩૦૯ એકમોને રૂ.૧૩૬૮.૪૦ લાખની સહાય |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૩ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯,૮૪૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૯,૮૪૩ |
| (૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) રૂ.૨,૩૦,૮૭,૦૦૦/- |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યકિતઓને આર્થિક સહાય**

૬૪૨ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ભાવનગર જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૩૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૦૦૧ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૫૯૨૨૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) ૦ |

- - - - - - - - -

**છોટા ઉદેપુર જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૬ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના | (૧) ૧૨,૧૧૦ |

| | |
|---|---|
| વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨,૦૭૯ |
| (૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૯૪,૧૬,૧૫૦/- |

---------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૬૪૮ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૨૧૪૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૦૯૮ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૪૩.૫૦ લાખ. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના**

૪૯૫ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ગીર સોમનાથ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૩૩૯ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) કુલ ૧૧૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૭૮,૩૧,૦૦૦/- (અંકે રૂપિયા ઈઠ્ઠોતેર લાખ એકત્રીસ હજાર પૂરા)ની સહાય કરવામાં આવી. |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૨૦ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે. |

---------

**મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૪૬૦ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૬૭ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૩,૩૫,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૬૫૦ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૩,૦૩,૬૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર | (૨) ૩,૦૩,૬૧૨ |

કરવામાં આવી, અને

(૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? (૩) રૂ.૨૩,૦૯,૭૩,૦૦૦ / -

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૫૮ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨,૩૪,૮૩૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૩૪,૮૩૨ |
| (૩) તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૮,૦૬,૩૭,૦૦૦/ - |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના**

૬૪૧ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૧૫ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૩,૭૬,૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

૬૪૩ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૩૭ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૬૮,૫૦,૦૦૦/ - |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

**વડગામ તાલુકાના જલોત્રામાં માર્બલ કટિંગ અને પોલિસિંગ માટે જી.આઈ.ડી.સી. સ્થાપવા બાબત**

૩૧૯ **શ્રી જિજ્ઞેશ મેવાણી** વડગામ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રામાં માર્બલ કટિંગ અને પોલિસિંગ એકમો સ્થાપવા જી.આઈ.ડી.સી. બનાવવાની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી, તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના થુવર જલોત્રામાં જી.આઈ.ડી.સી. બનાવવાની જાહેરાત થયેલ છે. |
| (૨) જો હા, તો આ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે અને જી.આઈ.ડી.સી. બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે ? | (૨) નિગમની વડગામ તાલુકાના મોજે. જલોત્રા-થુવર મુકામે ઔદ્યોગિક વસાહત સ્થાપવા સારૂ સરકારી જમીન તબદીલીથી મેળવવાની દરખાસ્ત કલેક્ટરશ્રી દ્વારા મહેસૂલ વિભાગમાં મોકલી આપેલ છે, જેની કિંમત નક્કી |

કરવાની તથા તબદીલીની પ્રક્રિયા કાર્યવાહી હેઠળ, જે આખરી થયેથી જરૂરી કાર્યવાહી થઈ શકશે.

- - - - - - - - -

**કેન્દ્ર સરકાર તરફથી અલ્પસંખ્યકોના કલ્યાણ માટે ગ્રાન્ટની ફાળવણી**

૫૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** જમાલપુર) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨માં કેન્દ્ર સરકાર તરફથી અલ્પસંખ્યક સમુદાયના કલ્યાણ માટે વર્ષવાર કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલી ગ્રાંટનો વપરાશ થયો, અને

(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૩.૫૬૪.૦૦ |
| વર્ષ ૨૦૨૧-૨૨ | ૩.૩૦૦.૦૦ |

(૨)

| નાણાકીય વર્ષ | વપરાયેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૩.૫૬૪.૦૦ |
| વર્ષ ૨૦૨૧-૨૨ | ૩.૩૦૦.૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સાથે તાલીમ કરાર**

૨૨૯ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કે તેના તાબા હેઠળની કચેરી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવાન-યુવતિઓને તાલીમ આપવા માટે કોઈ કરાર કે હુકમ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કુલ કેટલા રૂપિયાનો કરાર કરવામાં આવેલ છે અને તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત કરાર કે હુકમ આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના કેટલા યુવાન-યુવતિઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.
તા.૦૫-૦૩-૨૦૧૯ અને
તા.૦૬/૦૮/૨૦૧૯ના વર્ક ઓર્ડર આપેલ છે.

(૨) કુલ રૂ.૧૩.૯૮ કરોડના હુકમ કરવામાં આવેલ છે. તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૭.૮૭ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે.

(૩) ના, જી.

(૪) વર્ષ ૨૦૨૧ : શૂન્ય.
વર્ષ ૨૦૨૨ : શૂન્ય.

- - - - - - - - -

**રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો બાબતે**

૬૯૪ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો કેટલા છે,

(૨) તે પૈકી રાજ્યના અને રાજ્ય બહારના શ્રમિકો કેટલા છે, અને

(૩) આ બાંધકામ શ્રમિકો માટે સહાયની કઈ યોજનાઓ અમલમાં છે ?

**જવાબ**

(૧) ૯૧૪૨૦૧

(૨) રાજ્યના શ્રમિકો કુલ ૮૮૬૪૪૨ રાજ્ય બહારના શ્રમિકો ૨૭૭૫૯

(૩) પરિશિષ્ટ-અ મુજબ.

**પરિશિષ્ટ-અ**

| ક્રમ | યોજનાનું નામ | વિગત |
|---|---|---|
| ૧ | શિક્ષણ સહાય યોજના | નોંધાયેલ બાંધકામ શ્રમિકોના બે બાળકો માટે ધોરણ ૧ થી લઈને Phd માટેના |

| | | |
|---|---|---|
| | | અભ્યાસમાં સરકારશ્રી દ્વારા રૂ.૧૮૦૦/- થી ૨ લાખની શિક્ષણ સહાય આપવામાં આવે છે. એન્જીનીયરીંગના વિદ્યાર્થીને મહત્તમ રૂ.૫૦,૦૦૦/- તેમજ મેડિકલના વિદ્યાર્થીને મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- સુધીની સહાય વર્ષમાં એકવાર શિક્ષણ સહાય. આ સાથે પુસ્તક અને હોસ્ટેલ માટે સહાય પણ આપવામાં આવે છે. |
| ૨ | પ્રસુતિ સહાય યોજના | નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને સરકારશ્રી દ્વારા પ્રથમ ૨ પ્રસુતિ માટે પ્રસુતિ સહાય અંતર્ગત પ્રતિ પ્રસુતિ રૂ.૩૭૫૦૦/- ની સહાય આપવામાં આવે છે તેમજ નોંધાયેલ બાંધકામ શ્રમિકની પત્નીને રૂ.૬,૦૦૦/- નાણાકીય સહાય આપવામાં આવે છે. |
| ૩ | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | નોંધાયેલ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ.૨૫૦૦૦/- ના બોન્ડ (F.D.) ૧૮ વર્ષની મુદ્દતે આપવામાં આવે છે. |
| ૪. | મેડિકલ હેલ્થ યુનિટ (ધનવંતરી આરોગ્ય રથ) | વિના મુલ્યે પ્રાથમિક તબીબી સારવાર, લેબૉરેટરી ટેસ્ટ અને નિઃશૂલ્ક દવા જેમાં હાલ ૧૫૪ રથ કાર્યરત છે. સદર રથો દ્વારા બાંધકામ શ્રમિકોની નોંધણી પણ કરવામાં આવે છે અને અન્ય યોજનાઓનો પ્રચાર પ્રસાર પણ કરવામાં આવે છે. |
| ૫. | શ્રમિક અન્નપૂર્ણા યોજના | માત્ર રૂ.૫/- ના રાહત દરે કડિયાનાકાઓ પર પોષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. સદર કડિયાનાકાઓ પરથી અન્ય યોજનાનો પ્રચાર પ્રસાર તેમજ નોંધણીની કામગીરી પણ કરવામાં આવે છે. ૮ જિલ્લામાં કુલ ૧૦૫ કડિયાનાકા ઉપર તબક્કાવાર ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |
| ૬ | વ્યવસાયિક રોગોમાં સહાય યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમયોગીઓને વ્યવસાયિક રોગો તથા ગંભીર ઈજાઓમાં મહત્તમ રૂ.૩ લાખની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે. |
| ૭ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | બોર્ડમાં નોંધાયેલ અને ન નોંધાયેલ બાંધકામ શ્રમિકનું બાંધકામ સાઈટ પર ચાલુ કામે અકસ્માતે મૃત્યુ થતાં વારસદારોને તેમજ કાયમી અશક્તતાના કિસ્સામાં રૂ.૩,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |
| ૮ | અંત્યેષ્ઠિ સહાય યોજના | નોંધાયેલ બાંધકામ શ્રમિકનું ચાલુ મેમ્બરશીપ દરમ્યાન મૃત્યુ થાય તો અંતિમ ક્રિયા માટે તેમના વારસદારોને રૂ.૧૦૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |
| ૯ | શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના | મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે EWS/LIG/MIG અંતર્ગત મકાન ફાળવવામાં આવેલ હોય તેવા બોર્ડમાં નોંધાયેલા શ્રમિકને રૂ.૧,૬૦,૦૦૦ની સહાય, લાભાર્થી વતી બોર્ડ દ્વારા જે તે સંસ્થા/સત્તા મંડળને હવાલે મુકવામાં આવે છે. |
| ૧૦ | સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ | સ્થળાંતરવાળા જિલ્લાઓ છે તે જિલ્લાની સરકારી, ગ્રાન્ટઈન એઈડ પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં જ વધારાની વ્યવસ્થા ઊભી કરી, તેમાં બાળકો માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરીને સ્થળાંતરિત થતા શ્રમિકોના બાળકોને માટે હોસ્ટેલ સુવિધા કરવામાં આવે છે. |
| ૧૧ | શ્રમિક પરિવહન યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિકો માટે ચાર મહાનગરપાલિકા (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ) પબ્લિક ટ્રાન્સપોર્ટ મારફતે મુસાફરી ખર્ચમાં રાહત મળે છે. બસના પાસના ૮૦ ટકા બોર્ડ દ્વારા આપવામાં આવે છે. |
| ૧૨ | હાઉસિંગ સબસિડી યોજના | બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ કુલ રૂ,૧,૫૦,૦૦૦/-ની સહાય શરતોને આધીન પૂરી પાડવામાં આવે છે. જે બાંધકામ શ્રમિકોએ પોતાનાં મકાન ખરીદી માટે મહત્તમ રૂ.૧૫.૦૦ લાખ સુધીની લોન લીધેલ હોય તેઓને પાંચ વર્ષ સુધી રૂ.૩૦,૦૦૦/-ની સહાય પુરી પાડવામાં આવે છે. |
| ૧૩ | બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર (ગો-ગ્રીન) યોજના | બાંધકામ શ્રમિક બેટરી ઓપરેટર ટુ વ્હીલર વાહનની ખરીદી કરે તો વાહનની કિંમત (Ex Show Room Price) નાં ૫૦% અથવા રૂ.૩૦,૦૦૦/- પૈકી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં One Time Subsidy આપવામાં આવે છે. વધુમાં આર.ટી.ઓ. ટેક્સ તેમજ રોડ ટેક્સની સહાય પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. |
| ૧૪ | PMJJBY યોજના (પ્રાધનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના) | રૂ.૨ લાખના જીવન વીમા કવચ માટે ૧૮ થી ૫૦ વર્ષના નોંધાયેલા બાંધકામ શ્રમિકોને વાર્ષિક ૧૦૦% પ્રીમીયમની રકમ ૫૦ વર્ષની ઉંમર સુધી રીએમ્બર્સ કરવામાં આવે છે. |
| ૧૫ | વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટેની આર્થિક સહાય યોજના | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમયોગીના બે બાળકોને ગુજરાત રાજ્યની સરકારી યુનિવર્સીટીમાં વિવિધ |

| | | |
|---|---|---|
| | | સ્પર્ધાત્મક પરીક્ષા જેમ કે UPSC/GPSC/GSSSB/ICAI સંસ્થા વગેરેનું કોચિંગ કરશે તો તેમને નિયત કરેલ રજીસ્ટ્રેશન ફી ની રકમ અને ટ્યુશન ફી/કોચિંગ બાંધકામ શ્રમિકોને રીએમ્બર્સ કરવામાં આવે છે. |
| ૧૬ | સંપૂર્ણ તબીબી તપાસ યોજના | બાંધકામ શ્રમિકને વિવિધ પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટ દરમ્યાન કોઈ બીમાર જણાશે તો તેનું નિદાન કરી તેની સારવાર માટે ભલામણ કરવામાં આવે છે. જેમાં પ્રતિ લાભાર્થી રૂ.૧૯૫૦/- ની મર્યાદામાં ખર્ચ કરવામાં આવે છે. |
| ૧૭ | દિવ્યાંગ શ્રમિકો માટે ઈલેક્ટ્રીક ત્રિ-ચક્રી વાહન યોજના | બાંધકામ દિવ્યાંગ શ્રમિકને ઈલેક્ટ્રીક ત્રી-ચક્રી વાહન માટે ૫૦% અથવા રૂ.૪૮,૦૦૦/- પૈકી જે ઓછી હોય તેની સહાય આપવામાં આવે છે. વધુમાં આર.ટી.ઓ. ટેક્સ તેમજ રોડ ટેક્સની સહાય પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. |
| ૧૮ | પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટેની યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમયોગી તથા તેના બાળકને પી.એચ.ડી.ના કોર્સ માટે માસિક રૂ.૧૫૦૦૦/- સ્ટાઈપેન્ડ અને વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અન્ય આનુંષગિક ખર્ચ પેટે એમ વાર્ષિક રૂ.૨ લાખ વધુમાં વધુ ૦૨ વર્ષ સુધી આપવામાં આવે છે. |

- - - - - - - - -

**અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લાવાર શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૧૦૩ **શ્રી શૈલેશ પરમાર** (દાણીલીમડા) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| **અમદાવાદ જિલ્લો** | | |
|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશક્ષિત** |
| અમદાવાદ જિલ્લો (અમદાવાદ શહેર સિવાય) | ૪૦૩૦ | ૩૭૯ |
| અમદાવાદ શહેર | ૧૨૨૮૨ | ૧૨૦૫ |
| **ગાંધીનગર જિલ્લો** | | |
| ગાંધીનગર જિલ્લો (ગાંધીનગર શહેર સિવાય) | ૩૭૦૭ | ૬૧૭ |
| ગાંધીનગર શહેર | ૨૨૯૧ | ૧૧૪ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને ઉક્ત શહેર અને જિલ્લાવાર સરકારી નોકરી કે રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| **અમદાવાદ જિલ્લો** | | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
| અમદાવાદ જિલ્લો (અમદાવાદ શહેર સિવાય) | ૩૭૦૪ | ૫૬૧૬ |
| અમદાવાદ શહેર | ૨૭૦૫૮ | ૩૭૫૯૬ |
| **ગાંધીનગર જિલ્લો** | | |
| | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
| ગાંધીનગર જિલ્લો (ગાંધીનગર શહેર સિવાય) | ૩૬૮૨ | ૫૫૨૮ |
| ગાંધીનગર શહેર | ૧૮૫૫ | ૨૪૫૪ |

(૩) ઉક્ત બેરોજગારોને રોજગારી મળે તે માટે શું આયોજન કરેલ છે?

(૩) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલ રોજગાર કચેરીઓ દ્વારા ૨૬૧ ભરતીમેળા યોજવામાં આવેલ છે. લશ્કરી/અર્ધલશ્કરી દળોમાં ભરતી પૂર્વની તાલીમ યોજના અંતર્ગત ૮ તાલીમ વર્ગોના આયોજન થકી ૨૩૫ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે. વ્યવસાય માર્ગદર્શનને લગતા ૪૪૯ સેમીનાર યોજવામાં આવેલ છે. વધુમાં, ''રોજગાર સેતુ કોલ સેન્ટર'' ની સુવિધા થકી

માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

- - - - - - - - -

**પ્રીમીક્ષ પેકેટના કોન્ટ્રાકટ બાબત**

૨૨૬ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ પ્રીમીક્ષ પેકેટનો કોન્ટ્રાક્ટ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કોન્ટ્રાક્ટ ક્યારે અને કેટલી મુદત માટે આપવામાં આવ્યો છે,

(૩) ઉક્ત સ્થિતિએ એક પ્રીમીક્ષ પેકેટની કિંમત કેટલી ચૂકવવામાં આવે છે અને પેકેટમા ક્યા પ્રકારનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ ટેક હોમ રેશનના પેકેટનો કોન્ટ્રાક્ટ ગુજરાત રાજ્યના વિશ્વ વિખ્યાત સહકારી માળખા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હેઠળ આવતા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો જેમ કે અમુલ, સુમુલ અને બનાસને ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની કામગીરી સોંપવામાં આવેલ છે.

(૨) સરકારશ્રી દ્વારા તા.૬-૯-૨૦૧૭ થી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સમગ્ર રાજ્યમાં આગામી ૧૦ વર્ષ સુધી ટેક હોમ રેશનના ઉત્પાદન તથા વિતરણની કામગીરી સોંપવા માટે એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

(૩) બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશકિતના પેકેટ આપવામાં આવે છે. આ એક પેકેટ ૫૦૦ ગ્રામનું છે. એક પેકેટની કિંમત રૂ.૩૦.૨૫/- (૧ કિલો રૂ.૬૦.૫૦/-) છે. ૬ માસથી ૩ વર્ષના સામાન્ય વજનવાળાં બાળકોને એક માસના ૭ પેકેટ (૩.૫ કિલો), ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને એક માસના ૧૦ પેકેટ (૫ કિલો) અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને આંગણવાડીના ગરમ આહાર ઉપરાંત એક માસના ૪ પેકેટ (૨ કિલો) આપવામાં આવે છે.

(૪) ઉક્ત સ્થિતિએ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ચૂકવણું કરવામાં આવેલ છે.

જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧માં રૂ.૯૦૩.૫૩/- કરોડ.

જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨માં રૂ.૬૧૪.૨૮/- કરોડ.

- - - - - - - - -

**શ્રમ કમિશનર કચેરીમાં કાર્યરત કોન્ટ્રકટ પદ્ધતિ અને આઉટસોર્સ કરેલ સ્ટાફના વેતન બાબત**

૩૨૦ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગની શ્રમ કમિશનરની કચેરીએ કાર્યરત કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને આઉટસોર્સ કરેલ સ્ટાફને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ લઘુત્તમ વેતન આપવામાં આવે છે, તે હકીકત સા ાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત કચેરીએ કાર્યરત કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને આઉટસોર્સ કરેલ સ્ટાફને કેટલું વેતન આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શ્રમ કમિશનરની કચેરીએ કાર્યરત કોન્ટ્રાક્ટ પધ્ધતિ અને આઉટસોર્સ કરેલ સ્ટાફને નીચે મુજબ દૈનિક દરે વેતન આપવામાં આવે છે.

| | મૂળ પગાર | ખાસ ભથ્થુ | બોનસ | એમ્પ્લોઇઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોન્ટ્રીબ્યુશન | પ્રોવિડન્ડ ફંડ | ઘર ભાડા ભથ્થું | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પટાવાળા | ૨૮૪ | ૮૭.૩૦ | ૩૧ | ૧૨ | ૪૮ | ૦૦ | ૪૬૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ડ્રાઈવર | ૨૯૩ | ૮૭.૩૦ | ૩૨ | ૧૨ | ૪૯ | ૦૦ | ૪૭૪ |
| હેલ્પડેસ્ક એકઝિક્યુટીવ | ૫૦૯ | ૮૭.૩૦ | ૫૦ | ૨૪ | લાગુ પડતું નથી | ૧૫૦ | ૮૨૦ |
| સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર | ૫૦૩ | ૧૮૭ | ૪૨ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | ૨૦૧ | ૯૩૩ |

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લામાં બાળમજૂર બાબતે**

૫૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** જમાલપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલા નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં બાળમજૂરોને કામે રખાતા હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકારે આ અંગે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૩૦ **શ્રી હેમંતભાઈ આહિર** જામજોધપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી તાલુકાવાર કેટલા સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા બેરોજગારો છે, અને

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| જામનગર જિલ્લો | | | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** |
| ૧ | જામનગર | ૫૯૨૫ | ૬૬૪ |
| ૨ | જામજોધપુર | ૮૧૩ | ૭૩ |
| ૩ | લાલપુર | ૫૯૦ | ૫૫ |
| ૪ | કાલાવડ | ૪૯૩ | ૪૬ |
| ૫ | ધ્રોલ | ૪૬૬ | ૩૬ |
| ૬ | જોડીયા | ૩૯૭ | ૩૬ |
| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | | |
| **તાલુકાનું નામ** | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** |
| ૧ | દ્વારકા | ૩૧૭ | ૧૧ |
| ૨ | ખંભાળિયા | ૮૨૪ | ૩૪ |
| ૩ | ભાણવડ | ૬૨૭ | ૨૭ |
| ૪ | કલ્યાણપુર | ૫૭૧ | ૨૫ |

(૨) આ સાથે સામેલ પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| જામનગર જિલ્લો | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | | **કુલ** |
| ૧ | જામનગર | ૨૩૬૩ |
| ૨ | જામજોધપુર | ૩૭૮ |
| ૩ | લાલપુર | ૨૭૦ |
| ૪ | કાલાવડ | ૨૨૬ |
| ૫ | ધ્રોલ | ૨૩૨ |
| ૬ | જોડીયા | ૧૮૧ |
| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | |
| ૧ | દ્વારકા | ૮૦ |
| ૨ | ખંભાળિયા | ૨૦૧ |

| | | |
|---|---|---|
| ૩ | ભાણવડ | ૮૨ |
| ૪ | કલ્યાણપુર | ૧૧૧ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલા બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી ?

(૩) માહિતી ઉપલબ્ધ નથી.

- - - - - - - - -

**નિગમ-બોર્ડ માટે નાણાકીય જોગવાઈ**

૬૯૫ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ માં વિભાગના તાબા હેઠળના નિગમ-બોર્ડ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| ક્રમ | વર્ષ | નાણાકીય જોગવાઈ | સુધારેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | રૂ.૬૬૬.૩૪ કરોડ | રૂ.૫૮૩.૨૬ કરોડ |
| ૨ | ૨૦૨૧-૨૨ | રૂ.૬૪૯.૭૬ કરોડ | રૂ.૫૯૦.૦૨ કરોડ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ક્યા હેતુઓ માટે ખર્ચ કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | રૂ.૪૪૫.૬૨ કરોડ |
| ૨ | ૨૦૨૧-૨૨ | રૂ.૫૨૮.૭૮ કરોડ |

હેતુઃ નિગમો દ્વારા વહીવટી ગ્રાન્ટ, શેરમૂડી, સમાનફાળો, તેમજ સીધા ધિરાણ હેતુ માટે ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

(૩)

| ક્રમ | વર્ષ | વર્ષવાર વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૩૭.૬૩ કરોડ |
| ૨ | ૨૦૨૧-૨૨ | રૂ.૬૬.૪૪ કરોડ |

**રકમ વણવપરાયેલ રહેવાના કારણોઃ**

(૧) કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે વિઝા માટે એમ્બેસીઓ બંધ હોઈ તેમજ લોકડાઉનને લીધે લોન યોજનાઓ હેઠળ અરજદારો દ્વારા ધિરાણ અર્થે સાધનિક પૂરાવાઓ રજૂ કરવામાં વિલંબ થયેલ હોવાના કારણે લાભાર્થીઓને યોજનાકીય ધિરાણ થઈ શકેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે.

(૨) કોવિડ-૧૯ની સંવેદનશીલ પરિસ્થિતિને કારણે શાળા/કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય બંધ હોઈ સહાય યોજનાની નવીન અરજીઓ મેળવી શકાયેલ ન હોઈ જેના લીધે પણ રકમ વણવપરાયેલ રહેલ છે.

- - - - - - - - -

**ટાટા મોટર્સ લી.ની નેનો કારના ઉત્પાદન બાબત**

૨૨૭ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવની શરતો પૈકી શરત નંબર-૧૨ની અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી. ને પ્રથમ ફેઝ અને બીજા ફેઝમાં દરવર્ષે કેટલી નેનો કારનું ઉત્પાદન કરવાનું હતું,

(૧) ઠરાવની જોગવાઈ અનુસારઃ

TML will set up a Plant with the capacity to manufacture approximately 2,50,000 Nano cars per annum pursuant to TML Phase-1 Investment, which could be expanded to 3,50,000 Nano cars & 5,00,000 Nano car Per Annum in Phase-II

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નેનો કારોનું ઉત્પાદન કરવાનું હતું, અને

(૨) ઠરાવની જોગવાઈ અનુસારઃ

TML will set up a Plant with the capacity to manufacture approximately 2,50,000 Nano cars per annum pursuant to TML Phase-1 Investment, which could be expanded to 3,50,000 Nano cars & 5,00,000 Nano car Per Annum in Phase-II

(૩)ઉક્ત સ્થિતિએ ઠરાવની શરત નંબર ૧૨ની અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી.એ નેનો કારનું ઉત્પાદન ક્ર્યું ન હોય તો સરકારે શા પગલાં લીધા ?

(૩) ઠરાવની શરતો પૈકી સદર બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

- - - - - - - - -

**પોઇન્ટ ઓફ ઓર્ડર**
**સસ્પેન્શન નિયમ મુજબ ન હોવા અંગે**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું વિધાનસભાના નિયમોના નિયમ ૫૨ સંદર્ભમાં આપનું ધ્યાન દોરીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવું છું. નિયમ ૫૨ માં ટાઇટલ છે સભ્યને નામથી સંબોધવા બાબત. નિયમ ૫૨ છે એ મુજબ અધ્યક્ષ તેમને જરૂરી જણાય તો જે સભ્ય અધ્યક્ષના અધિકારની અવગણના કરે અથવા સભાગૃહના નિયમોનો દુરુપયોગ કરીને કે અન્યથા સભાગૃહના કામકાજમાં સતત જાણીબૂઝીને ખલેલ પહોંચાડે તેમને નામથી સંબોધી શકે છે. બીજું, અધ્યક્ષશ્રી જ્યારે કોઇ પણ સભ્યને નામથી સંબોધે ત્યારે આવા સભ્યને એક દિવસ માટે અથવા તો વધુમાં વધુ સત્રની મુદત સુધી સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે એવો પ્રસ્તાવ થયેથી તરત જ તે માટે મૂકશે. પરંતુ સભાગૃહ કોઇ પણ વખતે પ્રસ્તાવ રજૂ કરીને એવું ઠરાવી શકે કે આવું સસ્પેન્શન સમાપ્ત કરવું. માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા જે નિયમો બનેલા છે એ નિયમો પ્રમાણે હાઉસ ચાલવું જોઇએ અને બંધારણની અંદર હાઉસના નિયમો બનતા હોય છે. હાઉસના નિયમો મુજબ હાઉસે વર્તવાનું છે અને એની અમલવારી માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની છે અને એટલા માટે કોઇ સીધો ઠરાવ લઇ આવે અને કોઇને સસ્પેન્ડ કરવાની કોઇ જોગવાઇ આપણા નિયમોમાં કોઇ જગ્યાએ છે નહીં. બીજા રાજ્યોમાં જ્યારે આવી ઘટના બની ત્યારે આવા નિર્ણયોની સામે કોર્ટે વચ્ચે પડવું પડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સામાન્ય રીતે સ્પીકરના નિર્ણયોને અને રાજ્યપાલના નિર્ણયોને, હવે તો રાજ્યપાલના નિર્ણયો સામે કોર્ટ ઓર્ડરો કરે છે પણ હજુ સુધી સ્પીકરના નિર્ણયોની સામે રેરેસ્ટ ઓફ ધી રેર કેસની અંદર જ એમને સમન્સ કરવામાં આવ્યા હોય એવો દાખલો નથી પણ એમના વિરુદ્ધમાં કદાચ આવા ચુકાદાઓ આવાં કારણોસર ક્યાંક અપાયા છે, આમાં બે-ત્રણ આપણા હાઉસની ઘટનાઓ છે એ બાબતે પણ આપનું ધ્યાન દોરું છું કે ગુજરાત વિધાનસભાની ચર્ચાઓ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે છેલ્લે જે પોઇન્ટ ઓફ ઓર્ડર હોય એ જ મુદ્દો મૂવ કરો એના ઉપર જ આપણે ચર્ચા કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હા, હું એના ઉપર જ ચર્ચા કરું છું અને એના સંદર્ભમાં જ આપું છું. ગઇકાલે જે સસ્પેન્ડ કરવાની ઘટના બની એમાં આપે કોઇને નેઇમ કર્યા નથી અને સીધો જ ઠરાવ મૂકવામાં આવ્યો. નેઇમ કરવાનો અધિકાર માત્ર સ્પીકરને છે અને સ્પીકર નેઇમ કરે એ પછી નામથી બોલાવે ગુજરાતીમાં કહીએ તો, એના પછી જ મૂવ કરી શકાય છે. હું એના સંદર્ભમાં અધ્યક્ષશ્રીના નિર્ણયો છે એ આપને બતાવું. તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૮૬થી તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૮૬ ગુજરાત વિધાનસભાની ચર્ચાઓ ચોથું અધિવેશન છે એમાં પાના નંબર ૭૭૫ ઉપર માનનીય અધ્યક્ષશ્રી જે ઘટના બનેલી છે એમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના મુદ્દા ઉપર હું સીધું કહી શકું એમ છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : પહેલા દાખલા આપું.

અધ્યક્ષશ્રી : હા, આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કોડિનારની એક વિદ્યુત સહકારી મંડળીના કર્મચારીઓનો પ્રશ્ન હતો. એ પ્રશ્ન ચાલતો હતો એ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના સભ્યો સ્વર્ગસ્થશ્રી કેશુભાઇ પટેલ, શ્રી સુરેશભાઇ મહેતા, શ્રી ગાભાજી ઠાકોર, શ્રી અશોક ભટ્ટ, શ્રી વિરાજી ઠાકોર અને શ્રી અમૃતલાલ અઘારા એક પ્લે કાર્ડવાળી બેગ લઇને પ્રવેશ્યા, લાંબા સમય સુધી ગૃહ ચાલ્યું નહીં અને એના પછી લાંબી ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ જે સંબોધન કર્યું એમાં કહ્યું કે માનનીયશ્રી અશોકભાઇ બેગ નીચે મૂકી દો, માનનીય અશોકભાઇ બેગને નીચે મૂકી દો, માનનીય કેશુભાઇ વગેરે વગેરે નામ કહ્યા પછી યુ ટેક આઉટ યોર બેગ નહિતર તમને બધાને નેઇમ કરવાની ફરજ પડશે એના પછી એમ કહ્યું કે, આઇ નેઇમ શ્રી સુરેશભાઇ, શ્રી કેશુભાઇ, શ્રી અશોકભાઇ, શ્રી ગાભાજીભાઇ, શ્રી અઘારા અને શ્રી વિરાજી એ પછી પણ લાંબો સમય આ ચાલતું રહ્યું અને એના પછી પ્રસ્તાવ આવ્યો કે જેને નેઇમ કર્યા છે એને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે અને એ પ્રમાણે એને સસ્પેન્ડ કર્યા. એના પછી બીજી ઘટના બની એ સન ૧૯૬૦થી ૨૦૨૦ સુધીના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે એમાં લખેલું છે કે જયારે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર સંબોધન થતું હતું, ત્યારે શ્રી કરમશીભાઇ મકવાણાએ અધ્યક્ષશ્રીને અધ્યક્ષશ્રીની ખુરશી ઉપર ત્યારે ઉપાધ્યક્ષશ્રી મનુભાઇ પાલખીવાળા બિરાજતા હતા. એમણે તમે ખોટું કહો છો કે એવું કંઇક કહો છો એમ વારંવાર દલીલો કરી. એટલે ઉપાધ્યક્ષશ્રીએ બહાર જવાની વાત કરી અથવા તો શબ્દો પાછા ખેંચવાની વાત કરી. શબ્દો પાછા ન ખેંચ્યા અને બહાર ગયા એટલે એમને એક દિવસ માટે બહાર રહેવાની સૂચના આપી. બીજા દિવસે એની ઉપર જે

તે વખતના જે વિરોધ પક્ષના નેતા શ્રી માધવસિંહભાઇ હતા એમણે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ રીતે થઇ શકે નહીં. એના જવાબની અંદર અધ્યક્ષશ્રીએ કહ્યું કે એનો નિર્ણય ઉપાધ્યક્ષશ્રી કરે અને ઉપાધ્યક્ષશ્રીએ ડીટેઇલમાં પોતાનો ઓર્ડર આપ્યો એમાં એમણે કહ્યું કે માનનીય વિરોધ પક્ષના નેતાના વિચારો સાથે હું પૂરેપૂરો સંમત છું. એક મારી પોતાની છાપ એવી ઊભી થઇ હતી કે નિયમ-૫૧ અને નિયમ-૫૨ એ બંને એકબીજા ઉપર ઓવરલેપ થાય છે, પણ જો સભ્યોએ કાર્યવાહી જોઇ હોત તો મારી દ્રષ્ટિએ ઓવરલેપ થતી નથી. માનનીય માધવસિંહભાઇએ લોકસભાની કાર્યવાહી સામે મારું ધ્યાન પણ દોર્યું છે. સંમત છું કે અધ્યક્ષશ્રી એ સભાગૃહના માલિક નથી પણ સભાગૃહના સર્વન્ટ છે. વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીનું અપમાન એટલે વિધાનસભા ગૃહનું અપમાન ગણાય કારણકે વિધાનસભા ગૃહમાં અધ્યક્ષશ્રીની વરણી વખતે વિરોધ પક્ષના નેતાશ્રી અને સભાગૃહના માનનીય નેતાશ્રી બંને સાથે મળીને એમને આ સ્થાન લેવા માટે આગ્રહ કરે છે પણ તેથી આ સભાગૃહના તેઓ માલિક બનતા નથી પણ સભાગૃહના ચાકર છે એટલા માટે અને સભાગૃહ ઓર્ડરમાં ચાલે તે માટે એમણે ધ્યાન આપવાનું હોય છે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી અને હું ઘણીવખત હું પોતે જયારે આ સ્થાન ઉપર બેઠો હોઉં ત્યારે સભાગૃહને કંઇપણ કહેવાનું હોય ત્યારે વિનંતીરૂપે કહું છું કારણકે સભાગૃહ આખરે માલિક છે. એ સુપ્રીમ બોડી છે. એમાં હું પૂરેપૂરો સંમત છું અને શ્રી કરમશીભાઇએ ગઇકાલે જે બનાવ બન્યો એ સંદર્ભે એમણે મારી રુબરુ દિલગીરી વ્યકત કરી છે એટલે હું એ આદેશને વીડ્રો કરું છું. એના પછી થયેલી એક ઘટના આપને કહી દઉં. ૨૫મી જૂન, ૧૯૯૦થી ૨૯મી જૂન, ૧૯૯૦ સુધી વિધાનસભાનો ચર્ચાનો અહેવાલ છે એની અંદર પ્રશ્નોત્તરી દરમિયાન જે તે વખતના વિરોધ પક્ષના નેતા શ્રી સી.ડી. પટેલે પોતે મધ્યાહ્ન ભોજન યોજનામાં ફેરફાર કર્યો છે એ માટે ચર્ચાની માગણી કરી. લાંબા સમય સુધી એ બાબતની અંદર ગૃહમાં ધમાલ રહી. અધ્યક્ષશ્રીએ મુલત્વી રાખ્યું અને એના પછી નેઇમ કર્યા હોવા છતાં પણ કોઇ ઠરાવ થયો નહીં અને એના ઉપર નિયમ-૪૪ હેઠળનું તે વખતના મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલે પોતાનું નિવેદન આ જે મધ્યાહ્ન ભોજન યોજના હતી એની સ્પષ્ટતા કરતું એમણે આપ્યું એટલે આગળની કાર્યવાહી થઇ. જયારે પણ ગૃહ ઓર્ડરમાં ન હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી પોતે પ્રયાસ કરે. એના પછી કોઇ કન્ટ્રોલમાં ન હોય તો ગૃહ અડધો કલાક કે પંદર મિનિટ એના માટે મુલત્વી રખાય અને સસ્પેન્ડ કરવાનું એ અંતિમ પગલું હોય છે. આ ઘટનાની અંદર આપે કોઇને નેઇમ કર્યા નહોતા. આપના મુખેથી કોઇ એવી વાત થઇ નહોતી. અમને જરૂર વિનંતી કરી હતી એ બાબતમાં અમે સંમત છીએ પણ આપે કોઇને નેઇમ કર્યા નહોતા. આપે સૂચના આપી નહોતી કે તમે ઠરાવ લઇ આવો. છતાં પણ ગૃહની અંદર સુઓમોટો નિયમની બહાર તો તો આવી. જો પરવાનગી આપી હોય તો તો રોજ આવું થવાનું. ગૃહ તટસ્થ રીતે ચાલે, નિયમો મુજબ ચાલે, બંધારણ મુજબ ચાલે એ માટે થઇને આપે નિર્ણય કરવાનો હોય છે કે મારે નેઇમ કરવા કે નહીં. અહીંયા ગઇકાલે નેઇમ કર્યા વગર આ જે ગૃહની અંદર ઠરાવ લાવવામાં આવ્યો છે એ વ્યાજબી નથી. જેમ શ્રી મનુભાઇ પાલખીવાળાનો દાખલો આપ્યો એ રીતે ગઇકાલનો નિર્ણય આ સંદર્ભમાં નિયમોના સંદર્ભમાં અને પરંપરાઓના સંદર્ભમાં, નિયમોમાં પણ સ્પષ્ટ જોગવાઇ છે કે આપે નેઇમ કરવા જોઇએ અને નેઇમ ન કર્યા હોય તો એ પરંપરા છે કે એને વીથડ્રો કરવા જોઇએ. આપ વીથડ્રો કરો એવી મારી આપને વિનંતી છે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષ મહોદય, કાલના બનાવના આધારિત માનનીય વિપક્ષના સભ્યશ્રીએ જયારે પ્રશ્ન ઉઠાવ્યો છે ત્યારે જયારે ગૃહનું કામકાજ ચાલી રહ્યું હતું ત્યારે કોઇ એક વ્યક્તિ ઊભા થયા હોય કે કોઇ એક વ્યક્તિ ખલેલ પહોંચાડતા હોય તેવું ન હતું. પૂર્વ પ્લાનિંગ સાથે દરેક સભ્યના હાથમાં પ્લેકાર્ડ હતા. એક પ્લાનિંગ સાથે વિપક્ષના દરેક સભ્યો જયારે ગૃહમાં ખલેલ પહોંચાડતા હતા અને આપશ્રી દ્વારા વારંવાર સામૂહિક વિનંતી કરવામાં આવી હતી અને વ્યક્તિગત નામ આપીને એમને સૂચવવામાં આવ્યું હતું કે આપ શાંતિ રાખો. આપનો પ્રશ્ન સાંભળવામાં આવશે. છતાં પણ આ વાત માન્યા નહીં અને ગૃહનો અનાદર કરી વૉકઆઉટ કર્યો હતો. ત્યારે આપે જે નિર્ણય લીધો હતો તે યોગ્ય હતો અને આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ સવાલ રહેતો નથી.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં જે મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે તેમાં વિધાનસભાના નિયમો ૫૩, ૫૬, ૮૧ અને ૯૫ ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું. વિધાનસભામાં અધ્યક્ષને આપેલા અબાધિત અધિકારો છે. અધ્યક્ષને સ્વવિવેકાધીન અધિકારોની સ્વીકૃતિ સંસદીય લોકશાહીમાં થયેલી છે. આવા કેટલાક અધિકારો પૈકીનો જે મહત્ત્વનો અધિકાર એ છે કે, પ્રશ્નો કે પ્રસ્તાવને લગતી કોઇપણ સૂચનાને દાખલ કરવી કે ન કરવી તે સંપૂર્ણ તેમના વિવેકાધિકાર ઉપર છે. એટલે અહીંયા કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિ વિશેષ અધ્યક્ષ ઉપર જ્યારે દોષારોપણ કરે ત્યારે આ ચાર કલમોને આધારે અધ્યક્ષશ્રીને આપેલા પાવર્સથી કોઇપણ પોઇન્ટ ઓફ ઓર્ડર અથવા માહિતી ટકતી નથી. તે સિવાય આગળ જણાવું તો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો તે રાખવો કે કેમ તેનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રીનો છે. અધ્યક્ષશ્રીએ કરેલ નિર્ણય છેવટનો ગણાય છે. તેને પડકારી શકાતો નથી. હું આપણા નિયમો વાંચું છું. તેને પડકારી શકાતો નથી. અધ્યક્ષે આપેલ રૂલિંગના વિરોધમાં વૉકઆઉટ કરવાથી અધ્યક્ષનો અનાદર થાય છે. એટલે આપે ગઇકાલે અધ્યક્ષનો અનાદર કર્યો છે. તેના માટે આજે કાર્યવાહી થવી જોઇએ. જો આ નિર્ણયમાં ભૂલ રહી ગઇ હોય તો તાત્કાલિક આ સમયે ગૃહમાં પડકારી શકાતો નથી. નિર્ણયમાં રહી ગયેલી ક્ષતિ અથવા નિર્ણયમાં રહી ગયેલી વધુ સ્પષ્ટતા માટે અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં મળીને રૂબરૂ રજૂઆત કરી શકાય છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી આપણા નિયમો સ્પષ્ટ હોવાના કારણે અને માનનીય અધ્યક્ષશ્રીને આપેલા અબાધિત અધિકારોના કારણે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આ અંગેની કોઇપણ માહિતી આપવી તે અધ્યક્ષનો

અનાદર છે અને જ્યારે આ ગૃહમાં બેઠેલા સભ્યો અધ્યક્ષનો અનાદર કરે તો તેની કાર્યવાહી થવી જોઇએ તેવું મારું વ્યક્તિગત મંતવ્ય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે બનેલી ઘટના અમારા સિનિયર ધારાસભ્યશ્રી અર્જુનભાઇએ ઉપાડી છે. ગઇકાલે બનેલી ઘટનાને આધિન માનનીય અધ્યક્ષશ્રીને અમને કોઇ આદેશ કર્યો અને તે આદેશનું અમે અપમાન કર્યું હોય તેવો બનાવ નથી. અમારી જે વાત હતી તે વાત વિધાનસભાગૃહ સમક્ષ મૂકી અને મૂક્યા બાદ કોંગ્રેસના અને આપના સમગ્ર ધારાસભ્યોએ વૉકઆઉટ કર્યો છે. ભૂતકાળમાં આ જ વિધાનસભાગૃહની અંદર અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયનો વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૨ પાના નં. ૯ ઉપર, રાજ્યપાલશ્રીના સંબોધન દરમ્યાન સૂત્રોચ્ચાર અને બેનરો જે બતાવવામાં આવ્યા હતા. ૧૮મી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ જાહેર તાકીદની બાબત-૧૧૬ પૂર્ણ થયા પછી તે વખતના સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઇ શાહે રાજ્યપાલશ્રીના સંબોધન વખતે જે હોબાળો થયો અને વિપક્ષ દ્વારા બેનરો બતાવીને જે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તે વખતે સરકાર દ્વારા ૧૬ સભ્યોને નેઇમ કરીને દરખાસ્ત લાવવામાં આવી હતી અને નેઇમ કરીને દરખાસ્ત લાવ્યા પછી એને ટેકો જાહેર કરવામાં આવ્યો અને ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય લીધો હતો. અમે જે અમારી વાત રજૂ કરી રહ્યા હતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ કોઇ નેઇમ સાથે ટકોર કરી નથી. બીજું, તમામ સભ્યશ્રીઓના હાથમાં બેનરો હતા પણ નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહમાં કોઇ પણ સભ્યશ્રીને બોલવાનો અને અધ્યક્ષશ્રીની મંજૂરી લઇને પોતાની વાત કરવાનો એમને અધિકાર છે. હું એમની વાત સાથે સંમત ન હોઇ શકું પરંતુ એમને બોલતા રોકી શકું નહીં. એમની વાત સાથે સંમત ન થઇએ પરંતુ એમની વાત સાંભળવી પડે. બિલકુલ આપ વાત ચાલુ રાખો, આપને વાત કરવાનો પૂરતો અધિકાર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલની ઘટનામાં અમુક ધારાસભ્યશ્રીઓના હાથમાં બેનરો હતા અમે સ્વીકારીએ છીએ, આપ વિડિયો પણ જોઇ લેજો. પણ જેના હાથમાં બેનર ન હોય, જેણે સૂત્રોચ્ચાર ન કર્યા હોય અને હાજર પણ ન હોય આમ છતાં તમામ સભ્યોની તેઓ દરખાસ્ત લઇને આવ્યા એ દરખાસ્ત એમની વિધાનસભાના નિયમો મુજબ એ ખોટી દરખાસ્ત હતી, નેઇમ સાથેની દરખાસ્ત હોવી જોઇએ, ખોટી દરખાસ્ત લાવ્યા. એક તો સભાગૃહમાં અમને જે ટાઇમ મળે છે એ ટાઇમ અમને નિયમ અનુસાર ખૂબ જ ઓછો મળે છે. ગઇ કાલે અમને ૧૫ મિનિટ જે મળવાની હતી એ દિવસ અમારો વ્યર્થ ગયો, એટલે જ્યારે નેઇમ ન કર્યા અને નેઇમ કર્યા વગર જ્યારે સરકાર કોઇ દરખાસ્ત લાવે ત્યારે ભૂતકાળમાં પણ ટકી નથી. હા, નેઇમ સાથેની દરખાસ્ત સો ટકા હાઉસમાં ટેકાથી બહુમતિ સાથે પસાર થાય છે અને આપના અધિકાર મુજબ આપ એ પાસ પણ કરતા હોવ છો અને એ માટેનો નિર્ણય પણ લેતા હોવ છો. ગઇ કાલનો નિર્ણય હતો એ નિયમો અનુસાર ખોટી રીતે લેવામાં આવ્યો હતો એવું મારું માનવું છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે વિષય મૂક્યો છે એ વિષયમાં "માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય બરાબર ન હતો" વિષય આ છે. એમણે ટાર્ગેટ કર્યા છે માનનીય અધ્યક્ષશ્રીને મેં આગળ કહ્યું એ પ્રમાણે તમારું કહેવાનું ગમે તે હોય પણ નિયમો હોય એમ જ કહી શકાય. તમારે જે કહેવાનું હોય એ પછી કહેજોને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મારી જગ્યા ઉપર ઊભો છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, પહેલા એમને સાંભળી લેવા દો, માનનીય અર્જુનભાઇ બેસો, એમને પણ તમારે સાંભળવા જ પડે. માનનીય અર્જુનભાઇ, બેસો આપ, આપના સ્થાન ઉપર આપ બેસો, આપ વચ્ચે ઊભા ન થઇ શકો. હું આપને પરમિટ કરતો નથી. પછી તમને તક આપીશ ત્યારે આપ વાત કરજો, તમે વચ્ચે ગમે ત્યારે ઊભા થઇ જાવ એવું નહીં ચાલે. આટલા સિનિયર સભ્ય થઇને ગમે ત્યારે ઊભા થઇ જાવ એ ન ચાલે. પછી બોલવા માટે તમને મોકો આપીશ. તમે વચ્ચેથી ઊભા થઇને બોલો એવું ન હોય. માનનીય રમણભાઇ, આપ વાત કરો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇએ એમ પણ કહ્યું કે, અધ્યક્ષશ્રીને આપેલા અબાધિત અધિકારો એ એમની કાર્યપદ્ધતિમાં આવતા નથી, સર્વોચ્ચ એ આ ગૃહ છે અને આ ગૃહે મૂકેલી દરખાસ્તને ટેકો આપ્યા પછી અધ્યક્ષશ્રીએ કરેલો નિર્ણય છે. એટલે તમે જે વાત કરો છો એ વાત ટકતી નથી. હું ફરીથી તમને કહું છું કે, વિધાનસભાના નિયમો-૫૩, ૫૬, ૮૧ અને ૯૫ જરા ચોપડી હોય તો વાંચવાનો પ્રયાસ કરો અને એમાં અધિકારોની યાદીમાં કેટલાક એવા અધિકારો પૈકી જે મહત્ત્વનો અધિકાર છે કે, પ્રસ્તાવને લગતી કોઇ પણ સૂચનાને દાખલ કરવી કે નહીં તે સંપૂર્ણ વિવેકને આધિન છે. આ બાબતે કોઇ પણ મુદ્દો સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાતો નથી અથવા આવી સૂચના દાખલ કરવી કે નહીં અથવા તેના માટે કારણો આપવા પણ અધ્યક્ષ બંધાયેલા નથી. આ સ્પષ્ટ આપણા નિયમોની અંદર છે. બંધારણ પ્રમાણે નિયમોમાં અધ્યક્ષ આના માટે બંધાયેલા ન હોય ત્યારે પોતાના સ્વવિવેક ઉપર જયારે નિર્ણય થતો હોય ત્યારે એની સામે ટીકા કરવી એ હું માનું છું કે આ લોકશાહીનું અપમાન છે અને કોંગ્રેસને અને લોકશાહીને ક્યારેય સંબંધ નથી. (અંતરાય) એવા હું અનેક દાખલા અહીંયા આપી શકું એમ છું. એમને અને લોકશાહીને કોઇ લેવા દેવા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપણે અહીંયા દલીલ એકબીજા મુદ્દા ઉપર કરીએ એના કરતા વિધાનસભાના નિયમોના નિયમ ઉપર કરીએ. આમાં કોંગ્રેસ ભાજપ કરવા કરતાંય જ્યારે અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો છે અને અધ્યક્ષના નિર્ણય

ઉપર જ્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો છે, ત્યારે મારી આપ સૌને પ્રાર્થના હતી કે આપણે વિધાનસભાના નિયમો પ્રમાણેની ચર્ચા કરીએ. નિયમોની જોગવાઈ અને એની પરંપરાઓની ચર્ચા કરીએ.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે પ્રશ્નોત્તરી બાદ જે પોઇન્ટ પર ઉઠાવવામાં આવ્યો અને નિયમ-૧૧૬ મુજબ ગૃહમાં તાત્કાલિક ચર્ચા કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો. આપના તરફથી વારંવાર સૂચના થઈ છતાં પણ નિયમ-૧૧૬નો આગ્રહ રાખી તાત્કાલિક ચર્ચા કરવામાં આવે એવો સતત કોંગ્રેસના અનેક સભ્યોએ વ્યક્ત કર્યો. શરૂઆતથી પ્રિ-પ્લાન હતું એ સાબિત થઈ રહ્યું છે. અનેક પ્રકારના પ્લે કાર્ડ હતા, એ દરેક લોકોએ જોયા છે પણ કોંગ્રેસ પાર્ટીમાંથી એક એવો અવાજ અને એવો સૂર આવ્યો કે બહાર ખોટું થયું છે, તમે અહીંયા આ નિયમોમાં ખોટું કરો આ પ્રકારની વાત ચાલી શકે નહીં. સંસદીય પ્રણાલિકા મુજબ આપણો જે બંધારણીય હક્ક છે, જે નિયમ છે તે મુજબ ચાલી શકે તો ત્યારે શાસક પક્ષ તરફથી જે અમારા આદરણીય ઋષિકેશભાઈએ જે દરખાસ્ત મૂકી છે કે એમને સસ્પેન્ડ કરો એ વાજબી છે આવું સતત જો ગૃહના નિયમોને ભંગ કરવા માટે પ્રિ -પ્લાન થતું હોય એથી વિશેષ કોઈ ગંભીર બાબત હોઈ શકે નહીં એટલા માટે સસ્પેન્ડ કર્યા છે એ બરાબર યોગ્ય છે અને એની સાથે હું સંમત છું.

અધ્યક્ષશ્રી : નહીં, સસ્પેન્ડ કર્યા એ તો યોગ્ય થઈ ગયું. એ તો નિર્ણય થઈ ગયો. અધ્યક્ષનો નિર્ણય એ આખરી નિર્ણય હોય પણ આ જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એના ઉપર આપણે ચર્ચા કરીએ છીએ. એટલે મુદ્દો પણ આપણો છે, સંવાદ અહીંયા ચાલી રહ્યો છે, લોકશાહીની સૌથી સુંદરતા કહેવાય તો એ સંવાદ પણ મને લાગે છે કે નિયમ મુજબ જ કરીએ. આપણે નિયમ પ્રમાણે જ વાત કરીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે આખી જે ઘટના શ્રી અમિતભાઈ ચાવડાજીએ નિયમ-૧૧૬ની નોટિસના પ્રસ્તાવ અન્વયે આપને નોટિસ પણ આપી છે, આપના કાર્યાલયની અંદર એ બાબતની સૂચના પણ આપી છે અને નિયમ પ્રમાણે એને જે દિવસ મળવા જોઈએ તે મળ્યા પછી મંત્રીશ્રીની પરવાનગીથી એ દાખલ થઇ અને એની ચર્ચા પણ થતી હોય છે આ આપણો નિયમ છે. સાહેબ, વચ્ચે એમણે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને, કે જે પોઇન્ટ ઓફ ઓર્ડર નહોતો, આપે પણ વારંવાર સૂચનાઓ આપી કે આ બાબતની અંદર કોઈ વિષય રહેતો નથી. તમે આપ્યું છે મેં અહીંયા દાખલ કર્યું છે અને દાખલ કરીને મોકલી આપ્યું આ વાત આપે કરી જ છે, રેકર્ડ ઉપર છે સાહેબ અને છતાં પણ..

અધ્યક્ષશ્રી : નહીં, મેં દાખલ નથી કર્યું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપને ત્યાં તો સૂચના આવી ગઇ છે.

અધ્યક્ષશ્રી : મારે ત્યાં તેમણે માત્ર સૂચના આપી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરજીના સંદર્ભે આપે નિર્ણય કરવાની વાત પણ કરી કે હું જોઈ લઇશ, કરીશ અને છતાં પણ શ્રી અમિતભાઇ વારંવાર બોલતા ગયા, વારંવાર સાથે બીજા સાથી મિત્રો પણ અહીંયા ઊભા થયા અને એ ઊભા થયા પછી પણ જાણે આમ પહેલાં પ્રિ-પ્લાન હોય તો ગૃહની અંદર આવો મુદ્દો કદાચ અચાનક ઉપસ્થિત થાય તો આમ પ્રિન્ટ કરીને પેલા પેપર ના આવે. આ તો ખિસ્સામાં જ લઇને આવ્યા હતા, નક્કી જ કરીને આવ્યા હતા કે અમારે તો આ વખતે હોબાળો કરવો છે, ગૃહ છોડવું છે અને ગૃહનું કામ ચલાવવા દેવું નથી. એ પ્રકારનું વર્તન આપણને અહીંયા જોવા મળ્યું અને એના કારણે આમ તો જે નિયમોની વાત કરે છે ત્યારે ૫૩(૩) મુજબ આ નિયમ લાગુ પડતો નથી અને આપે જે નેઇમ કરવાની વારંવાર વાત કરી કે નેઇમ નથી કર્યા, નેઇમ નથી કર્યા. હવે આટલા બધા ૧૭ સભ્યો હોય એટલે બધાને નેઇમ કરવાની જગ્યાએ આપણે બધા કહ્યું હતું અને તેના અનુસંધાનમાં આપણે આ દરખાસ્ત લાવ્યા છીએ અને મને લાગે છે ત્યાં સુધી ગૃહનું કામકાજ સુપેરે ચાલવુ જોઈએ, તંદૂરસ્ત ચર્ચાઓ અહીંયા થવી જ જોઇએ પરંતુ એ ચર્ચાઓ ન થતા કેવળ સમય બગાડવાનું આજે પણ માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે ચર્ચા થઇ રહી છે એટલે આપના નિર્ણયને..

અધ્યક્ષશ્રી : ચાલો મને લાગે છે કે પૂરતી ચર્ચા થઇ. છેલ્લે શ્રી ભગાભાઇ એક વખત વાત કરી લે અને પછી આપને નિર્ણય આપું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયની વાત કરવા જઇ રહ્યો છું. તા.૨૭મી, જૂન, ૧૯૮૦ના રોજ લેખાનુદાનના પ્રસ્તાવની ચર્ચા દરમિયાન સભ્યશ્રી જશવંતસિંહ ચૌહાણ હાથમાં કાગળો બતાવીને પ્રવચન કરતાં હતા ત્યારે સભ્યશ્રી કેશુભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે માનનીય સભ્યશ્રી બોલતા હોય ત્યારે પોતાના હાથમાં કોઇ કાગળ રાખીને એનું પ્રદર્શન કરી શકે નહિ. ત્યારે શ્રી નટવરલાલ શાહે આ અંગે નીચે મુજબ નિર્ણય આપ્યો હતો. ''માનનીય કેશુભાઇનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ વાજબી છે. શ્રી જશવંતભાઇ, આપ જો ક્વૉટ કરવા માંગતા હોવ તો કરો પણ હાથમાં કાગળ રાખીને પ્રદર્શન કરી શકો નહિ. ''જ્યારે સભ્યશ્રી બોલતા હોય ત્યારે હાથમાં કાગળ રાખીને બતાવી શકતા નથી, ત્યારે ગઇકાલે વિરોધપક્ષના સભ્યોએ હાથમાં પ્લેકાર્ડ લઇને વિરોધ દર્શાવ્યો છે. આપનું જે રૂલિંગ છે એ હાઉસ માટે સર્વોપરી છે કે એમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે સીધા મુદ્દા ઉપર જ આવો. નેઇમ કરવા પૂરતું નેઇમ કર્યા એ બરાબર કર્યા કે નહિ? એ મુદ્દા પર જ આવો.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે નિર્ણય કર્યો છે એ નિર્ણયનો અમે અનાદર નથી કરતાં અને વિક્ષેપ પણ નથી કરતા. આપનો નિર્ણય અમે સ્વીકાર્યો અને ગઇકાલે અમે કોઇ આવ્યા પણ નહોતા. માત્ર જે ક્ષતિ છે એના અનુસંધાને પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ક્ષતિ એટલી જ છે કે નેઇમ કર્યા બાદ પ્રસ્તાવ લાવી શકાય. નેઇમ નથી થયા અને પ્રસ્તાવ આવ્યો છે. બીજી ક્ષતિ એ છે કે આપે નેઇમ ન કર્યા એટલે સામૂહિક રીતે નિર્ણય કર્યો. કોંગ્રેસ પાર્ટીના ૧૭ જ સભ્યો ચૂંટાયા છે. એમને નેઇમ કરવા હોય તો કરી શકાય અને એક વ્યક્તિ તો આખી પ્રક્રિયા દરમિયાન હાજર જ નહોતા. આ આખી ઘટના બની એમાં શ્રી કિરીટભાઇ પટેલ હાજર પણ નહોતા.

અધ્યક્ષશ્રી : એમને સસ્પેન્ડ પણ નહોતા કર્યા. એ નિર્ણય હું આપવાનો છું. સાંજે એમને લખીને પણ આપવાનો છું. એમણે પત્ર લખીને જે વ્યવહાર કર્યો છે એ યોગ્ય નથી. એના અનુસંધાને હું મારો નિર્ણય પણ આપવાનો છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તો એ ક્ષતિ દૂર થાય છે. એમાં કાંઇ વાંધો નથી. એ અમે સ્વીકારીએ છીએ. હવે જે મુખ્ય મુદ્દો એ છે કે સત્તાધારી પક્ષ જે પ્રસ્તાવ લાવ્યા એ નેઇમ કર્યા વગર લાવ્યા છે. એ લવાય કે કેમ?

અધ્યક્ષશ્રી : હવે કોઇને કાંઇ કહેવું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય અર્જુનભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને એમાં જે ચર્ચા થઇ છે (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : જે કહ્યું છે એના કરતાં કાંઇ નવું હોય તો વાત કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેરનું બધા સન્માન કરે છે. એ સર્વોપરી છે અને એ બાબતમાં કોઇ ચર્ચા હોઇ જ ના શકે. માનનીય અર્જુનભાઇએ જે ધ્યાન દોર્યું છે એ આખી પ્રોસિજરમાં જે ક્ષતિ છે એટલા પૂરતું જે છે. અહીંયા જે ઉલ્લેખ થયો એમાં કલમ-૧૧૬ હેઠળ અમે આપના કાર્યાલયમાં આપને નોટિસ પહોંચાડી હતી. એનો નિર્ણય નહોતો લેવાયો. તાકીદની અગત્યની બાબત હતી એ માટે અમે આપના મારફત વિનંતી કરી કે ગૃહના નેતા ઉદાર મન રાખીને આ અંગે ચર્ચા કરે. અમે એવો કોઇ આગ્રહ નહોતો રાખ્યો કે ચર્ચા નિયમ-૧૧૬ હેઠળ થાય. આ ગૃહના નેતા હાજર છે એમને ચર્ચાનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : આ સ્પષ્ટ શબ્દોમાં નિયમ-૧૧૬ મુજબ બોલ્યા છો. આ શબ્દ આપનો રેકર્ડ ઉપર છે. આ તો ખાલી આપના ધ્યાન ઉપર રહે એટલે કહું છું. ગઇકાલમાં અને આજમાં આપની સ્મરણશક્તિનો પ્રશ્ન હોય. મારી અને આ ગૃહની સ્મરણશક્તિનો પ્રશ્ન નથી. એ રેકર્ડ ઉપર પણ છે.

શ્રી અમિત ચાવડા : એ રેકર્ડ આપણે મંગાવીને જોઇ શકીશું.

અધ્યક્ષશ્રી : આપ કલમ-૧૧૬ બોલ્યા છો.

શ્રી અમિત ચાવડા : કલમ-૧૧૬ હેઠળ નોટિસ આપી છે, એનો નિર્ણય નથી થયો અને તાકીદનું છે એટલે ગૃહ એના પર ચર્ચા કરે એટલી વાત હતી અને એના પરથી જે વિવાદ ઊભો થયો એમાં સૂત્રોચ્ચાર થયા અને પ્લેકાર્ડ બતાવ્યા. આપે સાર્જન્ટને સૂચના આપી કે ''જે સભ્યોના હાથમાં પ્લેકાર્ડ છે એ લઇ લેવામાં આવે અને સાર્જન્ટે પ્લેકાર્ડ લઇ લીધા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નથી આપ્યા એ અમને બધાંને ખબર છે, પણ એમણે શું બોલવું એ હવે એ નક્કી કરે. આખા ગૃહે જોયું છે. ઠીક છે.

શ્રી અમિત ચાવડા : એ વીડિયોગ્રાફીમાં છે કે કોની પાસેથી પ્લેકાર્ડ લઇ લીધા અને કોના નથી લીધા?

અધ્યક્ષશ્રી : આપણાથી એવું નહિ કહેવાય કે એ ખોટું બોલે છે. એવું નહિ કહી શકાય.

શ્રી અમિત ચાવડા : શ્રી અર્જુનભાઇએ જે વાત મૂકી એમાં એટલી જ વાત છે કે આપના દ્વારા નેઇમ કરવામાં નહોતા આવ્યા તેમ છતાં બહુમતિથી જે પ્રસ્તાવ લાવવામાં આવ્યો અને એક સાથે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના જે પણ સભ્યો છે એમને સસ્પેન્ડ કરવાની વાત કરી. એમાં અમારી વાત કરીએ તો અમે કોઇ સ્થળ પરથી વેલમાં આવ્યા નથી, કોઇના હાથમાં પ્લેકાર્ડ નહોતું.

અધ્યક્ષશ્રી : તમે મુદ્દા ઉપર બોલો છો કે નિર્ણય ઉપર? મેં જે નિર્ણય કર્યો તેના ઉપર બોલો છો? તમે અત્યારે નેઇમ કરવાની પદ્ધતિ થઈ નથી તેના ઉપર બોલો છો કે મેં ગઈ કાલે નિર્ણય કર્યો તે ખોટો છે તેના ઉપર બોલો છો? તમારો મુદ્દો શું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે નિર્ણયને ચેલેન્જ કરતા નથી. તેના માટે જે પ્રોસિજર થઈ તેમાં જે ક્ષતિ રહી ગઈ તેટલા પૂરતો જ પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે નેઇમ કરવામાં આવ્યા ન હતા. ફક્ત ટ્રેઝરી બેંચ દ્વારા બહુમતિથી દરખાસ્ત કરવામાં આવી અને સસ્પેન્ડ કર્યા તે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે બહુ ચર્ચાઓ થઈ ગઈ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે ઘટના બની તેમાં તમારા નિર્ણય સામે અમારે કોઈ સવાલ કરવાનો નથી. ગઈકાલે મારા સાથી મિત્ર શ્રી ચાવડાજીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર લાવીને જે વાત કરી તે વિષય ખૂબ જ ગંભીર હતો. ગુજરાતની અસ્મિતા ઉપર હતો તેની ચર્ચા કરવાની વાત કરી હતી. તેના સમર્થન માટે અમે આમ આદમી પાર્ટીએ એમની સાથે (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : તમે કયા મુદ્દા ઉપર બોલો છો?

## તા. ૨જી માર્ચ, ૨૦૨૩

## પોઈન્ટ ઓફ ઓર્ડર

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલું છું.

અધ્યક્ષશ્રી : તમે શ્રી અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે તેના ઉપર વાત કરી રહ્યા છો? ગઈકાલની ઘટના ઉપર આપણે ચર્ચા કરવાની નથી. તેમાં તમારે જે કહેવું હોય તે વાત કરો.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : આપે જે નિર્ણય કર્યો તેના ઉપર અસંમત નથી પણ અમારા બે સાથી મિત્રો શ્રી સુધીરભાઈ વાઘાણી અને શ્રી ભૂપતભાઈ ભાયાણી ગેરહાજર હતા એટલે તેમણે સૂત્રોચ્ચાર કર્યો હોય તેવો કોઈ સવાલ જ ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : તેમને સસ્પેન્ડ કર્યા જ નથી. અહીંયા જે હાજર હતા તેમને જ સસ્પેન્ડ કર્યા છે એટલે તમારી સમજણમાં સુધારો કરો.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે કરાઈ પોલીસ સ્ટેશન સેન્ટરમાં કોઈ પણ પ્રકારની પરીક્ષા આપ્યા વગર ઘૂસી ગયો અને તેના ઉપર જે ચર્ચા કરવાની હતી ..... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપનું સ્થાન ગ્રહણ કરો. પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ્યારે સભ્યશ્રી બોલે છે ત્યારે વિધાનસભાના નિયમોના નિયમને ટાંકીને તેના પરિપ્રેક્ષ્યમાં જ વાત કરીએ. વિધાનસભાના અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયોની અને આપણી પરંપરાઓના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ. પોઈન્ટ ઓફ ઓર્ડરમાં પોલિટિકલી ઓબ્ઝર્વેશન ન લઈએ. હવે હું માનનીય અર્જુનભાઈને હજુ એક મોકો આપું છું પછી હું મારું જજમેન્ટ આપીશ.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગઈકાલની ઘટનાના મેરિટ ઉપર બોલતો નથી, માત્ર નિયમોના સંદર્ભમાં વાત કરું છું. આપણા દેશ સહિત પાર્લામેન્ટરી ડેમોક્રેસી ૬૦ કરતાં વધારે દેશોમાં અમલમાં છે. હાઉસ ઓફ કોમન્સના રૂલ્સ બધી જગ્યાએ એકસરખા છે. મેં અગાઉ દાખલા આપ્યા તે પ્રમાણે એક ઘટના એવી છે કે નિયમ-૫૧ હેઠળ જે શ્રી મનુભાઈ પાલખીવાલાએ નિર્ણય આપ્યો હતો અને પોતે વિથ ડ્રો કર્યો અને નિયમ-૫૨ હેઠળ પગલાં લેવાનો અધિકાર નેઈમ કરીને આપ્યો છે. ફરી પાછું કહું છું કે આપ પહેલા નેઈમ કરો પછી ઠરાવ લઈ આવો એ નિયમ-૫૨ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ નિયમ-૫૧ હેઠળ અધિકાર છે. તેમાં હાઉસના ઠરાવની કોઈ જરૂર નથી. આપ એક દિવસ માટે તેને બહાર જવાના આદેશ કરી શકો છો અને સભ્યશ્રીઓ બહાર જાય છે. નિયમ-૫૧ હેઠળ નેઈમ કરવાની જરૂર નથી, પણ નિયમ-૫૨ હેઠળ જ્યારે ઠરાવ લઈ આવ્યા, આપે કોઈ ઉપર એક્શન લીધા નથી. આપે લીધા હોય તો આપનો નિર્ણય ગણાય. આ હાઉસનો નિર્ણય આપના નેઈમ કર્યા વગર લેવાયો છે, કારણ કે ઠરાવ આવ્યો એટલા માટે મને એમ હતું કે આ નિર્ણય નિયમ-૫૨ હેઠળ લેવાયો છે. આજે અમને જે આ ગઈકાલની કાર્યવાહીનો ભાગ આપ્યો છે કે સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત તેમાં નિયમ-૫૧ હેઠળ પ્રસ્તાવ રજૂ થયો. હું નિયમ-૫૧ વાંચું છું ..... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : હવે નિયમ-૫૨માંથી નિયમ-૫૧માં આવ્યા? તમે અત્યાર સુધીની ચર્ચાઓ નિયમ-૫૨ ની ચલાવી. પોઈન્ટ ઓફ ઓર્ડર તમે નિયમ-૫૨નો લીધો. હવે નિયમ-૫૧ ઉપર નવો પોઈન્ટ ઓફ ઓર્ડર લેવો છે તમારે? માનનીય રમણભાઈ, આપ બેસો. જ્યારે એમણે તાર્કિક લીધું છે અને વિધાનસભાના નિયમો ટાંક્યા છે ત્યારે આપે પોઈન્ટ ઓફ ઓર્ડર એવો કહ્યો કે, વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ અંતર્ગત આ પ્રમાણેની કાર્યવાહી કરવી પડે. હવે તમે એ મુદ્દા પરથી સીધા નિયમ-૫૧ ઉપર આપ આવો છો. એટલે તમે નવો પોઈન્ટ ઓફ ઓર્ડર લ્યો છો?

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ના, હું બંનેનું કહું છું.

અધ્યક્ષશ્રી : એક વખત તમે નિયમ-૫૨ ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર કરો છો. હવે તમે નિયમ-૫૧ ઉપર ફરી પાછા આવો છો. આ બધાએ નિયમ-૫૨ની ચર્ચા કરી, આપે ગૃહનો સમય જે અપાવ્યો એ નિયમ-૫૨ નો અપાવ્યો.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૨ની અંદર સભાગૃહના ઠરાવની જરૂર છે અને અધ્યક્ષશ્રીએ નેઈમ કરવાના છે. એની પ્રી-કન્ડિશન એ છે કે અધ્યક્ષશ્રી નેઈમ કરે અને પછી ગૃહ ઠરાવ લઈ આવે. હવે આ નેઈમ કર્યા વગર ઠરાવ આવ્યો છે. આપે કોઈ સભ્યશ્રીને નેઈમ પણ કર્યા નથી અને બહાર જવાનું પણ કહ્યું નથી. આ પ્રી-કન્ડિશન નિયમ-૫૧ અને નિયમ-૫૨ બંનેની છે. આપના કાર્યાલયે અમને જે કાર્યવાહી નોંધ આપી છે એમાં તો એમ કહ્યું છે કે નિયમ-૫૧ હેઠળ દૂર કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો. નિયમ-૫૧ હેઠળ તો જોગવાઈ જ નથી. સભાગૃહનો ઠરાવ માત્ર નિયમ-૫૨માં થાય છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. હું મારું જજમેન્ટ આપું છું. તમે જે ચર્ચા કરો છો એનો મને લાગે છે કે તમે પૂરેપૂરો અભ્યાસ કર્યો નથી. આપે પૂરતી દલીલો કરી લીધી છે. મેં આપને ચાર વખત તક આપી છે. હું નિયમ-૫૧ ની પણ વાત કરું છું.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ નિયમ-૫૧ વાંચો.

અધ્યક્ષશ્રી : વાંચી લીધા પછી જ હું આપને કહું છું. નિયમ-૫૨ની તમે ચર્ચા કરો છો. આ નિયમ-૫૨ નો વિષય જ નથી.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૨ હેઠળ ઠરાવ આવ્યો છે.

અધ્યક્ષશ્રી : આ રેકર્ડ ઉપર છે. આપને ખબર નથી એટલા માટે આપ એની ચર્ચા કરો છો.

ફાલ્ગુન ૧૧, ૧૯૪૪ શાકે

પોઈન્ટ ઓફ ઓર્ડર

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં લખ્યું છે કે, નિયમ-૫૧ હેઠળ દૂર કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો. નિયમ-૫૧ હેઠળ સભાગૃહને પ્રસ્તાવ રજૂ કરવાની નિયમમાં જોગવાઇ નથી.

અધ્યક્ષશ્રી : હું એટલા માટે જ આપને વાત કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં મને સભ્યશ્રી બતાવે કે કોઇને નિયમ-૫૧માં પ્રસ્તાવ રજૂ કરવાનો અધિકાર છે?

અધ્યક્ષશ્રી : તમે નિયમ-૫૨માં ચર્ચા કરતાં ફસાઇ ગયા એટલે નિયમ-૫૧માં આવી ગયા. હું તમને અનુભવી અને નિયમોના જાણકાર માનું છું. જયારે આખી ચર્ચા નિયમ-૫૨ પ્રમાણે થઇ, પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમ-૫૨ પર આવ્યો. ખરેખર જે નિર્ણય કર્યો છે એ નિયમ-૫૨ ઉપર છે જ નહીં. એ આપને વાંચવાનું જ રહી ગયું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપે નિર્ણય નથી કર્યો, ગૃહે નિર્ણય કર્યો છે.

અધ્યક્ષશ્રી : હું એની પણ ચર્ચા કરું છું. હું એનું જજમેન્ટ આપું છું. એક પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વિધાનસભાના બધા સભ્યશ્રીઓની ચર્ચા આપે નિયમ-૫૨ પ્રમાણે લીધી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૧ હેઠળ તો કાર્યવાહી નોંધ કરી છે.

અધ્યક્ષશ્રી : તમારો અત્યાર સુધીનો રેકોર્ડ લેવો છે? નેઇમ કર્યા સિવાય તમે એમને સસ્પેન્ડ કર્યા છે આ તમારો મુદ્દો હતો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપે સસ્પેન્ડ કર્યા નથી, ગૃહે કર્યા છે.

અધ્યક્ષશ્રી : હું ફરીથી આપને બોલવાનો સમય આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૫૧ અને નિયમ-૫૨ બોલી જાઉ છું.

અધ્યક્ષશ્રી : બંને નિયમોની બધાને ખબર છે. નિયમ-૫૨ ઉપરની ચર્ચા થઇ, હવે નિયમ-૫૧ ઉપરની ચર્ચા કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા: માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૧ની જોગવાઇ વાંચું છું. અધ્યક્ષના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂક અત્યંત તોફાની હોય તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે અને જે સભ્યને એવી સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યએ તાબડતોડ તેમ કરવાનું રહેશે તેમજ તે દિવસની બેઠકમાં તેઓ હાજરી આપી શકશે નહીં અને તેમણે સભાગૃહની હદ પણ છોડી દેવાની રહેશે. આ નિયમ-૫૧ની જોગવાઇ છે. આપે અમને કોઇને આ જોગવાઇ મુજબ કીધું નથી કે, તમે ગૃહની બહાર નીકળી જાઓ. આ નંબર વન, હવે નંબર ટુ માં નિયમ-૫૨ની જોગવાઇ છે. અધ્યક્ષ તેમને જરૂર જણાય તો જે સભ્ય અધ્યક્ષના અધિકારની અવગણના કરે, (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : હવેની ચર્ચા જે થાય છે તે નિયમ-૫૧ પ્રમાણેની છે. નિયમ-૫૨નો વિષય બધો પૂરો થઇ ગયો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ના સાહેબ, નિયમ-૫૨નો વિષય પણ છે. જે કાર્યવાહી કરી તે નિયમ-૫૨ મુજબ કરી છે.

અધ્યક્ષશ્રી : હવે તમે જે ચર્ચા કરો છો તે નિયમ-૫૨ની ચર્ચા કરતા નથી. હવે તમે નિયમ-૫૧ પ્રમાણેની ચર્ચા કરો છો તો નિયમ-૫૧ ની વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : નિયમ-૫૧માં માત્ર આપને અધિકાર છે. આપ પોતે નામ દઇને કહી શકો કે આટલા લોકો બહાર જાય અને છોડી જવું જોઇએ. આપે અમને કીધું નથી કે અમે બહાર જઇએ. આપે કહ્યું હોત તો અમારે જરૂરથી નીકળી જવું જોઇએ. અમે ન નીકળીએ તો અમને સાર્જન્ટ બહાર લઇ જઇ શકે. એ મુજબ થયું નથી. એને બદલે ગૃહ તરફથી આપે અમને કોઇને નેઇમ કર્યા નથી. આપ એમ બોલ્યા નથી કે હું નામથી સંબોધું છું કે નેઇમ કરુ છું. સીધો જ ત્યાંથી ઠરાવ લાવ્યા.

અધ્યક્ષશ્રી : નહીં, આપ જયારે જે વાત રેકર્ડ ઉપરથી કરો છો એટલે તમે એની અંદર સુધારો કે, હું અહીંયા રેકર્ડ ઉપર બોલ્યો છું કે, કોંગ્રેસ પક્ષ અને આપ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, તમે તમારું સ્થાન ગ્રહણ કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આપે વારંવાર એ વિનંતી કરી છે.

અધ્યક્ષશ્રી : હું નામ સાથે સામૂહિક રીતે બોલ્યો છું. એક-એક સભ્યશ્રીઓનાં નામ બોલવા જરૂરી નથી કે હું જેટલા સભ્યશ્રીઓ હોય તે બધાના વ્યકિતગત નામ બોલું. મેં તમને સામૂહિક રીતે કહ્યું છે અને વિધાનસભાના નિયમો પ્રમાણે જ વાત કરી છે. પ્લે-કાર્ડ લઇને જેટલા લોકો આવ્યા છે એટલા લોકોને મારો ફરી આગ્રહ છે, એમ ત્રણ વખત હું બોલ્યો છું. મેં ત્રણ વખત તમને બધાને સામૂહિક રીતે સંબોધન કર્યું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ત્રણ કરતા વધારે વખત કર્યું હશે સાહેબ, હું ના પાડતો નથી.

અધ્યક્ષશ્રી : નહીં, એમાં સુધારો એટલા માટે કર્યો કે રેકર્ડ ઉપર ન રહે. એટલા માટે વાત કરુ છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આપે નિયમ-૫૨ હેઠળ નેઇમ કરવા પડે.

અધ્યક્ષશ્રી : નેઇમ કરવું એટલે એના નામથી સંબોધવાનું છે અને મેં સંબોધ્યા છે.

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : નિયમ-પર હેઠળ ઠરાવ લાવવો પડે. ઠરાવ નિયમ-પર હેઠળ લાવ્યા તો નિયમ-૫૧ હેઠળ નિર્ણય કેવી રીતે થાય? આ કાર્યવાહીની નોંધ અમારી પાસે આવેલી છે એમાં ઠરાવ કરીને નિર્ણય કર્યો છે. આપ જુઓ.

અધ્યક્ષશ્રી : એમાં ક્યાંય નિયમ-પર પ્રમાણે ઠરાવ કર્યો એવું લખેલું નથી. તમે ફરી વાંચી લો. નિયમ-પર પ્રમાણે ઠરાવ લાવ્યા એવું કોઇ બોલ્યા નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : નિયમ-૫૧ હેઠળ તો ઠરાવ લાવવાની જરૂર જ નથી.

અધ્યક્ષશ્રી : એ આપની સમજણનો પ્રશ્ન છે એમાં હું શું કરુ? મેં બધી ચર્ચાઓ સાંભળી. શ્રી શૈલેષભાઇ, તમારી બધી ચર્ચાઓ થઇ ગઇ. મને લાગે છે કે, ગઇ કાલની જે ચર્ચાઓ હતી તેમાં મેં બરાબર જોઇ, વિચારી, સમજણપૂર્વક એનો પાકો અભ્યાસ પણ કર્યો છે, એટલા માટે હવે મારે કોઇ વિશેષ માર્ગદર્શનની જરુર નથી. શ્રી શૈલેષભાઇ, આપ છેલ્લે વાત કરી લો.

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, ફકત મારી એક જ વાત છે કે, નિયમ-પર મુજબ ડિસ્કસ થઇ. નિયમ-પરમાં સ્પષ્ટ જોગવાઇ છે કે, નેઇમ કરો કે તમામ સભ્યો આવી ગયા. આપે જેમ કહ્યું કે, કોંગ્રેસ અને આપના તમામ સભ્યો. એ નિયમની બાબતમાં બધા આવી ગયા. નિયમ-પર મુજબ સરકાર એનો પ્રસ્તાવ લાવે અને ટેકો આપે તથા એ બહુમતિથી પસાર થાય અને આપ એનો ઓર્ડર કરો. મારે આપને નિયમ સમજાવવાના ન હોય પણ હું જે સમજું છું એ પ્રમાણે આપને કહું છું. નિયમ-૫૧માં આપનો આબાદ અધિકાર છે. નિયમ-૫૧ મુજબ આપ આપના અધિકારનો ઉપયોગ કરીને નિર્ણય કરી શકો છો. આપના નિર્ણય ઉપર અનાદરની વાત નથી, પણ સવાલ માત્ર ત્યાં ઉત્પન્ન થયેલો છે કે, નિયમ-૫૧ મુજબ આપના પાવર પ્રમાણે આપ સસ્પેન્ડ કરી શકો છો. નિયમ-પર મુજબ ઠરાવ પ્રમાણે કરી શકો છો. તો આપના નિર્ણયથી નિયમ-૫૧ મુજબ અમને સસ્પેન્ડ કર્યા હોય તો અમને પ્રોબલમ નથી. આજનો આપનો વિધાનસભા તરફથી અમને જે પત્ર મળ્યો છે એમાં કોંગ્રેસ અને આપના તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૧ મુજબ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને એનો વાંધો પણ નથી પણ આ ઠરાવ કેમ લાવ્યા? અમારો મુખ્ય મુદ્દો નિયમ-પરને આધીન છે. જો નિયમ-પર મુજબ ઠરાવ લાવ્યા હોય તો નિયમ-પર મુજબ અમને સસ્પેન્ડ કરવા જોઇએ. નિયમ-૫૧ મુજબ લાવ્યા હોય તો આ ચર્ચાનો સ્કોપ જ નથી. આપના નિર્ણય ઉપર અમારી ચર્ચા હોઇ જ ન શકે પણ નિયમ-પર મુજબ ઠરાવ લાવ્યા છે અને નિયમ-૫૧ મુજબ અમને સસ્પેન્ડ કર્યા છે. આટલી જ વાત છે.

અધ્યક્ષશ્રી : હું મારો નિર્ણય આપું છું. પહેલા તો ગઇ કાલનો જે નિર્ણય થયો છે એમાં તમે જે ચર્ચા કરી અને માનનીય શ્રી અર્જુનભાઇએ નિયમ-પર પ્રમાણે નેઇમ કર્યા નથી અને સસ્પેન્ડ કર્યા છે એવી જે વાત કરી એ પોઇન્ટ ઓફ ઓર્ડરની મૂળ વાત જ રહેતી નથી. એટલા માટે કે ગઇકાલનો સસ્પેન્ડ અંગેનો નિર્ણય નિયમ-પર પ્રમાણે થયો નથી. નિયમ-૫૧ પ્રમાણે થયો છે. એટલે પહેલો જે આપે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો એને હું ગ્રાહ્ય રાખતો નથી. કેમ કે આપે કરેલી વાત નિયમ-પર પ્રમાણે સસ્પેન્ડ જ કર્યા નથી. કાર્યવાહી જ નથી કરી, એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. નંબર-૨. નિયમ-૫૧ની અંદર સ્પષ્ટ જોગવાઇઓ છે, જેની અંદર આપે પણ ઉલ્લેખ કર્યો છે. 'અધ્યક્ષશ્રીના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂંક અતિશય તોફાની હોય તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે અને જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યને તાબડતોબ તેમ કરવાનું રહેશે. તેમજ તે દિવસની બેઠકમાં તેઓ હાજરી આપી શકશે નહીં અને તેમણે સભાગૃહની હદ પણ છોડી જવાની રહેશે. એટલે એની અંદર તમારે દરખાસ્ત મૂકવી કે ન મૂકવી, દરખાસ્ત કોઇએ ન મૂકેલી હોય તો પણ અધ્યક્ષશ્રી ડાયરેકટ નિર્ણય કરી શકે છે. એક. બીજું, નિયમ-૫૧ની અંદર જણાવેલ જોગવાઇઓ ઉપરાંત ગૃહના કોઇપણ સભ્ય કે સભ્યોના સમૂહ કે જૂથ દ્વારા ગૃહની નજર સમક્ષ કોઇ એવા પ્રકારની વર્તણૂંક કરવામાં આવે કે જે ગૃહના અવમાનમાં પરિણમે, ત્યારે ઉપર જણાવેલ કોઇપણ નિયમના આધાર વગર ગૃહના કોઇપણ સભ્ય તરફથી તેવી વર્તણૂંક કરતા સભ્ય કે સભ્યોને ગૃહની સેવામાંથી એક કે તેથી વધુ દિવસો માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે અને ગૃહ દ્વારા તે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે ત્યારે પણ તેવા સભ્યોને નિયમની જોગવાઇઓ પ્રમાણે ભલે નિયમ-પરમાં ન હોય તો પણ, નામથી સંબોધન વગર પણ સસ્પેન્ડ કરી શકાય છે. તેથી માનનીય સભ્યશ્રીઓ આ બાબતની નોંધ લે, તેવી હું આપ સૌને આગ્રહભરી વિનંતી કરું છું.

વિધાનસભાની અંદર પ્રસ્તાવ, અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો એ પ્રસ્તાવ મૂકીને નિર્ણય કર્યો નિયમ-૫૧ પ્રમાણે અથવા તો પ્રસ્તાવ સિવાય પણ, પ્રસ્તાવ મૂકશે એટલે નિયમ-પર થઇ જશે એવું નથી. પ્રસ્તાવ મૂકયો હોય તો પણ નિયમ-૫૧ અંતર્ગત અધ્યક્ષશ્રી નિર્ણય કરી શકે છે કે સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાં આજે ભાગ લેવો નહીં. એટલે મારો આ નિર્ણય હું આપું છું. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨નો જી-રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી બળવંતસિંહ રાજપૂત ( ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જી-રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નો બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી બળવંતસિંહ રાજપૂત ( ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના વાર્ષિક હિસાબો, ઓડિટ રિમાર્કસ તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ રિમાર્કસ તેમજ તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ રિમાર્કસ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૮-૧૯નો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

**શ્રી બળવંતસિંહ રાજપૂત (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ઓડિટ અહેવાલ તથા નિવેદન

**શ્રી મુળુભાઇ બેરા (પર્યાવરણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

અધ્યક્ષશ્રી : સભાગૃહ સમક્ષ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરવામાં આવેલા રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા હવે આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ સન્માનનીય ગૃહમાં જે સંબોધન રજૂ કર્યું છે મારા સાથી સભ્ય માનનીય શ્રી મહેશભાઈ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને પ્રવિણભાઇ માળીએ તેને ટેકો આપ્યો છે અને સૌ સાથી સભ્યોએ તેને સમર્થન કરીને એમના વિચારો રજૂ કર્યા છે તેને હું પણ એમાં અનુમોદન આપી મારા વિચારો ખાસ કરીને પ્રાઇમરી શિક્ષણ ઉપર રજૂ કરવા માગું છું. માનનીય રાજ્યપાલનું પ્રવચન એ રાજ્ય સરકારે આપેલા વચન અને નવ વચનની વચનપૂર્તી કરતું પ્રવચન છે. સમગ્રતયા માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન સરકારનું કામ અને કર્મ અને કમિટમેન્ટ દર્શાવે છે અને ખાસ કરીને રાજ્યની સમાજ વ્યવસ્થાઓ છે એ શિક્ષણ સાથે જોડાયેલી છે. સમાજમાં પરિવર્તન લાવવું હશે તો શિક્ષણ એ અતિ મહત્ત્વનું છે. એમાય ખાસ કરીને પ્રાઇમરી શિક્ષણ, માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો કે જયારે ભારતીય જનતા પાર્ટીનું શાસન પણ નહોતું, સાક્ષરતા અભિયાન ચલાવવું પડે, સમાજનો એક એવો મોટો વર્ગ કે જે અભણ હોય, આઝાદ થયા, ગુજરાત રાજ્ય બન્યું, વર્ષો થઈ ગયા પણ સમાજનો મોટો ભાગ એ એમની ચાહે મજબુરી કહો, એમની રોજી રોટીની બાબત કહો, નાના બાળકને પણ ગામડાંની અંદર મજૂરી કરવા માટે સાથે પ્રેરાય એવી સ્થિતિમાં આ ગુજરાત હતું. માનનીય નરેન્દ્રભાઇએ આ ઉપેક્ષિત શિક્ષણ પ્રત્યે ધ્યાન દોરીને સન ૨૦૦૩ની અંદર શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી. ત્યારે જયારે બહાર એવી વાત થતી હોય છે ત્યારે દુ:ખ થાય કે, ભારતીય જનતા પાર્ટીએ શું કર્યું?

માનનીય અધ્યક્ષશ્રી, શાસકો પહેલા પણ હતા, જ્યારે ભાજપનું શાસન નહોતું. રાજ્યનો મોટાભાગનો, સમાજનો વર્ગ એ અભણ કોના હિસાબે રહ્યો? એની ચર્ચા આજે પણ સમાજમાં થઇ રહી છે. આને તાયફા કહેનારા લોકો, સમાજમાં તડકામાં મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ ૪૫ કે ૪૮ ડિગ્રીની અંદર સમાજનો બાળક ભણે, એનરોલમેન્ટ થાય, ડ્રોપઆઉટ ન થાય એની જાગૃતિનું અભિયાન સન ૨૦૦૩માં કરવું પડે તેવી સ્થિતિ હતી ત્યારે દુ:ખ સાથે કહેવું પડે કે, ટોઇલેટની વ્યવસ્થાઓ એ સ્કૂલોમાં નહોતી, દીકરા દીકરીઓના ટોઇલેટ પણ નહોતા. એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આવ્યા પછી વ્યવસ્થા કરવી પડી અને આજે શિક્ષણની વાતોનો વિરોધ જ્યારે કેટલાક લોકો કરી રહ્યા છે ત્યારે એ ખૂબ દુઃખજનક બાબત છે. હું આજે પણ કહીશ કે આનો શ્રેય જો કોઇને આપવો હોય તો એ ગુણોત્સવ હોય, શાળા પ્રવેશોત્સવ હોય, કન્યા કેળવણી, દીકરીને ભણાવવા માટેનું વચન, કોઈ મુખ્યમંત્રીશ્રી ભિક્ષુક બને, સમાજની દીકરી ભણે તેના માટે થઈને કન્યા કેળવણી નિધિ એકત્રિત કરે. ગુજરાત રાજ્યમાં કોઇ પણ મુખ્યમંત્રીએ કર્યું નથી. આજે એનરોલમેન્ટ અને ડ્રોપઆઉટ રેશિયો અંગેનો પૂરો શ્રેય જતો હોય તો હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીને જાય છે. એ પરંપરા તમામ

મુખ્યમંત્રીશ્રીઓએ ચાલુ રાખી. માનનીય ભૂપેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા ત્યારે એ પરંપરાના ભાગ રૂપે તેમાં અનેક સુધારાઓ થયા. તેના નિયમો બન્યા. માળખાકીય સુવિધાઓ પૂરી પાડી. બાળક ભણે તેના માટે સમાજમાં જાગૃતિ આવી. આજે એ અંતરિયાળ વિસ્તાર હોય, રેતીનો પટ હોય, જંગલ હોય, ડુંગરાઓ હોય એ તમામ જગ્યાએ ૪૦,૦૦૦ જેટલી સ્કૂલો છે તેમાં ૩૩,૦૦૦ ગવર્નમેન્ટ અને ગ્રાન્ટ ઇન એઇડ. આટલું મોટું માળખું છે તેને વ્યવસ્થિત કરવાનું અને એ જગ્યાએ ભણાવવાનું કામ ભૂપેન્દ્રભાઇની સરકાર સુપેરે કરી રહી છે ત્યારે હું વિશેષ અભિનંદન આપું છું. હમણાં જ કોરોના ગયો છે. વિદ્યાર્થીઓને લર્નિંગલોસ ખૂબ થયો. મને કહેતા આનંદ થાય છે કે એ વખતે ભૂપેન્દ્રભાઇની સરકારે અપીલ કરી કે માત્ર અડધો-અડધો કલાક સ્કૂલ પહેલાં અને પછી સમય આપે. ત્યારે એન.જી.ઓ.એ, સ્વૈચ્છિક સંસ્થાઓએ સમયદાન કર્યું. ૨૮,૫૦૦ શાળાઓ, ૧,૨૯,૨૩૫ શિક્ષકોએ સમાજનાં બાળકો ભણે તેના માટે સમયદાન કર્યું.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ. ૧૦ હજાર કરોડ રૂપિયા. આખા ભારતમાં સૌથી પહેલી લોન ગુજરાત સરકારને આપી. તેનું ફાયનાન્શિલય ડિસિપ્લીન. આપણું જે પ્રકારનું માળખું બન્યું છે, એશિયન બેંક અને વર્લ્ડ બેંકે પ્રાયમરી સ્કૂલના એજ્યુકેશનની માળખાકીય સુવિધા માટે, કમ્પ્યુટર લેબ માટે વર્ગ દીઠ શિક્ષક નિશ્ચિત કરવા માટે આપણને લોન આપી. દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ લોન્ચિંગ કર્યું. મારે એક ઉદાહરણ આપવું છે. એ વખતે સન ૨૦૦૩ના વિદ્યાર્થીઓ માનનીય નરેન્દ્રભાઇનું સન્માન કરવા માટે આવ્યા. જે પહેલાં ધોરણમાં પ્રવેશ કરતા હતા એ સરકારી જગ્યાઓ ઉપર નોકરી કરતા હતા. નીચેથી ઉપર સુધીનું આ પરિવર્તન તેમના કારણે આવ્યું છે ત્યારે પ્રજ્ઞાવર્ગ હોય, સી.સી. ટી.વી., સોલાર સિસ્ટમ શાળાઓમાં નાખવાનો પ્રયાસ થયો છે. બાળવાર્તા દ્વારા પણ પ્રયાસો થયા અને સાંઇરામ દવેએ તમામ મહાનગરોમાં વાર્તાથી વાવેતર એ શરૂઆત કરી. જે પ્રકારે મલ્ટીમીડિયા નાટક બનાવ્યું છે, મારી આપને વિનંતી છે કે ધારાસભ્યોને બતાવવામાં આવે. બાળવાર્તા થકી ઘડતર.

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> આપના પ્રવચનનો સમય પૂરો થાય છે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર**(**મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેના સમર્થનમાં હું આપની સમક્ષ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે કંડારેલા વિકાસનો પથ છે એ વિકાસના પથ પર ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. આ વિકાસ ઉપર ગુજરાતની સાડા છ કરોડની જનતા જનાર્દને વિશ્વાસની મહોર મૂકીને આ ૧૫મી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતીથી અમને જનાદેશ આપ્યો છે. અમારી આ સરકાર વતી લોકશાહીના મંદિરમાં જનાદેશ મળ્યો છે તેના માટે ગુજરાતની પ્રજાનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જે સંસ્કૃતિ છે એ ભારતીય સંસ્કૃતિમાં ભોજન, આરોગ્ય અને શિક્ષણનું દરેક વ્યકિતના જીવનમાં ખૂબ મહત્ત્વ હોય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝન અને આ નેશન માટે જે કૃતજ્ઞતા વ્યકત કરી છે એના આધારે ભારત સરકાર અને રાજય સરકાર દેશનો એકપણ નાગરિક, એકપણ વ્યકિત, ભૂખ્યા ન સૂવે એના માટે પ્રતિબદ્ધ છે અને કટિબદ્ધ છે. કોવિડ જેવી મહામારીમાં પણ ગરીબમાં ગરીબ વ્યકિતના ઘરે ચૂલો કદાચ ના સળગ્યો હોય, જમવા માટે અન્નનો એક દાણો પણ ન હોય એવા સંકટના સમયે પણ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૮૦ કરોડથી વધુ લોકોને મફતમાં અનાજ આપવાની વ્યવસ્થા કરી અને લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લોકો માટે અન્ન આપવાનું કામ કર્યું છે અને આજે મને કહેતા આનંદ થાય છે કે દેશમાં આપણને આઝાદી મળી, પણ એક સમય એવો હતો કે જયારે મહિલા સશકિતકરણને સીમિત દાયરામાં જોવામાં આવતું હતું. ગામડું અને ગામડાની ગરીબ મહિલા અને જે પરિવાર છે એનાથી દૂર હતા. દેશની આઝાદી પછી પણ વર્ષો સુધી મહિલાઓ માટે, મહિલાઓના સ્વાસ્થ્ય વિશે કે જયારે ગામડાની મહિલા જયારે રસોડામાં ચૂલા ઉપર રસોઇ બનાવતી હોય અને એ મહિલા જયારે રસોડામાં રસોઇ બનાવતી હોય ત્યારે એનું બાળક એની પાસે હોય તો એ ચાલુ રસોઇ દરમિયાન ચૂલાના ધુમાડાના જે ગોટા થતા હોય ત્યારે એ બાળકનું પણ સ્વાસ્થ્ય જોખમાય અને એનાથી ગંભીરમાં ગંભીર શ્વાસોશ્વાસની બીમારી મહિલા અને બાળકને થતી હોય છે અને એના માટે કયારેય એમને ધુમાડીથી આઝાદી નહોતી મળી પરંતુ આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, આ મહિલા અને પરિવારનાં બાળકોના આરોગ્યને જે નુકસાન થતું હતું એ આરોગ્યને નુકસાન ન થાય એના માટે પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટે વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમલમાં મૂકી, મહિલાઓના સ્વાવલંબન માટે, મહિલાઓ આત્મનિર્ભર બને એના માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના આપી અને આ યોજના હેઠળ દેશમાં ગરીબ અને મધ્યમ વર્ગ પરિવાની જે મહિલાઓ છે એને ૯ કરોડ જેટલા ગેસ કનેકશન આપીને મહિલાઓને સન્માન આપવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે થયું અને આના કારણે મહિલાઓના સામાજિક સ્તરમાં ખૂબ મોટો આપણને બદલાવ જોવા મળ્યો છે. આજે આજ ૯ કરોડ મહિલાઓને પ્રથમ વખત જયારે ગેસ કનેકશન મળ્યું એટલે મહિલા સશકિતકરણમાં આ ૯ કરોડ મહિલાઓનો પણ ફાળો છે. આજે કેન્દ્ર સરકાર જે પણ યોજના લાવે છે અને રાજય સરકાર

યોજના લાવે છે એ ગરીબમાં ગરીબ પરિવાર માટે આ યોજનાઓનો અમલ થતો હોય છે. દરેક પરિવાર અને સમાજમાં એક એવું વાતાવરણ તૈયાર થાય છે કે જેનાથી કોઈપણ વ્યકિતની જે મૂળભૂત જરૂરિયાત હોય છે એના માટે કયારેય સંઘર્ષ ના કરવો પડે અને જો કોઇ વ્યકિતને સંઘર્ષ કરવો પડે, એને સંતોષપ્રદ જીવનધોરણ ન પૂરું પાડી શકીએ તો રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિમાં ફાળો ન આપી શકે અને એના માટે જનતાની પાયાની સુવિધાઓ, સર્વોચ્ચ પ્રાથમિકતા અમારી ભારતીય જનતા પાર્ટીની નેમ છે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ): માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૬ પાનાના માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ગુજરાતમાં જે ૫૦ લાખ કરતા વધારે શિક્ષિત બેરોજગાર યુવા વર્ગ છે એની ચિંતા કરવાવાળો જે વિષય છે કે પરીક્ષામાં વારંવાર પેપર ફૂટે એના માટે એક પણ શબ્દ નથી કહેવામાં આવ્યો એનું મને દુઃખ છે. આ અમૃતકાળ કહેવાય કે જેમાં મોંઘુ શિક્ષણ લીધા પછી ફી ભરીને સરકારી ભરતી માટેની તૈયારી કરવાની, મોંઘા ટ્યૂશન કરવાના, પરીક્ષાની તૈયારી કરીને જયારે પરીક્ષા આપવા જાય ત્યારે પેપર ફૂટી જાય. એક વાર, બે વાર, ત્રણ વાર નહીં પણ ૧૩ કરતાં વધારે વખત પેપર ફૂટે અને સરકાર અહીંયા વાહવાહી લેવાનો પ્રયાસ કરે ત્યારે કહેવું છે કે પેપર ફૂટે ત્યારે યુવાનોના સ્વપ્ન તૂટે છે. પેપર ફૂટે ત્યારે યુવાનોને લાગે છે કે મારું નસીબ ફૂટ્યું છે. આ અમૃત કાળમાં બધી જ પરીક્ષાઓમાં પેપર ફૂટવાનો જે ભય છે એની વાત કરવામાં આવી નથી એનું દુઃખ છે. એનાથી આગળ વધીને આ ડબલ એન્જિન સરકારમાં પેપર ફોડવાની કોઇ માથાકૂટ જ નહીં. સીધા પૈસા આપો અને નોકરી મેળવો. આપણે જોયું કે હમણાં ધારા જોષી નામની એક યુવતિ અને મયુર તડવી નામનો યુવાન રાજ્યનું ગૃહ ખાતુ જે આપણી સુરક્ષા અને સલામતીની ચિંતા કરવાવાળો વિભાગ અને એની કરાઇ એકેડેમીમાં પૈસા આપીને સીધો ટ્રેનિંગ લેવા માટે કોઇ પહોંચી જાય. એનું કોઇ લિસ્ટમાં નામ ન હોય તેમ છતાં એને પ્રવેશ કેમ મળ્યો?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર બોલશો તો સારું રહેશે. તમને સમય આપવામાં આવ્યો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બેરેક કોઇ જગ્યાએ ફાળવાયું ન હોય તેમ છતાં ત્રણ મહિનાથી ત્યાં રહે. એસ.ટી. કેટેગરીમાં એનો પ્રવેશ આપ્યો હોઇ, ત્યાં ૯૧ જગ્યામાં એનું નામ ન હોય, ત્યાં કોઇ વેરિફિકેશનમાં એ પકડાય નહીં. ત્રણ મહિનાથી તાલીમ લે.

ઉપાધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આ બધું આવતું નથી.

શ્રી અમિત ચાવડા : એક અઠવાડિયાથી અમે તપાસ કરીએ છીએ એવી વાત કરવાવાળી સરકારને ખબર ન હોય. ગઇકાલે જ ગૃહમંત્રીશ્રી એમની ચર્ચાની વાત કરતાં હતા તેમ છતાં ચર્ચા ન થાય. હજુ પણ આટલું મોટું કૌભાંડ પકડાયા પછી પોતાની ઇજ્જતની ચિંતા છે. પણ સરકારને મારી વિનંતી છે કે પોતાની ઇજ્જતની ચિંતા કરવા કરતાં ગુજરાતના ૫૦ લાખ બેરોજગારોની ચિંતા કરવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : વારંવાર કહેવા છતાં આપ એ વાતને વળગી રહો છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં પેપરો ફૂટે એની કદાચ ખબર ના પડે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આ વસ્તુ આવતી જ નથી. પ્રવચન ઉપર તમે બોલો ને?

શ્રી અમિત ચાવડા : યુવાનોની રોજગારીની જ વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : રોજગારીની વાત બરાબર છે. પણ તમે જે પ્રવચન કરી રહ્યા છો એ બરાબર નથી. માનનીય અમિતભાઇ, આપ બેસી જાઓ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે વારંવાર કહ્યું એ તો આપનો આદેશ કહેવાય. પણ મને લાગે છે કે જો સમય બગાડવાની અમારા સાથી શ્રી અમિતભાઇ વાત કરતાં હોય તો લગભગ એક કલાક જેટલો સમય પોઇન્ટ ઓફ ઓર્ડરમાં નિરર્થક કહી શકાય, એ એમનો અધિકાર છે પણ એ કહેતા હોય તો હું કહું છું કે એનો પણ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપી દીધો છે. એનો પુનરોચ્ચાર કરે. એમને સસ્પેન્ડ કર્યા, એનો નિર્ણય આપી દીધો. કાલે જે મુદ્દો ઉપસ્થિત કર્યો એની વાતો થઇ એના ઉપર પાછી ચર્ચા આ નિયમોની જોગવાઇ પ્રમાણે નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત થઇ કે ગુજરાતના યુવાનોના રોજગારની ચિંતા કરીએ છીએ. વારંવાર પેપરો ફૂટે પણ એનો કાંઇ ખ્યાલ ન આવે. ફૂટ્યા પછી ખબર પડે. કોઇ બારોબાર ટ્રેનિંગમાં ઘૂસી જાય તો એની પછી ખબર પડે. હવે હદ તો ત્યારે થાય છે કે જે હેલિકોપ્ટર અને વિમાનની ઉડવાની મંજૂરી મુખ્યમંત્રીની મંજૂરી મળ્યા પછી જ મળતી હોય એવા હેલિકોપ્ટર અને વિમાન લઇને કોઇ વ્યક્તિ વારંવાર ગુજરાત બહાર પોતાનો પ્રવાસ કરે એમ છતાં પણ સરકારને ખબર ન પડે?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, સ્કોપ પર જે બોલવાનું છે એ બોલો ને?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપ પર જ છે. આમાં કોઇ સ્કોપની મર્યાદા નથી. મને જે સમય મળ્યો છે એમાં મને બોલવા દો.

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : હમણાં તમારો સમય પૂરો થઇ જશે.

શ્રી અમિત ચાવડા : ગુજરાત સરકારમાં પ્રજાના પૈસાથી ખરીદાયેલું હેલિકોપ્ટર અને વિમાન ગુજસેલના ડાયરેક્ટર ૯ વર્ષથી ૧૦૦ કરતા વધારે વખત પ્રવાસ કરે, અંગત પ્રવાસ કરે. મારી પાસે એનો ડેટા છે કે ક્યાં એમણે પરિવાર સાથે પ્રવાસ કર્યો? મિત્રોને મળવા ગયા. પોતાના પરિવારને વિદેશથી મુંબઇ ખાતે આવ્યા તો લેવા ગયા. એવો ૧૦૦ કરતા વધારે વખત પ્રવાસ કર્યો. ગુજરાત બહાર પણ પ્રવાસ કર્યો.તેમ છતાં પણ કોઇને ખબર ના પડી. જે હેલિકોપ્ટર કે વિમાનને ઉડવા માટે મુખ્યમંત્રીશ્રીની મંજૂરી લેવી પડે તો કયા કારણોસર મુખ્યમંત્રીની જાણ બહાર ૯ વર્ષથી આ ચાલતુ આવ્યું? બે બે મુખ્યમંત્રીઓ બદલાયા. એવો તો શું અધિકારીનો પાવર કે દબદબો હતો કે એમને કોઇ રોકી નહોતું શકતું? આજે સવારે કોઇ મીડિયાના મિત્ર કહેતા હતા કે અમિતભાઇ આની તપાસ કરાવજો. આ હેલિકોપ્ટર કે વિમાન ખાલી પ્રવાસ માટે નહતા ઉડ્યા. આ હેલિકોપ્ટરનો વિમાનમાં ચૂંટણીના સમયે *(xxx) માટે પણ ઉપયોગ થયો છે. આ હેલિકોપ્ટર વિમાનનો ઉપયોગ તાજેતરમાં નોટબંધી વખતે (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ બે મિનિટ બેસી જાવ. શ્રી ગણપતભાઇ કહે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એ જે જ્યારથી માનનીય અમિતભાઇ મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર બોલવા ઊભા થયા છે ત્યારથી આપ માનનીય અધ્યક્ષશ્રીના વારંવાર કહેવા છતાં પણ એક તો એકની એક વાત વારંવાર રિપીટ કરી છે. બીજો મુદ્દો એમણે હેલિકોપ્ટરનો કાઢ્યો છે. આપણને બધાને ખબર છે કે વિધાનસભા એ વિધાનસભાના નિયમોના નિયમોથી ચાલતી હોય છે. એમાં કોઇ પણ આધાર-પૂરાવા વગર એવું કહેવું કે (xxx) એ શબ્દ પાછા ખેંચાવો અથવા રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : એની તપાસનો વિષય છે કે આટલી બધી વાર કેમ ગયા? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, મહેરબાની કરીને તમે સ્કોપ ઉપર બોલો. બીજી વાત છોડો. તમારો સમય પૂરો થવા આવ્યો છે. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : હદ તો ત્યારે થાય કે આ હેલિકોપ્ટરના એન્જિનમાં ખરાબી હતી અને એની ઉપરના પંખા હતા એ બદલવાની જરૂર હતી. એ હેલિકોપ્ટરમાં કોઇ પણ પ્રવાસ કરે તો એના જીવનું જોખમ હતું તેમ છતાં બે વર્ષથી આ હેલિકોપ્ટર ઉડતું રહ્યું. એમાં મુખ્યમંત્રીશ્રી, રાજ્યપાલશ્રી અને બધા પ્રવાસ કરતા રહ્યાં તેમ છતાં એ અંગે (xxx) એની પણ ચિંતા છે. આ હેલિકોપ્ટર, વિમાનમાં (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, બે મિનિટ બેસો. માનનીય જીતુભાઇ, બોલો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે આ તમામ બાબતો માનનીય મુખ્યમંત્રીશ્રીએ (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : તમે બોલો છો શું કામ? એ કહે છે તો મારે એલાઉ તો કરવા પડેને?

શ્રી અમિત ચાવડા : ના, બોલવા દેવા હોય તો(અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : તમને બોલવા માટે ઊભા કર્યા છે. તમે બે મિનિટ, બેસો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રીએ મને એલાઉ કર્યો છે.(અંતરાય) માનનીય અમિતભાઇ, અડધી મિનિટમાં પૂરું કરું છું. રેકર્ડ ઉપર આ માહિતી ન જાય એટલા માટે આપને વિનંતી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તપાસના આદેશો આપ્યા છે અને એમને સસ્પેન્ડ કર્યા છે. એટલે (xxx)એ રેકર્ડ ઉપર નહીં રહેવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થાય.

શ્રી અમિત ચાવડા : તપાસની વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ તપાસ કરવા માટે આદેશો આપી દીધા છે.

શ્રી અમિત ચાવડા : આ કૌભાંડ થયું તો કોના આશીર્વાદથી થયું? ૯ વર્ષથી કરતા હતા તો કોના આશીર્વાદથી થયું? કોના માનીતા હતા? ક્યાં જતા હતા? એની તપાસ થવી જોઇએ. આમાં કોઇને બચાવવા માટેની વાત ના કરો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના ખેડૂતોને કહેવામાં આવ્યું હતું કે તમારી આવક ડિસેમ્બર ૨૦૨૨માં બમણી થશે. આ ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારમાં આવક બમણી તો ન થઇ પણ આજે ખેડૂત ડુંગળી બે રૂપિયે કિલો વેચવા માટે મજબુર છે. આજે ખેડૂત લસણ બે રૂપિયે કિલો વેચવા માટે મજબુર છે અને એના કરતા પણ ગુજરાતના દરેક ખેડૂતોના માથે આજે દેવું છે. આજે ગુજરાતના દરેક ખેડૂતના માથે રૂપિયા ૫૬૦૦૦ નું દેવું છે અને ગુજરાત કરતા બીજા બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, છતીસગઢ અને ઉત્તરાખંડના ખેડૂતો સુખી છે અને આ ડબલ એન્જિનની સરકારમાં ખેડૂતો આજે આર્થિક રીતે દેવાદાર છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર વર્ષમાં જે નર્મદા નિગમના એક અધિકારી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી રમેશભાઇ કટારા.

---

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૧, ૧૯૪૪ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન પર માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે એમાં હું મારા આદિજાતિ પર વિચારો રજૂ કરવા ઊભો થયો છે. દાહોદ જિલ્લો રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદ પર આવેલો છે એ આદિવાસી વિસ્તારની અંદર આપણી સરકારમાં આદિવાસી વિતારના અનેક વિવિધ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે સને ૨૦૨૨-૨૩માં રૂપિયા ૧૪,૬૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે અગાઉની સરકાર કે પહેલા જયારે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી માંડીને આદિવાસી વિસ્તારની અંદર દાહોદ જિલ્લાની ચિંતા કરી. પીવાના પાણીની વાત કરીએ તો કડાણાથી જે ભાણાસીમલ યોજના દાખલ કરી અને દાહોદ જિલ્લાને "નલ સે જલ યોજના" જે ઘરઘર પીવાના પાણીની યોજના આપી ટ્રાયબલ વિસ્તારની અંદર ચિંતા કરી છે અને એ પાઇપલાઇન નાખીને ડુંગરાળ વિસ્તારની અંદર બધે પીવાના પાણી પહોંચી વળે એવી સરકારે આ યોજના દાખલ કરી છે અને એની કામગીરી થઇ રહી છે. ગામડાંમાં પીવાનું પાણી આપવામાં આવે છે એ ટ્રાયબલની યોજનામાંથી જે સહાય આપવામાં આવે એ કૂવા હોય, બોર હોય કે હેન્ડપંપ હોય એ બોર્ડર વિસ્તારની અંદર આવેલા આદિવાસી વિસ્તારની અંદર બોર્ડરની યોજનામાંથી આ વખતે પણ આવાસ આપવાના છે અને ગાયો, ભેંસો પણ આપી અમારા આદિવાસી વિસ્તારની અંદર ભાઇઓ, બહેનો પગભર બને અને એમનું કુટુંબ સુખી બને એ માટે બોર્ડર વિસ્તારની અંદર લાભો આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારની અંદર આદિજૂથના ધોરણ-૯થી ૧૦ ના તમામ વિદ્યાર્થીઓને ૫૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી ત્યારે આજે ૧૫૦૦ રૂપિયાનો શિષ્યવૃત્તિમાં વધારો કરવામાં આવ્યો છે. આદિવાસી વિસ્તારની અંદર ટ્યુશન નહોતું તે વખતે ગ્રાન્ટ ઇન આશ્રમશાળાઓ ચાલતી હતી તે વખતે ૬૬૧ આશ્રમશાળા પૈકી જે જર્જરિત આશ્રમશાળા હતી જે જૂની આશ્રમશાળા હતી એ નળિયાવાળી હતી ત્યારે આ સરકારે એના બજેટની અંદર વધારો લાવીને આલીશાન બનાવવા માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને ૯૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને એનો લાભ મળવાનો છે. આદિવાસી વિસ્તારની અંદરથી વિદ્યાર્થીઓ જે બહારની યુનિવર્સિટીઓમાં જતા હતા ત્યારે ગોધરાની અંદર ગુરુગોવિંદ યુનિવર્સિટી ખોલવામાં આવી અને રાજપીપળાની અંદર પણ આદિવાસી વિસ્તારની અંદર યુવાન ભાઇઓને ભણવા માટે બહાર ન જવું પડે એટલા માટે રાજપીપળાની અંદર યુનિવર્સિટી ખોલી અને આદિવાસી વિસ્તારના લાભ મળે એ માટે જોગવાઇ કરી છે. ગ્રાન્ટ ઇન આશ્રમશાળા છાત્રાલયમાં ગૃહમાતાનો પગાર રૂપિયા ૬૫૦૦ હતો એમાં વધારો કરી રૂપિયા ૧૦,૦૦૦ કરવા માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ટ્રાયબલ વિસ્તારની વાત કરીએ તો દાહોદની અંદર પ્રાથમિક શાળાના ઓરડાઓ નહોતા. આજે દરેક જગ્યાએ પાકા ઓરડાઓ બનાવી અને આ વખતે પણ ૨૦૦૦ પાકા ઓરડાઓ બનાવવા માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. દાહોદ જિલ્લાની વાત કરું તો પીવાનું પાણી હોય કે ખેતીલાયક પાણી હોય તો કડાણા જળાશયમાંથી તળાવો અને નદીઓમાં પાણી વહેતું કરવા માટે કડાણાથી પાઇપલાઇન નાખીને દાહોદ જિલ્લાની અંદર દરેક જગ્યાએ આજે પણ તળાવોમાં પાણી નંખાયા અને જે તળાવો બાકી રહ્યા હતા એનો આ બજેટની અંદર સમાવેશ કરીને તળાવમાં પાણી નાખવામાં આવશે. આજે દાહોદ હોય, ઝાલોદ હોય, ફતેપૂરા હોય અમારા આદિવાસી વિસ્તારની અંદર પહેલા ગરીબાઇ હતી અને ઝુંપડપટ્ટીમાં રહેતા હતા આજે પ્રધાનમંત્રી આવાસ યોજના મંજૂર કરી. અગાઉની સરકારોમાં ૪ કે ૫ આવાસો આપતા હતા. આજે ૧૦૦ ટકા આવાસો આપ્યા અને હજુ પણ સરવે કરી અને પ્રધાનમંત્રી આવાસનું મોદી સાહેબનું સ્વપ્નું સાકાર કરવા માટે એમાં કોઇ ભેદભાવ કર્યા વગર પાકું મકાન ૧૦૦ ટકા અમારા આદિવાસીઓને મળે અને આદિવાસી પાકા મકાનમાં રહે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કેશાજી ઠાકોર.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ એમનો આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલા લાવ્યા છે અને જેને શ્રી પ્રવિણભાઇ માળીએ સમર્થન આપ્યું છે એમાં હું મારો પણ સૂર પૂરાવું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ઉત્તર ગુજરાતની ધરતીના છોરુ માં ભારતીના સંતાન દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસ ક્ષેત્રે ગુજરાતને નવી ઉંચાઇએ લઇ જવા માટે કંડારેલી કેડી ઉપર ચાલતી મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અંગે કહેવું હોય તો કહી શકાય કે "ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી" અને "આઓ જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ".માનનીય અધ્યક્ષશ્રી, જળ શક્તિ, ઊર્જા શક્તિ, જન શક્તિ, જ્ઞાન શક્તિ અને રક્ષાશક્તિ આ પંચ શક્તિ દ્વારા ગુજરા તની ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસક્ષેત્રે ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી કરવામાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. સમગ્ર જીવ સૃષ્ટિ અને પ્રકૃતિ માટે જળ એ સૌથી અગત્યની જરૂરિયાત છે. જળ છે તો જીવન છે. જળ શક્તિ દ્વારા રાજ્યનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્દઢ આયોજન કરવામાં આવ્યું છે. કહેવાય છે કે, પ્રજાના કલ્યાણ માટે ભગીરથજીએ તપ કર્યું હતું ત્યારે ગંગાજીને પ્રગટ થવું પડ્યું હતું. એ જ રીતે એમ પણ કહેવાય છે કે, ગંગાજીમાં ન્હાવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય છે, પણ નર્મદાજીના દર્શન કરવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય છે. આવી પવિત્ર નર્મદા યોજના દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબના ભગીરથ પ્રયત્નોના કારણે સાકાર થઇ છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સાકાર થતાં નર્મદા નદીના નીર કચ્છ, સૌરાષ્ટ્ર અને અમારી ઉત્તર ગુજરાતની સૂકીભઠ્ઠ ધરતી સુધી પહોંચ્યા છે. અમારી ઉત્તર ગુજરાતની

ધરતી કે જયાં પહેલાં ધૂળની ડમરીઓ ઉડતી હતી ત્યાં આજે ખેતરે ખેતરે મોલ જેવો મહેરામણ લહેરાય, ધરતી બની ગણી હરખાય. આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઉત્તર ગુજરાતના નવ જળાશયોમાં નર્મદાનું પાણી નાખવા માટે અને તળાવો ભરવા માટે કુલ ચૌદ પાઇપલાઇનનું આયોજન કરવામાં આવ્યું છે. જળ અને અન્નની સમસ્યાના કાયમી ઉકેલ માટે નર્મદા મુખ્ય કેનાલ આધારિત કડાણા ડેમથી બનાસકાંઠાના છેવાડાના વિસ્તાર સુધી આશરે ૩૩૭ કિલોમિટર લંબાઇની બે હજાર ક્યુસેક પાણીની વહન ક્ષમતાવાળી સુજલામ્ સુફલામ્ કેનાલનું આયોજન કરવા બદલ આ રાજ્ય સરકાર, રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનને તે વિસ્તારની જનતા વતી હું અભિનંદન આપું છું અને આભાર માનું છું. આ અંગે મારાં કેટલાંક સૂચનો સરકારશ્રીને રજૂ કરું છું. નર્મદા નહેર આધારિત ૧૪-દિયોદર વિધાનસભા મત વિસ્તારમાં એકપણ સિંચાઇની પાઇપલાઇન નથી. તે વિસ્તારની જનતાની લાગણી છે કે, સરકાર આ અંગે નવી પાઇપલાઇન દિયોદર વિધાનસભા માટે વિચારે. પાઇપલાઇન દ્વારા તળાવો ભરવાની અંતર મર્યાદા ત્રણ કિલોમિટરની છે તે અંતર મર્યાદા વધારવા માટે હું સરકારશ્રીને વિનંતી કરું છું. મારા ૧૪-દિયોદર વિધાનસભા મત વિસ્તારના દિયોદર તાલુકાના ગોધાવી-કોતરવાડા સુધી નર્મદા નહેર પસાર થાય છે પણ આ વિસ્તારનો કમાન્ડ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો નથી. તો તે વિસ્તારના લોકોની લાગણી છે કે, સરકાર આ વિસ્તારને નર્મદાના કમાન્ડ એરિયામાં સમાવે. સુજલામ્ સુફલામ્ નહેરને તેની પૂર્ણ ક્ષમતા ૨૦૦૦ કયુસેક પાણીથી વહેવડાવવામાં આવે અને આ બાબતે કોઇપણ અડચણો હોય તો રાજ્ય સરકાર દૂર કરે તેવી આપના મારફત રાજ્ય સરકારને હું વિનંતી કરું છું. સુજલામ્ સુફલામ્ કેનાલ બુકોલી તાલુકો કાંજરેજ પૂર વખતે તૂટી ગયેલ છે. આ કેનાલનું રિપેરિંગ કરવાની ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. મારી રાજ્ય સરકારને આપના વતી વિનંતી છે કે, આગામી ચોમાસા પહેલાં આનું રિપેરિંગ થાય. આ ભાજપ સરકાર એટલે ભરોસાની સરકાર. અમારા વિસ્તારની જનતાને ભાજપ સરકાર ઉપર ભગવાન કરતા પણ વધારે ભરોસો છે. જે વિસ્તારો હજી પણ નર્મદાના પાણીથી વંચિત છે તે વિસ્તારોને નર્મદાનું પાણી મળે. આપનો આભાર, ભારત માતા કી જય.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહમાં સંબોધન કર્યું તે બદલનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા આવ્યા છે અને તેમને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ સમર્થન આપ્યું છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં ૨૦૦૧થી રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ રાજ્યની ધુરા સંભાળી હતી. એ પહેલા પીવાના પાણી માટે આ રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના કચ્છ વિસ્તાર અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જે તાલુકાઓ છે બરવાળા, વલ્લભીપુર, ભાવનગર, ઘોઘા, તળાજા, મહુવા, જાફરાબાદ, ઉના અને માંગરોળ સુધીનો દરિયા કાંઠાનો વિસ્તાર અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણી માટે કોઇ નક્કર આયોજન કરેલું નહીં અને એને કારણે પાણીના તળ ધરતીની અંદર એટલા બધા નીચે ગયા કે ક્ષારયુક્ત અને ફ્લોરાઇડ યુક્ત પાણી પીવાના કારણે આ વિસ્તારમાં અને એમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તાર અને કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં લોકોએ ખૂબ યાતનાઓ અને પીડા ભોગવી છે. પાણી એ સમગ્ર વિશ્વની અંદર દરેકને માટે ખાસ જરૂરી વસ્તુ છે એનું કોઇ નક્કર આયોજન અગાઉની સરકારોએ ન કર્યું, હેન્ડપંપ અને ટેન્કરોથી ચલાવ્યું અને છેલ્લે તો જ્યારે રાજકોટ જેવા શહેરમાં દુષ્કાળની પરિસ્થિતિમાં ટ્રેન દ્વારા પાણી પહોંચવામાં આવતું હતું. ટ્રેન એક કે બે દિવસ પાણી આપી શકે પણ આટલી વિકટ પરિસ્થિતિમાં પણ કોઇ નક્કર આયોજન અગાઉની સરકારોએ કર્યું નહીં. સન ૨૦૦૧ પછી આ રાજયના તમામ ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવાના અથાગ પ્રયત્ન શરૂ કર્યા અને આ રાજય સરકાર દ્વારા રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ કરવામાં આવ્યું જે અંતર્ગત કુલ ૩૧૧૨ કિલોમીટરની મુખ્ય પાઇપ લાઇન ૧ લાખ ૨૦ હજાર કિલોમીરટથી વધુની લંબાઇનું વિતરણ નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે, આ હેઠળ ૧૪૪૦૨ ગામોને અને ૨૪૦ જેટલા શહેરી વિસ્તારોને ૩૪૦૦ એમ.એલ.ડી. પાણી વિતરણ કરવામાં આવે છે અને માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ અમે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓનો જ્યારે પ્રવાસ કરતા ત્યારે ત્યાંની હોસ્પિટલોમાં ફ્લોરાઇડ યુક્ત પીવાના પાણીથી લોકોને પેટમાં થતી પથરીઓના ઓપરેશન પછી કાઢવામાં આવેલી પથરીઓના નમૂના મૂકવામાં આવતા આમ ફલોરાઇડ યુક્ત પીવાના પાણીથી લોકોએ થતા રોગોની જે યાતનાઓ ભોગવી છે એટલે આ રાજય સરકારે અને ભારત સરકારે દેશના તમામ નાગરિકોને ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય એ માટે વડાપ્રધાનશ્રીએ હર ઘર જલ યોજના જાહેર કરેલ છે. જલ જીવન મિશન હેઠળ નલ સે જલ કાર્યક્રમની વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂઆત કરવામાં આવી છે જેનો રાજય સરકાર દ્વારા ઓકટોબર ૨૦૨૨માં લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે. આમ, રાજયના તમામ ગ્રામીણ વિસ્તારોમાં સો ટકા ઘરોમાં નળ જોડાણ આપવાની સિદ્ધિ રાજય સરકારે હાંસલ કરેલ છે.

ડૉ. જયરામભાઇ ચે. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા આવ્યા છે અને માનનીય સભ્યશ્રી પ્રવીણભાઇ માળીએ જેને સમર્થન આપ્યું છે ત્યારે હું પણ મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં વિકાસનું દર્શન જ્યારે અભિભાષણમાં થતું હોય ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાતનું હિત જેના હૈયે હોય એણે વિચારો મૂકવા જોઇએ અને સાંભળવા પણ જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં આપણું ગુજરાત એક મોડેલ રાજય તરીકે વિકાસને માર્ગે સૌથી ઝડપથી પ્રગતિ કરી રહ્યું

છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે એટલું ચોક્કસ કહીશ કે આ સરકાર ગરીબો, વંચિતો, શોષિતો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓની સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ આઝાદ થયો અને ૧૯૬૦માં ગુજરાત રાજયની જ્યારે સ્થાપના થઇ ત્યારથી આજ સુધી શિક્ષણ ક્ષેત્રમાં અનેક ક્રાંતિઓ થઇ છે એમાં યુનિવર્સિટી શિક્ષણ પંચ, માધ્યમિક શિક્ષણ પંચ, કોઠારી શિક્ષણ પંચ, નવી શિક્ષણ નીતિ, શિક્ષણની સંવર્ધિત રાષ્ટ્રીય નીતિ, રાષ્ટ્રીય જ્ઞાન પંચ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના કારણે શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પરિવર્તન આવ્યું છે. પહેલા પ્રાથમિક શિક્ષણ ૧ થી ૭ ધોરણ સુધી હતું, ધોરણ ૮ થી ૧૦ માધ્યમિક શિક્ષણ હતું અને ધોરણ ૧૧ અને ૧૨ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ હતું.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે ગૃહ ફરીથી બપોરના ૩-૦૦ કલાકે મળશે. સભ્યશ્રી આપનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ડો. જયરામભાઇ ચે. ગામીત (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ ત્રણ રીતે કાર્યરત છે. એક સરકારી માધ્યમિક શાળાઓ જે સરકારશ્રીની સંપૂર્ણ દેખરેખ હેઠળ ચાલે છે. બીજી અનુદાનિત માધ્યમિક શાળાઓ કે જે સરકારશ્રીના અનુદાન પર નિર્ભર હોય છે અને ત્રીજી સ્વનિર્ભર હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની વાત કરું તો રાજયમાં ૨૦૧૪થી આર્થિક રીતે પછાત તાલુકાઓને ધ્યાનમાં લઇને આર્થિક રીતે પછાત દરેક સમાજનાં બાળકો શિક્ષણથી વંચિત ના રહી જાય તે માટે વર્ષ ૨૦૧૪થી ગુજરાત કાઉન્સિલ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ૭૩ મોડેલ શાળાઓ કાર્યરત છે જે ગૌરવ આપનારી બાબત છે. પ્રતિભાશાળી વિદ્યાર્થીને ધોરણ-૬થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું શિક્ષણ વિના મૂલ્યે મળે તે માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય સુવિધા ધરાવતી ૪૦૦ ગ્રામસેતુ સ્કૂલ માટે ૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત પાઠ્ય પુસ્તકો, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વિદ્યાદીપ યોજના, એસ.ટી.બસ ફ્રી કન્સેશન પાસ યોજના, વિદ્યાર્થી પહેલ યોજના, શિષ્યવૃત્તિ યોજના, વિદ્યા સાધના યોજના, સરસ્વતી સાધના યોજના જેવી અનેકવિધ યોજનાઓનો વિદ્યાર્થીઓને લાભ મળે છે. આજે ગુજરાતના વિકાસને એક મોડેલ તરીકે જોઇએ દેશના વિકાસની અપેક્ષા દેશની જનતા રાખી રહી છે ત્યારે રાજયપાલશ્રીના પ્રવચનમાં સંપૂર્ણપણે માનવીય મૂલ્યોનાં દર્શન થાય છે, સંપૂર્ણપણે માનવતાના દર્શન થાય છે અને માનવતાની વાત છે ત્યારે આ સન્માનનીય ગૃહને હું અપીલ કરું છું કે, આ રાજયપાલશ્રીના પ્રવચનને આપણે બધા તેમને સમર્થન આપીએ અસ્તુ, ભારત માતા કી જય.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આ ગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા અને તેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ જે ટેકો કર્યો છે અને આ પ્રસ્તાવ ઉપર પંદરમી વિધાનસભામાં પ્રથમ વખત મને આ વિચારો રજૂ કરવા માટેની જે તક મળી છે તે બદલ માનનીય અધ્યક્ષશ્રી આપનો અને આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ જે તેમના સંબોધનમાં જે પ્રૌઢ શિક્ષણ તેના માટે અનેક વિભાગીય બાબતોની જે ચર્ચા કરવામાં આવી અને તે સંબોધનમાં દરેક બાબતો તેમાં વણી લઇ અને જે રાજય સરકારે અને કેન્દ્ર સરકારે જે ખૂબ સારા પ્રયત્નો કર્યા છે તે બાબતે પ્રૌઢ શિક્ષણ અને સાક્ષરતા તે વ્યકિતના મૂળભૂત અધિકારો છે અને તે મૂળભૂત અધિકારો માટે દરેક વ્યકિતનો પોતાનો અધિકાર તો છે સાથે જયારે કોઇ પણ વ્યકિત જન્મ લે છે અને જન્મતાની સાથે તેમના કુટુંબમાં તેમને માતા-પિતા દ્વારા તેમને સંસ્કારો મળે છે ત્યારથી તે પોતે સાક્ષર થતો જાય છે પરંતુ જે સાક્ષરતા એ માત્ર અને માત્ર જે કુટુંબ તરફથી જે તેમને વાતાવરણ મળતું હોય તેના તરફથી તે સાક્ષર બનતો નથી, પરંતુ તેમને અક્ષરજ્ઞાન, આંકડાકીય જ્ઞાન અને સમાજમાં ટકવા માટે સાક્ષરતાની ખૂબ જ અગત્યતા છે. સાક્ષરતાની જે અગત્યતા છે તેના માટે જે તે વ્યકિતએ પોતે સાક્ષર થવા માટે અને એ સાક્ષર કરવા માટે જે તે રાજય સરકારની પોતાની જવાબદારી છે અને એ જવાબદારી નિભાવવા માટે રાજય સરકારશ્રીએ ખૂબ સારામાં સારા પ્રાવધાન તેના માટે કર્યા છે. રાજ્ય સરકારે જે પોતાની ઉપલબ્ધિ છે એમાં અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, સામાજિક અને આર્થિક રીતે પછાત હોય એનાં માટે અસરકારક પગલાં ભર્યાં છે. દરેક વ્યક્તિને સાક્ષરતા પ્રાપ્ત કરવાનો અધિકાર છે. દરેક વ્યક્તિ આજીવિકા મેળવવા માટે સાક્ષરતા મેળવ્યા વગર કશું કરી શકતો નથી. દરેક વ્યક્તિને નોકરી મેળવવા માટે, લોન લેવા માટે, સેવાઓ માટે અથવા કોઇ નાના-મોટા આવેદનપત્રો આપવાના થાય તો એના માટે સાક્ષરતા ખૂબ જરૂરી છે. સાથે-સાથે નાનો-મોટો ધંધો કરવો હોય, વેપાર કરવો હોય તો એના માટે સાક્ષર હોવું ખૂબ અગત્યનું છે. માતા-પિતા સાક્ષર હોય, એમણે શિક્ષણ મેળવ્યું હોય તો એ પોતાના બાળકોને શિક્ષણ આપી અને આગળ લઇ જવાનો પ્રયત્ન કરતા હોય છે. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ખૂબ અગત્યની ચર્ચાઓ કરી છે. સાથે-સાથે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આખા ગુજરાતમાં જ્યાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોય એ વિસ્તારોમાં કોઇને અભાવ હોય અથવા એને કોઇ તકલીફ પડી હોય અને અભ્યાસ છોડ્યો હોય અથવા શિક્ષણ ક્ષેત્રે એમણે એ બાબત લીધી ન હોય એમાં સરકારે એના માટે સારામાં સારી બાબતો ગોઠવી છે.

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને શ્રી મહેશભાઇ કસવાલા આવ્યા છે અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ તેને ટેકો આપ્યો છે ત્યારે તેમને મારું અનુમોદન છે અને તેના અનુસંધાને હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની થોડી વાત કરીએ તો હમણાં જ ગૃહમાં માનનીય મંત્રીશ્રીએ થોડી વાત કરી. હું સુરતથી આવું છું. આ ગૃહના માધ્યમથી આજે મારે વાત કરવી છે કે અમારા ટેક્ષટાઇલ ઉદ્યોગને આ વર્ષે રૂ.૧૫૮૦ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરી છે. ટેક્ષટાઇલ ઉદ્યોગને સફળતાના શિખરે લઇ જવા અને તે સરળ રીતે આગળ વધી શકે, એનો વિકાસ થઇ શકે એ હેતુથી રાજ્ય સરકારે ટેક્ષટાઇલ ઉદ્યોગ માટે જે પ્રાવધાન કર્યું છે એના માટે હું ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ સાહેબનો દિલથી આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું. મારે અમારા શહેરી વિકાસના મંત્રીશ્રી બળવંતસિંહજીનો આભાર માનવો છે, મારે એમને અભિનંદન કરવા છે કે જેમણે સરદાર વલ્લભભાઇ જેવું સિંહનું કાળજું રાખીને અમારા સુરતના ઉદ્યોગને આટલું મોટું પ્રાવધાન કર્યું. મારે નતમસ્તકે કહેવું છે કે આ ટેક્ષટાઇલ ઉદ્યોગને સુરતની એક જીવાદોરી સમાન પ્રોત્સાહન પૂરું પાડવાનું કામ અમારા મંત્રીશ્રીએ કર્યું છે. આ ગૃહના માધ્યમથી મારે એમને પણ અભિનંદન આપવા છે. વર્ષ ૨૦૧૪થી ૯ વર્ષ આઝાદીના અમૃતકાળના હતા. સુરત, અમદાવાદ જેવા મોટાં-મોટાં શહેરો કે નાના-મોટા જિલ્લાઓમાં રેલવે સ્ટેશન કે રેલવે સડકની આરપાર બે બાજુના ફ્લાય ઓવર બનાવવા માટે ભૂતકાળની સરકારોમાં પાંચ-સાત વર્ષનો સમયગાળો થતો હતો અને તેના લીધે સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરો અને નાના-મોટા જિલ્લાઓમાં વિકાસની ગાથાને બહુ મોટો ફરક પડતો હતો. આ ફ્લાય ઓવરના કારણે શહેરી વિકાસકરણની ગાથા આગળ પડતી હતી અને તેના લીધે શહેરોમાં ટ્રાફિકની વ્યવસ્થાનું નિયમન થતું હતું. મને વાત કરતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૪માં આખા દેશમાં સ્વર્ણિમ કાળ શરૂ થયો. આપણા સૌના લોકલાડીલા અને આપણા ગુજરાતના પનોતા પુત્ર અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ વર્ષ-૨૦૧૪માં દેશનું સુકાન સંભાળ્યું.

શ્રી ડી. કે. સ્વામી(જંબુસર) : વર્ણીવિશ રમણીય દર્શનમ, મન્દ હાસ રૂચિ રાણ નાન ભુજમ. પુજિતામ સૂરનરો તમૈર મુડા, ધર્માનન્દન મહં વિચિન્તયે. રામો રાજમણિઃ સદા વિજયતે, રામં રમેશં ભજે, રામેણા ભિહતા નિશાચરચમુ, રામાય તસ્મૈ નમઃ રામન્નાસ્તિ પરાયણં, પરતરં રામસ્ય દાસો સ્મ્યહં.

માનનીય અધ્યક્ષશ્રી, આજના આ ગૃહમાં આપે બોલવાની તક આપી તે બદલ હું આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને આપણા સૌના આદરણીય એવા મહામહિમ રાજ્યપાલશ્રીએ ગત ૨૩ તારીખે આ વિધાનસભામાં સંબોધન કર્યું અને એ સંબોધનમાં આ ગુજરાતની વિકાસયાત્રામાં ખાસ કરીને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ ગુજરાતમાં અનેક વિકાસનાં કામોની વાત કરી છે. આપણા સૌના આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને ભૂપેન્દ્રભાઈ પટેલના સાનિધ્યમાં સોમનાથ, દ્વારકા, અંબાજી, ડાકોર, જૂનાગઢ, પાલીતાણા જેવા અનેક સ્થાનોમાં આ ગુજરાતની સરકાર વિકાસ કરી રહી છે અને યાત્રાધામ વિકાસ બોર્ડ અંતર્ગત ગુજરાતના યાત્રાધામો આજના પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ વિકાસ કરી રહ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે વર્ષો પહેલા રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે સંઘર્ષ ચાલતો હતો ત્યારે આપણા સૌના આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતમાં આવ્યા અને ત્યારબાદ દિલ્હીની સત્તા પર બેઠા ત્યારે ધર્મ અને રાજસત્તા વચ્ચે સમન્વય બનાવી માત્ર ગુજરાતમાં જ નહિ આખા ભારતમાં યાત્રાધામનો ખૂબ વિકાસ થયો છે. આ સમયે હું માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને યાત્રાધામ વિકાસ બોર્ડના માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના સંબોધન પરની ચર્ચામાં મને બોલવાની તક મળી છે એના માટે હું માનનીય રાજ્યપાલશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પહેલાં ૫૬ સીટો હતી, હવે ૧૫૬ સીટો થઇ અને આવનારા દિવસોમાં વિધાનસભામાં ૧૮૨ સીટો તો પાકી જ છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા પવિત્ર યાત્રાધામ વિકાસ અંતર્ગત 'ભવ્ય કાશી, દિવ્ય કાશી' કાર્યક્રમ અંતર્ગત કોરિડોરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ત્યારે ગુજરાતમાંથી જે સંતોને આમંત્રણ આપવામાં આવ્યું હતું એમાં આ ' ભવ્ય કાશી, દિવ્ય કાશી' ના દર્શન કરવાની મને તક મળી એનો મને આનંદ છે. આ વાતનો હું સાક્ષી છું. ગુજરાતની અંદર હજારો લોકો યાત્રાધામો ખાતે રહેવાની સગવડતા, સ્વચ્છતા અને ભગવાનના શાંતિપૂર્વક દર્શન કરીને આત્મસંતોષ પામે છે.

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાજી અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ અનુમોદન આપ્યું છે તે આભાર-પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહમાં નવા ધારાસભ્ય તરીકે પ્રથમ વખત બોલવાની તક આપવા બદલ આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તેમજ આપશ્રીનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. અમે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આભારી છીએ કે જેમણે મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૨માં 'આદિવાસી સમાજની દીકરીઓ મને દાનમાં આપો, મારે આ દીકરીઓને ભણાવવી છે' એવું કહીને શિક્ષણની આહલેખ જગાવી હતી. વર્ષ ૨૦૧૮માં વિશ્વની નંબર વન ૧૮૨ મીટર ઊંચી એકતાનું પ્રતિક એવી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું જ્યાં અનાવરણ થયું છે એવા નર્મદા જિલ્લાના નાંદોદ વિધાનસભા ક્ષેત્રનું હું પ્રતિનિધિત્વ કરી રહી છું. વંદન છે ગુજરાતની આ ભૂમિને, વંદન છે ગુજરાતના આ

નેતૃત્વને, વંદન છે ગુજરાતની આ સાહસિકતાને અને વંદન છે ગુજરાતના આ અવિરત વિકાસને. આજના દિવસે હું મારા પિતાશ્રીની એક પંક્તિ પણ યાદ કરું છું કે, **''કામ કરો તો એવા કરો કે હૈયે હરખની હેલી ચડે, મોતના મુખ માંહેથી જિંદગી વરસી પડે''.** આ પંક્તિ આપણને પ્રેરકબળ પૂરું પાડે છે. સ્વસ્થ મા, સ્વસ્થ બાળ, સ્વસ્થ યુવા, સ્વસ્થ પરિવાર, સ્વસ્થ સમાજ, સ્વસ્થ રાજ્ય થકી સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ થતું હોય છે. મારે માનનીય વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા છે કે ગુજરાતના પ્રત્યેક નાગરિકની આરોગ્યની સુખાકારી માટે રૂ.૧૨૭૫ કરોડના ખર્ચે અમદાવાદમાં સિવિલ મેડિસિટીનું લોકાર્પણ થયું છે. રાજકોટમાં એઇમ્સ કક્ષાની ઉચ્ચતમ હૉસ્પિટલનું નિર્માણ થઇ રહ્યું છે. મારે અભિનંદન આપવા છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને કે તા.૧૯-૦૪-૨૦૨૨ના રોજ જામનગર ખાતે ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના કરવામાં આવી છે અને આના દ્વારા વિશ્વભરની ચિકિત્સા પદ્ધતિને સંશોધન અને સારવાર થકી લોકોને એનો લાભ મળી શકશે. મારે મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજી અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલજીને અભિનંદન આપવા છે. વર્ષ ૧૯૯૦ના દાયકામાં માત્ર ચાર જ મેડિકલ કૉલેજ અસ્તિત્વમાં હતી. આજે ગુજરાતના ૩૬ જિલ્લાઓમાં જી.એમ.ઇ.આર.એસ. મૅડિકલ કૉલેજ અસ્તિત્વમાં આવી છે અને જેના થકી એમ.બી.બી.એસ.ની ૬૪૫૦ જેટલી સીટો ફાળવવામાં આવી છે. હાલમાં જ નર્મદા ખાતે પણ આ જી.એમ.ઇ.આર.એસ. મૅડિકલ કૉલેજ ચાલુ થઇ ગઇ છે. રાજ્યમાં અંગદાન અને પ્રત્યારોપણનો એક યજ્ઞ શરૂ થયો છે. સન ૧૯૯૭થી ૫૫૪૭ લાઇવ અને ૧૬૮૧ જેટલા કેડાવેરિક પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ એક અકલ્પનીય સિદ્ધિછે. પી.એમ.જે.વાય. મા યોજના અંતર્ગત ૨૩૬૯ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. શાળા આરોગ્ય હેઠળ ૩૦૦થી વધુ બાળકોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે અને યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટમાં પાંચ જેટલા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન પણ કરવામાં આવ્યા છે. સરકારી કિડની અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ૫૭૦થી વધારે રોબર્ટિક સર્જરી કરી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. હું અભિનંદન આપું છું અમારી ભા.જ.પા. સરકારને કે, અમારા આદિવાસી વિસ્તારમાં અંબાજીથી ઉમરગામ સુધીના ૧ કરોડ આદિજાતિના લોકોમાંથી ૯૬ લાખ ૫૧ હજાર ૪૬૬ લોકોનું સ્ક્રિનિંગ સિકલસેલ એનીમિયા અંતર્ગત કરવામાં આવ્યું છે અને એમાંથી ૭ લાખ ૭ હજાર ૧૪૭ જેટલા સિકલ સેલ વાહક દર્દીઓ અને ૩૧ હજાર ૭૯ જેટલા સિકલ સેલ ડિસીઝ દર્દીઓનું નિદાન થયેલું છે. આ ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લેતાં, ભારત સરકારશ્રી તરફથી પ્રાઇમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સલન્ટ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન એનાયત કરવામાં આવેલ છે. સઘન મીશન ઇન્દ્રધનુષ યોજના હેઠળ એક વર્ષ સુધીના અંદાજિત ૧૩.૨૯ લાખ બાળકોમાંથી ૯.૫૪ લાખ બાળકોને રોગ પ્રતિકારક રસી મૂકવામાં આવી છે. વન નેશન, વન ડાયાલીસીસ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતમાં ૨૮૦ જેટલા ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે તેમાંથી ૨૬ જેટલા ડાયાલીસીસ સેન્ટર આદિવાસી અને પછાત વિસ્તારમાં છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ ૨૧ લાખ જેટલી સગર્ભા મહિલાઓની દર મહિનાની ૯મી તારીખે વિનામૂલ્યે તપાસ કરવામાં આવે છે. જેમાં, ગુજરાતમાં ૪૨૨ જેટલા ગાયનેકોલોજિસ્ટ ડોકટરો પોતે આ સેવા આપી રહ્યા છે. અંતરિયાળ વિસ્તારના છેવાડાના અંતિમ માનવી સુધી આરોગ્યની સેવાઓ પ્રાથમિકતાના ધોરણે મળી રહે એ માટે ૨૫૦ જેટલી મોબાઇલ કોમ્પ્રિહેન્સિવ હેલ્થ કેર યુનિટ ફાળવવામાં આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ યોજના એટલે કે, પી.એમ.જે.વાય યોજના જેમાં રૂપિયા ૫ લાખ સુધીની સારવાર મફતમાં સેવા હતી ત્યાં આજે રૂપિયા ૧૦ લાખ સુધીની સારવાર મફતમાં થઇ શકે એવો આ સંવેદનાસભર નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે. વર્ષ ૨૦૨૨-૨૩ દરિમયાન ૭.૩૫ લાખ લાભાર્થીઓને રૂપિયા ૨૧૩૨ કરોડની સહાયથી લાભ મળ્યો છે. ગુજરાતમાં ૧૭ જેટલી ટેલિમેડિશિન કાર્યરત છે. આભાર.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે વાતો કરી એના અનુસંધાનમાં મારે કહેવું છે કે, ગુજરાતની અંદર દરેક ક્ષેત્રમાં ખૂબ વિકાસ થયો છે. સુરત, અમદાવાદ, બરોડા, રાજકોટ વિગેરે શહેરોમાં વિકાસ થયો છે. સહકારી ક્ષેત્રની વાત કરીએ તો એમાં પણ ગુજરાતમાં ડેરી ઉદ્યોગ હોય, એ.પી.એમ.સી. હોય, જિલ્લા સંઘો હોય બધામાં ખૂબ જ સારો વિકાસ થયો છે. આપણા પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબ કે જેમણે દેશમાં પ્રથમવાર સહકાર મંત્રાલય ચાલુ કર્યું અને આપણા ગૃહ મંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહ સાહેબની સહકાર મંત્રીશ્રી તરીકે નિમણૂક કરી પહેલા જ બજેટમાં રૂપિયા ૯૦૦ કરોડની જોગવાઇ કરીને સહકાર ક્ષેત્ર કેવી રીતે મજબૂત કરવું? એના માટે પણ આપણી સરકાર ખૂબ કામ કરી રહી છે. ગુજરાતની વાત કરીએ તો, ગુજરાત રાજયનું સહકારી ક્ષેત્રનું જે બજેટ છે તે લગભગ રૂપિયા ૨.૫ લાખ કરોડ છે અને સરકારનું બજેટ રૂપિયા ૩ લાખ ૧ હજાર કરોડ જેટલું છે. એટલે સરકાર અને સહકાર એ બંનેનું બજેટ એકસરખું છે. એટલે સહકારી ક્ષેત્રમાં ખૂબ જ વિકાસ થયો છે. એમાં આપણી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિના કારણે ગુજરાતનો વિકાસ થયો છે. દરેક ક્ષેત્રમાં આ સરકારે ખૂબ જ પ્રગતિ કરી છે. સુરતની વાત કરીએ તો, સુરતમાં પણ આજે એકસાથે લગભગ ૧૦ પ્રોજેક્ટ કામ કરી રહ્યા છે. એમાં તાપી શુદ્ધીકરણની વાત હોય, તાપી નદીમાં બૅરેજ બનાવવાની વાત હોય, મેટ્રો રેલ હોય, સુરત મહાનગરપાલિકાનું ૩૦ માળનું બિલ્ડિંગ આવા અનેક વિકાસના કામો આ રાજ્ય સરકારમાં થઇ રહ્યા છે. આ સરકારે ખૂબ જ વિકાસ કર્યો છે. છેવાડાના ગામોમાં પણ સિંચાઇ દ્વારા ખેડૂતોને પાણી આપવાની વાત હોય, નર્મદાના નીર દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રના ગામોમાં પણ પાણી પહોંચાડવાની કામગીરી રાજ્ય સરકારે કરી છે ત્યારે

આપણા મુખ્યમંત્રીશ્રી અને આપણા પ્રધાનમંત્રીશ્રી દ્વારા અને ખાસ કરીને ડબલ એન્જિનની સરકાર દ્વારા ગુજરાત રાજ્યનો ખૂબ જ વિકાસ થયો છે. આભાર.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં એમણે રાષ્ટ્રપિતા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, ઇન્દુલાલ યાજ્ઞિક અને રવિશંકર મહારાજ એમ ગુજરાતના આ ૪ પનોતા પુત્રોને યાદ કર્યા. એ નામોની યાદીમાં હું વિઠ્ઠલભાઇ પટેલનું નામ મૂકવા માગું છું. જેમના નામ સાથે આ સન્માનનીય સભાગૃહનું નામ જોડાયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચેય ગુજરાતના પનોતા પુત્ર વિઠ્ઠલભાઇ પટેલ, સરદાર વલ્લભભાઇ પટેલ, ગાંધીજી, રવિશંકર મહારાજ અને ઇન્દુલાલ યાજ્ઞિક એ એવા મહાપુરુષો હતા કે જેમના જાહેરજીવનના કેન્દ્રમાં ગુજરાતનો, દેશનો અને સમાજનો જે આખરી ઇન્સાન છે. છેવાડાનો માણસ છે. છેલ્લામાં છેલ્લો વ્યક્તિ છે. એ એમના જાહેર જીવનના કેન્દ્રમાં હતો. આજે ગુજરાતના ૫૫ લાખ ખેતમજૂરો, પગાર નહીં પણ ઇન્સેન્ટિવ પર જીવતી ગુજરાતની હજારો આશાવર્કર બહેનો, અઢીસો કે ત્રણસો રૂપિયા માટે ઝેરી ગેસ હોવા છતાં જે સફાઇ કામદારે ગટરમાં ઉતરવું પડે છે એવા સફાઇ કામદારો, એવા દલિતો કે જેમને માથે મેલું ઉપાડવું પડે છે. જેમણે ૧૪ કલાક, ૧૬ કલાક કેમિકલની ફેક્ટરીમાં મજૂરી કરવી પડે છે. આ વાયબ્રન્ટ અને સ્વર્ણિમ સિવાયનું આ શ્રમજીવીઓનું જે ગુજરાત છે. એની ખાસ કોઇ ઝલક કે ઝાંખી આ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં જોવા મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં જો કે એક વાતનો ઉલ્લેખ છે કે ગુજરાતમાં ૩.૪૭ કરોડ એટલે કે લગભગ સાડા ત્રણ કરોડ લોકોને આ રાજયની સરકારે મહિને ૫ કિલો અનાજ આપવું પડે છે. *(xxx)

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, બિહાર પછી ઓછા વજનવાળા અને કુપોષિત બાળકોની અંદર ગુજરાત બીજા નંબર ઉપર છે. લગભગ અઢી કરોડ લોકો રાશનની લાઇનમાં ઊભા રહે છે. એ સાડા ત્રણ કરોડ લોકો છે જેમને મહિને ૫ કિલો અનાજ આપીએ છીએ. જેના દીકરા કે દીકરી એ ડિગ્રીનું સર્ટિફિકેટ હાથમાં લઇને નોકરીની લાઇનમાં ઊભો છે અને એને ખબર પડે છે કે કરાઇની અંદર તો કોઇ નકલી પી.એસ.આઇ. ઘૂસી ગયો છે. આ એ ગરીબ પરિવારો છે કે જેમણે પેટે પાટા બાંધી, કાળી મજૂરી કરીને પોતાના સંતાનોને, પોતાના દીકરા દીકરીઓને ભણાવ્યા, એવી આશાએ કે એમને સરકારી નોકરી મળશે. પણ, હજી રાજયની જનતા સમક્ષ, ગુજરાતની જનતા સમક્ષ ખુલાસો થતો નથી કે રાજયમાં ૧૩ પરીક્ષાના પેપર ફૂટ્યા, ૨૩ ફૂટ્યા કે ૪૩ ફૂટ્યા. ધારાસભ્યનું પદ ખાલી પડે તો ૬ મહિનામાં ચૂંટણી થાય. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના સંદર્ભમાં...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, શ્રી જીતુભાઇ, કંઇક કહેવા માગે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચનમાં સાડા ત્રણ કરોડ લોકોને અનાજ આપવાની વાત કરી છે. એમાં બી.પી.એલ., એ.પી.એલ. આ બધાને કોરોના વખતે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો કે બધાને આપણે આપીએ. એ તો એક બાજુ મોંઘવારી અને એક બાજુ બીજાની વાત કરે. એટલે ગરીબોના મોઢામાંથી લઇ લેવાની વાત અને મને લાગે છે કે રેકર્ડ ઉપર આ પ્રકારની વાત જાય એ પણ ઠીક નથી. એટલે માનનીય અધ્યક્ષશ્રી, એમનો ઇરાદો સભ્યશ્રીનો એવો છે કે એ લોકોને નહીં આપવું જોઇએ? ઉદાર મનથી રાજયની જનતા માટે કરેલો નિર્ણય છે કે જેમની જરૂરિયાતો છે. એમના માટેનો આ નિર્ણય થયેલો છે. આપનું કહેવાનું એવું હોય તો સન્માનનીય સભાગૃહને કહો કે સાડાત્રણ કરોડને ન આપો અને આ પાછું ખેંચો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં નોંધેલું છે કે ૩.૪૭ કરોડ લોકોને મહિને ૫ કિલો અનાજ આપીએ છીએ. એ મારા શબ્દો નથી. રાજયપાલશ્રીના પ્રવચનમાં છે. (અંતરાય) એ રાજયપાલશ્રીનું પ્રવચન છે. તો માનનીય અધ્યક્ષશ્રી,હું એમ કહેતો હતો કે..

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં એવી અપેક્ષા હતી કે આવતા ૫ વર્ષની અંદર ખાલી પડેલા તમામ સરકારી પદો પર ભરતી કરવામાં આવશે કે કેમ? એનું કોઇ આયોજન છે કે કેમ એવી અપેક્ષા હતી. ધારાસભ્યનું પદ ખાલી પડે તો ૬ મહિનામાં ચૂંટણી આવે, પણ દાયકાઓથી ખાલી પડેલા સરકારી પદોમાં ગુજરાતમાં ભરતી થતી નથી. એ મુદ્દે રાજયપાલશ્રીના પ્રવચનમાં કંઇ જોવા મળતું નથી એ પણ બહુ દુ:ખ સાથે કહેવું પડે છે. ગુજરાતની અંદર ૧૩ લાખ જેટલી બહેનોને આપણે વિધવા પેન્શન આપ્યું. એક હજાર રૂપિયા વિધવા પેન્શન આપણી વિધવા બહેનોને આપવામાં આવે છે, પણ ૩ હજાર રૂપિયામાં તેલનો ડબ્બો, ૧૧૦૦, ૧૨૦૦ રૂપિયામાં ગેસનો બાટલો. સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટની ચાલી કે ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય તો પણ એની જીવન જરૂરિયાત માટે બીજા ૪, ૫ હજારનો ખર્ચ થાય. આવી પ્રચંડ મોંઘવારીની અંદર જે ગુજરાતને આપણે વાયબ્રન્ટ કહીએ છીએ. લાખો, કરોડો રૂપિયાના મૂડીરોકાણની વાત થઇ એની વિધવા બહેનોને લઘુત્તમ વેતનની સમકક્ષ પણ વિધવા પેન્શન ચૂકવવામાં આવતું નથી. રાજયપાલશ્રીના પ્રવચનમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અનેક પ્રકારના ગામોનો ઉલ્લેખ થયો. એવી અપેક્ષા હતી કે એકાદું ગામ આ રાજયની સરકાર આભડછેટ મૂક્ત ગામ જાહેર કરે. એ પણ રાજયપાલશ્રીના પ્રવચનમાં જોવા મળ્યું નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા(કપડવંજ):માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી મહેશ કસવાલાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને શ્રી પ્રવિણભાઈ માળીએ અનુમોદન આપ્યું છે તે આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે. આ સરકાર દ્વારા માત્ર વિકાસની રાજનીતિના મંત્ર સાથે જનસુખાકારી અને રાજ્યના વિકાસ માટેના જ આયોજન કર્યા છે. આ સરકારે માત્ર રાજ્યની સાડા છ કરોડની જનતાની સુખાકારીની જ ચિંતા કરી છે. મૃદુ, મીતભાષી એવા માનવંતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુશાસન આપીને જે રીતે વિકાસ કર્યો છે તેના થકી ગુજરાત અને દેશના અગ્ર હરોળના રાજ્ય તરીકે શાખ પામેલ છે. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો પોતાના પ્રવચનમાં સમાવેશ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના તા.૨૦-૧૧-૨૦૧૬થી અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને પોતાના સ્વપ્નનું ઘર મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજયના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને સન ૨૦૨૪ સુધીમાં આવરી લેવાનો રાજય સરકારનો દ્રઢ નિર્ધાર છે. મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ પ્રથમ હપ્તાની ચૂકવણી બાદ છ માસની અંદર મકાનનું બાંધકામ પૂર્ણ કરનાર લાભાર્થીઓને લાભાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦ની પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવે છે તથા વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમનું બાંધકામ માટે પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૫૦૦૦ની વધારાની સહાય આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૩૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને રૂ.૩૩.૧૪ કરોડની સહાય આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિસ્તારમાં ઘર વિહોણા લાભાર્થીઓને ઘર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૪,૩૨,૮૬૩ આવાસો મંજૂર થયેલ છે. તેમજ ૩,૯૮,૮૬૬ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં નવેમ્બર-૨૦૨૨ સુધીમાં બેચ-૬નાં ૬૦ તથા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટરશેડ કમ્પોનન્ટ ૨.૦નાં ૫૧ સિંચાઇ પ્રોજેક્ટના ડી.પી.આર.ને મંજૂરી આપવામાં આવેલ છે અને બેચ-૫માં જમીન અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ-જળના રિચાર્જનાં કુલ ૪૮૬૫ કામો પૂર્ણ થયેલ છે. તેમજ કુલ રૂપિયા ૩૮.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન યોજનાન મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની બહેનોના જીવન ધોરણમાં સુધારો આવે તેમજ ગ્રામ્ય વિસ્તારની બહેનો આર્થિક તથા સામાજિક રીતે આત્મનિર્ભર બને છે. રાજયની કુલ ૨૬.૬૮ લાખ ગ્રામીણ ગરીબ મહિલાઓનો સમાવેશ કરી કુલ ૨.૬૮ લાખ સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે. ૧૦,૬૮૪ ગ્રામ સંગઠનની તથા ૮૬૬ કલસ્ટર લેવલ ફેડરેશનની રચના કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વંદે ગુજરાત સાથે ૨૦ વર્ષનો વિકાસ - અંતર્ગત ગુજરાત સરકારની ૨૦ વર્ષની વિકાસ યાત્રા પ્રદર્શન તેમજ ૭ દિવસીય જિલ્લા કક્ષાના અને તાલુકા કક્ષાના મેળઓનું મે-૨૦૨૨થી જુલાઇ-૨૦૨૨ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦.૨૫ લાખ લોકોએ મુલાકાત લીધી હતી તેમજ રૂ. ૩.૭૦ કરોડનું વેચાણ કરવામાં આવેલ. સ્વસહાય જૂથની મહિલાઓની આજીવિકામાં વૃદ્ધિ થાય તે હેતુસર મહિલા પખવાડિયા અંતર્ગત ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં તા.૦૧/૦૮/૨૦૧૨થી તા.૦૮/૦૮/૨૦૨૨ દરમિયાન રાખી મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રૂ. ૧૫.૭૮ લાખનું વેચાણ થયેલ છે. તેમજ ૩૨ જિલ્લામાં નવરાત્રિ મેળાનું આયોજન કરીને રૂ. ૨૮.૦૪ લાખનું વેચાણ થયેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી તથા રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી આ સરકારની વિકાસ ગાથાને જોઇને આ ગુજરાતની પ્રજાએ ૧૫૬ સીટો આપીને આ સરકારને ચૂંટી છે. ભારત માતા કી જય.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ જેને ટેકો જાહેર કર્યો તેમાં હું પણ મારો ટેકો આપું છું અને મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આખા દેશ માટે ઉદાહરણરૂપ હોય તો એ ગુજરાતનું સહકારી માળખું છે. દેશ લેવલે સહકારી ક્ષેત્રે નામ રોશન કર્યું છે એવા ગુજરાતના લોકલાડીલા પનોતા પુત્ર અને ભારત દેશના પ્રથમ સહકારિતા મંત્રી અમિતભાઇ શાહ સાહેબને પણ હું આ તકે અભિનંદન આપું છું. સહકારી ક્ષેત્રે સમગ્ર દેશ જ્યારે ગુજરાતનું ઉદાહરણ લેતો હોય ત્યારે ગુજરાત પણ સહકારી ક્ષેત્રે ખૂબ જ આગળ વધી રહ્યું છે. સહકારી લેવલે બજાર સમિતિઓની વાત કરું તો આપણી સરકાર દ્વારા બજાર સમિતિઓ માટે માળખાગત સુવિધા ઊભી કરવા તેને અલગ અલગ યોજનાઓ થકી ખેડૂતોને કઇ રીતે લાભ પ્રાપ્ત થાય તેના માટે સરકારે કિસાન કલ્પવૃક્ષ, આધુનિક બજાર સ્થાપવાની યોજના, અપની મંડી જેવી અલગ અલગ યોજના શરૂ કરી છે. આ યોજના થકી અ અને બ વર્ગની બજાર સમિતિઓને ૨૫ ટકાથી ૫૦ ટકા તેમજ ક અને ડ

વર્ગની બજાર સમિતિઓને ૫૦થી ૭૫ ટકા સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. વખતો વખત કાયદામાં સુધારો કરીને પણ ખેડૂતો અને બજાર સમિતિઓના હિતમાં અનેક હિતકારી નિર્ણયો સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ છે. સહકાર પ્રભાગ દ્વારા ખેડૂતો અને બજાર સમિતિઓના વિકાસ માટે માળખાગત સુવિધાઓ ઊભી કરી. તેના પરિણામ સ્વરૂપે ખેડૂતોને તેઓના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી શરૂ કરવામાં આવેલી અગત્યની યોજનાઓની વિગતો અંગે હું વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ખેડૂતો પોતાના ખેતરમાં વેરહાઉસ બનાવી શકે, ગોડાઉન બનાવી શકે તેના માટે સરકાર દ્વારા ખેડૂતોને સહાય પૂરી પાડવામાં આવે છે. ખેડૂત પોતાની ખેતી સારી રીતે કરી શકે, કઇ જમીનમાં કેવું વાવેતર કરી શકીએ તેના માટે સોઇલ હેલ્થ ટેસ્ટિંગની સુવિધા સરકાર દ્વારા ઊભી કરવામાં આવેલી છે. કોરોના જેવા કપરાકાળમાં ગુજરાતમાં લોકોને પરેશાની ન થાય તેના માટે એ.પી.એમ.સી., દૂધ ઉત્પાદક સંઘો જેવી સહકારી ક્ષેત્રની સંસ્થાઓ દ્વારા શાકભાજી, દૂધ વગેરે અનેક સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ. ગામડાંની પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ હોય એ આ આધુનિક સમયની સાથે તાલ મિલાવી શકે તેના માટે પણ દરેક મંડળીઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવા માટે ૧૨૪ કરોડ રૂપિયા જેવી જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવેલી છે. અમારા આદિજાતિ વિસ્તારોમાં બજાર સમિતિઓ સક્ષમ ન હોય તો સારામાં સારા વેરહાઉસ બનાવી શકે. ખેડૂતોનું અનાજ ત્યાં કેવી રીતે સંગ્રહ થઇ શકે, ખેડૂતોને સારો ભાવ કેવી રીતે મળી શકે તેની સહાય પૂરી પાડવા માટે પણ વેરહાઉસ, ગોડાઉન માટે ૩૮ કરોડ રૂપિયા જેવી જોગવાઇ કરવામાં આવી છે. તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘો આજની તારીખમાં વેપાર ક્ષેત્રે ટકી રહે તેના માટે સરકાર દ્વારા ૩ કરોડ રૂપિયા જેવી જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતો પોતાનું અનાજ માર્કેટમાં લાવી શકે તે માટે ટ્રાન્સ્પોર્ટેશનની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે. ઇનામ યોજનાની વાત કરું તો રાષ્ટ્રીય લેવલે દાહોદનો ખેડૂત હોય તેને બીજાં રાજ્યમાં પોતાની ઉપજનો સારો ભાવ મળી શકે તેના માટેની સુવિધા-ઇનામ પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ કર્યું હોય તો આ રાજ્ય સરકારે પૂરું પાડ્યું છે. તેના માટે ૧૨૨ જેટલી એ.પી.એમ.સી.માં આજની તારીખમાં ઇનામ દ્વારા વેચાણનો કાર્યક્રમ થાય છે. આમ સરકાર દ્વારા ખેડૂતો માટે અલગ અલગ યોજનાઓ બનાવવામાં આવી છે ત્યારે માનનીય સભ્યશ્રી કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

શ્રી સંજયસિંહ વિ. મહિડા**(**મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેદ્રભાઇ પટેલના નેતૃત્વવાળી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગ્રામ્ય કક્ષાનો વિકાસ કરવામાં વિકાસ કરવામાં આવે છે અને એનું જ કારણ છે કે આઝાદી પછી પહેલી વખત મહુધા વિધાનસભામાંથી પ્રજાએ આશીર્વાદ આપી નેતૃત્વ કરવાની તક આપી. ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાજી આભાર પ્રસ્તાવ લાવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ સમર્થન આપ્યું છે તેને હું મારું સમર્જન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે, આ સરકાર દ્વારા માત્ર વિકાસની રાજનીતિના મંત્ર સાથે જનસુખાકારીના અને રાજ્યના વિકાસ માટેના જ આયોજન કર્યા છે. આ સરકારે માત્ર રાજ્યની સાડા છ કરોડની જનતાની સુખાકારીની જ ચિંતા કરી છે. મૃદુ, મીતભાષી એવા માનવંતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં સુશાસન આપીને જે રીતે વિકાસ કર્યો છે તેના થકી ગુજરાત દેશના અગ્ર હરોળના રાજ્ય તરીકે શાખ પામેલ છે. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો પોતાના પ્રવચનમાં સમાવેશ કર્યો છે. મારી સરકાર દ્વારા રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતાં લોકોના જીવનમાં આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમો સંલગ્ન વિભાગો સાથે મળીને ચલાવવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ભાગ-૨ હેઠળ ભારત સરકાર દ્વારા ગામોને ઓ.ડી.એફ.+નો દરજ્જો હાંસલ કરવા માટે પ્રવાહી કચરા વ્યવસ્થાપન, ઘન કચરા વ્યવસ્થાપન, માનવબળ નિકાલ વ્યવસ્થાપન અને ગોબરધન હેઠળ વિવિધ ઘટકોની કામગીરી કરવામાં આવે છે. તા.૧૯-૧૨-૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજ્યના ૪૬૧૪ ગામોને ઓ.ડી.એફ.+ જાહેર કરવામાં આવેલ છે. રાજ્યમાં ગોબરધન યોજના અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં કુલ ૩૮ કલસ્ટર બેઇઝ બાયોગેસ પ્લાન્ટ માટેનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજ્યમાં કુલ ૭૬૦૦ વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. ગોબરધન યોજના અંતર્ગત કલસ્ટર બેઇઝ પ્રોજેકટ દીઠ ૨૦૦ વ્યિકત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવે છે. તા. ૨જી ઓકટોબર, ૨૦૨૨ના રોજ વિજ્ઞાન ભવન નવી દિલ્હી ખાતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે દેશના વેસ્ટ ઝોનમાં ગુજરાત રાજ્યને સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨ માટે દ્વિતિય ક્રમે, ઓ.ડી.એફ.+ની વિવિધ ઘટકોની આઇઆઇસી હેઠળ ભીંતચિત્રો સ્પર્ધામાં પ્રથમ ક્રમે તથા બાયોડિગ્રેડેબલ વેસ્ટ ગોબરધન પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રેવોટર મેનેજમેન્ટ તથા વિકલ સ્થળ મેનેજમેન્ટ જેવી કેટેગરીમાં કુલ ૬ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ હેઠળ રાજ્યના ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઇચ્છુક હોય તેવા કુટુંબોને જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારીની બાંહેધરી આપવામાં આવેલ છે. રાજ્યમાં જે વિસ્તાર

અછતગ્રસ્ત / દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ હોય તેવા વિસ્તારોમાં વધુ ૫૦ દિવસની સવેતન રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રતિદિન લાભાર્થીને રૂ.૨૩૯ની ચૂકવણી કરવામાં આવે છે. ડી.બી.ટી. દ્વારા ૧૦૦ ટકા શ્રમિકોના વેતનની ચૂકવણી કરવામાં આવે છે. સમયસર વેતન ચૂકવણીમાં ૯૯.૯૯ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવેલ છે. તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૮.૮૯ લાખ કુટુંબોને કુલ રૂ.૩૫૯.૦૯ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજયમાં ૧૮.૪૯ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. વનીકરણના કામોમાં રોપાઓનું વાવેતર મિયાવાકી પદ્ધતિથી આશરે ૨૫૨.૪૮ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વેતન માટે રૂ.૭૭૭.૧૬ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહમાં નવા ધારાસભ્ય તરીકે પ્રથમવાર બોલવાની તક આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તેમજ આપશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. ધન્યવાદ..

ડો. કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાહેબે આ ગૃહને જે સંબોધન કર્યું અને માનનીય શ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય શ્રી પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાની ઝલક રજૂ કરીને ભારતીય જનતા પાર્ટીના આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી છે ત્યારે હું આજે આ સન્માનનીય ગૃહમાં ડેરી ઉદ્યોગ વિશે બોલવા જઇ રહ્યો છું. ડેરી ઉદ્યોગને એક ઉદ્યોગ બનાવવાનું જે ભગીરથ કર્ય કર્યું છે, જેની પ્રેરણા, જેનું માર્ગદર્શન આ દેશના પનોતા પુત્ર શ્રદ્ધેય સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબને યાદ કરવા ઘટે. પશુપાલકો અને ગરીબ ખેડૂતોને એ ચુંગાલમાંથી છોડાવી અને અત્યારે ગુજરાતના ડેરી ઉદ્યોગને ૫૦ હજાર કરોડ રૂપિયાના ટર્ન ઓવરે પહોંચાડવાની જેણે શરૂઆત કરાવી એવા આણંદમાંથી અમૂલ રૂપે ખેડા જિલ્લાના સહકારી આગેવાન આદરણીય શ્રી ત્રિભોવનભાઇ પટેલને પણ યાદ કરવા જોઇએ. ત્યારબાદ આ ત્રિસ્તરીય માળખુ ગુજરાતના ગામડે ગામડે પહોંચ્યું. ગુજરાતના દરેક ગામના ખેડૂતો, પશુપાલકો આ ત્રિસ્તરીય માળખા દ્વારા દૂધ ડેરીથી લઇ ૧૮ સંઘો ગુજરાતના અને ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને એન.ડી.ડી.બી. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાગ્યું કે ડેરી ઉદ્યોગમાં અપાર સંભાવનાઓ છે અને એ સંભાવનાઓને ધ્યાને રાખી અલગથી સહકાર મંત્રાલય ઉભું કર્યું અને આપણા આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબને સહકાર થકી ડેરી ઉદ્યોગને મજબૂત કરવાની જવાબદારી સોંપી. આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા આદરણીય શ્રી રૂપાલાજી અત્યારે ડેરી મંત્રાલય સંભાળી રહ્યા છે ત્યારે આ ગુજરાત સરકારે ડેરી ઉદ્યોગને મજબૂત કરવા માટે માતબર રકમ એમના બજેટમાં ફાળવી છે. હું ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને આપના માધ્યમથી વંદન કરું છું કે ગૌ, ગંગા અને ગાયત્રીની સંસ્કૃતિ, પશુપાલનને મજબૂત કરવા માટે, ગૌશાળાઓને મજબૂત કરવા માટે ગુજરાતની પાંજરાપોળોને મજબૂત કરવા માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. છેલ્લે તો ડેરી ઉદ્યોગને મજબૂત કરવાનો જ પ્રયાસ છે. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના, ફરતા પશુ દવાખાનાની જોગવાઇ માટે રૂપિયા ૧૦૯ કરોડની જોગવાઇ, ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમો સ્થાપવા ૬૨ કરોડની જોગવાઇ. આ ગુજરાતના મક્કમ મુખ્યમંત્રીના નેતૃત્વવાળી સરકારે ક્લાઇમેટ ચેન્જની પણ ચિંતા કરી છે. દૂધ ઉત્પાદકો અને સહકારી સંઘોને મજબૂત કરવા માટે રૂપિયા ૧૨ કરોડની જોગવાઇ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે એના બજેટમાં કરી છે. રાજ્યમાં ૧૫૦થી વધુ સ્થાયી સરકારી દવાખાના શરૂ કરવા રૂપિયા ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. સહકાર થકી પશુ પાલનને મજબૂત કરી અને ડેરી ઉદ્યોગને મજબૂત કરવાનું, અમૂલ બ્રાન્ડને મજબૂત કરવાનું, ૧૮ સંઘોમાં પથરાયેલો ગુજરાતનો આ ડેરી ઉદ્યોગ, એની કેટલીય પ્રોડક્ટો માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય ઉપાધ્યક્ષશ્રી જ્યારે આ ડેરી ઉદ્યોગનું નેતત્ત્વ કરી રહ્યા છે ત્યારે ગુજરાત ડેન્માર્ક હોય, ઓસ્ટ્રેલિયા હોય, બ્રાઝીલ હોય એની ડેરી સાથે મુકાબલો કરી શકે એવા ગુજરાતના સહકારી સંઘોને ગુજરાત સરકાર અને ભારત સરકાર જ્યારે મદદ કરી રહ્યા છે. (અંતરાય) આભાર.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ વખત વિધાનસભામાં આપશ્રીએ મને બોલવાની તક આપી તે બદલ હું આપશ્રીનો આભાર માનું છું. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન પર માનનીય મહેશભાઇ કસવાલા આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ તેઓના પ્રવચનમાં ગ્રામ વિસ્તાર વિભાગ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબને પોતાના સ્વપ્નનું પાકું ઘર મળે તે વાત કરી છે. ગુજરાતના અને ખાસ કરીને મારા મત વિસ્તાર જામજોધપુર તાલુકાની જો વર્ષવાર વાત કરું તો વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ એમ બે વર્ષમાં એક પણ આવાસની સહાય મંજૂર કરવામાં આવી નથી. વર્ષ ૨૦૨૦-૨૧માં ફક્ત ૧૦૭, વર્ષ ૨૦૨૧-૨૨માં માત્ર ૩ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ફક્ત ૩૯ આવાસ માટે જ સહાય મંજૂર કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ દુ:ખ સાથે કહેવું પડે છે કે જામજોધપુર તાલુકાના ૬૬ ગામો પૈકી ૪૩ ગામોમાં હજુ સુધી પ્રાથમિક સરવે કરવામાં જ નથી આવ્યો અને અમે વારંવાર આ બાબતે રજૂઆતો કરતા ''પ્રધાનમંત્રી આવાસ યોજના'' ઓનલાઇન કરવાની

સાઇટ જ બંધ છે એવો જ જવાબ મળે છે. પ્રવચનમાં તો વર્ષ ૨૦૨૪ સુધીમાં તમામ ઘરવિહોણા અથવા કાચા મકાન ધરાવતા તમામ કુટુંબોને આવરી લેવાની વાત કરી છે. પરંતુ વર્ષ ૨૦૨૩ સુધીમાં જો પ્રાથમિક સરવે પણ ના થયો હોય તો આ છેવાડાના ગામોમાં કાચા મકાનોમાં વસવાટ કરતા કુટુંબોને આવાસ યોજના હેઠળ પોતાનું પાકું ઘર મળશે કે કેમ? તે પણ એક પ્રશ્ન છે. ''પ્રધાનમંત્રી આવાસ યોજના'' હેઠળ સહાયના ધોરણોમાં પણ ખૂબ મોટો તફાવત છે. શહેરી વિસ્તારમાં આ યોજના હેઠળ ૨,૬૭,૦૦૦/- રૂપિયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ફક્ત ૧,૨૦,૦૦૦/- રૂપિયાની જ સહાય આપવામાં આવે છે. આવાસ બનાવવા માટેની જરૂરી સામગ્રી સિમેન્ટ, લોખંડ, રેતી, કપચી વગેરેના ભાવો ગ્રામ્ય લેવલે અને શહેરોમાં એક જ સરખા હોય તો ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને આ બાબતે થતો અન્યાય દૂર થાય તેવી મારી લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષના ટોટલ લાભાર્થીઓના આંકડા જોવામાં આવે તો શહેરી વિસ્તારમાં ૭,૩૨,૦૦૦ લાભાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ફક્ત ૩,૯૮,૦૦૦ લાભાર્થીઓને જ સહાય ચૂકવવામાં આવી છે જે બતાવે છે કે ૬૦ ટકા ગ્રામ્ય વિસ્તાર ધરાવતા ગામડાને શહેરોના પ્રમાણમાં અડધો લાભ જ મળ્યો છે. વર્ષ ૨૦૧૯થી ગ્રામ્ય વિસ્તારમાં ગરીબોને આવાસની સહાય મેળવવાની જે વેબસાઇટ બંધ છે તે ખોલી કાચા મકાન ધરાવતા તમામ ગરીબ પરિવારોને પાકા મકાન બનાવવાની સહાય આપવાની કાર્યવાહી થવી જોઇએ. શહેરી વિસ્તારમાં જે મકાન સહાય ૨,૬૭,૦૦૦/- રૂપિયા મળે છે તેટલી જ સહાય ગ્રામ વિસ્તારમાં પણ તેટલી જ સહાય ૨,૬૭,૦૦૦/- રૂપિયા મળવી જોઇએ. ગ્રામ્ય વિસ્તારમાં તાત્કાલિક સરવે હાથ ધરી કાચા મકાન ધરાવતા પરિવારોને આવરી લઇને તાત્કાલિક સહાય ચૂકવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સમગ્ર રાજ્યના નાનામાં નાના ગામથી લઇને મોટાં શહેરો સુધીના રસ્તાઓની આંતર માળખાકીય સુવિધાની વાત કરવામાં આવી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારના રોડ-રસ્તાની વાત કરું તો એમાંય ખાસ કરીને મારા મતવિસ્તાર જામજોધપુર, લાલપુર તાલુકાના મોટાભાગના રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં છે જે પૈકી ૨૯ રસ્તાઓ છેલ્લા ૯ વર્ષથી રિકાર્પેટ પણ કરવામાં આવ્યા નથી. હાલમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હેઠળ મોટાભાગની જગ્યાઓ ખાલી છે. જો જામનગર જિલ્લાની વાત કરું તો ૧૬ પૈકી ૧૩ જેટલી મદદનીશ ઇજનેર અને અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ ખાલી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બહેનશ્રી સેજલબેન પંડ્યા.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા(ભાવનગર-પૂર્વ):આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, ૧૫મી વિધાનસભાના બજેટ સત્રમાં વિધાનસભામાં પ્રથમવાર મને મારા વિચારો રજૂ કરવાની તક આપવા બદલ આપનો આભાર સહ ધન્યવાદ. રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ શ્રી મહેશભાઇ કસવાલા રજૂ કર્યો અને તેમના સમર્થનમાં માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃતકાળમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સક્ષમ અને સમર્થ નેતૃત્વના પાયામાં આ ગૃહ રહ્યું છે અને તેના સ્પંદનો ખાસ કરીને આપણને વધુ કાર્યદક્ષ, સ્વચ્છ અને સંવેદનશીલ બનવાની સતત પ્રેરણા આપે છે. આ સુવર્ણ કાળમાં આપણી પ્રજાના પ્રતિનિધિ તરીકેની ભૂમિકા ન ભૂતો, ન ભવિષ્યતિ છે. આપણે ખૂબ જ નસીબદાર છીએ કે આવા સુંદર સમયમાં ગુજરાતની પ્રજાના માતબર આશીર્વાદથી ગુજરાતનું ઉજ્જવળ ભવિષ્ય કંડારવા માટે પસંદગી પામ્યા છીએ. ગુજરાત સરકાર એ મહિલા અને બાળવિકાસ વિભાગ બાબતે ખૂબ જ સંવેદનશીલ અને કાર્યદક્ષ રહી છે. આપણી ભવ્ય સંસ્કૃતિ, ગૌરવમય ઇતિહાસ અને યત્ર નાર્યસ્તુ પૂજયંતેનો વર્તમાન રહ્યો છે એટલે મહિલાને સમાજનું મહત્ત્વનું અંગ સ્વીકારીને તે અનુરૂપ સરકારની નીતિ રહી છે. આપણા દેશના ભવ્ય બંધારણમાં સ્ત્રી અને પુરુષની સમાનતા અને સમાન તકોની ભાવનાને અનુરૂપ આ સરકારે નીતિ ઘડી એ અનુરૂપ યોજના બનાવી સુચારુ વહીવટ કર્યો છે. ગુજરાત સરકારે મહિલાઓને જાગૃત અને સુરક્ષિત બનાવવા જાતીય સમાનતા માટે જેન્ડર ઇક્વાલિટી પોલિસી બનાવી છે. તેમજ મહિલા અને બાળવિકાસ વિભાગે આ બંનેની સ્થિતિ સક્ષમ બને એ માટે અનેક યોજનાઓ બનાવી છે. એ યોજનાઓ સમગ્ર દેશ માટે પારાશીશી સમાન બની રહી છે. આ યોજનાઓમાં બેટી બચાવો, બાલિકા સમૃદ્ધિ યોજના, સરસ્વતિ સાધના યોજના, મહિલા સશક્તિકરણ માટે સ્વયંસિદ્ધા યોજના, મહિલાઓને પગભર કરવા સખી મંડળ યોજના, કુંવરબાઇનું મામેરું, કિશોરી શક્તિ યોજના, ચિરંજીવી યોજના, કૃષિ તાલીમ યોજના, પોષણસુધા યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પૂનઃલગ્ન આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, મહિલા સ્વરોજગાર જેવી યોજનાઓ કરી મહિલાઓને મદદરૂપ થાય એવી અનેક વિકાસલક્ષી યોજનાઓનો અમલ આ સરકાર દ્વારા થઇ રહ્યો છે. જેના મીઠા ફળો ગુજરાતની મહિલાઓ સુધી પહોંચાતા થયા છે. આ યોજનાઓને આધાર બનાવી દેશના અન્ય રાજ્યો પણ ગુજરાતનું અનુકરણ કરી મહિલા અને બાળ વિકાસના રસ્તે ચાલવાની કોશિશ કરી રહ્યા છે. આ સરકારની બાળ વિકાસની કામગીરી અત્યંત ઉત્કૃષ્ટ, ધ્યાનાકર્ષક અને પથદર્શક રહી છે. એમાં બાળ પોષણને આધાર બનાવી. એમાં બાળ પોષણને આધાર બનાવી ટીએચઆર યોજનામાં પ્રતિ માસ ૬ મહિનાથી ૩ વર્ષનાં સામાન્ય બાળકો માટે ૫૦૦ ગ્રામના ૭ પેકેટ અને ઓછાં વજનવાળાં બાળકો માટે ૧૦ પેકેટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ગરમ નાસ્તો યોજના હેઠળ ૩થી ૬ વર્ષનાં બાળકોને સોમવારથી શનિવાર સુધી સવારનો ગરમ નાસ્તો તથા અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. તેનો વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ૧૪,૬૦,૦૮૪ બાળકોને લાભ મળ્યો છે. દૂધ એ સંપૂર્ણ આહાર હોવાથી બાળકો પોષણક્ષમ બને એ માટે

બાળકોમાં દૂધ સંજીવની યોજના મારફતે ૬ માસથી ૬ વર્ષ સુધીનાં બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ એમ.એમ. પેશ્ચ્યુરાઇઝ દૂધ આપવામાં આવે છે. આ વર્ષે ગુજરાત સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૬૦૬૪ કરોડ રૂપિયા ફાળવેલ છે. આમ મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગને લાગેવળગે છે ત્યાં સુધી આ વિભાગે તેના નીતિ, વહીવટમાં અને અમલીકરણ બાબતે સુંદર કામગીરી કરી છે અને કરશે. આ સર્વ કાર્ય દેશના સર્વાંગી વિકાસમાં મહિલા અને બાળકોની ભૂમિકા અદકેરી મહત્ત્વની છે એની સતત તુલના કરે છે. ગુજરાત સરકારના આ વિભાગે દેશને પણ ગૌરવ અપાવ્યું છે એ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, આ વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબહેન તથા વિભાગ સાથે જોડાયેલા તમામને અભિનંદન આપું છું. આભાર. જય જય ગરવી ગુજરાત.

શ્રી પ્રદ્યુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ વખત ચૂંટાયેલા લોક પ્રતિનિધિ તરીકે ગૃહમાં પ્રથમ વખત ચર્ચામાં ભાગ લેવો એ દરેક ચૂંટાયેલા સભ્યની જીવનની એક યાદગાર ક્ષણ હોય છે અને એ તક આપવા બદલ હું આપનો, ગૃહનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ જે ગૃહમાં સંબોધન કર્યું અને એ સંબોધનનો આભાર પ્રસ્તાવ પ્રભારી સભ્ય માનનીય શ્રી મહેશભાઇએ પોતાની જોશીલી ભાષામાં રજૂ કર્યો અને જેને અનુમોદન મારા સાથી યુવા મિત્ર માનનીયશ્રી પ્રવિણભાઇએ તર્કબદ્ધ અને વજનદાર શબ્દો દ્વારા જે અનુમોદન આપ્યું એના સમર્થનમાં હું મારા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિષય ઉપર મારા વિચારો રજૂ કરું છું, પરંતુ એ રજૂ કરતા પહેલા મારે નવા ધારાસભ્યો વતી આપને કહેવું છે કે જયારે જયારે નવા ધારાસભ્યોને બોલવાની તક મળે છે ત્યારે તેમની ભૂલને નજર અંદાજ કરીને પણ આપ અને ગૃહ અમને બધાને પ્રોત્સાહન આપો છો એ બદલ હું આપનો આભાર માનું છું અને તેના માનમાં એક શાયરી રજૂ કરું છું. ''શબ્દોમાં તમે અને તું થાય તો ચલાવી લેજો, શબ્દોમાં તમે નું તું જાય તો ચલાવી લેજો. સાહેબ લાગણી જોજો અને શબ્દોને વધાવી લેજો.''

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિષય ઉપર મારા વિચારો રજૂ કરું છું. આપણે બધાને ખબર છે કે, પરિવર્તન એ સંસારનો નિયમ છે. સમાયંતરે અલગ અલગ ક્રાંતિઓ આવી. ઔદ્યોગિક ક્રાંતિ આવી, હરિયાળી ક્રાંતિ આવી અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે હવે ડિજિટલ ક્રાંતિ દ્વારા આપણે નવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ ત્યારે ગુજરાત આવા વિકાસના આયામ એવા સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી છે ત્યારે આજે ગોકુળિયું ગુજરાત ગ્લોબલ ગુજરાત થયું છે. આજે આપણે સી.વી.રામનને યાદ કરવા પડે કે જેમણે પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓ અને ગુજરાતના નાગરિકો તે પણ પોતાની પ્રતિભા ખીલવે અને પોતાને યોગ્ય મંચ મળે તે માટે જ્ઞાન આધારિત ઇકો સિસ્ટમનું નિર્માણ કરી અને રોજગારનું સર્જન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં આ સરકાર કટિબદ્ધ છે અને જેના પરિણામે છેલ્લા સતત ત્રણ વર્ષથી ગુજરાત સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પ્રથમ નંબરે છે. આપણે અલગ અલગ એમ્યુઝમેન્ટ પાર્કની વાત બધા જાણીએ છીએ. એમ્યુઝમેન્ટ પાર્ક હોય, મરિન પાર્ક હોય, નેચર પાર્ક હોય, પરંતુ ગુજરાતના પનોતા પુત્ર દીર્ઘદ્રષ્ટા અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગવી કોઠાસૂઝથી આપણે વિજ્ઞાન ક્ષેત્રે વિજ્ઞાન પાર્કનું નિર્માણ કરેલ છે તે સાયન્સ સિટી આજે વિશ્વની ઓળખ બની ગઇ છે. મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા પડે કે આ સાયન્સ સિટીની દસ લાખ લોકોએ મુલાકાત કરી છે. છેલ્લા જાન્યુઆરી મહિનામાં બે લાખ લોકોએ મુલાકાત લીધી છે. હમણાં જ ૨૮ તારીખે સાયન્સ દિવસ ગયો. તે દિવસની ઉજવણી નિમિત્તે આપણે વિજ્ઞાનનો મહોત્સવ એટલે કે સાયન્સ કાર્નિવલ સન ૨૦૨૩નું માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. જેમાં રોજ ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો મુલાકાત લે છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આપણે રાષ્ટ્રીય સ્તરે સ્ટેમ ક્વિઝનું આયોજન કરેલ છે. મારે અભિનંદન આપવા છે કે, આ કવીઝમાં પાંચ લાખ લોકોએ પંજીકરણ કરાવ્યું છે અને બે કરોડ રૂપિયાની આપણે ઇનામી રકમ પણ રાખી છે. ગુજરાત રોબોફોસ ૩.૦ ને વૈશ્વિક સ્તરે લોન્ચ કરવામાં આવેલ છે અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે વિભાગે ગુગલ સાથે મળી ત્રણ અઠવાડિયામાં દસ હજાર લોકોને તાલીમ આપશે તે માટે પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ સંખ્યા તે લોકોના હકારાત્મક અભિગમ અને જનજાગૃતિનું એક પરિમાણ દર્શાવે છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રાજ્યમાં ચાર પ્રાદેશિક સ્તરો એટલે કે પાટણ, ભુજ, રાજકોટ અને ભાવનગર ખાતે તેનું લોકાર્પણ કરવામાં આવેલ છે. ૨૫(પચ્ચીસ) સ્તરે વિજ્ઞાન કેન્દ્રોનું આયોજન કરવામાં આવેલ છે. અસરકારક અને કાર્યક્ષમ શાસન માટે ઇ-સરકાર એપ્લીકેશન દ્વારા સચિવાલયના વિભાગો, ૩૬૬થી વધારે ખાતાઓ અને ૨૩૫ મામલતદાર કચરીઓને આવરી લેવામાં આવી રહી છે ત્યારે ગુણવત્તાયુક્ત નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનશે તે માટે પણ સરકારને અભિનંદન આપું છું. ગુજરાત ઇલેક્ટ્રોનિકસ પોલિસી અંતર્ગત નિકાસમાં વધારો થશે અને દસ લાખ નવી રોજગારીની તકો ઊભી થશે. મને વિશ્વાસ છે કે, આ લક્ષ્યાંક ખૂબ જ ઝડપથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં આ સરકાર ઝડપથી હાંસલ કરશે. ઇઝ ઓફ લિવીંગ દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ કાર્યરત છે અને સરકાર આપના દ્વારા તે મિશનને ધ્યાને લઇ નાગરિકલક્ષી સેવાઓ ઘેર બેઠાં મળી રહી છે. ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ૧૪ હજારથી વધારે ગ્રામ પંચાયતમાં ૩૨૧ સેવાઓ અમલમાં છે અને ૧ કરોડ ૧૧ લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અદ્યતન જ્ઞાન અને ટેકનોલોજી માટે ૨૧૦૩ કરોડની જોગવાઇ માટે નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ પ્રવચન

ઉપર જયારે વાત થતી હોય તો એક શેર આપની અનુમતિથી કહું તો '' પ્રવચનમાં તો હજારો લોકો બેસે છે, પરંતુ પ્રવચન બધામાં બેસતું નથી.'' જય ભારત.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ વિધાનસભાના સત્રમાં સૌ પ્રથમ વખત મને બોલવાનો અવસર મળ્યો છે ત્યારે આ અવસર પ્રદાન કરવા માટે માનનીય અધ્યક્ષશ્રી અને આપશ્રી પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરી આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય મહેશભાઇ કસવાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય સભ્યશ્રી પ્રવીણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેને હું મારું સમર્થન કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજયનો અવિરત વિકાસ થઇ રહ્યો છે અને છેલ્લાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર શાસન સંભાળે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રજાના ભલા માટે કાર્યક્રમો ઘડે છે, રાજયના વિકાસ માટે નીતિઓ બનાવે છે, રોજગાર લક્ષી કાર્યક્રમો અમલમાં મૂકે છે, ઉદ્યોગો અને વેપાર વધે તે માટે પ્રત્સાહક નીતિ જાહેર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ સરકાર રાજયનો સર્વાંગી વિકાસ સાધીને સાથે સાથે તમામ વર્ગોનો સમાન વિકાસ થાય એ દિશામાં સખત પરીશ્રમ કરી રહી છે. આજે ગુજરાતે દેશના અગ્રેસર રાજય તરીકે નામના હાંસલ કરી છે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન ગણી શકાય. હું વિશેષ આ રાજયના ઉદ્યોગ અંગે વાત કરવા માગું છું, રાજયના ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ થાય અને આજના યુગમાં ટકી શકે તે માટે રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજના અંતર્ગત રાજયમાં એમ.એસ.એમ.ઇ. મોટા અને અલ્ટ્રા મેગા પ્રોજેકટ સ્થાપિત થાય તે માટે તાલુકાઓની કેટેગરી નક્કી કરી મૂડી રોકાણ આધારીત પ્રોત્સાહન આપવાનું નક્કી કરેલ છે તે મુજબ સ્કીમ ફોર ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના થકી ગુજરાત રાજય અંદાજીત રૂપિયા ૧,૪૯,૪૧૬ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝને સહાય યોજના થકી રાજયમાં અંદાજીત રૂપિયા ૪,૩૮૧ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. મેગા ઇનોવેટીવ પ્રોજેકટને સહાય યોજના થકી રાજયમાં અંદાજીત રૂપિયા ૩૮,૨૫૦ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. એરોસ્પેસ અને ડિફેન્સ સેકટર માટે પ્રોત્સાહક યોજના થકી રાજયમાં અંદાજીત રૂપિયા ૫૯૧ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. કેપિટલ સબસિડી ટુ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ સેકટર યોજના થકી રાજયમાં અંદાજીત રૂપિયા ૩૨,૩૬૫ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૬૦ હજારથી વધુ ઔદ્યોગિક એકમો કાર્યરત છે જેમાં ઇજનેરી, ફાર્મા, મેડિકલ, ટેકસટાઇલ્સ, એગ્રોને લગતા વિવિધ ઉદ્યોગો સ્થાન ધરાવે છે જેના મારફત અંદાજીત ૧૭ લાખ કરતા વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગાર પ્રાપ્ત થાય છે જે રાજય અને રાષ્ટ્રની આર્થિક ગતિવિધિને વેગ પૂરો પાડે છે. સાથે સાથે રોજગારીની વિપુલ પ્રમાણમાં તકો ઊભી થાય છે અને ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને ગુજરાતમાં રોજગારીની તકો સાંપડે છે. એગ્રો ફૂડ પાર્ક હોય કે બીજા કોઇ પણ ક્ષેત્રમાં ગુજરાત જોબ શોધનાર નહીં પણ જોબ આપનાર રાજય બન્યું છે. કોવિડ-૧૯ના સમયમાં મારામારીનું સંકટ દૂર કરવામાં ભારત દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા સાહેબના માર્ગદર્શન અને વહીવટી કુશળતાથી દેશના દરેક નાગરિકને વેક્સિનેશનના બે ડોઝ તેમજ બૂસ્ટર ડોઝ વિનામૂલ્યે આપવામાં અને ૧૨૫ દેશોને વેક્સિનેશન પૂરું પાડી ભારત દેશનું ગૌરવ વધારેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું રાજકોટ ઓટોમોબાઇલ અને એન્જિનિયરિંગમાં મીની જાપાન કહેવાય છે. દુનિયાની બ્રાન્ડેડ કાર જેવી કે મર્સીડીસ, બી.એમ.ડબલ્યુ., ઓડી, રેન્જરોવર અને એરોસ્પેસમાં એરબસ, બોઇંગ અને એચ.એ.એલ.ના પાર્ટસ સપ્લાઇ કરે છે. રાજકોટ બેરિંગ અને ફાઉન્ડ્રી ઉદ્યોગમાં ૫૦થી વધુ દેશોમાં એક્ષપોર્ટ કરે છે. એર ઇન્ડિયાનો સૌથી મોટો સોદો ભારતે કરેલ છે ત્યારે માનનીય વડાપ્રધાન મોદી સાહેબના કહેવાથી ૧૦ હજાર લોકોને અમેરિકામાં નોકરી મળી છે એ આપણા માટે ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માધ્યમથી લોકોને સંદેશો આપવા માગું છું કે, સ્વચ્છ ભારત મેઇક ઇન ઇન્ડિયાની જવાબદારી આપણા સૌની છે.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના અભિભાષણ ઉપર બોલવાનો મને જે મોકો આપ્યો છે એના માટે હું આપનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિદ્વાન રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના ૧૫મી વિધાનસભાના અભિભાષણનો ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી તેજસ્વી વકતા ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ જેમને ટેકો આપ્યો છે તેમાં હું મારા વિચાર વ્યકત કરવાની રજા લઉં છું. ગુજરાતના પનોતા પુત્ર અને માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના વિઝન અને દ્રઢ નિર્ણય શકિતથી કંડારેલા વિકાસપથ ઉપર ગુજરાત દરેક ક્ષેત્રે સતત આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકાસ ઉપર વિશ્વાસ મૂકી ગુજરાતની સાડા છ કરોડની જનતાએ ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતિથી જનાદેશ આપ્યો છે. આજે ભારત વિશ્વની પાંચમી અને સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનેલ છે. ભારત પ્રાચિન કાળની વિશ્વગુરુની ઓળખ પુનઃ પ્રાપ્ત કરી રહ્યું છે તે આજે આપણે ૧૯ મોટા વિકસિત દેશો અને યુરોપિયન યુનિયનના સમુહ દ્વારા જી-૨૦નું નેતૃત્વ કરવાનુ જે ગૌરવ દેશને પ્રાપ્ત થયું છે તેના ઉપરથી સાબિત થાય છે.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે વર્ષ ૨૦૨૭ સુધીમાં દેશને પાંચ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઇકોનોમી સુધી લઇ જવાનું અને વર્ષ-૨૦૩૨માં ૧૦ ટ્રિલિયન યુ.એસ.ડોલરનું અર્થતંત્ર બનાવવાની હાકલ કરી છે. ગુજરાતના દ્રઢ નિર્ણય શકિત ધરાવતા લોકપ્રિય અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે ગુજરાતના વિકાસની પરિકલ્પનાના પાંચ મુખ્ય સ્તંભની વાત કરી તે પૈકી હું બીજા સ્તંભનમાં માનવ સંશાધન વિકાસ માટેની આગામી પાંચ વર્ષમાં અંદાજે રૂપિયા ૪ લાખ કરોડ જેટલી માતબર રકમનો અંદાજ મૂકવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૩-૨૪માં શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૪૩૬૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રૂપિયા ૨૧૯૩ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે અને અત્રે હું એ કહેવા માગું છું કે, શિક્ષણ, માનવ સંશાધન વિકાસ અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના ક્ષેત્રે જે અભૂતપૂર્વ જોગવાઇ કરવામાં આવી છે તે દર્શાવે છે કે, આગામી માનવ વિકાસ સૂચકઆંકમાં વધારો કરવાનું રાજ્ય સરકારનું જે લક્ષ્ય છે તે સો ટકા સિદ્ધ થવાનું છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આમ આદમી પાર્ટીના વખાણ કરતા કરતા એમ કહેતા હોય અને એક પણ સભ્ય અહીંયા ઉપસ્થિત ના હોય કે જ્યારે આખા ગુજરાતની નજર અહીંયા હોય અને અત્યારે આમ આદમી પાર્ટીના એક પણ સભ્ય અહીં ઉપસ્થિત નથી. એમ નહીં આખા ગુજરાતની અંદર મોટી વાતો થતી હોય અને એમ કહેવાય કે અમે આ કરીશું અને તે કરીશુ ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અહીંયા એક પણ સભ્ય ઉપસ્થિત નથી.

ઉપાધ્યક્ષશ્રી : તે આ વખતે છે આવતા વખતે નહીં હોય ચિંતા ના કરો.

શ્રી જનકભાઇ તળાવિયા(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું તે બદલ મહેશભાઇ કસાવાલાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો એ આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ મને આ વિધાનસભા ગૃહમાં સૌપ્રથમ વખત બોલવાનો અવસર મળ્યો છે ત્યારે હું આ અવસર પ્રદાન કરવા માટે આપશ્રી પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરી આપનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું અને સાથે-સાથે આ સન્માનનીય સભાગૃહના સન્માનનીય સદસ્યગણોનો પણ હું આભાર માનું છું. આજે હું લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ કદના ઉદ્યોગોના વિષયમાં આ સન્માનનીય ગૃહને કહેવા માગું છું કે લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ એ ભારતીય અર્થતંત્ર અને સામાજિક વિકાસ માટે કરોડરજ્જુ છે. ભારતમાં ઉદારીકરણ પછી આ સેક્ટર સૌથી ઝડપથી વિકસતું અને પ્રગતિ કરતું સેક્ટર છે. મને કહેતાં આનંદ થાય છે કે આ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ ગુજરાતના લોકલાડિલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વવાળી અમારી આ સરકાર ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહી છે ત્યારે ગુજરાત ઔદ્યોગિક નીતિ - ૨૦૧૫ અને ૨૦૨૦ અન્વયે રાજ્ય સરકાર દ્વારા મૂડી રોકાણ, સબસિડી, વ્યાજ સહાય, જી.એસ.ટી. વળતર યોજના, ઇ.પી.એફ., ઇ.આર.પી., ક્વૉલિટી સર્ટિફિકેશન સહાય, ઝેડ સર્ટિફિકેશન વગેરેમાં પણ આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત ઔદ્યોગિક નીતિ - ૨૦૨૦ અન્વયે આઇ.સી.ટી. માટે સહાય, ટૅકનોલોજીમાં સહાય, પેટન્ટ રજિસ્ટ્રેશન માટે સહાય અને વીજળી અને પાણીના વપરાશની બચત માટે સહાય, એમ.એસ.એમ.ઇ. એક્સચેન્જ મારફતે મૂડી રોકાણ વધારવા માટે સહાય, વીજ જોડાણ માટે સહાય, ભાડા સહાય યોજના વગેરે યોજનાઓ માટે સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે. ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અને ૨૦૨૦ અન્વયે અમારી સરકાર દ્વારા મૂડી રોકાણ સહાય, વ્યાજ સહાય, સી.જી.ટી.એમ.એસ.ઇ. યોજનામાં કુલ ૨૪,૪૦૦થી વધારે દાવાઓને અંદાજે રૂ.૧૦૦૦ કરોડથી પણ વધારે સહાય ચૂકવવામાં આવી છે. એમ.એસ.એમ.ઇ. સેક્ટરના જી.ડી.પી. તેમજ એક્સપોર્ટમાં મહત્તમ ફાળા થકી સશક્ત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભારતીય એમ.એસ.એમ.ઇ. એકમો ઘરેલુ તથા વૈશ્વિક બજારોની માંગને પહોંચી વળવા વિવિધ ઉત્પાદનો સાથે વિસ્તરી રહ્યું છે. રોજગાર સર્જન અને અર્થતંત્રમાં એમ.એસ.એમ.ઇ.ના નોંધપાત્ર યોગદાનને ધ્યાને લઇ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ એમ.એસ.એમ.ઇ.-૨૦૨૨માં એમ.એસ.એમ.ઇ.ના વિકાસ માટે ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ, એમ.એસ.એમ.ઇ. એકમોની નોંધણી તા.૨૮/૨/૨૦૨૩ સુધી ગુજરાતમાં કુલ ૧૧ લાખથી વધારે ઉદ્યમ રજિસ્ટ્રેશન થયેલ છે. ઉદ્યમ રજિસ્ટ્રેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં ચોથા નંબરે છે. ગુજરાતમાં સૌથી વધુ ઉદ્યમ રજિસ્ટ્રેશન અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને કચ્છ જિલ્લામાં થયું છે. સમગ્ર ભારતમાં થયેલ ઉદ્યમ રજિસ્ટ્રેશનના ટોપ ૧૦ જિલ્લાઓમાંથી ગુજરાતના બે જિલ્લાઓ અમદાવાદ અને સુરત છે. આમ, રાજ્ય સરકાર લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોના ઉત્થાન માટે હર-હંમેશ પ્રતિબદ્ધ છે ત્યારે આ આભાર પ્રસ્તાવને મારું સમર્થન આપું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ ર. વાઘેલા(વાઘોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર સભ્યશ્રી મહેશભાઇ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે તેને હું સમર્થન કરું છું અને મારી વાતને રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નવા ધારાસભ્ય તરીકે મને ગૃહમાં બોલવાની તક આપી તે બદલ આપશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં અડીખમ

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

ગુજરાતની વણથંભી વિકાસ યાત્રા આગળ વધી રહી છે. માનનીય રાજ્યપાલશ્રીએ પણ તેમના સંબોધનમાં ગુજરાતના વિકાસની વાત કરી છે. ઉડ્ડયન ક્ષેત્રે ગુજરાતે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને ગુજરાતના વિકાસમાં નાગરિક ઉડ્ડયન વિભાગનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. તે પૈકીનું ઉત્તમ ઉદાહરણ એટલે શ્રી નરેન્દ્ર મોદી સાહેબના ડ્રીમ પ્રોજેક્ટ ધોલેરા ખાતે ઉદ્યોગ અને વાણિજ્યનું મોટું હબ તૈયાર થઈ રહ્યું છે. જેમાં ધોલેરાનું ઈન્ટરનેશનલ એરપોર્ટ વિકાસ પામી રહ્યું છે. જેના લીધે લોકોને આંતરરાષ્ટ્રીય વિમાન સેવાનો લાભ સરળતાથી મળશે. ઉપરાંત ધોલેરાનો વિકાસ થવાથી રોજગારીનું નિર્માણ થયું છે. સાથે-સાથે સ્થાનિક ખેડૂતોને પણ તેનો લાભ થયો છે. ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત પાસે નાગરિક ઉડ્ડયન માટેનું એક મજબૂત આધાર માળખું ઉપલબ્ધ છે. જેમાં અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુરત, વડોદરા, ભાવનગર, રાજકોટ, પોરબંદર અને જામનગર, કંડલા-ભુજ ખાતે સ્થાનિક એરપોર્ટ ઉપરાંત અનિયત ઉડ્ડયન માટે કેશોદ, ડીસા, મહેસાણા, અમરેલી અને માંડવી ખાતે અન્ય એરપોર્ટ, મીઠાપુર અને મુન્દ્ર ખાતે ખાનગી હવાઈપટ્ટીનો સમાવેશ થાય છે. માંડવી અને અમરેલી ખાતે નવા હવાઈ ક્ષેત્ર શરૂ કરવામાં આવ્યા છે. મહેસાણાના ઉપયોગમાં ન લેવાતા હવાઈ ક્ષેત્રને ફરી શરૂ કરીને તેનો ઉડ્ડયન પ્રશિક્ષણ કેન્દ્ર તરીકે વિકાસ કર્યો છે. અંકલેશ્વર ખાતે પણ એરપોર્ટનું કામકાજ શરૂ કરી દેવામાં આવ્યું છે. રાજ્યમાં ગુજરાત ફ્લાઈંગ ક્લબ અને અમદાવાદ એવિએશન એકેડમી એમ બે વિમાની તાલીમ શાળા તથા એન્જિનિયરિંગ કૉલેજ આવેલી છે જે એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ ચલાવે છે. ગુજરાતમાં ઉડ્ડયન ક્ષેત્રને વધારે મજબૂત કરવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૨માં નાગરિક ઉડ્ડયન વિભાગની રચના કરીને નવી સુવિધાઓ, સેવાઓ અને રોકાણની સુવિધા માટે ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની ગુજસેલની સ્થાપના કરી. ગુજસેલ દ્વારા અમદાવાદ ખાતે વિશ્વ કક્ષાની જાળવણી, સમારકામ તથા મરામત સુવિધા ઊભી કરી છે. વિભાગે અમદાવાદની સિવિલ હોસ્પિટલ સહિત ગુજરાતમાં અન્ય સ્થળોએ હેલિપેડ બાંધ્યા છે. નાગરિક ઉડ્ડયન વિભાગે ઔદ્યોગિક અને પ્રવાસના મહત્ત્વના સ્થળોએ ગ્રીનફિલ્ડ એરપોર્ટ બાંધવા માટે જમીન સંપાદિત કરેલ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવને ટેકો આપ્યા બાદ ભારતીય જનતા પાર્ટી અને કૉંગ્રેસ પક્ષના ઘણા બધા સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા. મહામહિમ રાજ્યપાલશ્રીએ અત્યાર સુધીનું ૨૧મી સદીનું ગુજરાત ક્યાં હતું અને ક્યાં પહોંચ્યું તેનું આખેઆખું ચિત્ર ગૃહ સમક્ષ મૂક્યું અને આફતને અવસરમાં પલટવાનો મિજાજ હંમેશા ગુજરાતીઓનો રહ્યો છે. ગુજરાતીઓની કોઠાસૂઝ અને સાહસને કારણે એ દેશ-વિદેશમાં પણ જાય છે અને સાહસ કરે છે. આ સાહસ દ્વારા ગુજરાતને દુનિયાભરમાં એક અપ્રતિમ પ્રતિષ્ઠા અપાવવાનું કામ ગુજરાતીઓ કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાતની પ્રગતિ કરવાનો વિષય આવે ત્યારે ગુજરાતીઓના સાથ અને સહકારથી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલથી લઇને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સુધીની ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત એકધારા પ્રયાસો કરી રહી છે. સત્તા જ મેળવવી અને તેનો ઉપભોગ કરવો એવું ભારતીય જનતા પાર્ટીના મનમાં ક્યારેય પણ ન હતું. પરંતુ એમના મનમાં હંમેશા પ્રજા અને પ્રજાલક્ષી કામો જ હતા. જ્યારે અમે સત્તા ઉપર ન હતા એ સમયે પણ જ્યારે ભૂકંપ કે વાવાઝોડાં જેવી કુદરતી આફતો આવી હોય તો ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા અને સરકાર ત્યાં જઇ કામગીરી કરતી હોય અને લોકોની પડખે ઊભા રહેવાની ટેવ અમને અમારા સંસ્કારોમાં મળી છે. એના જ કારણે આજે સમગ્ર દેશ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબનું નેતૃત્વ સ્વીકારી આગળ વધી રહ્યો હોય અને ભારત પાસે એકવીસમી સદીનું સ્વપ્ન જોવાની જો તાકાત આવી હોય તો એ એક લીડરશિપના કારણે આવી છે કે જેનાથી દુનિયાની અંદર એનો ડંકો વાગે અને દુનિયાએ પણ સ્વીકારવું પડે કે હવે ભારતને અવગણી શકાય નહીં. પાંચ ટ્રિલિયન ડૉલરનું સ્વપ્ન ભારત જોઇ શકે છે. જે ગોરાઓએ આપણને ગુલામ બનાવ્યા હતા એવો બ્રિટન દેશ ઇકોનોમીમાં છઠ્ઠા નંબરે આવી ગયો અને આપણો ભારત દેશ પાંચમા નંબરે આવી ગયો. આ પ્રકારની પ્રગતિ ભારત કરે છે ત્યારે વર્ષો પહેલાં ગુજરાતની અંદર એના મૂળ નંખાઇ ગયા હતા. આદરણીય વડાપ્રધાન શ્રી મોદીસાહેબે ખેતમજૂરથી લઇને છેક ઉદ્યોગપતિ સુધીની ચિંતા કરી છે. પહેલાં 'ઉદ્યોગપતિની સરકાર' એવું રટણ કરવામાં આવતું હતું . કોઇપણ દેશે આર્થિક વિકાસ કરવો હોય તો એના માટે ધંધા-રોજગારની જરૂર પડે. આ ખેતમજૂરથી ઉદ્યોગપતિ સુધી આસિસ્ટિંગ કરવાવાળી સરકાર છે અને કોઇપણ વ્યક્તિ ખોટા રસ્તે જતી હોય તો એને મદદ કરવાવાળી આ ગુજરાત સરકાર નથી. તમે પ્રગતિ કરો, સાચા રસ્તે કરો, નિયમ પ્રમાણે કરો પણ તમે જો ચીલો ચાતરો તો સરકાર કોઇની મા-બાપ થવા તૈયાર નથી. ભૂતકાળમાં આપણી જે અન્ન વિતરણની વ્યવસ્થાઓ હતી એમાં એવું કહેવું પડતું હતું કે, 'અમે હવે સારી વ્યવસ્થા કરીશું, દુકાનો ખોલીશું, અનાજ આપીશું'. પરંતુ, અત્યારે મારે કહેવાનું થાય તો, આજે ૧૬૭૫૦ દુકાનોનું નેટવર્ક આખા ગુજરાતમાં પથરાઇ ગયું છે અને એમાં કોઇ ગામ કે કોઇ ઘર બાકી નથી. આ ભારતીય જનતા પાર્ટીની આદરણીય મોદીસાહેબની સરકાર પ્રત્યેક ગરીબ અને મધ્યમ વર્ગના ઘર સુધી પહોંચી છે. ગરીબ ઘરનો વ્યક્તિ રાત્રે ભૂખ્યો ન સૂવે એની ચિંતા કરવાવાળી આ સરકારે ખોટી જગ્યાએ કાળાબજાર ન થાય અને ગરીબ સુધી અનાજ પહોંચે એ પ્રકારની વ્યવસ્થા મેપિંગ કરીને ગોઠવી દીધી છે. કયાંય કોઇ ગામ અને કોઇ ઘર બાકી ન રહે. કોરોના આવ્યો એ પહેલા આપણે જનતાને અંત્યોદય કુટુંબ હેઠળ નિઃશુલ્ક રાશન આપતા હતા. ૭.૮૪ લાખ અંત્યોદય કુટુંબને એટલે કે આશરે ૩૬ લાખ જેટલા લોકોને આપણે ૧૫ લાખ કિલો ઘઉ અને ૩૦ લાખ કિલો ચોખા આપી રહ્યા હતા. ૩૫ લાખ કિલો અનાજ વિનામૂલ્યે આપતા હતા. ૬૩.૪૦ લાખ કુટુંબોને એટલે કે કુલ મળીને સાડા ત્રણ કરોડ

લોકોને આપણે અનાજ પહોંચાડતા હતા. અહીંયા એમ કહેવામાં આવે છે કે સાડા ત્રણ કરોડ લોકોને શું કામ આપો છો? એમને આ ગરીબોની ચિંતા નથી? એમને મધ્યમવર્ગના પરિવારોની ચિંતા નથી? એમના ઘર સુધી સસ્તું અનાજ પહોંચે એની ચિંતા કરવાનું તો એક બાજુ રહ્યું પણ બંધ કરવાની ભલામણ અહીંયા ગૃહમાં કરવામાં આવે છે. ગુજરાત રાજ્યની જનતાને પણ ખબર પડવી જોઇએ કે, અહીંયા બોલીને પછી જતું રહેવું. શ્રી ઇમરાનભાઇ એવું કહેતાં હતા કે, એકલા કેમ બેઠા છો, એટલે કે હું એકલો સિંહ અને બાકીના પછી ખબર નહીં એ એમની સમજણ. એટલું જ નહીં, પરંતુ કોરોનાના કપરા કાળમાં લોકોની રોજી બંધ થઇ ગઇ, નાનો- મોટો કામધંધો બંધ થયો, લોકોને રોટીના ફાંફા ના પડે, પણ એક કહેવત છે કે ભગવાન ભૂખ્યો ઉઠાડે છે પણ ભૂખ્યો સૂવડાવતો નથી. આદરણીય શ્રી મોદી સાહેબે અન્નપૂર્ણા બની, હાથમાં કામ હોય કે ના હોય એના બાલુડાઓને, એના ઘરમાં રહેતી સ્ત્રીઓને, એમની દીકરીઓને ભૂખ્યા સૂવું ન પડે એના માટે બિલકુલ મફત અનાજ પહોંચાડયું. દેશના તમામ અન્ન ભંડારો ખોલી દીધા અને ત્યાં સુધી રાશન પહોંચાડવાની વ્યવસ્થા પણ સૂપેરે પૂરી પાડી છે. કોઇપણ પ્રકારની ગેરવ્યવસ્થાઓ નહીં, પરંતુ વ્યવસ્થાઓની વચ્ચે પ્રત્યેક ઘર સુધી આ અનાજ પહોંચે એની પણ ચિંતા કરી છે. અનાજ તો પહોંચાડ્યું પરંતુ ઘર ઘર સુધી પાણી પહોંચાડવાની ચિંતા પણ ગુજરાત રાજ્યથી ચાલુ થઇ. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લા ઉપરથી કહ્યું કે, આખા દેશની મારી બહેન દીકરીઓનો આખો દિવસ કામ કરવા માટે અને એમાં ૫૦ ટકા સમય પાણીમાં જ જાય છે. પાણી લેવાની ચિંતા, વાસણ, કપડાં, પાણી ભરવાની ચિંતા, પીવાના પાણી લાવવાની ચિંતા વિગેરેમાં ૫૦ ટકા સમય ખર્ચાઇ જાય. બહેન, દીકરીઓનો ૫૦ ટકા જેટલો સમય ખર્ચાતો. શ્રી મોદી સાહેબે ગુજરાત રાજ્યમાં જોયો હતો અને ગુજરાતમાં જોયા પછી ગુજરાતમાં તો એની શરુઆત કરી જ દીધી પરંતુ આખા દેશમાં પ્રત્યેક ઘરમાં નળ પહોંચાડવાનું અને પાણી પહોંચાડવાની ચિંતા પણ માનનીય શ્રી મોદી સાહેબે કરી. મને કહેતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૨માં આપણે એ લક્ષ્યાંક પૂર્ણ કરી ચૂક્યા છીએ. ૧૪ હજાર ગામોમાં સરફેશ વોટર એટલે કે ડેમોમાં ભરાયેલું પાણી, ફલોરાઇડ વગરનું પાણી પહોંચાડવામાં આપણે સફળ થયા છીએ અને ૪૫૦૦ જેટલા જે ગામો બાકી છે ત્યાં લોકલ સોર્સ આધારિત પાણી પહોંચાડવાની વ્યવસ્થા પણ આપણે કરી ચૂક્યા છીએ અને આજે સો ટકાની સ્થિતિએ પહોંચવાનું ગુજરાતને ગૌરવ પ્રાપ્ત થયું છે. પહેલા તો આ કામ કેવળ ગુજરાત રાજ્ય પોતાના ખભા ઉપર કરતું હતું પરંતુ શ્રી નરેન્દ્રભાઇ સાહેબે ઉદારતાથી ૬૦ ટકા રૂપિયા કેન્દ્ર સરકારમાંથી આવે અને ૪૦ ટકા રૂપિયા રાજ્ય સરકાર ખર્ચે, એટલે આને વેગ આપી બે વર્ષ પહેલા આપણે આ કામ પૂરુ કર્યું છે. એનું આપણને સૌને ગૌરવ હોવું જોઇએ. ભૂતકાળમાં શાળામાં કે સ્કૂલોમાં કુદરતી દૃશ્યો દોરવાનું ચિત્રકામમાં આપવામાં આવે એટલે કાંતો સાંજના સમયે, ગૌધૂલીના સમયે ગાયો જતી હોય અને ધૂળ ઉડતી હોય એવા ચિત્રો દોરતા હતા અને કાં તો પછી સવારે પનિહારીઓ માથે બેડાં લઇને પાણી ભરવા જતી હતી એવા ચિત્રો દોરતા હતા. હવે એ બાબત ભૂતકાળ બની ચૂકી છે. હવે માથે બેડું લઇને જતી પનિહારીના ચિત્રો દોરવાવાળા વિદ્યાર્થીઓ નથી અને એવી પરિસ્થિતિ પણ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે ડેમો હતા. મોટા ચેકડેમો પણ હતા, પરંતુ લગભગ ત્રણ સવાત્રણ લાખ જેટલા નાના મોટા નવા ચેકડેમો આપણે બનાવ્યા છે અને એ ચેકડેમો દ્વારા સિંચાઇની વ્યવસ્થા તો થઇ, પરંતુ નજીકના ગામોમાં પીવાના પાણી માટેની વ્યવસ્થા પણ ત્યાંથી થઇ શકે એ રીતનું આખું નેટવર્ક એ ગામોમાં ગોઠવાયું છે.

વિવિધ પાણી પુરવઠા યોજનાઓ તો આપણે બનાવી, પરંતુ જંગલમાં રહેતા, પહાડો ઉપર રહેતા મારા આદિવાસી ભાઇબહેનોનું શું? જયાં જંગલમાં પ્લેન જમીન હતી, જયાં પાણી લઇ જઇ શકાય એવું હતું. એ બધી જ જગ્યાએ પાણી પુરવઠાની યોજનાઓ બની અને બનાવી. જયાં આગળ ધરમપુર, વલસાડ જેવા વિસ્તારોમાં ડુંગર ઉપર ૬૫૦ મીટર જેવી હાઇટ. ત્યાં વસતા આદિવાસી ભાઇઓ-બહેનો. ત્યાં પાણી પંહોચાડવાની મુશ્કેલી હતી. પરંતુ આ ગુજરાત સરકાર છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. એ પ્રારબ્ધને ગાંઠે એવી નથી. નક્કી કર્યું કે મારો આદિવાસી ભાઇબહેન એ ડુંગરની ટોચે રહેતો હોય તો પણ એને પીવાનું પાણી મળવું જોઇએ. પરિણામે આકાર લીધી આસ્ટોલ જેવી યોજના. મારવેલ ઓફ એન્જિનિયરિંગ કહેવાય. એન્જિનિયરિંગનો અજુબો કહેવાય. એ પ્રકારની યોજના પણ આ સરકારમાં બની અને દેશમાંથી અને દુનિયામાંથી પણ આ યોજના જોવા માટે ઘણાબધા લોકો અહીં આવતા હોય છે.

ઘણી બધી સિદ્ધિઓ વચ્ચે, પીવાના પાણીની અને એ પ્રકારની આપણી સિદ્ધિઓ જયારે મેળવી હોય ત્યારે ટોટલ મુખ્ય પાઇપલાઇનની વાત કરું. આંકડો હું આપવા માગું છું. ૩૧૧૨ તો મેઇન પાઇપલાઇન. રાઇઝીંગ જે એનાથી વિતરણ વ્યવસ્થા કરવાવાળી એ લાખોમાં. એટલી બધી પાઇપલાઇનનું નેટવર્ક આપણે ગુજરાતમાં બિછાવી ચૂકયા છીએ. એના પરિણામે ૨૩૬ શહેરોને પણ એમાંથી પાણી આપી રહ્યાં છીએ.

નર્મદાનો એક સમય હતો. ભૂતકાળની સરકારમાં નર્મદા યોજના માટે બોન્ડ કરવા પડતા હતા. લોકોને કહેવું પડતું હતું કે ૧૮ ટકાના વ્યાજે તમે અમને રૂપિયા આપો. અમે નર્મદા યોજના પૂરી કરીશું. એ રીતની વાતો કરવી પડતી હતી. એ રૂપિયા લઇને ગૌરવ કરતા હતા કે નર્મદા યોજના માટે લોકો પાસેથી ઉછીના પૈસા લીધા હતા. વિષય એવો હતો કે પગાર પણ કરવો હોય તો પણ ઓવરડ્રાફટ લેવો પડે. ૫૧ શક્તિપીઠ અંબાજી મંદિરમાંથી પણ ઉછીના પૈસા લેવા પડે એવો વારો આ ગુજરાતે જોયો છે. પગાર કરવાના પણ ફાંફાં હતા. એવા સમયે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કયારેય કદી પણ હાથ લંબાવ્યો નથી. ઓવરડ્રાફટ માટે કદી બેંક પાસે જવું નથી પડ્યું.

ઉપાધ્યક્ષશ્રી : ઇમરાનભાઇ, બેઠા બેઠા ન બોલો. માનનીય મંત્રીશ્રીને બોલવા દો.

તા. ૨જી માર્ચ, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શ્રી વિમલભાઇ, તમારી તો ઉંમર ઓછી હશે. એ બોન્ડ મેં પણ લીધા હતા. માનનીય નરેન્દ્રભાઇએ અધવચ્ચે ગુજરાતની સરકારને ૧૮ ટકા ન ભરવા પડે એ માટે પ્રીમેચ્યોર બોન્ડ અમે વ્યાજ દઇને પરત આપ્યા અને ગુજરાતની જનતાના પૈસા બચાવ્યા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. નર્મદા યોજના માટે વારંવાર ઉપર કાગળ લખવામાં આવે. મોદી સાહેબ કોંગ્રેસને કહે કે આપણે બધા સાથે જઇને રજૂઆત કરીએ. ડેમની હાઇટ વધારવા માટે. અહીંયા સંમત થાય. ઓફિસમાં ઇલુ ઇલુ કરી નાંખે. પણ એમને ખબર હતી કે મોદી સાહેબના રાજમાં મુખ્યમંત્રી તરીકે જો નર્મદા યોજના પૂરી થાય તો વારો આમેય આવતો નથી. ભવિષ્યમાં પણ કદી નહીં આવે. એના કારણે ત્યાં જઇને જુદી વાત કરતા હતા. આજે વડાપ્રધાન બનતાની સાથે જ (અંતરાય) વિમલભાઇ હું બિલકુલ સાચુ બોલી રહ્યો છું. તમે પણ ભૂતકાળ જોઇ લેજો. કેન્દ્ર સરકારમાંથી કાગળ પણ તમે જોઇ લેજો. ખાનગીમાં જઇને કહી આવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આપણને કહેતા ગૌરવ થાય.આપણને કહેતા ગૌરવ થાય છે વિશેષ વાત નહીં કરું પરંતુ આથી નર્મદા યોજનાના ડેમ લાગી ગયા ૧૯ ૨૦ અને ૨૨માં પૂર્ણ કક્ષાએ આ ડેમ ભરાયો અને પરિણામે પીવાના પાણીની વ્યવસ્થા, ઇરિગેશનની વ્યવસ્થા અને હમણાં ભાઈ શ્રી અમિતભાઈએ કહ્યું હતું કે ખેડૂતની આવક ડબલ નથી થઈ. સાહેબ, સન ૨૦૦૧માં ૩૨ લાખ હેક્ટર જ પિયત વિસ્તાર હતો. જે વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૪ લાખ હેક્ટર થયો છે. બે સિઝન ખેતી લઇ શકીએ એ રીતની સિંચાઈની વ્યવસ્થાઓ થઈ મને તમે બધા કહો કે આમાં આવક ડબલ થાય કે ઓછી થાય? ડબલ થાય કે ઓછી થાય? અરે સાહેબ બનાસકાંઠા જેવો વિસ્તાર કે ત્યાં જ્યાં પચીસ-પચાસ હજારે પણ કોઈ જમીન લેવા તૈયાર ના થાય એવી જગ્યાએ અત્યારે લાખોની કિંમત થઈ છે અને મા નર્મદા ત્યાં પહોંચી છે અને નર્મદાના નીર દ્વારા ત્યાંના ખેતરો પાવન થયા છે. અત્યારે બનાસકાંઠાનો એક પણ ખેડૂત જમીન વેચવા તૈયાર ન થાય એ પ્રમાણેની વ્યવસ્થા અત્યારે થઈ છે. અને સુજલામ સુફલામ માટે સન ૧૯૮૬-૮૭ અને ૧૯૮૮ની વાત કરું ગુજરાતમાં દુકાળ પડ્યો, અમે બધા મિત્રો એ વખત જુવાન હતા અને હું પણ સર્વિસ કરતો, અને ખાડા ખોદવા જામનગર અને ભાવનગર ગયેલો, સ્કેરસીટીમાં એસ.ઓ. તરીકે, અને સાહેબ ત્યાં જે હું પરિસ્થિતિ જોતો હતો, એવી પરિસ્થિતિ, એ ખાડા ખોદવાના, અને કેવા લોકોને ખાડા ખોદવા આવવું પડે. સાહેબ ખાડા ખોદવા સિવાય કોઇ વિકલ્પ નહીં. સાહેબ એ દિવસ, અને એ ખાડાઓ કેવા ખોદાતા હતા અને શું થતું હતું એનો હું સાક્ષી છું, વિશેષ વાત એમાં નહીં કરું.

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> એનો હું પણ સાક્ષી છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના પૂરી થતાની સાથે અત્યારે ૭૪ લાખ હેક્ટરની સિંચાઇએ આપણે પહોંચ્યા છીએ. અને આદિવાસી વિસ્તારોની અંદર ગત વર્ષના બજેટમાં રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ ચેક ડેમો માટે કરી. જેને બીજો વિષય લઈ અને ત્યાં મોટો હોબાળો મચાવ્યો, અમે તો ડુંગરો ઉપર અને જંગલોમાં નાના-મોટા ચેકડેમ બંધાય, કોઈની જમીન જાય નહીં, પીવાના પાણીની વ્યવસ્થા થાય, ઇરિગેશનની વ્યવસ્થા થાય, એના માટે આ ચેકડેમો બનાવવાની વ્યવસ્થા આપણે કરી હતી. અને આ વર્ષથી એ ડુંગરોમાં વહી જતું પાણી, જંગલોમાંથી દક્ષિણ ગુજરાતમાં દરિયામાં વહી જતું પાણી, તેને રોકવાનું કામ અમારી સરકારે કર્યું છે. ત્યાં જ પાણી રોકવું, ખેડૂતોને ત્યાંથી જ પાણી આપવું, અને પીવાના પાણીની વ્યવસ્થા પણ ત્યાંથી જ થાય એ પ્રકારનું આખું નેટવર્ક તૈયાર કરવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે. કારણ કે સરકારને ખબર છે ક્યાંક નાની મોટી બૂમ આવે તો તરત જ ગુજરાત સરકાર તૈયાર થઇને જાગીને એને ક્યાં મુશ્કેલી છે, એ મુશ્કેલી શોધીને એનો હલ કરવાનો પ્રયત્ન કરે છે. આદિમ જાતિના જે આદિવાસી ભાઈબંધુઓ છે, એની પોકાર પણ આ વખતે સરકારે સાંભળી છે. આ વખતે એમના માટે ખાસ વિશેષ જોગવાઈ કરી છે. અને એનું કારણ એટલું છે કે વર્ષો સુધી જે લોકો શોષિતો અને પીડિતો રહ્યા છે એમને બીજી યોજનાના લાભો તો મળતા હોય, પરંતુ બે જ લાખની સંખ્યા બે-કે અઢી લાખની સંખ્યામાં આદિમ જાતિના જૂથો હશે પરંતુ એમાં અમારે વ્યક્તિ મત આધારિત રાજકારણ કદી હોતું નથી. અમે એવું સમજીએ છીએ કે ગુજરાત એક છે, સામે બેઠેલા મિત્રો પણ સેવા કરવા જ આવ્યા છે એ પણ એમના મત વિસ્તાર સાથે જોડાયેલા છે, અમે એવું માનીએ છીએ અને અમે એવું કહીએ છીએ કે, આવો આપણે સૌ સાથે મળી ગુજરાતનો વિકાસ કરીએ, તમારા વિસ્તારની અંદર પણ કોઈ નાના મોટા કામ બાકી રહી જતા હોય તો એ પણ સાંભળવાની અમારી તૈયારી છે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે કે અહીંયા આક્ષેપો થતા હોય, હમણાં ભાઈ જિજ્ઞેશભાઈ મેવાણી પોતાની વાત કરી અને જતા રહ્યા, પણ કરેલા આક્ષેપનો જવાબ એ જ્યાં હોય, કદાચ ટીવી સામે હોય અને સંભળાતો હોય તે સાંભળે, કુપોષણની વાત તો (અંતરાય) સાહેબ કાઢી નાખીએ, હું એમની વાત નથી કરતો, નામ વગરના શ્રી વિમલભાઈ, હું એમની વાત નથી કરતો, જે સભ્ય બોલ્યા હોય અને જેમને લાગતું વળગતું હોય એ ટોપી પહેરી લે, માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણમુક્ત ગુજરાત મહા અભિયાનની વાત એમણે કરી, હવે એ જે કુપોષણની ચિંતા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણમુક્ત ગુજરાત મહાઅભિયાનની વાત કરી. હવે એ જે કુપોષણની ચિંતા કરે છે, રાજ્ય સરકાર બાળકોના કુપોષણને નાથવા માટે બિલકુલ તૈયાર છે. સન ૨૦૧૫-૧૬થી આપણે તેની શરૂઆત કરી દીધી છે. પાંચ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય વર્કરો ઘરે ઘરે જઇ અને શોધીને તેમનામાં જો કુપોષણના લક્ષણો દેખાય તો તરત જ તેને સી.એમ.ટી.સી. અને એન.આર.સી. માં આપણે દાખલ કરીએ છીએ. આપણે ૫૪ લાખ બાળકોની દર વર્ષે વર્ષમાં બે વાર તપાસ કરીએ છીએ. ગુજરાત સરકારે માતા મૃત્યુદર હોય, બાળ મૃત્યુદર હોય, કુપોષણનો વિષય હોય તેને અગ્રતાથી હાથ ધરેલ છે. ટી.બી.મુક્ત ગુજરાત કરવાનું, અંધત્વમુક્ત કરવાનું, આરોગ્ય વિભાગના વિવિધ પ્રકલ્પો ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ આરોગ્ય વિભાગ કરી રહ્યો છે. કસ્તુરબા પોષણ સહાય, આપણે વિધવા

માતાઓ અને વિધવા બહેનો માટે યોજના બનાવી છે. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના પણ છે. કસ્તુરબા પોષણ સહાયમાં આપણે ૬,૦૦૦ રૂપિયા વિધવા બહેનોને આપીએ છીએ. જ્યાં સરકારના ધ્યાનમાં આવે અને મને હમણાં કોઈકે વાત કરી. કોણે બાઈટ આપી એ ખબર નથી. ડુંગળી અને બટાકાની વાત કરતા હતા. ડુંગળી બટાકાનો પાક પકવતા ખેડૂતો માટે આ સરકાર એડવાન્સમાં ચિંતા કરે. નક્કી કરી નાખે કે હવે આ ઈસ્યુ ઊભો થાય છે એ પહેલાં આપણે તેનું નિરાકરણ કરીએ. માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે બન્ને વિષયોમાં સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને મદદ કરવા માટેનાં પગલાં ભરવાનું કહી દીધું છે અને ટૂંક સમયમાં, કનુભાઈ સાહેબ બેઠાં છે એ બધાની અધ્યક્ષતામાં આપણે ઝડપી કામ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ૫ લાખ રૂપિયાનો વીમો દેશના આયુષ્યમાન કાર્ડમાં મળ્યો. શરૂઆત ગુજરાતથી થઈ. માં કાર્ડ અને માં વાત્યલ્ય કાર્ડ જો મળ્યું હોય તો ગુજરાતમાં મળ્યું. પ્રત્યેક ઘર સુધી પહોંચવાનો પ્રયત્ન. કોઈ દુઃખી માં-બાપ, કોઈ દુઃખી દીકરાઓ પોતાના માં-બાપને કોઈ તકલીફ પડે, માંને નાની મોટી ગાયનેકોલોજીને લગતી બીમારી થાય, પિતાને બીમારી થાય. ખેડૂત હોય, ખેતી કરતો હોય, આવકના સ્ત્રોત ઓછાં હોય એટલે. માં-બાપ પણ દીકરાને જણાવે નહીં અને દુઃખ ભોગવે. ઘણી વખત ગરીબ ઘરનાં બાળકોને દવાખાને લઈ જવાનું તેનાં માતા-પિતાને પરવડે એવું નહોતું. આ ચિંતા ગુજરાતમાં થઈ. આજે આયુષ્યમાનકાર્ડ ભારતને મળી રહ્યું છે. પાયો ગુજરાતથી રોપાયો છે. દેશની અંદર થતી કોઈ નવી વસ્તુ હોય તેને ગુજરાત માર્ગદર્શન આપે છે. મેં ભૂતકાળમાં રાજ્યપાલના પ્રવચનો જોયા છે. વિશેષ વાત નહીં કરું. એ વખતના રાજ્યપાલશ્રીના પ્રવચનો તમે વાંચો અને આજનું વાંચો તો રાજ્યપાલશ્રીએ જે પ્રવચન આપ્યું છે, જે ઝાંખી જ છે. ખૂબ મોટી વ્યવસ્થાઓ આ ગુજરાતમાં થઈ ચૂકી છે. હવે તો પાંચ વર્ષના વિઝન સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલી રહી છે ત્યારે સ્વાભાવિક રીતે પાંચ વર્ષમાં ૧૫ લાખ કરોડ રૂપિયા કેવી રીતે વાપરવા તેની ગાઈડલાઈન આપણને આ વર્ષના બજેટમાંથી મળે છે. આ એટલા માટે મળે છે, કારણ કે દષ્ટિ છે. અમારે પાંચમા વર્ષે ૨૦૨૭માં ગુજરાતને ક્યાં મૂકવું છે. એક એક પગથીયું નથી ચડવું, એક સાથે કૂદકા મારવા છે. મને કનુભાઈ કહેતા હતા કે પાંચ વર્ષનું ૧૫ લાખ, પરંતુ વખતોવખત દર વર્ષનું. આ વર્ષે ૩ લાખ કરોડ રૂપિયા છે. તો પાંચ વર્ષના ૧૫ લાખ કરોડ રૂપિયા લેખે આયોજન કરી દઈએ અને તેમાં પણ પૂરેપૂરો વધારો આવવાની શક્યતા છેઅને ગુજરાત દેશની અંદર તો પ્રથમ અને મૉડેલ રાજ્ય છે પરંતુ કોમ્પિટિશન આપણે દુનિયાના દેશો સાથે કરવાની છે. બધા વિષયો શહેર વિકાસની વાત, શિક્ષણની વાત, પ્રવાસ ઉદ્યોગની જે વાતો અહીંયા મૂકી છે, કહેવાનું બહુ બધું છે પણ સમય એટલો નથી અને હું પણ ઇચ્છું છું કે સમયસર કામ પૂરું થાય.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી જે પ્રવચન સાથે આ ગૃહમાં ઉપસ્થિત થયા અને ગૃહમાં ઉપસ્થિત થઈ અને એમની વાત અને વિષય ગુજરાત સરકારનું વિઝન એમણે જે મૂક્યું છે એ છેલ્લા વર્ષનું, પરંતુ એ છેલ્લા વર્ષનું વિઝન ભવિષ્યની દ્રષ્ટિ બતાવતું જયારે એમનું આ પ્રવચન અહીંયા મૂકાયું છે ત્યારે માનનીય સભ્યશ્રી મહેશભાઈ અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈએ ટેકો આપ્યો છે એમને હું આભાર પ્રસ્તાવ માટે વિનંતી કરું છું.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તારીખઃ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ આ સભાગૃહને સંબોધન કર્યું છે. રાજયના અવિરત વિકાસની રૂપરેખા સાથે આ સરકારની સિદ્ધિઓનું નિરૂપણ કરી રાજય સરકારની કામગીરી પ્રત્યે ગૃહને આશ્વસ્ત કર્યું છે. મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન બદલ મારા આભાર પ્રસ્તાવને ભાઈશ્રી પ્રવિણભાઈ માળીએ ટેકો આપ્યો છે એ બદલ તેમનો પણ હું આભાર માનું છું, તા.૨૧મી ફેબ્રુઆરી, તારીખઃ પહેલી માર્ચ અને તારીખઃ બીજી માર્ચ આમ ત્રણ બેઠકોમાં ગૃહના ઘણા બધા સભ્યશ્રીઓએ આ ચર્ચામાં ભાગ લીધો છે. માનનીય રાજયપાલશ્રીના સંબોધન પ્રત્યે પોતાની વાત મૂકીને દરેક સભ્યશ્રીએ પોતાનું સમર્થન આપ્યું છે માટે હું ત્રણ દિવસની ચર્ચામાં ભાગ લેનાર તમામ સન્માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું. સાથેસાથે ત્રણ દિવસ દરમિયાન માનનીય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, માનનીય મંત્રીડો.કુબેરભાઈ ડીંડોર અને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે વિસ્તૃત રીતે ચર્ચામાં વિકાસની વાતો આ ગૃહ સમક્ષ મૂકી છે, તેઓનો પણ હું ખૂબ ખૂબ આ તકે આભાર માનું છું અને આ ગૃહને સંબોધન કરવા બદલ માનનીય રાજયપાલશ્રીના સંબોધન કરવા બદલના મારા પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરીને માનનીય રાજયપાલશ્રીને સંદેશો પહોંચાડવા ગૃહને વિનંતી કરું છું.

**સુધારા ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ ૧૩, ૧૪ અને ૧૫ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૫૪ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવા બાબત**

* ૭૬૪ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનની ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| આરોગ્ય કેન્દ્ર | મળેલ અરજીઓ |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૯ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૭૦ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૦૦ |
| **કુલ** | **૭૯** |

(૨)

| આરોગ્ય કેન્દ્ર | મંજૂર અરજીઓ |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૭ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૪૦ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૦૦ |
| **કુલ** | **૪૭** |

(૩) ૪૭ કિસ્સાઓમાં.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપ જ્યારે રાજયના આરોગ્ય મંત્રી હતા અને એ વખતે બનાસકાંઠામાં આરોગ્યની સેવાઓ માટે જે સામૂહિક કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્ર અને પી.એચ.સી.ની જરૂર હતી, ત્યારે આપે આપના દ્વારા રાજય સરકારે બહુ મોટા પ્રમાણમાં આરોગ્યની આ સેવાઓ મંજૂર કરી હતી આ એના બાંધકામ માટેની જમીન ફાળવવા માટેનો પ્રશ્ન છે. આપે આરોગ્ય મંત્રી તરીકે બનાસકાંઠા માટે જે મોટા પ્રમાણમાં આરોગ્યની સેવાની ફાળવણી કરી એ બદલ જિલ્લાની જનતા વતી રાજય સરકારનો અને આપનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આરોગ્ય કેન્દ્ર માટે તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને, તેનું ક્ષેત્રફળ કેટલું છે? મારો બીજો પ્રશ્ન છે કે, તાલુકાવાર કેટલી અરજીઓ આવી છે અને, તેનું ક્ષેત્રફળ કેટલું છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે, તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ પડતર છે અને, તેનું ક્ષેત્રફળ કેટલું છે? મારો ચોથો પ્રશ્ન છે કે, જે આરોગ્ય કેન્દ્રની જમીન ફાળવવાની બાકી છે તે માટે ખાસ બેઠક કરી ઝડપી જમીન ફળવાય તેવી કાર્યવાહી રાજય સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે એ મુજબ તાલુકાવાર દાંતીવાડામાં ૧ મંજૂર કરવામાં આવી અને એનું ક્ષેત્રફળ ૧૦,૦૦૦ ચોરસમીટર છે, પાલનપુરમાં ૨ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૪૭૪૦ ચોરસમીટર છે, અમીરગઢમાં ૩ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૫૦૦ ચોરસમીટર છે, ધાનેરામાં ૨ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસમીટર છે, વાવમાં ૪ મંજૂર કરવામાં આવી અને એનું ક્ષેત્રફળ ૧૧૫૦૦ ચોરસમીટર છે, થરાદમાં ૩ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૫૦૦ ચોરસમીટર છે, દિયોદરમાં ૩ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૫૦૦ ચોરસમીટર છે, ડીસામાં ૩ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૨૭૫૦ ચોરસમીટર છે, સૂઇગામ ૨ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસમીટર છે, ભાભરમાં ૩ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૧૫૦૦ ચોરસમીટર છે, લાખણીમાં ૧ મંજૂર કરવામાં આવી એનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસમીટર છે, કાંકરેજમાં ૨૦ મંજૂર કરવામાં આવી એનું ક્ષુત્રફળ ૨૦,૫૦૦ ચોરસમીટર છે, વડગામમાં ઝીરો છે, દાંતીવાડામાં ઝીરો છે. કુલ ૭૯માંથી ૪૭ ફાળવવામાં આવી છે. બીજો પ્રશ્ન હતો કે, તાલુકાવાર કેટલી અરજીઓ મળી? દાંતીવાડામાં ૩, પાલનપુરમાં ૩, અમીરગઢમાં ૪, ધાનેરામાં ૩, વાવમાં ૧૩, થરાદમાં ૩, દિયોદરમાં ૭, ડીસામાં ૬, સૂઇગામમાં ૫, ભાભરમાં ૪, લાખણીમાં ૨, કાંકરેજમાં ૨૨, વડગામમાં ૨ અને દાંતામાં ૨ કુલ ૭૯.

માનનીય અધ્યક્ષશ્રી, જે પડતર અરજીઓ છે એની વિગત આપું તો દાંતીવાડામાં ૨, પાલનપુરમાં ૧, અમીરગઢમાં ૧, ધાનેરામાં ૧, વાવમાં ૯, થરાદમાં ઝીરો, દિયોદરમાં ૪, ડીસામાં ૩, સૂઇગામમાં ૩, ભાભરમાં ૧, લાખણીમાં ૧, કાંકરેજમાં

૨, વડગામમાં ૨ અને દાંતામાં ૨ એમ કુલ ૩૨ અરજીઓ પડતર છે. માનનીય સભ્યશ્રીની લાગણી છે અને આપે જે રીતે મંજૂર કર્યા છે એમાં જેટલી ઝડપી થઇ શકે એ મુજબનું અમે ચોક્કસપણે કરવાના છીએ.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રની સરકારી જમીન ફાળવવાની પદ્ધતિ શું છે અને તે માટેની સત્તા કોને આપવામાં આવી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અથવા પંચાયત હસ્તકનું હોય એ માટે ગુજરાત જમીન મહેસૂલ નિયમ ૧૯૭૨ના નિયમ ૩૨ હેઠળ મહેસૂલ માફી, કિંમત માફી તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક હોય તો તેમાં ગુજરાત મહેસૂલ નિયમ ૧૯૭૨ના પ્રકરણ ૨ના વહીવટી હુકમ ૩, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગને જમીન ફાળવવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન હતો કે, આ જમીન ફાળવવાની સત્તા કોને હોય છે? માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલા ધોરણ અનુસાર પ્રાથમિક કેન્દ્રમાં એક હેકટર ચોરસમીટર તથા પેટા આરોગ્ય કેન્દ્રમાં ૫૦૦ ચોરસમીટર જમીન ફાળવણી કરવામાં આવે છે. ધારા-ધોરણ મુજબ જમીન ફાળવણીના વહીવટીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય એ માટે સત્વરે આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવાના હેતુથી રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે તા. ૧.૦૪.૨૦૧૭ના રોજના પરિપત્રથી આ ફાળવણી કલેકટરશ્રીને સોંપવામાં આવી છે. વધુ જમીનની જરૂરત રહેતી હોય તો રાજ્ય સરકાર તેને મંજૂર કરતી હોય છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લાના અંતરિયાળ વિસ્તાર કે જયાં કોઇ પણ સરકારી જમીન ઉપલબ્ધ ના હોય તેવા વિસ્તારની અંદર આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર કે સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકાર કેવી રીતે જમીન ફાળવે છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચર જમીનની વ્યવસ્થા કરવા અંગે મહેસૂલ વિભાગે ૯-૩-૨૦૧૬થી સુધારો ઠરાવ કરીને જાહેર હિતોના કામ માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાઇ રહે તે હેતુથી ગામે અન્ય સરકારી પડતર જમીન નેઇમ કરી જરૂરિયાતવાળા વિસ્તારને આરોગ્યની સેવા માટે જમીન આપવાનું સરકારે નક્કી કરેલું છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં કોઇ ટ્રસ્ટ દ્વારા સંચાલિત નહીં સંપૂર્ણ સરકારી ડિસ્ટ્રિકટ લેવલની કોઇ હોસ્પિટલ બનાવવાનું આયોજન છે ? અને જો હા તો કયાં સુધીમાં આપનું આયોજન પૂરું કરવા માગીએ છીએ ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે આ જમીન પૂરતો જ પ્રશ્ન છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાસ કરીને તો મારો પોતાનો અનુભવ અને ઘણી વખત આ બાબતોની અંદર ચર્ચા થઇ છે વાવ, ભાભર, સૂઇ નહીં સમગ્ર બનાસકાંઠા જિલ્લાની અંદર જે પી.એચ.સી અને સી.એચ.સી.ના ભૂતકાળમાં ખાતમુહૂર્ત થઇ ગયેલા છે એવા પી.એચ.સી.અને સી.એચ.સી.નું બાંધકામ હજુ સુધી ચાલુ નથી કરવામાં આવતું તેનાં કારણો શું ? અને કારણોમાં હું માનું છું ત્યાં સુધી સંકલન પીઆઇયુ વચ્ચે હેલ્થ વિભાગ, મહેસૂલ વિભાગ અને માર્ગ અને મકાન આ ત્રણેય એજન્સીઓ વચ્ચે એકાબીજા ઉપર દોષારોપણ ઠલવાય છે અને તેના કારણે મોટાભાગના ખાતમુહૂર્ત થઇ ગયા છે તેનું કામ ચાલુ કરવામાં આવતું નથી તો કયારે ચાલુ કરવામાં આવશે ? બીજું, ભાભર ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલ બનાવવા માટે વર્ષ ૨૦૧૭માં તેનું બજેટ પણ ફળવાઇ ગયું હતું, ખાતમુહૂર્ત પણ થઇ ગયું હતું તો ભાભરની જે હોમિયોપેથિક હોસ્પિટલ બનાવવા માટે બજેટની જે જોગવાઇ હતી તેનું કામકાજ હાલ કયા સ્ટેજે છે ? અને કયારે કરવામાં આવશે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય સભ્યશ્રીએ જે પૂછયું છે ચાર દરખાસ્તો છે માપણીના કારણે પડી રહી છે, પાંચ દરખાસ્ત તે બદલાવાના કારણે જમીન ગૌચરની નીમ કરવાની જગ્યાએ એટીએફ કરવા તથા ૨૩ દરખાસ્તો વિગતવાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ પાસે ખૂટતી ચોક્કસ માહિતી મેળવી તૈયાર કરવા અર્થે કાર્યવાહી છે જે વિધાનસભામાં સામાન્ય ચૂંટણીના અંગેનાં કારણો આજે બતાવી રહ્યાં છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારી કાંકરેજ વિધાનસભા સમાવિષ્ટ ડિસાના જે ૨૨ ગામો આવે છે તેમાં એક નવું આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે, એ આરોગ્ય કેન્દ્ર મંજૂર થયા પછી અત્યારે હાલમાં તેનું સ્ટેટસ શું છે ?

અધ્યક્ષશ્રી : તમારી પાસે મહેસૂલનો પ્રશ્ન હોય તો આપો અને આરોગ્યનો હોય તો આરોગ્ય મંત્રીને જયારે કહેશે ત્યારે આપશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજમાં જમીનનું સ્ટેટસ જે છે તે આજની તારીખમાં આપણું જે પોર્ટલ છે તેના પર કરવાને ઠરાવેલા મામલતદાર કાંકરેજ તા.૨૬-૫-૨૨ના રોજ ઓન લાઇન અરજી કરવા તાલુકા વિકાસ અધિકારીને જણાવેલ છે.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે
તારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

* ૭૬૦ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૪૧૬૭

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર નોંધો** | **નામંજૂર નોંધો** |
|---|---|---|
| ૪૯૭૮૮ | ૪૪૭૮૬ | ૮૩૫ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

1. ઓનલાઈન વેચાણ તથા વારસાઈના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા કોઈ આધાર-પૂરાવા રજૂ કરેલ ન હોવાથી.
2. ટુકડાધારાનો ભંગ થતો હોવાથી.
3. કોર્ટ કેસ થયેલ હોવાથી.
4. સહહિસ્સેદારોની સંમતિ રજૂ થયેલ ન હોવાથી.
5. વારસાઈના કિસ્સામાં મરણ પ્રમાણપત્ર, પેઢીઆંબો રજૂ ન થવાથી.
6. વેચાણ નોંધોમાં ખરીદનાર દ્વારા મુળથી ખાતેદાર હોવા અંગેના આધારો રજૂ થયેલ ન હોવાથી.
7. વહેંચણી / ભાઈઓભાગની નોંધોમાં પુનઃવહેંચણીના કિસ્સામાં અરજદાર દ્વારા સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ થયેલ ન હોવાથી.
8. બોજા મુક્તિના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા બોજા મુક્તિનું અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં ન આવેલ હોવાના કારણે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં હક્કપત્રકની કુલ બાકી નોંધો પૈકીની અદ્યતન નોંધો કેટલી છે ? અને તેની સમય-મર્યાદામાં કેટલી બાકી છે ? અને બાકી નોંધો કયા પ્રકારની છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં હક્કપત્રકની કુલ બાકી નોંધ પૈકી અદ્યતન સ્થિતિએ પહેલાં ૬૪૪ હતી આજની તારીખમાં ૪૪૧ બાકી છે અને હક્કપત્રકની નોંધની સ્થિતિ સમયની અંદરની કેટલી બાકી છે તો જામનગર જિલ્લાના હક્કપત્રકમાં કુલ બાકી નોંધ પૈકી અદ્યતન સ્થિતિએ નોંધ હયાત હક્કની ૯૯, હક્ક કમીની ૧૫૩, સગીરની ૩, વેચાણમાં ૧૦૨, વારસાઇમાં ૮૪, વેચાણની ૫૮, ભેટ બક્ષી ૫, બોજો દાખલની ૪૮, બોજો મુક્તિમાં ૭૦, ગીરો મૂકેલ ૧૫ અને કે.જે.પી.માં ૧ હયાત, વેચાણમાં ૨ અને બીજા હક્કમાં દાખલકર્તા ૧ અને બીજા હક્કમાં ૧ એમ કુલ મળીને પહેલાં ૬૪૪ અરજીઓ હતી એની જગ્યાએ આજે ૪૪૧ અરજીઓ છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ચૂંટાયા બાદ હું પ્રથમ વખત પ્રશ્નોત્તરીમાં ભાગ લેવા જઇ રહી છું એ બદલ આપનો ખૂબ-ખૂબ આભાર. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં હક્કપત્રકની કુલ બાકી નોંધો પૈકી અદ્યતન સ્થિતિએ સમય-મર્યાદા બહારની કેટલી નોંધો બાકી છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે જામનગર જિલ્લામાં હક્કપત્રકની કુલ બાકી નોંધો પૈકી અદ્યતન સ્થિતિએ કેટલી તકરારી નોંધો બાકી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ આપતા આનંદ થાય છે કે આજે પણ સમય-મર્યાદામાં એક પણ નોંધ બાકી નથી. જામનગર જિલ્લામાં હક્કપત્રકની બાકી નોંધોની અદ્યતન સ્થિતિએ ૧૯ તકરારી નોંધો બાકી હતી એ આજની તારીખે ૧૬ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વેચાણ સિવાયના બીજા ક્યા પ્રકારના વ્યવહારો માટે ઓનલાઇન સુવિધા દાખલ કરી છે?

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગે તા.૭/૩/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક - હકપ/૧૦૨૦૧૯/૧૨૦૩/જ. ગામના નમૂના નં- ૬માંથી ઇ-ધરા કેન્દ્ર ખાતે ''વારસાઈ'' ફેરફારની નોંધની સુવિધા ઓનલાઇન કરેલ છે. તેની સાથે-સાથે હુકમની નોંધ અને મહેસૂલ અધિકારીઓ દ્વારા બોજાની નોંધો બેંક દ્વારા ઓનલાઇન કરવામાં આવી છે અને હયાત નકલ દાખલ કરતાં ઓનલાઇનની સુવિધા મહેસૂલ વિભાગના તા.૨૭/૨/૨૦૨૩ના રોજ પરિપત્ર- હકપ - ૧૦૨૦૨૨/૨૬૬૯/જ થી અમલમાં મૂકવામાં આવી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાનો પ્રશ્ન છે. જે તે વખતે સૌરાષ્ટ્રની સરકારે રેવન્યુ રેકર્ડ ક્લિયર કરેલા હતા, પરંતુ આપણે ત્યાં જે નવી માપણી થઇ એના પછી પ્રમોલગેશન થઇ ગયું, માપણી ખોટી થઇ એના આધારે એક વખત ૬ નંબરમાં હક્કપત્રકમાં દાખલ થયું. ફરી પાછો સ્ટે આવ્યો. એના કારણે આખા ગુજરાતમાં આ છ નંબરમાં જે એન્ટ્રી પાડવાની બાબત છે એ બધા માટે ચિંતાનો વિષય છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખોટી માપણી થઇ એમાં અમુક જગ્યાએ તો સરકારે રદ પણ કરી છે નવેસરથી માપણી કરવાની પણ વાત કરી છે. આ માપણીમાં જે ભૂલો છે એના કારણે બધાના હક્કપત્રક બગડ્યા છે. એ સુધારીને નમૂના નં.-૬માં સાચી એન્ટ્રી કરવા માગો છો કે કેમ અને ક્યાં સુધી કરવા માગો છો?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન હક્કપત્રક માટેનો પ્રશ્ન છે પણ આદરણીય સિનિયર સભ્યશ્રી અર્જુનભાઇએ પૂછ્યું છે ત્યારે રાજ સરવે માપણી કરવા માટે રાજ્ય સરકારે કલમ-૯૫ અને ૧૦૬ મુજબ સત્તા પ્રાપ્ત કરેલ છે. દર ૩૦ વર્ષે આ જમીન દફતરનો સરવે થતો હતો પણ ભૂતકાળમાં ૧૯૮૬થી ૧૯૨૦ સુધી સરવે કરવામાં આવ્યો. ત્યારબાદ આજ દિન સુધી કોઇ સરકારે કાંઇ કર્યું નહિ. આજે મને કહેતાં આનંદ થાય છે કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે સમગ્ર ગુજરાતનો એરિયા કોમ્પ્યુટરાઇઝ થઇને ૨૦૦૯માં વિજ્ઞાનઢબે કરી શકાય એના માટેની વ્યવસ્થા કરી છે. કોઇ કામ કરે તો નાની-મોટી ભૂલ થાય તો એ બાબતે જામનગર અને દ્વારકાનો આપણે આજે પણ પાયલોટ પ્રોજેક્ટ તરીકે ઉપયોગ કરીએ છીએ.

**દાહોદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવવા બાબત**

*૭૫૬ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ અને કન્યા/કુમાર છાત્રાલય જેવા શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે ? | (૧) આદર્શ નિવાસી શાળા-૧,<br>એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-૩,<br>સરકારી કુમાર છાત્રાલય-૧,<br>એમ કુલ-૫ (પાંચ) અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તમામ ૫ (પાંચ) અરજીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનની ફાળવણી કરવામાં આવી ? | (૩) તમામ ૫ (પાંચ) કિસ્સામાં. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૦૧/૦૧/૨૦૨૩થી તા.૨૪/૦૨/૨૦૨૩ સુધી દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ અને કન્યા/કુમાર છાત્રાલય જેવા શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન આપવા માટેની કેટલી અરજીઓ મળેલી છે અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે? છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કયા-કયા તાલુકામાં એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલ માટે જમીન ફાળવવામાં આવેલ છે? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે ગ્રામ્ય વિસ્તારમાં તથા બી.સી.ડી. કેટેગરી નગરપાલિકા વિસ્તારમાં શૈક્ષણિક હેતુ માટે, શાળા બાંધકામ માટે તથા રમત-ગમતના મેદાન માટે સરકારી જમીન ફાળવવા અંગેની જોગવાઇ શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત:માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૧/૦૧/૨૦૨૩થી તા.૨૪/૦૨/૨૦૨૩ સુધી દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ અને કન્યા/કુમાર છાત્રાલય જેવા શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન આપવા માટેની ત્રણ અરજીઓ મળી છે અને આજની તારીખમાં તે અરજીઓ પરત્વે કામગીરી ચાલુ છે. છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ફતેપૂરા, લીમખેડા અને ગરબાડા તાલુકાની અરજીઓ મળેલી છે. બી.સી.ડી. કેટેગરી નગરપાલિકા વિસ્તારમાં શાળા બાંધકામ અંગે માધ્યમિક શિક્ષણ નિયમો, ૧૯૭૪ મુજબ મળવાપાત્ર થતી મહત્તમ ૬૦૦ ચો.મી. જમીન મહેસૂલ માફી, કિંમત માફી તથા વધારાની જમીન બજાર કિંમતે ૨૫ ટકા વસૂલ કરવામાં આવે છે. રમત-ગમતના મેદાનો માટે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ નિયમો, ૧૯૭૪ મુજબ મળવાપાત્ર પરંતુ મહત્તમ બે એકર એટલે ૮૦.૯૪ મીટર અને જમીન માલિક પાસે એક રૂપિયાના ટોકનથી ૩૦ વર્ષના ભાડા પટે આપવામાં આવે છે. જ્યારે વધારાની માંગણી હોય તો બજાર કિંમત ૨૫ ટકા વસૂલ કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

**યુવા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવા બાબત**

* ૮૨૮ **શ્રી હાર્દિક પટેલ** (વિરમગામ) : **માનનીય રમત-ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાનો કોઇ યુવા ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવેલ છે કે કેમ,

(૨) જો, હા તો ક્યા સ્થળે રાજ્યકક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ, અને

(૩) આ ઉત્સવના આયોજન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | સ્થળ |
|---|---|
| ૨૦૨૧ | વડોદરા |
| | પાલનપુર |

(૩)

| વર્ષ | સ્થળ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૨૧ | વડોદરા | રૂ. ૪,૦૦,૦૦૦/- |
| | પાલનપુર | રૂ. ૪,૦૦,૦૦૦/- |
| ૨૦૨૨ | અમરેલી | રૂ. ૧૦,૭૧,૧૨૦/- |

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રાજ્ય સરકારે બજેટમાં રૂ. ૫૬૮ કરોડની જોગવાઈ કરી તે બદલ રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, યુવા ઉત્સવ શું છે? રાજ્યમં યુવા ઉત્સવ ક્યા વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે તથા તેમાં કઈ કઈ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવેલ છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સૌ યુવાઓ માટે વર્ષ ૧૯૬૮થી ગુજરાત રાજ્યમાં યુવા મહોત્સવની શરૂઆત કરવામાં આવેલી હતી. યુવા ઉત્સવ એટલે યુવાનોમાં રહેલી સંસ્કૃતિ અને કળાના વારસાને બહાર લાવવા માટે ગુજરાતભરમાં એક અલગ જ પ્લેટફોર્મ ઊભું કરવામાં આવ્યું. આ ઉત્સવમાં અનેક પ્રકારની અલગ-અલગ પ્રવૃત્તિઓ થતી હોય છે. જેમ કે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા. આ વર્ષે નિબંધોમાં ખાસ કરીને સ્વચ્છતા અભિયાન જેવા સામજિક વિષયો ઉપર નિબંધ લેખનના કારણે યુવાનોમાં સમાજની વિવિધ સમસ્યાઓના નિકાલ માટે પ્રવૃત્તિ થાય તે માટે આ યુવા ઉત્સવ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. એકાંકી નાટક, હલવો, કંઠ્ય સંગીત, લોક સંગીત, લોકનૃત્ય, સમૂહ સંગીત, હોબી સંગ્રહ, હસ્તકલા, તથા શાસ્ત્રીય સંગીતનું આયોજન આ યુવા મહોત્સવ થકી કરવામાં આવે છે.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચાલુ નાણાકીય વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ યુવા ઉત્સવનું આ વખતનું ગુજરાતનું પરફોર્મન્સ કેવું રહ્યું?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું પરફોર્મન્સ દરેક રાષ્ટ્રીય મહોત્સવમાં છેલ્લા અનેક વર્ષોથી ખૂબ સારું રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન યુવા મહોત્સવનું આયોજન કર્ણાટક રાજ્યના હુબલી શહેરમાં કરવામાં આવેલ હતું. સ્પર્ધાત્મક ઈવેન્ટ અંતર્ગત લોકનૃત્ય અને લોક સંગીતમાં ગુજરાતમાંથી કુલ-૨૮ સ્પર્ધકો મોકલવામાં આવેલ હતા. બિન સ્પર્ધાત્મક ઈવેન્ટમાં ગુજરાતના ૪૬ સ્પર્ધકોએ ભાગ લીધેલો હતો. રાષ્ટ્રકક્ષાએ ગુજરાતમાંથી કુલ ૭૪ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલો હતો. જે પૈકી લોકનૃત્યની સ્પર્ધામાં ગુજરાત રાજ્ય દ્વારા દ્વિતીય ક્રમાંક હાંસલ કરેલ છે. જે ગુજરાત રાજ્ય માટે ખૂબ ગૌરવની બાબત છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અમરેલીનો ઉલ્લેખ થયો છે ત્યારે આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આપણા કોઇ સ્પર્ધકોએ રાજ્યકક્ષા કે કેન્દ્ર સરકાર સુધી ભાગ લીધો છે કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યશ્રી, કેન્દ્ર કક્ષાએ કુલ ૪૬ અને રાજ્યકક્ષાએ ૨૮ મળીને કુલ ૭૪ લોકોએ ભાગ લીધેલ છે.

**કચ્છ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

* ૭૨૫ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ લીધેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''પર ડ્રોપ મોર ક્રોપ''-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૬,૨૯૧ ખેડૂતોએ લાભ લીધેલ છે. વર્ષવાર

લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૩૩૨૬ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૨૯૬૫ |
| **કુલ** | **૬૨૯૧** |

(૨) આ યોજના હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ ૧૧,૯૦૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૬૫૦૨ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૫૪૦૫ |
| **કુલ** | **૧૧૯૦૭** |

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારત દેશમાં કેન્દ્ર સરકાર કે ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી થાય એના માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત છે ત્યારે હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ''પર ડ્રોપ મોર ક્રોપ '' યોજના અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇની ખેડૂતોના ખેતર સુધી ટપક અને ફુવારા વિકસાવવા માટેની જે યોજના છે એ યોજનાની અરજીની પ્રક્રિયા શું છે? તેમજ આ યોજના અંતર્ગત કોઇ ખેડૂત અરજી કરે ત્યારથી લઇને ખેડૂતના ખેતર સુધી જે સૂક્ષ્મ સિંચાઇની પદ્ધતિની ગોઠવણી થાય છે એ તમામ પ્રક્રિયામાં કેટલો સમય લાગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ જ્યારે આપણા મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતની જમીનમાં પાણીના તળ ઊંડા જતા હતા તેની ચિંતા કરી વર્ષ ૨૦૦૫માં એમના વિચાર '' પર ડ્રોપ મોર ક્રોપ ''અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇની પદ્ધતિઓ વિકસાવવા માટે અને ખેડૂત એ દિશામાં આગળ વધે એ માટેના એમણે પ્રયત્નો ચાલુ કર્યા અને એના કારણે આજે જે વર્ષ ૨૦૦૫માં ૨.૨૦ લાખ હેક્ટર જમીનમાં સૂક્ષ્મ સિંચાઇ થતી હતી એની જગ્યાએ ૨૧.૪૯ લાખ હેક્ટરમાં થતી થઇ છે. આ વિગતો એટલા માટે આપું છું કે સમગ્ર દેશમાં આ વિષય હવે ખેડૂતો માટે ખૂબ જરૂરી બનતો જાય છે. અહીંયા જ્યારે વરસાદની અછત હોય અને એમાં પણ ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છ જેવા વિસ્તારોમાં વરસાદ ઓછો થતો હોય એટલે સ્વાભાવિક છે કે પાણીની બચત કરવી ખૂબ જરૂરી બને. આમાં, ૪૨૩૧ ક્યુબિક મિલિયન લિટર પાણીની બચત થઇ છે અને એના કારણે વીજળીની પણ બચત થઇ છે. આ યોજના ઓનલાઇન અરજી કરવાની યોજના છે અને ઓનલાઇન અરજી કર્યા પછી ૪૨ દિવસમાં ખેડૂતના ખેતરમાં આ ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ લાગી જાય એ પ્રકારની આખી વ્યવસ્થા છે. આ પ્રક્રિયામાં ખેડૂત પોતાનો ફાળો ભરવામાં વિલંબ કરે તો જ ડીલે થતું હોય છે. બાકી ૪૨ દિવસની અંદર અરજી કર્યાથી ખેતર સુધી આ ડ્રીપ ઈરિગેશનની યોજના આપણે લાગુ કરી શકીએ છીએ. આમાં, અરજીની નોંધણી કરવાનો સમય બે દિવસ, રજિસ્ટ્રર સપ્લાયર કંપની દ્વારા ખેતરની મુલાકાત લઇ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની ડિઝાઇન તેમજ ખર્ચના અંદાજો તૈયાર કરવા તથા ખેડૂતની સંમતિ મેળવવા માટે સાત દિવસ, તાંત્રિક મંજૂરી માટે બે દિવસ અને ત્યારબાદ ખેડૂત, સપ્લાયર કંપની અને જી.જી.આર.સી. વચ્ચે ત્રિપક્ષીય કરાર થાય અને તેની સાથે ખેડૂત ફાળો જમા કરાવે એના માટે આઠ દિવસ, સપ્લાયર કંપની દ્વારા સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનાં સાધનોની ખેડૂતના ખેતર ઉપર સપ્લાયના સાત દિવસ, સપ્લાયર કંપની દ્વારા સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનાં સાધનોની ખેડૂતના ખેતર ઉપર ગોઠવણીના સાત દિવસ, સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનો થર્ડ પાર્ટી, ખેડૂત અને સપ્લાયરની હાજરીમાં સફળ ટ્રાયલ અને ખેડૂતને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની સોંપણી માટેના સાત દિવસ અને સહાયની ચૂકવણી માટેના બે દિવસ. આમ, અરજી કર્યાથી ૪૨ દિવસમાં ખેડૂતના ખેતર સુધી પહોંચી જવાય અને એનો ઝડપીમાં ઝડપી ખેડૂતને લાભ મળી રહે, એ પ્રકારની રાજ્ય સરકારે આખી વ્યવસ્થા કરે છે અને ગુજરાતના આઇ.ટી. પ્લેટફોર્મને પણ અન્ય રાજ્યોમાં અમલવારી કરવા માટે ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલય દ્વારા પત્ર લખીને જણાવવામાં આવેલ છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ એટલે કે ટપક અને ફૂવારા માટેની યોજના અંતર્ગત ડાર્ક ઝોન અને ડાર્ક ઝોન સિવાયના વિસ્તારોમાં ખેડૂતોને સરકારશ્રી તરફથી કેટલી સહાય આપવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : સીધી સહાય ઉપર જ આવજો. આટલી ડાર્ક ઝોનમાં અને આટલી ડાર્ક ઝોન સિવાયના વિસ્તારોમાં આપવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારશ્રી દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજનાનો અમલ પાંચથી ચાલુ થયો હતો અને તે સમયે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિના ૫૦ ટકા સહાય હતી. જે હવે ખેડૂત વર્ગ અને વિસ્તાર પ્રમાણે ૭૦ થી ૯૦ ટકા સુધીની સહાય મળવાપાત્ર છે. ડાર્ક ઝોન વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ એટલે કે ટપક ફુવારા પદ્ધતિ અપનાવતા ખેડૂતોને અન્ય વિસ્તારની સરખામણીએ નાના અને સીમાંત ખેડૂતોને આદિજાતિ કે અનુસૂચિત વર્ગના ખેડૂતોને ૧૦ ટકા વધારાની સહાય આપવામાં આવે છે. જેથી એ વિસ્તારના ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવવા માટે પ્રોત્સાહન મળી રહે અને સૂક્ષ્મ સિંચાઇ અપનાવવાથી સિંચાઇના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે એ માટે આપણે સહાય આપીએ છીએ. સામાન્ય વર્ગમાં ૨ અને ૨ હેકટરથી વધારે જમીન ધરાવતા ખેડૂતોને ૭૦ ટકા સુધી અથવા રૂપિયા ૭૦ હજાર પ્રતિ હેકટરની મર્યાદા બે માંથી જે ઓછું હોય તે આપીએ છીએ. સામાન્ય વર્ગમાં નાના અને સીમાંત ખેડૂતો ૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા હોય એમને ૭૦ ટકા સુધી અથવા તો રૂપિયા ૮૦ હજાર પ્રતિ હેકટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે પ્રમાણે આપીએ છીએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ એટલે કે આદિજાતિના ખેડૂતો માટે ૮૫ ટકા અથવા રૂપિયા ૧ લાખ પ્રતિ હેકટરની મર્યાદા બે માંથી જે ઓછું હોય તે ચૂકવીએ છીએ. એ સિવાય પણ કેન્દ્ર સરકારની અટલ ભૂજલ યોજનામાં જે વિસ્તારો એટલે કે છ જિલ્લાઓ અને તેના ૩૬ તાલુકાઓ ડાર્ક ઝોનમાં છે, એમાં જે વેટ ભરવો પડે છે તે વેટ પણ આ અટલ ભૂજલ યોજના અંતર્ગત સરકારશ્રી ભરે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના લોકો વર્ષોથી નર્મદાના નીરની રાહ જોઇને બેઠા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં કચ્છ જિલ્લાની કેટલા હેકટર જમીનનો સમાવેશ કરવામાં આવ્યો હતો? અને તે પૈકી કેટલી જમીનમાં હાલમાં સિંચાઇનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. બીજું એક સૂચન સ્વરૂપે કહેવા માગું છું કે, આપણે ગુજરાતી ભાષા વિશે અહીંયા ઘણી બધી ચર્ચાઓ કરી અને આપણે ગૌરવ લીધું. ઘણા બધા ડિપાર્ટમેન્ટમાં, (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આ સિંચાઇનો પ્રશ્ન છે. આમાં જયારે ગુજરાતી ભાષાનું આવે ત્યારે વાત કરજો. તમે પ્રશ્નોત્તરીના સમયને બગાડશો નહીં.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે આ યોજનાનું નામ જેમ, પર ડ્રોપ મોર ક્રોપ રાખેલ છે તેમ આપણે એવી અનેક યોજનાઓના નામ અંગ્રેજીમાં રાખીએ છીએ તો આ યોજનાઓનાં નામ આપણે ગુજરાતી ભાષામાં કરવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : યોજનાનું નામ બદલવા માગો છો? એના કરતાં પણ વધારે સબસિડી કઇ રીતે મળે, વધારે સરળતા કેવી રીતે થાય એનો પ્રશ્ન પૂછો તો ખેડૂતો માટે ફાયદો થશે. પર ડ્રોપ મોર ક્રોપ, એ હવે ખેડૂતો સમજી ગયા છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ ઈરિગેશનનો પ્રશ્ન છે. છતાં પણ એમને જયારે કચ્છની ચિંતા કરી છે ત્યારે એ પહેલા રાજ્ય સરકાર અને આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે ગયા વર્ષે પણ એ જ ચિંતા કરી છે અને ભૂતકાળમાં પણ થઇ હતી. એક મિલિયન એકર ફીટ પાણીની ફાળવણી અને એના માટે આશરે રૂપિયા દસ હજાર કરોડના ટેન્ડરો ફ્લોટ કરવાના અને એમાં પ્રથમ તબક્કો આશરે રૂપિયા પાંચ હજાર કરોડના ટેન્ડર માટેનો આપણે આગળ ફ્લોટ કર્યો. એજન્સીઓ અને કોન્ટ્રાકટર પણ નકકી થઇ ગયા છે. એટલે આ વધારાના પાણી દ્વારા તળાવો ભરી અને તળાવો દ્વારા પણ એ સિંચાઇ કરી શકે એ પ્રકારની આખી વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી કનુભાઇ સાહેબના નેતૃત્વમાં ૩ ગણો વધારો કર્યો છે. બજેટમાં ૩ ગણો વધારો કર્યો છે. જેથી કરીને ખેડૂતોને વધુમાં વધુ આ યોજનામાં ભાગ લઇ શકે અને સાથે ઈરિગેશનમાં પણ ૫૬૯ કરોડની નવી ફાળવણી કરી છે કે જેથી કરીને કમાન્ડ વિસ્તારમાં આખી પાઇપલાઇન જયાં તળાવો હોય અથવા તો સ્ટોરેજની વ્યવસ્થા હોય ત્યાં ઇલેકિટ્રક કનેકશન આપીને ડ્રીપ ઈરિગેશન કરે એની વ્યવસ્થા, એટલે કે ૪ ગણો વધારો આ યોજનામાં આપણે કર્યો છે.

**અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય**

* ૭૪૨ **શ્રી અમિત શાહ** (એલીસબ્રીજ) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| કાયદાકીય સલાહ | કાયદાકીય સહાય |
|---|---|
| ૮૮૨૭ | ૬૧૪૪ |

## તા. ૩જી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૬. માનનીય શ્રી અમિત શાહ. હવે શ્રી અમિતભાઈમાં પણ એવું જ કરવું પડશે. નામ સાથે. ચાવડા, શાહ. એ રીતે બોલવું પડશે. હા.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે (અંતરાય) શ્રી ઇમરાનભાઇ, શું થયું? તમે વચ્ચે બોલશો તો કોર્પોરેશન આવશે. રહેવા દો ને.

અધ્યક્ષશ્રી : આપણે આપણામાં જ ધ્યાન રાખો. તમે એ શ્રી અમિતભાઇ શાહની સામે ન કરશો ભાઇ.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી હું પૂછવા માગું છું કે કાયદાકીય સલાહ અને કાયદાકીય સહાય એમાં શું ફરક છે, તે કોને મળવાપાત્ર છે? અમદાવાદ મધ્યસ્થ જેલમાં છેલ્લા ૨ વર્ષમાં કાચા કામના અને પાકા કામના કેટલા કેદીઓને આ સહાય મળી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કાયદાકીય સલાહ અને કાયદાકીય સહાયમાં સલાહ જે છે એ કાચા અને પાકા કામના કેદીઓને નિયમો અને મળતી સહાય માટેની આખી જાણકારી આપવાની હોય છે. સહાયમાં એને અરજી તૈયાર કરવા કે અપીલ અંગેની પિટિશન તૈયાર કરવાની કામગીરી કરવામાં આવતી હોય છે. કુલ મળીને અમદાવાદ મધ્યસ્થ જેલમાં કાચા કામના ૮૩૬૧ અને પાકા કામના ૪૬૬ લોકોને લાભ મળ્યો છે. જેમાં ૪૪૭ સ્ત્રીઓ છે.

શ્રી હર્ષદભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને સવાલ કરવા માગું છું કે કાયદાકીય સલાહ અને કાયદાકીય સહાયની વ્યવસ્થાની વાત કરી. આ કાયદાકીય સલાહના નિષ્ણાત વકીલો દ્વારા અપાતી હોય તો વકીલો દ્વારા અપાતી સહાય એ માનદ સેવા તરીકે હોય છે કે એના માટે ફી તરીકે ધનરાશિ ચૂકવવામાં આવે છે? જો ફી તરીકે કોઇ ધનરાશિ ચૂકવવામાં આવતી હોય તો એ કેટલી ધનરાશિ ચૂકવવામાં આવે છે?

શ્રી હર્ષ સંઘવી : કાયદાકીય સલાહ અને કાયદાકીય સહાય આપવા માટે જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટી, સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા વકીલોની પેનલ મોકલવામાં આવે છે. એવી જ રીતે એમણે પૂછેલું કે જેલોમાં આ લીગલ એઇડની કઇ રીતની વ્યવસ્થા હોય છે, તો લીગલ એઇડ ક્લિનિક તરીકે જેલની અંદર એ ઓળખાય છે. જેમાં કાયદાકીય સલાહ તેમજ સહાય માટે કેદીઓ પાસેથી કોઇપણ ચાર્જ વસૂલવામાં આવતો નથી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત ગૃહ રાજયમંત્રીને પૂછવા માગું છું કે અમદાવાદ મધ્યસ્થ સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર સજા પૂરી થઇ ગઇ છે તેવા કેટલા કેદીઓ છે? પ્રશ્ન ૨. જેમની સજા પૂરી થઇ ગઇ છે તેમને કયારે છોડવામાં આવશે? પ્રશ્ન ૩. બિલ્કીસબાનુના કેદીઓને કેવી રીતે છોડવામાં આવ્યા તેની માહિતી મંત્રીશ્રી આપે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન અને પ્રશ્ન સિવાયના બધા જ પ્રશ્નો સ્કોપની બહારના છે. હું માનું છું કે તમામ સભ્યો અને સભ્ય જયારે બીજીવાર ચૂંટાયેલા હોય તો એમને ખૂબ સારી રીતે જાણકારી છે કે પ્રશ્ન કયો છે અને ૧૦૦ ટકા સ્કોપની બહારનો પ્રશ્ન છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨ની સ્થિતિએ અમદાવાદ મધ્યસ્થ જેલની અંદર કાયદાકીય સલાહ આપવા માટેનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : સલાહ આપવાનો પ્રશ્ન છે. છોડવાનો પ્રશ્ન નથી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરનો પ્રશ્ન છે. એટલે અમદાવાદ શહેરના પ્રશ્નની અંદર આપના મારફત પૂછવા માગું છું.

અધ્યક્ષશ્રી : ખેડાવાલાજી. આના માટે બીજો પ્રશ્ન કરજો.

શ્રી હર્ષ સંઘવી : અલગથી આનો સવાલ પૂછશે તો જરૂરથી જવાબ આપીશ.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાયદાકીય સલાહ અને સહાયની વાત થઇ છે. પરંતુ અમદાવાદ મધ્યસ્થ જેલમાં એવો કોઇ કિસ્સો બન્યો છે કે કેદીએ સહાય માગી હોય અને ન મળી હોય અને તેનાં કારણો શાં છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધયક્ષશ્રી, કાયદાકીય સલાહ અને સહાય એ તમામ કેદીઓનો હક્ક છે. અમદાવાદ મધ્યસ્થ જેલમાં જેટલા પણ કેદીઓએ સહાય અને સલાહ જે માંગ્યું છે એ તમામ કેદીઓને આ સલાહ અને સહાય આપવામાં આવી છે. એક પણ કિસ્સો એવો નથી કે જેમાં સલાહ કે સહાય ન આપવામાં આવી હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી જેલ આપણી સૌથી મોટી જેલ છે. અને એક ગામ વસી જાય એટલા લોકો એમાં રહે છે. એમાં કેદીઓની અંદર રીઢા ગુનેગારો પણ છે અને કદાચ ભૂલથી એકાદ ગુનો થઇ ગયો હોય તેવા લોકો પણ આવે છે. એના ઉપર ઘણા પત્રકાર મિત્રોએ પણ અભ્યાસ કર્યો છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર જ આવો ને? જેલના વર્ણન ઉપર સમય વળી પાછો આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું પ્રશ્ન ઉપર જ આવું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ જણાવવા માગું છું કે ઘણી બહેનો છે, ઘણા યુવાનો છે, એ બહારના લોકો છે કે જેને કાયદાકીય સલાહ ન મળવાને કારણે વર્ષોથી જેલમાં અત્યારે સબડે છે. આવા લોકોનો અભ્યાસ કરી જલદીથી એના કેસ ચાલે એટલા માટે કાયદાકીય નિષ્ણાતોની ટીમ બનાવી અને તેને મદદ કરવાનું કોઇ આયોજન છે કે નહીં?

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે સો ટકા જેટલાએ માગી એ બધાને આપી દીધી છે. આગલા પ્રશ્નના જવાબમાં એવું બોલી ગયા છે. મને ખબર નથી મેં જે સાંભળ્યું એ એવું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું આ સૂચન છે, એટલા માટે કે આપણા એક પત્રકાર મિત્ર છે પ્રશાંત દયાળ, એણે અભ્યાસ કર્યો છે અને જોયું છે કે ઘણા બધા કેદીઓ એવા છે કે વર્ષોથી એમની અપીલો ન સંભળાવાથી અને કાયદાકીય યોગ્ય મદદ ન મળવાથી એ લોકો ત્યાં સબડે છે. તો એને ખાસ જે લોકો એક એક ગુનો કરેલો છે. એમાં વ્યક્તિગત રસ લઇને માનનીય મંત્રીશ્રી વ્યવસ્થા કરે એટલી જ વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આવા કોઇ બાકી રહી ગયા હોય તો તેને કાયદાકીય સલાહ આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં વ્યક્તિગત રસ લઇને કરવાની વાત કરી છે તો આપની પાસે આવા કોઇ વ્યક્તિગત કિસ્સા હોય તો ધ્યાન પર મૂકજો, માત્ર વાત નહીં. સંપૂર્ણ ડીટેઇલ સાથે કિસ્સા આપવા જોઇએ. મેં આ પહેલાના પ્રશ્નના જવાબ આપ્યો છે કે એક પણ વ્યક્તિ એવી નથી કે જેને સહાય કે સલાહ માગી હોય અને ન મળી હોય, પરંતુ તમારી પાસે એવા કોઇ કિસ્સા હોય તો જરૂર આપજો, તાત્કાલિક એના ઉપર ધ્યાન આપીશું.

**જૂનાગઢ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

* ૭૬૧ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૫૨૮૯

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|
| ૭૦૯૧૯ | ૬૩૪૯૪ | ૨૧૩૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

1. વારસાઈના કિસ્સામાં રજૂ થયેલ સાધનિક કાગળોમાં વિસંગતતા હોવાથી.
2. વેચાણના કિસ્સામાં ખેડૂત ખરાઈનું પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોઈ, ઓનલાઈન વેચાણના કિસ્સામાં અરજદાર તરફથી નોંધને લગતા સાધનીક કાગળો રજૂ કરવામાં આવેલ ન હોવાથી.
3. હયાતીમાં હક્ક દાખલ કિસ્સામાં પેઢીનામાં અને સોંગદનામામાં વિસંગતતા હોવાથી.
4. બોજા દાખલની બાબતમાં બેંક દ્વારા એકરારનામાં/બોજા દાખલનું પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોવાથી.
5. વહેંચણીના કિસ્સામાં પુનઃવહેંચણી થતી હોય તેવા કિસ્સામાં સ્ટેમ્પ ડ્યૂટી ભરાયેલ ન હોવાથી.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં હક્કપત્રકોની કુલ બાકી નોંધો પૈકી અદ્યતન સ્થિતિએ સમય મર્યાદાની અંદર કેટલી બાકી છે અને જૂનાગઢ જિલ્લામાં હક્કપત્રકની કુલ બાકી નોંધો પૈકી અદ્યતન સ્થિતિએ સમય મર્યાદાની અંદર બાકી નોંધો પૈકી કયા કયા પ્રકારની નોંધો બાકી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે રીતે પૂછ્યું છે એ રીતે અદ્યતન સ્થિતિએ ૩૮ બાકી હતી. અને આજની તારીખમાં ઝીરો બાકી છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે કયા પ્રકારની નોંધો બાકી હતી, તો હક્કપત્રકમાં બાકી નોંધો પૈકી અદ્યતન સ્થિતિએ વેચાણની ૧૨ હતી, વારસાઈની ૯ હતી, હક્ક કમીની ૧૨ હતી, વેચાણની ૩ હતી, બોજ ૧ હતો અને બોજ ૧, એમ કુલ મળીને ૩૮ હતી. પણ આજે પણ એ ઝીરો છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં હક્ક પત્રકની કુલ બાકી નોંધોમાં આજની સ્થિતિએ તકરારી કેટલી બાકી છે? અને બીજો પ્રશ્ન એ છે કે, બધા જ જિલ્લાઓ માટે જે પાનિયા અલગ કરવા માટેની અત્યારે જે સમસ્યાઓ થઇ છે અને વિસંગતતાઓ છે તેના માટે મારે વાત કરવી છે, સરકારશ્રીએ ૭-૮-૨૦૨૦ના પરિપત્રથી ગુજરાતના બધા જ કલેકટરશ્રીઓને સૂચના આપી હતી કે જ્યાં સુધી માપણી ન

થાય, કારણ કે સ્ટાફ ઓછો હોવાના કારણે અથવા તો રિ-સરવેની કામગીરીમાં અરજીઓ વધારે હોવાના કારણે. તો દસ્તાવેજ રજિસ્ટ્રેશન થઇ ગયા પછી તેના પાનિયા અલગ કરીને ૭/૧૨માં નોંધ કરી આપવી. ફરી પાછો રાજ્ય સરકારે તા.૨૩-૯-૨૦૨૨ના રોજ પરિપત્ર કરીને અગાઉના પરિપત્રને મોકૂફ કર્યો છે. એ સમયગાળાની અંદર જે દસ્તાવેજ રજિસ્ટ્રેશન થઇ ગયા છે તેના માટે આ પરિપત્રની વ્યાખ્યામાં એ નોંધોના પાનિયા અત્યારે અગલ થતાં નથી. ૭/૧૨માં તેની નોંધ થતી નથી. તો મારી વિનંતી છે. મેં કાલે ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરેલી હતી કે આ બધા જિલ્લાઓમાં આ મુદ્દો છે. પાનિયાઓ અલગ કરવા માટે ૭/૧૨માં રજિસ્ટ્રેશનની નોંધ થઇ જાય. કારણ કે ભાઇ ભાગમાં પછી વિસંગતતાઓ થાય છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં કહો કે એ બન્નેના સમયગાળા વચ્ચેનું છે તેનું કંઇ કરવા માગો છો કે કેમ એવું કહેવું છે ને?

શ્રી ભગાભાઇ ધા. બારડ : એ સમયગાળામાં જે નોંધો થઇ ગઇ છે એ નોંધોમાં પાનિયા અલગ કરી દઇને ૭/૧૨માં નોંધ કરવા માગીએ છીએ કે નહીં?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે પહેલો પ્રશ્ન પૂછ્યો છે કે અદ્યતન સ્થિતિએ તાલુકાવાઇઝ કહું તો તાલુકામાં માત્ર કેશોદમાં જ બે બાકી છે. બીજાં કોઇ પણ તાલુકામાં આજની તારીખમાં બાકી નથી. બીજો પ્રશ્ન છે તેમાં આપે કહ્યું છે, તો આપનું સૂચન સારું છે. અમે એ પ્રમાણે જોઇશું.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં જે હક્કપત્રકમાં નોંધ બાકી છે તેમાં સમયમર્યાદાથી વધારાની કેટલી બાકી છે અને જે બાકી છે તેમાં તકરારી નોંધો કેટલી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં ૭ નોંધો બાકી છે. જૂનાગઢ હક્કપત્રકની કુલ બાકી નોંધો પૈકી સમયમર્યાદાની આજની તારીખે કોઇ બાકી નથી.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાપુજીના નામની જમીન હોય પછી મોટાભાઇ બધું કરતાં હોય અને નાના ભાઇનું નામ નીકળી ગયું હોય. ભાઇ ભાઇને આપી શકતો નથી તો એવા કોઇ કારણસર પ્રશ્ન હોય તો તેના માટે શું? પ્રશ્ન નં. ૨. ગણોતધારો કેટલા વર્ષ પછી લાગુ પડે? પ્રશ્ન-૩. જે આપણા પરપ્રાંતિયો ૧૯૬૪માં આવ્યા છે એમના દસ્તાવેજ સીઝ કરવામાં આવે છે. આપણે પણ ખેતી લઇએ છીએ તો આના માટે શું? પ્રશ્ન નં. ૪.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન જૂનાગઢનો છે. કચ્છનો નથી છતાં પણ આપને વાત કરી છે તેના પરિપ્રેક્ષ્યમાં જવાબ હોય એટલો માનનીય મંત્રીશ્રી આપે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : આપણે બોર માટે જે ૨ ગૂંઠા જમીન ખેડૂત માટે માગીએ છીએ તો તેના માટે સરળતા થાય અને ખેડૂતને તાલુકા લેવલે મળી જાય એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તેમાંથી જૂનાગઢના પરિપ્રેક્ષ્યમાં જેટલો જવાબ હોય એટલો આપો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું એમ ભૂતકાળમાં ૩૦ વર્ષ પછી જે કરવાનું હતું, સન ૧૯૨૦માં એ ન થયું તેના માટે સન ૨૦૦૯માં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ શરૂઆત કરી અને એ મુજબ આજે આવી કોઇ ભૂલ ન થાય, તકલીફ ન રહે તેના માટે વૈજ્ઞાનિક ઢબે ડિજિટલ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ, ઇ.ટી.એસ. મશીનથી માપણી હાથ ધરવામાં આવી છે અને છતાં પણ આપની પાસે કંઇ વિગત હોય તો આપ અમને ચોક્કસ કહેજો. અમે નિયમ મુજબ જોઇ લઇશું.

**અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધાનું આયોજન**

* ૮૨૭ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય રમત-ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધાનું આયોજન ક્યાં અને દર કેટલા વર્ષે કરવામાં આવે છે, | (૧) અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધાનું આયોજન ભાઇઓ માટે ચોરવાડથી વેરાવળ અને બહેનો માટે આદ્રીથી વેરાવળ, જિ. ગીર સોમનાથ ખાતે એકાંતરે વર્ષ (દર બે વર્ષે) કરવામાં આવે છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ યોજાયેલી છેલ્લી સ્પર્ધામાં કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લી સ્પર્ધામાં કુલ-૨૧ સ્પર્ધકોએ ભાગ લીધો. |
| (૩) ઉક્ત સ્થિતિએ વિજેતા સ્પર્ધકોને ઇનામમાં કેટલી ધનરાશી આપી ? | (૩) ઉક્ત સ્થિતિએ વિજેતા સ્પર્ધકોને રૂ. ૧૮,૪૮૨/- ધનરાશી આપી. |

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા પછી પ્રથમ વખત મને પ્રશ્ન પૂછવાનો અવસર પ્રાપ્ત થયો છે ત્યારે આપનો, મુખ્યમંત્રીશ્રીનો અને ગૃહના તમામ સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ

આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા શું છે અને આ સ્પર્ધાની શરૂઆત કયારે કરવામાં આવી? એમાં સરકારનું શું પ્રયોજન છે તથા રાષ્ટ્રકક્ષાએ તરણ સ્પર્ધામાં રમતગમત વિભાગ સિવાય અન્ય કોઇ સરકારી કે બિનસરકારી સંસ્થાઓ અથવા વ્યકિતઓનો સહયોગ લેવામાં આવે છે કે કેમ? તેમજ આવનારા દિવસોમાં ઇનામની રકમમાં વધારો થાય એમ છે કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધાએ અરબ સમુદ્રમાં ચોરવાડથી વેરાવળ સુધીની થાય છે. એકાંતર વર્ષે આ રમતનું આયોજન કરવામાં આવતું હોય છે જેમાં ભાઇઓ ૨૧ દરિયાઇ નોટિકલ માઇલ એટલે કે ૩૯ કિલોમિટર એની લંબાઇ હોય છે. જેમાં બહેનો માટે આદરીથી વેરાવળ એટલે કે ૧૬ દરિયાઇ નોટિકલ માઇલ એટલે આશરે ૩૦ કિલોમિટરની સ્પર્ધા યોજવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાની વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધાની સન ૧૯૭૪માં શરૂઆત કરવામાં આવેલી. અરબી સમુદ્રમાં યોજાતી આ સ્પર્ધા ખૂબ મહત્ત્વની છે. એની અંદર ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, કર્ણાટક વગેરે રાજયોના ૧૪થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા લોકો આ સ્પર્ધામાં ભાગ લેતા હોય છે અને આ સ્પર્ધામાં જે વિજયી થાય તેને યુરોપની ઇગ્લિંશ ચેનલની સ્પર્ધામાં ડાયરેકટ એન્ટ્રી મળતી હોય છે. માનનીય સભ્યશ્રીનું એક ખૂબ સારું સૂચન છે કે તમે ઇનામની જે રાશિ છે એ વધારવા માગો છો કે કેમ? આ જયારે પ્રશ્ન આવ્યો અને પ્રશ્નનો અમે સ્ટડી કરતા હતા ત્યારે આ પ્રકારની સ્પર્ધામાં યુવાનો એ જે મહેનત કરવી પડે છે, અનેક મહિનાઓની તાલીમ લેવી પડે છે એની સામે આ સ્પર્ધાનું ઇનામ આજના સમય પ્રમાણે ખૂબ ઓછું હોય એવું હું પણ માનું છું અને એના ઉપર અમે તાત્કાલિક કામગીરી કરીને ઝડપથી આ સ્પર્ધાના ઇનામમાં વધારો કરવામાં આગળ વધી રહ્યા છીએ.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું ગૃહમાં પ્રશ્નોત્તરીમાં ભાગ લઉં છું એ બદલ આપનો તથા ગૃહના સૌ સભ્યશ્રીઓનો આભાર માનુ છું. હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રકક્ષાની સમુદ્ર તરણ સ્પર્ધામાં સ્પર્ધકોની સલામતી માટે શું પગલાં લેવામાં આવે છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જણાવ્યું એમ ભાઇઓ માટે ૩૯ કિલોમિટર બહેનો માટે ૩૦ કિલોમિટર અને એ પણ દરીયાની વચ્ચે સ્વીમિંગ કરવાનું હોય છે એ બહુ સ્ટ્રેસવાળું હોય છે, કયારેક નાની મોટી ઘટનાઓ આની અંદર બનતી હોય એ ઘટનાઓ રોકવા માટે સલામતી ખૂબ મહત્ત્વની છે અને રાજય સરકાર સલામતી માટે અનેક પગલાઓ આ સ્પર્ધામાં લેતાં હોય છે જેમ કે સ્પર્ધકોને સ્વીમિંગ કરવા બોયા નાખીને ટ્રેક બનાવવામાં આવે છે, આની સેફ્ટી માટે અલગ અલગ ત્યાંના જે લોકલ તરવૈયાઓ છે એના એસોસીએશનના માધ્યમથી જ પ્રત્યેક સ્પર્ધકને ચોરવાડથી વેરાવળ દરમિયાન એક હોડી આપવામાં આવે છે, જેમાં કોચ હોય છે, એક લાઇફગાર્ડ હોય છે, એક લાઇફ સેવિયર હોય છે, ગનમેન તેમજ ન્યુટ્રીશિયન ગરમ પાણીનો જગ હોય છે એટલે જે તમામ જરૂરિયાતવાળી વ્યવસ્થાઓ છે એ તમામ સ્પર્ધકો માટે રાજય સરકાર દ્બારા ચિંતા કરીને તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સમુદ્ર તરણ સ્પર્ધા જે મારા વતન ચોરવાડથી શરૂ થતી હોઇ અને ત્યાં નગરપાલિકાના પ્રમુખ તરીકે અમને લીલી ઝંડી આપવાનો પણ મોકો મળતો હોઇ અને એ પૂર્ણ મારી ૯૦ સોમનાથ વિધાનસભામાં વેરાવળ મુકામે થતી હોય અને ત્યાં ઇનામ આપવાનો પણ મોકો મળતો હોય છે. આ સ્પર્ધામાં બહેનો અને ભાઇઓ ભાગ લેતા હોય છે અને પહેલા મોટી સંખ્યામાં લોકો ભાગ લેતા હતા, આજે ઓછી સંખ્યામાં લોકો આવે છે કારણ કે જે ઇનામની રકમ છે એ બહુ ઓછી આપવામાં આવે છે. આ મોંઘકારીના કારણે તેમને પોસાતું નથી. પહેલાં અઠવાડિયા પહેલાંથી રહેવા-જમવાની તમામ વ્યવસ્થા આપવામાં આવતી હતી, આજે એક દિવસ પૂરતી જ આ આપવામાં આવે છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તેઓ વધારાની સુવિધા આપવા માગો છો કે કેમ અને કેટલી રકમ વધારવા માગે છે એ ફિકસ આ ગૃહની સામે જવાબ આપે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આના પહેલાના પ્રશ્નના જવાબમાં જ જણાવ્યું છે કે જ્યારે આ પ્રશ્ન તળાજાના ધારાસભ્યશ્રીએ પૂછ્યો અને પ્રશ્નનું જ્યારે બ્રીફિંગ ચાલતું હતું ત્યારે ખરેખર એમનો પ્રશ્ન હતો એમાં જણાઇ આવતું હતું કે આ ઇનામની રકમ વધારવા જેવી છે. એનો ફિક્સ આંકડો હું આપી શકું તેમ નથી કારણ કે એમાં નાણાં વિભાગ સહિત તમામ વિભાગો જોડાયેલા હોઇ, અમે એના ઉપર કામ કરી રહ્યાં છીએ. અમે પોઝિટિવલી રાજ્યના અને દેશભરના યુવાનોને આવી સ્પર્ધામાં ભાગ લે તે માટે અમે પ્રોત્સાહન પૂરું પાડવા માગીએ છીએ. એમણે કહ્યું કે ઇનામ આપવાનો અવસર એમને મળે છે, લીલી ઝંડી બતાવવાનો અવસર એમને મળે છે. એ નગરપાલિકાના પ્રમુખ છે, એ ત્યાંના ધારાસભ્ય છે. કદાચ સરકાર એક દિવસની વ્યવસ્થા કરતી હોય તો નગરપાલિકાના પ્રમુખ, ત્યાંના ધારાસભ્ય જો બે-ચાર દિવસની વ્યવસ્થા કરવામાં સહયોગ કરે. આપણે સાથે મળીને કરીએ. પરંતુ હું તમારા પ્રશ્નને એકદમ પોઝિટિવ લઇને આ બાબતે અમે સંપૂર્ણ રીતે ૩૬૦ ડિગ્રી એમાં જે કાંઇ મદદની જરૂર હશે એ કરવા રાજ્ય સરકાર તૈયાર છે. કારણ કે આ એવા તરવૈયા છે કે જે તરવૈયા અરબી સમુદ્રમાં ૩૯ કિલોમિટર તરી શકે એ દુનિયામાં ભારતનું નામ રોશન કરી શકે એવા તરવૈયાઓ ત્યાં ભાગ લે અને એમાં તેનો વધારો થાય. એમને પ્રોત્સાહન પૂરું પાડવામાં જે કાંઇ કરવાનું થશે એ આપણે સાથે મળીને આ પ્લેયરોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આપણે આગળ વધીશુ.

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જૂનાગઢ ગીરનાર આરોહણ સ્પર્ધાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કરવામાં આવે છે. આ સ્પર્ધાની અંદર કેટલું ઇનામ આપવામાં આવે છે અને કઇ રીતે વ્યવસ્થા કરવામાં આવે છે? કારણ કે ગીરનાર આરોહણ-અવરોહણ દેશની સૌથી પોપ્યુલર સ્પર્ધા છે. દેશમાં આવી બે સ્પર્ધાઓ યોજાય છે. એક રાષ્ટ્રીય કક્ષાની અને એક રાજ્ય કક્ષાની. આવનાર દિવસોમાં આ સ્પર્ધાની અંદર સ્પર્ધકો માટે કોઇ ઇનામ વધારવા માગો છો અને વ્યવસ્થામાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આનો જવાબ આવી ગયો છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સંજયભાઇ પહેલીવાર ચૂંટાયેલા ધારાસભ્ય છે. એમના મનમાં આ ચિંતા છે.

અધ્યક્ષશ્રી : ઉત્સાહી પણ છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું ભવનાથના મેળામાં ગયો હતો. અમે રોપ-વે ખાતે જતા હતા ત્યારે એમણે મને કહ્યું કે આ આરોહણ-અવરોહણની સ્પર્ધા દર વર્ષે થાય છે. આપણા યુવાનો એક કલાકની અંદર ગીરનાર ચડીને પાછા નીચે આટલા ટફ હજારો પગથિયા ચડીને ઉતરતા હોય ત્યારે એવા યુવાનો માટે ઇનામની રકમ વધારવી જોઇએ જેથી કરીને એમને સારું પ્રોત્સાહન મળી રહે. એમણે મને ભવનાથના મેળામાં જ કહ્યું હતું અને ત્યારથી મારા ધ્યાનમાં છે. એના ઉપર સરકાર કામગીરી કરી રહી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર એ તમામ સારાં સૂચનોમાં હંમેશા એને સ્વીકારીને આગળ જ વધતી હોય છે. માનનીય સભ્યશ્રી સંજયભાઇએ વાત કરી છે એ બાબતે કામગીરી ચાલુ છે અને ઝડપથી એનો નિકાલ લાવીશું. આ બન્ને વિષયો રાજ્યના યુવાનોની જે સ્કીલ છે. આ ગીરનારની રમત છે અને સોમનાથની તરણ સ્પર્ધા છે એને આપણા તમામ ધારાસભ્યશ્રીઓએ જોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : નિમંત્રણ આપીને લઇ જાઓ. ખાલી જોવી જોઇએ એમ નહીં. તમે કાંઇક આયોજન કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : આપના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં અમે તમામ લોકોને લઇ જવા માટે તૈયાર છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી તો ઉદાર છે. તમે પ્લાનિંગ બનાવીને એમની પાસે મૂકશો તો પોઝિટિવ રહેશે.

શ્રી હર્ષ ર. સંઘવી : અમે તો લઇ જઇશું પણ બધા આવશે ખરા?

અધ્યક્ષશ્રી : હા, હા આવશે, ત્યાંથી પણ હું કહીશ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મેં બે વર્ષ પહેલાં પણ પૂછેલ હતો. ત્યારે મંત્રીશ્રીએ કહ્યું હતું કે રકમ વધારવામાં આવશે. પણ હજુ સુધી વધી નથી એટલે મેં કહ્યું કે ફિક્સ રકમ કેટલી વધારવામાં આવશે?

અધ્યક્ષશ્રી : અરે શ્રી વિમલભાઇ, આજે પહેલા પ્રશ્નના જવાબમાં જ્યારે મંત્રીશ્રી એમ કહે છે કે વધારીશું એટલે એનો મતલબ ખાતરી સમિતિમાં આવે. એટલે બધાની સાથે કમિટમેન્ટમાં કહે છે. કેટલી છે એની ફરજ નહીં પાડી શકીએ. એ એમના ઉપર આધારિત છે. એ નક્કી કરવાનો અધિકાર એમને છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરબી સમુદ્રમાં આ તરણ સ્પર્ધાઓ ખૂબ જોખમી છે. ૧૪ થી ૩૫ વર્ષના દીકરા-દીકરીઓ માટે સરકાર આવી સ્પર્ધા હોય ત્યારે એના વીમાની યોજના માટે કોઇ વ્યવસ્થા છે કે કેમ? બીજું કે એમની આગોતરી ટ્રેનિંગ માટે પણ વિભાગ કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અલગ અલગ સ્પર્ધાઓમાં જે રિસ્ક ફેકટર છે એના ઉપર અલગ અલગ વિષયો ઉપર આપણે કામગીરી કરતા હોઇએ છીએ. આ પ્રકારની જે સ્પર્ધાઓ છે એની ટ્રેનિંગ અલગ અલગ જિલ્લાઓમાં જે ખાસ કરીને કાંઠા વિસ્તારના જિલ્લાઓ છે ત્યાં આગળ નાનપણથી જ આ લોકો આ પ્રકારની ટ્રેનિંગ કરતા કરતા મોટા થયા હોય છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા પણ આ પ્રકારનું આયોજન કરવામાં આવે છે અને જે કોઇ વિસ્તારની અંદર આની જરૂરિયાત હોય, ટ્રેનર્સની જરૂરિયાત હોય આપ મને જાણકારી આપશો તો અમે સો ટકા આયોજન એના માટે પણ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર અને સાથી સભ્યશ્રીએ એમ કહ્યું કે બે વર્ષ પહેલાં પણ હું બે વર્ષ પહેલા મંત્રી પણ નહતો અને મંત્રી બન્યાંને હજુ મને બે વર્ષ પૂર્ણ નથી થયા પણ એમનું જે સૂચન છે એ રાજ્યના યુવાનો માટે અમારા ધારાસભ્યશ્રી અને એમના બધાનું સજેશન એ રાજ્યોના યુવાનોના હિતમાં છે એટલે નિર્ણય તરત જ લઇ લઇશું.

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ**

* ૮૧૭ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે? | (૨) ૧૫૨૨ કેસ. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ફાયર આર્મ્સના પરીક્ષણ દ્વારા શું સાબિત કરી શકાય છે? આવો કોઇ બનાવ તાજેતરમાં બનેલ છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ફાયર આર્મ્સનું પરીક્ષણ એ ખૂબ મહત્ત્વનું છે અને આજે આ ફાયર આર્મ્સ પરીક્ષણના માધ્યમથી ઘણા એવા કેસો છે એ ઉકેલવામાં અને એને સજા સુધી પહોંચાડવામાં ખૂબ મહત્ત્વનું સાબિત થયું છે. ફાયર આર્મ્સ ચાલુ હાલતમાં છે કે કેમ? એ તપાસવામાં આવે છે, એની સ્મારક શક્તિ કેટલી છે? હત્યા કે હત્યાના પ્રયાસના ગુનામાં મરણ પામનાર કે ઇજા પામનાર વ્યક્તિના શરીરમાંથી જે બુલેટ મળે છે અને ગુનાના સ્થળેથી મળી આવેલ કારતુસના જે ખોખાઓ હોય છે. ગુનેગાર પાસેથી મળી આવેલ ફાયર આર્મ્સના પરીક્ષણ દ્વારા હત્યા કે હત્યાના પ્રયાસમાં જે ગુના સાથે સંકળાઇને જે હથિયાર ગુનામાં વપરાયું હોય તે અંગે સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક ખૂબ ચકચારી કેસ હતો. એ કેસમાં પણ આપણે આ પરીક્ષણ કર્યું છે. કિસન ભરવાડના હત્યા કેસની અંદર આપણે ગુજરાતના જે અમુક નાપાક તત્ત્વો દ્વારા કિસન ભરવાડની હત્યા કરવામાં આવી હતી. આ હત્યાના ભેદને ઉકેલવા માટે આપણાં એફ.એસ.એલ.ની આની અંદર ખૂબ મહત્ત્વની ભૂમિકા રહી છે. ગુના સ્થળેથી મળી આવેલ કારતુસના જે ખોખા હતા અને મરણ થનારના કપડાં અને શરીરમાંથી મળેલ જે બુલેટ છે તેમજ એ તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી જે પિસ્તોલ મળી અને એ પિસ્તોલ કબજે કરીને એફ.એસ.એલ.ખાતે તપાસણી કરતા ગુનાના સ્થળે કબજે લીધેલ હથિયાર વડે આ ગુનો બનેલ છે એ એફ.એસ.એલ.ના માધ્યમથી પણ એ પુરવાર થયું અને આ એફ.એસ.એલ.ના રિપોર્ટના માધ્યમથી જ કોર્ટમાં હમણાં ડે ટુ ડે કેસ ચાલે છે. કિસન ભરવાડના હત્યારાઓને સજા તો તાત્કાલિક મળવાની જ છે અને એના માટે રાજ્ય સરકાર ખૂબ ગંભીરતાથી કામગીરી કરી રહી છે પણ આ પરીક્ષણ કિસન ભરવાડના હત્યારાઓને જેલના હવાલે કરવામાં સૌથી મહત્ત્વનું સાબિત થવાનું છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેટલા પ્રકારના ફાયર આર્મ્સનું રાજ્યના એફ.એસ.એલ.ખાતે પૃથકરણ કરવામાં આવે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ટેકનિકલ ટેસ્ટ છે અને ખાસ કરીને રાજ્યની એફ.એસ.એલ.આર્મ્સ એક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ તમામ પ્રકારના ફાયર આર્મ્સ હોય છે, જેમાં પિસ્તોલ, રિવોલ્વર, રાઇફલ, કાર્બન મશિનગન, મજલ લોડિંગ ગન, દેશી કટા અને એના સિવાયના તમામ કારતૂસનું પણ થતું હોય છે. આપણા ગુજરાતની આ એફ.એસ.એલ. છે, એમાં માત્ર ગુજરાતના જ નહીં દેશભરના જે ખૂબ ગંભીર કિસ્સાઓ બન્યાં હોય એનું પણ પરીક્ષણ ગુજરાતની એફ.એસ.એલ.માં થતું હોય છે. આ એફ.એસ.એલ. તમામ લોકોએ પોતપોતાના વિસ્તારના જે સાયન્સમાં ભણતા સ્ટુડન્ટો છે અને ખાસ કરીને જે લોકો રિસર્ચમાં રુચિ રાખે છે એવા લોકોની એક સ્ટડી ટૂર પણ એફ.એસ.એલ. ખાતે ગોઠવી શકાય. કોઇ પણ વિસ્તારના ધારાસભ્ય જો ત્યાંના સ્ટુડન્ટોને આ પ્રકારની સ્ટડી ટૂર ગોઠવવા માગતા હોય તો તે માટે અમે તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરી આપીશું.

**વિજાપુર તાલુકામાં લેન્ડ રીસર્વેમાં થયેલ ક્ષતિ સુધારવા મળેલ અરજીઓ**

* ૨૭૦ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં લેન્ડ રીસર્વે રેકર્ડમાં ભૂલ સુધારવા કેટલી અરજીઓ મળી છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં લેન્ડ રીસર્વે રેકર્ડમાં ભૂલ સુધારવા ૨૧૨૪ અરજીઓ મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પેન્ડિંગ છે અને ઉક્ત અરજીઓ પેન્ડિંગ રહેવાના કારણો શાં છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૧૮૫૦ અરજીઓ પેન્ડિંગ છે. ગામઠાણ યોજના, સ્વામિત્વ યોજના, રી-સર્વે વાંધા નિકાલ, ઓનલાઈન I-mojani પોર્ટલ પર માપણી, ગ્રાન્ટ થયેલ જમીનના હુકમની માપણી, iORA પોર્ટલ પર કરવામાં આવેલ બિનખેતીના હુકમો/મંજૂર થયેલ પ્લાન મુજબ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની કામગીરી, સંપાદનની માપણી કામગીરી (ભારતમાલા પ્રોજેક્ટ, રોડ સંપાદન), લેન્ડ ગ્રેબીંગ કેસોની માપણી, વિગેરે જેવી કામગીરીઓમાં સ્ટાફ રોકાયેલ હોવાથી અરજીઓ પેન્ડિંગ છે. |
| (૩)બાકી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩)બાકી અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

------------

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રિ-સરવેમાં ભૂલો થઇ છે એમાં હજારોની સંખ્યામાં અરજીઓ છે અને એનો કોઇ નિકાલ થતો નથી. ખેડૂતો ખૂબ હેરાન થઇ રહ્યા છે. ખરેખર તો આખી પ્રથા જ રદ કરવાની જરૂર હતી પણ નથી કરી તો હવે તાત્કાલિક આનો નિકાલ કરવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આખી સિસ્ટમ રદ કરવા માગો છો એવું કહેવું છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**દાહોદ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૭૨૬ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ લીધેલ છે, અને

(૨) આ યોજના હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કુલ ૮૯૯ ખેડૂતોએ લાભ લીધેલ છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૪૮૩ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૪૧૬ |
| **કુલ** | **૮૯૯** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ ૧૦૬૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૫૬૩ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૫૦૪ |
| **કુલ** | **૧૦૬૭** |

**રાજકોટ જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ**

૭૭૦ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૨૪૨ (ત્રણ હજાર બસો બેતાલીસ)

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ ઓનલાઈન અરજીઓની સંખ્યા |
|---|---|
| ઉપલેટા | ૭૫ |
| કોટડાસંગાણી | ૨૦૨ |

| | |
|---|---|
| ગોંડલ | ૪૩૨ |
| જસદણ | ૧૧૫ |
| જામ કંડોરણા | ૩૬ |
| જેતપુર | ૧૬૩ |
| ધોરાજી | ૭૧ |
| પડધરી | ૯૮ |
| રાજકોટ તાલુકા | ૫૮૦ |
| રાજકોટ શહેર (દક્ષિણ) | ૯૧ |
| રાજકોટ શહેર (પશ્ચિમ) | ૧૯ |
| રાજકોટ શહેર (પૂર્વ) | ૫૧ |
| લોધિકા | ૩૩૨ |
| વિંછીયા | ૩૨ |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૭૪૧ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૭૯૩૫ |

- - - - - - - - -

**નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત**

૨૩૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૯૫૦૧ (અગ્રતા-૨૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના તમામ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન હતું તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત,

- મુખ્ય બંધ, દરવાજાની કામગીરી, નદી તટ જળ વિદ્યુત મથક, નહેર જળ વિદ્યુત મથક, ઈરીગેશન બાયપાસ ટનલ તેમજ સરદાર સરોવર બંધની નીચેવાસમાં ગરુડેશ્વર વિયર અને ગોરા હાઈ લેવલ બ્રિજની કામગીરી પૂર્ણ થયેલ છે.
- તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નહેર માળખાની કુલ સુધારેલ અંદાજીત લંબાઈ, પૂર્ણ થયેલ લંબાઈ તથા બાકી રહેલ અંદાજીત લંબાઈની વિગતો નીચે મુજબ છે.

| નહેરનું નામ | કુલ સુધારેલ અંદાજીત લંબાઈ (કી.મી.) | તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઈ | તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત |
|---|---|---|---|

| | | (કી.મી.) | લંબાઈ (કી.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - |
| શાખા નહેર | ૨૬૮૦.૨૩૯ | ૨૬૭૯.૩૧૨ | ૦.૯૨૭ |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૫૫ | ૪૪૪૭.૪૭૭ | ૧૭૧.૬૭૮ |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭૪ | ૧૪૫૧૨.૧૩૨ | ૧૦૭૦.૮૪૨ |
| પ્રપ્રશાખા | ૪૬૧૫૬.૭૨૧ | ૪૧૪૨૪.૫૨૭ | ૪૭૩૨.૧૯૪ |
| **કુલ** | **૬૯૪૯૭.૪૦૯** | **૬૩૫૨૧.૭૬૮** | **૫૯૭૫.૬૪૧** |

ઉપરોક્ત અંદાજીત લંબાઈમાં હજુ વધ/ઘટ થવા સંભવ છે.

- અન્ય વિદ્યુત મથકો પૈકી (૧) શાખા નહેર ઉપર સોલાર વિદ્યુત મથકની કામગીરી પૂર્ણ થયેલ છે અને ૩૫ મેગાવોટના પ્રોજેક્ટ કાર્યરત છે, (૨) લઘુ જળ વિદ્યુત મથકોમાં કુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેક્ટ પૈકી તા.૩૧.૧૨.૨૦૨૨ ની સ્થિતિએ ૬૩.૮૦ મેગાવોટના કામો પૂર્ણ થયેલ છે અને કાર્યરત છે, જ્યારે બાકીના કામ પ્રગતિમાં છે,
- સૌરાષ્ટ્ર શાખા નહેરના પાંચ પમ્પિંગ સ્ટેશન (ફેઝ-૧ થી ૪) ની કામગીરી પૂર્ણ કરી અને કાર્યરત કરવામાં આવેલ છે, જ્યારે કચ્છ શાખા નહેર ના ત્રણ પમ્પિંગ સ્ટેશન (ફેઝ-૧) નું કામ પૂર્ણ થયેલ છે અને કાર્યરત છે અને ફેઝ-૨ ના તમામ પમ્પસ કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) નર્મદા યોજના પૂર્ણ થવાથી ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટરમાં નર્મદા યોજનાની સિંચાઈનો લાભ મળે છે, અને

(૨) નર્મદા યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી સબમાઈનોર સુધીના કામો પૈકી ૧૫.૩૮ લાખ હેક્ટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે. ખેડૂતોની માંગણી અને પાણીની ઉપલબ્ધતાના આધારે જળવર્ષ ૨૦૨૧-૨૨ (જુલાઈ-૨૦૨૧ થી જૂન-૨૦૨૨) સુધી ૧૧.૦૧ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ થયેલ હોવાનું નોંધાયેલ છે.

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩)

- નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપલાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- સરદાર સરોવર નર્મદા નિગમ લી. નહેર માળખાની સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૨૧.૬૬ મેગાવોટ ના ૨ નાના વીજ મથકો બનાવવા કામગીરી પ્રગતિ હેઠળ છે અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**નવસારી જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૬૩ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૩૫૩૮

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|
| ૩૧૯૨૪ | ૨૭૧૧૩ | ૧૨૭૩ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ખેતીની જમીનમાં મૂળના ખાતેદાર હોવા અંગેના પૂરાવા રજૂ કરેલ ન હોવાથી તથા સક્ષમ અધિકારીશ્રીનું ખેડૂત ખરાઈનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી
૨. બોજા દાખલમાં તમામ સહ-કબ્જેદારોએ સંમતિ ન આપેલ હોવાથી
૩. ૭૩-એ એ નિયંત્રણ હોવાથી સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મળેલ ન હોવાથી
૪. દાખલ થયેલ નોંધ સામે તકરાર ઉપસ્થિત થતાં સક્ષમ અધિકારીના હુકમ મુજબ
૫. અપૂરતા પૂરાવા રજુ થયેલ હોવાથી
૬. ઓનલાઈન વારસાઈ અંગેની નોંધમાં મરણના દાખલા રજૂ કરેલ ન હોવાથી

- - - - - - - - -

## જૂનાગઢ જિલ્લા મુખ્ય મથકને જોડતા સ્ટેટ હાઈવેની પહોળાઈ વધારવા બાબત

૩ **શ્રી ભુપેન્દ્રભાઈ ભાયાણી** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભેંષાણ થી જૂનાગઢ જિલ્લા મુખ્ય મથકને જોડતા સ્ટેટ હાઈવેની પહોળાઈ વધારવાની કામગીરી કયા તબક્કે છે,

(૧) તા.૬-૮-૨૦૨૧નાં આ કામનો વર્કઓર્ડર આપેલ છે.

(૨) ટેંડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટરે કામ અધુરૂ છોડી દીધું છે તે હકીકત સાચી છે, અને

(૩) જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે શાં પગલા લેવામાં આવ્યા ?

(૨) અને (૩) ના, જી. કોન્ટ્રાક્ટર સામે પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીનું મંજૂર મહેકમ

૭૮૩ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૮ | ૦૮ | ૦ |

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## ખેડા જિલ્લામાં બોર્ડ/કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત

૭૬૯ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના

(૧) ૪ (ચાર)

બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી બે દરખાસ્તો નિયમોનુસારની ના હોઈ, દફતરે કરેલ છે, જ્યારે બે દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૭૩૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૯૨૪

- - - - - - - - -

**પીરાણા ખાતે કોમન એફ્લુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ**

૫૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરના પીરાણા રોડના સુએઝ ફાર્મ ખાતે કોમન એફ્લુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી,

(૧) તા.૨૯-૧૧-૨૦૧૯.

(૨) આ પ્લાન્ટની કામગીરીમાં કેન્દ્ર સરકારનો, રાજ્ય સરકારનો અને અ.મ્યુ.કો. નો કેટલો ફાળો છે, અને

(૨) કેન્દ્ર સરકારનો ફાળોઃ મહત્તમ રૂ.૨૯.૪૧ કરોડ, રાજ્ય સરકારનો ફાળોઃ મહત્તમ રૂ.૨૮.૧૮ કરોડ અને અ.મ્યુ.કો. ફક્ત પ્રોજેક્ટ અમલીકરણ અને નોડલ એજન્સી તરીકે છે.

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અ.મ્યુ.કો. એ કેટ કેટલી રકમ ફાળવી છે ?

(૩) પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં પૂર્ણ થયેલ ન હોઈ કેન્દ્ર સરકારની ગ્રાન્ટની ચુકવણી થયેલ નથી. રાજ્ય સરકારમાંથી રૂ.૨૩.૦૦ કરોડની ફાળવણી થયેલ છે અ.મ્યુ.કો. ફક્ત પ્રોજેક્ટ અમલીકરણ અને નોડલ એજન્સી તરીકે હોઈ અ.મ્યુ.કો. દ્વારા કોઈ રકમ ફાળવવાની થતી નથી.

- - - - - - - - -

**ગીરસોમનાથ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૬૮ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગીરસોમનાથ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૩૬૩૮

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|
| ૪૨૮૨૬ | ૩૭૮૫૮ | ૧૩૩૦ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) (૧) જમીનનું મહેસૂલી ટાઇટલ સ્પષ્ટ ન હોવાથી.

(૨) વેંચાણ, વહેંચણીના કિસ્સામાં ટુકડાધારાનો ભંગ થતો હોય.
(૩) વેંચાણ, હક્ક કમી નોંધોના કિસ્સામાં જમીન પર બોજો આવેલ હોય.
(૪) વારસાઈના કિસ્સામાં મરણના દાખલા, પેઢીનામુ રજૂ ન હોય તથા વારસોના હિતસંબંધ ડુબમાં રહેતા હોય.
(૫) વહેંચણી, હક્ક કમીની નોંધોમાં પૂરતી સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરેલ ન હોય.
(૬) ખાતેદાર ખેડૂત અંગેના આધાર રજૂ કરેલા ન હોય.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં વાડા કબજા કરવાની પડતર અરજીઓ**

૫ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગામડાઓમાં સરકારી પડતર જમીનમાં વાડા કબજા કરવાની કેટલી અરજીઓ પડતરમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ પડતર અરજીઓનો નિકાલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૭૬ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૧ | ૧૧ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૭૭ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૬ | ૦૬ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

૭૮૧ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં નાણાકીય વર્ષઃ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં

**જવાબ**

(૧) તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં નાણાકીય વર્ષઃ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ. ૩૧૦.૯૬ લાખ અને ગ્રામ પંચાયતોને

આવી,

(૨) તે ગ્રાંટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

રૂ. ૧૦૮૮.૩૬ લાખ ગ્રાંટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાંટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૧૦૪ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૨૯૮ કામોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૧૯ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૨૦૯ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ. ૪૭.૭૪ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ.૪૨૨.૯૧ લાખ ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૮૩૦ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખનીજચોરીના બનાવો પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત બનાવો સંબંધમાં કેટલી દંડનીય રકમ વસૂલવાની થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી દંડની રકમ વસૂલવામાં આવી અને બાકી દંડની રકમ વસૂલવા માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **બનાવોની સંખ્યા** |
|---|---|
| બનાસકાંઠા | ૮૮૨ |
| કચ્છ | ૧૩૨૦ |
| **કુલ** | **૨૨૦૨** |

(૨)

| **જિલ્લો** | **વસૂલવાપાત્ર દંડનીય રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| બનાસકાંઠા | ૧૩૩૨.૫૫ |
| કચ્છ | ૮૧૯૯.૮૨ |
| **કુલ** | **૯૫૩૨.૩૭** |

(૩)

| **જિલ્લો** | **વસૂલાત કરેલ દંડનીય રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| બનાસકાંઠા | ૧૩૦૦.૮૦ |
| કચ્છ | ૨૮૨૨.૬૪ |
| **કુલ** | **૪૧૨૩.૪૪** |

- ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે. તથા નિયમ અનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે. તેમજ પોલીસ ફરીયાદ અને સેશનકોર્ટમાં ફરીયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

- - - - - - - - -

**એફ.એસ.એલ. દ્વારા સ્યુસાઈડને લગતા કેસોનું પૃથક્કરણ**

૮૧૩ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની એફ.એસ.એલ.માં સ્યુસાઈડ (દુષ્પ્રેરણ)ને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો સ્યુસાઈડ (દુષ્પ્રેરણ)ને લગતા કેસોમાં રાજ્યની એફએસએલ કેવી રીતે મદદરૂપ થાય છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્યુસાઈડ (દુષ્પ્રેરણ)ને લગતાં કેસોમાં ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસ કરનાર અધિકારીશ્રીને ઘટના સ્થળેથી ગુન્હા સંબંધિત વિવિધ નમૂનાઓ એકત્રિત કરવા મદદ પૂરી પાડવામાં આવે છે. સ્યુસાઈડ નોટ લખનાર વ્યક્તિના અક્ષરોની ઓળખ કરવામાં આવે છે. સ્યુસાઈડ કરવા માટે ઉપયોગમાં લેવાયેલ મટીરીયલ્સ જેવા કે દોરડું, દુપટ્ટો, સાડી, કેબલ વિગેરેની વજન ઝીલવાની ક્ષમતા

નક્કી કરવી તેમજ આ મટીરીયલ્સ પરના લાળ, રૂધિર કે પેશીય પદાર્થોની હાજરીની ચકાસણી કરવામાં આવે છે. તે ઉપરાંત, ઈલેક્ટ્રોનિક સાધનોના પરીક્ષણ કરી સ્યુસાઈડ સંબંધિત ચેટ તથા અન્ય દસ્તાવેજો કોમ્પ્યુટર ફોરેન્સિક પદ્ધતિથી મેળવવામાં આવે છે તેમજ ઝેર ખાઈને સ્યુસાઈડ કરેલ હોય તેવા કેસોમાં વિશેરાનું પરીક્ષણ કરી ઝેરની ઓળખ કરવામાં આવે છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવ્યું ?

(૩) ૮૭૪ કેસ

- - - - - - - - -

**ખંભાત શહેરમાં વધુ T.D.S. વાળું પીવાનું પાણી**

૬૮૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં જરૂરિયાત કરતાં વધુ T.D.S. વાળું પીવાનું પાણી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ખંભાત શહેરની પ્રજાને પીવાનું શુદ્ધ મીઠું પાણી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૨) આ માટે અમૃત ૨.૦ પ્રોજેક્ટ અંતર્ગત ડી.પી.આર. તૈયાર કરી મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. મંજૂરી મળ્યા બાદ પ્રોજેક્ટ પૂર્ણ થયેથી ખંભાત શહેરની પ્રજાને જરૂરી મીઠું પાણી આપવામાં આવશે. |

- - - - - - - - -

**ખેડા અને વડોદરા જિલ્લામાં વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી**

૭૩૦ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ખેડા અને વડોદરા જિલ્લામાં કેટલા વ્યાજખોરો સામે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા ? | (૨) |

| શહેર / જિલ્લાનું નામ | વ્યાજખોરોની સંખ્યા | દાખલ કરેલ ગુનાની સંખ્યા |
|---|---|---|
| ખેડા | ૫૩ | ૨૧ |
| વડોદરા શહેર | ૯૭ | ૪૯ |
| વડોદરા ગ્રામ્ય | ૧૭ | ૧૧ |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૭૪૦ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૩૮૫૦ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવણી બાબત**

૭૬૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

૭૮૨ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ.૫૮૯.૧૯ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ.૨૦૬૨.૧૫ લાખ ગ્રાંટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાંટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તે ગ્રાંટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૨૪૩ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૧૦૫૫ કામોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૦૯ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૨૬૯ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ.૩૧.૨૫ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ.૩૬૦.૬૪ લાખ ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

૭૬૬ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મળી,

(૧) ૨૬(છવ્વીસ).

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૨ (બાર).

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ?

(૩) કુલ-હે.૧૨-૩૨-૦૪ ચો.મી.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૫૯ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૯૭૧

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|
| ૧૨૩૯૦ | ૧૦૯૨૦ | ૪૯૯ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે?

(૩) (૧) ખેતી વેચાણની નોંધમાં વેચાણ લેનારનું ખેડૂત ખરાઈ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી.
(૨) ઓનલાઈન iORA વારસાઈની અરજીમાં દિન-૧૫માં અરજીના કાગળો ઈ-ધરા કેન્દ્રમાં રજૂ થયેલ ન હોવાથી.
(૩) ૭૩-એએ નિયંત્રીત સત્તાપ્રકાર વાળી જમીનમાં પડેલ વસિયતની નોંધમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવેલ ન હોવાથી.
(૪) હકકમીની નોંધમાં ૭/૧૨માં બીજાહકકમાં બેંક/મંડળી અને તગાવીનો બોજો હોવાથી.
(૫) બોજો દાખલ અંગેની નોંધમાં તમામ ખાતેદારના સંમતિપત્રક રજૂ થયેલ ન હોવાથી.

---------

**વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૮૨૫ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

(૨) ૧૩૬૮

---------

**સુરત અને દાહોદ જિલ્લામાં વ્યાજખોરો વિરૂદ્ધ કાર્યવાહી**

૭૪૭ **શ્રી સંદીપ દેસાઈ** (ચૌર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરૂદ્ધ કોઈ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો સુરત અને દાહોદ જિલ્લામાં કેટલા વ્યાજખોરો સામે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા?

(૨)

| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૩** | | |
|---|---|---|
| **શહેર/જિલ્લાનું નામ** | **વ્યાજખોરોની સંખ્યા** | **દાખલ કરેલ ગુનાની સંખ્યા** |
| સુરત શહેર | ૨૬૧ | ૨૧૨ |
| સુરત ગ્રામ્ય | ૪૭ | ૩૩ |
| દાહોદ | ૩૪ | ૨૧ |

---------

**જામનગર જિલ્લામાં કાચા રસ્તાઓને ડામર સપાટીના બનાવવા બાબત**

૨૩૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર કયા કાચા રસ્તાઓને ડામર સપાટીના બનાવવા માટે જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૧) પરિશિષ્ટ-૧ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કયા રસ્તાઓની કામગીરી પૂર્ણ થઈ, ક્યા રસ્તાઓની કામગીરી ચાલુ છે અને ક્યા રસ્તાઓની કામગીરી કયા કારણોસર ચાલુ કરવાની બાકી છે, અને

(૨) પરિશિષ્ટ-૨ મુજબ.

(૩) ઉક્ત બાકી રસ્તાઓની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) બનતી ત્વરાએ.

**( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૬૨ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૫૬૬૮

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|
| ૬૯૧૮૮ | ૬૧૯૫૭ | ૧૫૬૩ |

(૩) (૧) પ્રમોલગેશનથી ખાતેદાર ખેડૂત ન હોવાથી તથા ખાતેદાર ખેડૂત અંગેની પુરતી વિગતો રજૂ ન થવાથી.
(૨) ૧૩૫(ડી)ની નોટિસ બજ્યા વગર પરત આવેલ હોવાથી.
(૩) સરકારશ્રીની સ્ટેમ્પ ડ્યૂટીને નુકશાન થતું હોવાથી.
(૪) વારસો અંગેની પુરતી વિગતો રજૂ કરેલ ન હોવાથી.
(૫) નિયમ મુજબના વહેંચણી / વેચાણના કરાર રજૂ ન કરેલ હોવાથી.

- - - - - - - - -

**એફ. એસ. એલ. દ્વારા બાયોડિઝલને લગતાં કેસોનું પૃથક્કરણ**

૮૦૯ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં બાયોડિઝલને લગતાં કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાયોડિઝલને લગતાં કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૧૬ કેસ.

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૭૩૬ **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૮૬૯૮

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૭૩૧ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની

**જવાબ**

(૧) હા, જી.

સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૪૧૪૦

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માટેની અરજીઓ**

૭૭૧ **શ્રી કનુભાઈ પટે** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ ૧૫૬૯૮ અરજીઓ.

(૨)

| તાલુકો | બિનખેતી માટે મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ઘાટલોડિયા | ૯૦૧ |
| વેજલપુર | ૩૩૧ |
| સાબરમતી | ૧૭૪ |
| વટવા | ૫૦૪ |
| મણિનગર | ૩૯ |
| અસારવા | ૧૬૩ |
| દસ્ક્રોઈ | ૨૦૯૧ |
| સાણંદ | ૧૯૨૯ |
| વિરમગામ | ૧૩૩ |
| માંડલ | ૧૪૬ |
| દેત્રોજ-રામપૂરા | ૬૩ |
| ધોળકા | ૨૯૨ |
| બાવળા | ૪૭૧ |
| ધંધુકા | ૬૭ |
| ધોલેરા | ૬૬૨ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આત્મહત્યાના બનાવો**

૧૯૨ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આત્મહત્યા-અપમૃત્યુ, ચોરી, ધાડના કેટલા બનાવો નોંધાયા છે, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| તાલુકા | આત્મહત્યા | અપમૃત્યુ | ચોરી | ધાડ |
|---|---|---|---|---|
| પાલનપુર | ૩૦ | ૭૧ | ૧૧૦ | ૧ |
| વડગામ | ૫ | ૧૦ | ૧૯ | ૦ |
| દાંતા | ૧૦ | ૨૩ | ૧૩ | ૦ |
| ડીસા | ૨૧ | ૫૦ | ૭૪ | ૦ |
| અમીરગઢ | ૧૧ | ૨૨ | ૮ | ૦ |
| દાંતીવાડા | ૭ | ૨૦ | ૧૩ | ૦ |
| લાખણી | ૪ | ૧૧ | ૫ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| થરાદ | ૯ | ૧૮ | ૧૭ | ૦ |
| વાવ | ૮ | ૧૧ | ૬ | ૦ |
| સુઈગામ | ૬ | ૬ | ૨ | ૦ |
| ધાનેરા | ૬ | ૯ | ૩૪ | ૦ |
| દિયોદર | ૧૧ | ૧૫ | ૮ | ૨ |
| ભાભર | ૩ | ૧૦ | ૫ | ૦ |
| કાંકરેજ | ૫ | ૨૧ | ૧૫ | ૧ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

(૨) ૨૬૪

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી જમીનો પર ગેરકાયદેસર દબાણો**

૮૦ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી સરકારી ખુલ્લી જમીનો ઉપર તાલુકાવાર ગેરકાયદેસર દબાણો થયેલા છે,

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| **તાલુકો** | **દબાણ હેઠળની જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)** |
|---|---|
| પાલનપુર (ગ્રામ્ય) | ૮૫૬૧૪૧ |
| પાલનપુર (શહેર) | ૧૫૧૭૩ |
| વડગામ | ૧૪૬૧૧૩ |
| દાંતા | ૮૧૭૪૩૬ |
| અમીરગઢ | ૫૨૭૦૨૧ |
| ડીસા (ગ્રામ્ય) | ૧૯૦૨૮૯ |
| ડીસા (શહેર) | ૪૪૪૫૬૨ |
| કાંકરેજ | ૨૧૭૮૭૪ |
| લાખણી | ૨૩૮૬૮ |
| ધાનેરા | ૫૪૬૮૫૮ |
| દાંતીવાડા | ૧૬૭૧૪૩ |
| વાવ | ૨૮૨૮૨ |
| થરાદ | ૧૦૧૨૫૩૨ |

(૨) આ ગેરકાયદેસર દબાણો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કેટલા ઈસમો સામે છેલ્લા એક વર્ષ ફરિયાદો નોંધવામાં આવી, અને

(૨) કુલ-૩ ઈસમો સામે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા દબાણો દૂર કરી કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

(૩) કુલ-૨૨૧ દબાણો દૂર કરી ૨૧,૦૦,૯૪૯ ચો.મી. જમીન.

- - - - - - - - -

**ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષાના પેપરલીક થવા બાબત**

૬૯૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે

(૧)

વર્ષમાં વર્ષવાર ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલ ભરતી પરીક્ષાઓમાં પેપરલીક બાબતે ક્યારે કેટલા ગુના નોંધવામાં આવ્યા,

| વર્ષ | ગુનો નોંધાયાની તારીખ | ગુનાની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ૦૦ | ૦૦ |
| તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | તા.૨૯-૦૧-૨૦૨૩ | ૦૧ |

(૨) ઉક્ત ગુનાઓમાં કઈ કલમો અન્વયે ફરિયાદ નોંધવામાં આવી છે,

(૨) ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦ (બી)

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ગુનેગારો પકડવામાં આવ્યા, અને

(૩) ૧૯

(૪) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે અને ક્યાં સુધીમાં તેમની ધરપકડ કરવામાં આવશે ?

(૪)
- ૦૨ ગુનેગારોને પકડવાના બાકી છે.
- તપાસ અને ન્યાયિક પ્રક્રિયાને આધીન આરોપી મળી આવ્યેથી ધરપકડ કરવામાં આવશે.

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ કરવા બાબત**

૭૬૭ **શ્રી શંભુનાથ ટુંડીયા** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૧૯૪૫

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|
| ૨૩૨૯૯ | ૨૧૦૦૪ | ૩૫૦ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩)

(૧) વેચાણ નોંધના કિસ્સામાં વેચાણ રાખનાર મુળભૂત ખેડૂત ખાતેદાર હોવા અંગેના આધારો રજૂ કરેલ ન હોવાથી.

(૨) વહીવટકર્તાની જમીનમાં વારસાઈ થયેલ હોવાથી.

(૩) દાખલ થયેલ નોંધમાં વાંધા અરજી રજૂ થતા તકરારી કેસ ચલાવી નાયબ કલેક્ટરશ્રીના હુકમ અન્વયે નોંધો નામંજૂર કરેલ છે.

(૪) વેચાણ/હક્કકમી/હયાતીમાં હક્ક દાખલ અંગેની નોંધમાં બોજા મુક્તિનું પ્રમાણપત્ર રજૂ થયેલ ના હોવાથી.

- - - - - - - - -

**ભરૂચ અને વલસાડ જિલ્લામાં આદિજાતિના લોકો માટે કાર્યક્રમો યોજવા બાબત**

૭૭૩ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આદિજાતિના લોકો માટે ભરૂચ અને વલસાડ

(૧) ભરૂચ જિલ્લામાં કુલ-૫૮ જેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા.

જિલ્લામાં ભવાઈ, પપેટ શો, ડાયરા જેવા કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

વલસાડ જિલ્લામાં કુલ-૪૨ જેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા.

(૨) (૧) ભરૂચ જિલ્લામાં રૂ.૨.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) વલસાડ જિલ્લામાં રૂ.૧.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૭૩૯ **શ્રી કાંતિલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૯૬૩

- - - - - - - - -

**જૂનાગઢ ખાતે ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા**

૧૬૯ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય રમત-ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ ખાતે ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો આ સ્પર્ધા પાછળ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્પર્ધામાં વિજેતાઓને કેટલી ધનરાશિ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | કરેલ ખર્ચ | |
|---|---|---|
| ૨૦૨૧ | શૂન્ય | |
| ૨૦૨૨ | રાજ્ય કક્ષા સ્પર્ધા | રૂ.૧૪.૨૦ લાખ |
| | રાષ્ટ્ર કક્ષા સ્પર્ધા | રૂ.૩૦.૦૦ લાખ |

(૩) (૧) ઉક્ત રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતાઓને કુલ રૂ.૬૬,૦૦૦/- ધનરાશિ આપવામાં આવે છે.
(૨) ઉક્ત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં વિજેતાઓને કુલ રૂ.૫,૫૦,૦૦૦/- ધનરાશિ આપવામાં આવે છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ અરજીઓનો નિકાલ**

૮૦૦ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ શહેરી વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૩) આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં

**જવાબ**

(૧) ૧૯

(૨) ૫૬

(૩) ૨૩૦૪૫

(૪) ૨૩૦૪૫

આવ્યો ?

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરી**

૭૨૨ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ કચેરીના બાંધકામનું મંજૂર થયેલ કામ કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ કચેરીના બાંધકામના કામનું ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ઈજારાદારશ્રીને તા.૨૦-૦૨-૨૦૨૩ના રોજ સ્વીકૃતિપત્ર આપવામાં આવેલ છે. ઈજારાદારે ટેન્ડરની શરતો અનુસાર કામગીરી હાથ ધરવાની રહે છે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૫૭ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૧૧૨૮૪

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|
| ૧૨૫૬૭૦ | ૧૦૯૭૮૦ | ૪૬૦૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ઓનલાઈન વેચાણ નોંધમાં ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોવાથી.

૨. ઓનલાઈન નોંધ દાખલ થયા બાદ ઈ-ધરા કેન્દ્ર ખાતે સાધનિક પૂરાવા રજૂ કરેલ ન હોવાથી.

૩. ૧૩૫-ડી ની નોટિસ પરત આવેલ હોવાથી.

૪. અસલ પેઢીનામુ તથા મરણનો દાખલો રજૂ કરેલ ન હોવાથી.

૫. અન્ય ખાતેદારોની સંમતિ રજૂ કરેલ ન હોવાથી.

૬. બીજા હક્કમાં બોજાની નોંધ હોવાથી.

૭. રેકર્ડ સાથે સુસંગત ન હોવાથી.

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૭૩૮ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૩૬૮ |

- - - - - - - - -

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૭૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૪ | ૦૪ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામા ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૭૨૪ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ લીધેલ છે, અને

(૨) આ યોજના હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કુલ ૮૯૯ ખેડૂતોએ લાભ લીધેલ છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૪૮૩ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૪૧૬ |
| **કુલ** | **૮૯૯** |

(૨) તા.૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ ૧૦૬૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૫૬૩ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૫૦૪ |
| **કુલ** | **૧૦૬૭** |

- - - - - - - - -

**નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

૭૭૯ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ. ૩૦૩.૭૫ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ. ૧૦૬૩.૧૯ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૧૭૮ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૧૨૯૦ કામોનું આયોજન કરવામાં

આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૮ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૧૬૪ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ. ૧૧.૪૫ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ. ૧૯૩.૭૮ લાખ ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ**

૭૪૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત ડ્રગ્સની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨)

| **તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨** | | | |
|---|---|---|---|
| **જિલ્લા** | **ડ્રગ્સનો પ્રકાર** | **પકડાયેલ ડ્રગ્સનો જથ્થો** | **પકડાયેલ ડ્રગ્સની કિંમત (રૂ.)** |
| મહિસાગર | મેફેડ્રોન | ૫૦૦ ગ્રામ | ૫૦,૦૦,૦૦૦/- |
| | પોષડોડા | ૯૧૫.૧૧૦ કિ.ગ્રા. | ૨૭,૪૫,૩૩૦/- |
| છોટાઉદેપુર | ગાંજો | ૧૫૮૮.૯૧૫ | ૧,૫૮,૮૯,૧૫૦/- |

(૩) ૧૩

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં એસ.ટી.પી.ની યોજનાઓના મંજૂર કામો**

૩૯૨ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના કેટલા અને કયા કયા શહેરોમાં એસ.ટી.પી.ની યોજનાઓનાં કામ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના એક શહેર સિદ્ધપુર માટે એસ.ટી.પી.ના કામ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાની કુલ અંદાજીત કિંમત રૂ.૨૪૭૫.૫૮ લાખ છે.

- - - - - - - - -

**નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

૭૮૦ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યાં, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ. ૨૯૯.૨૨ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ. ૧૦૪૭.૩૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૨૧૩ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૬૧૭ કામોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૯૫ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૪૦૬ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ. ૧૩૦.૬૯ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ.૪૩૮.૧૯ લાખ ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પકડાયેલો દારૂ**

૮૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી શહેર અને જિલ્લાવાર દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયરનો કેટલી રકમનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) ઉક્ત દારૂની ગેરકાયદેસર હેરફેરી અને સંગ્રહમાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) ૩૬૦

**પત્રક**

| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **શહેર / જિલ્લો** | **દેશી દારૂ** | | | **વિદેશી દારૂ** | **બિયર** | |
| | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (લીટરમાં)** | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (બોટલમાં)** | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (બોટલમાં)** |
| અમદાવાદ શહેર | ૧૪૬૪૬૬૬ | ૭૩૨૩૩.૩૦ | ૨૭૧૯૮૨૬૭ | ૧૦૮૩૭૨ | ૧૧૮૧૦૮૪ | ૧૦૨૬૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૬૮૧૯૯૦ | ૩૪૧૦૩ | ૧૩૧૬૨૮૯૭૫ | ૨૪૨૭૦૨ | ૩૫૨૧૦૫૦ | ૩૫૯૧૯ |
| ફક્ત ગાંધીનગર શહેર | ૨૪૫૬૦ | ૧૨૨૮ | ૧૩૧૩૫૬૭ | ૩૩૯૯ | ૩૦૦૦ | ૩૦ |
| ગાંધીનગર જિલ્લો (ગાંધીનગર શહેર સિવાય) | ૫૬૮૮૮૦ | ૨૮૪૪૪ | ૨૮૩૫૨૦૨૯ | ૧૦૩૦૭૫ | ૮૨૦૯૩ | ૬૬૧ |

| **તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **શહેર / જિલ્લા** | **દેશી દારૂ** | | | **વિદેશી દારૂ** | **બિયર** | |
| | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (લીટરમાં)** | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (બોટલમાં)** | **કિંમત (રૂપિયામાં)** | **જથ્થો (બોટલમાં)** |
| અમદાવાદ શહેર | ૧૫૪૦૧૩૪ | ૭૭૦૦૬.૭૦ | ૫૩૪૯૯૭૩૯ | ૨૧૨૩૧૩ | ૨૬૪૮૨૮૮ | ૨૨૮૩૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૬૭૧૫૨૦ | ૩૩૫૭૬ | ૭૦૦૦૭૪૦૩ | ૨૪૨૧૧૧ | ૨૯૫૫૦૭૪ | ૨૮૦૦૪ |
| ફક્ત ગાંધીનગર શહેર | ૩૦૭૮૦ | ૧૫૩૯ | ૧૦૨૭૪૦૨ | ૪૨૦૫ | ૪૭૪૫ | ૪૧ |
| ગાંધીનગર જિલ્લો (ગાંધીનગર શહેર સિવાય) | ૫૮૫૪૨૦ | ૨૯૨૭૧ | ૪૫૮૪૨૪૩૭ | ૨૦૭૫૦૦ | ૨૪૦૩૯૫ | ૨૦૫૭ |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૭૪ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૦૫ | ૦૫ | ૦ |

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૭૫ **શ્રી શામજીભાઈ ચૌહાણ** (ચોટીલા) :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૦ | ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૭૨૭ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પર ડ્રોપ મોર ક્રોપ-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ લીધેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''પર ડ્રોપ મોર ક્રોપ''-સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૬,૨૯૧ ખેડૂતોએ લાભ લીધેલ છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૩૩૨૬ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૨૯૬૫ |
| **કુલ** | **૬૨૯૧** |

(૨) આ યોજના હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ ૧૧,૯૦૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૬૫૦૨ |
| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ | ૫૪૦૫ |
| **કુલ** | **૧૧૯૦૭** |

- - - - - - - - -

**એફ.એસ.એલ. દ્વારા ડી.એન.એ. પધ્ધતિથી કેસોનું પૃથક્કરણ**

૮૧૦ **શ્રીમતી કંચનબેન રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ડી.એન.એ. પધ્ધતિથી કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હો, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ડી.એન.એ. પધ્ધતિથી કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૬૫૯ કેસ.

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માટેની અરજીઓ**

૮૨૪ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૭૮૮૩ અરજીઓ.

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર કરેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૯૭૦ |
| ૨ | દહેગામ | ૩૭૨ |
| ૩ | કલોલ | ૧૨૪૩ |
| ૪ | માણસા | ૨૨૫ |

- - - - - - - - -

**એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઈમને લગતા કેસોનું પૃથક્કરણ**

૮૧૪ **શ્રી રમેશભાઈ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં સાયબર ક્રાઈમને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઈમને લગતા કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૩૫૫ કેસ.

- - - - - - - - -

**રાજકોટ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય**

૭૪૪ **ડૉ. દર્શીતા શાહ** (રાજકોટ પશ્ચિમ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **કાયદાકીય સલાહ** | **કાયદાકીય સહાય** |
|---|---|
| ૧૫૪૫ | ૩૭૬ |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં પાકા ડામરના રોડ બનાવવાની કામગીરી**

૨૭૧ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કાચા સરકારી નાળિયાને પાકા ડામર રોડ બનાવવાની યોજના અન્વયે કેટલા અને ક્યા રસ્તા મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલા રોડના કામો પૂર્ણ થયા, કેટલાના કામો બાકી છે, અને

(૩) બાકી કામો પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ મુજબ.

(૨) ૨૦ રોડના કામો પૂર્ણ થયેલ છે. અને ૨૯૨ રોડના કામો બાકી છે.

(૩) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ અને શરૂ થનાર કામો વહિવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

( પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**સરદાર સરોવર યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા બાબત**

૨૩૨ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા રાજ્ય સરકારે શા પ્રયાસો ક્યાં, અને

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

**જવાબ**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાના બે ઘટકો (૧) એ.આઈ.બી.પી. અને (૨) હર ખેત કો પાની, અંતર્ગત કેન્દ્રીય સહાય મળતી હોઈ તેમજ રાષ્ટ્રીય યોજના અમલીકરણ કરવા માટેની માર્ગદર્શીકા ના માપદંડ મુજબ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા રાજ્ય સરકાર દ્વારા કોઈ રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) મુદ્દા નં.-૦૧ ને ધ્યાને લેતા લાગુ પડતું નથી.

- - - - - - - - -

**અમદાવાદના કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી દૂષિત પાણી પૂરું પાડવા બાબત**

૬૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદના પૂર્વ વિસ્તારના શહેરીજનોને પીવાનું પાણી પુરૂં પાડતા કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી
સન-૨૦૨૨ના ડિસેમ્બર માસમાં કોહવાયેલા માનવ અંગો મળી આવતા પાણી દૂષિત થયું હતું, આ હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ભવિષ્યમાં આવુ પુનરાવર્તન ના બને તે માટે સરકારે શાં પગલા લીધેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) સદર બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસની હાજરીમાં આ માનવ અંગોને બહાર કાઢી જે તે યુનિટને બંધ કરી તેનું પાણી ખાલી કરી યોગ્ય સફાઈ કરી ડીસઈન્ફેક્ટ કરી, કલોરીનેશનની માત્રા વધારી ફરીથી ચાલુ કરવામાં આવેલ. અને બનાવ અંગે લેવાના થતાં પગલાં પોલીસ દ્વારા લેવામાં આવેલ છે.

(૩) ભવિષ્યમાં આવું પુનરાવર્તન ના બને તે માટે પ્લાન્ટનાં રો વોટર ઈનલેટ ચેમ્બરમાં સ્ક્રીન (જાળી) મુકવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**માણાવદર તાલુકાના ગામોના રસ્તાઓને નોન પ્લાનમાંથી પ્લાનમાં ફેરવવા બાબત**

૬ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના એક ગામથી બીજા ગામને જોડતા કેટલા નોન પ્લાનના રસ્તાઓને પ્લાનમાં ફેરવવામાં આવ્યા, અને

(૨) તે અંગેના કામો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના એક ગામથી બીજા ગામને જોડતા કોઈ જ નોન પ્લાનના રસ્તાઓને પ્લાનમાં ફેરવવામાં આવેલ નથી અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો**

૮૩૧ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ડ્રગ્સ પકડવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલો અને કયા ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંબંધમાં કેટલા ગુનેગારો પકડાયા અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) પત્રક મુજબ.

(૩) ૧૪૮ ગુનેગારો પકડાયા છે ગુનેગારો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| જિલ્લાનું નામ | સમયગાળો | ડ્રગ્સનો પ્રકાર | જથ્થો |
|---|---|---|---|
| પૂર્વ કચ્છ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | પોષડોડા પાવડર | ૨.૦૬૭ કિ.ગ્રા |
| | | ગાંજો | ૪૫.૪૭૪ કિ.ગ્રા. |
| | | વનસ્પતી જન્ય પોષડોડા | ૩૭.૨૧૦ કિ.ગ્રા. |
| | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | પોષડોડા પાવડર | ૧૯૬.૪૪ કિ.ગ્રા. |
| | | ગાંજો | ૯૧.૧૬૭ કિ.ગ્રા. |
| | | ચરસ | ૬.૫૦૯ કિ.ગ્રા. |
| પશ્ચિમ કચ્છ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ગાંજો | ૩૮.૧૭૩ કિ.ગ્રા. |
| | | ચરસ | ૧૫૧.૦૫૩ કિ.ગ્રા. |
| | | અફીણ રસ | ૧૫૨ કિ.ગ્રા. |
| | | નશીલી શીરપ તથા ટેબ્લેટ | શીરપ નંગ-૨<br>ટેબ્લેટ-૮૯ |
| | | પોષડોડા | ૧૩૮ ગ્રામ |
| | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ગાંજો | ૭૪.૧૩૮ કિ.ગ્રા. |
| | | ચરસ | ૦.૯૯૨ કિ.ગ્રા. |
| | | મેફેડ્રોન | ૧૦૫.૯ ગ્રામ અને ૦.૭ મીલીગ્રામ |
| | | હેરોઈન | ૨૫૯.૯૯૪ કિ.ગ્રા. |

---------

**આણંદ જિલ્લામાં વ્યાજખોરોની ધરપકડ**

૬૯૭ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા વ્યાજખોરોની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

| તાલુકાનું નામ | ધરપકડ કરેલ વ્યાજખોરોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૩૩ |
| ઉમરેઠ | ૦૩ |
| પેટલાદ | ૦૬ |
| બોરસદ | ૦૪ |
| આંકલાવ | ૦૦ |
| ખંભાત | ૦૪ |
| સોજીત્રા | ૦૦ |
| તારાપુર | ૦૧ |

---------

**જામનગર જિલ્લામાં કાર્યપાલક ઈજનેર(પંચાયત)ની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૨૩૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કાર્યપાલક ઈજનેર(પંચાયત)ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ક્યા કારણોસર ક્યારથી ચાર્જથી ચાલે છે, અને

(૩) ઉક્ત ચાર્જથી ચાલતી જગ્યાઓમાં કાયમી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કાર્યપાલક ઈજનેર(પંચાયત)ની ૦૧(એક) જગ્યા મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત ૦૧ (એક) જગ્યા બદલીના કારણોસર તા. ૧૮/૧૦/૨૦૨૧ થી ચાર્જમાં ચાલે છે.

(૩) વહીવટી અનુકૂળતાએ.

નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય માર્ગો પાકા બનાવવા બાબત**

૧૯૩ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ અને ડીસા તાલુકામાં કેટલા ગ્રામ્ય માર્ગો કાચા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ માર્ગોને પાકા ડામરથી કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧)

| **જિલ્લો-બનાસકાંઠા** | | |
|---|---|---|
| **તાલુકો** | **પ્લાન કાચા રસ્તા** | **નોન પ્લાન કાચા રસ્તા** |
| કાંકરેજ | ૦ | ૧૩ |
| ડીસા | ૦ | ૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત કાચા રસ્તાઓ પૈકી ૩ રસ્તાઓ મંજૂર જે પૈકી ૧ નકશા અંદાજ લેવલે, ૨ પ્રગતિ હેઠળ.

- - - - - - - - -

**અમીરગઢ અને છાપરી ચેકપોસ્ટ પરથી દારૂની હેરફેર કરતાં વાહનો પકડવા બાબત**

૭૦૭ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમીરગઢ અને છાપરી ચેકપોસ્ટ ઉપરથી ગેરકાયદેસર દારૂની હેરફેર કરતા કેટલા વાહનો અને કેટલો દારૂનો જથ્થો પકડાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ દારૂની હેરફેર કરતાં કેટલા ઇસમો સામે ગુન્હાઓ નોંધાયા છે, અને

(૩) ગુન્હેગારો સામે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧)

| **ચેક પોસ્ટ** | **વાહનની સંખ્યા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** |
|---|---|---|---|---|
| અમીરગઢ | ૧૭ | ૪ | ૫૦,૨૪૭ | ૪,૭૭૨ |
| છાપરી | ૧૫ | ૦ | ૩,૪૫૫ | ૩૯ |

(૨) ૬૪

(૩) ગુન્હેગારો વિરૂદ્ધ ગુનો નોંધી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત**

૭૫૮ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૩૯૨૩

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરેલ નોંધો** | **નામંજૂર કરેલ નોંધો** |
|---|---|---|
| ૬૭૩૮૭ | ૬૦૫૧૧ | ૨૯૫૩ |

(૩)

(૧) રેકર્ડ સાથે સુસંગતતા ન હોવાથી.

(૨) સ્ટેમ્પ ડ્યૂટીનો ભંગ થતો હોવાથી.

(૩) ટુકડાધારાનો ભંગ થતો હોવાથી.

(૪) બોજા કમીની નોંધ દાખલ ન કરાયેલ હોવાથી.

(૫) મુળના ખેડૂત ખાતેદાર ન હોવાથી.

- - - - - - - - -

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી આવાસ અને ગૃહ યોજના અંતર્ગત આવાસો ફાળવવા બાબત**

૧૦૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ગોતા અને સાણંદ તાલુકામાં મુખ્યમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસો પૈકી ખાલી આવાસો માટે કેટલી અરજીઓ ક્યારે મંગાવવામાં આવેલ હતી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી આવાસો અરજદારોને ફાળવવા માટે ડ્રો કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે,

(૩) જો હા તો તેના કારણો શાં છે, અને

(૪) અરજદારોને ક્યાં સુધીમાં આવાસો ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) (અ) અમદાવાદ જિલ્લાના ગોતા અને સાણંદ તાલુકામાં મુખ્યમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસો માટે તારીખ-૦૧-૦૧-૨૦૨૧ થી તારીખ-૧૫-૦૨-૨૦૨૧ના સમયગાળામાં ખાલી ઉપલબ્ધ મકાનો અંગે અરજીઓ મંગાવવામાં આવેલ.

(બ) ગોતા M.I.G-1 માં ૪૮ ખાલી મકાનોની સામે કુલ ૩૨૩૫ અરજીઓ આવેલ. જ્યારે સાણંદ ખાતે L.I.G-1 માં ૨૪ ખાલી મકાનોની સામે કુલ ૪૧૪ અરજીઓ તેમજ M.I.G-1 માં ૫ ખાલી મકાનોની સામે કુલ ૧૫૬ અરજીઓ આવેલ હતી.

(૨) હા,

(૩) નામ. હાઇકોર્ટમાં કોર્ટ મેટર થયેલ હોવાના કારણે ડ્રો કરવામાં આવેલ નથી.

(૪) સાણંદ ખાતેની યોજનાના યુ.એલ.સી. હેઠળ અરજી કરનાર ૩ (ત્રણ) લાભાર્થીઓનો ડ્રો તારીખ-૨૦-૦૨-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. અન્ય લાભાર્થીઓના ડ્રો ની કાર્યવાહી આગામી ૨૦ દિવસમાં કરવામાં આવશે.
ગોતા ખાતેની યોજનામાં નામ. હાઇકોર્ટમાં પેન્ડિંગ પિટિશનને આધિન ડ્રો ની કાર્યવાહી બાબતે નિર્ણય થયે ફાળવણીની કાર્યવાહી કરવામાં આવશે.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા જમીન માંગણી**

૨૩૩ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા ક્યા પ્રકારની, કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કંપનીને ક્યા પ્રકારની, કેટલી જમીન શા ભાવે ક્યારે

**જવાબ**

(૧)

| પડતર અરજી ક્રમાંક | જમીનનો પ્રકાર (ક્યા હેડે ચાલે છે તેની વિગત) | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, બંદર વિભાગ તથા પોલીસ કમિશનરશ્રી, સુરત | ૭૭૬૮૮૭ |
| ૨ | બિન નંબરી | ૧૬૦૦ |
| ૩ | નામદાર સરકાર | ૨૨૪૯૦૫ |
| ૪ | નામદાર સરકાર | ૮૦૧૬૦૯ |
| ૫ | સરકારી | ૯૫૫૫૯ |
| ૬ | સરકારી | ૫૦૦૦ |
| ૭ | સરકારી | ૫૦૦૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીને કોઇ જમીન ફાળવવામાં આવેલ નથી.

ફાળવવામાં આવી, અને

(૩)ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને પ્રિમિયમ અને તેના વ્યાજ પેટે કેટલી આવક થઇ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**માણાવદર તાલુકામાં નવા નાળા, પુલીયા કે સીસીડીપ બનાવવાની કાર્યવાહી**

૭ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં કેટલા નવા નાળા, પુલીયા કે સીસીડીપ બનાવવાના બાકી છે, અને

(૨) આ કાર્યવાહી પૂર્ણ કરવા શાં પગલા લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં નવા મંજૂર થયેલ પૈકી ૨ નાળા પુલીયા કે સીસીડીપ બનાવવાના બાકી છે.

(૨) હાલ આ બંને કામ પ્રગતિમાં છે, બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં ગેરકાયદે હથિયારો પકડવા બાબત**

૭૦૬ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર કયા પ્રકારના કેટલા હથિયારો પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર પકડાયેલ હથિયારોની વિગત.

| **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | | **તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩** | |
|---|---|---|---|---|
| | **પ્રકાર** | **સંખ્યા** | **પ્રકાર** | **સંખ્યા** |
| આણંદ | પીસ્તોલ | ૨ | પીસ્તોલ | ૧ |
| | હાથબનાવટનો તમંચો | ૧ | હાથબનાવટનો તમંચો | ૧ |
| | **કુલ** | **૩** | **કુલ** | **૨** |
| ઉમરેઠ | હાથબનાવટનો તમંચો | ૧ | ૦ | |
| | **કુલ** | **૧** | | |
| પેટલાદ | ૦ | | હાથબનાવટનો તમંચો | ૧ |
| | | | **કુલ** | **૦** |
| બોરસદ | પીસ્તોલ | ૨ | ૦ | |
| | **કુલ** | **૨** | | |
| આંકલાવ | ૦ | | ૦ | |
| ખંભાત | ૦ | | ૦ | |
| સોજીત્રા | ૦ | | ૦ | |
| તારાપુર | ૦ | | ૦ | |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | | **તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩** | |
|---|---|---|---|---|
| | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** | **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** | **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| આણંદ | ૯ | ૦ | ૨ | ૦ |
| ઉમરેઠ | ૪ | ૨ | ૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૦ | ૨ | ૦ |
| બોરસદ | ૬ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| આંકલાવ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખંભાત | ૦ | ૦ | ૦ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૧૯** | **૨** | **૪** | **૦** |

(૩) બાકી રહેલા ઈસમોની ધરપકડ કરવા શા પગલા લીધેલ છે ?

(૩) આરોપીઓ રાજ્ય બહારના હોય રહેણાંક સરનામે તપાસ કરતાં મળી આવેલ ન હોય નાસતા ફરતા ગેઝેટમાં જાહેર કરવાની તજવીજ ચાલુમાં છે.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈસી પ્રમાણપત્ર ન ધરાવતા લીઝધારકો સામે કાર્યવાહી**

૨૩૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પર્યાવરણ ઈસી (એન્વાયરમેન્ટ ક્લીયરન્સ) ન મેળવેલ હોય તેવા મુખ્ય ખનિજ અને ગૌણ ખનિજના કેટલા લીઝધારકો છે, અને

(૧)

| **ખનિજ** | **લીઝની સંખ્યા** | |
|---|---|---|
| | **જામનગર** | **દેવભૂમિ દ્વારકા** |
| મુખ્ય ખનિજ | ૨૧ | ૯૨ |
| ગૌણ ખનિજ | ૧૧૨ | ૨૨ |

(૨) ઉક્ત સર્ટીફિકેટ ન ધરાવતા લીઝધારકો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) પર્યાવરણીય પ્રમાણપત્ર ન મેળવેલ હોય તેવા કિસ્સાઓ સંદર્ભે નોટિસો પાઠવવાની, નિયમાનુસાર ખાણકામ બંધ કરવાની વિગેરે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**દાંતા-અમીરગઢમાં દારૂનું વેચાણ**

૭૦૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા-અમીરગઢનાં દેશી-વિદેશી દારૂનું વેચાણ કરતાં કેટલા ઈસમોને પકડ્યા અને કેટલી કિંમતનો દેશી-વિદેશી દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૧)

| **તાલુકા** | **દેશી દારૂ** | | **વિદેશી દારૂ** | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | **બિયર** | |
| | **પકડાયેલ ઈસમોની સંખ્યા** | **કિંમત (રૂ.)** | **પકડાયેલ ઈસમોની સંખ્યા** | **કિંમત (રૂ.)** | **પકડાયેલ ઈસમોની સંખ્યા** | **કિંમત (રૂ.)** |
| દાંતા | ૭૯૯ | ૬૫,૪૬૦ | ૧૧૯ | ૮૪,૭૭,૪૫૧ | ૨૮ | ૫૫,૭૪,૨૦૦ |
| અમીરગઢ | ૩૭૯ | ૪૧,૬૮૦ | ૧૪૯ | ૨,૨૧,૧૮,૫૦૭ | ૩૨ | ૧૦,૫૭,૫૦૦ |

(૨) પકડાયેલ ઈસમો સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

(૨) પકડાયેલ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ-ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટની કામગીરી**

૧૦૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૫-૦૨-૨૦૧૪ (બીજી બેઠક) ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નઃ-૭૬૨૨ (અગ્રતા-૫૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અન્વયે પ્રથમ તબક્કાનું કામ સને ૨૦૧૮ સુધી પૂર્ણ કરવાનું આયોજન હતું તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) અમદાવાદ મેટ્રો રેલ ૩૮.૬ કિ.મી. લંબાઇમાં (વસ્ત્રાલ ગામથી થલતેજ અને એપીએમસી થી મોટેરા) કાર્યરત છે. જ્યારે બાકીના ૧.૪૩ કિ.મી.ના કાર્યો પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે ? | (૨) અમદાવાદ મેટ્રો રેલ પ્રથમ તબક્કામાં કુલ ૪૦.૦૩ કિ.મી. માંથી ૩૮.૬ કિ.મી લંબાઇમાં કાર્યરત છે. જ્યારે બાકીના ૧.૪૩ કિ.મી.માં મેટ્રો સેવાઓ ડિસેમ્બર, ૨૦૨૩માં શરૂ કરવાનું આયોજન છે. |

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પૂરક માગણી ક્રમાંકઃ ૨**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૭૬,૨૧,૨૪,૦૦૦/ - ની પૂરક માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી .**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

### શિક્ષણ વિભાગ

**પૂરક માગણી ક્રમાંકઃ ૯**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૩,૫૬,૩૪,૬૧,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૮,૭૯,૬૩,૮૪,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી .**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**પૂરક માગણી ક્રમાંકઃ ૧૩**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓ સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૬,૭૩,૨૪,૭૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૨,૫૩,૪૬,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

### અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

**પૂરક માગણી ક્રમાંકઃ ૨૨**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાની સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫,૪૬,૮૨,૭૭,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી .**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.**

### સામાન્ય વહીવટ વિભાગ

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૩**

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૧૫,૩૮,૦૦૦/ - ની પૂરક માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી .**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપ દરખાસ્તનું પત્રક**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ<br>**માગણી નં. ૨** | | |
| ૧ | ૨૪૦૧- પાક..વ્યવસ્થા<br>૧૧૦- પાક વીમો<br>રૂ. ૬,૬૪,૬૮,૧૬,૦૦૦<br>પાના નં. ૧ | ૧૦૦ | પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત ખેડૂતોને ખરેખર થયેલ પાક નુકશાન સામે ખૂબ જ નજીવું વળતર ચૂકવનાર વીમા કંપનીઓની માહિતી તથા ભરાયેલા પ્રિમિયમની રકમની માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| **૨** | ---"---- | ૧૦૦ | ખેડૂતોને પાક વિમો સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમૃતજી ઠાકોર |
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૯** | | |
| **૩** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬ શિક્ષકો.... સેવા<br>૦૬ પ્રાથમિક ..... અનુદાન<br>રૂ. ૨૭,૧૮,૧૪,૯૧,૦૦૦<br>પાના નં. ૧૫ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષકો પાસેથી લેવાતી શિક્ષણ સિવાયની વધારાની કામગીરીઓના કારણે બાળકોના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તુષાર ચૌધરી |
| ***૪** | **૨૨૩૬ - પોષણ**<br>**૦૨-પોષણ..વિતરણ**<br>**૧૦૨-મધ્યાહન ભોજન (કે.પુ.યુ)**<br>**રૂ. ૧,૨૭,૧૩,૯૪,૦૦૦**<br>**પાના નં. ૧૬** | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત બાળકોને બિનઆરોગ્યપ્રદ ખોરાક અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતભાઈ પટેલ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૩** | | |
| *૫ | ૨૮૦૧- વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૯૦-જાહેર... સહાય<br>રૂ. ૯,૩૪,૬૨,૦૦૦<br>પાના નં. ૩૦ | ૧૦૦ | કૃષિ વિજ ગ્રાહકોને નિયમિત સતત વિજળી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૬ | ૪૮૧૦ નવીનીકરણ..જોગવાઇ<br>૧૯૦-જાહેર..રોકાણ<br>રૂ. ૧૨,૫૩,૪૬,૦૦૦<br>પાના નં. ૩૦ | ૧૦૦ | રાજય સરકારના પાવર પ્રોજેકટ ક્ષમતાપૂર્ણ રીતે ચલાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ સી.જે.ચાવડા |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>માગણી નં. **૨૨** | | |
| ૭ | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૧૯૦- જાહેર ક્ષેત્ર.. સહાય<br>૦૨ વાજબી.. ખાદ્ય<br>રૂ. ૯,૦૯,૯૬,૦૦૦<br>પાના નં. ૪૯ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો મારફત ખાદ્ય તેલના વેચાણમાં ડબલ ફીલ્ટર સીંગતેલની ખરીદીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા |

| સામાન્ય વહીવટ વિભાગ<br>માંગણી નં. ૩૩ | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૯-કલેક્ટરો..પારિતોષિકો<br>રૂ. ૬૯,૩૬,૦૦૦<br>પાના નં. ૬૮ અને ૬૯ | ૧૦૦ | સન ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯માં શ્રેષ્ઠ જીલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને પુરસ્કારો સમયસર અપાય તે માટે જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

**ખર્ચના પૂરક પત્રકમાં ટાઇપિંગ ભૂલ અંગે.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, જે પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જે માગણીઓ છે તે ૨૪૮૫ કરોડ ૭૮ લાખ ૨૫ હજારની છે. પૂરક માગણીમાં પાના નં.૩૩ ઉપર જે પૂરક માગણી બતાવી છે તેનું જે ગ્રાન્ડ ટોટલ બતાવેલ છે તેમાં ટાઇપિંગ મિસ્ટેક હોય તેવું લાગે છે. તેના માટે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરુ છું. ૩૪ નંબરના પાના ઉપર માગણી ક્રમાંક સદર-૧૪ની અંદર ૯૯૮૯.૯૯ કરોડ લખાઇને આવ્યું છે. તે ટાઇપિંગ મિસ્ટેક હોય તેવું લાગે છે. કારણ કે આ ૯૯ લાખ હશે તેની જગ્યાએ ૯૯ કરોડ લખાયું છે. કારણ કે ટોટલી માગણી ૨૬૮૫ કરોડની છે. આ એક જ માગણીમાં ૯૯૮૯ કરોડ લખેલ છે. એટલે આમાં બહુ મોટો ડિફરન્સ છે. એટલે હું માનું છું કે, કદાચ ૯૯ લાખની હશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જરા જોઇ લેજો. જો ટાઇપ મિસ્ટેક કે એવું કંઇ હોય તો તેનો સુધારો કરાવી લેજો. જો ખરેખર ટાઇપ મિસ્ટેક હોય તો સચિવોને સૂચના આપો કે આ જોવાની જવાબદારી એમની છે. તે જોઇ અને પછી જ ગૃહની પાસે લાવે. જેટલી અહીં આવશે એટલી જ માગણીઓ મંજૂર કરીશું. પછી તમે બજેટ મંજૂર કરી દેશો પરંતુ માગણી મંજૂર નહીં કરીએ તો વાપરવાના પૈસા નહીં મળે. એટલે નાણામંત્રીશ્રી ફાઇનલ જે સુધારો કરે તેને આપણે મંજૂર કરવાનું રાખીએ. સુધારો કર્યા પછી જે રજૂ કરે તેને મંજૂર કરીએ. ટાઇપ મિસ્ટેક હોય તો પણ મંત્રીશ્રી સુધારી લે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ પરની ચર્ચા થયા પહેલાં ચોખવટ થઇ જાય. આજની માગણી માટે ચોખવટ કરવી પડશે.

અધ્યક્ષશ્રી : નહીં નહીં, માનનીય મંત્રીશ્રી એમની વાતમાં જયારે કહેશે ત્યારે ચોખવટ કરી લેશે. તમે ધ્યાન દોરો છો તે સારી બાબત છે. આ વિધાનસભાગૃહના તમામ સભ્યશ્રીઓનું કોઇપણ બાબતમાં સાહિત્યની અંદર મિસ્ટેક હોય તો હું આ જગ્યા ઉપરથી ખૂબ પોઝિટિવ લઇશ અને સુધારો કરવા માટે કરવું જ પડશે. તેમાં કોઇ મંત્રીશ્રીનો દોષ નથી હોતો. જેમણે ટાઇપ કર્યું હોય અને મિસ્ટેક હોય તો તેમણે જોઇ લેવું જોઇએ. જોઇ અને પછી જ અહીં મૂકે. સચિવશ્રીઓ તૈયારી કરીને આવે.

પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો ખૂબ જરૂરી છે. આ વિષયે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪ની કલમ-૩ તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટની લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓની બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય, પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે પૂરતો જ મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ઉપર ખાસ ધ્યાન રાખે તેવી હું આશા રાખું છું. આ ઉપરાંત આજરોજ વિરામ સમય બાદ બિનસરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી પૂરક માગણીઓ પરની ચર્ચા બપોરના ૨-૨૫ કલાકે પૂરી થશે. ત્યારબાદ આજની ચર્ચા માટે પસંદ થયેલી પૂરક માગણીઓને મત ઉપર મૂકવામાં આવશે તેની તમામ સભ્યશ્રીઓ નોંધ લે તેવી મારી વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે કુલ રૂ. ૩૦૨૯૮.૪૯ કરોડની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં આજે કૃષિ, ખેડૂત કલ્યાણ, સહકાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતોનો વિભાગ, સામાન્ય વહીવટ વિભાગની પૂરક માગણીઓ છે તેની ઉપર ચર્ચા કરવાની છે.

અધ્યક્ષશ્રી : માગણીઓનું પત્રક ત્યાં પહોંચી ગયું હશે અથવા તો ફરી સચિવશ્રી જણાવે કે કઇ કઇ માગણીઓ છે? અહીંયા આવી ગયું છે અને મંત્રીશ્રીએ પણ રજૂ કર્યું છે, પત્રક ન હોય તો માનનીય અર્જુનભાઇને પહોંચાડો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે છે અને કેટલા વિભાગની માગણી છે એ હું બોલી ગયો અને મેં જણાવ્યું કે આટલા આટલા વિભાગની માગણીઓ પર આપણે આજે ચર્ચા કરવાની છે. એટલે મારી પાસે છે.

## તા. ૩જી માર્ચ, ૨૦૨૩

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, દરેક વખતે આપણે બજેટ રજૂ કરતા હોઇએ છીએ અને બજેટ રજૂ કરીએ ત્યારે આખા વર્ષનો આપણને અંદાજ હોય છે કે આ વિભાગમાં આપણે આટલો આટલો ખર્ચ કરવાનો છે છતાં આ વખતે આ રૂપિયા ૩૦ હજાર કરોડ કરતા વધારાની પૂરક માગણીઓ આપણે રજૂ કરવી પડી. જો કોઇ નવી બાબત લઇને આવ્યા હોત અથવા તો વિભાગની કોઇ સુધારાની કામગીરી છે એના માટેની કે લોક કલ્યાણની કોઇ બાબતની માગણી લઇને આવ્યા હોત તો અમારે કાપ દરખાસ્ત રજૂ કરવાની જરૂર ન પડી હોત. જે યોજનાઓ બંધ થઇ ગઇ હતી એ પાછી લઇ આવ્યા હોત તો પણ આપણે એના ઉપર ચર્ચા જરૂર કરત અને એને આપણે અનુમોદન પણ આપ્યું હોત. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગમાં બધા મારા મિત્રો સામે બેઠા છે એ બધા મિત્રોને ખબર છે કે, દરેક વર્ષે ખેડૂતોનો પાક નિષ્ફળ જાય તો આપણે એને પાક વીમા યોજનાનો લાભ આપતા હતા. સન ૧૯૮૪-૮૫થી આ પાક વીમા યોજના કેન્દ્ર સરકારની છે અને રાજય સરકાર એનું અમલીકરણ કરતી હતી. આજે એનું નામ બદલીને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના આપવામાં આવ્યું અને ખૂબ મોટે પાયે આવકાર્યું. અમે તો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, સરકારી કંપની જે છે એ જ સાચી રીતે આપે, પરંતુ ૫ હજાર કરોડ રૂપિયાનું પ્રીમિયમ રિલાયસન્સ કંપની લઇ જાય અને પછી ચૂકવવાના આવે ત્યારે ૧૦ ટકા પણ ખેડૂતોને ન મળે. આખરે આ યોજના આપણે બંધ કરી દીધી અને પછી એમ કહ્યું કે મુખ્યમંત્રી સહાય નિવારણ યોજના હેઠળ આપીશું. એ પણ ન અપાઇ અને આજે જ્યારે ડબલ એન્જિનની સરકાર આવી પછી આ પાક વીમાની સુધારણા કરીને ખેડૂતોને ડબલ લાભ કરવો જોઇતો હતો એને બદલે આ પાક યોજના જ બંધ કરી દેવામાં આવી છે અને ખેડૂતોને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે જ્યારે ફરી પાછા આપ આવો અને બજેટની જ્યારે આપણે ચર્ચા કરીએ ત્યારે પાક વીમા યોજના માટે પુનઃ આપણે પ્રીમિયમ ભરીશું એવી ગૃહને ખાતરી આપે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણી પણ લઇને આવ્યા છે, આપણે વારંવાર ચર્ચા કરીએ છીએ કે, આપણે શિક્ષણનું સ્તર ઉંચે લઇ જવું છે. શિક્ષણનું આપણું સ્તર દેશના બીમારું રાજય જે કહેવાય એની સમક્ષ આવી ગયું છે. આપણે આટલા વર્ષોમાં જે ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ છે જેને રાષ્ટ્રીય લેવલે ૧થી ૧૦૦માં નામ આવવું જોઇએ એવી એક પણ યુનિવર્સિટી, એવી એક પણ કોલેજ આપણે ત્યાં નથી. જૂની હતી એનું સ્તર જાળવી શકયા નથી અને નવી પણ આપણે ઊભી કરી શક્યા નથી. જો શિક્ષણમાં આટલો માતબર ખર્ચ કરતા હોઇએ આપણે તો શિક્ષણનું સ્તર ઊંચું આવવું જ જોઇતું હતું પણ નથી આવતું એનું કારણ એ છે કે, આપણે કોઇને કોઇ જગ્યાએ એજ્યુકેશનમાં ક્વોલિટી આપવામાં નિષ્ફળ ગયા છીએ અને એનું કારણ એ છે કે મારા અને તમારા આ મનોવૃત્તિમાંથી આપણે બધા કોઇ બહાર આવી શકતા નથી. જો બહાર આવી ગયા હોત તો દેશની બીજી જે પ્રથમ કક્ષાની યુનિવર્સિટી છે એમાં આપણે આવી ગયા હોત. એમાં શિક્ષકો છે એ પણ પ્રવાસી છે, કુલપતિઓ છે એનું ક્વોલિફિકેશન ન હોય અને સુપ્રીમ કોર્ટે ના પાડી હોય એવા લોકોની આપણે નિમણૂક કરીએ છીએ અને એને કારણે આપણું શિક્ષણનું સ્તર કથળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારે કહેવું છે કે, સૌથી મોટી મુશ્કેલી અત્યારે આ મોંઘવારીમાં જે મોંઘી વીજળી આપણે ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદી અને ગ્રાહકોને આપીએ છીએ અને તેને કારણે આજે આપણી વીજળી ખરીદી છે અને તેનો ઉત્પાદન ખર્ચ છે તે જો કરકસરથી કરવામાં આવે તો સાડા ત્રણ રૂપિયા યુનિટની આસપાસ થાય અને હવે તો આપણે સોલાર અને વિન્ડ એનર્જી વાપરીએ છીએ અને તેનું પોટેન્શિયલ સૌથી વધારે ગુજરાતમાં છે એ તો પોણા બે રૂપિયાની આસપાસ આપણને પડે છે પણ એની જગ્યાએ ૧૧ રૂપિયા, ૧૨ રૂપિયા અને કયારેક તો ૧૩ રૂપિયા સુધી માર્કેટમાંથી ખાનગી ઉત્પાદકોના લાભાર્થે વીજળી ખરીદીએ છીએ અને તે વીજળી આપણે ગ્રાહકોને તેનો સર્વિસ ચાર્જ ઉમેરીને આપણે તેની પાસેથી વસૂલ કરીએ છીએ અને તેને કારણે જે ગુજરાતના લોકો છે તેને મોંઘવારીનું ભારણ એટલુ બધું મોટું થઇ ગયુ છે ૪૫૦ રૂપિયામાં મળતો ગેસનો બાટલો આપણે ૧૧૦૦ રૂપિયા અને એમાંય પાછા ૫૦ રૂપિયા હમણાં પાછાં વધારી દીધા. કોમર્શીયલ આપણે રેસ્ટોરન્ટ ઉપર કે રેંકડી ઉપર ખાવા જઇએ તો તેને ૩૫૦ રૂપિયા વધી ગયા આ બધુ સીધુ જ ગ્રાહકો ઉપર આવવાનું છે.

અધ્યક્ષશ્રી : માગણીઓ અને કાપ દરખાસ્ત ઉપર કહો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પુરવઠાની માગણી છે એટલે જ હું કહી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : નહીં પણ ભાવ-વધારો અને આ બધુ આમાં કયાં આવશે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓના સંદર્ભમાં આના માટે જો લઇ આવ્યા હોત મારી વાત એટલી જ છે કે આ લોકોને રાહત આપવા માટેની પૂરક માગણીઓ લઇ આવ્યા હોત તો આ પરિસ્થિતિ ઊભી થઇ ના હોત. શું કરવા થઇ છે? ૩૦ હજાર કરોડ રૂપિયાની લાવ્યા છે. આ લોકોને રાહત આપવી તેના બદલે સરકારી ખર્ચ માટેની આ માગણીઓ લઇ આવ્યા છે તો તેમાં આપણે સંમત થઇ શકીએ નહીં. અહીંયા સામાન્ય વહીવટ વિભાગની અંદર આપણે કરકસર કરવી જોઇએ, શકય હોય એટલી કરકસર કરવી જોઇએ અને કરકસર એવી રીતે કરવી જોઇએ કે લોકોને દેખાય કે સરકાર કરકસર કરે છે, પણ આપણું તંત્ર કેવું ચાલે છે કે જેને અધિકાર હોય માનનીય મંત્રીશ્રીઓને કે મુખ્યમંત્રીશ્રીની મંજૂરી લઇ અને કોઇ અર્જન્ટ કામ મત-વિસ્તારમાં કે કોઇ જગ્યાએ આવ્યું હોય કે જવું હોય તો તે લઇ શકે. તેને પણ વાપરવાનો અધિકાર ના

મળે અને આ સરકારની અંદર જે સિવિલ એવિએશનના નિયામક છે તે સો વખત પોતાના પર્સનલ કામ માટે રાજા હોય તેની જેમ બે-બે, ત્રણ ત્રણ વર્ષ...

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, તમારે નથી કહેવું, એક મિનિટ કે કેટલી મિનિટ ?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી મિનિટ છે તે પૂરેપૂરી તેમને આપી દો.

અધ્યક્ષશ્રી : નહીં, એવું કહે છે કે શ્રી શૈલેષભાઇની મિનિટ પણ તેમને આપો તો બન્નેની પૂરી થઇ ગઇ છે છતાં એકાદ વધારે આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ડાયરેકટર હતા તે બે વર્ષ સુધી આ સરકારનું હેલિકોપ્ટર કે જે અનફીટ હતું તે પોતે ઉડાવ્યું અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગવર્નરશ્રીને પણ ઉડાડયા. હું તો એમ કહું છું કે આની સામે જે માનવવધ કરવાનો ગુનો આવા લોકોની સામે લગાડવો જોઇએ. તેના બદલે આપણે આટલાં વર્ષ સુધી ખૂબ માનીતા હોય એમ ચલાવ્યા અને તેના કારણે આજે પ્રજાની અંદર આપણી કેવી છાપ પડી કે રોજ મુખ્યમંત્રી, માનનીય ગવર્નરશ્રી જે પ્લેનમાં ઉડતા હતા તે પ્લેન અનફીટ હતું એટલું જ નહીં એ પ્લેન હતું તેનો મુખ્યમંત્રીશ્રી જેટલો ઉપયોગ કરે તેના કરતા અનેકગણો ઉપયોગ તે સિવિલ એવિએશન ડાયરેકટરે કર્યો અને આપણે અત્યાર સુધી તેની સામે કોઇ પગલાં ના લીધાં અને પછી તેનું એક્સ્ટેન્શન આપણે દૂર કરી દીધું તે સિવાય કશું નહીં. તેની સામે ગુનો દાખલ કરવો જોઇએ.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ આજે જે પૂરક માગણી લઇએ આવ્યા છે તે તમામ માગણીઓને હું મારુ સમર્થન આપુ છું અને સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર-૩૩ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વાસથી વિકાસ યાત્રા એટલે આ રાજયની વિકાસની ગાથા અને તે આ સમગ્ર રાજયમાં લોક વણાઇ ગઇ છે. મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ કહેવાય છે કે સરળ સ્વભાવના જયારે આપણને મુખ્યમંત્રી મળ્યા હોય ત્યારે નેતૃત્વના સમગ્ર રાજયમાં વિશ્વાસથી વિકાસ યાત્રાનું આયોજન થયુ હતું અને તેમાં રાજયના તમામ વિસ્તારોમાં અવીરત લેવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ યાત્રા તે માત્ર ફરવાની યાત્રા નહોતી પણ સરકારની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓનો લાભ મળે તેવા આયોજન સાથે આ વિકાસની યાત્રા રાખવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓની કામગીરીનો યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર થાય તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ વિકાસયાત્રા કાર્યક્રમ અંતર્ગત અનેક વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. ગુજરાતના ખૂણે-ખૂણે સુધી એટલે કે છેવાડાના માનવી સુધી પહોંચાડીને સરકાર દ્વારા લોકોને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મને ખ્યાલ છે કે અવિરત દસમી વિધાનસભા, અગિયારમી વિધાનસભા, બારમી વિધાનસભા, તેરમી વિધાનસભા હોય કે ચૌદમી વિધાનસભામાંને બ્રેક મળ્યો હતો અને પંદરમી વિધાનસભામાં ફરીથી આ સભાગૃહમાં ઉપસ્થિત રહેવાનો મને મોકો મળ્યો છે. ચૌદમી વિધાનસભામાં આ જ સભાગૃહમાં વિરોધપક્ષના અમુક ધારાસભ્યો એવી વાત કરતા હતા કે રાજ્ય સરકાર જે કામગીરી મંજૂર કરે છે એના ખાતમુહૂર્ત એના કાર્યકર્તા કરે છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે મને ગર્વ છે કે ગુજરાતની રાજ્ય સરકાર જે કામગીરી કરે છે એના ખાતમુહૂર્ત અને લોકાર્પણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા કરે તો એ અમારા માટે ગૌરવની વાત છે. એ માટે કાર્યક્રમમાં જે ખર્ચ થયો હોય તે ખર્ચ સરકારમાં પૂરક માગણી તરીકે મંજૂર કરવાનો હોય તે સ્વાભાવિક છે. આજે વિશ્વાસની વિકાસયાત્રા અંતર્ગત યોજાયેલ બંને તબક્કાના કાર્યક્રમોનો રૂ.૭૮૯ લાખના ખર્ચની જોગવાઇ આકસ્મિક નિધિમાંથી પેશગી મેળવીને કરવામાં આવી હતી. જે નાણાંથી લોકોપયોગી કાર્યક્રમો નિર્ધારિત સમયગાળામાં પૂર્ણ થઇ શકે તેવો આ સરકારનો આશય હતો અને સામાન્ય જનતા સુધી યોજનાઓના લાભ પહોંચાડી શક્યા છીએ. હું આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને માંગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી રૂ.૭,૭૬,૨૧,૨૪,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એક ખેતી પ્રધાન દેશ છે અને એમાં પણ આપણા દેશના વડાપ્રધાન, આપણું ગૌરવ કહી શકાય એવા આદરણીય મોદી સાહેબે ખેતી માટે ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે ત્યારે ગુજરાતે કૃષિ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે અને વિકાસની દ્રષ્ટિ મજબૂત બની છે અને ગુજરાત અનેક રાજ્યો માટે દીવાદાંડી સમાન બન્યું છે. છેલ્લા ૧૫ વર્ષમાં પાકોના ઉત્પાદનમાં ત્રણ ગણો વધારો થયો છે. આપણા વડાપ્રધાનશ્રીએ ખેડૂતોને બમણી આવક થાય એના માટે પ્રયત્ન કર્યો છે પણ અહીં આપણે જોઇએ તો ત્રણ ગણો વધારો થયો છે. દિવેલા, ઘઉં, ચોખાના ઉત્પાદનમાં પણ અંદાજિત બમણો વધારો થયો છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અહીંયા મકાઇ, ધાન્ય પાકો અને તેલીબિયાં જેવા પાકોમાં પણ દોઢ ગણો વધારો થયો છે. ગુજરાત સરકારે ખેડૂતોની આવક વધે એના માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અને કૃષિ સહાય પેકેજ આપ્યું છે. અહીંયા આપણા આદરણીય

મોઢવાડિયા સાહેબ કહેતા હતા કે ખેડૂતને નુકસાન થાય ત્યારે આવું કાંઈ મળતું નથી પણ જ્યારે-જ્યારે કુદરતી આફત આવે, અતિ વરસાદ થાય અને પાક ડૂબી જાય, નુકસાન થાય એવા સમયે આપણી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર, આપણા આદરણીય મોદી સાહેબ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જેને ડબલ એન્જિનની સરકાર કહી શકાય એમણે છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ખેતીમાં જે નુકસાન થયું હતું એનું પૂરેપૂરું વળતર આપ્યું છે. ખેડૂતોને ટેકાના ભાવ મળી રહે તે માટે સરકારે યોજના બનાવી છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપણને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની ભેટ આપી છે. આજે ખેડૂતોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ વાર્ષિક રૂ. છ હજાર જમા થાય છે. આ વાત આપણને નાની લાગે પણ ખેડૂતો માટે તો સમયાંતરે જે મળે છે એ ખરેખર ઉપયોગી અને ફાયદાકારક હોય છે. પહેલાના સમયમાં બળદ અને હળથી ખેતી થતી હતી. આજે સમય બદલાયો અને ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોને સારી અને સમૃદ્ધ ખેતી કરવા માટે યાંત્રીકરણ થકી ટ્રેકટર ખરીદવા માટે રૂ.૪૫૦૦૦ હજાર અને એસ.ટી.ના લાભાર્થીને ૬૦ ટકા જેટલી સબસિડી આપે છે. કૃષિ સહાય થકી ખરીદી ઉપર નાણાકીય સહાય પણ આપવામાં આવે છે. પાક મૂલ્ય વૃદ્ધિ યોજના હેઠળ મરીમસાલા અથવા શાકભાજી જેવા પાકોની ખેતી કરતા ખેડૂતોને પણ સરકાર મદદ કરે છે. ઘણી વખત ખેતી સારી થાય પણ તેમાં જીવાત થઈ જતી હોય છે એ જીવાતને હટાવવા માટે ડ્રોન દ્વારા દવાના છંટકાવનો લાભ પણ ખેડૂતો લઈ રહ્યા છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિમતનગર):માનનીય અધ્યક્ષશ્રી, મારા વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫ સુધીના આ સભાગૃહના સભ્ય તરીકેના મારા કાર્યકાળ પછી ૨૫ વર્ષ બાદ સૌના આશીર્વાદ થકી આ સભાગૃહમાં ઉપસ્થિત થવાનો અને મારા વિચારો રજૂ કરવાની જે તક મળી છે તે બદલ હું સૌનો ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું. હમણાં જ ગૃહના માનનીય સભ્યશ્રીએ વાત કરી કે આપણે ત્યાં વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી નથી. મને કહેતાં દુ:ખ થાય છે કે કૉંગ્રેસના કાર્યકાળ દરમિયાન આ રાજ્યમાં માત્ર ૨૦ યુનિવર્સિટીઓ હતી. શ્રી મોદી સાહેબ મુખ્યપ્રધાન બન્યા બાદ આ રાજ્યમાં ૧૦૩ યુનિવર્સિટીઓ છે. સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં ભણવા આવે છે. આજે નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેનો અભ્યાસ કરીએ તો આ રાજ્યમાં શિક્ષણનું સ્તર ઘણું જ સુધર્યું છે. અગાઉ છાપરું સડી ગયું હોય અને ઉપરથી પાણી પડતું હોય તેવાં ઓરડામાં બાળકો ભણતાં હતાં. વર્ષ ૨૦૦૧ પછી રાજ્યમાં આધુનિક સુવિધા સાથેની શાળાઓ છે. જેમાં પીવાનું પાણી, શૌચાલય અને અનેક માળખાકીય સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. અમારા મિત્ર શ્રી ધવલસિંહ કહે છે કે કૉંગ્રેસના રાજમાં બાળકો ઝાડ નીચે ભણતાં હતાં અને આદિવાસી વિસ્તારમાં તો કોઇ વ્યવસ્થા જ નહોતી અને અત્યારે ગરીબ અને પછાત વિસ્તારોમાં પણ બાળકો સારી રીતે ભણી શકે છે અને વિદ્યાર્થી ઉપરાંત ભણાવનાર શિક્ષકોને પણ ભણાવવાનું મન થાય એવું સુંદર વાતાવરણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઉપલબ્ધ છે. આથી જ માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય શિક્ષણમંત્રીશ્રી અભિનંદનને પાત્ર છે. હું વિગતવાર ચર્ચા કરું તો, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એમના શાસનકાળમાં કન્યા કેળવણી ઉપર વધારે ધ્યાન આપ્યું હતું અને એ માટે કન્યાકેળવણી રથયાત્રા કાર્યક્રમ હોય, પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ હોય, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ કાર્યક્રમ હોય અથવા તો શિક્ષકોની બદલીનું પોર્ટલ હોય આ બધા જ કાર્યક્રમો પાછળ રૂ. ૨૦૩.૪૮ લાખનો ખર્ચ થયેલ છે અને આ યોજના નીચે વધુમાં વધુ કન્યાઓ શાળામાં પ્રવેશ લે, વિદ્યાર્થી વીમા યોજના અમલમાં આવે, પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવારની સુવિધા મળે આ બધા જ કાર્યક્રમો પાછળ અંદાજિત રૂ. ૭૧૮૯.૧૬ લાખનો ખર્ચ થયેલ છે. એ જ રીતે, 'ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ 'ની કલમ-૧૨(૧)સી મુજબ વંચિત જૂથનાં બાળકોને શાળાઓમાં વિનામૂલ્યે પ્રવેશ મળે એ માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૨૨-૨૩ સુધી આર.ટી.ઇ. યોજના હેઠળ સરકારશ્રીએ રૂ. ૫૪૫૬૬.૭૫ લાખનો ખર્ચ કરેલ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે એમાં માંગણી ક્રમાંક-૧૩ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સની માંગણી પર મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં અમે રાજનીતિના પાઠ દેસાઇ પરિવારમાંથી શીખ્યા છીએ અને આજે નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ પૂરક માંગણીઓ લઇને આવ્યા છે એના પર બોલવા માટેનો મોકો મળ્યો છે ત્યારે હું શ્રી મોરારજીભાઇ દેસાઇને યાદ કરું છું. વર્ષ ૧૯૭૧ અને એના પછીના શાસનકાળમાં ખેડૂતોને આપવામાં આવતી વીજળીની પરિસ્થિતિ જોયેલી હતી અને આજે પણ જોઇ રહ્યા છીએ. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની ભારતીય જનતા પાર્ટીની સરકાર જે ખેડૂતો માટે કામ કરી રહી છે એ અભિનંદનને પાત્ર છે. ખેડૂતોને આપવામાં આવતી વીજળીના દર આયોગ નક્કી કરતું હોય છે અને એની ઉપર સરકાર જે સબસિડી આપે છે એમાં ખેડૂતોને રાહત આપવામાં આવતી હોય છે ત્યારે સરકારશ્રીએ ગ્રાહકો માટે હોર્સ પાવર આધારિત વીજળીના દર મીટર વગરના ૬૬૫ લાખ પ્રતિ વર્ષ હોર્સપાવર મુજબનું બિલ ભરવાનું નક્કી કર્યું હતું અને બાકીની જે સબસિડીઓ હોય છે એ રાજ્ય સરકાર ગુજરાત ઊર્જા વિકાસ નિગમ મારફત આયોગને આપતી હોય છે. જે કૃષિ વીજ જોડાણો મીટર આધારિત છે એના ચાર્જમાં પણ ઘટાડો કરવાનો નિર્ણય માનનીય ઊર્જામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહની સામે એ રજૂ કરવા માટેનો પ્રયત્ન કરું છું કે, પહેલા જે ૭.૫ હોર્સ પાવરના દર હતા એ દર રૂપિયા ૨૦/- લેખે હોર્સ પાવરના હતા પછી નવા દર પ્રમાણે એ દરમાં જે ફેરફાર કર્યો છે એમાં રૂપિયા ૧૦/-નો ઘટાડો કરીને ૫૦ ટકાનો ઘટાડો આ રાજ્ય સરકાર અને આપણી સૌની સરકારે કર્યો છે. જે

ખેડૂતો ૭.૫ હોર્સ પાવરથી વધારેની મોટર મીટરમાં ચલાવતા હોય એના માટે પહેલા જૂનો દર રૂપિયા ૨૦/- હતો અને નવા દરમાં એમાં ઘટાડો કરીને રૂપિયા ૫/-નો એટલે કે ૭૫ ટકાનો ઘટાડો આપણી રાજ્ય સરકારે, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે અને નાણામંત્રીશ્રીએ જયારે કર્યો છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મેં હમણાં જેમ વાત કરી તેમ, સબસિડી રાજ્ય સરકાર ભોગવે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ખેડૂતો માટેના જે જોડાણો આપ્યા છે અને રાજય સરકારે જે સબસિડી આપી છે તેમાં, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૬૦૦.૩૩ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૧૮૮૪.૭૦ કરોડ અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨૦૨૪.૬૯ કરોડ રૂપિયાની સબસિડી રાજ્ય સરકારે ખેડૂતોને આ ત્રણ વર્ષના ગાળામાં આપી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૧૯૪૬.૯૨ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે એમાં, ખેડૂતો માટે વધારાની પૂરક માગણી રૂપિયા ૫૭.૪૪ કરોડની એટલે કે, ખેડૂતો માટે વર્ષ ૨૦૨૩માં ટોટલ રૂપિયા ૨૦૦૪.૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહના નાણામંત્રીશ્રી, માનનીય કનુભાઇ દેસાઇજી જયારે નાગરિક અને પુરવઠા માટે માગણી નંબર-૨૨ લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરુ છું. જયારે આ પૂરક માગણીઓની વાત થઇ રહી હતી ત્યારે આશા હતી કે, નાગરિક પુરવઠામાં જયારે ગૃહિણીની મદદ કરવા માટેની વાત થઇ રહી છે ત્યારે આ બાબતમાં કોઇ કાપ દરખાસ્ત નહીં હોય પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જયારે એમાં પણ કાપ દરખાસ્ત મૂકવામાં આવી ત્યારે આ જ પ્રકારના કાર્યોના કારણે આ ગુજરાતમાં છેલ્લાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને એટલા માટે જ ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ની ચૂંટણીનું પરિણામ પણ કંઇક આવું આવ્યું છે.

**હમ 56 કે સિને કે સાથ 156 આયે હે,**
**આપ કતરા કતરા કર ભી સિર્ફ 17 મે સમાયે હે.**
**કુછ લોગ આયે થે ગુજરાત બહાર સે**
**ઇસ ગરવી ગુજરાત કી દિશા બદલને કા સપના લેકર,**
**લેકિન વો ભી પરાસ્ત હો કર રહે પાયે હે.**

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રાજ્યની ગૃહિણીઓ માટે એલ.પી.જી. બોટલને રીફીલિંગ કરાવવા વર્ષ ૨૦૨૨-૨૩માં વિનામૂલ્યે આ યોજના શરૂ કરવામાં આવેલી છે. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રૂપિયા ૪૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. મને કહેતા આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જયારે દરેક વિસ્તારમાં દરેક વર્ગ માટે કાર્ય કરવામાં આવે છે ત્યારે આ રાજ્યની ગૃહિણીઓના રસોડા સુધી પણ શું જરૂરિયાત છે? એની પણ રાજય સરકાર ચિંતા કરે છે ત્યારે આ યોજના અંતર્ગત લાભાર્થીઓને ઓકટોબર-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીના એક કવાર્ટરમાં એક અને જાન્યુઆરી-૨૦૨૩થી માર્ચ-૨૦૨૩ સુધીના કવાર્ટરમાં એક, એમ કુલ મળીને બે એલ.પી.જી. સિલિન્ડર રીફીલિંગ કરવાનું એમને મળવાપાત્ર થયું છે. આ યોજના અંતર્ગત ઓકટોબર-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં આ રાજયના કુલ ૨૯ લાખ જેટલા લાભાર્થીઓએ આનો લાભ મેળવેલ છે. તેમજ ચાલુ કવાર્ટરમાં જાન્યુઆરી-૨૦૨૩થી માર્ચ-૨૩ સુધીમાં રાજયના કુલ અંદાજિત ૨૧ લાખ જેટલા લાભાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવેલ છે. એ જ દિશામાં રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે રાજયને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ તમામ ૭૧ લાખ ૨૩ હજાર લાભાર્થીઓને વાર્ષિક, આખા વર્ષ દરમ્યાન આવતા બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળીના સમયમાં પણ એ લાભાર્થીઓને ખાદ્યતેલ પૂરું પાડવા માટેની યોજના શરૂ કરેલ છે. આ યોજના અંતર્ગત પહેલા કપાસિયા તેલ એક લીટર આપવામાં આવતું હતું, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી ડબલ રિફાઇન્ડ સિંગતેલ આ લાભાર્થીઓને પ્રોવાઇડ કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે રાજય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત ૭૧ લાખમાંથી ૭૦ લાખ એટલે કે ૯૯ ટકા લોકોએ આ યોજનાનો લાભ મેળવેલ છે. જેમાં ગયા વર્ષે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ લિટર જે સબસિડી આપવામાં આવતી હતી એમાં ૨૭ રૂપિયાનો વધારો કરીને ૯૭ રૂપિયા કરવામાં આવી છે. ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરના રાહત દરે સિંગતેલનું વિતરણ કરવામાં આવેલ છે.

એ જ રીતે વાજબી ભાવના દુકાનદારોને ૩ રૂપિયા કમિશન આપવામાં આવતું હતું એમાં ૨ રૂપિયાનો વધારો કરવામાં આવેલ છે. આવી જ રીતે અનેક વિભાગોમાં દરેક રીતે સાચા અર્થમાં લોકોની જરૂરિયાત શું છે એ જરૂરિયાતને પરિપૂર્ણ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે યોજના રૂપી સહાય, યોજના રૂપી લાભ લોકોના ઘર સુધી જરૂરતમંદ લોકોના ઘર સુધી પંહોચાડવાના પૂરેપૂરા પ્રયત્નો કર્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય લવીંગજીભાઇ. રાધનપુર.

શ્રી લવિંગજી મુ. સોલંકી(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના બીજા સત્રમાં માનનીય પ્રભારી મંત્રીશ્રી કૃષિ અંગેની માગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું એ પહેલા આ ૧૫મી વિધાનસભામાં પહેલીવાર મને બોલવાનો મોકો મળ્યો છે, એ બદલ હું આપનો અને ગૃહના નેતાનો અને માનનીય કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર માનીને મારી વાત આગળ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૨૦૨૨માં ખરીફ સીઝનમાં મગફળી, અડદ અને સોયાબીનને ટેકાના ભાવની યોજના હેઠળ ટેકાના ભાવે ખરીદી માટે સરકારશ્રી દ્વારા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગરને નોડલ એજન્સી તરીકે

નિમણૂક કરવામાં આવેલ. જયારે તુવેર, ચણા અને રાયડાના પાકની, ટેકાના ભાવની યોજના હેઠળ ટેકાના ભાવે ખરીદી માટે રાજય નોડલ એજન્સી તરીકે ગુજકોમાસોલની નિમણૂક કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, આપ બધા જાણો છો કે મારો રાધનપુર, સાંતલપુર અને સમી વિસ્તાર એ બોર્ડરનો વિસ્તાર છે. એ બિલકુલ રામ મોલ આધારિત, વરસાદ આધારિત ખેતી હતી. પરંતુ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અહીંયા જે કેનાલો માટે મહેનત કરી છે અને ઉપવાસ કરવા પડયા છે. કેન્દ્રની સરકાર ત્યાં કોંગ્રેસની હતી. નર્મદાની ઉંચાઇ વધારવાની મંજૂરી આપતા ન હતા, પણ ગુજરાતની જનતાના આશીર્વાદ અને ભારતની જનતાના આશીર્વાદ વર્ષ ૨૦૧૪માં મળ્યા અને જેવા વડાપ્રધાન બન્યા અને ૧૭માં દિવસે સરદાર સરોવર ડેમના દરવાજા ઉંચા થઇ ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એમને આ ગુજરાતની જનતા વતી ખૂબ અભિનંદન આપવાના છે. મારા પાટણ, બનાસકાંઠા, કચ્છ અને સૌરાષ્ટ્રને આખું હરિયાળું બનાવ્યું છે. એ બદલ એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. જે ડબલ એન્જિનની સરકાર છે અને ખેડૂતોના ભાવ જે ડબલ કરવાની વાત છે એ ડબલ નહીં, પણ દસ ગણા ભાવ મારા વિસ્તારમાં વધી ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં રામ આધારિત, વરસાદ આધારિત ખેતી હતી. એ વર્ષમાં રૂપિયા ૫૦ હજાર કે લાખની સિઝન આવે તો ખેડૂતો રાજી થતા હતા. એ વખતમાં પણ અત્યારે એક એક વિઘામાં થી એક એક લાખની આવક થાય છે. એ મોદી સાહેબનો પ્રતાપ છે એટલે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૧-૨૨માં ભારત સરકાર દ્વારા ટેકાના ભાવે પાકની ખરીદી માટે ભાવો પ્રતિ ક્વિન્ટલ નકકી કરાયા, એમાં મગફળી રૂ. ૫૫૫૦, અડદ રૂપિયા ૬૩૦૦, મગ રૂપિયા ૭૨૭૫, તુવેર રૂપિયા ૬૩૦૦, ચણા રૂપિયા ૫૨૩૦, ઉનાળું મગના ૭૨૭૫ રૂપિયા, આમાં વર્ષ ૨૦૨૧ દરમ્યાન ખરીફ અને રવી સિઝનમાં કુલ મળી ૩૫૮૨ કરોડથી વધુના મૂલ્યના મગફળી, અડદ, મગ, તુવેર, ચણા અને ઉનાળું મગના ૬૭૪૮૧૦ મેટ્રિક ટનથી વધુ જથ્થાની ટકાના ભાવે ખરીદી કરવામાં આવેલ છે. જેનો રાજયના ૩.૪૩ લાખથી વધુ ખેડૂતોને લાભ મળેલ છે. પ્રધાનમંત્રી ફસલ વીમા અંતર્ગત બાકી ચૂકવણા કુલ ૮,૬૭,૧૭,૮૯૦૮ રૂપિયાની રકમની વર્ષ ૨૦૨૨-૨૩માં જરૂરિયાત છે. તેમજ કુલ રૂ. ૬૬૯૦૧.૧૯ લાખના સુધારેલ અંદાજો રજૂ કરેલા છે. જેથી કરીને ૬૬૪૬૮.૧૬ લાખની વધારાની રકમની જરૂરિયાત ઊભી થાય તેમ છે. જેની આ પૂરક માગણી રજૂ કરેલી છે તેને હું સમર્થન આપું છું.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ**(**દહેગામ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી ક્રમાંક-૯ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૪૩૬૫૧ કરોડની જોગવાઇ કરેલ છે. રાજય સરકાર દ્વારા ગુજરાતના યુવા વર્ગને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવા વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે. એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ અંતર્ગત અતિ જરૂરિયાતમંદ ૭ કેટેગરી જેવી કે ૫૦ ટકાથી ઓછી મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ, શહીદ જવાનોના સંતાનો, શ્રમિક વાલીઓનાં બાળકો, ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વાલીઓનાં બાળકો, વિધવા મહિલાઓનાં બાળકો, ડિવોર્સીસ/ત્યકતા મહિલાનાં બાળકો અને અનાથ બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં અત્યાર સુધીમાં કુલ ૯૯૮ વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૧૧૩૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૩૬૧૨ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૬૦૯ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આજ દિન સુધીમાં ૫૨૯૩૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૭૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૦૩,૯૧૯ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૭૮૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત ઇક્વિટી, એકસેસ અને એક્સલન્સને આધારસ્તંભ રાખી યુનિવર્સિટી/કોલેજોના ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, ઇક્વિટી ઇનિશીએટીવ, ઇક્વિટી ઓપર્ચ્યુનિટી સેલ અને ફેકલ્ટી ઇમ્પ્રુવમેન્ટ, વ્યવસાયલક્ષી શિક્ષણ જેવા વિવિધ કમ્પોનન્ટ અંતર્ગત રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે વ્યુહાત્મક અનુદાન ફાળવવામાં આવે છે. રૂસાના વોકેશનલાઇઝેશન ઓફ હાયર એજ્યુકેશન કમ્પોનન્ટ અંતર્ગત રાજ્યની ૬૯ કોલેજોના ૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૫૦થી વધુ વ્યવસાયલક્ષી કોર્સની તાલીમ પ્રાપ્ત કરી. રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન ગુજરાતે SKOCH Awards-૨૦૨૨માં એજ્યુકેશનની કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શોધ યોજના અંતર્ગત રાજ્યની માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં ફુલટાઇમ રેગ્યુલર મોડમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણાવત્તાયુક્ત સંશોધન પ્રતિ અભિમુખ કરવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં આજ દિન સુધીમાં ૧૯૨૧ વિદ્યાર્થીઓને રૂ. ૧૭.૧૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨૬૭૬ વિદ્યાર્થીઓને રૂ. ૫૨.૫૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેનું હું સમર્થન કરું છું પણ મારા દહેગામમાં કોલેજની ખૂબ આવશ્યકતા છે. એ બાબતે પણ આપ સાહેબનું ધ્યાન દોરું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું સમર્થન આપું છું. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોમાં મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના સંવેદનશીલ નેતૃત્વવાળી અમારી સરકારે રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીના ઘરમાં બે ટંક ભોજન મળી રહે તેના માટે સતત ચિંતા કરી છે અને કાળજી રાખી છે. રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ ૭૧,૦૦,૦૦૦થી વધુ રેશનકાર્ડ ધારકો અને ૩,૪૮,૦૦,૦૦૦ જેટલી જન સંખ્યાને રાજ્યની ૧૭,૦૦૦ કરતા વધુ વ્યાજબી ભાવની દુકાનોમાંથી દર મહિને અનાજ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. આજે મારે અન્ન સાથે જોડાયેલા કોરોનાકાળની વાત કરવી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે કોરોના કાળમાં ગરીબો માટે અનાજના ભંડાર ખુલ્લા મૂકીને કરોડો લોકોના જીવ બચાવ્યા હતા. જેથી ગુજરાતની જનતાના આશીર્વાદથી ગુજરાત વિધાનસભામાં છપ્પર ફાડકે-૧૫૬ વિધાયક દિયા હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પેપરની હેડલાઇનમાં ત્રણ પૂર્વોત્તર રાજ્યોની ચૂંટણીઓ ગઇ. દેશના ભ્રષ્ટાચારી લોકો કહે છે કે ‘ મર જા મોદી’ પરંતુ દેશવાસીઓ કહે છે કે ‘મત જા મોદી’ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના બાર માસ એટલે કે જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી જાહેર કરવામાં આવેલ, જે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને દર માસે વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવે છે. જેના માટે હું માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સાડા ત્રણ કરોડની જનસંખ્યા અને દેશની ૮૦ કરોડ જેટલી જનસંખ્યાને ઘઉં અને ચોખા જેવા પાયાના અનાજની કોઇપણ ચિંતા ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા કરવા દીધેલ નથી એ માટે હું ફરી એક વખત વડાપ્રધાનશ્રી મોદી સાહેબ તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર વ્યકત કરું છું. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો સન ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ તમામ અંત્યોદય કુટુંબોને પ્રતિ કુટુંબ ૧૫ કિલોગ્રામ ઘઉં અને ૨૦ કિલોગ્રામ ચોખા મળીને કુલ ૩૫ કિલોગ્રામ અનાજ તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને પ્રતિ વ્યકિત બે કિલો ઘઉં અને બે કિલો ચોખા કુલ મળીને ૪ કિલો અનાજ માહે જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ વાર્ષિક સમાવિષ્ટ વસતિની જરૂરિયાત મુજબ ૯ લાખ અને ૬૦હજાર મેટ્રિકટન ઘઉં અને ૧૩ લાખ ૮૦હજાર મેટ્રિક ટન મળી કુલ ૨૩ લાખ ૪૦હજાર મેટ્રિક ટન અનાજ આપવામાં આવે છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વર્ષ ૨૦૨૩-૨૪ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને સાથે જ કેટલીક યોજનાઓમાં જરૂરી સૂચનો કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા તા.૧-૫-૧૯૮૯થી રાજયમાં ગ્રામ પંચાયતોના વારીગૃહ માટે વીજદરમાં આંશિક રાહત આપેલ છે, પરંતુ આ રાહત અપૂરતી જણાતા અને ઘણી ગ્રામ પંચાયતની આર્થિક સ્થિતિ નબળી હોવાથી વીજ બિલો ભરી શકે તેમ ન હોવાથી વીજ કનેકશનો કપાઇ જતાં હતાં. ગ્રામજનોને પાણીની ગંભીર કટોકટીમાં મૂકાવું પડતું હતું. આને કારણે આંશીક રાહત આપી છે. વર્ષ ૧૯૯૬-૯૭માં રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારની નીતિ મુજબ તમામ ગ્રામ પંચાયતો અને સ્વૈચ્છિક સંસ્થાઓના વારીગૃહોને વિનામૂલ્યે વીજળી પૂરી પાડવાનું નક્કી કરેલ, આ નિર્ણયના પરિણામે ગુજરાત વીજ ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને મહેસૂલી આવકમાં થતા નુકસાન માટે સમાંતરે લાગુ પડતા દરોના આધારે સબસિડી આપવામાં આવેલ છે. જેમાં ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂપિયા ૭૩૩.૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને રૂપિયા ૭૬.૭૩ કરોડની વધારાની પૂરક માગણી રજૂ કરી રૂપિયા ૮૧૦.૩૧ કરોડની જોગવાઇ સુધારેલા અંદાજમાં કરવામાં આવી છે. આવી જ પરિસ્થિતિનું નિર્માણ રાજયની નગરપાલિકાઓમાં થયું છે. મારા વિસ્તાર ડભોઇમાંથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી તરફ રસ્તો જાય છે એ સ્ટેટ હાઇવેનો રસ્તો છે. એની ઉપરની સ્ટ્રીટ લાઇટોનું બિલ નગરપાલિકાએ ભરવાનું થાય. નગરપાલિકા એમ પણ આર્થિક રીતે ખૂબ જ તકલીફમાં છે અને વારંવાર નગરપાલિકાના જોડાણો કાપી નાંખવામાં આવે છે. જે રસ્તો સ્ટેટ હાઇવેનો હોય અને એની ઉપરની લાઇટો હોય તો એ લાઇટોનું બિલ આર એન્ડ બી વિભાગે ભરવું જોઇએ કારણ કે લાઇટો એમણે નાખી, રસ્તો એમણે બનાવ્યો, મેઇન્ટેનન્સ એ લોકો કરતા હોય ત્યારે લાઇટ બિલ ફકત નગરપાલિકા ઉપર આવતું હોય એના લીધે લગભગ ૨૫ ટકા જેટલું બર્ડન નગરપાલિકા ઉપર વધે છે અને મારી તો માગણી છે કે જે રીતે પંચાયતોને મફત વીજળી આપવામાં આવે છે,(અંતરાય ) નગરપાલિકાઓને પણ વારીગૃહો ચલાવવા માટે વીજળીમાં રાહત આપવી જોઇએ એવું અમારું સ્પષ્ટ માનવું છે. મોદી સાહેબે કિસાન સૂર્યોદય યોજના તા.૨૪-૧૦-૨૦૨૦માં રજૂ કરી એનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને દિવસે વીજળી આપવાનો હતો. દિવસે જે વીજળી સવારે ૫-૦૦થી ૯-૦૦ના ગાળામાં આઠ કલાક વીજળી આપવી જોઇએ એ વીજળી કોઇકને કોઇક કારણસર મળતી નથી એટલે ખેડૂતો આજે પણ બૂમો પાડે છે. મેં મંત્રીશ્રીને પણ ગઇ વિધાનસભામાં રજૂઆત કરી હતી. આજે પણ કહું છું કે, ખેડૂતો માટે દિવસે વીજળી મળે. કેમ કે આની પાછળનાં કારણો જોઇએ તો દીપડાનો ત્રાસ, જીવ-જંતુનો ત્રાસ

અને શિયાળામાં ઠંડીમાં ખેડૂતોને ત્રાસ ન પડે એના માટે છે ત્યારે દિવસે વીજળી જે છેવાડાના ગામો છે, ડુંગરાળ અને અંતરિયાળ ગામો છે એને આપવી જોઇએ એવી જી.ઇ.બી.ને સૂચના આપવી જોઇએ. આજે જમાનો ગ્રીન એનર્જીનો છે. સોલાર સિસ્ટમ દ્વારા વીજળી આપવાનો જમાનો છે. ગામડામાં ખરાબાની જમીન છે એ જમીન ઉપર સોલાર પ્લાન્ટ લગાવીને જ્યાં સબ સ્ટેશન હોય એની નજીકની જમીનો ઉપર સોલાર પ્લાન્ટ લગાવીને આ યોજનાનો લાભ ખેડૂતોને મળી શકે એવું કરવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા જે પૂરક માગણી લાવવામાં આવી છે એમાં મારાં થોડાં સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા ગૃહમાં ખૂબ મોટું રૂપિયા ૩ લાખ કરોડ કરતાં વધારેનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આજે રૂપિયા ૩૦ હજાર કરોડની પૂરક માગણીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી. એમાં કૃષિ, શિક્ષણ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, નાગરિક પુરવઠા અને સામાન્ય વહીવટ વિભાગની માગણીઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને આમાં કૃષિ વિશે મારે સૂચન રજૂ કરવાનું છે કે માનનીય મંત્રીશ્રી દ્વારા જે માગણીઓ કૃષિ વિભાગમાં રજૂ કરી છે એમાં હું સમર્થન કરવાનો જ છું પણ સાથોસાથ મારું સૂચન છે. મારા સાથી મિત્રે કહ્યું કે એમના મત વિસ્તારમાં દીપડાનો ત્રાસ છે એટલા માટે દિવસે વીજળી આપવામાં આવે. મારી પણ એ જ માગણી છે. ગુજરાતના ૩૩ જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે એવું મારું સૂચન છે. સાથોસાથ ખેડૂતોને એમાં ખાસ કરીને અમારા ભાવનગર અને બોટાદ વિસ્તારમાં ડુંગળીનું વાવેતર થતું હોય છે. આજે ખેડૂતોને બે રૂપિયા કરતાં વધારે ભાવ આવતો નથી. ડુંગળી અને બટેટાને ટેકાના ભાવમાં લેવામાં આવે એવું સૂચન છે. સાથોસાથ ગુજરાતના દરેક ખેડૂતનું દેવું છે એ અન્ય રાજ્ય કરતા વધુ છે. ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઇ ગયો છે તો આ દેવું સંપૂર્ણપણે માફ કરવામાં આવે. મારું છેલ્લું સૂચન છે કે, જ્યારે ગૃહમાં માનનીય મંત્રીશ્રી બજેટ રજૂ કરે કે પૂરક માગણીઓ રજૂ કરે ત્યારે દરેક ધારાસભ્ય અથવા ગૃહનાં સૂચનો લેવા જરૂરી હોય છે. બજેટ બનાવતા પહેલાં અને પૂરક માગણી રજૂ કરતા પહેલાં ધારાસભ્યશ્રીઓનાં સૂચનો લેવા એ ખાસ જરૂરી હોય છે. શિક્ષણમાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે સ્કૂલ ઓફ એક્સલન્સમાં ૪૦ હજાર કરતાં વધારે બજેટ ફાળવવામાં આવ્યું છે. એમાં સ્ટાફ ભરવાનો છે એ સરકારી ભરવામાં આવે, નહીં કે પ્રાઇવેટ. જો પ્રાઇવેટ ભરવામાં આવશે તો અને એનું સંચાલન કરવામાં આવશે તો બાળકો ઉપર આવનાર સમયમાં ગંભીર અસર પડશે. આભાર.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓના સંદર્ભમાં માનનીય શૈલેષભાઇએ જે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ઊર્જા વિભાગની પૂરક માગણીમાં કુલ ૩ માગણીઓ ૧૧,૧૩ અને ૧૪ છે. માનનીય ધારાસભ્યશ્રીએ ૩૩ અને ૩૪ નો ઉલ્લેખ કર્યો છે જે માગણી નં. ૧૪ સાથે સંબંધિત છે. જે આજે ચર્ચામાં નથી. પરંતુ આજે ચર્ચામાં માગણી નં. ૧૩, જે પૂરક માગણીના ખર્ચ પત્રકના બુક પાના નં. ૩૦ ઉપર દર્શાવેલ છે. આથી આંકડાઓમાં કોઇ વિસંગતતા નથી. ઓર્ડર ઓફ ધ ડે માં જે આંકડા રજૂ થયેલ છે એ યોગ્ય જ છે. માત્ર ૩૪ પાના ઉપર વિશેષ નોંધ-૨ માં છેલ્લી લીટીમાં ૯૯૭૯.૯૯ કરોડના બદલે ૯૯૭૯.૯૯ લાખ હોવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજની પૂરક માગણીઓના સંદર્ભમાં ગૃહના સન્માનનીય કોંગ્રેસના શ્રી અમિતભાઇ, ડો. સી. જે. ચાવડા સાહેબ અને ખાસ કરીને શ્રી અર્જુનભાઇએ કાપ દરખાસ્ત રજૂ કરી અને સાથે સાથે આમ આદમી પાર્ટીના શ્રી ઉમેશભાઇએ પણ એમના વિચારો રજૂ કર્યા. અમારા ભારતીય જનતા પાર્ટી તરફથી શ્રી હીરાભાઇ સોલંકી, શ્રી માનસિંહભાઇ, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શ્રી ભગવાનભાઇ બારડ, શ્રી લવિંગજી ઠાકોર, શ્રીમતી માલતીબેન મહેશ્વરી, શ્રી બલરાજભાઇ ચૌહાણ, શ્રી શામજીભાઇ ચૌહાણ અને શ્રી શૈલેષભાઇએ પણ પોતાના વિચારો રજૂ કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ કૃષિ, શિક્ષણ, ઊર્જા, સામાન્ય વહિવટ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગની પૂરક માગણીઓની ચર્ચામાં ઉપર્યુક્ત ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો, અવલોકનો અને સૂચનો રજૂ કરેલ છે જેની મેં નોંધ લીધી છે અને હું તેમનો આભાર પણ વ્યક્ત કરું છું. લોકશાહીના મંદિરમાં પ્રજા હિતના માટે આ પ્રકારની ચર્ચા આવકારદાયક છે અને આ સન્માનીય ગૃહમાં વર્ષ ૨૦૨૨-૨૩ ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ઠ પૂરક માગણીઓ પૈકી ચર્ચા માટે હાથ ધરાયેલ પૂરક માગણી ક્રમાંક ૨, ૯, ૧૩, ૨૨ અને ૩૩ પસાર કરવા હું અનુરોધ કરું છું. આ સન્માનીય ગૃહમાં રજૂ થયેલ પૂરક માગણીઓ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અપેક્ષિત વધારાના ખર્ચ માટે જરૂરી હોઇ રજૂ કરવામાં આવેલ છે. તેમજ પૂરક માગણીઓ પ્રમાણે જોઇએ તો પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના માટેની સહાય, ખેડૂતલક્ષી સહાયક યોજનાઓ તેમજ રાજ્ય કૃષિ યુનિર્સિટીને સહાયક અનુદાન રાજ્યના આર્થિક વિકાસને સુનિશ્ચિત કરવા માટે ખેડૂતોને સસ્તા દરે વીજ પુરવઠો મળી રહે તેમજ બળતણ ખર્ચમાં થયેલ વધારાના કારણસર રાજ્યના પ્રાથમિક શિક્ષકોને વય નિવૃત્તિના વિવિધ લાભો તેમજ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટેની વિવિધ યોજનાઓના કારણસર વધારાનો ખર્ચ થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પાત્રતા ધરાવતા પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. સન ૨૦૨૨-૨૩માં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાષ્ટ્રના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ ૭૧ લાખ કુટુંબની ૩ કરોડ ૪૭ લાખ જનતાને પ્રતિ વ્યક્તિ પાંચ કિલો મુજબ અનાજનું

વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે જે માટે રાજ્ય સરકારને આવશ્યકતા મુજબ ૮૪ કરોડ ૭૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવો જરૂરી છે. રાજ્યના જરૂરિયાત ધરાવતા કુટુંબોને ભારત સરકાર તરફથી મળવાપત્ર ઘઉં અને ચોખા સિવાય પણ રાજ્ય સરકાર પોતાની યોજનાઓ દ્વારા લાભાર્થીઓને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર અને અન્ય આવશ્યક ચીજ-વસ્તુઓ રાહત દરે મળી રહે એ માટે ચિંતા કરીને દર માસે ઘઉં અને ચોખાની સાથો સાથ તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું તથા વર્ષમાં બે વાર તહેવારો દરમ્યાન ખાદ્યતેલ તેમજ વધારાની ખાંડનું પણ વિતરણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારે જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમ્યાન ૭૧ લાખ એન.એફ.એસ.એ. કાર્ડ હોલ્ડરને કાર્ડ દીઠ ૧ લિટર પ્રમાણે રૂપિયા ૧૦૦ ના રાહત દરે કપાસિયા તેલના બદલે ડબલ ફિલ્ટર સિંગતેલનું વિતરણ કરેલ છે અને ડિસેમ્બર ૨૦૨૨ અંતિત ૧૩૮ લાખ ૧ લિટરના પાઉચનું વિતરણ કરેલ. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના તમામ લાભાર્થીઓને તથા રાજ્ય સરકારની પી.એન.જી. અને એલ.પી.જી. સહાય યોજનાના લાભાર્થીઓને ખાસ કરીને ગૃહીણીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને બે એલ.પી.જી. સિલિન્ડર વિનામૂલ્યે રીફીલિંગ કરી આપવા માટે સરકારે નિર્ણય કર્યો હતો અને એના માટે રૂપિયા ૪૫૩ કરોડનો વધારાનો ખર્ચ થયેલ હતો. રાજ્યમાં પાત્રતા ધરાવતા પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘટાડેલા દરે અનાજ, ડબલ ફિલ્ટર સર્ટિફાઇડ મીઠું, ખાંડ, ચણા, ખાદ્યતેલ જેવી ઉપયોગી અને વધારે પોષક સામગ્રી પૂરી પાડવામાં આવેલ છે. પોષણલક્ષી યોજનાઓ માટે જોગવાઇ કરતા આવશ્યકતાને ધ્યાને લઇને વધારે ખર્ચ કરવો જરૂરી હોય છે જેના માટે આ ગૃહના તમામ સન્માનીય સભ્યો સંમત થશે એવી મને ચોક્કસ ખાતરી છે. આજે ખાસ કરીને વીજળી બાબતની કપાતમાં આજે રાજયમાં વ્યક્તિદીઠ વીજ વપરાશ સમગ્ર દેશના વીજ વપરાશ કરતા ગુજરાતનો વ્યક્તિદીઠ વીજ વપરાશ ડબલ છે. લગભગ બમણો છે. રાજયના નાગરિકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે વીજ વિતરણની ચાર કંપનીઓમાંથી ઓછા ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ માટે વર્ષ ૨૦૧૩થી આપણી બધી વીજ કંપનીઓને પર્ફોર્મન્સ યુટિલિટી એ પ્લસ રેટિંગ ભારત સરકાર દ્વારા આપવામાં આવ્યો છે, જે ગૌરવની વાત છે. સરકાર દ્વારા રાજયના ૧૯ લાખ કરતા વધારે ખેડૂતોને દરરોજ વીજ પુરવઠો પૂરો પાડવા માટે અંદાજે રૂપિયા ૯૩૦૦ કરોડ કરતા પણ વધારે વીજ સબસિડીરૂપે વહન કરવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે ડોમેસ્ટિક કોલસાની અછત વૈશ્વિક કક્ષાએ આયાતી કોલસા અને ગેસના વપરાશમાં સતત વધારાને કારણે બળતણ ખર્ચને વિપરીત અસર થઇ છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ સરકારે રાજયના ખેડૂતોને અને અન્ય વીજ ગ્રાહકોને પુરવઠો સતત પૂરો પાડેલ છે. આવા સંજોગોમાં જોગવાઇ કરતા વધારે ખર્ચ સ્વીકારની બાબત ગણવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર પ્રધાનમંત્રી કુસુમ યોજના, કિસાન સૂર્યોદય યોજના દ્વારા રાજયના ખેડૂતોને મહત્તમ લાભ મળે એ માટે પ્રયત્નશીલ છે. મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બિલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ૫૦ થી ૭૫ ટકા ધરખમ ઘટાડો કરવામાં આવેલ છે. જેના કારણે રાજયના ૧૪ લાખથી વધારે મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બિલમાં વાર્ષિક રૂ. ૨૬૦ કરોડ જેટલી રાહત થશે. રાજય સરકાર દ્વારા ૨૦૨૨-૨૩માં રાજયના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૧૦૨૧.૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી, જેમાં અંદાજે ૬૩૦૦૦ ખેડૂતોને નવા કૃષિ વિષયક જોડાણો આપવા આયોજન કર્યું હતું, પરંતુ રાજય સરકાર દ્વારા નવા કૃષિ વિષયક જોડાણો માટેની તમામ પડતર અરજીઓ ચાલુ વર્ષ દરમિયાન ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં નિકાલ કરવાની સૂચના આપેલ. જેના અનુસંધાને અત્યાર સુધીમાં અંદાજિત ૧૩૭૦ કરોડના ખર્ચે જૂન-૨૦૨૨ સુધીના તમામ વીજ જોડાણો આપી દેવામાં આવેલ છે. એ નોંધવાનું જરૂરી છે કે એક વીજ જોડાણ પાછળનો ખર્ચ છે એ રૂપિયા ૧,૬૦,૦૦૦ જેટલો થાય છે જયારે આપણે ખેડૂતો પાસેથી ફક્ત ૧૦ ટકાથી પણ ઓછા પૈસા વસૂલ કરીએ છીએ. શિક્ષણ વિભાગની વાત કરીએ તો રાજયના દરેક બાળકને પાયાનું શિક્ષણ મળી રહે ત્યારે આ માધ્યમિક શિક્ષણ અને તેના વ્યક્તિત્વ અનુસાર ઉચ્ચ શિક્ષણ મળી રહે તેની સંપૂર્ણ વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે. આથી આ વિભાગ માટે સૌથી વધુ બજેટ જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આપણા શ્રી અર્જુનભાઇએ પણ તેની મુલાકાત લીધી છે. વીડિયો હોલના માધ્યમથી લાઇવ ડેટા રેટિંગ કોમ્યુનિકેશનથી સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે તથા રીયલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા સમગ્ર શિક્ષા યોજના, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ, સ્કૂલ ઓફ વીન પ્રોજેક્ટ, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ટ્રાન્સપોર્ટેશન સુવિધા, સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઇનોવેશન પોલિસી જેવી અનેક યોજનાઓ વિદ્યાર્થીઓના લાભાર્થે ચલાવવામાં આવે છે. સ્કૂલ ઓફ એક્સેલન્સના અમલ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૧૯૨૨ વર્ગખંડોના બાંધકામ, ૩૦૮૨૨ વર્ગખંડોના રિપેરિંગ, રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવેલી છે તેમજ રાજયમાં કુલ ૨૦૨૨-૨૩ દરમિયાન ૫૩૪૩૭ સ્માર્ટ કલાસ અને ૬૦૩૭ કોમ્પ્યુટર લેબ વિકસાવવામાં આવેલ છે. એના માટે રૂપિયા ૯૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ વર્ષે સરકારે સાતમા પગારપંચનાં ઘણાં બધાં ભથ્થાઓ જેવા કે ઘરભાડાં ભથ્થું, વાહન ભથ્થું, સી.એલ.એ. મેડિકલ એલાઉન્સ વગેરે કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે આપ્યા છે. જેને કારણે કર્મચારીઓના પગારમાં પણ વધારો થયો છે. આથી દરેક વિભાગના પગાર ભથ્થાની નિયત જોગવાઇઓમાં પણ વધારો થાય એ સ્વાભાવિક છે. શિક્ષણ વિભાગમાં શિક્ષકો અને કર્મચારીઓની વિશાળ સંખ્યા હોવાથી આ વિભાગમાં પગાર ભથ્થાની જોગવાઇમાં વિશેષ વધારો થયેલ છે. ગુજરાતે કૃષિ અને કૃષિ સંલગ્નક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ખેડૂતોના અથાગ પરિશ્રમ સરકારના ઝડપી અને પરિણામલક્ષી અને ખેડૂતલક્ષી નિર્ણયોના લીધે નવા આયામો પ્રસ્થાપિત કર્યા છે. ગુજરાત રાજયે કૃષિક્ષેત્રે ક્રાંતિકારી એક આગવી ઓળખ ઊભી કરી છે. સેન્ટર ઓફ

એક્સેલન્સ દ્વારા અદ્યતન ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવા ઉપયોગી છે. જેમાં રક્ષિત ખેતી, ટપક સિંચાઇ પદ્ધિત, ફર્ટીગેશન અને અદ્યતન ધરુ ઉછેર તથા ખેડૂતોની આવક વધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ખેડૂતોને નવીનત્તમ ટેકનોલોજીનો લાભ મળે તે હેતુથી રાજ્યમાં સાત સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યરત છે. અત્યારે શ્રી ઉમેશભાઇએ રજૂઆત કરી અને ઘણા કિસાન ભાઇઓએ કાંદા અને બટાટાના વધુ ઉત્પાદનથી થયેલા ભાવના દબાણથી ખેડૂતોને રાહત મળે તે માટે સરકાર વિચાર કરી રહી છે અને તેનો નિર્ણય ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ખાસ કરીને આ વધારાની માગણીઓ આવા જે આકસ્મિક કામો આવે છે તેના લીધે જ કરવામાં આવે છે. એટલે આપણા સર્વે સભ્યો આ માગણીઓ પ્રત્યે પોતાનું વલણ ખેડૂતોની સંવેદનશીલતા પ્રત્યે રહે તેવી મારી નમ્ર વિનંતી છે. ચાલુ વર્ષે ડીઝલ વેટ રાહત પેટે માછીમારોને ૨૦૮ કરોડની સહાય ડીબીટી મારફત ચૂકવવામાં આવેલ છે. રાજ્યના ખેડૂતો દ્વારા સહકારી બેન્કો, આરઆરબી, રાષ્ટ્રીયકૃત બેન્કો તેમજ ખાનગી બેન્કોને ત્રણ લાખ સુધીનું ટૂંકી મુદતનું પાક ધિરાણ સમયસર પરત કરવાના કિસ્સામાં લોનનું વ્યાજ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા બેન્કોને વ્યાજ સહાય પેટે ચૂકવવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આમ, ખેડૂતલક્ષી સરકારી યોજનાઓ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓને સહાય અને અનુદાનના કારણોસર વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષની પૂરક માગણીઓમાં વધારો થયેલ છે. વહીવટીતંત્રના પાયારૂપ અધિકારીઓ રોજિંદી અને ખાસ કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડવા તેમનું બહુમાન કરવું આવશ્યક છે. કોરોના કાળને કારણે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ ન હોઇ પુરસ્કાર વિતરણ શક્ય બનેલ ન હતું. પરંતુ જિલ્લાના અધિકારીઓ આ પુરસ્કાર મેળવવાથી વંચિત ન રહે તે માટે આ વર્ષે એડીશનલ ઓથોરાઇઝેશન મેળવી આ પુરસ્કારોનું વિતરણ કરી જે તે જિલ્લાના કલેકટરશ્રી કે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ કરેલ વિશિષ્ટ કામગીરીનું બહુમાન કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે પ્રજાલક્ષી યોજનાઓનું જે ખાતમૂર્હુત કરીએ છીએ તેનું લોકાર્પણ પણ કરીએ છીએ. જે અમારી સરકારના ઝડપી અને પારદર્શક વહીવટનું ઉત્તમ ઉદાહરણ છે. રાજ્યના વિકાસ અને પ્રજાના હિતને સમર્પિત એવી અમારી સરકારે રાજ્યને વિકાસના પંથે અગ્રેસર રહેવા માટે પૂરક અંદાજપત્રમાં અંદાજોમાં વધારાની જોગવાઇ કરેલ છે. આમ, લોક કલ્યાણકારી યોજનાઓમાં વધારે ખર્ચ કરવાના અમારા ઉમદા હેતુઓને ધ્યાનમાં લઇ રાજ્યના સર્વસમાવેશી વિકાસમાં ભાગીદાર થવા માટે સન્માનનીય ધારાસભ્યશ્રીઓને રજૂ કરેલ કાપ દરખાસ્તો પાછી ખેંચવા માટે વિનંતી કરું છું અને તમામ માગણીઓ સર્વાનુમતે પસાર કરવા માટે અનુરોધ કરું છું. જય જય ગરવી ગુજરાત.

**પોઇન્ટ ઓફ ઇન્ફોર્મેશન**

**અધિકારી ગેલેરીમાં શિસ્ત જાળવવા બાબત**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફોર્મેશન છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી હાઉસની અંદર ઓફિસર્સ ગેલેરીની અંદર કોઇને કોઇ અધિકારી પગ ઉપર ચઢાવીને બેસતા હોય છે. ત્યારે આપના મારફત હું ધ્યાન દોરું છું અને આપ તેમાં કોઇ સૂચના આપો તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આમાંથી નામ સાથે આપના ધ્યાનમાં આવે છે કે કોણ પગ ઉપર પગ ચડાવીને બેઠું છે. નામ સાથે કહી શકાય એવું છે. માનનીય સભ્યશ્રીને વિનંતી કે, અહીં જે અધિકારીઓ બેઠેલા છે તે અત્યારે બેઠેલા હોય અથવા જો થોડીવાર પહેલાં બેઠા હોય તો તેમના નામનો ઉલ્લેખ પણ આપ કરી શકશો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, નામજોગ ખ્યાલ નથી પણ આની પહેલાં ....

અધ્યક્ષશ્રી : કઇ વાંધો નહીં આપ બેસો. આપ બેસો. અધિકારીશ્રીઓને મારી ખાસ વિનંતી છે કે, આપણે અહીં આવીએ છીએ ત્યારે આ ગૃહની અવમાનના થાય તેવું કોઇ કામ ન કરીએ. અહીં આપણે બેસવાની વ્યવસ્થા છે અને કોઇ બગાસું આવે તેવું લાગતું હોય તો બહાર નીકળી જઇએ. આપણે બેસવા માટે પગ ઉપર પગ નહીં ચડાવી શકીએ. મંત્રીશ્રી કે જે તે સભ્ય જયારે ચર્ચા કરતા હોય ત્યારે તે જગ્યા ઉપર આપનું ધ્યાન પણ કેન્દ્રિત રાખવું પડશે. બીજી વખત આવું ન થાય તેની ખાસ કાળજી રાખે. અહીં આવેલા અધિકારી જે તે કન્સર્ન અધિકારીને આ સૂચના પહોંચાડે તેવી વિનંતી.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૬, ૭, ૮ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૨, ૯, ૧૩, ૧૨ અને ૩૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**વિરામનો સમય ટૂંકાવવા અંગે.**

ડો. સી.જે. ચાવડા : (કોંગ્રેસ પક્ષના દંડક) માનનીય અધ્યક્ષશ્રી, વિરામ બાદ બિન સરકારી વિધેયક દાખલ કરવાનું છે એટલે વિરામનો સમય ટૂંકાવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય ટૂંકાવવાની ડો. સી.જે.ચાવડાની દરખાસ્તને હું ટેકો આપુ છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિરામનો સમય થયો છે ગૃહ ફરીથી ૨.૫૦ કલાકે મળશે.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે
દાખલ કરવાના બીન-સરકારી વિધેયકો
**( વિરામ બપોરના ૨.૨૨ થી ૨.૫૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**
**બિન સરકારી વિધેયકો**
**દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો**
**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

ગુજરાત રોજગારી બાંયધરી વિધેયક, ૨૦૨૩

ગુજરાત રાજયમાં કુશળ અથવા બિન-કુશળ કામ કરવા ઇચ્છતી તમામ વ્યકિતઓને રોજગારની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઇ કરવા માટેનું વિધેયક.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક –**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પુરતો ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ રદ કરવા બાબત વિધેયક.**

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૨૩નું વિધેયક**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૨૩**

**સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા અને આવું ગેરકાયદેસર પાણી ખેંચવા સામે અસરકારક કાયદો અધિનિયમિત કરવા બાબત વિધેયક**

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

તા. ૩જી માર્ચ, ૨૦૨૩

દાખલ કરવાના બીન-સરકારી વિધેયકો

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું વિધેયક**

**ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩**

**નાના કુટુંબ યોજના હેઠળ વંધ્યીકરણ કરાવેલ વ્યક્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટેનું વિધેયક**

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું વિધેયક**

**ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું વિધેયક**

**ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં નદીઓના શુદ્ધીકરણ માટે, નદીના પાણીના નિયંત્રણ, નિયમન, નિભાવ અને પુન:સ્થાપન માટેની તથા આરોગ્યપ્રદ પાણી માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક**

શ્રી અમિત શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ) વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

**ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં ખાનગી વાહનોના માલિકે કામે રાખેલા ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસ્ક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૪ શાકે

દાખલ કરવાના બીન-સરકારી વિધેયકો

શ્રી બાબુભાઈ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

**ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

શ્રી હર્ષદભાઈ ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી હર્ષદભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

**ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩**

**સરકાર દ્વારા સંચાલિત દેવસ્થાન અને તેની આસપાસના કેટલાક વિસ્તારના યોગ્ય, વ્યવસ્થિત અને ઝડપી વિકાસની યોજના, સંકલન અને દેખરેખના હેતુ માટે જેમાં ઘણા સ્થાનિક સત્તામંડળો હાલમાં તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં આવા મુદ્દા સાથે અલગ રીતે તજવીજ કરે છે તે માટે દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળની સ્થાપના અને ઉપરોક્ત હેતુ સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

**ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું ચૂકવવા અને તેની સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઈમરાન ખેડાવાલા: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩.૦૪ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૧૦.૦૦વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૪થી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શનિવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૩**

**ફાલ્ગુન ૧૩, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

શ્રી રાઘવજી હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ રાજયોમાં..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્નોત્તરીના સમયમાં નહીં કરી શકીએ.

શ્રી રાઘવજી હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમર્થન મળ્યું છે એ ગુજરાત માટે તો ગૌરવની વાત છે.

અધ્યક્ષશ્રી : ઠીક છે, આપ બેસો.

**તારાંકિત પ્રશ્નો**

**ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

*૮૬૪ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપ કરશે કેઃ

**Table 1**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૫૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૫૨.૪૭ લાખનો ખર્ચ થયો. |

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા વીજ જોડાણ આપવા માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના શું છે ? આ યોજના હેઠળ નવું વીજ જોડાણ મેળવવાની શું કાર્યવાહી છે? લાભાર્થીઓને નવાં વીજ જોડાણ માટે શું નાણાં ભરપાઇ કરવાનાં થાય છે અને તેમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે શ્રી રાઘવજીભાઇએ કહ્યું તેમ ભારતીય જનતા પાર્ટી દરેક સામાન્ય નાગરિકના ઘર સુધી પહોંચેલી છે અને દરેક નાગરિકો તેનો લાભ મેળવી રહ્યા છે ત્યારે રાજયના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ઘર-વપરાશ તેમજ ખેતીવાડીના હેતુ માટે નવા વીજ જોડાણો અગ્રતાના ધોરણે અને રાહત દરે આપવા માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અમલમાં છે. જેમાં ઘર-વપરાશના વીજ જોડાણો બિલકુલ નિઃશુલ્ક એટલે કે મફત અને ખેતીવાડીના વીજ જોડાણો અત્યંત રાહત દરે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘર વપરાશનું વીજ જોડાણ લેવા માટે અરજદારે નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરીને ફોર્મની સાથે ઓળખ અને રહેઠાણના પૂરાવા તેમજ જાતિનું પ્રમાણપત્ર સામેલ કરીને અરજી કરવાની રહે છે. ત્યારબાદ વીજ કંપની દ્વારા વીજ જોડાણ આપવા માટેની કાર્યવાહી પૂર્ણ કરીને વીજ જોડાણ આપવામાં આવે છે. વીજ જોડાણ માટે વીજ લાઇન ઊભી કરવાની થતી હોય તો તેના કે અન્ય કોઇપણ પ્રકારના ચાર્જ અરજદારે ભરપાઇ કરવાના રહેતાં નથી પરંતુ તમામ ખર્ચ સરકાર દ્વારા અનુસૂચિત પેટા જાતિ યોજના હેઠળ ફાળવવામાં આવે છે. અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ઘર-વપરાશનું જોડાણ મેળવવા માટે કોઇ આવક-મર્યાદાની જરૂર નથી. અનુસૂચિત પેટા જાતિ યોજના હેઠળ ખેતીવાડીનું નવું વીજ જોડાણ મેળવવા જરૂરી પૂરતા પૂરાવાઓ અને પ્રમાણપત્રની સાથે અરજી કરવાની રહે છે અને ત્યાર બાદ વીજ જોડાણ આપવા માટેની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ખેડૂતને નવા વીજ જોડાણ વિશે એસ્ટીમેટમાં મોટા પ્રમાણમાં રાહત આપવામાં આવે છે. એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપની અંદાજીત ૧ લાખ ૬૦ હજાર જેટલો ખર્ચ કરે છે પરંતુ ખેડૂતોને નવા વીજ વિષયક જોડાણ માટે મામૂલી રકમ ભરવાની થાય છે અને તફાવતનો તમામ ખર્ચ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. અનુસૂચિત જાતિના ખેડૂતે નોંધણી ફી, એગ્રીમેન્ટ ચાર્જ, કેસ રિપોર્ટ, લોટ પ્રમાણે ડિપોઝિટનાં નાણાં ભરપાઇ કરવાનાં રહે છે. સામાન્ય યોજના હેઠળ ખેડૂતોએ ઉપરોકત ફિક્સ ચાર્જ ભરવાનો થાય છે પરંતુ અનુસૂચિત જાતિના ખેડૂતોએ ફિક્સ ચાર્જ ભરવાનો રહેતો નથી. ઉદાહરણ તરીકે ૫ હોર્સ પાવરના જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ રૂપિયા ૭૮૭૫ ભરવાના થાય છે અને અનુસૂચિત જાતિના ખેડૂતે ફકત ૧૩૫૫ રૂપિયા ભરવાના થાય છે તે જ રીતે ૧૦ હોર્સ પાવરના જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ ૧૪,૧૯૦ રૂપિયા ભરવાના થાય છે અને અનુસૂચિત જાતિના ખેડૂતે ફકત ૨૧૯૦ રૂપિયા ભરવાના થાય છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય ઊર્જા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલાં અનુસૂચિત જાતિના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે ? અને તે માટે કેટલો ખર્ચ થયેલ છે ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જયંતિભાઇએ પૂછેલા સવાલના જવાબમાં કહેવાનું કે તા. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાઇઝ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧માં ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં એક વીજ જોડાણ રૂ.૧,૩૨,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે. ગાંધીનગર તાલુકામાં એક વીજ જોડાણ રૂ.૧,૯૬,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે. આમ, કુલ બે વીજ જોડાણ રૂ.૩,૨૮,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨માં દહેગામમાં પાંચ વીજ જોડાણ રૂ.૧૦,૪૧,૦૦૦ના ખર્ચે, ગાંધીનગરમાં એક વીજ જોડાણ રૂ.૨,૦૪,૦૦૦ના ખર્ચે અને કલોલમાં એક વીજ જોડાણ રૂ.૩,૦૪,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે. આમ, કુલ ૭ વીજ જોડાણ રૂ.૧૫,૪૯,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં સમગ્ર જિલ્લામાં કુલ ૯ વીજ જોડાણો રૂ.૧૮,૭૭,૦૦૦ના ખર્ચે આપવામાં આવેલ છે.

### અમદાવાદ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૯૫૨ **શ્રીમતી કંચનબેન રાદડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૭૬૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૪૧.૫૦ લાખનો ખર્ચ થયો. |

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સદનમાં મને બોલવાની પ્રથમ તક આપી તે બદલ હું આપનો આભાર માનું છું. હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના નવા વીજ જોડાણ આપવા માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના શું છે? આ યોજના હેઠળ નવા વીજ જોડાણો મેળવવા માટેની કાર્યવાહી શું છે? આ લાભાર્થીઓએ નવા વીજ જોડાણ પેટે કેટલાં નાણાં ભરપાઇ કરવાનાં થાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે તેમાં ગુજરાત સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજનાને લાગુ પડે છે. રાજ્યના કોઇ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના નવા વીજ જોડાણો નિ:શુલ્કઆપવા માટે રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અમલમાં છે. ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણ માટે ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા પંચાયત કચેરીમાં અને શહેરી વિસ્તારના લાભાર્થીઓને નગરપાલિકામાં અરજી કરવાની હોય છે. ત્યારબાદ નોંધાયેલ અરજીઓની યાદી માટે તાલુકા પંચાયત / નગરપાલિકા દ્વારા વીજ જોડાણો આપવા માટેની ભલામણ કરવામાં આવશે અને વીજ વિતરણ કંપની સંલગ્ન ક્ષેત્રીય કચેરીને મોકલી આપવામાં આવશે. ત્યારબાદ અરજદારે વીજ કંપનીના નવા વીજ જોડાણ માટેના નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. તેમાં ઓળખનો દાખલો, જાતિનો પૂરાવો, આવકનો દાખલો આપી વીજ કંપનીની સંલગ્ન કચેરીમાં જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ વીજ કંપની દ્વારા વીજ જોડાણ આપવાની કાર્યવાહી પૂર્ણ કરીને વીજ જોડાણ આપવામાં આવે છે. અરજદારે વીજ લાઇન ઊભી કરવાની થતી હોય તો એનો કોઇ પણ ચાર્જ અરજદારે ભરવાનો રહેતો નથી પરંતુ તમામ ખર્ચ સરકાર દ્વારા ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ ફાળવવામાં આવે છે. રાજ્યના તમામ વિસ્તારના કોઇ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થી પૈકી શહેરી વિસ્તારના રૂ.૧,૫૦,૦૦૦ સુધીની આવક ધરાવતા લાભાર્થી અને ગ્રામ્ય વિસ્તારના રૂ.૧,૨૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓ આ યોજના હેઠળ ઘર વપરાશ માટે વીજ જોડાણ મેળવી શકે છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ઝૂંપડા વીજળીકરણ યોજનાને લગતો છે. ગુજરાત રાજ્યમાં માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય અમિતભાઇએ જે ગરીબલક્ષી યોજનાઓ કરી અને રાજનીતિને ગરીબલક્ષી ચિત્ર આપ્યું એના કારણે આજે સમગ્ર દેશમાં જબરજસ્ત માહોલ બન્યો છે અને એના કારણે એમના નેતૃત્વમાં નોર્થ-ઇસ્ટમાં પણ ત્રણ રાજ્યોની ચૂંટણી થઇ અને ત્યાં માનનીય નરેન્દ્રભાઇ અને અમિતભાઇના નેતૃત્વમાં ભગવાનો ભવ્ય વિજય થયો.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી અમિત ઠાકર : ગુજરાત એટલે વેસ્ટ અને ત્રણ રાજ્યો એટલે ઇસ્ટ એટલા માટે કહી શકાય કે, 'East or West, Modiji and Amitji is best.'

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન ઉપર આવી જાવ.

## તા. ૪થી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને નિ:શુલ્ક ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવેલ છે? તે માટે કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં આપવામાં આવેલ નિઃશુલ્ક ઘર વપરાશના વીજ જોડાણો અને તે માટે થયેલા ખર્ચની વિગતો નીચે મુજબ છે.

બાવળા તાલુકામાં ૨૫૮ વીજ જોડાણ સામે રૂ. ૯ લાખ ૪ હજાર ખર્ચ, દસક્રોઈ તાલુકામાં ૨૨૭ વીજ જોડાણ સામે રૂ.૧૬ લાખ ૪૬ હજાર ખર્ચ, દેત્રોજ તાલુકામાં ૨૧૧ વીજ જોડાણ સામે રૂ.૭ લાખ ૫૪ હજાર ખર્ચ, ધંધુકા તાલુકામાં ૩૨૭ વીજ જોડાણ સામે રૂ. ૧૨ લાખ ૨૫ હજાર ખર્ચ, ધોલેરા તાલુકામાં ૩૫૮ વીજ જોડાણ સામે રૂ.૧૭ લાખ ૬૯ હજાર ખર્ચ, ધોળકા તાલુકામાં ૪૩૪ વીજ જોડાણ સામે રૂ.૧૫ લાખ ૬૦ હજાર ખર્ચ, માંડલ તાલુકામાં ૪૦૭ વીજ જોડાણ સામે રૂ.૧૫ લાખ ૨૦ હજાર ખર્ચ, સાબરમતી તાલુકામાં ૨ વીજ જોડાણ સામે રૂ.૭ હજાર ખર્ચ, સાણંદ તાલુકામાં ૭૪૫ વીજ જોડાણ સામે રૂ.૩૭ લાખ ૫૮ હજાર ખર્ચ, વેજલપુર તાલુકામાં ૧૪ વીજ જોડાણ સામે રૂ.૪૫ હજાર ખર્ચ, વિરમગામ તાલુકામાં ૬૧૭ વીજ જોડાણ સામે રૂ.૨૨ લાખ ૬ હજાર ખર્ચ થયેલ છે. આમ, કુલ-૩૬૦૦ વીજ જોડાણ સામે રૂ.૧૫૪ લાખ ૪ હજારનો ખર્ચ વર્ષ-૨૦૨૧ની સ્થિતિએ થયેલો છે. વર્ષ-૨૦૨૨માં નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

બાવળા તાલુકામાં ૧૯૮ વીજ જોડાણ સામે રૂ.૬ લાખ ૯૩ હજાર ખર્ચ, દસ્ક્રોઈ તાલુકામાં ૭૨ વીજ જોડાણ સામે રૂ. ૫ લાખ ૪૮ હજાર ખર્ચ, દેત્રોજ તાલુકામાં ૨૭૦ વીજ જોડાણ સામે રૂ.૧૪ લાખ ૧૬ હજાર ખર્ચ, ધંધુકા તાલુકામાં ૭૧ વીજ જોડાણ સામે રૂ.૨ લાખ ૪૯ હજાર ખર્ચ, ધોલેરા તાલુકામાં ૧૬૭ વીજ જોડાણ સામે રૂ. ૯ લાખ ૫૫ હજાર ખર્ચ, ધોળકા તાલુકામાં ૩૧૨ વીજ જોડાણ સામે રૂ. ૧૦ લાખ ૯૨ હજાર ખર્ચ, માંડલ તાલુકામાં ૨૮૭ વીજ જોડાણ સામે રૂ.૧૦ લાખ ૨૭ હજાર ખર્ચ, સાબરમતી તાલુકામાં ૦ વીજ જોડાણ, સાણંદ તાલુકામાં ૪૨૪ વીજ જોડાણ સામે રૂ.૧૪ લાખ ૮૪ હજાર ખર્ચ, વેજલપુર તાલુકામાં ૩ વીજ જોડાણ સામે રૂ.૧૧ હજાર ખર્ચ, વિરમગામ તાલુકામાં ૩૬૩ વીજ જોડાણ સામે રૂ. ૧૨ લાખ ૭૧ હજાર ખર્ચ થયેલ છે. આમ કુલ-૨૧૬૭ વીજ જોડાણ સામે રૂ.૮૭ લાખ ૪૬ હજારનો ખર્ચ થયેલ છે.

અધ્યક્ષશ્રી : કોઈ પણ ધારાસભ્યશ્રીને તક આપું છું પણ માત્ર અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૫૭૬૭ લાભાર્થીઓને વીજળીકરણથી જી.ઈ.બી.ને રૂ.૨૪૧ કરોડનો ખર્ચ થયલ છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઘણા જિલ્લાઓ અને શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં વીજળીકરણ થાય છે પરંતુ કલેક્ટર અને કમિશનર પાસે કોઈ એન.ઓ.સી. લેતા નથી. ઘણી વખત વીજળીકરણ થયા પછી ઝૂંપડપટ્ટી તોડવામાં આવે છે. કલેક્ટર અને કમિશનર પાસેથી એન.ઓ.સી. લેવામાં આવે છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે. જ્યારે પણ આવી ઈલેક્ટ્રિસિટીની અરજી કરવામાં આવે છે ત્યારે જરૂરી દસ્તાવેજો સાથે બિડવાના હોય છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગ્રામ્ય વિસ્તારમાં ઝૂંપડામાં કાચું મકાન બનાવીને જે ગરીબો રહેતા હોય તેમને સરકાર તરફથી સી.સી રોડ, પાણીનું કનેક્શન જેવી સુવિધાઓ આપવામાં આવે, મકાનો બનાવી આપવામાં આવે પણ જ્યારે તેને ઘર વપરાશ માટે વીજ કનેક્શન લેવાનું હોય તે સમયે જી.ઈ.બી.વાળા ફરજિયાત આકારણીની આશા રાખતા હોય છે. તેમની પાસે રેગ્યુલર જગ્યા ન હોવાથી તલાટી દાખલો આપી શકતા નથી. આ તમામ યોજનાનો લાભ આપો છો તો સરકારી પડતરની જમીન આવતી હોય તો ઝૂંપડાવાળાને વીજ કનેક્શન આપવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગેનીબેનનો ખાસ આભાર કે એમણે કહ્યું કે, પાકા રસ્તા આપવામાં આવે છે, ઘર આપવામાં આવે છે પણ ફક્ત વીજ જોડાણની જે તકલીફ છે તે તકલીફ સંપૂર્ણ રીતે દૂર કરવામાં આવશે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ઘર વપરાશ વીજજોડાણો આપવા માટે વીજ કંપની દ્વારા શું પ્રયત્નો કરવામાં આવ્યા અને તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ પડતર છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ઘર વપરાશના વીજજોડાણ આપવા ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં સ્થળ પર જ અરજીઓ તેમજ જરૂરી દસ્તાવેજની ચકાસણી કરી વીજજોડાણ આપવામાં આવેલ. આ સાથે ઉત્તર ગુજરાત વીજ કંપની તરફથી ઘર વપરાશના વીજજોડાણ માટેની સરકારની ઝૂંપડા વીજળીકરણ જેવી યોજનાઓની માહિતી પણ આપવામાં આવેલ છે. જેથી મહત્તમ લોકોને લાભ મળી શકે. તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં એક પણ અરજી પડતર નથી.

## તારાંકિત પ્રશ્નો

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઝૂંપડા વીજળીકરણ યોજનામાં ફોર્મ ભરવામાં આવે છે ત્યારે ગામડામાં કે શહેરોમાં ગામતળમાં ગેરકાયદેસર રીતે લોકો રહે છે એને જ્યારે વીજળી આપવાની આવે ત્યારે નામદાર હાઇકોર્ટના આદેશ મુજબ રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર 'સરકાર કહેશે ત્યારે ઝૂંપડું ખાલી કરીશું' એવી એફિડેવિટ લેવામાં આવે છે. તેમ છતાં સરપંચ, નગરપાલિકાના પ્રમુખ કે તલાટીના સિક્કાનો ફોર્મમાં આગ્રહ રાખવામાં આવે છે. મત આપ્યા હોય તો સિક્કો મારી આપવામાં આવે અને ન આપ્યા હોય તો સિક્કો મારી આપવામાં આવતો નથી. તો આ યોજના બધાને લાગુ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચાવડા સાહેબ હંમેશા પોઝિટિવ વિચાર સાથે વાત રજૂ કરે છે. આ રૂ.૩૦૦ ફી એટલા માટે લેવામાં આવે છે કે, એની આજુબાજુના પડોશીઓ, સગાં-વ્હાલાંઓ પણ કોઇવાર આના માટેનો વિરોધ કરતા હોય છે. આમાં વીજ જોડાણ માટે કોઇ ચાર્જ લેવામાં આવતો નથી અને આ યોજના વધુ સરળ થાય એ માટેની પૂરતી કાળજી લેવામાં આવશે અને તમારા સજેશનો પણ ધ્યાનમાં લેવામાં આવશે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડા માટેની યોજના છે અને આ યોજનામાં ઝૂંપડાવાસીઓને કનેક્શન મળે એવું આપણે બધા ઇચ્છીએ છીએ. અમારા ઉત્તર ગુજરાતમાં ઘણા લોકો ખેતરોમાં રહે છે. આવા લોકો માટે કોઇ નક્કર પગલાં લેવા માંગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને ખેતરમાં જ્યારે વીજજોડાણ જોઇતું હોય ત્યારે આ પ્રશ્નની ચર્ચા કરવામાં આવી છે પરંતુ, એના માટે સંપૂર્ણ ચર્ચા જરૂરી છે. આના માટે જુદી નોટિસ આપવામાં આવશે તો હું જવાબ આપીશ.

### મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

* ૮૭૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૧૪૭૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૬૨.૪૭ લાખનો ખર્ચ થયો. |

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ડબલ એન્જિનની સરકારના માનનીય મંત્રીશ્રીને હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘર વપરાશના કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા? અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘર વપરાશના વીજ જોડાણોની વિગતવાર માહિતી નીચે મુજબ છે. વર્ષ ૨૦૨૧માં બેચરાજીમાં ૬૩ જોડાણો અને રૂ.૨,૫૩,૦૦૦નો ખર્ચ, જોટાણામાં ૧૫ જોડાણો અને રૂ.૨,૩૨,૦૦૦નો ખર્ચ, કડીમાં ૧૫૩ જોડાણો અને રૂ. ૯,૧૫,૦૦૦નો ખર્ચ, ખેરાલુમાં ૫૦ જોડાણો અને રૂ.૧,૮૯,૦૦૦નો ખર્ચ, મહેસાણામાં ૩૨૦ જોડાણો અને રૂ.૧૬,૫૯,૦૦૦નો ખર્ચ, સતલાસણામાં ૧૯ જોડાણો અને રૂ. ૬૭,૦૦૦નો ખર્ચ, ઊંઝામાં ૨૨ જોડાણો અને રૂ.૮૯,૦૦૦નો ખર્ચ, વડનગરમાં ૧૬ જોડાણો અને રૂ.૫૬,૦૦૦નો ખર્ચ, વિજાપુરમાં ૬૮ જોડાણો અને રૂ. ૨,૯૪,૦૦૦નો ખર્ચ, વિસનગરમાં ૫૮ જોડાણો અને રૂ.૨,૧૩,૦૦૦નો ખર્ચ એમ કુલ ૭૮૪ જોડાણો અને રૂ.૩૯,૬૭,૦૦૦નો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૨માં બેચરાજીમાં ૪૦ જોડાણો અને રૂ.૧,૪૨,૦૦૦નો ખર્ચ, જોટાણામાં ૧૧ જોડાણો અને રૂ. ૩૯૦૦૦નો ખર્ચ, કડીમાં ૧૬૧ જોડાણો અને રૂ.૧૨, ૩૩,૦૦૦નો ખર્ચ, ખેરાલુમાં ૩૧ જોડાણો અને રૂ.૨,૪૮,૦૦૦નો ખર્ચ, મહેસાણામાં ૨૩૦ જોડાણો અને રૂ.૧૬,૩૮,૦૦૦૦નો ખર્ચ, સતલાસણામાં ૨૮ જોડાણો અને રૂ.૯૯,૦૦૦ નો ખર્ચ, ઉંઝામાં ૩૦ જોડાણો અને રૂ.૧,૩૨,૦૦૦ નો ખર્ચ, વડનગરમાં ૨૧ જોડાણો અને રૂ.૭૪,૦૦૦ નો ખર્ચ, વિજાપુરમાં ૩૩ જોડાણો અને રૂ.૧૦,૧૮,૦૦૦નો ખર્ચ અને વિસનગરમાં ૬૬ જોડાણો અને રૂ.૨,૭૪,૦૦૦નો ખર્ચ, એમ કુલ ૬૫૧ વીજજોડાણો અને રૂ.૪૮,૯૭,૦૦૦નો ખર્ચ થયેલ છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યપદે ચૂંટાયા બાદ પ્રથમ વખત આ ગૃહમાં પેટાપ્રશ્ન પૂછવાની તક આપી એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં ઘરવપરાશના વીજ જોડાણની કેટલી અરજીઓ પડતર છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના વીજ જોડાણ હેઠળ મહેસાણા જિલ્લામાં ઘર વપરાશ વીજ જોડાણની એક પણ અરજી પડતર નથી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને એ પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિરીટભાઇએ કૃષિ વિષયક વીજ જોડાણો માટેની વિગતો માગી છે એમાં, વર્ષ ૨૦૨૧માં બેચરાજી તાલુકામાં ૨ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૩ લાખ ૫૯ હજારનો ખર્ચ થયો. કડી તાલુકામાં ૩ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૧૧ લાખ ૪૪ હજારનો ખર્ચ થયો. ખેરાલુમાં ૧ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યું અને રૂપિયા ૧ લાખ ૪૭ હજારનો ખર્ચ થયો. વીજાપુરમાં ૨ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૫ લાખ ૯૬ હજારનો ખર્ચ થયો. કુલ ૮ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૨૨ લાખ ૪૬ હજારનો ખર્ચ થયો. વર્ષ ૨૦૨૨માં કડીમાં ૫ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૯ લાખ ૩૫ હજારનો ખર્ચ થયો. ખેરાલુમાં ૫ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૯ લાખ ૧૩ હજારનો ખર્ચ થયો. મહેસાણામાં ૨ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા અને રૂપિયા ૫ લાખ ૮૧ હજારનો ખર્ચ થયો. સતલાસણામાં ૧૦ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૧૪ લાખ ૯૦ હજારનો ખર્ચ થયો. વડનગરમાં ૫ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૮ લાખ ૮ હજારનો ખર્ચ થયો. વિજાપુરમાં ૧ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યું અને રૂપિયા ૨ લાખ ૧૦ હજારનો ખર્ચ થયો અને વિસનગરમાં ૧ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યું અને ૨ લાખનો ખર્ચ થયો. આમ, કુલ ૨૯ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા અને રૂપિયા ૫૧ લાખ ૩૭ હજારનો ખર્ચ થયો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ટ્રાયબલમાં ગામતળ હોતું નથી, છૂટુંછવાયું હોય છે. ગામતળ સિવાયના છૂટાછવાયા વિસ્તારમાં વહેલામાં વહેલી તકે કનેકશન અપાય તેવી છૂટછાટ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ યોજના અનુસૂચિત જાતિ પેટા યોજના છે છતાં આપની પાસે જવાબ હોય તો આપ આપી શકો છો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ એટલે કે, જે આદિવાસી વિસ્તારો અને છૂટાછવાયા ઘરો છે એમાં પણ આપણે સોલાર પંપ વિગેરેની વ્યવસ્થા કરેલી છે અને એ પ્રમાણેના જોડાણો આપવામાં આવે છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે આ યોજનાના અત્યારે આંકડા અવેલેબલ ન હોય એ હું સમજુ છું. છતાં પણ મને એના જવાબો આપવા માટે કૃપા કરે એવી વિનંતી કરું છું. ઊર્જા વિભાગનું કુલ બજેટ અને એ બજેટ પૈકી અનુસૂચિત જાતિ વિભાગમાં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું ? એમાં કેટલો ખર્ચ થયો? અને વિશેષ કરીને ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીમાં જયારે વીજળીકરણ કરીએ છીએ એ સરકારશ્રીની ઉદારતા છે પણ અનુસૂચિત જાતિ માટેની અલગ યોજના બનાવીને ૧૦૦ ટકા ઘરોમાં આ વર્ષે વીજળીકરણ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર સભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી રમણભાઇએ જે સવાલ કર્યો છે એમાં જણાવું તો આપણે દરેક જગ્યાએ એનો પ્રચાર કરીએ છીએ, અરજી મગાવીએ છીએ અને જે રીતે સજેશન આપ્યું તેમ, આ બધા જોડાણો આપવા માટેનો આપણો ઇરાદો છે અને એના માટેના જે કંઇ પણ ધોરણો સુધારવા જરૂરી જણાશે તો ચોક્કસ રીતે સુધારો કરીને ૧૦૦ ટકા વીજળીકરણ કરવાનો પ્રયત્ન કરીશું.

### આણંદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા

* ૯૪૩ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૯૦૪ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૯૦૪ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫,૪૦૧ છે. |

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં લોકશાહીના પવિત્ર મંદિરમાં જ્યાં યુગપુરુષ ભારત દેશના વડાપ્રધાન આદરણીય શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે માં ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવાનો પાયો નાખ્યો છે, તેવા ઐતિહાસિક સ્થાનમાં આજે મને મોકલવા માટે હું મારા આણંદ વિધાનસભા મત વિસ્તારના તમામ પ્રજાજનોને યાદ કરી વંદન કરું છું. આજે પ્રથમ વખત આ સન્માનનીય ગૃહમાં પ્રશ્ન પૂછવા માટેનો અવસર આપવા આપશ્રીનો અને આ સન્માનનીય ગૃહને વંદન કરી આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ શહેરમાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા અને તેની જનસંખ્યા કેટલી છે?

## ફાલ્ગુન ૧૩, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં એટલે કે ફેબ્રુઆરી-૨૦૨૨થી ૩૧મી જાન્યુઆરી-૨૦૨૩, આણંદ જિલ્લામાં એન.એફ.એસ.એ. હેઠળ તાલુકાવાર આવેલ કુટુંબો અને જન સંખ્યાની વાત કરું તો આણંદમાં લાભાર્થી કુટુંબો ૯૦૪, કુટુંબોની જન સંખ્યા ૫૪૦૧, આણંદ ગ્રામ્યમાં લાભાર્થી કુટુંબો ૬૧૨ અને જન સંખ્યા ૨૬૧૩, ઉમરેઠમાં લાભાર્થી કુટુંબો ૮૨૮ અને કુટુંબોની જનસંખ્યા ૩૬૧૨, આંકલાવમાં લાભાર્થી કુટુંબો ૧૫૧ અને કુટુંબોની જન સંખ્યા ૬૭૯, બોરસદમાં લાભાર્થી કુટુંબો ૧૯૧૧ અને તેની જન સંખ્યા ૯૧૩૩, પેટલાદમાં લાભાર્થી કુટુંબો ૮૪૯ અને તેની જન સંખ્યા ૪૦૫૮, સોજીત્રામાં લાભાર્થી કુટુંબો ૨૯૬ અને તેની જન સંખ્યા ૧૦૦૭, તારાપુરમાં લાભાર્થી કુટુંબોની સંખ્યા ૪૩૪ અને જન સંખ્યા ૧૭૪૭, ખંભાતમાં લાભાર્થી કુટુંબો ૧૩૧૬ અને તેની જન સંખ્યા ૫૫૫૫, આમ કુલ લાભાર્થી કુટુંબો ૭૩૦૧ છે, જેની કુલ જન સંખ્યા થાય છે ૩૩,૮૦૫.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે બધાએ કેન્દ્રની તત્કાલિન યુ.પી.એ. સરકારનો આભાર માનવો જોઇએ કે એ સરકાર આખા દેશમાં કોઇ ભૂખ્યું ન સૂવે એની ચિંતા કરીને નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ વર્ષ ૨૦૧૩માં લાવી. આ કોઇ યોજના નથી, આ કાયદો છે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને એક જ વિનંતી છે કે અહીંયા હું હમણાં ડેટા જોતો હતો, તો ગુજરાતમાં એન.એફ.એસ.એ. અંતર્ગત ૭૧ લાખ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે લાભાર્થી-બેનિફિશિયરી ગણીએ તો લગભગ સાડા ત્રણ કરોડ થાય. એટલે ગુજરાતની કુલ વસતિના ૫૦ ટકા લોકો થાય. છેલ્લા એક વર્ષથી આપણે એમને મફત અનાજ આપીએ છીએ. હું હમણાં આંકડા જોતો હતો તો પ્રતિ વ્યક્તિ આપણે ૧૩ રૂપિયા આપીએ છીએ. એટલે એક પરિવાર પાછળ ૬૫ રૂપિયા સરકાર તરફથી ખર્ચ કરવામાં આવે છે. મારે એટલું જાણવું છે કે આણંદ જિલ્લામાં આ કાયદાને બધી જગ્યાએ યોજના તરીકે લેવામાં આવે છે. જેથી કરીને કોઇ અરજી આપે એનો લક્ષ્યાંક જોઇને પછી એને લાભ આપવામાં આવે છે. ખરેખર કાયદો છે કે કોઇ વ્યક્તિ અરજી આપે તો એની યોગ્યતા ચકાસીને એને લાભ આપવો પડે. એટલે તાલુકાવાઇઝ આવી કેટલી અરજીઓ પેન્ડિંગ છે એ જાણવા માગું છું.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ ફેબ્રુઆરી-૨૦૨૩ની સ્થિતિએ તાલુકાવાર રાશન ગ્રાહકોની સંખ્યાની વાત કરું તો, આણંદ શહેરમાં મળેલ અરજીઓ ૧૧૦૫, મંજૂર કરેલ અરજીઓ ૯૦૪, નામંજૂર કરેલ ૨૦૧, આણંદ ગ્રામ્યમાં મળેલ અરજીઓ ૮૧૪, મંજૂર કરેલ ૬૧૨, નામંજૂર ઝીરો, ઉમરેઠમાં મળેલ અરજીઓ ૧૦૫૨, મંજૂર કરેલ અરજીઓ ૮૨૮, પેન્ડિંગ ૨૨૪, આંકલાવ મળેલ અરજીઓ ૧૦૨૩, મંજૂર કરેલ અરજીઓ ૧૧૫૧, પડતર ૮૭૨, બોરસદમાં મળેલ અરજીઓ ૨૬૬૫, મંજૂર કરેલ અરજીઓ ૧૯૧૧, નામંજૂર કરેલ ૩૫૬, પડતર અરજીઓ ૨૯૮, પેટલાદમાં મળેલ અરજીઓ ૧૦૨૦, મંજૂર કરેલ અરજીઓ ૮૪૯, પડતર અરજીઓ ૧૭૧, સોજીત્રામાં મળેલ અરજીઓ ૪૨૫, મંજૂર કરેલ અરજીઓ ૨૯૬, નામંજૂર કરેલી ૧૦૭ અને પડતર અરજીઓ ૨૨, તારાપુરમાં મળેલ અરજીઓ ૪૯૨, મંજૂર કરેલ અરજીઓ ૪૩૪, નામંજૂર કરેલ અરજીઓ ૨૬ અને પડતર અરજીઓ ૩૨, ખંભાતમાં મળેલ અરજીઓ ૧૯૬૪, મંજૂર કરેલ અરજીઓ ૧૩૧૬, નામંજૂર કરેલ અરજીઓ ૨૨૦ અને પડતર અરજીઓ ૪૨૮ છે. આમ કુલ મળેલ અરજીઓ ૧૦,૪૬૦ છે. મંજૂર કરેલ અરજીઓ ૭૩૦૧ છે. નામંજૂર કરેલ અરજીઓ ૯૧૦ છે. જયારે પડતર અરજીઓ ૨૨૪૯ છે.

### મોરબી જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૮૯૦ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૧૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬૪.૩૧ લાખનો ખર્ચ થયો. |

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભામાં પ્રથમ વખત પ્રશ્ન પૂછવા માટેનો અવસર આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર. આપના માધ્યમથી માનનીય ઊર્જા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના ઝૂંપડા વીજળીકરણ આયોજન યોજના હેઠળ તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવેલ અને તે માટે કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબની વિગતો કહું તો વર્ષ ૨૦૨૧માં હળવદમાં ૬૮ કનેક્શન ૨,૫૨,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. માળિયામાં ૨૧ કનેક્શન ૯૫,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. મોરબીમાં ૧૬૧ કનેક્શન ૫,૪૮,૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. ટંકારામાં ૧૫ કનેક્શન અને ૫૩,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. વાંકાનેરમાં ૨૦૬ કનેક્શન ૮,૩૩,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. કુલ ૪૭૧ કનેક્શન ૧૮,૧૭,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. વર્ષ ૨૦૨૨માં હળવદમાં ૬૩ કનેક્શન ૨,૨૧,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. માળિયામાં ૧૪૨ કનેક્શન ૨૨,૦૦,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. મોરબીમાં ૨૩૨

કનેક્શન ૮,૭૫,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. ટંકારામાં ૫૬ કનેક્શન ૨,૮૪,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. વાંકાનેરમાં ૧૫૩ કનેકશન ૧૦,૩૪,૦૦૦ રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા. આમ કુલ ૬૪૬ કનેક્શનમાં ૪૬,૧૪,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડામાં વીજ કનેક્શન યોજનાથી ગરીબ માણસોને વીજ કનેક્શન મળે છે પરંતુ ગુજરાતમાં વીજળી ખૂબ જ મોંઘી છે. એટલે ઘણા પરિવારો વીજ કનેક્શન લીધાં પછી બિલ ન ભરી શકવાના કારણે અનેકના વીજ કનેક્શનો કપાઇ જાય છે અને તેના કારણે હતી તેવી જ સ્થિતિ ફરી પાછી થાય છે. તો મારા બે પ્રશ્નો છે. આ ડબલ એન્જિનની સરકાર છે. તો ડબલ શક્તિથી થોડું કામ કરીને રાજસ્થાનની પેટર્ન ઉપર ૨૦૦ યુનિટ વીજળી ફ્રી આપવાનું આયોજન કરી શકે તેમ છે કે કેમ? બીજું, એક વખત વીજ કનેક્શન કપાઇ ગયું હોય તો તે ગરીબ માણસોને ૨૫-૫૦ રૂપિયા જેવો નોમિનલ ચાર્જ લઇને પુનઃ આપવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જાહેરાત કરી છે કે આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતનું સર્જન કરીશું. તેના અનુસંધાને આપણે ગુજરાતમાં સોલાર રૂફટોપ યોજના શરૂ કરી છે. તેના લીધે લોકોને પોતાના ઘરમાં વપરાશ થાય છે સાથે સાથે વીજ કંપનીને વધારાની વીજળી વેચીને કમાઇ શકે છે. એટલે આવી યોજના સામૂહિક રીતે પણ અમલમાં મૂકવામાં આવે તો લોકોને ફાયદો થશે.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભામાં પેટા પ્રશ્ન પૂછવાની આપે તક આપી છે તેના માટે આપનો અંતઃકરણથી આભાર માનું છું. હું જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કેટલી અરજીઓ પડતર પડેલી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ મોરબી જિલ્લામાં એક પણ અરજી પેન્ડિંગ નથી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગામડામાં જે ઝૂંપડપટ્ટી બાંધીને રહેતા હોય કે ગામતળમાં આવતા હોય એને સરપંચ તરફથી દાખલો આપવામાં આવતો હોય, ગ્રામ પંચાયત તરફથી તમામ સુવિધાઓ આપવામાં આવતી હોય અને એને વીજ કનેક્શન પણ આપવામાં આવતું હોય પણ જે ગામતળમાં ન આવતા હોય એને સરપંચ તરફથી દાખલો આપવામાં આવતો હોય અને એને વીજ કનેકશન ન આપવામાં આવતું હોય તો ગામતળમાં ન આવતી હોય એવી ઝૂંપડપટ્ટીમાં વીજ કનેક્શન આપવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિમલભાઇ હંમેશા એકદમ પોઝિટિવ સવાલ પૂછે છે. લોકોની લાગણી અને લોકોની જરૂરિયાત સાથે જોડાયેલા હોય છે એટલે આવા કોઇપણ પ્રશ્ન ધ્યાનમાં લાવવામાં આવશે તો આપણે ચોક્કસ રીતે એને સોલ્વ કરીશું.

**લોધીકા તાલુકામાં નલ સે જલ યોજના**

* ૯૦૭ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેય જળ યોજના અન્વયે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી છે અને મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજનાની શરૂઆત તાઃ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯થી કરવામાં આવી છે. ત્યારે રાજકોટ જિલ્લામાં લોધિકા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં એની થયેલી કામગીરી અને એક વર્ષથી થયેલી કામગીરીમાં માનનીય સભ્યશ્રીએ છેલ્લા એક વર્ષનું પૂછ્યું છે પણ આગળના વર્ષમાં સન ૨૦૧૯ પહેલાંની થયેલી કામગીરી અને સન ૨૦૧૯થી શરૂ કરીને સન ૨૦૨૨ સુધીમાં થયેલી કામગીરી. દેશના તમામ નાગરિકોને સન-૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે પૂરતું શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય એવા હેતુથી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ તા.૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે જોળ જીવન મિશન હેઠળ હર ઘર નલ સે જલ યોજનાની શરૂઆત કરાવી. ગ્રામ કક્ષાએ પણ પીવાના પાણી માટે આંતરિક પે જળ યોજના જે પહેલા સેક્ટર રીફોર્મના નામે ઓળખાતી અને ત્યારબાદ સ્વજળધારા નામે ઓળખાય છે. આ જલ જીવન મિશન અંતર્ગત હર ઘર નલ સે જલ યોજનાની જ્યારે શરૂઆત થઇ

ત્યારે રાજકોટ જિલ્લામાં કુલ ૩,૨૨,૭૩૨ ઘરો હતા, એમાંથી ૩,૨૨,૭૭૨ ઘરો એટલે કે સો ટકા ''હર ઘર નલ સે જલ'' યોજના સંપૂર્ણ રહી. લોધિકા તાલુકાની જ્યારે વાત છે ત્યારે તા.૧૫-૮-૨૦૧૯થી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં કુલ ૩ યોજના મંજૂર કરવામાં આવી. આ તમામ યોજનામાં નળ કનેકશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, એની પાછળ કુલ ૨૧૫.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. માનનીય સભ્યશ્રીએ બાકીના તાલુકાની વાત કરી છે ત્યારે ધોરાજી તાલુકામાં મંજૂર થયેલી યોજના ૨ અને એની સામે થયેલો ખર્ચ ૧૨.૯૦ લાખ રૂપિયા. ગોંડલ તાલુકામાં મંજૂર થયેલી યોજના ૨૮ અને એની સામે થયેલો ખર્ચ ૮૯૩.૧૧ લાખ રૂપિયા. લોધિકા તાલુકામાં મંજૂર થયેલી યોજના ૩ અને એની સામે થયેલો ખર્ચ ૨૧૫.૪૮ લાખ રૂપિયા. વીંછિયા તાલુકામાં મંજૂર થયેલી યોજના ૧૯ અને એની સામે થયેલો ખર્ચ ૧૪૧૨.૯૬ લાખ રૂપિયા. જામકંડોરણા તાલુકામાં મંજૂર થયેલી યોજના ૭ અને એની સામે થયેલો ખર્ચ ૧૦૧.૯૫ લાખ રૂપિયા. જસદણમાં તાલુકામાં મંજૂર થયેલી યોજના ૩૬ અને એની સામે થયેલો ખર્ચ ૭૩૬.૮૫ લાખ રૂપિયા. જેતપુર તાલુકામાં મંજૂર થયેલી યોજના ૪ અને એની સામે થયેલો ખર્ચ ૪૭.૭૫ લાખ રૂપિયા. કોટડાસાંગાણીમાં તાલુકામાં મંજૂર થયેલી યોજના ૧૬ અને એની સામે થયેલો ખર્ચ ૬૮૨.૫૩ લાખ રૂપિયા. પડધરીમાં તાલુકામાં મંજૂર થયેલી યોજના ૫ અને એની સામે થયેલો ખર્ચ ૧૨૭.૫ લાખ રૂપિયા. રાજકોટ તાલુકામાં મંજૂર થયેલી યોજના ૪૨ અને એની સામે થયેલો ખર્ચ ૧૦૯૦.૯૩ લાખ રૂપિયા. ઉપલેટા તાલુકામાં મંજૂર થયેલી યોજના ૬ અને એની સામે થયેલો ખર્ચ ૧૨૬.૬૨ લાખ રૂપિયા. આમ તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં કુલ ૧૬૮ યોજનાઓ મંજૂર થઇ અને એની સામે આ સમય દરમિયાન કુલ રૂપિયા ૫૪૩૮.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ પૈકી વર્ષ ૨૦૨૧માં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નલ સે જલ યોજના અંતર્ગત કુલ કેટલી ગ્રામ્ય આંતરિક પેય જળ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને એની અંદાજિત રકમ કેટલી છે?

અધ્યક્ષશ્રી : અગાઉ જેટલો જવાબ આવી ગયો હોય એને બાદ કરીને જવાબ આપજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ પૈકી સને ૨૦૨૧ની એક વર્ષની માહિતી માગી છે ત્યારે આ સમય દરમિયાન તાલુકાવાર વિગતો આપું તો ધોરાજી તાલુકામાં આ સમય દરમિયાન એક પણ યોજના મંજૂર થઇ નથી અને એની સામે કોઇ ખર્ચ કરવામાં આવ્યો નથી. આ સમય દરમિયાન ગોંડલમાં ૨ યોજના મંજૂર થઇ એની સામે રૂપિયા ૫૨૦.૭૫ લાખ ખર્ચ કરવામાં આવ્યો. આ સમય દરમિયાન લોધિકા તાલુકામાં ૩ યોજના મંજૂર થઇ છે પણ ખર્ચ પછીના વર્ષમાં પડ્યો એટલે જે તે વર્ષમાં ખર્ચ ઝીરો થયેલ છે. વીંછિયા તાલુકામાં ૨ યોજના મંજૂર થઇ એની સામે રૂપિયા ૯૫૧.૩૯ લાખ, જામ કંડોરણા તાલુકામાં એક યોજના મંજૂર થઇ એની સામે અંદાજિત ખર્ચ રૂપિયા ૧૧.૯૩ લાખ, જસદણમાં ૩ યોજના મંજૂર થઇ એની સામે રૂપિયા ૧૫૮.૩૯ લાખ ખર્ચ, જેતપુરમાં એક પણ યોજના મંજૂર થઇ નથી અને ખર્ચ પણ થયો નથી. કોટડા સાંગાણી તાલુકામાં ૨ યોજના મંજૂર થઇ એની સામે રૂપિયા ૪૯૯.૨૬ લાખનો ખર્ચ, પડધરી તાલુકામાં એક પણ યોજના મંજૂર થઇ નથી અને ખર્ચ પણ થયો નથી. રાજકોટ તાલુકામાં એક યોજના સામે ખર્ચ રૂપિયા ૧૮૨.૯૮ લાખ, ઉપલેટા તાલુકામાં એક પણ યોજના મંજૂર થઇ નથી એટલે ખર્ચ થયો નથી. આમ, મંજૂર થયેલ કુલ ૧૧ યોજનાની સામે રૂપિયા ૨૩૦૪.૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આમ તો બધા પેટા પ્રશ્નોમાં જવાબ આપી દીધા છે. પરંતુ તા. ૨૮-૨-૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને તે અંતર્ગત લોધિકા તાલુકામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એમાં લોધિકા તાલુકાનો ખર્ચ આવી ગયો છે. પણ તા.૨૮-૨-૨૦૨૩નો ખર્ચ માગ્યો છે ત્યારે તાલુકાવાર ગ્રામ્ય આંતરિક પેય જળ યોજનાનો અંદાજિત ખર્ચ અને ખરેખર થયેલ ખર્ચ અને સને-૨૦૨૩ સુધીમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર થઇ એ બાબતે જણાવું તો ધોરાજી તાલુકામાં તા.૨૮-૨-૨૦૨૩ સુધીમાં મંજૂર થયેલ યોજનાની વિગતો માગી છે ત્યારે.....

અધ્યક્ષશ્રી : સંયુક્ત આખા જિલ્લાની વિગતો માગી છે, તાલુકાવાર વિગતો નથી માગી.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : જિલ્લામાં કુલ ૬૧૫ યોજનાઓ આ સમય દરમિયાન મંજૂર થઇ છે અને એની પાછળ અંદાજિત ખર્ચ રૂપિયા ૧૪,૩૦૩.૫૪ લાખ હતો એની સામે ખરેખર થયેલ ખર્ચ રૂપિયા ૧૧,૪૬૨.૩૬ લાખ છે.

**ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ અનાજ વિતરણ**

* ૯૪૧ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ | (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ |

કરવામાં આવ્યું, અને

માસ દરમ્યાન ૪૩,૫૧૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર માહે જાન્યુઆરી-૨૦૨૩માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૪,૦૬૬ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આમ, કુલ ૪૭,૫૭૭ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને ક્યા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી.**

| **માસનું નામ** | **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ પ્રમાણ** | **વિતરણ ભાવ (રૂ.પૈસા)** |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૨ | એએવાય (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) માટે | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ (કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ (કિ.ગ્રા.) | |
| માહે મે-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ | | ઘઉં | વ્યક્તિદીઠ ૧-૦૦૦ (કિ.ગ્રા.) | |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪-૦૦૦ (કિ.ગ્રા.) | |

**(૨) માહે જાન્યુઆરી-૨૦૨૩ માટે**

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ પ્રમાણ** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦(કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦(કિ.ગ્રા.) | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦(કિ.ગ્રા.) | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦(કિ.ગ્રા.) | |

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કેટલું અનાજ આપવામાં આવ્યું. એનો જવાબ લેખિતમાં મને મળી ગયો છે. પરંતુ મારો બીજો પ્રશ્ન છે કે, જે અનાજ મળી રહ્યું છે એમાં તમામ જગ્યાએથી નાની મોટી ફરિયાદો આવે છે કે અનાજમાં ઘટ મળી રહી છે. વ્યક્તિ દીઠ ૨૦૦થી ૫૦૦ ગ્રામની ઘટ બધાને મળી રહી છે. આ ઘટ મળી રહી છે એના માટે આપણે ચોક્કસ જવાબદારી નક્કી કરવા માગીએ છીએ કે કેમ? મારું માનવું છે કે ગોડાઉન મેનેજર અને પુરવઠા અધિકારીની જવાબદારી ચોક્કસ નક્કી થવી જોઇએ. બીજી વાત એ છે કે થમ્બ મળતા નથી. હવે આધારાકાર્ડમાં જો થમ્બ આવતા હોય તો પછી બાયોમેટ્રિકમાં કેમ ના આવે? ત્રીજી વાત એ છે કે એના એમને બિલ આપવામાં આવતા નથી તો આ બધા માટે માનનીય મંત્રીશ્રી નક્કર પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે દુકાનદારો તરફથી ઘટની વાત કરવામાં આવી એના માટે જ્યારે ધ્યાન ઉપર આવે છે ત્યારે પૂરતાં પગલાં લેવામાં આવે છે.

ફાલ્ગુન ૧૩, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : જવાબ બાકી હોય તો તમે ટેબલ ઉપર પણ મૂકી શકશો.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શું છે? આ યોજનામાં શું લાભ મળે છે અને કોને લાભ મળે છે? અને સૌથી મહત્ત્વનો મારો પ્રશ્ન એ છે કે કયા સમયગાળા દરમ્યાન આ લાભ મળે છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરી-૨૦૨૨થી જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાજ્ય તથા ગાંધીનગર જિલ્લાની વાજબી ભાવની દુકાનોની કરેલ તપાસ અને લીધેલ પગલાંની વિગતો આ મુજબ છે. ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીના નિયંત્રણ લાગુ કરાયેલ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શું છે? ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીના નિયંત્રણ માટે લાગુ કરાયેલી આ અન્ન યોજના લોકડાઉન પરિસ્થિતિના કારણોસર ગરીબ લોકોને મુશ્કેલીનો સામનો ના કરવો પડે અને કોઇ પણ ગરીબને ભૂખ્યાં રહેવું ના પડે અને જરૂરિયાતમંદને લાભ મળે અને તે પ્રમાણે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની જાહેરાત કરવામાં આવેલી. આ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા માહે ડિસેમ્બર-૨૦૨૨ સુધી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા- ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ રેશનકાર્ડ ધારકોને રેગ્યુલર મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાનું અનાજ સાત તબક્કામાં એ વખતે વિના મૂલ્યે આપવામાં આવેલ. જે સાત તબક્કાઓ હતા એ સમય દરમ્યાન અનાજ અપાયું છે. પહેલો તબક્કો એપ્રિલ ૨૦૨૦થી જૂન ૨૦૨૦ સુધી , બીજો તબક્કો જુલાઇ ૨૦૨૦થી નવેમ્બર ૨૦૨૦ સુધી, ત્રીજો તબક્કો મે ૨૦૨૧થી જૂન ૨૦૨૧ સુધી, ચોથો તબક્કો જુલાઇ ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૧ સુધી, પાંચમો તબક્કો ડિસેમ્બર ૨૦૨૧થી માર્ચ ૨૦૨૨ સુધી, છઠ્ઠો તબક્કો એપ્રિલ ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી અને સાતમો તબક્કો ઓક્ટોમ્બર ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૨ સુધી. અંત્યોદય તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને ઘઉં, ચોખા મળી માસિક પાંચ કિલોગ્રામ વ્યક્તિદીઠ વિતરણ કરવામાં આવેલ છે. છેલ્લે આ જાન્યુઆરી મહિનામાં પણ બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા મળતા હતા એને હવે વિનામૂલ્યે આપવાની પણ આ જાન્યુઆરીથી શરૂઆત થઇ ગઇ છે અને આવતા ડિસેમ્બર સુધી એ પ્રમાણે વિનામૂલ્યે કાર્ડ હોલ્ડરને મળશે.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પંદરમી વિધાનસભા ગૃહમાં જ્યારે મને પહેલી વખત પ્રશ્ન પૂછવાની તક મળી છે ત્યારે આપશ્રીનો, ગૃહના તમામ સભ્યશ્રીઓ અને કલોલના મારા મત વિસ્તારનો હૃદયપૂર્વક હું આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં રેશન કાર્ડ ધારકોને વિતરણ કરાતા રાશનના જથ્થા અંગે સૌર અને શક્તિ અંગે શું વ્યવસ્થા છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બંને પ્રકારના કાર્ડ હોલ્ડરોને દુકાનદાર તરફથી જ્યારે બાયોમેટ્રિક પદ્ધતિથી થમ્બ મૂકે તો એ પ્રમાણે ફિંગર મળે એ પ્રમાણે નક્કી થયેલા બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખાનું વિતરણ કરવામાં આવે છે. ખાસ કરીને ગોડાઉનની સંગ્રહશક્તિની પણ જ્યારે વાત કરી ત્યારે અન્ન અને નાગરિક પુરવઠા નિગમ ગાંધીનગર જિલ્લા ખાતે નિગમની માલિકીના અનાજ સંગ્રહ માટે કુલ ૮ ગોડાઉન છે અને તેમાં ૯૭૦૦ મેટ્રિક ટન સંગ્રહશક્તિ ઉપલબ્ધ છે. એમાં ગાંધીનગર જિલ્લાના તાલુકાવાઇઝ જે ગોડાઉનો છે એમાં કલોલ તાલુકામાં જે બે ગોડાઉન છે એની અંદર ૧૫૦૦ મેટ્રિક ટનનો સંગ્રહ થઇ શકે છે. ગાંધીનગરમાં ત્રણ ગોડાઉન છે. એમાં ૫૦૦૦ મેટ્રિક ટનનો સંગ્રહ થઇ શકે છે. દહેગામ તાલુકામાં બે ગોડાઉન છે. એમાં ૧૨૦૦ મેટ્રિક ટનનો સંગ્રહ થઇ શકે છે. માણસા તાલુકામાં એક ગોડાઉન છે. એમાં ૨૦૦૦ મેટ્રિક ટનનો સંગ્રહ થઇ શકે છે. આમ કુલ આખા જિલ્લામાં ૮ ગોડાઉનો છે. ૯૭૦૦ મેટ્રિક ટનનો એમાં સંગ્રહ થઇ શકે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એ.એ.વાય અને પી.એચ.એચ. આ બંને યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૨૨ સુધી જે વ્યક્તિદીઠ અનાજ આપવામાં આવતુ હતું. જાન્યુઆરી-૨૦૨૩ પછી એ.એ.વાય.માં કાર્ડદીઠ આપવામાં આવે છે. પી.એચ.એચ.માં વ્યક્તિદીઠ આપવામાં આવે છે. આનું કારણ શું? જે રીતે આપના જવાબમાં કહ્યું કે એક વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ આપવામાં આવે છે. તમે એ.એ.વાય.ની કેટેગરીમાં કાર્ડદીઠ ૧૫ કિલો લખ્યું છે. એક કાર્ડની અંદર પાંચ વ્યક્તિ હોય તો એનો મતલબ થયો ૨૫ કિલો અનાજ આપવું પડે. એક બાજુ તમે જવાબમાં કહી રહ્યા છો કે વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ થાય છે. આપના જવાબમાં એમ કહી રહ્યા છો કાર્ડદીઠ ૧૫ થાય છે. કાર્ડમાં જે સંખ્યા હોય એના મુજબ અનાજ આપો છો કે વ્યક્તિદીઠ અનાજ આપો છો? અને આમાં ફેરફાર છે એ કયા કારણોસર છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જાન્યુઆરી-૨૦૨૩ની વાત કરી ત્યારે અંત્યોદય કુટુંબ એટલે એ.એ.વાય. અને અગ્રતા ધરાવતા કુટુંબ એટલે પી.એચ.એચ. ખાસ કરીને ક્યારેક રેશિયામાં કે જથ્થામાં ફેરફાર થતો હોય છે. પૂરતા પ્રમાણમાં ચોખા શોપ ઉપર ન હોય તો આખાયે રાજ્યની અંદર એ વખતે બે કિલોના બદલે ત્રણ કિલો વ્યક્તિદીઠ પાંચ કિલોનો રેશિયો જળવાઇ રહે પણ આપ ફેબ્રુઆરી ચાલુ મહિનાની વાત કરો છો. ગત મહિનો જાન્યુઆરી-૨૦૨૩ ત્યારે એમાં દરેકને કાર્ડદીઠ એટલે ૩૫ કિલો અનાજ આપવા માટેની જોગવાઇ છે.

તા. ૪થી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**કર્મચારી / અધિકારીના પેન્શનના પડતર કેસો**

* ૯૬૧ **શ્રી સંદિપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી ખાતે રજૂ થયેલા કર્મચારી/અધિકારીના તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી ખાતે રજૂ થયેલા કર્મચારી/અધિકારીના કુલ-૫૯૬ પેન્શન કેસો પડતર હતા. |
| (૨) ઉક્ત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) હાલમાં તે પૈકી કોઈ પેન્શન કેસ પડતર નથી. |

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પેન્શનરને પેન્શનના લાભો સત્વરે મળે તે માટે કયા પગલાં લેવામાં આવેલ છે અને પેન્શનરના અવસાન બાદ કુટુંબ પેન્શન કોને કોને મળવાપાત્ર થાય તેમજ પેન્શનર પેન્શનની વિગતો ઓનલાઇન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા કરેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સંદીપભાઇ અમારા દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૮૦૦૦૦ કરતા પણ વધુ મતોથી વિજેતા થયેલ છે. એમણે કર્મચારીઓની જે સેવા મળી અને એના પછી જે પેન્શનના લાભો મળે એ માટેનો જે સવાલ પૂછ્યો છે એમાં નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી દ્વારા દર મહિને નિવૃત્ત થનાર પેન્શનરની વિગતો સાથે સંબંધિત વિભાગને તેમના પેન્શનની કાર્યવાહી કરવા બાબતે જાણ કરવામાં આવે છે. નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ કચેરીમાં પેન્શન કેસ ઇનવર્ડ થઇને અધિકૃત ઇશ્યૂ કરવા અંગેની તમામ પ્રક્રિયા આઇ.એફ.એમ.એસ. એટલે કે ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સ મેનેજિંગ સિસ્ટમમાં ઓનલાઇન કરવામાં આવે છે. તેમજ સબંધિત કચેરીને પેન્શન કેસ ઓનલાઇન મોકલી આપવામાં આવે છે. સંબંધિત તિજોરી કચેરી દ્વારા પેન્શનના લાભોની ચૂકવણી આઇ.એફ.એમ.એસ. સિસ્ટમથી ઓનલાઇન પેન્શનરના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ લાખ ૯૯ હજાર ૫૦૦ પેન્શનરોને દર માસે રૂ.૧૫૭૫ કરોડ તેમના ખાતામાં નિયમિતપણે ચૂકવવામાં આવે છે. પેન્શનરના અવસાન બાદ તેમના કયા વારસદારોને તેનો લાભ મળે છે તો તેમાં પેન્શનર અથવા સરકારી કર્મચારીના અવસાન બાદ પુરુષ સરકારી કર્મચારીના કિસ્સામાં તેની પત્નીને અને મહિલા કર્મચારીના કિસ્સામાં તેના પતિને, સરકારી કર્મચારી ૨૫(પચ્ચીસ) વર્ષ સુધીના સંતાનને કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. સરકારી કર્મચારી સંપૂર્ણ આશ્રિત માતાપિતાને પણ કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર થાય છે. પેન્શનરના વિકલાંગ એટલે કે રાઇટ ઓફ પર્સન ડિસએબિલિટી એક્ટ-૨૦૧૬ મુજબ સમાવિષ્ટ થતાં વિકલાંગ સંતાનને આજીવન કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. પેન્શનર પેન્શનની વિગતો ઓનલાઇન મેળવી શકે તે માટે સાઇબર ટ્રેઝરી અંતર્ગત પેન્શનન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ ઉપરથી પેન્શનર ઇન્ટરનેટના માધ્યમથી માસિક પેન્શનની રકમની વિગતો, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક અને વાર્ષિક ચૂકવણાંપત્રક, પોતાના તબીબી ખર્ચ પરના બિલોનું ટ્રેકિંગ, વાર્ષિક હયાતી માટેના ફોર્મનો નમૂનો મેળવી શકે છે. આ રીતે ઘણીબધી માહિતી ઓનલાઇન મેળવી શકે છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાતમા પગાર પંચ મુજબ મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેચ્યુઇટી એટલે કે, ડી.સી.આર.જી.ની મહત્તમ મર્યાદા કેટલી છે અને કુટુંબ પેન્શન કયા દરે મળવાપાત્ર થાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સાતમા પગાર પંચ મુજબ મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેચ્યુઇટીની મહત્તમ મર્યાદા રૂપિયા ૨૦ લાખની છે. ગુજરાત મૃત્યુ સેવા પેન્શન નિયમો-૨૦૨૨ના નિયમ-૯૦ સરકારી કર્મચારીના ચાલુ નોકરીના અવસાનના કિસ્સામાં તેના કુટુંબને કર્મચારીના અવસાન પછીની તારીખથી દસ વર્ષ સુધી છેલ્લા પગારના ૫૦ ટકાના દરે કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. ત્યારબાદ ૩૦ ટકાના સામાન્ય દરે પેન્શન મળવાપાત્ર થાય છે. કર્મચારીના નિવૃત્તિ પછીના અવસાનના કિસ્સામાં તેના કુટુંબને અવસાનની તારીખ પછીથી સાત વર્ષ સુધી અથવા કર્મચારી હયાત હોત અને જે તારીખે ૬૫ વર્ષની વયે પહોંચ્યા હોત તે તારીખ સુધી છેલ્લા પગારના ૫૦ ટકા પગારના ઉંચા દરે અને ત્યારબાદ ૩૦ ટકાના દરે કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. કુટુંબ પેન્શનની રકમ કર્મચારીના આકારેલ છેલ્લા પગારના ૩૦ ટકાથી ઓછી થતી નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે સર્વજન હિતાય, પ્રજાલક્ષી અને વિશાળ બજેટ બહાર પાડ્યું છે અને તેને સમગ્ર ગુજરાતની જનતાએ આવકાર્યું છે. સાથે પેન્શનને લગતા અને પ્રોવિડન્ટ ફંડને લગતા મહત્તમ પ્રશ્નોનો નિકાલ થયો છે ત્યારે તેમને હું અભિનંદન આપું છું. મારો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે કે, પેન્શન મૂડીકૃત રૂપાંતર પુનઃસ્થાપના કેટલા વર્ષે કરવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યના વર્ગ-૧થી વર્ગ-૪ સુધીના કર્મચારીઓને, ગ્રાન્ટ ઇન એઇડ યુનિવર્સિટી, કૉલેજ તથા માધ્યમિક શાળા, શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષકોના નિવૃત્ત/અવસાનના કિસ્સામાં પેન્શન કેસોની અધિકૃતિઓ આપવા અંગેની કામગીરી થાય છે. કર્મચારીને નિવૃત્તિ સમયે પેન્શનની રકમના મહત્તમ ૪૦ ટકા

અતારાંકિત પ્રશ્નો

પેન્શનનું મૂડીકૃત રૂપાંતર સી.ડબલ્યુ.સી.ઇ.થી કરવામાં આવે છે. પેન્શનના મૂડીકૃત રૂપાંતરના ચૂકવણાંની તારીખ પછીના માસથી પેન્શનરના પેન્શનમાંથી રૂપાંતરની રકમનો ઘટાડો ૧૫ વર્ષ સુધી કરવામાં આવતો હતો. હવે નાણાં વિભાગનો આ વર્ષનો સુંદર સુધારો કહી શકાય તે મુજબ નાણાં વિભાગના તા.૨૪-૯-૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ નવત/૧૦૨૦૧૦/બી/૬૬/પી મુજબ પેન્શનરના પેન્શનમાંથી રૂપાંતરની રકમનો ઘટાડો ૧૩ વર્ષ સુધી કરવામાં આવે છે. આમ પેન્શનરને બે વર્ષ સુધી પેન્શન રૂપાંતરનો ઘટાડો ન કરવાથી તેટલી રકમનો સીધો ફાયદો થાય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**જામનગર જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૯ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૬૦૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૦૩.૧૪ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**કર્મચારી/અધિકારીના પેન્શનના પડતર કેસો**

૯૨૩ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી ખાતે રજૂ થયેલા કર્મચારી/અધિકારીના તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી ખાતે રજૂ થયેલા કર્મચારી/અધિકારીના કુલ-૫૯૬ પેન્શન કેસો પડતર હતા. |
| (૨) ઉક્ત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) હાલમાં તે પૈકી કોઈ પેન્શન કેસ પડતર નથી. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૬ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૯૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૧૨.૮૧ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૦ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને | (૧) ૪૦૦૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૯૧૮૫.૦૮ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**સુરત શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા/**

તા. ૪થી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

૯૪૬ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૧૯,૧૪૪ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૧૯,૧૪૪ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૭૯,૪૨૩ છે. |

---------

**જી.એસ.ટી. ની ચોરી અંગેની તપાસ**

૬૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સરકારને કેટલી જી.એસ.ટી.ની આવક થઈ, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

**(રકમ રૂ. કરોડમાં)**

| જીએસટીની આવકની વિગત | | |
|---|---|---|
| **વર્ષ/માસ** | **૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨** | **૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩** |
| ફેબ્રુઆરી | ૩૫૧૬.૯૬ | ૪૧૮૯.૦૮ |
| માર્ચ | ૩૫૧૮.૦૨ | ૪૫૩૦.૯૪ |
| એપ્રિલ | ૪૨૭૨.૦૬ | ૫૦૫૫.૪૮ |
| મે | ૨૬૩૬.૬૪ | ૪૨૧૮.૩૬ |
| જૂન | ૨૮૭૪.૭૫ | ૪૧૯૩.૭૨ |
| જુલાઈ | ૩૮૯૨.૮ | ૪૪૭૬.૨ |
| ઓગસ્ટ | ૩૫૨૯.૭૬ | ૪૦૫૩.૮૪ |
| સપ્ટેમ્બર | ૩૬૫૩.૬૬ | ૪૨૪૭.૬૬ |
| ઓક્ટોબર | ૩૮૨૨.૧૩ | ૪૯૨૫.૬૯ |
| નવેમ્બર | ૪૦૦૪.૮૨ | ૪૫૫૩.૯૪ |
| ડિસેમ્બર | ૩૬૯૨.૦૨ | ૪૮૫૬.૩૮ |
| જાન્યુઆરી | ૪૩૬૫.૭૯ | ૫૨૨૭.૩૮ |

(૨) જી.એસ.ટી. ની ચોરીના કિસ્સામાં કેટલા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ૧૭,૨૨૯

---------

**જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૯ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૪૯૫ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૪.૦૭ લાખનો ખર્ચ થયો. |

---------

**આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૯૫૪ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં | (૧) ૧૭૬૨ |

આવ્યા, અને

| | |
|---|---|
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૯૬.૨૬ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૯૩૫ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત કેટલા તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવેલ છે, | (૧) કુલ ૧૪૯ તળાવો. |
| (૨) તળાવો ઊંડા કરવાની કામગીરીમાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૧૯૦.૧૫ લાખ. |
| (૩) ઉક્ત તળાવો ઊંડા કરવાની કામગીરી થયા બાદ તળાવોની સંગ્રહશક્તિમાં કેટલો વધારો થયેલ છે ? | (૩) ૩૧.૭૮ એમ.સી.એફ.ટી. સંગ્રહ શક્તિમાં વધારો થયેલ છે. |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૩૭૧ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૪૦૪૮.૭૮ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૧ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૬૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૨૬૮.૯૫ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૧ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૨૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૪૪ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૨ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ | (૧) ૧૨૯૭ |

વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૫૮૩.૩૯ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**અંજાર તાલુકામાં જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના**

૯૦૫ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અંજાર તાલુકાના ગામો માટે અંજાર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૪૬ ગામો. |
| (૨)આ યોજના પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ? | (૨) અંદાજિત રૂ. ૪૨.૦૧ કરોડ. |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૯૨ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૧૬૩ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૭૭.૭૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૮ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૩૧૬ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૧૧૬૬.૧૩ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ અનાજ વિતરણ**

૯૪૨ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસ દરમ્યાન ૪૪,૫૯૩ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર માહે જાન્યુઆરી-૨૦૨૩માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૪,૩૧૪ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આમ, કુલ ૪૮,૯૦૭ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે. |

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી.**

| માસનું નામ | યોજના | અનાજનો પ્રકાર | વિતરણ પ્રમાણ | વિતરણ ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૨ | એએવાય (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) માટે | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ (કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ (કિ.ગ્રા.) | |
| માહે મે-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ | | ઘઉં | વ્યક્તિદીઠ ૧-૦૦૦ (કિ.ગ્રા.) | |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪-૦૦૦ (કિ.ગ્રા.) | |

**(૨) માહે જાન્યુઆરી-૨૦૨૩ માટે**

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ પ્રમાણ | વિતરણ ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ (કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ (કિ.ગ્રા.) | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ (કિ.ગ્રા.) | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ (કિ.ગ્રા.) | |

---------

## વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અનાજ વિતરણ

૯૩૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ વડોદરા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૬૮,૧૧૯ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૬,૦૭૫ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૭૪,૧૯૪ મે. ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી નીચે

મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.) | ફેબ્રુ-૨૨ થી ડિસે.-૨૨ સુધી | જાન્યુઆરી-૨૩ માટે |
|---|---|---|---|---|
| | | | વિતરણ ભાવ (રૂ-પૈસા) | વિતરણ ભાવ (રૂ-પૈસા) |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫- | | |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં અગરિયાઓ માટે સોલારપંપ સિસ્ટમ યોજના**

૯૩૭ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અગરિયાઓ માટેની સોલારપંપ સિસ્ટમ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) રૂ.૨૯૩૪.૩૯ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં આ યોજના હેઠળ કેટલા અગરિયા કુટુંબને કુલ કેટલા રૂપિયાની સહાય મળેલ છે ? | (૨) ૬૦૮ અગરિયા કુટુંબને રૂ.૧૬૯૪.૩૪ લાખની સહાય. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૭ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૨૭૪ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૭૮.૮૬ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૯૫૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઉંઝા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૪૭૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૬૨.૪૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૫૬ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે | (૧) ૧૨૨૪ |

વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૧૭૫.૫૬ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં નર્મદાનું પાણી આપવા બાબત**

૯૦૧ **શ્રી હીરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકાના ગામોને મળતું નર્મદાનું પાણી નિયમિત ધોરણે ૧૦૦ એલ.પી.સી.ડી. આપવા માટે યોજના બનાવવામાં આવી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના કયા તબક્કે છે, અને

(૩) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) યોજનાઓના ડીટીપી મંજૂરી પ્રક્રિયામાં છે.

(૩) ટેન્ડર મંજૂર થયેથી ૨૪ માસમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અનાજ વિતરણ /**

૯૪૦ **શ્રી જીતેન્દ્ર સોમાણી /** (વાંકાનેર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ રાજકોટ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૬૪,૪૧૪ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૨૩ હેઠળ ૫,૮૩૦ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૭૦,૨૪૪ મે. ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી મે-૨૦૨૨ સુધી.

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૫-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

(૨) માહે જૂન-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી તથા જાન્યુઆરી-૨૦૨૩ માટે

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ.પૈસા) | |
|---|---|---|---|---|
| | | | જૂન-૨૨ થી ડીસે.-૨૨ સુધી | જાન્યુઆરી-૨૩ માટે |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | | |

- - - - - - - - -

### બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

૮૭૦ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૪૩૧

(૨) રૂ. ૧૧૫૨.૪૨ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

### અમરેલી જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

૮૮૮ **શ્રી મહેશભાઈ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૨૯૨

(૨) રૂ. ૧૫૧.૨૭ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

### કચ્છના નાના રણમાં મીઠુ પકવતા અગરિયાઓ

૮૩૩ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) :**માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છના નાના રણમાં મીઠુ પકવતા અગરિયાઓનું મીઠુ નર્મદા કેનાલના છોડવામાં આવતા પાણીને કારણે ધોવાઈ જાય

**જવાબ**

(૧) નર્મદા કેનાલમાંથી કચ્છના નાના રણમાં સીધેસીધું પાણી છોડવામાં આવતું નથી. પરંતુ આકસ્મિક સંજોગોમાં નહેરનો એસ્કેપ ઓપરેટ કરી પાણી કાંસ,

છે, તે હકીકત સાચી છે, અને

વોકળા, નદીમાં છોડવામાં આવે છે. જેમાંથી કેટલાક કાંસ, વોકળા, નદી કચ્છના નાના રણમાં સમાવિષ્ટ થતા હોવાથી કેટલાક સંજોગોમાં પાણી આડકતરી રીતે કચ્છના નાના રણમાં જાય છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ મીઠું ધોવાઈ જતું અટકાવવા માટે શું આયોજન છે?

(૨) આ બાબતે નિયમ અનુસારની જરૂરી કાર્યવાહી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા કરવામાં આવશે.

- - - - - - - - -

**વેરાવળ તાલુકામાં નલ સે જલ યોજના**

૮૯૯ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નલ સે જલ કાર્યક્રમ હેઠલ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૫ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૭૬૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૯૬.૨૬ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**લાલપુર અને જામજોધપુર તાલુકામાં પીવાનું પાણી પૂરૂ પાડવા બાબત**

૨૪૦ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં લાલપુર અને જામજોધપુર તાલુકામાં પીવાનું પાણી સ્થાનિક સોર્સ (બોર) મારફતે મેળવતા કેટલા ગામોના તળમાં ખારું પાણી આવે છે, | (૧) સ્થાનિક સોર્સ (બોર) મારફતે પીવાનું પાણી મેળવતા ગામોના સ્ત્રોતમાં ખારું પાણી આવતું નથી. |
| (૨) આવા ગામોમાં પીવાનું પાણી પૂરૂ પાડવા ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવાની બાકી છે, તે ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૯૧ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૪૧૦ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? (૨) રૂ. ૧૮૦.૮૩ લાખનો ખર્ચ થયો.

---------

**ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૮૯ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૧.૯૩ લાખનો ખર્ચ થયો. |

---------

**લખપત તાલુકામાં જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના**

૯૦૩ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાની મંજલ કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ક્યા તબક્કે છે, | (૧) મંજલ કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના લખપત તાલુકાની નથી પરંતુ આ યોજના નખત્રાણા તાલુકાની છે. આ યોજનાનું ટેન્ડર તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મંજૂરીના તબક્કામાં છે. |
| (૨) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) નખત્રાણા તાલુકાની મંજલ કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૩) નખત્રાણા તાલુકાની મંજલ કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના હેઠળ ૨૨ ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૫૭ **શ્રી પરસોત્તમભાઈ પરમાર** (દસાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૫૭૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૯૮.૦૫ લાખનો ખર્ચ થયો. |

---------

**જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૮ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૫૯૧ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૫.૮૨ લાખનો ખર્ચ થયો. |

---------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અનાજ વિતરણ**

૯૪૯ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ વડોદરા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૬૮,૧૧૯ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૬,૦૭૫ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૭૪,૧૯૪ મે. ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **ફેબ્રુ-૨૨ થી ડીસે.-૨૨ સુધી** | **જાન્યુઆરી-૨૩ માટે** |
|---|---|---|---|---|
| | | | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫- | | |

---------

## સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો

૮૭૭ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૧) ૫૧૬૫

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૦૮૩૨.૪૭ લાખ ખર્ચ થયો.

---------

## બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ યોજના

૮૩૭ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ મોટી, નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓ છે, અને

(૧)

| **મોટી સિંચાઈ યોજનાઓ** | | |
|---|---|---|
| **ક્રમ** | **યોજનાનું નામ** | **તાલુકો** |
| ૧ | સીપુ જળાશય યોજના | દાંતીવાડા |

| | | |
|---|---|---|
| ૨ | દાંતીવાડા જળાશય યોજના | દાંતીવાડા |
| **મધ્યમ સિંચાઈ યોજના** | | |
| **ક્રમ** | **યોજનાનું નામ** | **તાલુકો** |
| ૧ | મુક્તેશ્વર સિંચાઈ યોજના | વડગામ |
| **નાની સિંચાઈ યોજના** | | |
| **ક્રમ** | **યોજનાનું નામ** | **તાલુકો** |
| ૧ | હડમતીયા નાની સિંચાઈ યોજના | દાંતીવાડા |
| ૨ | ગાંગુવાડા નાની સિંચાઈ યોજના | દાંતીવાડા |
| ૩ | હાથીન્દ્રા નાની સિંચાઈ યોજના | પાલનપુર |
| ૪ | પાણીહારી નાની સિંચાઈ યોજના | વડગામ |
| ૫ | બાલુન્દ્રા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૬ | ઢોલિયા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૭ | દિવાનીયા ડુંગર નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૮ | ગંગાસાગર નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૯ | કાલીમાટી નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૦ | કાનપૂરા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૧ | કપાસિયા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૨ | ખારા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૩ | નીચલો બંધ નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૪ | પેડચોલી નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૫ | સોનવાડી નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૬ | ઝાંઝરવા નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૭ | ટાંઢોડી નાની સિંચાઈ યોજના | અમીરગઢ |
| ૧૮ | ભચડીયા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૧૯ | છોટા બામોદરા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૦ | દિવડી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૧ | હડાદ નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૨ | જસવંતસાગર નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૩ | મહુડી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૪ | માંકડચમ્પા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૫ | માણેકનાથ નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૬ | માંકડી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૭ | મીરાંવાસ નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૮ | મોટા પીપોદરા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૨૯ | મોતીપૂરા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૦ | પાવઠીનાલા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૧ | પીઠ ગાજીપુર નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૨ | રાયણીયા નાની સિંચાઈ યોજના | દાંતા |

| | | |
|---|---|---|
| ૩૩ | સાંઢોષી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૪ | સોલસંડા નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૫ | ખંઢોર ઉંબરી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૬ | વગ્દાક્યારી નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૭ | વણઝર નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૮ | કણબિયાવાસ નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૩૯ | હમીરસાગર નાની સિંચાઈ યોજના | દાંતા |
| ૪૦ | આમલોઈ નાની સિંચાઈ યોજના | દાંતા |

(૨) આ યોજનાઓથી કેટલી જમીનને પિયતનું પાણી અપાય છે ?

(૨) કુલ ૪૮,૨૫૦ હેક્ટર.

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૯ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૧૯૦

(૨) રૂ. ૨૭૦૨.૧૦ લાખ ખર્ચ થયો.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૧ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૨૫૩

(૨) રૂ. ૧૫૪.૬૦ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**વડોદરા શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૯૪૫ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૪,૮૩૩ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૪,૮૩૩ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૦,૦૦૯ છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૫૯ **શ્રી જયંતીભાઈ પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં

**જવાબ**

(૧) ૨૦૬૫

આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? (૨) રૂ. ૧૧૩.૪૩ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૦ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૩૮ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૧૮.૧૮ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૫૫ **શ્રી જયંતિભાઈ રાઠવા** જેતપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૬૬૧ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૨૩૦.૯૪ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૪ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૯૬૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૨૮.૪૯ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**નખત્રાણા તાલુકામાં જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના**

૯૦૪ **શ્રી કેશુભાઇ પટેલ** (ભુજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાની મંજલ કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ યોજનાનું ટેન્ડર મંજૂરીના તબક્કે છે. |
| (૨) આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૨૨ ગામો. |
| (૩)આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસમાં પૂર્ણ કરવામાં આવશે. |

- - - - - - - - -

**રાજ્યમાં કંપનીઓ પાસેથી વેટની બાકી વસૂલાત**

૭૧૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કઈ કઈ કંપનીઓ પાસેથી રૂ. ૧૦ કરોડ કે તેથી વધુ રકમની વેટની રકમ વસૂલવાની બાકી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |

(૨) ઉક્ત બાકી વસૂલાત હેઠળની કંપનીઓ પૈકી કઈ કઈ કંપનીઓની કેટલી રકમ માફ કરવામાં આવી ?

(૨) શૂન્ય.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર યોજનાની કામગીરી**

૯૩૦ **શ્રી રાકેશ દેસાઈ** (નવસારી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર યોજનાની કામગીરી તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ યોજનાની અંદાજિત રકમ કેટલી છે અને આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) અંદાજિત રકમ : ૨૦૨.૪૧ કરોડ ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) અંદાજિત રૂ.૨૫૦ કરોડનો ખર્ચ થનાર છે. |
| (૪) આ યોજનાથી શા લાભ મળનાર છે ? | (૪) બીલીમોરા શહેર (નગર પાલિકા) અને આસપાસના ૧૧ ગામોને પીવા માટે પાણી તથા અંદાજે ૧૪૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે, ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થશે, ભૂગર્ભજળની સપાટીમાં વધારો થશે, દરિયાની ભરતીના પાણી નદીમાં આગળ વધતાં અટકશે, દરિયાઈ ખારાશ આગળ વધતી અટકશે અને જૂની ખરેરા નદી પુનઃ જીવંત થશે. |

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૬ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૭૩૦ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૨૩૦.૮૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૪ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૪૭૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૩૪.૯૭ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૯૫૫ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર | (૧) ૫૧૬૫ |

પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૦૮૩૨.૪૭ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૫૮ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૭૬૭

(૨) રૂ. ૨૪૧.૫૦ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

૬૯૯ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી આપવામાં આવે છે,

(૨) ખેડૂતોને કેટલા કલાક વીજળી આપાય છે, અને

(૩) જો દિવસે વીજળી ન અપાતી હોય તો કેટલા સમયમાં વીજળી આપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૬૨ ગામોને દિવસે વીજળી આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે:

| **ક્રમ** | **તાલુકો** | **''કિસાન સૂર્યોદય યોજના'' હેઠળ સેન્સસ-૨૦૧૧ મુજબ દિવસે વીજળી આપવામાં આવતી હોય તેવા ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૫ |
| ૨ | આંકલાવ | ૮ |
| ૩ | બોરસદ | ૧૮ |
| ૪ | ખંભાત | ૨૭ |
| ૫ | પેટલાદ | ૩૪ |
| ૬ | સોજીત્રા | ૧૧ |
| ૭ | તારાપુર | ૨૭ |
| ૮ | ઉમરેઠ | ૧૨ |
| | **કુલ** | **૧૬૨** |

(૨) ૮ કલાક.

(૩) કિસાન સૂર્યોદય યોજના" હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવા બે બાબતો મહત્વની અને જરૂરી છે.

(૧) હયાત વીજ માળખાનું સુદઢીકરણ અને (૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન

(૧) હયાત વીજ માળખાનું સુદઢીકરણ

કોઈ પણ જિલ્લામાં "કિસાન સૂર્યોદય યોજના"નો અમલ કરતા પહેલા લોકલ એરિયાના હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાને સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન સબ સ્ટેશન અને વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોલસો, ગેસ જેવા પરંપરાગત વીજ સ્ત્રોતની તંગી તેમજ તેની ઉપલબ્ધતા અને પરિવહનને લગતી વિવિધ સમસ્યાઓના વિકલ્પે બિનપરંપરાગત ઊર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યુ છે. તેમાંય ખાસ કરીને સૌર ઊર્જા કે જે દિવસ દરમ્યાન ઉપલબ્ધ હોય છે અને તેથી સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન થકી ખેડૂતોને દિવસે વીજળી આપી શકાય છે. આવનારા દિવસોમાં જેમ સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તેમ દિવસ દરમ્યાન સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા વધશે. આથી ગુજરાત રાજ્યમાં સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા શક્ય તેટલી વધારીને તે વીજળી "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ ખેડૂતોને આપીને દિવસે વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

"PMKUSUM-C" યોજના અન્વયે ફીડર લેવલ સોલરાઈઝેસન થકી તમામ ખેતીવાડી ફીડરનું સોલરાઇઝેસન કરવાનું આયોજન છે.

તદુપરાંત આગામી ત્રણ વર્ષમાં હાલની સોલાર જનરેશનની સ્થાપિત ક્ષમતા ૫૩૪૫ મેગા વોટ થી વધારી ૧૮000 મેગા વોટ જેટલી કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**રાજ્યમાં વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા**

૨૩૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના કયા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહારના સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્ય સરકારની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| | **પાવર પ્લાન્ટનું નામ** | **જી.યુ.વી.એન.એલ. નો હિસ્સો (મે.વો.)** |
|---|---|---|
| **ક** | **રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | |
| ૧. | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લી. (જી.એસ.ઇ.સી.એલ.) | |
| | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૨૨૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન-યુનિટ ૩ અને ૪ | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | ૧૫૦ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઇ હાઈડ્રો | ૩૦૦ |
| | કડાણા હાઈડ્રો | ૨૪૦ |
| | ભાવનગર લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | **કુલ** | **૬૬૭૦** |
| ૨. | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૨૭ |
| ૩. | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.- સુરત લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| ૪. | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન- અક્રીમોટા | ૨૫૦ |

| | | |
|---|---|---|
| ૫. | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા એક્ષપાનશન CCPP II | ૩૫૧ |
| ૬. | જી પી પી સી પીપાવાવ | ૭૦૨ |
| | **કુલ** | **૧૮૩૦** |
| | **કુલ રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | **૮૫૦૦** |
| **ખ** | **કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો** | |
| | **રાજ્યમાં સ્થિત મથકો** | |
| | ક્વાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | **રાજ્યના બહાર સ્થિત મથકો** | |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન-તારાપુર ૧-૨ | ૧૬૦ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન-તારાપુર ૩-૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી-કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી-કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી-સીપત | ૮૧૩ |
| | એનટીપીસી-મૌડા | ૫૩૪ |
| | એનટીપીસી-લારા | ૧૫૭ |
| | એનટીપીસી-ખરગોન | ૨૪૬ |
| | એનટીપીસી-ગદરવારા | ૩૦૪ |
| | એનટીપીસી-મીડીયમ ટર્મ અને અનએલોકેટેડ ક્વોટા થકી | ૨૧૧૯ |
| | **કુલ** | **૭૦૫૩** |
| **ગ** | **ખાનગી સાહસો/પી પી પી** | |
| | અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ | ૨૪૩૪ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૧૨૨ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી | ૧૮૦૫ |
| | એ.સી.બી. (ઈન્ડિયા) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | **કુલ** | **૫૫૬૧** |
| | **કુલ-પરંપરાગત સ્ત્રોત** | **૨૧૧૧૪** |
| **ઘ** | **બિન પરંપરાગત સ્ત્રોત** | |
| | પવન ઊર્જા ( પત્રક-અ મુજબ) | ૪૨૮૦ |
| | સૌર ઊર્જા ( પત્રક-બ મુજબ) | ૩૯૨૬ |
| | બાયોપાવર, મીની હાઈડ્રો, વેસ્ટ ટુ એનર્જી વગેરે ( પત્રક-ક મુજબ) | ૬૬ |
| | **કુલ - બિન પરંપરાગત સ્ત્રોત** | **૮૨૭૨** |

(૨) તે અન્વયે, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ મથકોવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.

| **સેક્ટર** | **મે.વો** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
| (ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લી. (જી.એસ.ઇ.સી.એલ.) | - | - |
| (ખ) જાહેર સાહસો | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | - | - |

| | | |
|---|---|---|
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એનટીપીસી-ગદરવારા | ૧૫૨ | - |
| એનટીપીસી થર્મલ પ્રોજેક્ટ--મીડીયમ ટર્મ અને અનએલોકેટેડ ક્વોટા થકી | ૧૨૮૨ | ૮૩૭ |
| (ગ) ખાનગી સાહસો | - | - |
| એસ્સાર પાવર ગુજરાત લી. | - | ૧૨૨ |
| અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ | - | ૧૨૩૪ |
| (ઘ) બિન પરંપરાગત સ્ત્રોત | | |
| પવન ઊર્જા | ૬૧ | |
| સૌર ઊર્જા | ૯૨૧ | ૯૧૯ |
| વેસ્ટ ટુ એનર્જી | ૭.૫ | |
| **કુલ** | **૨૪૨૩.૫** | **૩૧૧૨** |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૭૨ **શ્રી શામજીભાઈ ચૌહાણ** (ચોટીલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૦૮ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૭૨.૩ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**આણંદ અને ખેડા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

૮૪૨ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત સબ સ્ટેશન દીઠ કેટલા ફીડરોમાં દિવસે વીજળી આપવામાં આવે છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૩૭ સબ સ્ટેશનો ના ૭૪ ફીડરોને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસે વીજળી આપવામાં આવે છે. જેની સબ સ્ટેશન દીઠ વિગત પત્રક-૧ માં સામેલ છે. તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ ૫૩ સબ સ્ટેશનો ના ૩૫ ફીડરોને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસે વીજળી આપવામાં આવે છે. જેની સબ સ્ટેશન દીઠ વિગત પત્રક-૨ માં સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ખેતી વિષયક કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, અને | (૨) ૮ કલાક. |
| (૩) ખેડૂતોને કાયમી ધોરણે દિવસે વીજળી આપવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવા બે બાબતો મહત્વની અને જરૂરી છે. (૧) હયાત વીજ માળખાનું સુદ્રઢીકરણ અને (૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન<br>(૧) હયાત વીજ માળખાનું સુદ્રઢીકરણ<br>કોઈ પણ જિલ્લામાં "કિસાન સૂર્યોદય યોજના"નો અમલ કરતા પહેલા લોકલ એરિયાના હાલના તેમજ આ |

યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાને સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન સબ સ્ટેશન અને વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન

પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોલસો, ગેસ જેવા પરંપરાગત વીજ સ્ત્રોતની તંગી તેમજ તેની ઉપલબ્ધતા અને પરિવહનને લગતી વિવિધ સમસ્યાઓના વિકલ્પે બિનપરંપરાગત ઊર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યુ છે. તેમાંય ખાસ કરીને સૌર ઊર્જા કે જે દિવસ દરમ્યાન ઉપલબ્ધ હોય છે અને તેથી સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન થકી ખેડૂતોને દિવસે વીજળી આપી શકાય છે. આવનારા દિવસોમાં જેમ સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તેમ દિવસ દરમ્યાન સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા વધશે. આથી ગુજરાત રાજ્યમાં સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા શક્ય તેટલી વધારીને તે વીજળી "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ ખેડૂતોને આપીને દિવસે વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

"PMKUSUM-C" યોજના અન્વયે ફીડર લેવલ સોલરાઈઝેસન થકી તમામ ખેતીવાડી ફીડરનું સોલરાઈઝેસન કરવાનું આયોજન છે.

તદુપરાંત આગામી ત્રણ વર્ષમાં હાલની સોલાર જનરેશનની સ્થાપિત ક્ષમતા ૫૩૪૫ મેગા વોટ થી વધારી ૧૮000 મેગા વોટ જેટલી કરવાનું આયોજન છે.

**પત્રક-૧**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સબ સ્ટેશન દીઠ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની વિગતઃ-

| **ક. નં.** | **તાલુકાનું નામ** | **સબ સ્ટેશનનું નામ** | **૩૧-૦૧-૨૩ની સ્થિતિએ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૩૨ કે.વી. ઓડ | ૬ |
| ૨ | આણંદ | ૬૬ કે.વી. ગોપાલપૂરા | ૩ |
| ૩ | આણંદ | ૬૬ કે.વી. જોલ | ૩ |
| ૪ | આણંદ | ૬૬ કે.વી. કરમસદ | ૩ |
| ૫ | આણંદ | ૬૬ કે.વી. મોગર | ૩ |
| ૬ | આણંદ | ૬૬ કે.વી. વાસદ | ૩ |
| ૭ | આણંદ | ૬૬ કે.વી. સારસા | ૪ |
| ૮ | આંકલાવ | ૬૬ કે.વી. ભેટાસી | ૩ |
| ૯ | બોરસદ | ૬૬ કે.વી. વિરસદ | ૬ |
| ૧૦ | ખંભાત | ૬૬ કે.વી. કેમ્બે | ૪ |
| ૧૧ | ખંભાત | ૬૬ કે.વી. વટાદરા | ૩ |
| ૧૨ | પેટલાદ | ૬૬ કે.વી. ચાંગા | ૫ |
| ૧૩ | પેટલાદ | ૬૬ કે.વી. મેહલાવ | ૩ |
| ૧૪ | પેટલાદ | ૬૬ કે.વી. નાર | ૫ |
| ૧૫ | પેટલાદ | ૬૬ કે.વી. પેટલાદ | ૭ |

| ક્ર. નં. | તાલુકાનું નામ | સબ સ્ટેશનનું નામ | ૩૧-૦૧-૨૩ની સ્થિતિએ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧૬ | પેટલાદ | ૬૬ કે.વી. સુંદરણા | ૨ |
| ૧૭ | સોજીત્રા | ૬૬ કે.વી. કાસોર | ૨ |
| ૧૮ | સોજીત્રા | ૬૬ કે.વી. લિંબાલી | ૨ |
| ૧૯ | ખંભાત | ૬૬ કે.વી. ટીંબા | ૨ |
| ૨૦ | તારાપુર | ૬૬ કે.વી. મોરજ | ૧ |
| ૨૧ | ઉમરેઠ | ૬૬ કે.વી. ઉમરેઠ | ૧ |
| ૨૨ | તારાપુર | ૬૬ કે.વી. ખાનપુર | ૧ |
| ૨૩ | ખંભાત | ૬૬ કે.વી. નેજા | ૧ |
| ૨૪ | આણંદ | ૬૬ કે.વી. નાવલી | ૧ |
| ૨૫ | ખંભાત | ૧૩૨ કે.વી. ઊંડેલ | ૦ |
| ૨૬ | આણંદ | ૬૬ કે.વી. ભાલેજ | ૦ |
| ૨૭ | બોરસદ | ૬૬ કે.વી. બોરસદ | ૦ |
| ૨૮ | આંકલાવ | ૬૬ કે.વી. હલદરી | ૦ |
| ૨૯ | આંકલાવ | ૬૬ કે.વી. સામરખા | ૦ |
| ૩૦ | આંકલાવ | ૬૬ કે.વી. સુરેલી | ૦ |
| ૩૧ | આંકલાવ | ૬૬ કે.વી. યૂ. નગર | ૦ |
| ૩૨ | આંકલાવ | ૬૬ કે.વી. વી. નગર | ૦ |
| ૩૩ | આંકલાવ | ૬૬ કે.વી. કુંજરાવ | ૦ |
| ૩૪ | આંકલાવ | ૬૬ કે.વી. આંકલાવ | ૦ |
| ૩૫ | આંકલાવ | ૬૬ કે.વી. નવાખલ | ૦ |
| ૩૬ | આંકલાવ | ૬૬ કે.વી. રાસ | ૦ |
| ૩૭ | આણંદ | ૬૬ કે.વી. સિંગલાવ | ૦ |
| | | **કુલ** | **૭૪** |

**પત્રક-૨**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સબ સ્ટેશન દીઠ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની વિગતઃ-

| ક્ર. નં. | તાલુકાનું નામ | સબ સ્ટેશનનું નામ | ૩૧-૦૧-૨૩ની સ્થિતિએ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કઠલાલ | ૬૬ કે.વી. અભરીપુર | ૧ |
| ૨ | ગલતેશ્વર | ૬૬ કે.વી. રોજવા | ૩ |
| ૩ | કપડવંજ | ૬૬ કે.વી. અતરસુંબા | ૬ |
| ૪ | ખેડા | ૬૬ કે.વી. ખેડા | ૫ |
| ૫ | ઠાસરા | ૬૬ કે.વી. ઠાસરા | ૧ |
| ૬ | ઠાસરા | ૬૬ કે.વી. ચેતરસુંબા | ૧ |
| ૭ | નડિયાદ | ૬૬ કે.વી. અખડોલ | ૨ |
| ૮ | નડિયાદ | ૬૬ કે.વી. ચકલાસી | ૧ |
| ૯ | નડિયાદ | ૬૬ કે.વી. ઉત્તરસંડા | ૨ |
| ૧૦ | નડિયાદ | ૧૩૨ કે.વી. નડિયાદ | ૨ |
| ૧૧ | માતર | ૬૬ કે.વી. પથાપૂરા | ૨ |
| ૧૨ | મહેમદાવાદ | ૬૬ કે.વી. અકલાચા | ૩ |
| ૧૩ | મહેમદાવાદ | ૬૬ કે.વી. હલદરવાસ | ૧ |
| ૧૪ | મહુધા | ૬૬ કે.વી. મહુધા | ૫ |
| ૧૫ | કઠલાલ | ૬૬ કે.વી. અનાર | ૦ |

| ક્ર. નં. | તાલુકાનું નામ | સબ સ્ટેશનનું નામ | ૩૧-૦૧-૨૩ની સ્થિતિએ દિવસે વીજળી આપવામાં આવતા ફિડરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧૬ | કઠલાલ | ૬૬ કે.વી. અપ્રુજી | ૦ |
| ૧૭ | કઠલાલ | ૬૬ કે.વી. ફાગવેલ | ૦ |
| ૧૮ | કઠલાલ | ૬૬ કે.વી. કઠલાલ | ૦ |
| ૧૯ | કઠલાલ | ૬૬ કે.વી. ખલાલ | ૦ |
| ૨૦ | ગલતેશ્વર | ૬૬ કે.વી. સેવાલીયા | ૦ |
| ૨૧ | કપડવંજ | ૬૬ કે.વી. ભૈલાકુઇ | ૦ |
| ૨૨ | કપડવંજ | ૬૬ કે.વી. કપડવંજ | ૦ |
| ૨૩ | કપડવંજ | ૬૬ કે.વી. માલિતાડી | ૦ |
| ૨૪ | કપડવંજ | ૬૬ કે.વી. નિર્મલી | ૦ |
| ૨૫ | કપડવંજ | ૬૬ કે.વી. રેલિયા | ૦ |
| ૨૬ | કપડવંજ | ૬૬ કે.વી. તોરણા | ૦ |
| ૨૭ | કપડવંજ | ૬૬ કે.વી. વ્યાસ વાસણા | ૦ |
| ૨૮ | કપડવંજ | ૬૬ કે.વી. અંતિસર | ૦ |
| ૨૯ | કપડવંજ | ૬૬ કે.વી. તૈયબપૂરા (સમજોતા નગર) | ૦ |
| ૩૦ | ખેડા | ૬૬ કે.વી. બિડજ | ૦ |
| ૩૧ | ખેડા | ૬૬ કે.વી. હરિયાલા | ૦ |
| ૩૨ | ખેડા | ૬૬ કે.વી. નવાગામ | ૦ |
| ૩૩ | ખેડા | ૬૬ કે.વી. સમાદરા | ૦ |
| ૩૪ | ખેડા | ૬૬ કે.વી. સંધાણા | ૦ |
| ૩૫ | ખેડા | ૬૬ કે.વી. ક્ષેત્રા | ૦ |
| ૩૬ | ઠાસરા | ૬૬ કે.વી. નેશ | ૦ |
| ૩૭ | ઠાસરા | ૬૬ કે.વી. રખિયાલ | ૦ |
| ૩૮ | ઠાસરા | ૬૬ કે.વી. વડદ | ૦ |
| ૩૯ | ઠાસરા | ૬૬ કે.વી. મોરાઆમ્બલી | ૦ |
| ૪૦ | નડિયાદ | ૬૬ કે.વી. કમલા | ૦ |
| ૪૧ | નડિયાદ | ૬૬ કે.વી. પલૈયા | ૦ |
| ૪૨ | વસો | ૬૬ કે.વી. વસો | ૦ |
| ૪૩ | માતર | ૬૬ કે.વી. લીંબાસી | ૦ |
| ૪૪ | માતર | ૬૬ કે.વી. માતર | ૦ |
| ૪૫ | માતર | ૬૬ કે.વી. ત્રાજ | ૦ |
| ૪૬ | માતર | ૬૬ કે.વી. પાલ્લા | ૦ |
| ૪૭ | મહેમદાવાદ | ૧૩૨ કે.વી. મહેમદાવાદ | ૦ |
| ૪૮ | મહેમદાવાદ | ૬૬ કે.વી. જિંગર | ૦ |
| ૪૯ | મહેમદાવાદ | ૬૬ કે.વી. વરસોલા | ૦ |
| ૫૦ | મહેમદાવાદ | ૬૬ કે.વી. નેનેપુર | ૦ |
| ૫૧ | મહુધા | ૬૬ કે.વી. અલીના | ૦ |
| ૫૨ | મહુધા | ૬૬ કે.વી. રૂપપૂરા | ૦ |
| ૫૩ | મહુધા | ૬૬ કે.વી. વાંઠવાડી | ૦ |
| | | **કુલ** | **૩૫** |

\- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૩ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને | (૧) ૩૨૫૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૪૪૩૨.૩૦ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૨ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૬૩૮૫ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૬૫.૯૫ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં ઝરવાણી પાણી પુરવઠા યોજનાની મંજૂરી**

૩૭ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઝરવાણી પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે. તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે, અને | (૨) યોજનાની કામગીરી પ્રગતિના તબક્કે છે. |
| (૩)ઉક્ત યોજના અન્વયે કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૩) આશરે રૂ.૧૦૯.૨૬ કરોડ. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૯૫૬ **શ્રી બાબુસિંહ જાદવ** (વટવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૧૨૨૪ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૭૫.૫૬ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**રાજકોટ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૯૪૪ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૬૨૪૮ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૬૨૪૮ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૩,૬૨૩ છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં આંતરિક પેયજળ યોજના**

૯૧૨ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નલ | રૂ.૪૭૩૫.૪૦ લાખ. |

સે જલ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ભરૂચ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ થયો ?

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૯૫૮ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૩૨૫૩ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫૪.૬૦ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી**

૧ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસે વીજળી આપવામાં આવે છે, અને

(૨) તે અન્વયે કેટલા વીજ ફીડરોમાં દિવસે વીજળી અપાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત તાલુકાવાર દિવસે વીજળી મેળવતા ખેડૂતોની સંખ્યાની માહિતી નીચે મુજબ છે-

| ક્રમ | તાલુકો | કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસે વીજળી મેળવતા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભેસાણ | ૪૭૮૬ |
| ૨ | જૂનાગઢ | ૧૫૯૫ |
| ૩ | કેશોદ | ૩૬૪ |
| ૪ | માળિયા હાટીના | ૩૪૯૫ |
| ૫ | માણાવદર | - - |
| ૬ | માંગરોળ | - - |
| ૭ | મેંદરડા | ૬૬૯૬ |
| ૮ | વંથલી | - - |
| ૯ | વિસાવદર | ૧૫૧૨૫ |
| | **કુલ** | **૩૨૦૬૧** |

(૨) કિસાન સૂર્યોદય યોજના અન્વયે જૂનાગઢ જિલ્લાના ૧૬૬ વીજ ફિડરોમાં દિવસે વીજળી અપાય છે.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને | (૧) ૯૦૦ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૬૨.૮૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૯૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૭૦

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૮૦.૧૮ લાખ ખર્ચ થયો.

---------

**ભાવનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૯૪ **શ્રી શિવાભાઇ ગોહિલ** (મહુવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૪૧૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫૫.૦૧ લાખ ખર્ચ થયો. |

---------

**અમીરગઢ-દાંતા તાલુકામાં જીએસટીની ચોરીના કિસ્સા**

૭૧૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાના અમીરગઢ-દાંતા તાલુકામાં જીએસટીની ચોરીના કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, | (૧) ૫૬૮ |
| (૨) તે અંગે કસુરવારો સામે દંડની કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને | (૨) રૂ. ૧૭.૦૬ કરોડ. |
| (૩) ઉક્ત કસુરવારો સામે શા પગલાં ભરવામાં આવ્યા ? | (૩) કસુરવારો પાસેથી દંડની રકમ રૂ. ૧૭.૦૬ કરોડની વસૂલાત કરવામાં આવેલ છે. |

---------

**બોટાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૬૩ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૦૪૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૯૫.૦૩ લાખ ખર્ચ થયો. |

---------

**ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૮૮૬ **શ્રી કલ્પેશભાઇ પરમાર** (માતર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૧૨૮ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૩૪.૮૧ લાખ ખર્ચ થયો. |

---------

**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અનાજ વિતરણ**

૯૩૯ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ વલસાડ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં

૫૯,૧૪૪ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૫,૨૭૮ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૬૪,૪૨૨ મે. ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **ફેબ્રુ-૨૨ થી ડીસે.-૨૨ સુધી** | **જાન્યુઆરી-૨૩ માટે** |
|---|---|---|---|---|
| | | | **વિતરણ ભાવ (રૂ.પૈસા)** | **વિતરણ ભાવ (રૂ.પૈસા)** |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫- | | |

- - - - - - - - -

## ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

૯૫૩ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૧૨૮ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૩૪.૮૧ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ

૬૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલા પેટ્રોલ/ડીઝલ પંપો ઉપર ચાલતી ભેળસેળની અને ઓછો જથ્થો આપવાની ગેરરીતિઓ સામે કેટલા પેટ્રોલ/ડીઝલ

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલા પેટ્રોલ/ડીઝલ પંપો ઉપર નીચે મુજબની તપાસ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **તપાસ** |
|---|---|---|

પંપોની વર્ષવાર તપાસ કરવામાં આવી,

| | | |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ૦૪ |
| ૨ | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ૦૮ |
| | **કુલ** | **૧૨** |

(૨) તે પૈકી કેટલા પેટ્રોલ/ડીઝલ પંપોમાં આવી ગેરરીતિઓ માલુમ પડી, અને

(૩) ઉક્ત કસુરવાર પંપોના માલિકો વિરૂદ્ધ શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ઉક્ત પૈકી કોઇ પેટ્રોલ/ડીઝલ પંપોમાં ગેરરીતિઓ જણાઇ આવેલ નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

---------

**સોમનાથ તાલુકામાં વહીવટદારની નિમણૂંક કરવા બાબત**

૮૩૫ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ તાલુકાના શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લી. કોડીનારના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત પૂર્ણ થયેલ હોવા છતાં ચૂંટણી યોજાઇ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વહીવટદારની નિમણૂંક કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો ના, તો વહીવટદારની નિમણૂંક કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા.

(૨) વહીવટદારની નિમણૂંક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વહીવટદારની નિમણૂંક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો**

૨૪૧ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧માં રૂ.૨.૮૯ અને બીડ-૨માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી ક્યા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છેઃ

| **માસ** | **૨૦૨૧** | | | **૨૦૨૨ (પ્રોવિઝનલ)** | | |
|---|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટસ** | **ફિક્સચાર્જ (રૂ.કરોડ)** | **એનર્જીચાર્જ (રૂ.યુનિટ)** | **મિલિયન યુનિટસ** | **ફિક્સચાર્જ (રૂ.કરોડ)** | **એનર્જીચાર્જ (રૂ.યુનિટ)** |
| જાન્યુઆરી | ૭૫૫ | ૪૯ | ૨.૮૩ | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ |
| ફેબ્રુઆરી | ૩૮૪ | ૪૪ | ૩.૦૦ | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ |
| માર્ચ | ૪૩૨ | ૬૦ | ૩.૩૬ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ |
| એપ્રિલ | ૭૮૩ | ૬૦ | ૩.૫૩ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મે | ૫૧૭ | ૫૮ | ૩.૬૬ | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ |
| જૂન | ૬૪૮ | ૫૮ | ૩.૬૭ | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ |
| જુલાઈ | ૩૦૩ | ૪૯ | ૩.૭૧ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ |
| ઓગસ્ટ | ૪૯૩ | ૪૯ | ૩.૮૫ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ |
| સપ્ટેમ્બર | ૨૪૩ | ૫૭ | ૩.૯૩ | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ |
| ઓક્ટોબર | ૪૧૭ | ૫૧ | ૪.૫૧ | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ |
| નવેમ્બર | ૧૬૪ | ૬૫ | ૪.૯૭ | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ |
| ડિસેમ્બર | ૪૫૦ | ૭૨ | ૫.૪૦ | ૧૨૦ | ૧૨૧ | ૮.૮૩ |

ઉક્ત વીજ પ્રોજેક્ટ આયાતી કોલસા આધારીત હોઇ, વર્ષ ૨૦૧૧ પછી ઇન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર ઉક્ત વીજ કંપની દ્વારા પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું. જેને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર દ્વારા એક હાઇ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા નીતિ વિષયક નિર્ણયથી હાઇ પાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારીને વીજ ખરીદીના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે. તે મુજબ તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે (તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ ના વીજ કરાર માટે) સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના આદેશથી મંજૂર કરવામાં આવેલ. તે મુજબ GUVNL દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે ટેરિફની ચુકવણી કરવામાં આવેલ છે.

વધુમાં, કેન્દ્ર સરકારની મધ્યસ્થીથી તા.૧૭-૧૦-૨૦૨૧થી તા.૦૫-૧૧-૨૦૨૧ દરમ્યાન આંતરરાષ્ટ્રીય કોલસાના ભાવના વધારાના કારણે રૂ.૪.૫૦/- પ્રતિ યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસીટી ચાર્જના દરે વીજળી ખરીદવાનો નિર્ણય કરવામાં આવેલ.

દરમ્યાનમાં, વૈશ્વિક કક્ષાએ આયાતી કોલસાના ભાવમાં થયેલ અતિશય ભાવવધારાના કારણોસર કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતર્ગતના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટા ભાગના ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ. ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઇલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ના સેકશન-૧૧ અંતર્ગત તા.૦૫-૦૫-૨૦૨૨ના હુકમથી ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ.

રાજ્યની વીજ માંગને પહોંચી વળવા માટે ઉપલબ્ધ તમામ સ્ત્રોતો તેમજ સેક્શન-૧૧ અંતર્ગત ઉપલબ્ધ આયાતી કોલસા આધારિત વીજ મથકોમાંથી વીજ પુરવઠો મેરીટ ઓર્ડરના સિદ્ધાંત મુજબ વીજ દરની પ્રાથમિકતાના ક્રમે અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી જરૂરિયાત પુરતો જ વીજ પુરવઠો મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં પાણી પુરવઠા યોજના**

૭૦૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખંભાત તાલુકામાં એકપણ પાણી પુરવઠા યોજના અમલમાં નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા સુધીમાં નવીન યોજના બનાવી પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરતા ઇસમો**

૨૩૯ **શ્રી અર્જૂનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાંથી તાલુકાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો અનાજનો (ઘઉં અને ચોખા) જથ્થો બારોબાર વેચાણ બાબતે નીચે મુજબની તપાસ કરવામાં આવેલ છે. |

| તાલુકાનું નામ | તપાસની વિગત (સસ્તા અનાજની દુકાન) | કબ્જે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|---|
| | | જણસી | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ.પૈસા) |
| પોરબંદર | ૨૧ | - | - | - |
| રાણાવાવ | ૦૪ | ઘઉં | ૧૫૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| | | ચોખા | ૪૦૦.૦૦ | ૫,૪૦૦.૦૦ |
| કુતિયાણા | ૦૭ | ઘઉં | ૧૦,૨૪૩.૫૦૦ | ૨૦,૪૮૭.૦૦ |
| | | ચોખા | ૩૦૦૬.૦૦૦ | ૯,૦૧૮.૦૦ |
| **કુલ** | **૩૨** | **ઘઉં** | **૧૦,૩૯૩.૫૦૦** | **૨૨,૭૩૭.૦૦** |
| | | **ચોખા** | **૩૪૦૬.૦૦૦** | **૧૪,૪૧૮.૦૦** |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કુલ-૩૨ ઇસમો સંડોવાયેલા છે.

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉક્ત પૈકી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

- પરવાના અનામત જપ્તઃ- રૂ.૧૫,૦૦૦/-
- દંડઃ- રૂ.૭,૨૧,૦૨૩/-

---------

**રાજ્યનું કુલ દેવું**

૮૪૧ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે,

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૩,૨૦,૮૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વ્યાજ પેટે અને મુદલની પરત ચુકવણી પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨)

| **નાણાકીય વર્ષ** | **ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં)** | **ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૨,૦૨૩ | ૧૭,૯૨૦ |
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૨૩,૦૬૩ | ૨૪,૪૫૪ |

(૩) રાજ્યનું દેવું વધારવાના મુખ્ય કારણો શા છે, અને

(૩) રાજ્યના વિકાસ આયોજનના કામો માટે જાહેર દેવા દ્વારા સંશાધન ઊભા કરવા, તે સ્વિકાર્ય પદ્ધતિ છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદ્ધિ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

(૪) દેવું ઘટાડવા શા પગલા લેવામાં આવે છે ?

(૪) રાજ્યનું જાહેર દેવું કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલ મર્યાદા એટલે કે GSDP ના ૨૭.૧૦% ની સામે ૧૬.૫૦% છે, જે રાજ્યના સારા નાણાં વ્યવસ્થાપનનું પ્રતિક છે. દેવાનો ઉપયોગ રાજ્ય દ્વારા મૂડી ખર્ચમાં રાજ્યનો વિકાસ અવિરત રીતે આગળ વધે તે રીતે કરવામાં આવે છે.

---------

**માણાવદર તાલુકાના ચેકડેમો અને તળાવો ભરવાની મંજૂરી**

૨ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના ચેકડેમો અને તળાવો ભરવા

**જવાબ**

(૧) અને (૨)

સૌની યોજના મારફત ભાદર-૧ અને ફોફળ-૧ ડેમમાં

સૌની યોજના અંતર્ગત ક્યારે મંજુરી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સૌની યોજના અંતર્ગત ક્યારે ક્યારે પાણી ભરવામાં આવ્યું ?

પાણી નાખવાનું આયોજન કરેલ છે. આ બન્ને ડેમ પૂર્ણ જળ સપાટીએ ભરાયેથી પાણી જે-તે નદીમાં વહેવડાવી ભાદર-૨ ડેમમાં પાણી નાખી શકાય. ભાદર-૨ ડેમના દરવાજાનું સંચાલન કરી ભાદર નદીમાં પાણી છોડી પોરબંદર જિલ્લામાં આવેલ ભાદર ટી.આર. સુધી પાણી આપવાનું આયોજન કરેલ છે.

ભાદર-૨ અને ભાદર ટી.આર. વચ્ચે માણાવદર તાલુકામાં આવતા ચેકડેમ, આ પાણી દ્વારા ભરવાનું આયોજન છે.

વર્ષ-૨૦૨૧ અને વર્ષ-૨૦૨૨ના ચોમાસામાં ભાદર ડેમ ઓવરફ્લો થતા, ભાદર નદીમાં પાણી છોડવામાં આવેલ, ત્યારે માણાવદરના ઉક્ત ચેકડેમો તેમજ બાંટવા-ખારો ડેમ થકી વર્ષ-૨૦૨૧ અને વર્ષ-૨૦૨૨ માં માણાવદર તાલુકાના ગામોને પાણી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**કલોલ તાલુકાના મોજે સાંતેજની ધી વૃંદાવન કો.ઓપ.સો.લી.ના સભાસદોને પ્લોટ ફાળવવા બાબત**

૭૧૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મોજે સાંતેજની ધી વૃંદાવન કો.ઓપ. હા.સો.લી. ના સંચાલકોએ બિનખેતીના નિયંત્રણવાળી જમીન ફ્રોડ્યુલન્ટ વેચાણ દસ્તાવેજો ઉપજાવી કાઢી ખેતીની જમીનોમાં કહેવાતા રહેણાંક પ્લોટો, સભાસદોને ફાળવવામાં આવતા નથી, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો મંડળીના કસુરવાર સંચાલકો/સભાસદો સામે શા પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) નામ.હાઇકોર્ટમાં દાખલ SCA ૩૦૭૨૨/૨૦૦૭માં તા.૨૪-૦૧-૨૦૦૮ના હુકમથી તબદીલી/વેચાણ સામે "Status Quo" આપેલ છે. તેથી સમગ્ર બાબત સબજ્યુડીશ છે.

(૨) સહકારી કાયદા અન્વયેની કલમ-૮૬ ની ચોક્સીની કાર્યવાહી તા.૨૭-૦૫-૨૦૧૦ના રોજ પૂર્ણ થયેલ છે. નામ. હાઇકોર્ટમાં પડતર SCA ૩૦૭૨૨/૨૦૦૭ના આખરી નિર્ણય બાદ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

૬૩ **ઈમરાન ખેડવાલા** (જમાલપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાંથી જાહેર જનતાને આપવામાં આવતા સસ્તા અનાજના જથ્થાને ગેરકાયદેસર રીતે સગેવગે કરવાની કેટલી ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૨) સરકારે આવી ગેરરીતિઓ આચરનારા દુકાનદારો સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાંથી જાહેર જનતાને આપવામાં આવતા સસ્તા અનાજના જથ્થાને ગેરકાયદેસર રીતે સગેવગે કરવાની કુલ-૨૧ ગેરરીતિઓ પકડવામાં આવી.

(૨) સરકારે આવી ગેરરીતિઓ આચરનારા દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | રાજ્યસાત કરેલ જથ્થો | :- ૨૪૦૦.૧ કિ.ગ્રા. |
| (૨) | રાજ્યસાત કરેલ જથ્થાની કિંમત | :- રૂ.૪૩,૯૦૪.૮૦ |
| (૩) | પરવાના અનામત | :- રૂ.૩૭,૨૫૦/- |
| (૪) | દંડ | :- રૂ.૭,૩૨,૮૦૦.૫૦ |
| (૫) | પરવાના મોકુફ | :- ૦૨ |

અતારાંકિત પ્રશ્નો

(૬) પરવાના રદ :- ૦૨

(૭) પી.બી.એમ. :- ૦૫

---------

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ કરાર**

૨૪૨ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે તા.૦૬-૦૨-૨૦૦૭ તથા તા.૦૨-૦૨-૨૦૦૭ ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ક્યા દરે વીજ ખરીદવાના એગ્રીમેન્ટ થયેલ છે,

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. (GUVNL) દ્વારા તા.૬-૦૨-૨૦૦૭ અને તા.૨-૦૨-૨૦૦૭ ના રોજ અદાણી પાવર મુન્દ્રા લી. સાથે બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ.૨.૮૯/- યુનિટ અને રૂ.૨.૩૫/- યુનિટના લેવલાઇઝડ ટેરીફે વીજ ખરીદ કરાર થયેલ છે.

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **મિલિયન યુનિટ્સ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |
| જાન્યુઆરી | ૭૫૫ | ૪૮૦ |
| ફેબ્રુઆરી | ૩૮૪ | ૨૯૧ |
| માર્ચ | ૪૩૨ | ૧૦૪૨ |
| એપ્રિલ | ૭૮૩ | ૧૪૬૭ |
| મે | ૫૧૭ | ૭૩૧ |
| જૂન | ૬૪૮ | ૬૩૩ |
| જુલાઈ | ૩૦૩ | ૧૭ |
| ઓગસ્ટ | ૪૯૩ | ૧૫૦ |
| સપ્ટેમ્બર | ૨૪૩ | ૬૯૭ |
| ઓક્ટોબર | ૪૧૭ | ૩૨૩ |
| નવેમ્બર | ૧૬૪ | ૫૬ |

(૪) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર પ્રતિ યુનિટના દરે ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **૨૦૨૧** | | | **૨૦૨૨ (પ્રોવિઝનલ)** | | |
|---|---|---|---|---|---|---|
| | **ફિક્સ ચાર્જ (રૂ.કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ.યુનિટ)** | **કુલ રકમ (રૂ.કરોડ)** | **ફિક્સ ચાર્જ (રૂ.કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ.યુનિટ)** | **કુલ રકમ (રૂ.કરોડ)** |
| જાન્યુઆરી | ૪૯ | ૨.૮૩ | ૨૬૨ | ૬૦ | ૫.૫૭ | ૩૨૭ |
| ફેબ્રુઆરી | ૪૪ | ૩.૦૦ | ૧૬૦ | ૨૮ | ૫.૩૮ | ૧૮૪ |
| માર્ચ | ૬૦ | ૩.૩૬ | ૨૦૫ | ૧૦૫ | ૫.૯૨ | ૭૨૨ |
| એપ્રિલ | ૬૦ | ૩.૫૩ | ૩૩૬ | ૧૧૮ | ૬.૨૯ | ૧૦૪૦ |
| મે | ૫૮ | ૩.૬૬ | ૨૪૭ | ૧૨૦ | ૭.૦૧ | ૬૩૨ |
| જૂન | ૫૮ | ૩.૬૭ | ૨૯૬ | ૧૧૭ | ૭.૭૫ | ૬૦૮ |
| જુલાઈ | ૪૯ | ૩.૭૧ | ૧૬૨ | ૧૧૨ | ૫.૪૬ | ૧૨૧ |
| ઓગસ્ટ | ૪૯ | ૩.૮૫ | ૨૩૯ | ૧૧૦ | ૮.૭૬ | ૨૪૨ |
| સપ્ટેમ્બર | ૫૭ | ૩.૯૩ | ૧૫૨ | ૧૧૭ | ૮.૮૫ | ૭૩૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઓક્ટોબર | ૫૧ | ૪.૫૧ | ૨૩૯ | ૧૨૨ | ૮.૫૪ | ૩૯૮ |
| નવેમ્બર | ૬૫ | ૪.૯૭ | ૧૪૬ | ૧૧૭ | ૮.૫૩ | ૧૬૫ |
| ડિસેમ્બર | ૭૨ | ૫.૪૦ | ૩૧૬ | ૧૨૧ | ૮.૮૩ | ૨૨૭ |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં સરકારી / ખાનગી એપીએમસી**

૮૩૮ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કઇ કઇ એપીએમસી આવેલ છે,

**જવાબ**

(૧) પત્રક-૧(અ) મુજબ.
તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની એપીએમસી આવેલ છેઃ

**પત્રક-૧(અ)**

| **તાલુકો** | **એપીએમસીનું નામ** |
|---|---|
| આણંદ | બજાર સમિતિ, આણંદ |
| બોરસદ | બજાર સમિતિ, બોરસદ |
| ઉમરેઠ | બજાર સમિતિ, ઉમરેઠ |
| આંકલાવ | બજાર સમિતિ, આંકલાવ |
| પેટલાદ | બજાર સમિતિ, પેટલાદ |
| સોજીત્રા | બજાર સમિતિ, સોજીત્રા |
| ખંભાત | બજાર સમિતિ, ખંભાત |
| તારાપુર | બજાર સમિતિ, તારાપુર |

(૨) તે પૈકી કેટલી એપીએમસી સરકારી અને કેટલી ખાનગી છે, અને

(૨) પત્રક-૧(બ) મુજબ.
આણંદ જિલ્લામાં સરકારી અને ખાનગી એપીએમસીની વિગતો નીચે મુજબ છેઃ

**પત્રક-૧(બ)**

| **તાલુકો** | **સરકારી એપીએમસી** | **ખાનગી એપીએમસી** |
|---|---|---|
| આણંદ | ૧ | ૦ |
| બોરસદ | ૧ | ૦ |
| ઉમરેઠ | ૧ | ૦ |
| આંકલાવ | ૧ | ૦ |
| પેટલાદ | ૧ | ૦ |
| સોજીત્રા | ૧ | ૦ |
| ખંભાત | ૧ | ૦ |
| તારાપુર | ૧ | ૦ |
| **કુલ** | **૮** | **૦** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી એપીએમસી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકપણ નવી સરકારી એપીએમસી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

શ્રી રાઘવજી હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક ગુજરાતીની છાતી ગજગજ ફૂલે અને જ્યાં ભારત માતા કી જય કોઇ બોલી નહોતું શકતું એવા ત્રણેય પૂર્વોત્તર રાજ્યોમાં આપણા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. આઝાદીના કાળમાં આપણાં દેશમાં બે નેતાઓની આણ પ્રવર્તતી હતી પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલ. આજે સમગ્ર દેશમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ સર્વોચ્ચ લોકપ્રિય નેતા છે. શ્રી નરેન્દ્રભાઇ તો દુનિયાના લોકપ્રિય નેતા છે. આ ચૂંટણીના પરિણામોથી ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ૪૦૦ સીટથી ભવ્ય વિજય થાય એનો માર્ગ કંડારાયેલો છે અને શ્રી નરેન્દ્રભાઇ મોદી ત્રીજીવાર દેશના વડાપ્રધાન થાય એનો રસ્તો ખુલ્લો થયો છે એના માટે પ્રત્યેક ગુજરાતીએ ગૌરવ લેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને કોઇ મુદ્દો છે કે કેમ? મને લાગ્યું કે આપ કોઇ નિવેદન કરવા માગતા હશો.

શ્રી રાઘવજી હં. પટેલ : મોટામાં મોટો મુદ્દો ગુજરાતી તરીકે દરેકને ગૌરવ હોવું જોઇએ.

અધ્યક્ષશ્રી : ચાલો, આપનો વિષય આવી ગયો, માનનીય અર્જુનભાઇ,

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોતરી બાબતમાં સભ્યશ્રીઓને સૂચના આપવા અંગે**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇ બોલ્યા અને પ્રધાનમંત્રીશ્રી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી એટલે એના ઉપર હવે ન બોલશો. તમે તમારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પેગાસીસનો મુદ્દો હોય જાસૂસી કરવાનો કે પછી (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપે પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપર બોલવાનું છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એના માટે પણ આપણે શરમ અનુભવવી પડશે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો. (અંતરાય) માનનીય અમિતભાઇ, બેસો, માનનીય અમિતભાઇ બેસો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એના વિશે વાત થશે અને નકલી ડિગ્રી વિશે પણ વાત થશે, નકલી ડિગ્રી વિશે પણ વાત થવાની છે તૈયારી હોવી જોઇએ તમારી વાત કરવાની... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, તમે તમારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સામેના મિત્રોએ કહ્યું એટલે મેં કહ્યું કે, બધા ઉપર વાત થાય. અમેરિકા અને યુરોપે વિઝા નહોતા આપ્યા એની પણ વાત થઇ શકે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, તમે મુદ્દા ઉપર આવો, નહીં તો હું પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો કરીશ. તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલો, સીધા મુદ્દા ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ઘણા મુદ્દા છે. આ બધા મિત્રોને ખબર નથી હું બોલવા ઊભો થઇશ તો...(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આવો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં હોવું જોઇએ ને? મને બોલવા દેવો જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, તમે બેસો. હું હાઉસને ઓર્ડરમાં કરાવું છું. શ્રી અર્જુનભાઇ, આપ બેસો, એક મિનિટ. એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, તેઓ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલશે, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરે છે. તેમાં બાકીના સભ્યશ્રીઓ ખલેલ નહીં કરે. પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપર જેને બોલવું હશે એ પોતાનો હાથ ઉંચો કરીને પછી બોલી શકશે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે કોઇ વચ્ચે વાત ન કરે. માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તમને બધાને છૂટ છે, અમને છૂટ નથી. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોઇ નહીં બોલે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો ટૂંકો જ મુદ્દો છે અને આપના મારફત માનનીય સભ્યશ્રીઓનું અને માનનીય મંત્રીશ્રીઓનું ધ્યાન દોરવાનું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, ક્લેરિફિકેશન છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપણા નિયમોમાં જોગવાઇ છે અને માનનીય અધ્યક્ષશ્રીના વારંવારના અવલોકનો અને સૂચનાઓ પણ છે કે પ્રશ્નોતરીનો સમય ખૂબ જ મહત્ત્વનો હોય છે અને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના પણ આપી છે કે એક પ્રશ્ન પાંચ મિનિટમાં પૂરો થવો જોઇએ અને એ નથી થતો એના કારણો એ છે કે માનનીય સભ્યશ્રીઓએ જે સાહિત્ય વેબસાઇટ ઉપર, લાઇબ્રેરીમાં, બુકસમાં કે બીજી જગ્યાએ અવેલેબલ હોય એનો પ્રશ્ન અહીંયા પૂછી શકાય નહીં. દાખલા તરીકે કોઇ નિયમો છે, આના માટેના નિયમો શું છે, કોણ લાયકાત ધરાવે છે? એ પેટા પ્રશ્ન પૂછનારને ખબર જ હોય કારણ કે એના આધારે જ એણે પ્રશ્ન પૂછ્યો હોય છતાં આપે વારંવાર કહ્યું છે અને અમને પણ સૂચના આપી છે કે માનનીય દંડકશ્રીઓ એવી ચિઠ્ઠી ના મોકલે કે જે પ્રશ્ન અહીંયા એલાઉ પણ ના હોય. આ સભ્યશ્રીઓ નવા છે એટલે હું નથી કહેતો પણ આપના મારફતે એવી સૂચના જાય કે નિયમ-૭૮ મુજબ આપણે જે પ્રશ્નો જવાબની મર્યાદામાં આવી શકવા માટે ઘણા વિસ્તૃત હોય તેવા નીતિને લગતાં પ્રશ્નો તેમાં ઉપસ્થિત કરેલા હોવા જોઇએ નહીં એ નિયમ-૭૮નો ૧૧નો પેટા નિયમ છે. ૨૩માં માત્ર માહિતી આપવાના હેતુથી કે ખુદના પ્રશ્નોના જવાબ સૂચવવાના હેતુથી કોઇ ચોક્કસ દ્દષ્ટિબિંદુ

જણાવવાના હેતુથી પૂછાયેલો હોવો ના જોઇએ. એટલે જે નિયમો અને આખી સ્કીમની માહિતી માનનીય મંત્રીશ્રીઓ આપે છે અને એવો પ્રશ્ન પૂછાય છે, આપ સૂચના આપો એવી ટૂંકી જ વાત માનનીય અધ્યક્ષશ્રી આપને કહેવાની છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જેમ નવા સભ્યોના સવાલની વાત આવી. મારી પણ આપના હસ્તક એટલી વિનંતી છે કે જૂના સભ્યોએ પણ સવાલ પૂછતાં પૂછતાં જે ભાષણ સાથે ત્રણ ચાર મિનિટ લગાડે તો જવાબ આપવામાં એક બે મિનિટ તો જરૂરથી લાગે અને એ એક-બે મિનિટ ગણીએ તો પણ પાંચ મિનિટની અંદર એક સવાલ પૂરો ન થાય તો નવા સભ્યોને જેટલું જ્ઞાન આપણે આપીએ છીએ તેની સાથે જૂના સભ્યો પણ સવાલ પૂછવા સાથે ભાષણ ના જોડે તો પાંચ-છ મિનિટની અંદર જરૂરથી મંત્રીશ્રી આરામથી જવાબ આપી શકે.

અધ્યક્ષશ્રી : મેં અગાઉ પણ વિધાનસભા ગૃહના તમામ સભ્યશ્રીઓને અને મંત્રીશ્રીઓને પણ કહ્યું છે અને છતાંય ક્યાંક ક્યાંક એવા અવલોકનો આવે છે કે પ્રશ્નો પૂછવાની અંદર પણ લાંબા અને પોલિટિકલી અવલોકન સાથે આપણે વાત કરીએ છીએ. ગઇ કાલે બન્યું તેમ પ્રશ્ન જયારે મોટો અને લાંબો પૂછીએ, કેટલાક તો બે, ત્રણ, ચાર કે પાંચ-પાંચ પ્રશ્નો સુધી આપણે પેટા પ્રશ્ન કરીએ તો પછી પેટા પ્રશ્નના લાંબા જવાબો મંત્રીશ્રીઓએ આપવા પડે છે. મારી બન્ને પક્ષે એક તો પ્રશ્ન પૂછવાની બાબતમાં અને એમાંય ખાસ કરીને સિનિયર સભ્યો તો ખાસ પોલિટિકલી ઓબ્ઝર્વેશન સિવાય ડાયરેક્ટ પ્રશ્નો ઉપર આવી અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ કઇ રીતે થઇ શકે એમાં ટુ ધ પોઇન્ટ અને મંત્રીશ્રીઓ પણ જવાબ ટુ ધ પોઇન્ટ જ આપે તો વધારે સારું રહેશે. આપણે વધારે પ્રશ્નો સુધી પહોંચી શકીશું અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ પણ સારી રીતે કરી શકીશું. મેં અવલોકન કરી દીધું. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

***પૂરક માગણી ક્રમાંકઃ ૩૯**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૯૧,૨૬,૨૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫,૮૪,૦૦,૯૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી .**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩**

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : જે સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત મૂકે છે તો તેમણે સ્થાન ઉપર હાજર રહેવું જોઇએ અને કાપ દરખાસ્ત મૂકીને પછી સ્થાન ઉપર આપણે હાજર ના રહીએ તે ઠીક નથી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૫૧**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૫,૭૦,૪૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૧૮,૮૫,૪૫,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૫૧ રજૂ કરું છું

**પૂરક માગણી ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી .**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪**

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૮૬**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૭૬,૨૮,૭૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫,૧૫,૮૫,૯૮,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

ફાલ્ગુન ૧૩, ૧૯૪૪ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

**પૂરક માગણી ક્રમાંક - ૯૫**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૨૮,૪૦,૪૫,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ.૪,૮૯,૨૦,૯૮,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક - ૯૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક - ૧૦૨**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૭,૫૭,૪૬,૮૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક - ૧૦૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | |
| *૧ | ૨૨૧૦-તબીબી..આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ અને દવાખાના રૂ. ૭૮,૫૬,૭૫,૦૦૦<br>પાના નં. ૭૫ અને ૭૬ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દિનેશભાઈ ઠાકોર |
| *૨ | -- " -- | ૧૦૦ | હોસ્પિટલો/દવાખાનાઓના એર કન્ડિશન- પંખાઓ તથા મેડિકલ સાધનોની સમયસર મરામતની કામગીરીના અભાવે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| ૩ | -- " -- | ૧૦૦ | હોસ્પિટલ/દવાખાનાઓમાં રાત્રિના સમયે ડૉક્ટરોની ગેરહાજરીના કારણે દર્દીઓને પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ પટેલ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>માંગણી નં. ૫૧ | | |
| ૪ | ૫૪૫૨-પ્રવાસન...જોગવાઇ<br>૮૦-સામાન્ય<br>૧૦૪-બઢતી અને પ્રચાર<br>૦૨-TRS -37 ગુજરાત..બોર્ડ<br>રૂા. ૪,૭૯,૦૦,૦૦૦<br>પાના નં. ૯૭ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રાધામોના સ્થળ પર ફેલાયેલ વ્યાપક ગંદકી દૂર કરવામાં અને જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | ગેનીબેન ઠાકોર |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>માગણી નં. ૮૬ | | |
| ૫ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪-જિલ્લા...માર્ગો<br>૩૩૮-પ્રધાનમંત્રી - યોજના<br>૦૩-પ્રધાનમંત્રી...યોજના | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તૈયાર થતાં રસ્તાઓની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧૬,૨૮,૭૯,૦૦૦<br>પાના નં. ૧૫૯ અને ૧૬૦ | | | |
| ૬ | ૫૦૫૪- માર્ગ ..જોગવાઈ<br>૦૩-રાજય ધોરીમાર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>૧૧-RBD -2(a) મૂળ કામો<br>રૂા. ૧,૮૮,૬૬,૦૦,૦૦૦<br>પાના નં.-૧૬૦ અને ૧૬૧ | ૧૦૦ | માર્ગ કામો માટે કરેલ જમીન સંપાદન અંતર્ગત તેનું યોગ્ય વળતર સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માંગણી નં. ૯૫ | | | | |
| ૭ | ૨૨૩૫-સામાજીક....કલ્યાણ<br>૦૨-સમાજ કલ્યાણ<br>૧૦૩-સ્ત્રીઓનું કલ્યાણ<br>૦૧-SCW-25- અનુસૂચિત...સહાય<br>રૂ. ૧,૫૭,૩૨,૦૦,૦૦૦<br>પાના નં. ૧૮૨ અને ૧૮૩ | ૧૦૦ | અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત નિરાધાર વિધવાઓને તેમના પુન:સ્થાપન માટે આપવામાં આવતી નાણાકિય સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>માંગણી નં. ૧૦૨ | | | | |
| ૮ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩- નાના...વિકાસ<br>૧૯૧-મહાનગરપાલિકાને સહાય<br>૬૧-UDP-78 સ્વર્ણિમ...અનુદાન<br>રૂ. ૭,૭૦,૪૩,૦૦,૦૦૦/-<br>પાના નં. ૨૦૯ અને ૨૧૦ | ૧૦૦ | સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને આપવામાં આવતી સહાય અન્યત્ર ખર્ચવાને બદલે વિકાસના કામોમાં ખર્ચાય તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૯ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩- નાના...વિકાસ<br>૧૯૧-મહાનગરપાલિકાને સહાય<br>૭૩-સ્માર્ટ...સીટી<br>રૂ. ૯૮,૦૦,૦૦,૦૦૦/-<br>પાના નં. ૨૦૯ અને ૨૧૦ | ૧૦૦ | સ્માર્ટ સીટી મીશન અંતર્ગત ડમ્પીંગ સાઈટો પરથી નિયમીત પણે કચરાનો નિકાલ કરાવી ગંદકી નાબુદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પરની ચર્ચા માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારે ૧૦:૦૦થી ૨:૩૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં એટલે કે બપોરના ૧:૩૦ વાગ્યે માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. તદ્અનુસાર બપોરના ૧:૩૦ વાગ્યે જે પૂરક માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે, તેમજ બાકી રહેલ બીજી તમામ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. હવે પૂરક માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રીની સૂચના**

**પૂરક માગણીઓની ચર્ચા દરમિયાન જે તે વિભાગના ઉચ્ચ અધિકારીએ હાજર રહેવા બાબત**

અધ્યક્ષશ્રી : માનનીય નાણામંત્રીશ્રી, આપને મારી એક સૂચના હતી કે જે તે વિભાગની માગણીઓ હોય એ વિભાગના સિનિયર સચિવશ્રીએ સભાગૃહમાં હાજર રહેવું પડશે અને સભાગૃહમાં ધારાસભ્યશ્રીઓ જ્યારે કોઇ સૂચન કરે અથવા કોઇ રજૂઆત કરે તો એ લખવાનું કામ એ અધિકારીનું છે. તેઓ લખીને પછી જે તે મંત્રીશ્રી પાસે આવશે. જે વિભાગના સચિવશ્રી હાજર ન હોય એમને તાત્કાલિક અહીંયા બોલાવો અને જો એ હાજર નહિ હોય તો એ વિભાગની માગણીઓ મતદાન ઉપર મૂકવાની પ્રક્રિયા નહિ થઇ શકે. જે તે વિભાગને તાત્કાલિક સૂચના આપવાની વ્યવસ્થા કરો. એમની નીચેના નાયબ સચિવ કે અન્ય કક્ષાના અધિકારી હાજર હશે તો એ નહિ ચાલે. સભાગૃહમાં જે તે વિભાગના સચિવશ્રીએ હાજર રહેવું પડશે અને ધારાસભ્યોના જે વિષય આવે એને પણ ગંભીરતાથી લેવા પડશે.

**પૂરક માગણીઓ પરની ચર્ચા અને મતદાન (ક્રમશ:)**

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૨-૨૩નું જે પૂરક પત્રક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે વર્ષ ૨૦૨૨-૨૩માં આ રાજ્યનું વાર્ષિક અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું ત્યારે એ અંદાજપત્રની રકમ રૂ.૨,૪૩,૯૬૪.૭૩ કરોડ રૂપિયા હતી અને એ વખતે એમ લાગતું હતું કે ચૂંટણીનું વર્ષ છે અને કદાચ કોઇ વિભાગોના કામો જરૂરિયાત મુજબ નહિ થયા હોય માટે સરકારશ્રી આટલું મોટું બજેટ લઇને આવી છે. તમામ વિભાગોના બજેટની ચર્ચા થઇ. તમામ વિભાગોના બજેટ ફાળવ્યા પછી ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત આ ઘટના બનવા જઇ રહી છે કે કે આટલું મોટું અંદાજપત્ર હોવા છતાં પણ સરકારે રૂ. ૩૦,૭૯૩.૨૮ કરોડની પૂરક માગણીઓ લઇને આવવું પડ્યું. આ રૂ.૩૦ હજાર કરોડની પૂરક માગણી લઇને આવ્યા તેના પરથી સ્પષ્ટ દેખાય છે કે વિભાગમાં પ્રજાલક્ષી કામગીરી કરવામાં કેટલાક અધિકારીઓ અને સરકારના મંત્રીશ્રી કે એમના વિભાગની અસમર્થતા છે. તેના કારણે પહેલી વખત રૂ.૩૦,૭૯૩.૨૮ કરોડની માગણી લઇને આવવું પડ્યું છે. એક સમય હતો કે આટલું તો ફક્ત બજેટ આવતું હતું પરંતુ આજે આટલી પૂરક માગણીઓ લઇને આવ્યા છે. સરકાર આજે ખાસ કરીને ચાર વિભાગની માગણીઓ લઇને આવી છે. સરકારે રૂ.૧૨,૨૪૦.૩૭ કરોડનું બજેટ આ વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું હતું. સરકારે એ જ વર્ષના બજેટમાં આટલી મોટી રકમ ફાળવ્યા પછી પણ આરોગ્ય અને પરિવાર કલ્યાણની પૂરક માગણી નં.૩૯ રૂ.૧૬૭૫.૨૭ કરોડની લઇને આવી છે. જ્યારે આ માગણીઓ લઇને આવ્યા ત્યારે એમ લાગ્યું કે કદાચ સરકારના બજેટમાં આરોગ્યલક્ષી સેવામાં ડોક્ટર, નર્સ કે સ્ટાફની કમી, રાજ્યના ૧૭ કરતાં વધારે જિલ્લાઓમાં લૅબોરેટરી, એક્સ-રે મશીન, એમ.આર.આઈ. મશીન કે પૂરતા સાધનો નહિ હોવા આવા અનેક કારણોસર સરકારને એમ લાગ્યું હશે કે આ બધી અપૂરતી સુવિધાઓને પૂરતી કરવા માટે સરકાર આ વધારાની પૂરક માગણીઓ લઇને આવી છે પણ જ્યારે પૂરક માગણીઓ વાંચી ત્યારે એમ થયું કે વર્ષોથી અમારી કૉંગ્રેસની સરકાર હતી ત્યારે આટલી મેડિકલ કૉલેજ હતી અને આટલું જ હતું. ત્યારે આટલા રોગો પણ ન હતા. દવાખાના ભલે ઓછા હતા પણ કેન્સર તો જોવા મળતું ન હતું. તમારા સમયમાં રોગો પણ ઉત્પન્ન થયા. તમે સુવિધાઓની વાતો કરો છો તો આજે પણ છાપા વાંચો અને ટી.વી. જુઓ તો એક સામાન્ય તાવ અને શરદી-ખાંસી થાય તો હૉસ્પિટલો ભરાય છે. લોકોને પૂરતા પ્રમાણમાં સારવાર મળવી જોઈએ તે મળતી નથી. માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે સરકારની પ્રાથમિકતા રાજ્યના દરેક નાગરિકને માંદગી માટે પૂરતા આરોગ્યનાં સાધનો પૂરાં પાડવાની છે કે નહિ? સરકાર દર વખતે રૂ.૧૦ હજાર કરોડ કરતાં પણ વધારેનું બજેટ આરોગ્ય વિભાગમાં લઇને આવે છે તેમ છતાં વધારાની માગણી લઇને આવવું પડે છે. તમે જ્યારે વધારાની માગણી લઇને આવ્યા છો ત્યારે હૉસ્પિટલોમાં પૂરતી વ્યવસ્થાઓ નથી તે પૂરતી વ્યવસ્થાઓમાં આ ખર્ચો કર્યો હોત તો અમે તેને ટેકો આપવાનું ચોક્કસ વિચારી શક્યા હોત. સરકારશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી નં ૮૬ લઇને આવી છે ત્યારે ગયા વખતે આ વિધાનસભા ગૃહની અંદર માર્ગ અને મકાન વિભાગને રૂ.૧૨૦૨૪.૩૪ કરોડનું પ્રોવિઝન કરવામાં આવ્યું હતું. રસ્તા, પુલો અને નાળાની અનેક નવી યોજનાઓનો ચિતાર આ બજેટની અંદર કરવામાં આવ્યો હતો. તેમ છતાં પણ આ વખતે રૂ.૮૯૨.૧૪ કરોડની વધારાની પૂરક માગણીઓ લઇને સરકારશ્રી આ ગૃહ સમક્ષ આવી છે. ગઇકાલે નામદાર હાઇકોર્ટમાં એક પી.આઇ.એલ.માં સરકારે રજૂ કર્યું છે કે, આ રાજ્યમાં ૬૭ કરતાં પણ વધારે પુલોની મરામત જરૂરી છે. અમદાવાદ શહેરની અંદર હાટકેશ્વર પુલ છેલ્લા નવ મહિનાથી બંધ છે. બે ખાનગી લૅબોરેટરીના રિપોર્ટ આવ્યા છે તેમ છતાં પણ આજની તારીખ સુધીમાં હાટકેશ્વર પુલની અંદર થયેલ ગોટાળામાં અધિકારી અને પુલના કોન્ટ્રાક્ટરની સામે કોઇ પગલાં ભરવામાં આવ્યાં નથી. બજેટની જોગવાઇમાં લખ્યું છે કે રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં શહેરી વિકાસમાં રૂ.૧૪૨૯૬.૮૩ કરોડનું બજેટ આ ગૃહ સમક્ષ લઇને આવી હતી અને એમાં રૂ.૧૭૫૭.૪૬ કરોડની પૂરક માગણીઓ લઇને સરકાર આ વિધાનસભા ગૃહ સમક્ષ આવી છે. પૂરક માગણીઓમાં જે પરિસ્થિતિ જોઇ કે રાજ્ય સરકારે ચૂંટણી પહેલાં આ રાજ્યની અંદર આવતી આઠ મહાનગરપાલિકાઓમાં અલગ-અલગ શહેરોની અંદર સરકારી કાર્યક્રમો કર્યા અને એમાં રાજકીય રીતે બજેટની જાહેરાત કરવામાં આવી છે. આ માગણી સરકારશ્રી એટલા માટે લઇને આવી છે કે ભારતીય જનતા પાર્ટીને શહેરી વિસ્તારમાં વધારે મત મળ્યા છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ અમદાવાદ શહેરની અંદર મારી વિધાનસભા દાણીલીમડા, બહેરાપૂરા વોર્ડની અંદર સ્ટ્રોમ ડ્રેનેજની યોજના નથી, મારા વિસ્તારમાં આજે પણ લોકો પીવાના પાણીથી વંચિત છે. કોર્પોરેશનની મિટિંગોમાં ઘણી રજૂઆતો કરી, વિધાનસભા ગૃહમાં પણ રજૂઆતો કરી પણ આજે અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં ઘર સુધી નળ પહોંચ્યા નથી. *(xxx) રાજ્ય સરકાર રૂ. ૩૦,૦૦૦ કરોડ કરતાં વધારેની પૂરક માગણીઓ લઇને આવી છે એને કોઇ સંજોગોમાં અમે સમર્થન આપી શકતા નથી.

ઉપાધ્યક્ષશ્રીઃ એ શબ્દો દૂર કરવામાં આવે છે.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તબીબી અને જાહેર આરોગ્યની માગણી નંબર ૩૯ લઇને આવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આ ભારતીય જનતા પાર્ટીની સરકાર 'સર્વજન સુખાય, સર્વજન હિતાય', 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના વિશ્વાસ' સાથે કામ કરી રહી છે અને છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ સારું કામ કરી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રહી છે. હમણાં જ ગુજરાત વિધાનસભાની ગઇ ચૂંટણીમાં ૧૫૬ સીટો સાથે આ હાઉસમાં ભારતીય જનતા પાર્ટીનો ડંકો વાગ્યો છે. ગઇ વખતે ૬૫ હતા એ ઘટીને લગભગ ૧૭ થઇ ગયા છે. આનો અર્થ એમ થાય છે કે અમારા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ અમારા ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આ સરકારમાં ગુજરાતની પ્રજા વિશ્વાસ ધરાવે છે. મને આ માગણી બાબતે કહેતાં આનંદ એ થાય છે કે આ વખતે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ મારા છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી વિસ્તારમાં મેડિકલ કોલેજ આપી છે. આદિવાસી વિસ્તારમાં આ ઇતિહાસમાં પહેલો બનાવ છે. આદિવાસી વિસ્તારોમાં આ વખતે પહેલી વાર ૨૭માંથી ૨૩ વિધાનસભાની સીટો આદિવાસી પ્રજાએ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને આપી છે. અમારો વિશ્વાસ અને અમારી લાગણી વધે છે. અમારા વિસ્તારની અંદર જ્યારે કામ કરવાનું મન થાય અને અમારી સરકાર સમગ્ર ક્ષેત્રમાં કામ કરતી હોય ત્યારે મારે થોડીક વાત કરવી છે. ગુજરાતમાં અમારા ગ્રામ્ય વિસ્તારોમાં લગભગ ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલાં છે. ૯૨૩૧ પેટા કેન્દ્રો આવેલાં છે. ૩૨૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલાં છે. આ વિસ્તારોમાં જ્યારે પહેલાં દવાખાનું ન હતું. લગભગ એક તાલુકામાં એક જ દવાખાનું હતું. અત્યારે પી.એચ.સી. કેન્દ્રોની સંખ્યા વધી છે. દવાખાનામાં અત્યારે ડોક્ટરો આવી રહ્યા છે. સરકારે ભરતી કરી છે. હમણાં જ વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયા પછી જ્યારે મેં મારા વિસ્તારમાં નસવાડી, સંખેડા અને માંકણીની મુલાકાત લીધી તો ૮૭ કેસ આવ્યા. પહેલા ૨૫ કેસ પણ આવતા ન હતા. એ પ્રમાણેની આરોગ્યની વ્યવસ્થા કરીને આ સરકાર ખૂબ સારું કામ કરી રહી છે. ૧૦૮ની સેવા હોય, ખિલખિલાટ યોજના હોય, મા વાત્સલ્ય યોજના હોય તથા આખા ગુજરાતમાં આયુષ્યમાન ભારત કાર્ડની લોકપ્રિય યોજના બની છે ત્યારે એ માટે અમારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે. પહેલાં જે રૂપિયા ૫ લાખનું કાર્ડ હતું એ માટે ચૂંટણીમાં બોલ્યા હતા તે પ્રમાણે રૂપિયા ૧૦ લાખના કાર્ડ માટેનું કામ કર્યું છે ત્યારે આ આદિવાસી પ્રજા અને સમગ્ર ગુજરાતની પ્રજા શ્રી મોદી સાહેબને અભિનંદન આપે છે. સાચું જ બોલીએ છીએ અને સાચું જ છે એટલે જ તમે ૧૭ થઇ ગયા. આદિવાસી વિસ્તારોમાં સારું કામ થયું છે. આ વિસ્તારોમાં આયુષ્યમાન કાર્ડ અંગેની યોજના શરૂ થઇ છે તથા દવાખાના શરૂ થયા છે. લોકો દવાખાનામાં સારવાર માટે જાય છે. શ્રી અર્જુનભાઇને પણ મારી વિનંતી છે કે અમારી આ સરકાર સાચી પરિસ્થિતિ લઇને આવી છે. મારે તમને યાદ કરાવું છે કે પહેલાં ગામડામાં ૧૦૮ આવતી ન હતી એટલે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, બેઠાં બેઠાં કોમેન્ટ ન કરો. એ બરાબર નથી.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન, વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાન માટેની જે માગણી લઇને આવ્યા છે એમના સમર્થન સાથે હું મારું વકતવ્ય આપવા ઊભો થયો છું. જ્યારે સમાજ કલ્યાણની વાત આવે ત્યારે ડૉ. બાબા સાહેબ આંબેડકરને યાદ કરવા પડે. **અગર ભીમ દલિતો મે પેદા ન હોતા તો, દલિતો કા ગુજારા ન હોતા. યુ હી ડૂબ જાતિ નૈયા અગર, ભીમ તેરા સહારા ન હોતા.**

માનનીય અધ્યક્ષશ્રી, બાબા સાહેબે એક સૂત્ર આપ્યું હતું, શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. મારે કહેવું છે કે આ સૂત્રને યથાર્થ કરવા માટે સાચા અર્થમાં જો કોઇએ કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અલગ અલગ યોજનાઓના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબોના ઘરની અંદર સુખાકારીના બીજ રોપાય એના માટેના પ્રયત્ન કર્યા છે. અમારા બહેન જયારે ૨૦૨૩-૨૪ની અનુદાનની પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે મારે પાલક માતા-પિતા યોજના વિષે કહેવું છે. આ એ પ્રકારની યોજના છે કે કોઇ દીકરો કે દીકરી એના પરિવારના સગા સંબંધીને ત્યાં ભણવા જતી હોય છે ત્યારે એ બોજારૂપ બનતી હોય છે. ત્યારે સરકાર તરફથી આ યોજનાની અંદર માસિક ૩૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૮૧૯૨ લાભાર્થીઓને ૬૪.૧૩ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી ૨૦૨૩ અંતિત ૧૮૬૯૪ લાભાર્થીઓને ૫૧.૨૩ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૯.૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે અને ૨૦૦૦૦ લાભાર્થીઓને લાભ મળનાર છે.

બીજી એવી જ એક યોજના નિરાધાર વૃદ્ધ અને નિરાધાર દિવ્યાંગ આર્થિક સહાય યોજના. આ નિરાધાર વ્યક્તિને જ્યારે કોઇ સાચવનાર નથી અને એના દીકરા-દીકરીઓ કે પરિવારના કોઇ વ્યક્તિ જ્યારે રાખતા નથી ત્યારે સરકારની આ યોજના મારફત ૬૦થી ૭૯ વર્ષની વયના વયોવૃદ્ધ નિરાધાર લાભાર્થીઓને ૧૦૦૦ રૂપિયા માસિક સહાય આપવામાં આવે છે અને ૮૦ વર્ષ અને તેનાથી વધુ વયોવૃદ્ધ નિરાધાર હોય તેઓને ૧૨૫૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨માં ૧,૩૦,૨૨૭ લાભાર્થીઓ માટે રૂ. ૧૨૧.૪૭ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી ૨૦૨૩ અંતિત ૧,૩૫,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૧૩૦.૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. ૨૦૨૨-૨૩માં અંદાજિત કુલ ૧,૫૫,૦૦૦ વૃદ્ધોને લાભ આપવા માટે કુલ રૂ.૧૮૯.૩૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલી છે.

બીજી એક મહત્ત્વની યોજના ઘરનું ઘર મળે તેના માટેની છે. આંબેડકર આવાસ યોજના. માણસને પોતાની જિંદગીનું સ્વપ્નું હોય છે કે એમને પોતાનું ઘર થાય. આ ઘર માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુસૂચિત જાતિમાં જે સમાવિષ્ટ

કુટુંબો છે અને તેની પાસે મકાન નથી તેવા કુટુંબો માટે રૂ.૧,૨૦,૦૦૦ની સહાય એક મકાન દીઠ આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૬,૦૦,૦૦૦ની છે. અને જે અતિ પછાત જાતિના નાગરિકો છે એના માટે..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અરવિંદભાઇ રાણા.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણાં મંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂપિયા ૧૭૫૭.૪૭ કરોડની પૂરક માગણી નંબર-૧૦૨ લઇને આ લોકશાહીના મંદિરમાં આવ્યા છે. તેને હું અનુમોદન આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા મહેસૂલી ખર્ચની રૂપિયા ૧૦૧૩૪.૨૪ કરોડ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૮૮૦.૫૭ કરોડની મળીને કુલ રૂપિયા ૧૧૦૧૪.૭૫ કરોડની માગણી કરવામાં આવી હતી. જેમાં આજે રૂ. ૧૭૫૭.૪૭ કરોડની પૂરક માગણી વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે પૂરક માગણી વર્ષના અંત સુધીમાં ૮ મહાનગરપાલિકા અને રાજ્યની તમામ નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાયાની સુવિધા જેવી કે પાણી પુરવઠા, ભૂગર્ભ ગટરનાં કામો, આંતરમાળખાકીય વિકાસનાં કામો, રસ્તા, ટ્રાફિક, ફ્લાયઓવર બ્રિજ, આંગણવાડી, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ, ખાનગી સોસાયટીમાં જન ભાગીદારી દ્વારા આંતરિક રસ્તા, વોટર સપ્લાય, પાઇપલાઇન, સ્ટ્રીટ લાઇટ વગેરેનાં કામો માટે ખૂટતી રકમની સહાય માટે આ માગણી કરવામાં આવી છે. રાજ્યની મહાનગરપાલિકાઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટને અટલ મિશન-૨ અંતર્ગત ૪૦ ટકા રાજ્યનો ફાળો અને સ્માર્ટસિટી અંતર્ગત રાજ્યનો ૨૫ ટકા ફાળો આપવા માટે અનુદાનની રકમ માટે રૂ.૧૭૫૭.૪૭ કરોડની માગણીની મંજૂરી સાથે મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ મળી કુલ રૂ.૧૨,૭૭૨.૨૧ કરોડની ગ્રાન્ટની મંજૂરી આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૧૯૮૭થી સુરત મહાનગરપાલિકામાં કોર્પોરેટર હતો. વર્ષ ૨૦૦૦ની સાલમાં જ્યારે સ્થાયી સમિતિના અધ્યક્ષની જવાબદારી હતી ત્યારે મહાનગરપાલિકાની મુખ્ય આવક ઓક્ટ્રોયની હતી. ઓક્ટ્રોયની વસૂલી માટે લોકોના ધંધા-રોજગાર અંગેના માલસામાન માટે જકાતનાકે ખૂબ મોટી લાઇનો લાગતી હતી અને આમાં ઇઝી મની અને ઓક્ટ્રોય ચોરીની સૌથી વધારે ફરિયાદ પ્રજામાંથી આવતી હતી. વિકાસનાં કામો માટે જકાતની આવક એ એકમાત્ર સ્ત્રોત હતો. રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ગ્રાન્ટ આપવામાં આવતી ન હતી. આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના માનનીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ત્રાસમાંથી લોકોને મુક્ત કરવા રાજ્યમાં ધંધા વેપાર માટે કોઇ પણ માલસામાન વિના રોકટોક ગમે ત્યાં લઇ જઇ શકે તે માટે ઐતિહાસિક નિર્ણય કરીને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના ભાગ રૂપે જકાત નાબૂદી કરીને લોકો કોઇ પણ ભ્રષ્ટાચારમાં પડ્યા વગર ખૂબ શાંતિથી ધંધો કરી શકે તે માટે રાજ્યમાંથી તા.૧૫-૧૧-૨૦૦૭થી ઓક્ટ્રોય નાબૂદ કરવામાં આવી. ઓક્ટ્રોય નાબૂદીની સામે રાજ્યમાં મહાનગરપાલિકાને ગ્રાન્ટ આપવાની શરૂઆત કરવામાં આવી. મારે આજે આ વિધાનસભામાં જણાવવું છે કે વર્ષ ૨૦૦૭માં ઓક્ટ્રોય નાબૂદી પછી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઓક્ટ્રોય નાબૂદીની ગ્રાન્ટ સાથે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અટલ મિશન અમૃત-૨ યોજના, સ્માર્ટ સિટી, મેટ્રો ટ્રેન, જે.એન.આર.યુ.એમ. એવી ઘણી યોજના અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી આજે રાજ્યના તમામ મહાનગરપાલિકામાં વસતા નાગરિકો માટે વૈશ્વિક સગવડો પૂરી પાડવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમૃતકાળના વર્ષમાં જ્યારે રાજ્ય અને દેશ વિકાસશીલમાંથી વિકસિત દેશ તરફ જઇ રહેલ છે ત્યારે સુરત શહેરમાં હાલમાં જે કામગીરી થઇ રહી છે તેની જો વાત કરું તો મુંબઇ, દિલ્હી, ચેન્નાઇ, કલકત્તા, બેંગ્લોર અને હૈદરાબાદ બાદ પછી ૧૦૦ અબજ ડોલરના શહેર તરીકે સુરત ઉભરી આવવાનું છે. સુરતમાં ૩૩ કિલોમીટરની લંબાઇમાં તાપી રીવરફ્રન્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે નદીની બન્ને બાજુ યુ.કે. સ્ટાઇલ રીવરફ્રન્ટની મંજૂરી મળી ગયેલ છે અને આ બજેટમાં નાણામંત્રીશ્રીએ તેની જોગવાઇ પણ કરેલ છે. હું આ પૂરક માગણીને ટેકો આપું છું.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૫૧ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં ગુજરાત તેની આગવી શૈલી અને સંસ્કૃતિથી સૌથી અલગ ઉભરી આવતું રાજ્ય છે. ગુજરાત પાસે હડપ્પન સંસ્કૃતિથી શરૂ કરી મુગલ સામ્રાજ્ય સુધીનો ભવ્ય ઐતિહાસિક વારસો છે. ગુજરાતનો પ્રવાસ સીમાડાથી ક્ષિતિજના સૌંદર્યનો અનંત, પરંપરાગત અને ઐતિહાસિક સંસ્કૃતિનો સ્પર્શ કરાવે છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજયમાં આવેલ મહત્ત્વના ધર્મસ્થાનો ખાતે યાત્રાળુઓની સુવિધાને લગતા અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવે છે અને સત્વરે કાર્યાન્વિત થાય તેની કાળજી પણ રાખવામાં આવે છે. ધર્મસ્થાનોમાં વીજ બચત માટે સોલાર રૂફટોપ, નર્મદા પરિક્રમા કરતા યાત્રાળુઓની સગવડ માટે પાયાની સુવિધાઓ, સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે આવતા ધર્મસ્થાનોનો વિકાસ, માતાનો મઢ, ક્રિષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામ જેવા સર્વાંગી વિકાસ વગેરે કામો માટે રૂ.૮૯૨૧.૦૦ લાખની ચાલુ વર્ષની જોગવાઇ કરવામાં આવેલ છે જેના આવકાર સાથે આનંદની લાગણી અનુભવું છું અને સરકારશ્રીને વરિષ્ઠ નાગરિકો માટે માનવતાલક્ષી કાર્યને વેગ આપવા બદલ અભિનંદન પણ પાઠવું છું. ગુજરાત રાજ્યના નવા પ્રવાસન સ્થળોની વૃદ્ધિ આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના માર્ગદર્શન નીચે દીર્ઘદષ્ટિ દ્વારા વખતોવખત કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા સ્થાનિક પ્રવાસીની સાથોસાથ વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે જે ગુજરાત રાજ્ય માટે

ગૌરવવંતિ બાબત લેખી શકાય તેના માટે મુખ્યમંત્રીશ્રીને પણ સાથેસાથે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ટ્રાવેલ્સ અને ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રોની પ્રગતિના કારણે કૌશલ્યવર્ધક માનવબળની જરૂરિયાતોમાં પણ વધારો જોવા મળે છે અને એટલે જ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કામ કરતાં અને કારકિર્દી બનાવવા માગતા કર્મયોગીમાં બુદ્ધિ, કૌશલ્ય અને સાહસિકતામાં વૃદ્ધિ થાય તે માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન પણ પ્રતિવર્ષ કરવામાં આવે છે જેના માટે ઉત્તરોત્તર લાભાર્થીઓના લક્ષ્યાંકમાં વધારો કરી ગ્રાન્ટમાં વધારો કરવામાં આવેલ છે જેને આવકારું છું. રાજ્યમાં પ્રવાસીઓ માટે વધુમાં વધુ માળખાકીય સુવિધાઓ અને મનોરંજન માટેની સુવિધાઓ ઉપલબ્ધ થાય અને રોજગારીની તકો વધે તેના માટે વધુમાં વધુ પ્રવાસીઓ ગુજરાત ખાતે આકર્ષી શકાય તે માટે વર્ષ ૨૦૧૫-૨૦ની જે પ્રવાસન નીતિ જાહેર કરવામાં આવેલ હતી જેના ભાગરૂપે વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ ગુજરાતમાં કાર્યાન્વિત થયેલ છે. આ નીતિ અંતર્ગત કરોડો રૂપિયાનું મૂડી રોકાણ સાથોસાથ રોજગારીની તકો સાથેના આ વર્ષ દરમિયાન મંજૂર થયેલ કુલ ૬૬ પ્રોજેક્ટને પ્રોત્સાહક લાભોની ચૂકવણી માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે જોગવાઇ કરવામાં આવી છે જેને આવકારું છું. અંતમાં એટલું જ કહીશ કે ગુજરાતમાં દેશ-વિદેશના પ્રવાસીઓને પ્રવાસે આવવાનું મન કેમ થાય? આકર્ષણનું કેન્દ્ર કેમ ગુજરાત જ! કારણ કે અહીં પ્રવાસ એ ઉપચાર સંબંધી પ્રવૃત્તિ છે. પ્રવાસ એ શૈક્ષણિક પ્રક્રિયા છે. પ્રવાસ એ પ્રકૃતિને જાણવા-માણવાની રીત છે. ગુજરાતમાં વિશાળ સમળત ભૂમિ ઉપર પથરાયેલ લીલાંછમ મેદાનો, ઐતિહાસિક સ્થળો ઉપરાંત વિશાળ દરિયા કિનારો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાતનો પ્રવાસ સ્ફૂર્તિદાયક અને રોમાંચક બને છે. ગુજરાતમાં સતત ચેતનવંતી સંસ્કૃતિ અને ભાઇચારાની અનુભૂતિ કરાવતો માનવસમાજ છે. અહીંના જીવનની અવિસ્મરણીય અનુભૂતિ, યાદગાર પળોની સ્મૃતિ અને જીવન જીવવાની કળા શીખવા મળે છે ત્યારે મંત્રીશ્રી માગણી નં. ૫૧ લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને પુલો માટે રજૂ થયેલ પૂરક માગણી નં. ૮૬ને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગામડાંથી લઇને શહેરો સુધી જોડતા રસ્તાની વિવિધ યોજનાઓ, પ્રગતિપથ, ચાર માર્ગીયકરણ, નવરચિત તાલુકા માટે વિકાસ પથ, પ્રવાસીપથ, મુખ્યમંત્રી સડક યોજના, સુવિધાપથ, કિસાનપથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તા, જિલ્લા મથકથી નજીકના જિલ્લા મથકને જોડતા રસ્તા, ઉદ્યોગોને જોડતા રસ્તા અંતર્ગત યોજનાઓમાં આ કામો મંજૂર કરેલા છે. ચોમાસા દરમિયાન વિખૂટા પડતા ગામો માટે પણ આ સરકારે ઓછામાં ઓછો એક રસ્તો આપવા માટે મરીન વિલેજ યોજના સફળતાપૂર્વક અમલમાં મૂકેલ છે, જેનાં સારાં પરિણામો પણ મળ્યાં છે. આ ગૃહના તમામ સભ્યો મોટા પ્રમાણમાં રસ્તાઓ અને પુલોની માગણી કરે છે અને પોતાના વિસ્તારની હંમેશા રજૂઆત કરતા આવ્યા છે. મારા વલસાડ જિલ્લામાં ધરમપુર વિધાનસભા ક્ષેત્ર આવેલ છે અને એ મહારાષ્ટ્રને અડીને આવેલ વિસ્તાર છે. અમારો આ વિસ્તાર ડુંગરાળ, પહાડોવાળો અને આદિવાસી વિસ્તાર છે. આ વિસ્તારમાં ચોમાસાની સિઝનમાં ૧૫૦ ઇંચ કરતાં વધારે વરસાદ પડે છે. આ વિસ્તારમાં નદીઓ છે એના ઉપર જે પુલો બનાવવામાં આવ્યા છે એ પુલો આજે મોટા ભાગે સિંચાઇ વિભાગ દ્વારા ચેકડેમ કમ કોઝવે બનાવવામાં આવ્યા છે. પહેલાં વરસાદમાં જ ભરાઇ જાય છે. એક રસ્તાની વાત કરું તો જિલ્લાનો ધોરીમાર્ગ છે એ ધામણી-ટોકરપાડા રસ્તા ઉપર એક નદી ઉપર ૬ પુલો આવેલા છે. એ ચેકડેમ કમ કોઝવે સિંચાઇ વિભાગ દ્વારા બનાવવામાં આવેલા છે. આ બધા ચોમાસાના પહેલાં વરસાદમાં ભરાઇ જતાં વિભાગના અધિકારીઓ દ્વારા કાયમ મરામત કરવામાં આવે છે તેમ છતાં કાયમી બંધ રહે છે. અમે વારંવાર રજૂઆત કરી છે અને વિભાગમાંથી આની રજૂઆત મળી છે. એટલે આ વિસ્તારમાં સ્ટેટનો રસ્તો છે એના ઉપર ૬ પુલો ખાસ મંજૂર કરવાની આવશ્યકતા છે. એ સિવાય મારો વિસ્તાર છે એ ભૌગોલિક રીતે ખૂબ મોટો વિસ્તાર છે. આ વિસ્તારમાં ૭ વર્ષના રિસરફેસિંગ કરવાના રસ્તા મોટા પ્રમાણમાં બાકી છે. એમાં પણ અમે વારંવાર રજૂઆત કરી છે અને જે રિસરફેસ રસ્તા માટે એક ધારાસભ્ય માટે રૂપિયા ૨૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવે તો પણ ઘણા લાંબા સમય પછી પણ અમારા વિસ્તારના આ રિસરફેસના રસ્તાને પૂરા કરવાની તક મળે એમ નથી. આ જે બાકી કામો છે એના માટે પણ ખાસ વિનંતી કરું છું. અમારા નાણામંત્રીશ્રી વલસાડ જિલ્લાના છે એનું અમને ગૌરવ છે. માર્ગ અને મકાન વિભાગ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે એમના હસ્તક રાખ્યો છે. આ વિભાગ માટે રૂપિયા ૨૦,૬૪૨ કરોડની જોગવાઇ કરી છે એના માટે અભિનંદન આપું છું. મહાનગરો, બંદરો, પ્રવાસન અને યાત્રાધામને જોડતા રસ્તાઓ માટે બીજા ૨૮૦૦ કરોડ રૂપિયા, સાત વર્ષ પૂર્ણ થયા હોય એવા રસ્તાઓ માટે રિસરફેસિંગ કામગીરી માટે ૨૨૦૦ કરોડ રૂપિયા અને ૧૦ મિટર કરતાં વધારે ૭ મિટર પહોળા કરવાની કામગીરી માટે પણ રૂપિયા ૧૬૭૯ કરોડ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂપિયા ૬૦૦ કરોડ, જૂના પુલો માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં ગામથી શાળા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો માટે રૂપિયા ૧૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. નવી બાબતમાં ટુરિઝમ સરકિટને જોડતા રસ્તાના વિકાસ માટે રૂપિયા ૬૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પોતાની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું ચર્ચા કરવા માગું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીઓએ પ્રાચીન કાળથી ચાલી આવતી આપણી અતિથિ દેવો ભવઃ ની પરંપરાગત સ્વાગતની લાગણીની પ્રવાસીઓને અનુભૂતિ કરાવી છે. રાજ્ય સરકાર દ્વારા વિઝિટર્સ ટુરિઝમ, મેડિકલ ટુરિઝમ, એગ્રીકલ્ચર ટુરિઝમ, બૌધ ટુરિઝમ, વાઇલ્ડ ટુરિઝમ અને બીચ ટુરિઝમનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આપણા દેશની સંસ્કૃતિમાં આધ્યાત્મિક દૃષ્ટિથી તીર્થયાત્રાનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. દરેક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન ખાસ કરીને વૃદ્ધાવસ્થા દરમ્યાન એક વાર પવિત્ર સ્થળોના દર્શન કરવાની ઇચ્છા રાખતા હોય છે, પરંતુ આર્થિક મર્યાદાના લીધે કેટલાક લોકો આવી ઇચ્છા પૂર્ણ કરી શકતા નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ નાગરિકોને ગુજરાતમાં આવેલ તીર્થ સ્થાનોના દર્શન કરવાની તક મળે એ માટે ગુજરાત સરકારે ''સુવર્ણ તીર્થ યાત્રા'' યોજના અમલમાં મૂકી છે. ગુજરાત પ્રવાસન અને યાત્રાધામ સ્થળોનો વિકાસ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે, આમાં પ્રવાસીઓને પૂરતી સુવિધા મળે તે માટે મરામત અને જાળવણીનાં કામો અને તે સ્થળે પીવાનું પાણી, સેનિટેશન ઉપરાંત પ્રાથમિક સુવિધાઓ મળી રહે તેવા હેતુસર વિવિધ યોજના બનાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નવા પ્રવાસન સ્થળોનો વિકાસ આપણાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા વખતો વખત કરવામાં આવે છે તે ધ્યાને લેતા ગુજરાતમાં ઉત્તરોત્તર પ્રવાસીઓનો વધારો થઇ રહ્યો છે જેના કારણે ટ્રાવેલ્સ ટુરિઝમ અને હોસ્પિટાલિટી ટુરિઝમ ક્ષેત્રની પ્રગતિ થઇ રહી છે. આ ક્ષેત્રોમાં પ્રગતિના કારણે અનેક કૌશલ્યવર્ધક માનવ બળની જરૂરિયાતમાં પણ વધારો થયેલ છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ટ્રાવેલ્સ ટુરિઝમ અને હોસ્પિટાલિટી ટુરિઝમ ક્ષેત્રમાં કામ કરતા લોકો તેમજ કારકિર્દી બનાવવા માગતા લોકોની બુદ્ધિ, કૌશલ્ય અને સાહસિકતામાં વધારો કરવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૬૬૨, વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૮૯૮, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૫૭૫ અને વર્ષ ૨૦૨૩માં પ્રવાસન વિભાગ દ્વારા કુલ ૪૮૦૦ લાભાર્થીઓનો લક્ષ્યાંક નક્કી કરેલ છે જેના માટે રૂપિયા ૧૪.૫૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે, પંરતુ ચાલુ વર્ષ દરમ્યાન પ્રવાસન વિભાગના મુખ્યમંત્રીશ્રી ડેવલપમેન્ટ ઇનિશિએટીવ અંતર્ગત ૧૦,૦૦૦ લાભાર્થીઓને ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રની તાલીમ આપવામાં આવેલ છે જેની પૂર્તતા અંતગર્ત જુદી જુદી યુનિવર્સિટીઓ, સહકારી સંસ્થાઓમાં પ્રવાસન સાથે વહીવટી સંકલન કરી વિવિધ તાલીમોનું આયોજન કરવામાં આવેલ છે, આ માટે રૂપિયા ત્રણ કરોડની પૂરક માગણીઓ મૂકવામાં આવેલ હતી. હાલ કુલ ૭૦૭૦ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. જ્યારે માર્ચ ૨૦૨૩ના અંત સુધીમાં વધુ ૨૯૭૩ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે. આમ આ વર્ષના અંત સુધીમાં ૧૦,૦૦૦ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે. ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૧૪.૬૨ કરોડનો ખર્ચ થયેલ છે. રૂપિયા ૨.૮૮ કરોડનો કમિટેડ ખર્ચ થનાર છે એટલે આ પૂરક માગણીઓને હું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ માર્ગ અને મકાન વિભાગની માર્ગ અને પૂલો માટે પૂરક માગણી ક્રમાંક-૮૬ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આ પૂરક માગણીને હું સમર્થન આપું છું અને આ બાબતે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,''આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની'' આ સિદ્ધાંત પર કામ કરતી ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યમાં નાનામાં નાના ગામડાંથી માંડીને મોટા શહેરો સુધી રસ્તાઓના નેટવર્ક માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ પૈકી બે યોજનાઓની હું આ ગૃહ સમક્ષ વાત કરું છું, એક યોજના પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના. તત્કાલીન પ્રધાનમંત્રી શ્રદ્ધેય અટલબિહારી બાજપાયી સાહેબે સને ૨૦૦૧ના વર્ષમાં ''પ્રધાનમંત્રી ગ્રામ સડક'' યોજના અમલમાં મૂકી હતી. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રાજ્યમાં આજદિન સુધી પ્રથમ બે તબકકામાં ગ્રામ વિસ્તારના રૂ.૩૫૨૯ કરોડની અંદાજિત રકમના ૧૨૭૪૧ કિલોમીટર લંબાઇના ૪૫૭૧ રસ્તાઓના બાંધકામ, એની સુધારણા અને રસ્તાઓના મજબૂતીકરણનાં કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ કરવા બદલ ગુજરાત રાજ્યને કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ-૩ હેઠળ અંદાજિત ૩૦૧૫ કિલોમીટરની લંબાઇના અંદાજિત રૂ.૧૭૪૯.૬૨ કરોડના ખર્ચે સાડા પાંચ મીટર પહોળા કરવાના ૩૦૪ કામો મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૧૮૯૧ કિલોમીટર લંબાઇના ૧૭૦ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૦૪૨ કિલોમીટરની લંબાઇનાં ૧૪૦ કામો પ્રગતિ હેઠળ છે. આવી જ એક બીજી યોજના એ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના છે. ગ્રામીણ પ્રજાની સૌથી વધુ લોકપ્રિય અને ગુજરાત સરકારની બહુ જ મહત્ત્વકાંક્ષી યોજના એટલે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના. આ યોજનાની લોકપ્રિયતા એટલી છે કે કાપ દરખાસ્ત મૂકવાવાળાને માનનીય વિરોધપક્ષનું સ્થાન પણ મળ્યું નથી. વર્ષ-૨૦૧૬માં ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી જયંતિભાઇ રાઠવા.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર વિભાગની જે માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

તા. ૪થી માર્ચ, ૨૦૨૩

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો દેશના આદરણીય સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, રાજ્યના મૃદુ અને મક્કમ આદરણીય સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણા વિભાગના આદરણીય સન્માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર એટલા માટે માનું છું કે સૌ પ્રથમવાર ઇતિહાસમાં છોટાઉદેપુર જિલ્લામાં મેડિકલ કોલેજની મંજૂરી આપીને મારા આદિવાસી સમાજને આશીર્વાદ આપ્યા એ બદલ ભારતીય જનતા પાર્ટીની સરકારનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. તંદૂરસ્ત ગુજરાત અને સ્વસ્થ ગુજરાતની ચર્ચા કરવા માટેના મારા વિચારો રજૂ કરવા માટે જ્યારે ઉપસ્થિત થયો છું ત્યારે મારે ગર્વથી સામેના પક્ષના સભ્યશ્રીઓને કહેવું છે દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તબીબી શિક્ષણ બાબતે ખૂબ મોટી ચિંતા કરી. અમારા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ મેડિકલની પ્રવેશ પ્રક્રિયામાં પાસ નહીં થઇ શકે, પરીક્ષામાં બેસી નહીં શકે એના માટે આદરણીય સન્માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે રાજ્ય સરકારના ખર્ચે અમારા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે અને મેડિકલમાં પ્રવેશ પ્રક્રિયામાં પાસ થાય અને એમ.બી.બી.એસ. ડોકટર બને એના માટેના આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળ્યા હતા. જેના કારણે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ પણ હવે ડોક્ટરો બની ગયા છે અને મેડિકલની ૧૦૦ ટકા સીટો આદિવાસી સમાજના વિદ્યાર્થીઓથી પરિપૂર્ણ રીતે ભરાઇ છે. એનાથી વિશેષ આગળ વધીને મારે કહેવું છે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં રાજ્યના યુવા ધનને પોતાના રાજ્યમાં અને પોતાના જિલ્લામાં ઘરઆંગણે તબીબી શિક્ષણ ...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૧૨-૩૦ કલાકે મળશે.

( વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦)

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આ સન્માનનીય ગૃહ સમક્ષ પૂરક માગણી લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને પ્રવાસન વિભાગની આ પૂરક માગણી ક્રમાંક-૫૧ સંબંધમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસમાં પ્રવાસન વિભાગનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને તેમની ટીમ દ્વારા પ્રવાસન ક્ષેત્રને ખૂબ જ પ્રાધાન્ય આપીને આ વિભાગના બજેટમાં માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા રૂ.૨૦૭૭ કરોડની જોગવાઇ કરી છે તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીને હ્દયપૂર્વક અભિનંદન પાઠવું છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનથી કચ્છમાં ધોરડો ખાતે સફેદ રણમાં રણોત્સવ પ્રવાસધામ તરીકે વિકસાવેલ છે અને વિશ્વભરમાં આજે તે પ્રસિદ્ધ થયેલ છે. ગુજરાતનું ગૌરવ વધારતી દેશ અને દુનિયામાં એક વાત પહોંચી છે કે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. તે બદલ ગુજરાતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને હ્દયપૂર્વક અભિનંદન પાઠવું છું. સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે, આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા. આ બ્રાન્ડ એમ્બેસેડરે ગુજરાતની ખુશ્બુને આખા વિશ્વની અંદર પહોંચાડી છે. આ બ્રાન્ડ એમ્બેસેડરે કહ્યું છે કે, ''यहां खुश्बु है बापु की, स्वातंत्र्य संग्राम की, राष्ट्रीय चेतना की, बापु आज भी जिवित हैं इस चरखे में, इस मिट्टी में, बापु कि जन्मभूमि है गुजरात, कुछ पल तो गुज़ारिए गुजरात में। शेर और इंसान का घर है ये गीर, शेर और इंसान का घर है ये गीर, यहां खुश्बु है मेल-मिलाप की, यहां खुश्बु है इंसान की। कहां मिलेगा इतना कुछ एकसाथ, कुछ दिन तो गुजारिए, कब तक बैठे रहेंगे सिमेंट के मकानों में, कुछ दिन तो गुज़ारिए गुजरात में।'' આ રીતે ગુજરાતના પ્રવાસનની ખુશ્બુ દેશ અને દુનિયામાં પહોંચી છે અને લાખો પ્રવાસીઓ ગુજરાતમાં આવતા થયા છે. ગુજરાત એક વાઇબ્રન્ટ રાજ્ય તરીકે સાચા અર્થમાં ભારતનું ગ્રોથ એન્જિન બન્યું છે તે બદલ અમારા સૌના માર્ગદર્શક માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગૃહમંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ તથા રાજ્યના મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા પ્રવાસન મંત્રી માનનીય મુળુભાઇ બેરાને અભિનંદન પાઠવું છું. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જે.એસ. પટેલ.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૮૬ માર્ગ અને પુલો માટે રજૂ થયેલ છે તે માગણીને હું મારું સમર્થન આપું છું. દુનિયાના કોઇપણ રાષ્ટ્રના વિકાસમાં તેના માર્ગોનું યોગદાન અતિ મહત્ત્વનું હોય છે. આ દ્દષ્ટિકોણને નજર સમક્ષ રાખી વિકાસની આગવી સૂઝબૂઝ ધરાવતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા દેશના મહાનગરોથી છેવાડાના ગામડાંને જોડતા રસ્તાઓનું નેટવર્ક ઊભું કરી દેશના ગામડાંના અંતિમ નાના કસબાને પણ

રસ્તાના નેટવર્કથી જોડવામાં આવ્યા છે. તે મુજબ રસ્તાઓથી રાષ્ટ્રને જોડવાનો આગવો અભિગમ દર્શાવેલ છે. તે ફક્ત પ્રશંસનીય જ નહીં પરંતુ અન્ય માટે પ્રેરણાદાયક છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં બિરાજતા સૌ સન્માનનીય સદસ્યશ્રીઓ એ વાતથી સુવિદિત છે કે આદરણીય વડાપ્રધાન સ્વર્ગસ્થ શ્રી અટલ બિહારી બાજપાઇજીની સરકારે દેશને પ્રથમ એક્ષપ્રેસ વે આપ્યો હતો. તે દેશના વિકાસમાં ભારતીય જનતા પાર્ટીની આગવી સૂઝનો અભિગમ દર્શાવે છે. આવા ભારત રત્ન, પદ્મવિભૂષણ કવિહૃદય સન્માનનીય સ્વર્ગસ્થશ્રી અટલ બિહારી બાજપાઇ સાહેબ માટે કહેવું છે કે,

"दुनिया में लाखो आते हैं, लाखो जाते हैं, कोई नहीं निशानी,
जिसने कुछ कर के दिखलाया उसकी अमर कहानी।"

સ્વર્ગસ્થ પંડિત દીનદયાલ ઉપાધ્યાય અને ડો. શ્યામાપ્રસાદ મુખરજીના વિચારોને ચરિતાર્થ કરવા તથા ભારત માતાને પરમ વૈભવને શિખરે લઇ જવા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જે અથાગ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે તેમાં રાષ્ટ્રના અર્થતંત્રના વિકાસમાં તેમજ સામાજિક વિકાસમાં પરિવહન ક્ષેત્રની અગત્યતાને માનનીય નરેન્દ્રભાઇએ પિછાણી છે અને રાષ્ટ્રમાં રસ્તાઓનું સુદઢ અને સંલગ્ન નેટવર્ક ઊભું કર્યું છે જેમાં ઔદ્યોગિક વિકાસ માટે, લશ્કરની સુવિધા માટે દુર્ગમ પહાડો ઉપર કે મહાનગરોથી ગામડાંને જોડતા રસ્તાઓ હોય તેમાં માનનીય વડાપ્રધાનશ્રીની એક આગવી દીર્ઘદષ્ટિ નજરે પડે છે. એજ રીતે ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને સરકારના સૌ સાથી મંત્રીઓ પણ ગુજરાતના વિકાસ માટે ખૂબ સારું કામ કરી રહ્યાં છે. આઝાદી પછીના શરુઆતના ૫૦ વર્ષ સુધી ગ્રામ્ય જનતાનું એક સ્વપ્ન હતું, પોતાના ગામમાં એક પાકી સડક હોય. રાજ્યમાં ૨૬ વર્ષ પહેલાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી ગામડાંને તાલુકા સાથે, તાલુકાને જિલ્લા સાથે અને જિલ્લા જિલ્લા વચ્ચે ચાર માર્ગીય રસ્તાનું નેટવર્ક હોય કે અન્ય કામગીરી હોય એ ભારતીય જનતા પાર્ટીની સરકારે સફળતાથી પાર પાડી છે. ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓમાં ૩૦૦૦ની વસતિ ધરાવતા બે ગામોના કાચા રસ્તાને જોડી પાકી સડક બનાવવાની યોજના પ્રથમ શરૂ કરીને આજે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ગુજરાતના દરેક નાનામાં નાના ગામ અને પરા સુધી પાકી સડકો બનાવી છે તેમજ જરૂરિયાત મુજબના રસ્તાઓ, પુલો બાંધવા માટે મક્કમ અને કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારો માટે રોડ-રસ્તા બનાવવા માટે પ્રધાનમંત્રી સડક યોજના બનાવવામાં આવી છે. જે ગામોની વસતિ ૫૦૦થી ઓછી હોય અને ૨૫૦થી વધુ હોય તેવા ગામો-પરાઓ તથા આદિજાતિ વિસ્તારના ગામો કે જેની વસતિ ૨૫૦ કરતા ઓછી હોય તેવા ગામો-પરાઓની ઓલ વેધર કનેક્ટિવિટી એટલે કે બારમાસી રસ્તાઓની સગવડ પૂરી પાડવા વર્ષ-૨૦૧૬થી ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરુ કરી છે. આ યોજનાથી ગામડામાં વસતા રાજ્યના નાગરિકોને શહેરો, તાલુકા મથકો, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, એ.પી.એમ.સી. માર્કેટ સાથેનો સંપર્ક ઝડપી અને સરળ બન્યો છે. રાજ્યમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૧૮-૧૯ એમ ત્રણ વર્ષના સમયગાળા માટે હતો. આ સમય દરમ્યાન ૨૯,૫૬૬ કિલોમીટરના લંબાઇના રસ્તાના કુલ ૧૧,૦૭૩ ગામો માટે રૂપિયા ૧૦,૧૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના વિભાગ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણની પૂરક માગણી લઇને માનનીય નાણામંત્રીશ્રી ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડો કન્ફ્યુઝ છું. કન્ફ્યુઝ એ કારણે કે ગઇ કાલે સાથી પક્ષના ખૂબ નોલેજેબલ અને સિનિયર ધારાસભ્યશ્રીએ કહ્યું કે, "આ પૂરક માગણીઓ જો લોકોના ઉપયોગ માટે અથવા લોકોના ફાયદા માટે લાવ્યા હોત તો હું કાપની દરખાસ્ત જ રજૂ ન કરત." તો મારે પૂછવું છે કે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનમાંથી પાણી પુરવઠાનાં કામ થાય, ભૂગર્ભ જળનાં કામ થાય, પુલોનાં કામ થાય, રસ્તાનાં કામ થાય, સોસાયટીનાં આંતરિક રસ્તાનાં ૮૦/૨૦ના કામ થાય, બાગ બગીચાનાં કામ થાય, ટાઉનહોલનાં કામ થાય, સ્વિમિંગ પુલનાં કામ થાય તો શું આ બધા મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી કે કોઇ ધારાસભ્યશ્રીના પર્સનલ કામો હોય છે? આ બધા જનતાના કામો છે ત્યારે ચોક્કસપણે અને એમાં પણ વિશેષરૂપે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ખાલી બે કામ ગણાવું છું. એક અમારા વિસ્તારની અંદર અટલ બ્રિજની અંદર ખાસ કિસ્સામાં રૂપિયા ૧૦૦ કરોડની ફાળવણી અને ગાંધીનગર મહાનગરપાલિકાના રસ્તાની દૂરસ્તી માટે રૂપિયા ૫૦ કરોડની વિશેષ ફાળવણી જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી હોય તો આ તબક્કે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો વડોદરા અને ગાંધીનગરના નાગરિકો વતી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને એટલા માટે હું આ પૂરક માગણીઓનું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવા જ આ શહેરી વિકાસની અંદર સ્માર્ટ સિટીના કામો છે. સ્માર્ટ સિટીની અંદર શહેરી પરિવહન વ્યવસ્થા હોય, બી.આર.ટી.એસ. હોય,Integrated Transit Management System હોય, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ હોય, કન્ટ્રોલ કમાન્ડ સેન્ટરની વાત હોય, સ્કાડા દ્વારા પાણીના ડિસ્ટ્રિબ્યુશનની વાત હોય, ઊર્જા વ્યવસ્થાપનની વાત હોય, ઘન કચરાના અને ગંદા પાણીના વ્યવસ્થાપનની વાત હોય, સ્લમ રીહેબિલિટેશનની વાત હોય, સિટીના વાય ફાઇ સિસ્ટમની વાત હોય અને આ બધા કામો જ્યારે સ્માર્ટ સિટી બનાવવા માટે વડોદરા, રાજકોટ, સુરત,

અમદાવાદ માટે ચાલુ નાણાકીય વર્ષની અંદર કેન્દ્ર અને રાજ્યના ફાળા પૈકી જે વધારાની જરૂરિયાત ઊભી થઇ તેના માટેની વ્યવસ્થા આ પૂરક માગણીના સ્વરૂપે સરકાર કરી રહી છે માટે હું તેનું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન હેઠળ માનનીય વડાપ્રધાનશ્રી ભારત દેશને સ્વચ્છ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે અને એના જ માટે આ સ્વચ્છ ભારત મિશન-૨ હેઠળ ડોર ટુ ડોર કલેક્શનની વાત હોય, ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ હોય આવા કાર્યો સરકાર કરી રહી છે તેની સાથે ગુજરાતની તમામ ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓમાં ૫ લાખ ૬૦ હજાર ૪૬ જેટલા વ્યકિતગત શૌચાલયનું નિર્માણ કરીને સ્વચ્છતાની દિશાની અંદર સો ટકા ખુલ્લામાં શૌચક્રિયા મુકત ગુજરાત સૌ પ્રથમ રાજય બન્યું છે માટે મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમૃતમ-૨ હેઠળ પણ ૫૩૦૦ કરોડનાં કામો મંજૂર કર્યાં, આપણે સૌએ મંજૂર કર્યા તેમાંથી રૂપિયા ૪૩૦૦ કરોડનાં કામ પૂરાં થયાં. અમૃત-૨ હેઠળ પણ ટ્રેન્ચ-૧ની અંદર ૧૫ હજાર કરોડનાં ટોટલ કામો તેમાંથી ૫ હજાર કરોડનાં કામોનું આયોજન તે આપણે ભૂગર્ભ ગટર, પાણી પુરવઠા, લેક રીજયુનેશન, બાગ-બગીચાનાં કામો માટે રાજય સરકારે દરખાસ્ત કરી. કેન્દ્ર સરકારે પણ ઉદાર મને તેને મંજૂરી આપી અને તેના જ ભાગ પેટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ હપ્તાની રકમ રૂપિયા ૩૧૨ કરોડ અને રાજય સરકાર દ્વારા રૂપિયા ૪૧૮ કરોડ રિલીઝ કરવાના થાય છે. આમ કરીને રૂપિયા ૭૩૦ કરોડની વધારાની જોગવાઇ વર્ષ ૨૦૨૨-૨૩માં કરી.

અધ્યક્ષશ્રી : માનનીય કેયુરભાઇ, આપ ટુ ધ પોઇન્ટ તેની ઉપર જ બોલ્યાં એટલે એટલા માટે તમને અભિનંદન પરંતુ સમય પૂરો થાય છે.

શ્રી કેયુર ના. રોકડિયા : સાહેબ, ૩૦ સેકન્ડ.

અધ્યક્ષશ્રી : સ્પીડ કરો, સમય પૂરો થાય છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું આ માગણીઓનું સમર્થન કરું છું અને હું અપીલ કરું છું સાહેબ કાલે આપે ખૂબ ઉદારતાવાળો નિર્ણય કર્યો. બિન સરકારી વિધેયક દાખલ બાબતમાં આ સમગ્ર સભાગૃહમાં આપની ઉદારતા જોઇ છે માટે વિપક્ષને પણ જે પોતાની કાપ-દરખાસ્ત લાવ્યા છે તેમાં પોતાની નૈતિક જવાબદારી સમજીને આ કાપ-દરખાસ્ત પાછી ખેંચવી જોઇએ એવી હું વિપક્ષને અપીલ કરું છું.

શ્રી હર્ષદભાઇ ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ઉદાર મતવાદી નાણામંત્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ માટે પૂરક માગણી-૧૦૨ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના સૌથી મોટાં રાજકીય પક્ષ ભારતીય જનતા પાર્ટીએ દેશ જ પ્રથમ એ ધ્યેય સાથે જન આકાંક્ષાઓને પોતાની સાથે જોડીને તમામ વર્ગના લોકોના સર્વાંગી વિકાસ માટે સમયાનુકૂળ પરિવર્તન પણ કર્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીના વિઝનને ચરિતાર્થ કરવા તરફ અગ્રેસર થઇ ગુજરાતની વંદનીય જનતા જનાર્દને આશીર્વાદથી ૧૫૬ જેટલી સીટો પણ ભાજપને આપેલ છે. ભારત સરકાર દ્વારા અમૃત યોજના જૂન-૨૦૧૫માં લોન્ચ કરવામાં આવી. અમૃત-૨ મિશન ઓક્ટોબર-૨૦૨૧માં લોન્ચ કરવામાં આવી. રાજ્યની તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓનો સમાવેશ આ યોજના અંતર્ગત કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી જીવનની ગુણવત્તા સુધારવા અમૃત યોજનામાં પાયાની માળખાકીય સુવિધાનાં વિવિધ કામો જેમાં પાણી પુરવઠો, ભૂગર્ભ ગટર જળ યોજના, વરસાદી પાણીના નિકાલ માટે storm water drainage, શહેરી પરિવહનના કામો અને ગાર્ડનનું નિર્માણ વગેરેની કામગીરી કરવામાં આવે છે. તળાવોના નવીનીકરણ સેક્ટરનું પણ મિશન-૨ અંતર્ગત ઉમેરવામાં આવેલ છે. અમૃત મિશન હેઠળ માળખાકીય કુલ રૂપિયા ૫૩૬૭ કરોડના ૪૬૭ કામો મંજૂર કરવામાં આવેલ છે જેમાંથી રૂપિયા ૪૩૦૨ કરોડનાં ૩૮૮ કામ પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ બાકીનાં કામો સત્વરે પૂર્ણ કરવામાં આવશે. અમૃત-૨ મિશન અંતર્ગત આશરે ૧૫ હજાર કરોડના કામો ત્રણ સપ્તાહમાં લેવાનું આયોજન કરેલ છે. સ્માર્ટ સિટી મિશન ભારત સરકારનાં શહેરોને બદલવાના મહત્ત્વપૂર્ણ કાર્યોમાં પ્રોત્સાહક ચાલકબળ તરીકે વિકાસ પામે અને આર્થિક વિકાસના એન્જિન બને તથા શહેરીજનોનું જીવન-ધોરણ ઊંચું લાવવામાં આવે તે ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર મારફત સ્માર્ટ સિટી મિશન અંતર્ગત જુદી-જુદી સેવાઓ માટે સ્માર્ટ સોલ્યુશન સૂચવવામાં આવે છે. જે મારા પૂર્વ વક્તા માનનીય કેયુરભાઇએ અત્રે ગૃહમાં રજૂ કરેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા જૂન-૨૦૧૫માં રૂ.૪૮,૦૦૦ કરોડની ફાળવણી સાથે સ્માર્ટ સિટી મિશનની જાહેરાત કરવામાં આવી છે. સ્માર્ટ સિટી મિશનમાં ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ ૬ શહેરોની પસંદગી કરવામાં આવેલ છે. જેના આયોજન માટે કુલ રૂ.૧૨,૪૯૬ કરોડના પ્લાનને મંજૂરી આપવામાં આવેલ છે. સ્માર્ટ સિટી યોજના પ્રોજેક્ટ અમલીકરણ માટે દરેક શહેરમાં સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)ની રચના કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ તમામ શહેરને કેન્દ્ર સરકાર દ્વારા મિશનના સમયગાળા દરમિયાન દર વર્ષે રૂપિયા ૧૦૦ કરોડ ફાળવવામાં આવે છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં વ્યસ્ત રેલવે ફાટક બંધ થવાથી વધતા ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે રૂ.૨૦૦૫.૬૩ કરોડના ૧૦૩ કામો જેમાં ૫૦ ટકા કૉસ્ટ શેરિંગ અને ૧૦૦ ટકા રાજ્ય સરકારના પણ આમાં લીધેલ છે. માર્ગ અને મકાનમાં પણ કેટલાંક કામો લીધાં છે જેમાં રૂ.૧૫૫.૮૧ કરોડના ૧૨ કામ પૂર્ણ થઇ ગયા છે. રૂ.૩૭૫.૭૯ કરોડનાં ૧૩ કામ પ્રગતિમાં છે અને ત્રણ કામ ટેન્ડરમાં છે જેની અંદાજિત રકમ રૂ. ૬૪.૮૯ કરોડ છે. આ

યોજના ખંભાત, વેજલપુર અને ગાંધીગ્રામની છે. ૧૨ કામ ડી.પી.આર., જી.એ.ડી.ની તાંત્રિક મંજૂરી હેઠળ છે. જેની કુલ અંદાજિત રકમ રૂ. ૪૦૭.૩૪ કરોડ છે. જી.યુ.ડી. અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા અમલીકૃત યોજનાઓમાં અદ્યતન માહિતી નીચે પ્રમાણે છે. ૨૦ કામના વર્ક ઓર્ડર આપેલ છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. પહેલી વખત આવેલા ધારાસભ્યો પણ બહુ સરસ બોલે છે. આ વિધાનસભાની સુંદરતા કહેવાય.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સરકારની પ્રજાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓની સિદ્ધિઓ અને પેટા યોજનાઓ માટે મારા વિચારો વ્યક્ત કરવા ઊભી થઇ છું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિના તેજસ્વી બાળકો સારી રીતે ભણી શકે તેના માટે આપણે ફ્રી-શિપ કાર્ડની યોજના અમલમાં મૂકી છે. આ ફ્રી-શિપ કાર્ડ જે પરિવારોની આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખની મર્યાદામાં હોય તેવાં પરિવારોનાં બાળકોને મળે છે. હું આગળ જે યોજનાની વાત કરવા જઇ રહી છું એમાં હું કહેવા માગીશ કે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ વિવેકાનંદ સમરસ છાત્રાલયની રચના કરી હતી. એનું કારણ એક જ હતું કે સર્વ સમાજના વિદ્યાર્થીઓ સાથે રહીને ભણે તેના માટે સમરસ છાત્રાલયોની રચના કરી હતી. આજે ગુજરાતમાં ૨૦ જેટલા સમરસ છાત્રાલયો ચાલુ છે અને ૧૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ રહ્યા છે. એનાથી આગળ ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ યોજનાની વાત કરું તો દલિત સમાજનાં બાળકોનું વિદેશમાં અભ્યાસ કરવાનું એક સ્વપ્ન હોય છે. આ યોજના દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ.૧૫ લાખ સુધીની લોન આપી અને વિદેશમાં અભ્યાસ કરવા મોકલીએ છીએ. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ સફાઇ કામદાર બોર્ડમાંથી સફાઇ કામદાર નિગમ બનાવ્યું. એની પાછળ એક જ ધ્યેય હતો કે સફાઇ કામદારનાં બાળકો સફાઇ કામદાર ના બને અને ભણી-ગણીને આ સમાજમાં સન્માન સાથે જીવે. મને કહેતા આનંદ થાય છે કે આ નિગમમાંથી ૨૦ લાખ રૂપિયા જેટલી લોન માત્ર ૪ ટકાના વ્યાજે સફાઇ કામદારનાં બાળકોને આપવામાં આવે છે અને તેમને વિદેશમાં અભ્યાસ કરવા માટે મોકલવામાં આવે છે. વિદેશમાં અભ્યાસ કરવા જવું એ સફાઇ કામદારનાં બાળકનું સપનું હોય છે અને આપણી સરકાર એમનું આ સપનું સાકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજના ઘરમાં જ્યારે દીકરીના લગ્ન હોય ત્યારે વ્યાજે પૈસા લઈને તેઓ લગ્ન કરતા હોય છે. 'કુંવરબાઈનું મામેરું' યોજના થકી આપણે એક કુટુંબમાં બે દીકરીઓના લગ્નપ્રસંગે રૂ.૧૨ હજારની સહાય કરી શકીએ છીએ અને એ સહાયના કારણે એ કુટુંબના લગ્નમાં આપણે થોડા સહાયરૂપ થઈ શકીએ છીએ. આ સિવાય અનુસૂચિત જાતિના કુટુંબોને સમૂહ લગ્નની જરૂર હોય છે. કારણ કે હમણાં લગ્નમાં દેખાદેખી ખૂબ થવા લાગી છે. એ દેખાદેખીના કારણે આપણે સમાજના લોકોને પ્રેરિત કરવા જોઈએ કે તેઓ તેમના બાળકોના લગ્ન સમૂહ લગ્નમાં કરાવે. 'રમાબાઈ સાત ફેરા સમૂહ લગ્ન' યોજના થકી પ્રત્યેક યુગલને રૂ. ૧૨ હજારની સહાય કરીએ છીએ અને જે સમૂહ લગ્નનું આયોજન કરે છે તેને રૂ. ૩ હજારથી રૂ. ૭૫ હજાર સુધીની સહાય કરવામાં આવે છે. 'ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય' યોજનાની વાત કરું તો અનુસૂચિત જાતિના વ્યક્તિના સવર્ણ જાતિના વ્યક્તિ સાથે લગ્ન થાય તો આ યોજના દ્વારા આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી દ્વારા રૂ.૧ લાખ ૫૦ હજારના બચતપત્રો આપવામાં આવે છે અને તેની સાથે સાથે તેમનું ઘર વસાવવા માટે રૂ.૧ લાખની લોન આપવામાં આવે છે. તેનાથી આગળ દિવ્યાંગોની વાત કરું તો અમારી સરકારે દિવ્યાંગોની પણ ચિંતા કરી છે. દિવ્યાંગની સાથે દિવ્યાંગના લગ્ન થાય તો બંનેને રૂ. ૫૦-૫૦ હજાર એમ કરીને રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે. જો દિવ્યાંગ સાથે સામાન્ય વ્યક્તિના લગ્ન થાય તો રૂ. ૫૦ હજારની સહાય આપવામાં આવે છે. હું આ ગૃહમાં એક વાત ચોક્કસ કરીશ કે પહેલાં અન્ય પાર્ટીના લોકો દલિત સમાજના લોકોને પોતાની વોટ બેંક ગણતા હતા પરંતુ હું આ તબક્કે એટલું ચોક્કસ કહીશ કે અમારી સરકાર દ્વારા આ દલિત સમાજની ચિંતા કરવામાં આવી છે અને આ કલ્યાણકારી યોજનાઓ દ્વારા તેનું ઉત્થાન કરવામાં આવ્યું છે. આજે આ ગૃહમાં અનુસૂચિત જાતિની ૧૩ સીટોમાંથી ૧૧ ધારાસભ્યશ્રીઓ અહીં બિરાજમાન છે અને તેમાં પણ ૪ મહિલાઓ છે.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી(વાંકાનેર):માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભામાં હું જ્યારે પ્રથમ વખત ચૂંટાઈને આવ્યો છું ત્યારે આપશ્રી દ્વારા મને બોલવાનો અવસર આપવામાં આવ્યો છે ત્યારે હું આપનો તેમજ ગૃહનો આભાર વ્યક્ત કરું છું.

'વિચાર અને વાસ્તવિકતા વચ્ચે કોઈ પડછાયો હોતો નથી' તે સૂત્રને સાર્થક કરનાર આપણી ગરવી ગુજરાતના પનોતા પુત્ર અને હાલ વિશ્વના નેતા તરીકે ઊભરી રહેલા અનોખા વ્યક્તિત્વ એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન અને મૃદુ પણ મક્કમ એવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ આપણી ગુજરાત સરકાર છેલ્લા અઢી દાયકાથી પ્રગતિના સોપાનો સર કરી રહી છે. ખરા અર્થમાં ગુજરાત રાજ્ય એ આખા વિશ્વ માટે એક રોલ મૉડલ બની રહ્યું છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની યોજનાઓ ઉપર હું મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. જેમાંનો એક પ્રોજેક્ટ એટલે ગુજરાત મેટ્રો રેલ. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ ભારત સરકાર અને ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ છે. જે ગુજરાત રાજ્યમાં મેટ્રો રેલના નિર્માણ, સંચાલન અને જાળવણી માટે કાર્યરત છે. એ કંપનીનો હેતુ રેલ આધારિત ઝડપી,

વિશ્વસનીય, અનુકૂળ, કાર્યક્ષમ અને આધુનિક જાહેર પરિવહન પૂરું પાડવાના પ્રોજેક્ટને આગળ ધપાવવા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગાંધીનગર અને ગિફ્ટ સિટીને જોડતો મેટ્રો ફેઝ-૨ અને સુરતમાં મેટ્રો રેલના નિર્માણને બહાલી આપવામાં આવેલ છે. અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૧ની વસ્ત્રાલ ગામ સ્ટેશનથી એપેરલપાર્ક મેટ્રો રેલ્વેસ્ટેશન સુધીની છ કિલોમીટરની મેટ્રો રેલ સેવા જાહેર જનતા માટે માર્ચ-૨૦૧૯થી કાર્યરત છે અને પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણના બાકીના કોરીડોરનું ઉદ્‌ઘાટન ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ કરવામાં આવેલ છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ ફેઝ-૨નું કામ માર્ચ-૨૦૨૪માં પૂરું કરવાનું આયોજન છે. જ્યારે સમગ્ર પ્રોજેકટ ડિસેમ્બર-૨૦૨૪માં પૂર્ણ કરવાનું આયોજન છે. નાણાંકીય વર્ષ-૨૦૨૪માં રાજ્યસરકારને અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ માટે રૂ. ૧૬૮૩૮ કરોડ, સુરત મેટ્રો રેલ પ્રોજેકટ માટે રૂ.૮૦૪૯૪ કરોડ અને અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ના સંચાલન અને જાળવણી માટે રૂ. ૧૦૦ કરોડના બજેટની જોગવાઇની દરખાસ્ત કરવામાં આવે છે. જો ગિફ્ટસિટીની વાત કરીએ તો ગિફટસિટી ભારતનું પ્રથમ અને એકમાત્ર આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવાઓનું કેન્દ્ર આઇ.એફ.એસ.સી. છે કે જ્યાંથી ભારતની અને વિદેશની નામાંકિત બેંકો, ઇન્સ્યોરન્સ અને ઇન્સ્યોરન્સ કંપનીઓ બે આંતરરાષ્ટ્રીય...

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં પૂરક માગણી નંબર ૩૯ પરની ચર્ચામાં મને પહેલીવાર ભાગ લેવા માટે આપની માન્યતા મળી છે એ માટે આપનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એટલે કે, ૪થી માર્ચ એ રાષ્ટ્રીય સુરક્ષા દિવસ છે. બોર્ડર ઉપર સુરક્ષા કરતાં જવાનો માઇનસ ડિગ્રીમાં આપણા રાષ્ટ્રની સુરક્ષા કરે છે ત્યારે આખા સભાગૃહ વતી એમને હું કોટિ કોટિ વંદન કરું છું. ૨૯ ઓગસ્ટ-૨૦૦૭માં ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો હતો. આજે ૧લી જાન્યુઆરી ૨૦૦૮માં ૫૩ એમ્બ્યુલન્સથી શરૂઆત થઇ હતી. આજે ૮૦૦ એમ્બ્યુલન્સ કાર્યરત છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના અસરકારક અમલીકરણ માટે ૧૫ એકર જેટલા વિશાળ વિસ્તારમાં ટૅકનોલોજીથી સુસજ્જ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, નરોડા ખાતે કાર્યરત છે. ૩૭૦ની કલમ, રામમંદિર, લૉકડાઉન, નોટબંધી જેવા નિર્ણયો પણ ૧૦૮ની જેમ જ આપણી સરકારે કર્યા છે. દર ૨૪ સેકન્ડે ૧૦૮ એમ્બ્યુલન્સને ઇમરજન્સી સેવાનો પ્રતિસાદ આપવા માટે રવાના કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૫ પહેલાં લોકો પોતાની જાનના ખતરા વચ્ચે જીવતા હતા. આજે કોઇપણ પ્રકારની નાત-જાતના ભેદભાવ વગર ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા કરતી હોય છે ત્યારે એની પૂરક માગણીઓમાં મારો સૂર પૂરાવું છું. ૧ કરોડ ૪૨ લાખ કરતાં પણ વધારે લોકોને કટોકટીના સમયમાં ૩૬ કિલોમીટરથી વધારે સેવાનું સંચાલન કરી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા આપતી હોય છે. ૪૯ લાખથી વધુ મહિલાઓને પ્રસૂતિ સબંધની સેવા પૂરી પાડવામાં આવેલ છે. પહેલાં એવું કહેવામાં આવતું કે ‘તમે થોડાં વહેલા આવ્યા હોત તો જીવ બચાવી શકાયો હોત' પણ અત્યારે ડૉકટરો એવું કહે છે કે, ‘તમે સમયસર આવ્યા એટલે જીવ બચી ગયો.' આ ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કર્યા પછી આવા હજારો માણસોના જીવ બચાવી શકાયા છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહની આ લાંબાગાળાની યોજનાનો હજારો લોકોને લાભ મળી રહ્યો છે. રાજ્યસરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ વાહનોની ગુણવત્તા જળવાઇ રહે એ માટે પ્રતિવર્ષ જૂની થયેલ એમ્બ્યુલન્સને બદલી નવી લેટેસ્ટ સુરક્ષા સાથેની એમ્બ્યુલન્સ લાવવામાં આવે છે. ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફ દ્વારા ૧ લાખ ૨૭ હજારથી વધુ પ્રસૂતિઓમાં મદદ થઇ છે. કોરોનાકાળમાં પણ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાનો લોકોને ફાયદો મળ્યો છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો રાષ્ટ્રની સુરક્ષામાં જ સમાવેશ થાય છે ત્યારે ૧૦૮ નંબરમાં ૯૯ ટકા જેટલા ફોન ફક્ત બે જ રિંગમાં ઉપાડવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ બેઠાં બેઠા કોમેન્ટ નહીં કરે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : બે રિંગટોનમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવત્તા આપણી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની છે. એટલે આપણે તેની કદર કરવી જોઇએ અને સમર્થન આપવું જોઇએ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીઓની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રી શૈલેષભાઇ તથા અમારી પાર્ટીના ધારાભ્યશ્રીઓ, શ્રી અભેસિંહભાઇ તડવી, શ્રી મેઘજીભાઇ ચાવડા, શ્રી અરવિંદભાઇ રાણા, શ્રી પ્રવિણભાઇ ઘોઘારી, શ્રી અરવિંદભાઇ પટેલ, શ્રી કે.સી. રાઠોડ, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી જયંતિભાઇ રાઠવા, શ્રી સરદારભાઇ ચૌધરી, શ્રી જયંતિભાઇ પટેલ, શ્રી કેયુરભાઇ રોકડીયા, શ્રી હર્ષદભાઇ પટેલ, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી જિતેન્દ્રભાઇ સોમાણી અને શ્રી કિરીટસિંહ ડાભીએ એમના વિચારો રજૂ કર્યા અને સરકારશ્રીએ પૂરક માગણીઓ કેમ મૂકવી પડી, જે રીતે વિકાસ થયો છે તથા લોકોની વર્ષ દરમિયાન જે આકાંક્ષાઓ વધી એના અનુસંધાને વિકાસની રાજનીતિ કરતી ભારતીય જનતા પાર્ટીની સરકારે, ગુજરાતના નાણાકીય વ્યવસ્થાપનના જે સિદ્ધાંતો છે એ સિદ્ધાંતોની મર્યાદામાં રહીને જ ખર્ચ કર્યો છે અને એ ખર્ચ ફક્ત વિકાસ અને લોકોની સુખાકારી માટે થયો છે. એટલે સૌ સભાગૃહને મારી નમ્ર વિનંતી છે કે, સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૨-૨૩ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી ચર્ચાઓ માટે હાથ ધરાયેલ માગણી નંબર- ૩૯,૫૧, ૮૬, ૯૫ અને ૧૦૨ પસાર કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ અમારી સરકાર ભારત સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ નાણાકીય શિસ્તનું પાલન કરે છે. જેટલી જોગવાઇ હોય એટલો જ ખર્ચ કરવાનું ધ્યાન રાખે છે.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર માટે પ્રજાહિત ખૂબ જ અગત્યનું છે. આથી જ્યાં પ્રજાની સુખાકારી માટે આકસ્મિક રીતે કોઇ યોજનામાં વધુ ખર્ચ કરવો પડે ત્યારે પાછીપાની ન કરતાં, નાણાકીય શિસ્તના નિયમોને અનુસરીને અમે ખર્ચ કરેલ છે. આપ સૌ સાક્ષી છો કે, કોરોનાના કપરા કાળમાં પણ સરકારશ્રીએ લોકોની આરોગ્ય સુખાકારી માટે મોટા પ્રમાણમાં ખર્ચ કર્યો છે. આવા અનિવાર્ય સંજોગોમાં થયેલા ખર્ચની પૂરક માગણીઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરી છે. એક વાતના આપણે સાક્ષી છીએ કે વિશ્વના દરેક દેશોમાં હજી કોરોનાના લીધે આર્થિક પ્રવૃત્તિઓ પણ મંદ છે ત્યારે આપણે કોરોનાથી મુક્ત થઇને જે રીતે આર્થિક વિકાસ કરી રહ્યા છીએ એ આપણી સરકારે જે આરોગ્ય પાછળ ખર્ચ કરેલો છે તેના લીધે છે એમ ચોક્કસ કહી શકાય. સરકારશ્રી દ્વારા ૭મા પગારપંચના ઘણાં લાભો જેવા કે ઘરભાડા ભથ્થું, વાહન ભથ્થું, મેડિકલ એલાઉન્સ વિગેરે જાહેર કરવામાં આવેલું જેના લીધે કર્મચારીઓના પગાર ભથ્થામાં નિયત જોગવાઇ કરતાં વધારે ખર્ચ થાય એ સ્વાભાવિક છે. સમગ્ર રાજ્યમાં ખૂબ જ લોકપ્રિય એવી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આરોગ્ય સુરક્ષા કવચ રૂપિયા ૫ લાખથી વધારીને રૂપિયા ૧૦ લાખ કરવાનો અમે નિર્ણય કરેલ છે. રાજ્યમાં આરોગ્ય સેવાઓ સુદઢ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૧૦૬ લાખના ખર્ચે શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવો, કેન્સરની સારવાર માટેનાં કેન્દ્રો ઊભાં કરવા, આરોગ્ય સમીક્ષા કેન્દ્ર ઊભું કરવા જેવા અનેક આરોગ્યલક્ષી કામો વિશ્વ બેંકની લોન અને કેન્દ્ર સરકારની સહાયથી આગામી ૪ વર્ષમાં રૂપિયા ૪૨૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. ભારત સરકારશ્રીની સી.એસ.એસ. સ્કીમ અંતર્ગત પોરબંદર, નવસારી, રાજપીપળા, ગોધરા અને મોરબી ખાતે નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે વધારાની જોગવાઇ કરવામાં આવી છે. આમ, રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાના માનનીય વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ભારત સરકારશ્રી દ્વારા રાજકોટ અને ભાવનગર ખાતેની મેડિકલ કોલેજોમાં ૫૦-૫૦ વધારે બેઠકો મંજૂર કરાતાં વધારાનો ખર્ચ થયેલો છે. આ ઉપરાંત, સંબંધિત હૉસ્પિટલોમાં ટ્રોમા કેર સેન્ટરમાં વધારાની સુવિધાઓ ઊભી કરવા તેમજ રાજ્યના દરેક વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના રિનોવેશન તેમજ બાંધકામ માટે મંજૂર જોગવાઇ કરતાં વધારે ખર્ચ થયેલો છે. ગુજરાતની આરોગ્ય વ્યવસ્થા જોઇએ તો આજે ૧૯,૨૩૧ પેટા કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના વિશાળ માળખા સાથે આપણે સમગ્ર દેશમાં એક અગ્રિમ હરોળમાં છીએ. આમ લોકોના આરોગ્ય માટે સરકારે જરૂરિયાત પ્રમાણે નિયત જોગવાઇ કરતા વધુ ખર્ચ કરેલ છે. વિવિધ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો સ્થાપવા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત, ઇન્ફ્રાસ્ટ્રકચર મિશન, નેશનલ હેલ્થ મિશન જેવી યોજનાઓ અને ૭માં પગારપંચમાં સુધારણાના કારણસર વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષની પૂરક માગણીઓ મુજબ વધારો થયેલો છે જે સર્વાનુમતે મંજૂર કરવા આપ સૌને વિનંતી કરું છું. પ્રાચીન કાળથી આપણી ''અતિથિ દેવો ભવ''ની પરંપરાને અનુસરીને ગુજરાતીઓએ પ્રવાસીઓને અનુભૂતિ કરાવી છે. ગુજરાત ભારતનું એવું રાજ્ય છે જેને કુદરતી રણ, વન અને વિશાળ દરિયો આપ્યો છે. તેનાથી પ્રવાસનનો વિકાસ થઇ રહ્યો છે. રણોત્સવ અને બીચ ફેસ્ટીવલ બન્ને તેના ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાતના જૂનાગઢમાં વિશ્વ વિખ્યાત ગિરનાર પર્વત ઉપર પ્રવાસીઓ સહેલાઇથી અંબાજી માતાના દર્શન કરી શકે તે હેતુથી પી.પી.પી. ધોરણે ગિરનાર રોપ-વેનું લોકાર્પણ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ દ્વારા કરવામાં આવ્યું છે. આ રો-પવેનો ખૂબ જ મોટી સંખ્યામાં પ્રવાસીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલ છે. જેનો ૧૧ લાખથી વધુ પ્રવાસીઓએ લાભ લીધો છે. હાલમાં ગુજરાતના ગૌરવ સમું વધુ એક નવતર સીમાચિહ્ન ઉમેરાયું, યુનેસ્કો દ્વારા કચ્છના પ્રાચીનતમ નગર ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યમાં આવેલ મહત્ત્વના ધર્મસ્થાનો અને યાત્રાળુઓની સુવિધાઓને લગતા વિકાસનાં કામો હાથ ધરવામાં આવેલ છે. જે માટે અંદાજિત રૂ.૧૫૨.૫૫ કરોડના ખર્ચે ૨૬ જેટલા પ્રોજેકટ પ્રગતિમાં છે. જ્યારે અંદાજિત રૂપિયા ૧૭૭.૮૦ કરોડના ૩૮ પ્રોજેકટ આયોજન હેઠળ છે. જેની કાર્યવાહી વિવિધ તબક્કે છે. આમ ઉક્ત ખર્ચને પહોંચી વળવા પૂરક માગણીઓ રજૂ કરેલ છે. માનનીય પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઇની આગેવાની હેઠળ ઘણાં સુંદર કામો થઇ રહ્યાં છે. સરકારની પ્રવાસન નીતિ અંતર્ગત રાજ્યમાં આવતા દેશી અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આજે ગત વર્ષોની સરખામણીએ ઘણો વધારો થયેલ છે. સરકારની પ્રોત્સાહક નીતિ અંતર્ગત રાજ્યમાં પ્રવાસીઓ માટે રહેવાની સુવિધામાં પણ સારો વધારો થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રવાસન નીતિ અંતર્ગત રૂ. ૩૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ હતી. આ દરમ્યાન મંજૂર થયેલ કુલ ૬૬ પ્રોજેકટને પ્રોત્સાહક લાભોની ચૂકવણી માટે વધારાની જરૂરિયાત હોઇ, રૂપિયા ૬૬ કરોડની પૂરક માગણી કરવામાં આવેલી છે. સમગ્ર વિશ્વમાં જાણીતા એવા સાબરમતી ગાંધી આશ્રમના વિકાસ માટે ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા ગાંધી સ્મારક અને વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ કુલ રૂપિયા ૧૨૪૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. જેના માટે વધુ નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. પ્રવાસન નીતિ અંતર્ગત કેપિટલ સબસિડી, ગેસ સબસિડી તેમજ પ્રવાસનને લગતી વિવિધ તાલીમો માટે અને પ્રવાસન હસ્તકની અન્ય યોજનાઓ માટે ખર્ચ કરવા સરકાર કટિબદ્ધ છે. રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, પહેલાના સમયમાં નગરપાલિકાના પ્રમુખ બનવું કે મહાનગરપાલિકાના પ્રમુખ બનવું એટલે વીજળીના બિલ ભરવાના પણ પૈસા આવતા નહોતા ત્યારે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯થી અમલમાં મૂકવામાં આવી. આંતરમાળખાકીય કામો માટે મહાનગરપાલિકાઓને રૂપિયા ૧૯૧૭ કરોડ અને નગરપાલિકાઓ માટે રૂ.૧૮૯.૫૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલી છે. નગરપાલિકાઓ માટે પાણી

પુરવઠા યોજના અંતર્ગત ૧૫૨૦ કરોડનાં કુલ ૧૬૮ કામો મંજૂર કરેલ છે. જેમાં ૧૫૧ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૭ કામો પ્રગતિ હેઠળ છે. નગરપાલિકાઓ માટે ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રૂ. ૫૬૩૬ કરોડનાં કુલ ૧૮૫ કામો મંજૂર કરેલ જેમાંથી ૧૭૪ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૮ કામો પ્રગતિ હેઠળ છે. આ યોજના અંતર્ગત સિટી સોલીડ વેસ્ટ એક્શન પ્લાન, સિટી સેનિટેશન એક્શન પ્લાન, પ્રચાર-પ્રસાર, પ્રશિક્ષણ, કેપેસિટી બિલ્ડિંગ વગેરે માટે રાજ્ય સરકાર દ્વારા ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલ છે. સ્વચ્છ અમૃત મહોત્સવ ૨૦૨૨ અંતર્ગત મહામહિમ રાષ્ટ્રપતિના વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાને દેશના બીજા નંબરના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ મળેલો છે. જ્યારે સમગ્ર ભારતમાંથી ગાંધીનગર મહાનગરપાલિકાને ઇન્ડિયન સ્વચ્છતા લીગ સ્પેશિયલ મેન્શન શહેરનું પ્રમાણપત્ર એનાયત થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અમૃત મિશન હેઠળ આંતર માળખાકીય વિકાસ. અંદાજિત ૫,૩૬૭ કરોડ રૂપિયાનાં ખર્ચે કુલ ૪૩૭ કામો મંજૂર થયેલ છે. જેમાંથી ૪,૩૦૨ કરોડ રૂપિયાનાં ૩૮૮ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીનાં કામો પ્રગતિ હેઠળ છે. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૫ જૂન-૨૦૧૫ના રોજ ૪૮,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી સાથે સ્માર્ટી સિટી મિશનની જાહેરાત કરવામાં આવી. સ્માર્ટ સિટી મિશનમાં ગુજરાતનાં ૬ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદની પસંદગી કરવામાં આવેલ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં વ્યસ્ત રેલ્વે ફાટક બંધ થવાથી વધતી જતી ટ્રાફિક સમસ્યાઓને હલ કરવા રાજ્ય સરકાર દ્વારા રેલ્વે સાથે ૫૦ ટકા કોસ્ટ શેરિંગ તથા ખાસ કિસ્સામાં ૧૦૦ ટકા રાજ્ય સહાય અંતર્ગત રેલ્વે ઓવરબ્રિજ, અંડરબ્રિજના અંદાજિત ૨૦૦૫.૬૩ કરોડ રૂપિયાના ખર્ચે કુલ ૧૦૩ કામો મંજૂર કરવામાં આવેલ છે અને ફાટક મુક્ત ગુજરાતની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ અને એકમાત્ર કાર્યરત એવું આંતરરાષ્ટ્રીય નાણાં સેવાઓનું કેન્દ્ર છે. જેનાથી ભારતની અને વિદેશની નામાંકિત બેંકો, ઇન્સ્યોરન્સ અને રીઇન્સ્યોરન્સ કંપનીઓ, બે આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ અને તેની સાથે મૂડી બજાર સાથે જોડાયેલ ઇન્ટરમિડિયેટરી ગિફ્ટ સિટી ખાતેથી કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતેથી કાર્યરત વિવિધ કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન નવેમ્બર-૨૦૨૨ સુધીમાં રૂ. ૫,૯૫૭ કરોડના નાણાકીય વ્યવહારો કરેલ છે જે અગાઉના વર્ષમાં રૂ.૩,૪૦૨ કરોડ હતા. આ સાથે જ રોજગારીની અનેક તકો ગિફ્ટ સિટીમાં ઉપસ્થિત થયેલ છે. અનેક વિદેશી બેંકોએ પણ અહીં પોતાના કામકાજની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં તમામ ગામોને પાકા ડામર રસ્તાથી જોડતા રસ્તાઓનું સુયોજિત નેટવર્ક વિસ્તરેલ છે. રાજ્ય ૧,૨૪,૦૦૦ કિલોમીટર જેટલી લંબાઇનું પ્લાન તેમજ નોન પ્લાન રસ્તાઓનું નેટવર્ક ધરાવે છે. જેમાં રાષ્ટ્રીય એક્સપ્રેસ વે ૯૩ કિલોમીટર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭,૧૩૪ કિલોમીટર, રાજ્ય ધોરીમાર્ગ ૧૪,૮૯૩ કિલોમીટર, મુખ્ય જિલ્લા માર્ગ ૨૦,૪૫૪ કિલોમીટર, અન્ય જિલ્લા માર્ગ ૧૦,૨૫૨ કિલોમીટર, ગ્રામ્ય માર્ગ ૨૭,૭૫૬ કિલોમીટર અને જિલ્લા પંચાયત હસ્તકના નોન પ્લાન રસ્તાઓ ૪૩,૪૦૦ કિલોમીટરનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકાંઠા પર આવેલા પ્રવાસન સ્થળો તેમજ બંદરોને જોડતો ૧૦ મીટર પહોળાઇનો ૧૬૫૦ કિલોમીટર લંબાઇનો કોસ્ટલ હાઇવે વિકસાવવા માટેના આયોજન અન્વયે પ્રથમ તબક્કામાં ૬૯૩.૪૯ કરોડ રૂપિયાના ખર્ચે ૨૫ રસ્તાઓની ૨૭૨.૮ કિલોમીટરની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ રસ્તો તૈયાર થવાથી ભાવનગર તેમજ સૌરાષ્ટ્ર તરફ જતા ટ્રાફિક માટે વટામણ ચોકડીના બદલે નવા રસ્તાનો ઉપયોગ કરી શકાશે. જેનાથી આશરે ૭૦થી ૮૦ કિલોમીટર અંતર ઓછું થશે તેમજ પ્રવાસની સાથે સાથે વાહનવ્યવહારમાં પણ સુવિધા ઉપલબ્ધ થશે. ગિરિમથક સાપુતારા તેમજ યાત્રાધામ શબરીધામ અને વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા અને સુવિખ્યાત પર્યટન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડતા રસ્તાના બાંધકામથી પ્રવાસનનો વિકાસ થશે ઉપરાંત આદિજાતિ વિસ્તારમાં ડાંગ, તાપી અને નર્મદા જિલ્લાઓમાં રોજગારીની નવી તકો વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ થશે. જે પ્રથમ તબક્કામાં અંદાજિત ૨૧૯ કરોડ રૂપિયાના ખર્ચે કુલ ૯૫ કિલોમીટરના ૬ રસ્તાનાં કામો પ્રગતિ હેઠળ છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સાથે જોડતા સેતુરૂપી બગોદરા-તારાપુર-વાસદ રસ્તાના છ માર્ગીકરણની કામગીરી પૂર્ણ થવાથી બગોદરાથી વાસદ સુધીના પ્રવાસનો સમય ફક્ત ૯૦ મિનિટ થઇ ગયો છે. અગાઉ વપરાતા બગોદરા-ધોળકા-ખેડા કે અન્ય વૈકલ્પિક માર્ગને બદલે આ લગભગ ૨૫ કિલોમીટર ટૂંકા રસ્તાથી લોકોના સમય અને ઇંધણની બચત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી અન્વયે રાજ્યના ૩૦૧૫ કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને ૫.૫૦ મીટર પહોળા કરવા માટે ૧૭૫૦ કરોડ રૂપિયાનાં કામોને મંજૂરી મળેલ છે. જે પૈકી ૧૧૮૫ કિલોમીટરની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત નામદાર કોર્ટના ચુકાદા મુજબ જમીન સંપાદનના વળતરમાં વધારો તથા વિશ્વબેંક સહાયિત ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ-૨નાં કામો, જી.એસ.આર.ડી.સી.નાં કામોના ખર્ચના ચૂકવણા તથા ટોલટેક્સ મુક્ત કન્સેશનની ચૂકવણીના કારણે ખર્ચમાં વધારો થયેલ છે. જેના લીધે સને ૨૦૨૨-૨૩ના વર્ષની પૂરક માગણીઓમાં વધારો થવા પામેલ છે. સામાજિક ન્યાય અને અધિકારિતાના વિભાગ રાજયના પછાત વર્ગોના વધુ સશક્તિકરણ અને આર્થિક કલ્યાણ માટે કાર્યરત છે. આ વિભાગ દ્વારા પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, વિના મૂલ્યે રહેવા અને જમવા માટે હોસ્ટેલની સુવિધા, સાત ફેરા સામૂહિક લગ્ન જેવી યોજનાઓ, સરકારી છાત્રાલયો, આશ્રમ શાળાઓ અને અલગ અલગ નિયમો દ્વારા કલ્યાણકારી પગલાઓ આ વિભાગ દ્વારા ભરવામાં આવેલ છે. દિવ્યાંગો માટે પણ વિશેષ કલ્યાણકારી યોજનાઓનો

ખર્ચમાં સમાવેશ થયેલ છે. કર્મચારીઓના નવા પગાર ધોરણ મંજૂર કરવાના લીધે, અનુશાસિત પેટા જ્ઞાતિ યોજના અંતર્ગત વધુ થયેલ ખર્ચ, નિરાધાર વિધવા બહેનોને પુનઃ સ્થાપન માટેના નાણાકીય યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં અપેક્ષા કરતા લાભાર્થીઓનો ઉત્તરોત્તર વધારો થવાને કારણે, માનનીય મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રગતિ હેઠળનાં કામોની જરૂરિયાતમાં વધારો થવાના કારણે, પાણી પુરવઠા અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચની જોગવાઇ તેમજ અનુસૂચિત જાતિઓ માટે વિશેષ યોજના હેઠળ વધુ ખર્ચ કરવાને કારણે સને ૨૦૨૨-૨૩ના વર્ષની પૂરક માગણીઓમાં વધારો થયેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ કેન્દ્ર સરકાર દ્વારા છૂટી કરવામાં આવતી ગ્રાન્ટની પ્રથામાં ફેરફાર થવાથી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના વોટરશેડના કોમ્પોનન્ટમાં પણ વધારાની જોગવાઇ કરવામાં આવી છે. અમારા દ્વારા પ્રજાહિતને ધ્યાનમાં રાખીને જરૂર હોય તેવી યોજનાઓમાં વર્ષ ૨૦૨૨-૨૩માં વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. રાજ્યની પ્રજાના હિત માટે પારદર્શકતાથી ખર્ચ કરવાની અમારી નીતિને રાજયની પ્રજાએ પણ અભૂતપૂર્વ જનસમર્થન આપ્યું છે જેના માટે હું ગુજરાત રાજ્યની પ્રજાનો આભાર વ્યકત કરું છું. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ' સૂત્રને સાર્થક કરવા તેમજ રાજ્યને વિકાસની નવી ઉંચાઇએ લઇ જવા જરૂર પડે પૂરક અંદાજમાં વધારાની જોગવાઇ કરવામાં આવી છે જેને સમર્થન આપવા અને રાજયના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા માનનીય ધારાસભ્યશ્રીઓને તેમણે રજૂ કરેલ કાપ દરખાસ્ત પાછી ખેંચવા વિનંતી કરું છું. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ શું વિનંતી કરી એ બધાએ સાંભળ્યું જ હશે. ગયા વખતનું બજેટ જે મંજૂર કર્યું હતું તેના સિવાય ગત વર્ષમાં સને ૨૦૨૨-૨૩માં જે વધારાનો ખર્ચ સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો એના કારણો પણ એમણે આપ્યા છે કે આ આ કારણથી આટલા રૂપિયા વધારાના ખર્ચાયા છે અને એમના જવાબથી તમને બધાને હવે સંતોષ હોય તો આપણે માગણીઓને મતદાન ઉપર મૂકીએ. તો એ વધારાના પૈસા ખર્ચ્યા છે એને મંજૂર કરવાની આપણે મંજૂરી આપવાની છે. તો હું પહેલાં કાપ દરખાસ્ત મતદાન ઉપર મૂકીશ. કાપ દરખાસ્તમાં એકાદ સભ્ય પણ હાજર નથી. કાપ દરખાસ્ત મૂક્યા પછી પણ અહીંયા હાજર ન રહેવું એ મને ઔચિત્ય લાગતું નથી એટલે હવે પછી આપ જરા સૂચના આપજો કે કાપ દરખાસ્ત મૂકે છે ત્યારે હાજર રહે.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક-૩૯, ૫૧, ૮૬, ૯૫ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગિલોટીન કરેલી માગણીઓ**

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૬૨ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૧૦ પૂરક માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી પર માગણીઓ પૈકી ૫ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૪૭ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક- ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૮, ૧૯, ૨૧, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૪૧, ૪૪, ૪૬, ૪૯, ૫૨, ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૦,૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩ અને ૧૦૬ હું મતદાન માટે રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : વિધાનસભાની જે માગણી લઇને આવ્યા છે એમાં અમે સંમત છીએ. બાકીની માગણીઓમાં અમે સંમત નથી.

અધ્યક્ષશ્રી : આપે કહ્યું પણ હું બધી એકી સાથે જ મૂકીશ. એક પૂરતી ન કરી શકાય.

**પૂરક માગણી ક્રમાંક- ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૮, ૧૯, ૨૧, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૪૧, ૪૪, ૪૬, ૪૯, ૫૨, ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૦, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૩-૨૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૧૫, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા**

* ૧૦૪૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય ક્લાઈમેન્ટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિઓને કારણે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે, અને દેશની સરખામણીએ તે કેટલા ટકા છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિઓને કારણે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૧૮૭૬૨.૪૦ મેગાવોટ છે અને દેશની સરખામણીએ તે ૧૫.૩ ટકા જેટલી છે. |
| (૨) રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી પૈકી પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી કેટલી છે અને સૌર ઊર્જાની સ્થાપિત ટકાવારીએ કેટલી છે ? | (૨) રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી પૈકી પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી ૫૨ ટકા જેટલી છે અને સૌર ઊર્જાની ટકાવારીએ ૪૬ ટકા જેટલી છે. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પુન: પ્રાપ્ય ઊર્જાના વિવિધ સ્ત્રોતો થકી તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ઊર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં પુન: પ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતમાં પવન ઊર્જા પ્રોજેક્ટ થકી સ્થાપિત ક્ષમતા ૯૭૧૨.૦૬ મેંગાવોટ છે. સૌર ઊર્જા થકી સ્થાપિત ક્ષમતા ૮૬૪૦.૨ મેગાવૉટ છે. વિન્ડ સોલાર હાઈબ્રિડ થકી સ્થાપિત ક્ષમતા ૨૩૮.૯૪ મેગાવૉટ છે. બાયૉમાસ આધારિત સ્થાપિત ક્ષમતા ૮૧.૫૫ મેગાવૉટ છે. સ્મૉલ હાઇડ્રોપાવર આધારિત સ્થાપિત ક્ષમતા ૮૨.૧૫ મેગાવૉટ છે. વેસ્ટ ટુ એનર્જી થકી સ્થાપિત ક્ષમતા ૭.૫૦ મેગાવૉટ છે. આમ, ગુજરાતમાં પુન:પ્રાપ્ય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૧૮,૭૬૨.૪૦ મેગાવૉટની છે.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પુન: પ્રાપ્ય ઊર્જાને સંલગ્ન જાહેર થયેલ પંચામૃત સંકલ્પના મુખ્ય ઘટકો કયા છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવેમ્બરમાં યુ.કે.ના ગ્લાસગો ખાતે મળેલ સી.ઓ.પી.માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા પાંચ પંચામૃત જાહેર કરવામાં આવ્યા હતા. એમાં પહેલો પંચામૃત એ છે કે ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં પુન: પ્રાપ્ય ઊર્જા થકી લગભગ ૫૦૦ ગીગાવૉટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરશે. આ સ્થાપિત ક્ષમતા પૈકી ગુજરાત રાજ્યનું અલગ-અલગ તબક્કાવાર ૯૦થી વધારે ગીગાવૉટ ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક છે. બીજા પંચામૃતમાં ભારત તેની ઊર્જાની જરૂરિયાત માટે કુલ સ્થાપિત ક્ષમતા પૈકી ૫૦ ટકા સ્થાપિત ક્ષમતા પુન:પ્રાપ્ય ઊર્જા મારફત પૂર્ણ કરશે. જેમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા જેટલો ગુજરાતનો લક્ષ્યાંક હશે. ત્રીજો પંચામૃત દેશના પ્રોજેક્ટેડ કાર્બન એમિશન પૈકી એક બિલિયન ટનનો ઘટાડો થશે. ચોથું પંચામૃત એ છે કે આપણા દેશના અર્થતંત્રની કાર્બન ઇન્ટેનસિટીમાં ૪૫ ટકા જેટલો ઘટાડો થશે અને પાંચમું પંચામૃત એ છે કે ભારત વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંક હાંસલ કરશે. નેટ ઝીરો લક્ષ્યાંક એટલે કે દા.ત. કોઇ પણ કંપની ૧૦૦ ટન કાર્બન ઉત્સર્જન કરશે તો એની સામે વૃક્ષ વાવીને અથવા કાર્બન કેપ્ચર ટેકનોલોજી દ્વારા ૧૦૦ ટન જેટલો કાર્બન કેપ્ચર કરે એટલી રિન્યુએબલ એનર્જીની સ્થાપના કરી એ બંને બેલેન્સ કરશે. દેશના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે મિશન લાઇફ સ્ટાઇલ ફોર એન્વાયર્નમેન્ટનું ગ્લોબલ લોન્ચિંગ તા.૨૦/૨/૨૦૨૨ના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે યુનાઈટેડ નેશનના સેક્રેટરી જનરલની હાજરીમાં કર્યું હતું અને આપણે જોવા જઇએ તો આવનારા દિવસોમાં જે રીતે શેરબજારમાં આ કાર્બન ક્રેડિટ થાય છે તેમ કાર્બન ક્રેડિટ જે લોકો ઉત્પન્ન કરશે અને આવનાર દિવસોમાં આ કાર્બન ક્રેડિટ લોકો ખરીદતા થશે અને ઉદ્યોગો કાર્બન ખરીદશે અને લોકોને એનો ફાયદો થશે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત જ્યારે વિશ્વભરમાં રિન્યુએબલ એનર્જી સોર્સમાં અગ્રિમતા દાખવી રહ્યું છે ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા ઇચ્છું છું કે રાજ્યમાં હાઇડ્રો પાવર જનરેશનની કેટલી શક્યતાઓ છે અને આ શક્યતાઓ માટે આ ઊર્જાના વિકાસ માટે સરકારશ્રી દ્વારા કેટલાં પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મુખ્યત્ત્વે હાઈડ્રો પાવર જનરેશન માટે નર્મદા પ્રોજેક્ટ નહેરોનું નેટવર્ક છે. આ નહેરો ઉપર સ્મોલ હાઈડ્રો ઈલેક્ટ્રિસિટી પ્રોજેક્ટ દ્વારા સ્વચ્છ અને પુનઃ પ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન માટે આ થઈ શકે છે અને આ સ્મોલ ડાઈડ્રોમાં ગુજરાતમાં ૨૪ પ્રોજેક્ટ નોંધાયા છે અને ૧૧૬.૦૬ મેગા વૉટની કેપેસિટી છે. હાલ

૧૮ જેટલા પ્રોજેક્ટ કાર્યાન્વિત છે અને ૮૨.૧૫ મેગા વૉટ જેટલી વીજળી આપણે ઉત્પન્ન કરી શક્યા છીએ. અત્યારે અમલીકરણના લગભગ ૬ પ્રોજેક્ટ ચાલુ છે. તેના થકી ૩૩.૯૧૪ મેગા વૉટ વીજળી આ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ દ્વારા ઉત્પન્ન થશે.

શ્રી રમેશભાઈ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વિન્ડ સોલાર હાઈબ્રિડ યોજના માટે મંજૂરી કેવી રીતે અપાય છે અને તે કઈ રીતે કાર્ય કરે છે? વિન્ડ સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટ ક્યા જિલ્લામાં કાર્યરત છે?

શ્રી મુકેશભાઈ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિન્ડ સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટની મંજૂરી માટે જેડા રાજ્યની નોડલ એજન્સી છે. વિન્ડ સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટને વિકાસ કરવા તથા જેટકો પાસેથી વિન્ડ સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટ દ્વારા થનાર વીજ ઉત્પાદનને સપ્લાય કરવા માટેની મંજૂરી તથા હાઈબ્રિડ પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવામાં આવનાર જમીનનો કાયદેસરનો કબજો મેળવી નિયત કરવામાં આવેલા અરજીપત્રકમાં જેડા દ્વારા હાઈબ્રિડ પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવે છે. પવન ઊર્જામાં જોઈએ તો સૌર ઊર્જા એક ટ્રાન્સમિશન સબસ્ટેશન સાથે જોડવામાં આવે તો તે જાતનું વીજ ઉત્પાદન એકબીજાના પૂરક કાર્ય કરી શકે છે. આપણે અત્યારે વિન્ડ સોલાર અને સૌર ઊર્જામાં અલગ-અલગ લાઈન લેવા જઈએ તો આર.ઓ.ડબલ્યુના પ્રશ્ન હોય, કોઈ ખેડૂત પાસે લઈ જાય તો ત્યાં અડચણ ઊભી થાય જેવા પ્રશ્નો આ હાઈબ્રિડ થવાથી હલ થઈ જશે.

મહેસાણા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૧૧૧૬ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૨.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮.૨૦ |

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સરસ, પેલ્ટોફોર્મ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૩.૧૬ |

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ કેટલા ગામોના કેટલા વિસ્તારોમાં, કેટલા અને કઈ-કઈ જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે?

શ્રી મુળુભાઈ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૧ ગામોના ૪૨ હેક્ટર વિસ્તારમાં ૪૦,૫૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. સરકારી જમીનમાં ૧, પંચાયતની જમીનમાં ૪ અને માલિકીની જમીનમાં ૧૬ જગ્યાએ વાવતેર કરવામાં આવેલ છે. જેમાં અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સરસ, પેલ્ટોફોર્મ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં ૨૫ ગામોના ૪૮.૨૦ હેક્ટર વિસ્તારમાં ૪૬,૬૨૨ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જેમાં અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સરસ, પેલ્ટોફોર્મ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. સરકારી જમીનમાં ૨, પંચાયતની જમીનમાં ૩, માલિકીની જમીનમાં ૧૮ અને સંસ્થાની જમીનમાં ૨ જગ્યાએ વાવતેર કરવામાં આવેલ છે.

શ્રી કરશનભાઈ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વૃક્ષ ગણતરી મુજબ વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં વૃક્ષોની સંખ્યામાં કેટલા ટકા વધારો થયો?

શ્રી મુળુભાઈ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૭ની વૃક્ષ ગણતરી મુજબ ૨૫૫.૦૯ લાખ વૃક્ષો હતા અને વર્ષ ૨૦૨૧માં ૨૮૦.૩ લાખ વૃક્ષો છે. વર્ષ ૨૦૧૭ની સરખામણીએ વર્ષ ૨૦૨૧માં ૯.૭૮ ટકા જેટલો વધારો થયો છે.

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર જંગલોના વિકાસ માટે ઘણી પ્રયત્નશીલ છે અને આપણે જાણીએ છીએ 'જંગલ સે જલ ઓર જલસે જીવન' શક્ય છે ત્યારે આપના માધ્યમથી મહેસાણા તાલુકામાં 'સામૂહિક વન નિર્માણ યોજના ' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અલગ-અલગ મૉડેલમાં કુલ કેટલા વિસ્તારમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું? અને શક્ય હોય તો ખેરાલુ અને સતલાસણા તાલુકામાં પણ આ જ પ્રમાણેની માહિતી આપવામાં આવે?

શ્રી મુળુભાઈ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના જવાબમાં જે અલગ-અલગ મૉડેલ છે. એમાં મહેસાણા તાલુકામાં વર્ષ ૨૦૨૧-૨૨માં પટ્ટી વાવેતર મૉડેલમાં ૨ હેક્ટરમાં ૧૬૦૦ રોપાઓ, પિયત ગ્રામ વન મૉડેલમાં ૪ હેક્ટરમાં ૬૪૦૦ રોપાઓ, બિનપિયત મૉડેલમાં ૪ હેક્ટરમાં ૧૬૦૦ રોપાઓ, આર.ડી.એફ.એલ.મૉડેલમાં ૨૯૦૦૦ રોપાઓ, હરિયાળું ગ્રામવન મૉડેલમાં ૮૦૦ રોપાઓનું વાવેતર થયું છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં પર્યાવરણ મૉડેલમાં ૧ હેક્ટરમાં ૧૧૦૦ રોપાઓ, પટ્ટી વાવેતરમાં ૩ હેક્ટરમાં ૨૪૦૦ રોપાઓ, પિયત ગ્રામવન મૉડેલમાં ૫ હેક્ટરમાં ૮૦૦૦ રોપાઓ, બિનપિયત મૉડેલમાં ૫ હેક્ટરમાં ૨૦૦૦ રોપાઓ, આર.ડી.એફ.એલ. મૉડેલમાં ૩૧,૨૦૦ રોપાઓ, હરિયાળું ગ્રામવન મૉડેલમાં ૨ હેક્ટરમાં ૮૦૦ રોપાઓ અને પર્યાવરણ મૉડેલમાં ૨ હેક્ટરમાં ૨૨૨૨ રોપાઓનું વાવેતર થયેલ છે. આમ, કુલ ૪૮.૨૦ હેક્ટર વિસ્તારમાં ૪૬,૬૨૨ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જેમાં સરેરાશ રોપાની જીવંત ટકાવારી ૮૩.૫૯ છે અને ખેરાલુ તથા અન્ય તાલુકાની માહિતી છે એમાં મારી પાસે જિલ્લાની માહિતી છે. આ પ્રશ્ન મહેસાણા તાલુકાનો છે. બાકીની માહિતી મેજ પર મૂકવામાં આવશે.

શ્રી હર્ષદભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે શહેરી વિસ્તારની અંદર જે રેલવે ટ્રેક લાઇનો પસાર થાય છે એની બંને બાજુ બહુ મોટી જગ્યા ફાજલ પડી રહે છે ત્યાં 'ગ્રીન કવર' યોજનાનું આયોજન થાય અને જે-તે નગરપાલિકા કે મહાનગરપાલિકા સાથે સંકલન કરી આ પ્રકારનું કોઇ આયોજન કરવામાં આવે તો વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વિશેષ પ્રમાણમાં આપણે 'ગ્રીન કવર' યોજના કવર કરી શકીએ.

શ્રી મુળુભાઈ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું એ એમનું સૂચન છે અને એમના સૂચનને આવકારીએ છીએ. અમે શહેરી વિસ્તારમાં પણ રેલવે ટ્રેક કે અન્ય જગ્યાએ આવા ગ્રીન વન ઊભા કરવાનું આયોજન સ્થાનિક બોડી સાથે સંકલનમાં રહીને કરીશું. આ વખતના બજેટમાં પણ આ માટેની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : શેઢાની જે વાડ હોય છે એના ઉપર નેચરલ કોર્સમાં કેટલા વૃક્ષો નવા થયા એનો પણ સરવે કરવો જોઇએ. જેથી, પોલિસી બનાવતી વખતે વાડ કાઢવી કે રાખવી એ પોલિસી પણ રાજ્ય સરકાર સારી રીતે બનાવી શકે.

**રાજ્યમાં સરકારી પોલીટિકનિક કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

* ૨૪૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩નું મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ |
|---|---|---|
| ૧૭૧ | ૨૨૩૨ | ૧૦૬૦ |

(૨)

| વર્ગ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૮૭ | ૮૪ |
| વર્ગ-૨ | ૨૦૫૦ | ૧૮૨ |
| વર્ગ-૩ | ૩૪૦ | ૭૨૦ |

(૩) વહીવટી અનુકૂળતાએ.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં વર્ગ-૧ની પોલિટેકનિકની ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે, વર્ગ-૨ની ૧૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૩ની ૭૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. અત્યારે ડિપ્લોમાં અને ડિગ્રી કરેલા જે એન્જિનિયરો છે એમાં મોટાપાયે બેકારી છે. એનું કારણ એ છે કે એમાં જે ઘનિષ્ઠ શિક્ષકો મારફત શિક્ષણ અપાવવું જોઇએ એ અપાતું નથી. કારણમાં માત્ર શિક્ષકોનો અભાવ છે પછી એ ડિગ્રી કોલેજ હોય કે ડિપ્લોમાં કૉલેજ હોય. વર્ગ-૧ની ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. એટલે લગભગ એમ કહી શકાય કે, જે હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ છે એની જગ્યા ખાલી છે અને આ ઉપરાંત પ્રિન્સિપાલની જગ્યાઓ પણ ખાલી છે. એટલે હેડલેસ ઇન્સ્ટિટ્યૂશન કહેવાય એવી આપણી પોલિટેકનિકની સ્થિતિ છે અને વર્ગ ૩ની પણ એ જ સ્થિતિ છે કે જેમાં, ડ્રાફ્ટમેન હોય કે લેબ આસિસ્ટંટ હોય એવા સપોર્ટિંગ સ્ટાફની જગ્યા પણ ખાલી છે એના કારણે શિક્ષણ પૅરેલાઇઝ થાય છે. તો હું આપના

મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જગ્યાઓ ભરવાનું ચોક્કસ આયોજન કરેલું છે કે કેમ? કારણ કે અહીંયા તો વહીવટી અનુકૂળતા લખ્યું છે પણ, ચોક્કસ આયોજન છે કે કેમ? જેથી વિદ્યાર્થીઓનું હિત સચવાઇ રહે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે, ગુજરાતમાં પોલિટેકનિક કોલેજોમાં કેટલું મહેકમ છે, એનો જવાબ આપું તો, વર્ગ-૧માં ૧૭૧, વર્ગ-રમાં રર૩ર અને વર્ગ-૩માં ૧૦૬૦ આ રીતની જગ્યાઓ અત્યારે આપણી પાસે કાર્યરત છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે, આ જગ્યાઓ ભરવામાં સરકારશ્રીનું કયું આયોજન છે, તો જણાવું કે, આ જગ્યાઓ ઓલઇન્ડિયા ટેકનિકલ એજ્યુકેશન દ્વારા આપે જે સૂચન અને સજેશન કર્યા છે એ પ્રમાણે, જયારે આપણે જગ્યા ભરવાની લાયકાત મુજબની જાહેરાત કરેલી અને માગણી કરેલી હતી ત્યારે એ મુજબના વર્ગ-૧માં પી.એચ.ડી., થયેલા ઉમેદવારો આપણને મળેલ નથી. હવે પછી એનું અદ્યતન પ્લાનિંગ કરી રહ્યા છીએ. આ પ્લાનિંગ મુજબ આપણી પાસે વર્ગ-રમાંથી બઢતી અને એ ઉમેદવારો મળવાની પૂર્ણ શક્યતા છે અને એ પ્રક્રિયા હાલ શરૂ છે. એમના ખાલી પડેલી જગ્યાના બીજા પણ પ્રશ્નો છે. વય નિવૃત્તિ, રાજીનામું, વર્ગ-ર અને વર્ગ-૩માંથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી આગળ એ પોસ્ટિંગ મેળવતા હોય છે ત્યારે આ જગ્યાઓ ખાલી થઇ છે. એ રોટેશન પ્રમાણે હવે નવા અદ્યતન પ્લાનિંગમાં આ જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટેકનિકોમાં પ્રિન્સિપાલ માટેની અલગ કેડર હોતી નથી. જે સિનિયર કલાસ વન ઓફિસર છે એમાંથી જ પ્રિન્સિપાલની જગ્યા ઉપર એને પસંદ કરવામાં આવે છે. એના કારણે પ્રિન્સિપાલની મોટાભાગની જગ્યાઓ ખાલી રહે છે અથવા તો ચાર્જમાં ચાલે છે. તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રિન્સિપાલ માટેની અલગ કેડર કરી એ જગ્યાઓ આપ ભરવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગાઇડલાઇન્સ પ્રમાણે એ ભરતીની અદ્યતન પ્રક્રિયા માટેની કાર્યવાહી શરૂ છે અને સભ્યશ્રીના સૂચન પ્રમાણે અમે એ સૂચન નોંધી લઇશું.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકારી પોલિટેકનિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ શૈક્ષણિક સંવર્ગની કેટલી જગ્યાઓ ભરેલી છે? અને જગ્યાઓ ખાલી પડવાનાં શાં કારણો છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની પોલિટેકનિક કોલેજોમાં વર્ગ-ર ની જગ્યાઓ શૈક્ષિણક જગ્યા છે. સદર શૈક્ષણિક જગ્યામાં રર૩ર મંજૂર મહેકમની જગ્યાએ ર૦૫૦ જગ્યાઓ ભરેલી છે. આમ, આશરે ૯૧ ટકા કરતા પણ વધુ જગ્યાઓ ભરાયેલી છે. છેલ્લા પાંચ વર્ષમાં સીધી ભરતીથી વર્ગ-રની ૩૧૦ જગ્યાઓ ભરવામાં આવેલ છે. વર્ષવાર ભરવામાં આવેલી જગ્યાઓની વિગતો આ પ્રમાણે છે. વર્ષ ર૦૧૮માં ૧રર, વર્ષ ર૦૧૯માં ર૬, વર્ષ ર૦ર૦માં ૯ર, વર્ષ ર૦ર૧માં ૯ તથા વર્ષ ર૦રરમાં ૬૧ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવેલી છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન ખાલી પડેલી જગ્યાઓની વિગતો અંગેનો છે. તો ખાલી પડેલી જગ્યાઓની વિગતોમાં વર્ષ ર૦૧૯માં ૪૩, વર્ષ ર૦ર૦માં ૬ર, વર્ષ ર૦ર૧માં ૫૦ અને વર્ષ ર૦રરમાં ૩ર જગ્યાઓ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૩, ૪ અને ૫ સંવર્ગવાર મહેકમ અને ખાલી પડેલી જગ્યાઓને લગતા છે. પ્રશ્ન ક્રમાંક-૪ અને પમાં એવો જવાબ આપવામાં આવેલ છે કે યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે જયારે પ્રશ્ન ક્રમાંક-૩માં એનો જવાબ એવો આપવામાં આવ્યો છે કે, વહીવટી અનુકૂળતાએ, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વહીવટી અનુકૂળતા એ શું છે? અને એનો અર્થ મને સમજાવે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વાત છે એ પ્રશ્ન-૪, ૫ અને ૩ આ બધાનો મહેકમનો પ્રશ્ન છે અને જયારે મહેકમનો પ્રશ્ન છે એટલે જગ્યાઓ ભરવાની, જગ્યાઓ ખાલી થવાની, રિટાયર્ડ થાય એટલે જગ્યા ખાલી થાય, કોઇ રાજીનામું આપે એટલે ખાલી થાય, પરંતુ આ સમગ્ર પ્રક્રિયા એ કન્ટિન્યૂસ પ્રોસેસ છે. ખાલી થાય, માગણાપત્રક થાય, જી.પી.એસ.સી. આપણને ઉમેદવાર આપે, ગૌણ સેવામાંથી જે ઉમેદવારો મળે...

અધ્યક્ષશ્રી : એમનું માત્ર એટલું જ કહેવાનું છે કે વહીવટી અનુકૂળતા એટલે શું? એટલો જ એમનો પ્રશ્ન છે અને એ જવાબ હોય તો મંત્રીશ્રી આપે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : વહીવટી અનુકૂળતા એટલે આપણે વર્ગ-૧ માટે અને વર્ગ-ર માટે પણ જી.પી.એસ.સી.માં જતા હોઇએ છીએ, માગણાપત્રક મૂકતાં હોઇએ છીએ. ત્યાંથી મંજૂર થઇને આવે એટલે આપણે તરત જ હુકમો આપી દઇએ છીએ. એમાં કયાંય આપણે ડીલે કરતા નથી અને વર્ગ-૩ અને ઉપર ગૌણ સેવા પસંદગી મારફત જે કોઇ ઉમેદવારો મળે, આપણે માગણાપત્રક મૂકેલું હોય,

અધ્યક્ષશ્રી : વહીવટી અનુકૂળતા એટલે શું એટલું જ ફકત પૂછયું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી અનુકૂળતા એટલે મૂકેલી માગણીઓ જી.પી.એસ.સી. અને ગૌણ સેવા દ્વારા આપણને પસંદ કરીને ઉમેદવારો મળે એટલે તરત જ એને આપણે નિમણૂક આપીએ છીએ એ વહીવટી અનુકૂળતા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને જવાબ આપવાનો છે? આપો.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : હા, માનનીય અધ્યક્ષશ્રી, આ ભરતી પ્રક્રિયા પોલિટેકનિક કોલેજની અંદર વર્ગ-૧ની ખાલી જગ્યાઓ હોય કે વર્ગ-૨ની હોય, એમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશનની ગાઇડ લાઇન પ્રમાણે ભરતી થતી હોય છે અને એ વર્ષ ૨૦૧૯માં જાહેર કરવામાં આવેલ ૭મા પગાર પંચ મુજબ લાયકાત અને અનુભવ પ્રમાણે અદ્યતન કરવાની થતી હોય, ભરતીના નિયમો અદ્યતન થયેલ બઢતી માટે ફીડર કેડરના વિદ્યા શાખા પ્રમાણે ઉમેદવાર હવે સુધારા પછી ઉપલબ્ધ છે એટલે એ કાર્યવાહી શરૂ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ટોટલી ૯૮૬ જગ્યાઓ ખાલી છે અને આપે જે રીતે કહ્યું તે રીતે અને માનનીય ઋષિકેશભાઇએ પણ કહ્યું કે વર્ષ ૨૦૨૦માં ૪૩ જગ્યાઓ ખાલી છે વર્ગ-૨ની, આપે જવાબમાં જ આપેલ છે. વર્ષ ૨૦૨૧માં ૬૨ અને વર્ષ ૨૦૨૨માં ૫૦, એટલે છેલ્લા ત્રણ ચાર વર્ષથી આ જગ્યાઓ ખાલી છે તો ખાલી જગ્યાઓ વર્ષ ૨૦૨૦થી ખાલી પડી હતી, વર્ષ ૨૦૨૩માં એ જગ્યાઓ નહીં ભરવાનાં કારણો શાં? અને જે જગ્યાઓ આપે ભરેલી બતાવી છે એમાં સીધી ભરતીની કેટલી અને ફિક્સ પગારવાળા કેટલા એ માનનીય મંત્રીશ્રી એનું વિવરણ કરે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, ભરતીના નિયમો ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજયુકેશનની ગાઇડ લાઇન પ્રમાણે થતા હોય છે ત્યારે જે પી.એચ.ડી. વગેરેની માગણી હતી તો એ ભરતી પ્રક્રિયામાં ૭માં પગાર પંચ મુજબ હવે સુધારા પ્રક્રિયા કરવામાં આવી છે. લાયકાત અને અનુભવ પ્રમાણે અદ્યતન કરવાની પ્રક્રિયા શરૂ છે અને એ શરૂ થતા એ કાર્યવાહી આગળ વધશે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજયમાં કુલ કેટલા જિલ્લાઓમાં સરકારી પોલિટેકનિક કોલેજ આવેલી છે અને કયા કયા જિલ્લામાં આવેલી છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૨૬ જિલ્લાઓમાં ૩૧ સરકારી પોલિટેકનિક કોલેજો આવેલી છે. જિલ્લાવાઇઝ યાદી છે એ મુજબ અમદાવાદમાં ૩, પંચમહાલમાં ૨, રાજકોટમાં ૨ અને સુરતમાં ૨. તથા અમરલી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, દાહોદ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, વલસાડ, છોટા ઉદેપુર, ડાંગ, નર્મદા અને તાપીમાં એક એક કોલેજ આવેલી છે.

**એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

* ૧૦૮૭ **શ્રી કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૭૪ |
| વર્ગ-૩ | ૧૨૩૩ |
| વર્ગ-૪ | ૫૮૬ |
| **કુલ** | **૧૯૦૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર એસ.એસ.જી હોસ્પિટલ, વડોદરામાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૫ | ૧૦ |
| વર્ગ-૨ | ૪૯ | ૨૫ |
| વર્ગ-૩ | ૧૧૪૭ | ૮૬ |
| વર્ગ-૪ | ૫૮૬ | ૦૦ |
| **કુલ** | **૧૭૮૭** | ૧૨૧ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જવાબ પ્રમાણે તો વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ છે એ હોસ્પિટલ માત્ર વડોદરા શહેર અને જિલ્લાના જ દર્દીઓને સારવાર

આપતી નથી. તેની સાથે મધ્ય ગુજરાત અને મધ્યપ્રદેશના દર્દીઓને પણ સારવાર આપતી આ વડોદરા શહેરની હોસ્પિટલ છે. અહીં જે જવાબ આપ્યો છે એ મંજૂર મહેકમ ૨૦૦૪ પ્રમાણે છે. એસ.એસ.જી. હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૪માં બેડની સંખ્યા ૭૫૦ હતી. એ પ્રમાણેની ૯૦ ટકા જગ્યાઓમાં ભરતી થયેલી છે. મારો પ્રશ્ન એ છે કે હવે એસ.એસ.જી. હોસ્પિટલ આજની તારીખમાં પણ ૧૫૦૦થી વધારે બેડ સાચવી રહી છે તો શું આ મંજૂર મહેકમને રિવાઇઝ કરી શકાય? જો કરી શકાય તો ક્યાં સુધીમાં કરશો? બીજો પ્રશ્ન એ છે કે આ મેડિકલ કોલેજ સાથે સંલગ્ન સંસ્થા છે ત્યારે નેશનલ મેડિકલ કમિશનના નોર્મ્સ મુજબ વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ ભરેલી હોવી જોઇએ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એસ.એસ.જી. હોસ્પિટલ એટલે મધ્ય ગુજરાત અને આજુબાજુના દર્દીઓ માટે આરોગ્યની સારવાર માટેનું ખૂબ આશાસ્પદ કેન્દ્ર છે. આ વખતે પણ રાજ્ય સરકારના મનમાં છે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ, મધ્ય ગુજરાતમાં બરોડા અને દક્ષિણ ગુજરાતમાં સુરત. રાજકોટમાં તો એઇમ્સ હોસ્પિટલ મળેલી છે. સાથે સાથે જામનગર, ભાવનગર અને રાજકોટ. આ વખતના જ બજેટમાં આ બધા જ કેન્દ્રો ખૂબ સઘન રીતે આરોગ્ય સાથે સંકળાય અને ક્રિટીકલ કેર સર્વિસીસ પણ મળી રહે તેના માટેનું આયોજન પણ કરેલું છે. એસ.એસ.જી. હોસ્પિટલની હું વાત કરું તો ત્યાં આગળ આપણી મેડિકલ કોલેજ છે અને મેડિકલ કોલેજ હોય એટલે તેના નોર્મ્સ પ્રમાણે જે બેડ રાખવાના હોય એ ૧૦૩૦ જોઇએ. તેની જગ્યાએ આપણે ૧૩૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરી છે. એસ.એસ.જી. હોસ્પિટલમાં.. (આ તબક્કે શાસકપક્ષના માનનીય સભ્યશ્રીઓ પાટલી થપથપાવતાં)

અધ્યક્ષશ્રી : તમે પાટલી શેના માટે થપથપાવો છો? પ્રશ્નનો જવાબ આખો સમજી લો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેકમના પ્રશ્નના જવાબ ઉપર જ આવું છું. ગૃહને માલૂમ પડે કે રાજ્ય સરકાર આરોગ્ય માટે સમગ્ર ગુજરાતને હવે માત્ર અમદાવાદ સિવિલ પૂરતું કેન્દ્રિત ન રહેતાં ઝોનવાઇઝ દરેક ક્ષેત્રની અંદર આરોગ્યની છેલ્લી સુવિધાઓ ટર્સરી કેરની જે હોય એ ઉપલબ્ધ કરાવવા માટેની શરૂઆત કરી રહી છે એ ગૃહના માનનીય ધારાસભ્યોની જાણ માટે જવાબ આપ્યો હતો. આ શૈક્ષણિક હોસ્પિટલ ખાતે યુ.જી. કક્ષાની ૨૫૦ સીટો હોય છે અને પી.જી. કક્ષાની ૧૮૪ બેઠકો ઉપલબ્ધ છે. નેશનલ મેડિકલ કમિશન નવી દિલ્હીના ધારાધોરણો મુજબ શૈક્ષણિક સંવર્ગની ૧૫૯ જગ્યાઓના મહેકમની સામે રાજ્ય સરકારે ૩૦૭ જગ્યાઓનું મહેકમ મંજૂર કર્યું છે. એટલે એન.એમ.સી.ના જે નોર્મ્સ છે તેના કરતાં વધારે મહેકમ આપણે મંજૂર કર્યું છે. વર્ગ-૧માં ૪૩ જગ્યાઓ ભરી છે. વર્ગ-૧ સહપ્રાધ્યાપકમાં ૯૨, મદદનીશ પ્રાધ્યાપકમાં ૧૫૭, એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરા, વર્ગ-૧માં ૧૫ આમ, ૩૦૭ જગ્યાઓ મંજૂર કરી છે જે એન.એમ.સી.ના નોર્મ્સ કરતા આપણે વધારે જગ્યાઓ મંજૂર કરી હોય તેમાં ૨૩૭ જગ્યા ભરી છે અને ૭૦ જગ્યા ખાલી પણ છે. જે ૭૦ જગ્યા ખાલી છે ત્યાં આગળ આમાંથી જ વધારાનો કાર્યભાર સોંપીને અને જરૂર પડે તો વર્ગ-૧માં કોન્ટ્રાક્ટથી પણ એપોઇન્ટમેન્ટ આપીએ છીએ. આ વખતે પી.જી.ના વિદ્યાર્થીઓ છે એ પણ આપણને બોન્ડેડ મળવાના છે, આશરે ૨૫૦૦ જેટલા અને સી.પી.એસ.ના પણ. એટલે બોન્ડની નવી પોલિસી પ્રમાણે આપણે તેમને ત્યાં આગળ મૂકવાના જ છીએ. બરોડા નહીં, પરંતુ ગુજરાતની જેટલી હોસ્પિટલોમાં વર્ગ-૧ની જગ્યા ખાલી છે તમામ જગ્યાએ. તેનું કારણ એટલું જ છે કે જે રીતે મેડિકલ કોલેજોની અને વિદ્યાર્થીઓની સંખ્યા વધવાની સાથે સાથે પી.જી.ની સીટોમાં આપણે ઉત્તરોત્તર વધારો કર્યો છે. પરિણામે આવતા સમયમાં વર્ગ-૧ના પર્ટીક્યુલર વિષયવાળા સ્કીલ ધરાવતા ડોક્ટરોની સંખ્યા પણ આપણને મળવાની છે. ઓલ ઇન્ડિયા મેડિકલ કોટામાં બોન્ડની પોલિસી લાગુ પડતી નહોતી, આ વર્ષે આપણે એને લાગુ કરવા જઇ રહ્યા છીએ એના કારણે વર્ગ-૧ના જે બોન્ડેડ તબીબો છે એ પણ આપણને મળી રહેવાના છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી એક તો મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે વર્ગ-૧ અને ૨ના મેડિકલ નોર્મ્સ પ્રમાણે ખૂબ સારી વાત કરી પણ કોરોનાની પરિસ્થિતિમાં મેયરના રૂપમાં મેં ત્યાં પરિસ્થિતિ જોઇ છે. મારો ખાસ પ્રશ્ન વર્ગ-૩ અને ૪ ઉપર છે, એમાં રિવાઇઝ મહેકમની જરૂરિયાત છે. એ રીવાઇઝ મહેકમને સરકાર કયાં સુધીમાં મંજૂરી આપી શકે? એટલો મારો સીધો પ્રશ્ન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૪ એટલે સામાન્ય રીતે સિક્યોરિટીવાળા હોય, પ્યૂન હોય અથવા તો બીજી કોઇ કામગીરી સાથે સંકળાયેલા એ વર્ગ-૪માં આવતા હોય એમને મેનપાવરથી પણ આપણે ભરીએ છીએ અને સાથેસાથે જે વર્ગ-૩ની વાત કરી તો વર્ગ - ૩ માટે પણ જરૂરિયાત પ્રમાણે આપણે ગૌણ સેવા પસંદગી મંડળમાં આપણે માંગણું મોકલતા જ હોઇએ છીએ અને એની મંજૂરીના ઉમેદવારો પસંદ થતાં આપણે કેવળ અહીંયા આપીએ છીએ એવું નથી, પરંતુ સમગ્ર રાજયમાં જયાં મહેકમ ખાલી હોય છે ત્યાં આપણે ફાળવણી કરતા હોઇએ છીએ. આ વર્ષે આપણે માંગણાપત્રકો મોકલેલા છે, જેવા ગૌણ સેવામાંથી પસંદગીના ઉમેદવારો મળી જાય અને હમણાં જ તાજેતરમાં જુનિયર કલાર્ક આપણને મળ્યા છે અને એ પ્રમાણે આપણે નિમણૂક પણ આપી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન ખાલી જગ્યા ભરવાનો નહીં પણ મહેકમમાં વધારો કરવા માંગો છો કે કેમ એવો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મહેકમ મંજૂર કર્યું છે એ જરૂરિયાત પ્રમાણેનું જ મહેકમ છે એટલે અત્યારે આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શ્રી કેયુરભાઇએ વાત કરી એમ બોન્ડેડ તબીબોની હાજરી અનિયમિત અને એ હાજર ન થતા હોવાથી સી.એચ.સી., પી.એચ.સી. અને હોસ્પિટલોમાં ખૂબ તકલીફ પડતી હોય છે. તો આના માટે કોઇ ઓલ્ટરનેટીવ એરેંજમેન્ટ છે?

અધ્યક્ષશ્રી : આ સી.એચ.સી., પી.એચ.સી.નો પ્રશ્ન નથી. માત્ર વડોદરાની હોસ્પિટલનો પ્રશ્ન છે.

શ્રી અમૂલ ભટ્ટ : ઇવન સર બધા શહેરીની હોસ્પિટલોમાં આ પ્રશ્ન છે, તો એની કોઇ ઓલ્ટરનેટીવ વ્યવસ્થા છે?

અધ્યક્ષશ્રી : જયારે એ પ્રશ્ન આવે ત્યારે માનનીય અમૂલભાઇ આપ ચોક્કસ પૂછી શકશો. છતાં પણ મંત્રીશ્રીએ આનો જવાબ આપવો હોય તો આપી શકે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સૂચન કરતાં આરોગ્યની ચિંતા કરી છે અને આરોગ્યની જયારે ચિંતા કરી હોય એટલે સરકાર સ્વાભાવિક આ કરી જ રહી છે. પહેલાં જે ૧૧૦૦ સીટો વર્ષ ૨૦૦૧માં હતી, આટલા ખાલી આપણને ડોકટરો મળતા હતા અને એમાં પણ પી.જી.ના તો ના ગણીએ તો પણ ચાલે, ત્રણ આંકડાની અંદર હતા, લગભગ મને યાદ છે ત્યાં સુધી ૭૦થી ૮૦, વર્ગ-૧ના ડોકટરો આપણને મળતા હતા. એના કારણે આપણું ગુજરાતનું હેલ્થનું માળખું સરકાર ઇચ્છવા ધારે તો પણ ના ગોઠવી શકે. કારણ કે આપણી પાસે ડોકટરો ન હતા. આપણે આભાર માનીએ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો કે જી.એમ.ઇ.આર.એસ. દ્વારા એમણે મેડિકલ કોલેજો સ્થાપવાની ચાલુ કરી અને પરિણામે આજે આપણને દર વર્ષે ૬,૩૫૦ ડોકટરો મળે એવું આપણે આયોજન કરી દીધું છે. આપણે ત્યાં ૨૨૦૦ આજુબાજુ પી.જી.ડોકટરો તૈયાર થાય છે. સી.પી.એસ., વગેરે જે વર્ગ-૧ના જે ડોકટરો સ્પેશિયલાઇઝ કહેવાય કે જે તે વિષયમાં માહિર હોય એવા ડોકટરો પણ આપણા ત્યાં તૈયાર થતા જાય છે અને એના કારણે પી.એચ.સી., સી.એચ.સી.માં તો વર્ગ-૨ એટલે કે મેડિકલ ઓફિસરો તો આપણે પૂરતા પ્રમાણમાં ફાળવી શકે એવી વ્યવસ્થા થઇ છે અને રહી વાત વર્ગ-૧ની તો એમાં પણ આ વખતે મહદ્અંશે રાજયની અંદર પી.એસ.સી, સી.એચ.સી. અને ઇવન જે મેડિકલ કોલેજો છે ત્યાં પણ આપણે મૂકી શકીએ એ પ્રમાણેની ક્ષમતામાં આજ વર્ષથી આપણે આવવાના છીએ. આવતા વર્ષોની અંદર આપણે આ વર્ષો જૂની સમસ્યા આ જી.એમ.ઇ.આર.એસ.ની કોલેજ અને આ મેડિકલની સીટો વધવાને કારણે આપણે પૂરી કરી શકીએ એવી પરિસ્થિતિમાં આવવાના છીએ.

### સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, જામનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૧૦૨૮ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૩ |
| વર્ગ-૨ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૫ |
| વર્ગ-૪ | ૧૨ |
| **કુલ** | **૩૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૩ | ૦૦ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૧ | ૦૪ |
| વર્ગ-૪ | ૧૨ | ૦૦ |
| **કુલ** | **૨૬** | ૦૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ફિઝિયોથેરાપીની સારવાર એ આજના યુગની મહત્ત્વની ચિકિત્સા છે ત્યારે મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે કુલ જગ્યાઓ ૩૦ છે એમાંથી ૨૬ જગ્યાઓ ભરાયેલી છે અને માત્ર ૪ બાકી છે એવું જણાવ્યું છે ત્યારે મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ ૪ જગ્યાઓ બાકી છે એ બાકી રહેવાનાં કારણો શું છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ૨૫૦૦ જેટલી જગ્યાઓ ભરવાના હુકમો આપવાના છે. આમાં સિનિયર ક્લાર્ક, જૂનિયર ક્લાર્ક, એમાં પણ પસંદગી પ્રમાણે જ્યાં જ્યાં ખાલી જગ્યાઓ છે ત્યાં ફાળવવાના જ છીએ. એમાં આ ૪ જગ્યાઓ આવી જાય છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારી ફિઝિયોથેરાપી કોલેજ જામનગર ખાતે જે જગ્યાઓ ખાલી છે એ ભરવાનું આયોજન છે કે નહીં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફિઝિયોથેરાપી કોલેજ જામનગર ખાતે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળના વહીવટી સંવર્ગ વર્ગ-૩ની જુનિયર ક્લાર્ક સહિત ઉમેદવારોને નિમણૂક આપવાની પ્રક્રિયા હાથ ધરી છે. સિનિયર ક્લાર્ક સંવર્ગની ૩૭ અને જુનિયર ક્લાર્ક સંવર્ગની ૧૪૪ જગ્યાઓ ભરવાનું આયોજન છે. એટલે સ્વભાવિક છે કે જ્યાં ખાલી હશે ત્યાં ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી ઉમેદવારો ઉપલબ્ધ થશે એટલે ભરાઇ જ જવાની છે.

**રાજ્યમાં કોવેક્સીનના બુસ્ટર ડોઝની માંગણી**

* ૬૪ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના નાગરિકોને કોરોના સામે રક્ષણ આપવા કોવેક્સીનના કેટલા બુસ્ટર ડોઝની માંગણી રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કરી હતી, અને

(૨) તે પૈકી કેન્દ્ર સરકારે ક્યારે અને કેટલા બુસ્ટર ડોઝની ફાળવણી કરી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના નાગરિકોને કોરોના સામે રક્ષણ આપવા કોવેક્સીનના પ્રિકોશન ડોઝ માટે કુલ-૪૧ લાખ ડોઝની માંગણી રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કરી હતી

(૨)

| ક્રમ | માસ | કેન્દ્ર સરકારશ્રી દ્વારા કોવેક્સીન રસીના ફાળવેલ ડોઝ |
|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૨૦૨૨ | ૨૭,૧૫,૧૦૦ |
| ૨ | માર્ચ-૨૦૨૨ | ૯,૫૦,૦૦૦ |
| ૩ | એપ્રિલ-૨૦૨૨ | ૪,૦૦,૦૦૦ |
| ૪ | જુલાઈ-૨૦૨૨ | ૬,૦૮,૪૮૦ |
| ૫ | ઓગસ્ટ-૨૦૨૨ | ૨,૦૦,૦૦૦ |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૨૨ | ૧,૦૦,૦૦૦ |
| ૭ | ડિસેમ્બર-૨૦૨૨ | ૯૯,૮૪૦ |
| ૮ | જાન્યુઆરી-૨૦૨૩ | ૧,૦૦,૦૦૦ |
| | **કુલ** | **૫૧,૭૩,૪૨૦** |

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો એમાં કોવિડ-૧૯ કોરોનાની અંદર આપણે સૌએ જોયું છે કે સમગ્ર ગુજરાત અને સમગ્ર દુનિયામાં જે પ્રમાણે કોરોનાનો કહેર હતો અને એમાં પણ ગુજરાતની અંદર અને હું કોઇ રાજકીય માણસની વાત કરું તો સૌથી પહેલાં કોઇ ધારાસભ્ય તરીકે કોરોના થયો હોય તો મને થયો હતો. એ સમયમાં મેં એસ.વી.પી. હોસ્પિટલમાં સારવાર લીધી અને સાજો થઇ આવ્યો. (અંતરાય) ભગવાનનો આભાર માનવાનો હોય (અંતરાય) મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : તમને પાકું રક્ષણ છે જ. તમે બોલો. તમે ત્યાં જોશો તો પ્રશ્ન થશે.

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એ સમય જોયો છે. પહેલો રાઉન્ડ, બીજો રાઉન્ડ, ત્રીજો રાઉન્ડ, એ સમયમાં કોરોનોમાં લોકોએ જાન ગુમાવ્યા છે. રેમડેસિવર અને ઓક્સિજન બેડ મળતા ન હતા.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇમરાન ખેડાવાલા : કબ્રસ્તાનમાં લોકોને જગ્યા ન મળે, ૧૦૮ ન મળે એ બધું આપણે જોયું છે.

અધ્યક્ષશ્રી : તમે પોતે વિવાદ ઊભો કરાવીને મીડિયામાં આવવા માટેનો પ્રયત્ન કરો છો તેના બદલે સીધા મુદ્દા ઉપર આવો.

શ્રી ઇમરાન ખેડાવાલા : આ એક રૂપરેખા બાંધી રહ્યો છું. આપણે બધાએ આ જોયું છે. આપણા ડોકટરોએ, આપણા પોલીસ તંત્રે, પેરા મેડિકલ સ્ટાફે, સફાઇ કામદારોએ ખૂબ સારું કામ કરીને ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : સારું કર્યું એ બરાબર છે પણ પ્રશ્ન હોય એ બોલો.

શ્રી ઇમરાન ખેડાવાલા : પ્રશ્ન એ જ કહેવા માગું છું કે રાજ્ય સરકારે જે પ્રમાણે ડોઝ માગ્યા હતા એ ૪૧ લાખ ડોઝ માગ્યા હતા. એની સામે કેન્દ્ર સરકારે ૫૧ લાખ ૭૩ હજાર ૪૨૦ બુસ્ટર ડોઝ આપ્યા છે.

અધ્યક્ષશ્રી : તમે અહીંયા જોઇને વાત કરો. નહીં તો હું નવા પ્રશ્ન ઉપર આવી જઇશ. હું પાછળના પ્રશ્નને મૂવ કરી દઇશ. હું તમને આ છેલ્લી ચેતવણી આપું છું. ફરી આવું કરશો તો નવા પ્રશ્ન ઉપર આવી જઇશ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછું છું કે, ૫૧ લાખ ૭૩ હજાર ૪૨૦ ડોઝ મળ્યા હતા. આ ડોઝ મળ્યા ચોક્કસ અને રાજ્ય સરકારે આભાર પણ માન્યો પણ આ ડોઝ જેવી રીતે જૂનાગઢની વાત કરું તો જૂનાગઢની અંદર જયા બચ્ચન, મહિમા ચૌધરી...(અંતરાય)...(અંતરાય)...

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. ૩ મિનિટ પ્રશ્ન પૂછવામાં થઇ છે. પછી તમારા નેતાઓ અહીંયા એમ વાત કરે છે કે મંત્રીશ્રીઓ લાંબો જવાબ આપે છે. તમે પોતે પ્રશ્ન લાંબો કરીને ટાઇમ બગાડો નહીં. નહિતર હું નવા પ્રશ્ન ઉપર જઇશ.

શ્રી ઇમરાન ખેડાવાલા : સેલીબ્રિટિઓ જે ગુજરાતની અંદર નથી રહેતા તેવા લોકોને સર્ટિફિકેટ ઇશ્યુ કરી દેવામાં આવ્યા. હું એટલા માટે કહેવા માગું છું કે તમે આમાં (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇમરાન ખેડાવાલા : આવા જ્યારે સર્ટિફિકેટ ઇશ્યુ કરી દીધા હતા તો એના સામે આપણે કોઇ એકશન લેવા માગીએ છીએ કે નહીં? જે પ્રમાણે સેલીબ્રિટી ગુજરાતમાં રહેતી નથી એવા લોકોને સર્ટિફિકેટ ઇશ્યુ થઇ ગયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓ. કે. એકશન લેવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન હોય તો પણ બોલો.

શ્રી ઇમરાન ખેડાવાલા : બીજો પ્રશ્ન એ છે કે, આ ૧૦ લાખ વેક્સિન વધેલા છે એ એક્સપાયર્ડ થઇ ગયા છે કે આમને આમ પડેલા છે કે બીજા રાજ્યોને આપણે આપ્યા છે? એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું.

અધ્યક્ષશ્રી : બસ આપ બેસો. હવે તમે બેસો. મંત્રીશ્રી મૂવ કરે છે. તમારે પ્રશ્નના ઉકેલ માટે ધ્યાન દેવું જોઇએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે છેલ્લો પ્રશ્ન પૂછ્યો (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, તમે એમના જેટલો જવાબ લાંબો ના કરતા.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૪૧ અને ૫૧ એટલે એ એવું સમજે છે કે આ ૧૦ લાખ પડી જ રહ્યાં છે. આપણે ૪૧ માગ્યા હતા પરંતુ આપણને ૫૧ મળ્યાં. ૫૧ મળ્યાં એ બધા વપરાઇ ગયા છે અને આજે ૨૫,૦૦૦ની આજુબાજુ જ આપણી પાસે જથ્થો ઉપલબ્ધ છે અને કોલ્ડ સ્ટોરેજમાં સારી રીતે સચવાઇ રહ્યો છે. આજે રસી બુસ્ટરનો પ્રિકોસન ડોઝ આપીએ છીએ એટલે સાવચેતીરૂપે લેવાવાળી રસી છે અને આપણે આપીએ જ છીએ. પહેલો ડોઝ લોકડાઉનના કારણે ભારત બચ્યું. બીજા ડોઝમાં આપણને ચોક્કસ મુશ્કેલી પડી, ખૂબ બધી મુશ્કેલી પડી, પરંતુ જેવું ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ આ રસીકરણ ચાલુ થયું એટલે ત્રીજામાં પણ આપણને તકલીફ પડી નહીં અને આખી દુનિયાની અંદર ભારત સિવાય ચાઇના, અમેરિકા, યુરોપિયન કન્ટ્રી ત્યાં આગળ એટલા બધા કેસો આવ્યા છે કે ત્યાં આજે પણ નવા વેરિયન્ટ આવે છે અને ત્યાં આગળ મૃત્યુ પણ નોંધાય છે અને આ બધા દેશોમાં એવરેજ એક લાખ આજુબાજુ કેસ થાય છે. આપણે ત્યાં અત્યારે ભારતની અંદર ૨૩૭૮ જ કદાચ આંકડામાં ૨૭૭૮ની આજુબાજુમાં દેશમાં કેસો આપણે ત્યાં એક્ટિવ છે અને ૬૮ કેસો જ આજે ગુજરાતમાં એક્ટિવ છે. એટલે આપણા ગુજરાતમાં રસીકરણનો કાર્યક્રમ બિલકુલ સુંદર રીતે થયો છે અને એમાં પણ એમણે જે વાત કરી જૂનાગઢની અંદર (અંતરાય)...

શ્રી ઇમરાન ખેડાવાલા (બેઠાં બઠાં) : સાહેબ, જૂનાગઢ પાકિસ્તાનમાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની અંદર (અંતરાય) તમારે જવાબ સાંભળવો છે? (અંતરાય) એ પાકિસ્તાનમાં જતું રહેતું. આ તો સરદાર પટેલ હતા એટલે અહીં આગળ આવ્યું છે. સરદાર પટેલના કારણે જૂનાગઢ અહીંયા છે નહિતર પાકિસ્તાન ભેગું થયું હોત. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે આવા ઉલ્લેખો બેઠાં બેઠાં નહી કરો. (અંતરાય) માનનીય અમિતભાઇ, એક મિનિટ બંને શ્રી અમિતભાઇ, બેસો. તમને ફરી કહુ છું. આપ બેસો, મંત્રીશ્રી જવાબ આપે છે. પછી આપને તક આપું છું.

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે જૂનાગઢના બે તાલુકાઓમાં સેલીબ્રિટીઓનું વેક્સિનેસન થઇ ગયું એ પ્રકારના (અંતરાય)...

અધ્યક્ષશ્રી : વેક્સિનેસન પૂરતો જ પ્રશ્ન છે, એ પૂરતો જ તમે જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કોવીન પોર્ટલની અંદર આપણે બધી જ વ્યવસ્થાઓ કરી હતી. જે કોઇ પણ રસીકરણ કરવા જાય એટલે આધાર-પૂરાવાઓ લઇને જાય અને જે સી.યુ.જી. નંબર આપ્યા હતા એના ઉપર આધારકાર્ડની અને બાકીના ઓળખપત્રકનું વેરિફિકેશન કરીને નોંધવામાં આવતા હતા, પરંતુ પાછળથી ભારત સરકારની સૂચના મળી અને રજૂઆત પણ મળી કે કેટલાય લોકો સાધુ-સંતો, ગરીબ લોકો કે જેમની પાસે ઓળખકાર્ડ નથી એવા લોકોના રસીકરણ માટે શું? એમાં ફેરફાર થયો અને જે સી.યુ.જી. નંબર આપ્યાં હતા એ સી.યુ.જી. નંબરમાં આવા કેમ્પો કરીને જે લોકો પાસે આધાર કે ઓળખકાર્ડ ન હતા એ લોકોને એક જ નંબર ઉપરથી એ નામ આપે, રસી આપી એટલે તરત જ એનું નામ નોંધી લેવાનું, એની પાસે ઓળખકાર્ડ ન હતું અને આવા સેશન્સ આપણે ત્યાં થયા અને એમણે જે વાત કરી એ સેશન્સો પૈકીનાં જ નામ છે. આવા તો દરેક જગ્યાએ સેશન્સ કર્યા છે અને જેની પાસે કંઇ નાનો મોટો પૂરાવો ન હોય છતાં પણ આપણે રસીકરણ કર્યું છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે અત્યાર સુધીમાં ગુજરાત રાજયમાં કોરોનાની રસીનો કુલ કેટલો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવ્યો છે? મારે ખાલી એટલું જ આમાં કહેવાનું છે.

અધ્યક્ષશ્રી : પોલિટિકલમાં ન પડતા. એમનો માત્ર પ્રસિદ્ધિ મેળવવા માટેનો પ્રયત્ન છે. પ્રજાના પ્રશ્નમાં રસ નથી. મીડિયામાં હાઇલાઇટ કઇ રીતે થવાય એના માટેનો પ્રયત્ન હતો અને આ બાબત ગૃહ માટે કે પ્રજા માટે પણ સારી નથી. તમે આની અંદર એ બાબત દોહરાવશો નહીં. હું એની ટીકા કરું છું. માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરસ રીતે ટૂંકો પ્રશ્ન પૂછો એટલે જવાબ પણ હું ટૂંકો આપીશ. પણ ક્વોલિટી પેલી, અહિંયા મેસેજ જાય એટલા માટે થઇને કોઇ પ્રશ્ન પૂછાતો હોય તો એને લાંબો તો કરવો જ પડે. તા.૨૬-૨-૨૦૨૩ સુધીમાં ગુજરાત રાજયને કુલ ૯,૪૫,૯૫,૪૦૦ ડોઝ આપણને કોવીશીલ્ડના મળ્યા હતા. ૧,૮૬,૧૬,૩૭૦ ડોઝ કોવેક્સિનના મળ્યા હતા. ૪૩૨૧૦૦૦ ડોઝ કોર્બોવેક્સિન એમ કુલ મળીને આપણને ૧૧,૭૫,૩૩,૨૭૦ ડોઝ મળ્યા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ ચાવડા, બીજા એક અમિતભાઇ પણ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇમરાનભાઇનો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ હતો કે જૂનાગઢ જિલ્લામાં જયા બચ્ચન, મહિમા ચૌધરી, જુહી ચાવલા, મહંમદ કૈફ એવી જાણીતી સેલીબ્રિટીના નામે કોવીડ રસીકરણના સર્ટિફીકેટ ઇશ્યૂ થયા છે એટલે ભળતા એના બેચ નંબર અને વિગતો છે. પૂરાવા માટે મિડિયા, પ્રેસ અહીં છે.

અધ્યક્ષશ્રી : એમના જવાબ જે ન મળ્યા હોય એનો પ્રશ્ન પૂછો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને આપના મારફત એટલી જ વિનંતી છે કે જે આ હકીકતો રજૂ કરવામાં આવી છે કે ભળતા નામ સાથે બોગસ વેક્સિનના સર્ટિફીકેટ ઇશ્યૂ કરવામાં આવ્યા છે. આ હકીકત સાચી છે કે ખોટી? અને આપની જાણમાં ન હોય તો આની તપાસ કરવા માગો છો કે કેમ? એટલો જ મુદ્દો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ભલે જે હોય. જે એમને પૂછવું હોય એ પૂછી શકે છે અને જે જવાબ હશે એ મળશે. એ આખે આખો જવાબ એમણે જે કહયું એ પ્રમાણે કન્સન્ટન્ટની ટીમ દ્વારા પ્રાથમિક રીતે અને વેરીફિકેશન પણ થયું છે અને ત્યાં તપાસ પણ આપી હતી કે આવું બધું કેવી રીતે શકય બન્યું? પરંતુ માનો કે શ્રી અમિતભાઇ ૧૫ જણાને લઇને આવે ગરીબ ભિક્ષુકને અથવા તો ગરીબ લોકોને અથવા તો માઇગ્રેઇન થઇને આવેલા હોય અને અહીંયા મજૂરી કરતા હોય એવા લોકોને લઇને આવે અને જો એનું રસીકરણ કરવાનું હોય અને એમની પાસે આધાર પૂરાવો ન હોય તો તરત જ જે આપણો ત્યાં માણસ બેઠેલો હોય કેન્દ્ર ઉપર એ કેન્દ્ર ઉપર બેઠેલા માણસને જે નામ લખાવે એ નામ લખીને એને રસીકરણ કરી દેવામાં આવે. છતાંપણ આ જે બે તાલુકાની વાત સ્પેસિફિક છે આપણે તપાસ પણ કરી છે અને તપાસમાં જે તારણો આવ્યા છે અને હજુ પણ જો આમાં કંઇ થતું હશે અથવા તો ખોટું આધારકાર્ડ અને પૂરાવાઓ હોવા છતાં પણ જો આવું વેક્સિનેશન થયું હશે તો ચોકકસ તપાસ કરીશું.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ શાહ. (અંતરાય) આપ બેસો. પ્રશ્નોત્તરીના ટાઇમને નહીં બગાડીએ. એવું તમને લાગે તો પોઇન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોત્તરી પછી ઊભો કરજો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં એવી વાત કરી કે દવાઓ મળતી નથી, કશું આવતું નહોતું. તો આપના દ્વારા ગૃહમાં એક વાત જણાવવા માગું છું કે ગુજરાત સરકારે કોરોનાના કપરા કાળમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૫૦ ગાડીઓ પહેલા અને પછી ૧૦૦ ગાડી એમ કુલ ૨૫૦ ગાડી આપી હતી. લોકડાઉનમાં એનો ઇન્ચાર્જ હું હતો. માનનીય સભ્યશ્રીના ઘર પાસે ગયેલા, એમના ઘરે જઇને બોલાવેલા કે કોઇ દવા લેવા આવતું નથી. કોઇને બોલાવો તો ખરા? તો મને વોટસએપ બતાવ્યો, શ્રી ઇમરાનભાઇ, તમે આવ્યા હતા?

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપનો પ્રશ્ન શું છે? આપનો પ્રશ્ન હોય તો બોલો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે દરિયાપુર, કાલુપુર, જમાલપુર (અંતરાય) હું તમારા ઘરે આવ્યો હતો.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક -૭ માનનીય મંત્રીશ્રી આમાં જવાબ આપવાની જરૂર નથી. મને લાગે છે કે ખેડાવાલા, તમે આવું વારંવાર જો કરશો. (અંતરાય) નહીં, તમે મારી વાત સાંભળો. નહીં, માનનીય અર્જુનભાઇ, હું તમને ટાઇમ આપું છું. હું એમને કહું છું શ્રી અમિતભાઇ, તમે ન પડો પરંતુ એ સામે ચાલીને વિવાદ કરી કરીને સામે ચાલી ચાલીને બોલે છે. તમે અહીંયા ધ્યાન રાખોને. એમના સામે શું કરવા જુઓ છો? મારી સામે જોઇને પ્રશ્ન પૂછો. મંત્રીશ્રીને પૂછો. એ બાજુ શું કામ જોઇને પૂછો છો? પ્રશ્ન ક્રમાંક -૭.

**નર્મદા જિલ્લામાં ડેન્ગ્યુના કેસો**

*૧૦૭૬ **ડૉ. દર્શના દેશમુખ (વસાવા)** (નાંદોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા, અને | (૧) ૧૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ? | (૨) ડેન્ગ્યુ નિયંત્રણ માટે લીધેલ પગલા-<br>• મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.<br>• મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.<br>• નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.<br>• આરોગ્ય શિક્ષણની કામગીરી. |

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ડેન્ગ્યુના કેસો નોંધવામાં આવ્યા છે અને જિલ્લામાં ડેન્ગ્યુના રોગના નિયંત્રણ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ડેન્ગ્યુના નોંધાયેલા કેસોની વિગત મારી પાસે છે. નાંદોદમાં ૩૩૭ સીરમ તપાસ્યા અને તેમાંથી આપણે ૮ કેસ ડેન્ગ્યુના મળી આવ્યા. તેમાં એકપણ મરણનો કેસ નથી. ગરૂડેશ્વરમાં આપણે ૧૦ સીરમ સેમ્પલ તપાસ્યા તો તેમાંથી પાંચ કેસ ડેન્ગ્યુના મળ્યા છે. તેમાં એકપણ મરણનો કેસ નથી. ડેડિયાપાડા, સાગબારા અને તિલકવાડામાં સીરમ સેમ્પલ તપાસવાની જરૂર પડી ન હતી કારણ કે ત્યાં કોઇ ફરિયાદ મળી ન હતી એટલે ત્યાં એકપણ કેસ મળ્યો નથી. આપણે આ જે ૩૪૯ સીરમ સેમ્પલ તપસ્યા તેમાંથી ૧૩ ડેન્ગ્યુના કેસ મળ્યા છે. ડેન્ગ્યુ નિયંત્રણની કામગીરી છે તેના માટે સરકારે કામ કર્યું છે. જનરલ હોસ્પિટલ રાજપીપળા, ક્ષેત્રીય કક્ષાએ આરોગ્ય કાર્યકરો, આશાવર્કર શંકાસ્પદ ડેન્ગ્યુના કેસોની શોધખોળ કરી એકત્ર કરવામાં આવતા સીરમ સેમ્પલનું નિરીક્ષણ અને નિદાન થતાં કેસોની યોગ્ય સારવારની વ્યવસ્થા પણ આપણે કરી છે. આરોગ્ય કાર્યકરો, આશાવર્કર બહેનો, વેક્ટર કંટ્રોલ ટીમો મારફત મચ્છરોની ઉત્પત્તિ જયાં થતી હોય ત્યાં તે ન થાય તેના માટે લોકોને સમજાવવા, શુદ્ધ પાણીના ખાડાઓ ના ભરાઇ રહે, ધાબા ઉપર કે બીજે કયાંય પાણી ના ભરાઇ રહે તેના માટેની વ્યવસ્થા તથા જનજાગૃતિના કાર્યક્રમો પણ આપણે કરીએ છીએ. ત્યાં આગળ દવા છાંટવાનું કામ પણ કરતા હોઇએ છીએ. પી.એચ.સી અને અર્બન હેલ્થ સેન્ટરના કાર્યકરો આમાં ફોગિંગ કરે છે, જંતુનાશક દવાઓ છાંટવાનું કામ કરતા હોય છે. તેનું સુપરવિઝન પી.એચ.સી. અને અર્બન હેલ્થ સેન્ટરના કાર્યકર્તાઓ કરતા હોય છે. આરોગ્ય શિક્ષણની કામગીરી આપણે લોકોના અવેરનેશ માટે કરતા હોઇએ છીએ. પત્રિકાઓ દ્વારા કે છાપાંઓ મારફતે પણ આપણે પ્રચાર કરતા હોઇએ છીએ. આપણને એમ લાગે કે, અહીં વધારે કેસ છે તો ત્યાં આગળ સઘન ઝુંબેશ કરી તેનો નાશ કરવા માટેના પ્રયત્નો કરીએ છીએ.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, આ ડેન્ગ્યુનો રોગ બહુ વધારે પડતા વિસ્તારમાં ફેલાઇ રહ્યો છે અને તે બહુ ગંભીર બીમારી છે. આ બીમારી માત્ર મચ્છરથી થાય છે કે તેના કોઇ બીજા લક્ષણો છે, આ લક્ષણો સરકારના ધ્યાનમાં હોય તો આના નિદાન માટે સરકારશ્રી દ્વારા કયા કયા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મચ્છરો ઓછા કરવાનું કામ સરકારે કર્યું છે અને તેમાં આપણને સફળતા પણ મળી છે. માદા એડીસ તંદૂરસ્ત માણસને કરડે ત્યારે ડેન્ગ્યુ થાય છે. માદા એડીસ બહુ હાઇટ ઉપર ઉડતા નથી.

તે બે ફૂટની આજુબાજુ ઉડે છે અને પગની આજુબાજુ ડંખ મારે છે અને તેના કારણે આ ડેન્ગ્યુ થતો જોવા મળે છે. ડેન્ગ્યુ રોગના પ્રકારો જોઇએ તો ડેન્ગ્યુ ફિવર, ડેન્ગ્યુ હેમરેજિક ફિવર, ડેન્ગ્યુ શૉક સિન્ડ્રોમ છે. ડેન્ગ્યુ ફિવરના જે લક્ષણો છે તેમાં ભારે તાવ આવે, માથાના ભાગમાં સતત દુઃખાવો થાય, આંખના પાછળના ભાગમાં દુઃખાવો થાય, આંખની મૂવમેન્ટ થાય તેના કારણે પણ દુઃખાવો થાય. સ્નાયુ અને સાંધામાં દુખાવો, સ્વાદનો અભાવ, ઉલટી-ઉબકા આવવા, શરીર ઉપર લાલ-લાલ ચાઠાઓ પડવા અને ડેન્ગ્યુ હેમરેજિક ફિવર અને શોક સિન્ડ્રોમના લક્ષણો જોઇએ તો ઉપરના લક્ષણો તો હોય જ પરંતુ સતત અને સખત પેટમાં દુખાવો જવો એ એક વધારાનું લક્ષણ છે. ચામડી ઠંડી અને ફીકી પડી જાય, નાક-મોઢું અને ગળામાંથી પણ લોહી પડે, ચામડી ઉપર ચકામા થતાં હોય છે, લોહી સાથે અને લોહી વગરની ઉલટીઓ થતી હોય છે, આરામ જેવું ન લાગે, ઉંઘ આવે, દર્દીને વધારે તરસ લાગે, મોઢું સૂકાતું હોય એવું લાગે, પલ્સ નબળા થઇ જવા, શ્વાસ લેવામાં તકલીફ આ બધું બીજા પ્રકારના ડેન્ગ્યુમાં આપણને જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, રોગની સારવાર માટે ડેન્ગ્યુના રોગમાં દર્દીઓમાં જોવા મળતા લક્ષણોને આધારીત આપણે સારવાર આપીએ છીએ. આ રોગની સારવાર માટે ચોક્કસ દવા કે વેક્સિન ઉપલબ્ધ નથી, મચ્છરની ઉત્પતી અટકાવવી એ જ મહત્ત્વની દવા છે છતાં પણ રાજયના તમામ ૩૩ જિલ્લામાં નિદાનની વ્યવસ્થા કરી છે. જેમાં સરકારી હોસ્પિટલો, સરકારી અને મ્યુનિસિપલ કોલેજો, જનરલ હોસ્પિટલ સહિત ૪૨ સંસ્થાઓમાં ડેન્ગ્યુ માટે એલિસા ટેસ્ટ વિનામૂલ્યે કરવામાં આવે છે અને આની પરંપરાગત જે દવા છે એમાં વધારે પાણી પીવું, પ્રવાહી વધારે આપવું અને સાથે એને આનુષંગિક દવાઓ સ્પેસિફિક નથી, પરંતુ ડોકટરો આની સારવાર કરતા હોય છે. એ દવાઓ આપીને દર્દી સારામાં સારી રીતે ઝડપી સાજા થઇ જાય એ પ્રકારની સારવાર આપવામાં આવે છે. આમાં ડેન્ગ્યુના કોઇ પણ દર્દીને જેવી ખબર પડે કે ડેન્ગ્યુ છે એટલે તરત જ એની સારવાર લેવામાં આવે તો લગભગ ડેન્ગ્યુના કારણે મૃત્યુ નથી થતાં, પરંતુ ડેન્ગ્યુ હોવા છતાં પણ એમાં ક્યાંક આળસ રાખી, ક્યાંક સામાન્ય તાવ છે તો સારું થઇ જશે એમ વિચારીને બે-ત્રણ-ચાર-પાંચ દિવસ લંબાવી દે તો આવા કેસોમાં જ એ ક્રિટિકલ કેસ બનતો હોય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં નર્મદા જિલ્લામાં એક વર્ષમાં ૧૩ કેસોની વાત કરી છે અને કહ્યું છે કે, માત્ર ૧૩ કેસ ઉપલબ્ધ થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના બધા જ સભ્યશ્રીઓ અને મારા સહિતનો અનુભવ છે કારણ કે, મને પણ ડેન્ગ્યુ થયેલો. ડેન્ગ્યુ એક એક ગામમાં ૧૩-૧૩ કેસો હોય છે મિનિમમ સંખ્યા કહું છું. એટલે આ આપની પાસે જે માહિતી આવે છે એ ફકત સરકારી હોસ્પિટલમાં જે દર્દીઓ આવ્યા હોય એટલા પૂરતી જ હોય છે અથવા તો પૂરો સર્વે કરવામાં આવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખૂબ મોટા પ્રમાણમાં એક એક જિલ્લામાં હજારો સંખ્યામાં આ પ્રકારના કેસો બનેલા છે તો ભવિષ્યની અંદર પૂરતી માહિતી આવે એ જરૂરી છે અને એને અટકાવવા માટેના પૂરતા પગલાં લઇ શકાય એ પ્રકારનું વ્યવસ્થા તંત્ર આપ ગોઠવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ડ્રાય ડેની અંદર જો બધા ધારાસભ્યશ્રીઓ સહયોગ આપે અને એક સાથે ઉનાળાની સિઝનમાં જે જે કોલોનીઓ હોય એને જો ડ્રાય કરી દઇએ અને એક સંયુક્ત રીતે બધા અભિયાન તરીકે લઇએ તો પણ મને લાગે છે કે ઘણું બધું કન્ટ્રોલ થઇ શકે. માનનીય મંત્રીશ્રી,

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ, હંમેશા સકારાત્મક વિચારો સાથે સકારાત્મક ઊર્જા સાથે આ ગૃહમાં વાત મૂકતા હોય છે. સ્વાભાવિક પી.એચ.સી., સી.એચ.સી. અને આપણી જે સરકારી વ્યવસ્થામાં છે એ હોસ્પિટલોમાં જે કોઇ કેસ આવતા હોય એ આપણા ધ્યાનમાં આવતા હોય છે. પરંતુ એમણે જે સૂચન કર્યું છે કે, આ માટે આખા રાજયમાં એક તપાસ કરી અથવા તો એની વ્યવસ્થિત રીતે નોંધણી થાય એ માટેનું એમનું સૂચન છે. મને લાગે છે કે, આપે જ સૂચન કર્યું છે ડ્રાય ડે, પાણીના ખાબોચિયા, શુદ્ધ પાણી પણ ક્યાંય ભરાઇ ન રહે એની પણ આપે જે ચિંતા કરી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ સરકાર આ બાબતમાં વિચારશે.

**શ્રીમદ રાજચંદ્ર ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીઓ માટે સુવિધા**

* ૧૦૫૨ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબી જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર ભુવન, વવાણીયા આવતા પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબી જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર ભુવન, વવાણીયા આવતા પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા નીચે મુજબ કામગીરી હાથ ધરેલ છે.<br>• સત્સંગ હોલ<br>• ભોજનાલય<br>• રસોઈ ઘર<br>• કમ્પાઉન્ડ વોલ<br>• સિક્યુરિટી કેબિન<br>• મેઈન ગેટ<br>• લેન્ડસ્કેપિંગ<br>• ટોઈલેટ બ્લોક |
| (૩) ઉક્ત કામગીરી અંગે કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૮૦૧.૧૧ લાખ |

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં માળિયા તાલુકામાં ગાંધીજીના ગુરુ શ્રીમદ રાજચંદ્ર ભુવનના વિકાસ માટે સરકારે ખૂબ જ પૈસા આપ્યા છે એટલે એમનો આભાર માનું છું. પરંતુ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આના વિકાસ માટે કઇ કઇ યોજના મંજૂરી કરી છે અને, એના માટે કેટલા પૈસા મંજૂર થયા છે અને, કેટલા વાપર્યા છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કયા કયા કામો લીધેલા છે એ છાપેલા જવાબમાં આપેલ છે? એનો જે ટોટલ ખર્ચ હતો એ રૂપિયા ૯૧૨ લાખ હતો એમાંથી રૂપિયા ૮૦૧ લાખનો ખર્ચ થયો છે અને જે કામ હતું એ પૂર્ણ થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નમાંથી ફેરવવામાં આવેલ)

**સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૮૪ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૬૬ |
| વર્ગ-૨ | ૪૮ |
| વર્ગ-૩ | ૭૬ |
| વર્ગ-૪ | ૬૩ |
| **કુલ** | **૨૫૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૫૨ | ૧૪ |
| વર્ગ-૨ | ૪૦ | ૦૮ |
| વર્ગ-૩ | ૬૦ | ૧૬ |
| વર્ગ-૪ | ૪૮ | ૧૫ |
| **કુલ** | **૨૦૦** | **૫૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |

**ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૦૮ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૩૩ |
| ૨૦૨૨-૨૩ | ૪૨૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૬૭.૭૮ |
| ૨૦૨૨-૨૩ | ૨૪૦.૬૬ |

- - - - - - - - -

**રણ ઉત્સવમાં સરકારને રોયલ્ટીથી થયેલ આવક**

૧૦૧૬ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રણ ઉત્સવના માધ્યમથી રાજ્ય સરકારને રોયલ્ટી અને એન્ટ્રી ફી મારફતે કેટલી આવક થઈ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રણ ઉત્સવના માધ્યમથી રાજ્ય સરકારને રોયલ્ટી પેટે રૂ.૯૫૭.૯૪ લાખ તથા એન્ટ્રી ફી પેટે રૂ.૩,૯૩,૩૬,૪૦૦ ની આવક થઈ છે.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં મેલેરિયાના કેસો**

૧૦૧૮ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા અને

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરિયા અટકાવવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના નોંધાયેલ કેસ નીચે મુજબ છે.

| વર્ષ | મેલેરિયાના કેસો |
|---|---|
| ૨૦૨૧ | ૪ |
| ૨૦૨૨ | ૫ |
| **કુલ** | **૯** |

(૨) મેલેરિયાના નિયંત્રણ પગલાઃ
જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, પૂરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**રાજ્યમાં સિંહ સંવર્ધન-સંરક્ષણ માટેનાં પગલાં**

૧૦૩૭ **શ્રી જનકભાઈ તળાવીયા** (લાઠી) :**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કયા પગલાં લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.

૧. રાજ્ય સરકાર દ્વારા અકુદરતી રીતે ખુલ્લા કુવામાં પડી

મૃત્યુ પામતા સિંહોના સંરક્ષણ માટે ખુલ્લા કુવાને પેરાપેટ વોલ બાંધી સુરક્ષીત કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨. બીમારી, અકસ્માત કે અન્ય કારણોસર વન્યપ્રાણીઓને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે સાસણ, જામવાળા, જસાધાર, સકકરબાગ ઝૂ, જૂનાગઢ, સાત વીરડા, રાણીગાળા, વડાળ, અમરાપુર ગીર, ક્રાંકચ બાબરકોટ વિગેરે સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેન્દ્રોની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે અને આ સારવાર કેન્દ્રોમાં વેટરનરી ઓફિસરની નિમણુંક કરવામાં આવેલ છે તેમજ અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે.

૩. કોરેન્ટાઈન ઝોન બનાવવામાં આવેલ છે.

૪. સકકરબાગ, દેવળીયા સફારી પાર્ક, આંબરડી સફારી પાર્ક તથા જીનપુલમાં વેક્સિનેશન કરવામાં આવે છે.

૫. વન વિભાગ દ્વારા સિંહોના અવર-જવરવાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રો અને ટ્રેકર્સ રોકવામાં આવેલ છે. સ્ટાફને તાલીમ આપવામાં આવેલ છે.

૬. વન્યપ્રાણીના રેસ્કયુ માટે રેપીડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.

૭. અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.

૮. લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.

૯. ચેકિંગ નાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે. વન્યપ્રાણી દ્વારા માનવ ઈજા, માનવ મૃત્યુ તથા લોકોના જાનમાલની થતા નુકશાન બાબતે સરકારશ્રી દ્વારા નિયમોનુસાર વળતરની જોગવાઈ અમલમાં મુકવામાં આવેલ છે.

૧૦. કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટરની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.

૧૧. વન્યપ્રાણીઓ અને માનવઘર્ષણ ઓછું થાય તે માટે ખેડુતના ખેતરોમાં તેમના પાકનાં રક્ષણ કરવા માટે મંચાણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૧૨. સિંહોને રેડિયો કોલર લગાવીને સિંહોનું રેડિયો મોનીટરિંગ કરવામાં આવે છે.

૧૩. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે.

૧૪. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ

પણ કરવામાં આવે છે.

૧૫. સાસણ ખાતે હાઈટેક મોનીટરિંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.

૧૬. રાજુલા-પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુ-બાજુ ચેઈન લિંક ફેન્સિંગ કરેલ છે.

૧૭. સિંહને પૂરતા પ્રમાણમાં ખોરાક માટે તૃણભક્ષી પ્રાણીઓની સંખ્યામાં વધારવા સિંહોના રહેણાંક સુધારણાની કામગીરી કરવામાં આવે છે.

૧૮. તૌકતે વાવાઝોડામાં પડી ગયેલ નડતર કરતા વૃક્ષોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

૧૯. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ધારા-૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે નામ કોર્ટમાં કેસ કરવામાં આવે છે. લોકજાગૃતિના કામો કરવામાં આવે છે.

(૨) આવા પગલાંને લીધે સિંહોની વસતિમાં કેટલો વધારો થયો?

(૨) સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ વિવિધ પગલાઓના લીધે સિંહોની સંખ્યામાં અગાઉની (સને.૨૦૧૫) સરખામણીએ સને.૨૦૨૦નાં પૂનમ અવલોકનમાં કુલ-૧૫૧ (૨૮.૮૭%) જેટલો વધારો થયેલ છે.

---------

**નેત્રંગ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૦૯ **શ્રી ડી.કે. સ્વામી** (જંબુસર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૪૩ |
| ૨૦૨૨-૨૩ | ૫૨૬ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૪.૫૨ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૭.૭૪ |

---------

**રાજ્યમાં સિંહોની વસતી ગણતરી**

૧૧૨૧ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સિંહોની છેલ્લી વસતી ગણતરી ક્યારે થયેલ,

(૨) તે પૈકી નર અને માદા સિંહોની સંખ્યા કેટલી હતી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લો વસતિ અંદાજ સને.૨૦૨૦માં (પૂનમ અવલોકન) હાથ ધરવામાં આવેલ હતો.

(૨) તે પૈકી નર અને માદા સિંહોની સંખ્યા નીચે વિગતે નોંધાયેલ છે.

| વર્ષ | સિંહ (નર) | સિંહણ (માદા) | બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦ | ૨૦૬ | ૩૦૯ | ૨૯ | ૧૩૦ | ૬૭૪ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુદરતી અને અકુદરતી રીતે કેટલા સિંહના મૃત્યુ નોંધાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુદરતી અને અકુદરતી રીતે થયેલ સિંહ મૃત્યુની વિગત નીચે મુજબ છે.

**કુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ (નર) | સિંહણ (માદા) | બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૧ | ૨૧ | ૭૧ | ૦ | ૧૨૩ |
| ૨૦૨૧-૨૨ | ૨૬ | ૩૩ | ૫૪ | ૦ | ૧૧૩ |
| ૨૦૨૨-૨૩ | ૧૬ | ૧૭ | ૫૫ | ૧ | ૮૯ |
| સને ૨૦૨૩નાં આંકડા તા.૩૧-૦૧-૨૩ની સ્થિતિએ છે. | | | | | |

**અકુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ (નર) | સિંહણ (માદા) | બચ્ચા | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦૨ | ૦૬ | ૦૬ | ૧૪ |
| ૨૦૨૧-૨૨ | ૦૪ | ૦૮ | ૦૪ | ૧૬ |
| ૨૦૨૨-૨૩ | ૦૪ | ૦૪ | ૦૩ | ૧૧ |
| સને ૨૦૨૩નાં આંકડા તા.૩૧-૦૧-૨૩ની સ્થિતિએ છે. | | | | |

(૪) સિંહોના અકુદરતી મૃત્યુ અટકાવવા શાં પગલાં લેવામાં આવ્યા?

(૪) સિંહોનાં અકુદરતી મૃત્યુ અટકાવવા માટે સરકારશ્રી દ્વારા નીચેના પગલા લેવામાં આવેલ છે.

૧. સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બીમારી/અકસ્માત વખતે તાત્કાલીક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂક કરવામાં આવેલ છે.
૨. વન વિભાગ દ્વારા સિંહોના અવર-જવરવાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રોની નિમણૂક કરવામાં આવેલ છે.
૩. વન્યપ્રાણીના રેસ્કયુ માટે રેપીડ એકશન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરી ટ્રેકર્સની નીમણૂક કરવામાં આવેલ છે.
૪. સાસણ, જામવાળા, જસાધાર, સકકરબાગ ઝૂ, જૂનાગઢ, સાત વીરડા, ક્રાંકચ, બાબરકોટ અને ઝાંઝરડા વિગેરે ખાતે વન્યપ્રાણી સારવાર કેન્દ્રોની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.
૫. અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.
૬. લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.
૭. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાનાં કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ધારા-૧૯૭૨ હેઠળ ગુન્હેગારોની સામે નામ. કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
૮. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે.
૯. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.
૧૦. ગીર બોર્ડર અને તેના આસપાસનાં રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પારાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.
૧૧. અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે.
૧૨. સકકરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કૉરેન્ટાઈન ઝોન બનાવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

૧૩. સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
૧૪. સાસણ ખાતે હાઈટેક મોનીટરિંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
૧૫. રાજુલા-પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુ-બાજુ ચેઈનલૉક ફેન્સિંગ કરવામાં આવેલ છે.
૧૬. કુલ-૪ ચેકિંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે.
૧૭. સકકરબાગ, દેવળીયા સફારી પાર્ક, આંબરડી સફારી પાર્ક તથા જીનપુલમાં વેક્સિનેશન કરવામાં આવે છે.

- - - - - - - - -

**અમદાવાદની કેન્સર હોસ્પિટલને નાણાકીય સહાય**

૧૦૮૮ **શ્રી અમીત શાહ** (એલીસબ્રીજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં કેન્સર હોસ્પિટલ, અમદાવાદને રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કેન્સર હોસ્પિટલ, અમદાવાદને રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છેઃ-

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૧૬૪૦૩.૦૧ લાખ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૧૭૪૬૦.૨૯ લાખ |

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન થયેલ ખર્ચ નીચે મુજબ છેઃ-

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૧૪૨૦૪.૭૮ લાખ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૧૬૫૨૧.૧૪ લાખ |

- - - - - - - - -

**પી.ડી.યુ. કોલેજ, રાજકોટનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૮૫ **ડૉ. દર્શીતા શાહ** (રાજકોટ પશ્ચિમ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પી.ડી.યુ. કોલેજ, રાજકોટનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૭૬ |
| વર્ગ-૨ | ૧૧૦ |
| વર્ગ-૩ | ૨૪૮ |
| વર્ગ-૪ | ૧૨૧ |
| **કુલ** | **૭૫૫** |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬૯ | ૧૦૭ |
| વર્ગ-૨ | ૫૧ | ૫૯ |
| વર્ગ-૩ | ૧૬૫ | ૮૩ |

| | | |
|---|---|---|
| વર્ગ-૪ | ૧૨૧ | ૦૦ |
| **કુલ** | **૫૦૬** | **૨૪૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

**ટંકારા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગ**

૧૦૯૭ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩મા મોરબી જિલ્લામાં ટંકારા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩.૯,૦૮,૦૦,૦૦૦/- ની વહીવટી મંજુરી તા.૨૬/૦૫/૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો**

૨૪૬ **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર વસતિના ધોરણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત છે ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ છે અને કેટલાની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટતાં કેન્દ્રો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

(૩) ભવિષ્યમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા વખતે ઘટ ધરાવતા તાલુકાઓમાં રજૂઆત ધ્યાને લેવામાં આવશે.

**પત્રક**

| જિલ્લા | તાલુકા | ૨૦૧૧ની ગ્રામ્ય વસતિ | વિસ્તાર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | જરૂરિયાત | ઉપલબ્ધ | વધ / ઘટ | જરૂરિયાત | ઉપલબ્ધ | વધ / ઘટ |
| જામનગર | ધ્રોળ | ૫૩૪૩૨ | ડી.પી.પી. | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| | જામજોધપુર | ૧૦૬૬૦૬ | | ૧ | ૧ | ૦ | ૫ | ૭ | ૨ વધ |
| | જામનગર | ૨૦૨૭૬૭ | | ૩ | ૩ | ૦ | ૧૦ | ૯ | ૧ ઘટ |
| | જોડીયા | ૬૩૩૪૯ | | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| | કાલાવાડ | ૧૧૧૪૧૫ | | ૧ | ૧ | ૦ | ૬ | ૬ | ૦ |
| | લાલપુર | ૧૨૨૪૪૪ | | ૨ | ૨ | ૦ | ૬ | ૬ | ૦ |
| **કુલ** | | | | **૯** | **૯** | **૦** | **૩૩** | **૩૪** | **૧ વધ** |
| દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ૯૯૧૬૨ | ડી.પી.પી. | ૫ | ૫ | ૦ | ૧ | ૧ | ૦ |
| | કલ્યાણપુર | ૧૭૬૨૫૬ | | ૯ | ૯ | ૦ | ૨ | ૨ | ૦ |
| | ખંભાળીયા | ૧૭૯૬૧૯ | | ૯ | ૬ | ૩ ઘટ | ૨ | ૨ | ૦ |
| | ઓખામંડળ | ૫૧૩૯૫ | | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **કુલ** | **૨૬** | **૨૩** | **૩ ઘટ** | **૬** | **૬** | **૦** |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૧૦૭૯ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૭૫૯ સબ સેન્ટર અને ૧૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૧૦૧૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૪૧૪ સબ સેન્ટર અને ૯૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.

4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

---------

**સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, જામનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૯૦ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૩ |
| વર્ગ-૨ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૫ |
| વર્ગ-૪ | ૧૨ |
| **કુલ** | **૩૦** |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૩ | ૦૦ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૧ | ૦૪ |
| વર્ગ-૪ | ૧૨ | ૦૦ |
| **કુલ** | **૨૬** | **૦૪** |

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચિકુનગુનિયાના કેસો**

૧૦૮૦ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધાંગધ્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ચિકુનગુનિયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ચિકુનગુનિયાના રોગને ફેલાવતો અટકાવવા માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ચિકુનગુનિયાના નોંધાયેલ કેસ નીચે મુજબ છે.

| વર્ષ | ચિકુનગુનિયાના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૨ |
| ૨૦૨૨ | ૨ |
| **કુલ** | **૧૪** |

(૨) ચિકુનગુનિયા નિયંત્રણ પગલા.-

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારના ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**અમરેલી જિલ્લામાં ''પી.એમ.જે.એ.વાય.મા'' યોજના**

૧૦૮૧ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના હેઠળ કેટલા અરજદારોના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લાના તમામ અરજદારોને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| નં. | વર્ષ | લાભાર્થીઓના દાવાઓ | દાવાની રકમ |
|---|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ | ૧૭,૬૧૪ | ૫૫,૬૦,૦૬,૫૯૮/- |
| ૨ | તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨ | ૨૮,૩૩૪ | ૮૯,૭૫,૯૬,૯૭૩/- |
| | **કુલ** | **૪૫,૯૪૮** | **૧,૪૫,૩૬,૦૩,૫૭૧/-** |

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લી.
(UTI-ITSL) એન.કોડ એજન્સી તેમજ કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્માન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૬૩ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૧ |
| વર્ગ-૨ | ૪૮ |
| વર્ગ-૩ | ૫૮૭ |
| વર્ગ-૪ | ૧૭૮ |
| **કુલ** | **૮૧૪** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર સર ટી. હોસ્પિટલ, ભાવનગરમાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૧ |
| વર્ગ-૨ | ૩૬ | ૧૨ |
| વર્ગ-૩ | ૫૩૯ | ૪૮ |
| વર્ગ-૪ | ૧૭૮ | ૦૦ |
| **કુલ** | **૭૫૩** | **૬૧** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**જસદણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૧૩ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) :**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬૩.૪૬ |
| ૨૦૨૨-૨૩ | ૮૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦૪.૭૦ |
| ૨૦૨૨-૨૩ | ૭૪.૨૨ |

---------

ફાલ્ગુન ૧૫, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં મલેરિયાના કેસો**

૧૦૬૫ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના નોંધાયેલા કેસ નીચે મુજબ છે.

| વર્ષ | મેલેરિયાના કેસો |
|---|---|
| ૨૦૨૧ | ૪ |
| ૨૦૨૨ | ૫ |
| **કુલ** | **૯** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરિયા અટકાવવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૨) મેલેરિયાના નિયંત્રણ પગલાઃ

- જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, પૂરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**રાજ્યના આરોગ્ય કેન્દ્રોમાં 'ટેલી મેડીસન' યંત્રણા**

૧૧૭૮ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં 'ટેલી મિડિસીન' યંત્રણા શરૂ કરવા શાં પગલા લેવામાં આવ્યા અને આ યોજનાને સંબંધિત વિગતો શી છે, અને

**જવાબ**

(૧) રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં 'ટેલી મિડીસીન' યંત્રણા શરૂ કરવા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

આ બાબતે મેડિકલ કોલેજ-૧૪, એઇમ્સ હોસ્પિટલ, રાજકોટ-૦૧, જયદીપ હોસ્પિટલ-૦૧, જી.સી.આર.આઈ. હોસ્પિટલ-૦૧, પી.એમ.સી.સી. ગાંધીનગર-૦૧ ખાતે રાજ્યકક્ષાના હબ સ્થાપિત કરવામાં આવેલ છે.

- ૧૪૭૫-પી.એચ.સી. અને ૩૦૫-યુ.પી.એચ.સી. હબ કમ સ્પોક તરીકે સ્થાપિત કરેલ છે.
- ૭ હજારથી વધુ પેટા આરોગ્ય કેન્દ્રો સ્પોક તરીકે સ્થાપિત કરેલ છે.

  ટેક્નોલોજીના માધ્યમથી અંતરના અવરોધને દૂર કરી છેવાડાના નાગિરકોને આરોગ્યલક્ષી સારવાર પૂરી પાડવી, આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવો અને આઉટ ઓફ પોકેટ ખર્ચ ઘટાડવો. તદપરાંત, ટેલીમેડીસીન પ્રોગ્રામ અંતર્ગત મોટી સંખ્યામાં જનસમુદાયને સ્પેશીયાલીસ્ટ સારવાર પૂરી પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદેશ્ય છે.

**પ્રશ્ન**

(૨) આ યંત્રણા ક્યારથી શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૨) આ યોજના માર્ચ ૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં આવેલા અભ્યારણ્ય / નેશનલ પાર્ક**

૧૦૩૬ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં વન્યપ્રાણીઓના રક્ષણ માટે કુલ કેટલા અભ્યારણ્ય / નેશનલ પાર્ક જાહેર થયેલ છે,

(૨) ઉક્ત અભ્યારણ્યો / નેશનલ પાર્ક કયા જિલ્લામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં વન્યપ્રાણીઓના રક્ષણ માટે કુલ-૨૩ અભ્યારણ્ય અને કુલ-૪ નેશનલ પાર્ક જાહેર થયેલ છે.

(૨) ઉક્ત અભ્યારણ્યો / નેશનલ પાર્કોની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **નેશનલ પાર્કો / અભ્યારણ્યોનું નામ** | **સંબંધિત જિલ્લાનું નામ** |
|---|---|---|
| ૧ | ગીર નેશનલ પાર્ક | જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ તથા સુરેન્દ્રનગર |
| ૨ | વેળાદર નેશનલ પાર્ક | ભાવનગર |
| ૩ | વાંસદા નેશનલ પાર્ક | વલસાડ |
| ૪ | મરીન નેશનલ પાર્ક | દેવભૂમિ દ્વારકા, મોરબી, જામનગર |
| ૧ | ગીર અભ્યારણ્ય | જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ તથા સુરેન્દ્રનગર |
| ૨ | મીતિયાળા અભ્યારણ્ય | |
| ૩ | પાણિયા અભ્યારણ્ય | |
| ૪ | નળસરોવર પક્ષી અભ્યારણ્ય | અમદાવાદ, સુરેન્દ્રનગર |
| ૫ | ઘુડખર અભ્યારણ્ય | કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી અને સુરેન્દ્રનગર |
| ૬ | જેસોર અભ્યારણ્ય | બનાસકાંઠા |
| ૭ | બરડા અભ્યારણ્ય | પોરબંદર અને દેવભૂમિ દ્વારકા |
| ૮ | હિંગોળગઢ અભ્યારણ્ય | રાજકોટ |
| ૯ | ખીજડિયા અભ્યારણ્ય | જામનગર |
| ૧૦ | મરીન અભ્યારણ્ય | દેવભૂમિ દ્વારકા, મોરબી, જામનગર |
| ૧૧ | શૂલપાણેશ્વર અભ્યારણ્ય | નર્મદા |
| ૧૨ | રતનમહાલ અભ્યારણ્ય | દાહોદ |
| ૧૩ | કચ્છ રણ અભ્યારણ્ય | કચ્છ |

| | | |
|---|---|---|
| ૧૪ | રામપરા અભ્યારણ્ય | મોરબી |
| ૧૫ | પોરબંદર પક્ષી અભ્યારણ્ય | પોરબંદર |
| ૧૬ | ગાગા અભ્યારણ્ય | દેવભૂમિ દ્વારકા |
| ૧૭ | થોળ અભ્યારણ્ય | મહેસાણા |
| ૧૮ | બાલારામ-અંબાજી અભ્યારણ્ય | બનાસકાંઠા |
| ૧૯ | પુર્ણા અભ્યારણ્ય | ડાંગ |
| ૨૦ | જાંબુઘોડા અભ્યારણ્ય | પંચમહાલ અને વડોદરા |
| ૨૧ | ધોરાડ અભ્યારણ્ય | કચ્છ |
| ૨૨ | નારાયણ સરોવર અભ્યારણ્ય | કચ્છ |
| ૨૩ | ગીરનાર અભ્યારણ્ય | જૂનાગઢ |

(૩) ઉક્ત અભ્યારણ્યો/નેશનલ પાર્કો કુલ કેટલા વિસ્તારમાં ફેલાયેલ છે ?

(૩) ઉક્ત ૪ નેશનલ પાર્કો ૪૮૦.૧૨ ચો.કિ.મી. અને ૨૩ અભ્યારણ્યો ૧૬૬૨૧.૦૩ ચો.કિ.મી. મળી કુલ ૧૭૧૦૧.૧૫ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલ છે.

---------

**સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૮૬ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૧ |
| વર્ગ-૨ | ૪૮ |
| વર્ગ-૩ | ૫૮૭ |
| વર્ગ-૪ | ૧૭૮ |
| **કુલ** | **૮૧૪** |

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર સર ટી. હોસ્પિટલ, ભાવનગરમાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૧ |
| વર્ગ-૨ | ૩૬ | ૧૨ |
| વર્ગ-૩ | ૫૩૯ | ૪૮ |
| વર્ગ-૪ | ૧૭૮ | ૦૦ |
| **કુલ** | **૭૫૩** | **૬૧** |

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના**

૧૦૬૮ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા લોકોને ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના હેઠળ કેટલા અરજદારોના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લાના તમામ અરજદારોને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧)

| અ. નં. | વર્ષ | લાભાર્થીઓના દાવાઓ | દાવાની રકમ |
|---|---|---|---|
| ૧ | તા઼.૦૧/૦૧/૨૧ થી ૩૧/૧૨/૨૧ | ૧૭,૬૧૪ | ૫૫,૬૦,૦૬,૫૯૮/- |
| ૨ | તા઼.૦૧/૦૧/૨૨ થી ૩૧/૧૨/૨૨ | ૨૮,૩૩૪ | ૮૯,૭૫,૯૬,૯૭૩/- |
| | **કુલ** | **૪૫,૯૪૮** | **૧,૪૫,૩૬,૦૩,૫૭૧/-** |

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લી. (UTI-ITSL) એન. કોડ એજન્સી તેમજ કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્માન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**જૂનાગઢ ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૦૯૮ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં જૂનાગઢ ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૯૯,૬૮,૩૨,૦૦૦/-ની વહીવટી મંજૂરી તા.૦૧-૦૬-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

---------

**રણ ઉત્સવમાં સરકારને રોયલ્ટીથી થયેલ આવક**

૧૦૫૪ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રણ ઉત્સવના માધ્યમથી રાજ્ય સરકારને રોયલ્ટી અને એન્ટ્રી ફી મારફતે કેટલી આવક થઈ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રણ ઉત્સવના માધ્યમથી રાજ્ય સરકારને રોયલ્ટી પેટે રૂ.૯૫૭.૯૪ લાખ તથા એન્ટ્રી ફી પેટે રૂ.૩,૯૩,૩૬,૪૦૦/-ની આવક થઈ છે.

---------

**તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૦૬૭ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લોકોને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૬૩૨૭ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૩૨૩૯ |
| **કુલ** | **૯૫૬૬** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૧,૨૬,૫૪,૦૦૦/- |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૬૪,૭૮,૦૦૦/- |
| **કુલ** | **૧,૯૧,૩૨,૦૦૦/-** |

---------

**ઉમરેઠ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૧૧૪ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૭.૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે લીમડો, પેલ્ટો, ગુલમહોર, કાસીદ, ગરમાળો, અર્જુન સાદડ, કરંજ, કણજી, દેશી બાવળ, લીમડા, નીલગીરી વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪.૩૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૦.૯૧ |

---------

**દાહોદ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૧૦૭૮ **શ્રી મહેશભાઈ ભુરિયા** (ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૪૧૪ સબ સેન્ટર અને ૯૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

૧. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
૨. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૩. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૪. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
૫. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
૬. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી.

સારવારનું વ્યવસ્થાપન.

૭. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.

૮. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.

૯. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.

૧૦. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.

૧૧. ઇમર્જન્સી તબીબી સેવાઓ.

૧૨. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

---------

**છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૧૨ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૫ |
| ૨૦૨૨-૨૩ | ૫૦૨ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૮.૮૮ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૦.૫૧ |

---------

**રાજ્યમાં પંચવટી વિકાસ કેન્દ્ર**

૧૦૩૫ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પંચવટી વિકાસ કેન્દ્ર બનાવવાનું ક્યારથી શરૂ કરવામાં આવ્યું,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા પંચવટી વિકાસ કેન્દ્રો બનાવવામાં આવેલ છે, અને

(૩) આ પંચવટી વિકાસ કેન્દ્રોમાં મુખ્યત્વે કેવી સુવિધાઓ ઊભી કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૭-૧૮ થી.

(૨)

| વર્ષ | પંચવટી વિકાસ કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૩ |
| ૨૦૨૨-૨૩ | ૦૧ |

(૩) આ પંચવટી વિકાસ કેન્દ્રમાં મુખ્યત્વે ઉજાણી ઘર, શ્રુંગારકક્ષ અને વરન્ડા, કીચન શેડ, શૌચાલય, પાણીની સગવડ, ફર્નીચરમાં ટેબલ, ખુરશી, ઉપકરણમાં સોલરલાઈટ, પંખા, રસોડાના સાધનો, સામૂહિક સગડી, ગેસ સિલિન્ડર, ફેન્સિંગ અને પ્રવેશ દ્વાર, બગીચા લોન

અને વૃક્ષ ઉછેર જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવે છે.

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં કેમ્પા યોજના**

૧૦૪૪ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ સને ૨૦૨૧-૨૨માં ૫૧૪.૦૦ હેક. અને ૨૦૨૨-૨૩માં ૨૫૦.૦૦ હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) વનીકરણની કામગીરી પાછળ સને ૨૦૨૧-૨૨માં રૂ.૯૦૫.૮૮ લાખ અને ૨૦૨૨-૨૩માં રૂ.૪૯૪.૮૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૧૧ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૩૫૭.૪૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૫૪.૧૪ |
| ૨૦૨૨-૨૩ | ૫૪૪.૯૯ |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેસો**

૧૦૬૪ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં સુરત જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) આ રોગને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૦૪

(૨) ૦૦

(૩) પત્રક-અ મુજબના પગલાં લેવામાં આવેલ છે.

**પત્રક-અ**

લેપ્ટોસ્પાઈરોસીસને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

- આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે આરોગ્ય કર્મચારીઓ મારફતે તેઓની ફેરણી દરમ્યાન ૧૫ જૂનથી લેપ્ટોસ્પાઈરોસીસના કેસોની સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓના સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ તમામ તાવના કેસોની બ્લડ સ્મીયર લઈ

જરૂરી સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

- ૧૫ વર્ષથી મોટી ઉંમરના તાવના કેસોને લેપ્ટોસ્પાઈરોસીસની સારવાર માટે ઉપયોગી એવી ડોક્ઝીસાયક્લીન કેપ્સુલ સાત દિવસ માટે આપવામાં આવેલ. સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના કેસોને તાકીદે ઈન્ડોર સારવાર હેઠળ આવરી લેવામાં આવેલ.
- વિનામૂલ્યે રેફરલ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ.
- લેપ્ટોસ્પાઈરોસીસના ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક લેબોરેટરી નિદાન અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ લેપ્ટોસ્પાઈરોસીસની રેપીડ ટેસ્ટ કીટ ઉપલબ્ધ કરાવવામાં આવેલ.
- આરોગ્ય કર્મચારીઓના સર્વેલન્સ દરમ્યાન જનસમુદાયમાં લેપ્ટોસ્પાઈરોસીસ સંબંધિત આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી સર્વેલન્સ દરમ્યાન જનસમુદાયની જૂથ ચર્ચા યોજી લેપ્ટોસ્પાઈરોસીસ સંબંધી જાગૃતિ અર્થે ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા.
- લેપ્ટોસ્પાઈરોસીસના કેસોની સઘન સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સુરત મુકામે અલાયદો વોર્ડ ઊભો કરવામાં આવેલ અને તજજ્ઞ તબીબી સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

- - - - - - - - -

**ખંભાત તાલુકા / શહેરમાં બ્લડ બેંકો**

૮૪૪ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત શહેર / તાલુકામાં કેટલી અને ક્યાં સરકારી અને ખાનગી બ્લડ બેંકો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બ્લડ બેંકો પૈકી કેટલી બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત બંધ બ્લડ બેંકો ક્યાં સુધી કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખંભાત શહેર / તાલુકામાં હાલમાં એક પણ બ્લડ બેંક નથી.

(૨) અને (૩) એકપણ બ્લડ બેંક ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૦૭૩ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લોકોને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ | ૬૩૨૭ |

| | |
|---|---|
| થી<br>તા.૩૧/૧૨/૨૦૨૧ | |
| તા.૦૧/૦૧/૨૦૨૨<br>થી<br>તા.૩૧/૧૨/૨૦૨૨ | ૩૨૩૯ |
| **કુલ** | **૯૫૬૬** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ઼ા.** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી<br>તા.૩૧/૧૨/૨૦૨૧ | ૧,૨૬,૫૪,૦૦૦/- |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી<br>તા.૩૧/૧૨/૨૦૨૨ | ૬૪,૭૮,૦૦૦/- |
| **કુલ** | **૧,૯૧,૩૨,૦૦૦/-** |

---------

## રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોનું સંવર્ગવાર મંજૂર મહેકમ

૯૮૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ઈજનેરી કોલેજો આવેલી છે, | (૧) ૧૬ |
| (૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ. |
| (૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૩) રાજીનામું, વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, અન્ય નોકરીમાં જવું, બઢતી મળવી, અવસાન થવું વગેરે કારણોસર. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ. |

**પત્રક-૧**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **વર્ગ-૧** | | | **વર્ગ-૨** | | | **વર્ગ-૩** | | | **વર્ગ-૪** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
| ૧ | સરકારી ઈજનેરી કોલેજ, ભરૂચ | ૩૮ | ૭ | ૩૧ | ૯૨ | ૮૨ | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૪ | ૦ | ૪ |
| ૨ | સરકારી ઈજનેરી કોલેજ, ભાવનગર | ૨૨ | ૭ | ૧૫ | ૭૯ | ૬૭ | ૧૨ | ૧૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૩ | સરકારી ઈજનેરી કોલેજ, ભુજ | ૨૩ | ૬ | ૧૭ | ૭૨ | ૪૬ | ૨૬ | ૧૦ | ૫ | ૫ | ૬ | ૪ | ૨ |
| ૪ | સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ | ૧૯ | ૯ | ૧૦ | ૫૬ | ૫૩ | ૩ | ૧૮ | ૬ | ૧૨ | ૫ | ૨ | ૩ |
| ૫ | સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર | ૩૫ | ૧૨ | ૨૩ | ૧૧૩ | ૧૦૭ | ૬ | ૨૧ | ૯ | ૧૨ | ૨ | ૧ | ૧ |
| ૬ | સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા | ૮ | ૨ | ૬ | ૨૮ | ૪૪ | -૧૬ | ૧૪ | ૮ | ૬ | ૨ | ૨ | ૦ |
| ૭ | સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા | ૩૭ | ૧૭ | ૨૦ | ૧૨૭ | ૮૨ | ૪૫ | ૩૨ | ૧૦ | ૨૨ | ૧૩ | ૪ | ૯ |
| ૮ | સરકારી ઈજનેરી કોલેજ, પાલનપુર | ૧૦ | ૩ | ૭ | ૩૭ | ૩૭ | ૦ | ૧૨ | ૮ | ૪ | ૬ | ૧ | ૫ |
| ૯ | સરકારી ઈજનેરી કોલેજ, પાટણ | ૨૭ | ૬ | ૨૧ | ૮૩ | ૫૬ | ૨૭ | ૯ | ૮ | ૧ | ૫ | ૧ | ૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ | ૩૬ | ૧૩ | ૨૩ | ૧૧૧ | ૮૯ | ૨૨ | ૧૮ | ૧૦ | ૮ | ૧૦ | ૩ | ૭ |
| ૧૧ | સરકારી ઈજનેરી કોલેજ, સુરત | ૨૧ | ૮ | ૧૩ | ૫૦ | ૪૮ | ૨ | ૧૨ | ૭ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ | ૨૮ | ૫ | ૨૩ | ૭૫ | ૬૯ | ૬ | ૧૫ | ૪ | ૧૧ | ૫ | ૧ | ૪ |
| ૧૩ | એલ.ડી. ઈજનેરી કોલેજ, અમદાવાદ | ૯૮ | ૬૩ | ૩૫ | ૨૨૦ | ૨૧૫ | ૫ | ૧૨૩ | ૩૪ | ૮૯ | ૯૬ | ૧૪ | ૮૨ |
| ૧૪ | એલ. ઈ. કોલેજ, મોરબી | ૪૩ | ૧૧ | ૩૨ | ૯૪ | ૭૩ | ૨૧ | ૯૯ | ૧૮ | ૮૧ | ૮૧ | ૨૩ | ૫૮ |
| ૧૫ | શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજ, ભાવનગર | ૩૫ | ૧૯ | ૧૬ | ૯૦ | ૭૯ | ૧૧ | ૩૬ | ૧૪ | ૨૨ | ૧૭ | ૫ | ૧૨ |
| ૧૬ | વી.જી.ઈ.સી., ચાંદખેડા | ૫૪ | ૩૪ | ૨૦ | ૧૪૦ | ૧૩૧ | ૯ | ૩૬ | ૧૮ | ૧૮ | ૬ | ૪ | ૨ |
| | અન્ય | ૦ | ૪ | -૪ | | | | | | | | | |
| | | **૫૩૪** | **૨૨૬** | **૩૦૮** | **૧૪૬૭** | **૧૨૭૮** | **૧૮૯** | **૪૭૮** | **૧૬૮** | **૩૧૦** | **૨૬૫** | **૬૮** | **૧૯૭** |

૧ અધિકારી આચાર્ય એમ.સી.એ. કોલેજ મણીનગર અને ૩ અધિકારી વડી કચેરી, ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે.

- - - - - - - - -

**ગીરનાર પર્વત પર પ્રવાસીઓના વધેલા ભારણને દૂર કરવાના પગલાં**

૧૦૩૮ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરનાર પર્વત ઉપર પ્રવાસીઓનાં વધેલા ભારણમાં ઘટાડો કરવા સરકાર દ્વારા કોઈ પગલાં કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. પરંતુ ગીરનાર પર્વત ઉપર આવેલ વનોની ઉપર ભારણ ઘટાડવા રાજ્ય સરકરશ્રી દ્વારા સુર્યોદયથી સુર્યાસ્ત સુધી જ રોપવેમાં પ્રવાસીઓની અવરજવર કરવા દેવામાં આવે છે. |
| (૨) જો હા તો, ક્યાં પ્રકારના પગલાં લેવામાં આવેલા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં આવેલી વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૧૦૭ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલી વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો આવેલી છે, અને | (૧) ૦૧ (એક). |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે ? | (૨) |

| વર્ષ | સરકારી કોલેજ | કુલ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૧ | ૧ |
| **કુલ** | **૧** | **૧** |

- - - - - - - - -

**રાજ્યમાં જળવાયુ પરિવર્તન માટે કમિટીની રચના**

૭૧૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભારત સરકારના પર્યાવરણ વન જળવાયુ પરિવર્તન વિભાગ હેઠળ તા.૦૯-૧૧-૨૦૨૧ના જાહેરનામા અંતર્ગત જમીનનો ઉપયોગ, પ્રાકૃતિક જળસ્ત્રોત, પર્યટન નૈસર્ગિક તથા માનવીય વન્યજીવો, અભયારણ્ય વિરાસત બાબતોના અમલીકરણ સારૂ રાજ્ય સરકારની કમિટીની રચના કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો કરેલ હોય તો કમિટીના સભ્યોની યાદી અને તેઓના હોદ્દા ક્યા છે ?

(૧) હા, જી. તા.૦૯-૧૧-૨૦૨૧ના ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન વિભાગના જાહેરનામામાં બાલારામ-અંબાજી અભયારણ્યના ઈકો સેન્સેટીવ ઝોન વિસ્તારમાં પ્રવૃતિઓના નિયમન બાબતે મોનીટરીંગ કમિટીની રચના કરેલ છે.

(૨) જાહેરનામામાં નિયુક્ત થયેલ કમિટીના સભ્યોની યાદી અને તેઓના હોદ્દાઓ નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી, બનાસકાંઠા, પાલનપુર | ચેરમેન |
| ૨ | પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી બિનસરકારી સંસ્થાના પ્રતિનિધિ અને જાણીતા પક્ષીઓ/વન્યજીવ નિષ્ણાતો (પક્ષી નિરીક્ષક) રાજ્ય સરકાર દ્વારા નામાંકિત કરવામાં આવશે. | સભ્ય (નામાંકિતની કાર્યવાહી ગતિમાં છે.) |
| ૩ | ઈકોલોજી અને પર્યાવરણ ક્ષેત્રના નિષ્ણાત | સભ્ય (નામાંકિતની કાર્યવાહી ગતિમાં છે.) |
| ૪ | ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના પ્રતિનિધિ | સભ્ય |
| ૫ | રીઝીઓનલ ઓફિસર (બનાસકાંઠા-પાલનપુર) ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ | સભ્ય |
| ૬ | રાજ્ય જૈવ વિવિધતા બોર્ડના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | નાયબ વન સંરક્ષકશ્રી, બનાસકાંઠા-પાલનપુર. | સભ્ય સચિવ |

- - - - - - - - -

**સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૨૭ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૧ |
| વર્ગ-૨ | ૪૮ |
| વર્ગ-૩ | ૫૮૭ |
| વર્ગ-૪ | ૧૭૮ |
| **કુલ** | **૮૧૪** |

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર સર ટી. હોસ્પિટલ, ભાવનગરમાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૧ |
| વર્ગ-૨ | ૩૬ | ૧૨ |

| | | |
|---|---|---|
| વર્ગ-૩ | ૫૩૯ | ૪૮ |
| વર્ગ-૪ | ૧૭૮ | ૦૦ |
| **કુલ** | **૭૫૩** | **૬૧** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં આવેલી સરકારી કોલેજો**

૧૧૦૬ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલી સરકારી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ૦૫ (પાંચ).

(૨)

| વર્ષ | સરકારી કોલેજ | કુલ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૧ | ૧ |
| **કુલ** | **૧** | **૧** |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના**

૧૦૭૨ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા લોકોને ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ તમામ અરજદારોને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| અનુ.નં. | સમયગાળો | આપેલ આયુષ્યમાન કાર્ડની વિગત |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૧ થી તા.૩૧/૧૨/૨૧ | ૨,૬૬,૭૫૦ |
| ૨ | તા.૦૧/૦૧/૨૨ થી તા.૩૧/૧૨/૨૨ | ૨,૩૭,૧૯૬ |
| | **કુલ** | **૫,૦૩,૯૪૬** |

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લી. (UTI-ITSL)
એન. કોડ એજન્સી તેમજ કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્માન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**સાવલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૧૧૫ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૨૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૬૯૧૧ |

(૨) તેમાં મુખ્યત્વે પેલ્ટોફોરમ, કાયજેલીયા, કણજી, શીશુ, વડ, ખાટી આંબલી, જાંબુ, બોગનવેલ, લીમડા, નીલગીરી, રાયણ વિગેરેના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૩.૮૬ |
| ૨૦૨૨-૨૩ | ૩૪.૩૫ |

- - - - - - - - -

**દેડીયાપાડા ખાતે સબડિસ્ટ્રિક્ટ હેલ્થ સેન્ટર**

૩૮ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી દેડીયાપાડા ખાતે સબ ડિસ્ટ્રીકટ હેલ્થ સેન્ટરનું મકાન તૈયાર છે, જે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ લોકાર્પણ ન થવાના કારણો શાં છે, અને

(૩) ઉક્ત હેલ્થ સેન્ટરના મકાનનું લોકાર્પણ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) નવા સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ દેડીયાપાડાના બિલ્ડિંગ માટે જરૂરી વીજ હાઈટેશન લાઈટનું કનેકશન (H T Connection) તા. ૧૧-૦૨-૨૦૨૨ ના રોજ DGVCL દ્વારા આપવામાં આવેલ છે.
(૨) નવા બિલ્ડિંગમાં લીફ્ટ વપરાશ માટેનું લાઈસન્સ તા.૧૯-૧૦-૨૦૨૨ના રોજ મળેલ છે.
(૩) વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતા આચાર-સંહિતા લાગુ પડેલ. જેના કારણે બિલ્ડિંગનું લોકાર્પણ થઈ શકેલ ન હતું.

(૩) બનતી ત્વરાએ.

- - - - - - - - -

**જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૮૨ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કુલ-૪૫૫ છે. ( પત્રક સામેલ છે.)

(૨) કુલ-૩૩૫ જગ્યાઓ ભરાયેલી છે. ( પત્રક સામેલ છે.)

(૩) કુલ-૧૨૦ જગ્યાઓ ખાલી છે. ( પત્રક સામેલ છે.)

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**ઘરોઈ ડેમથી અંબાજી સુધીનો પટ્ટાનો ઈકોટુરીઝમ તરીકે વિકાસ**

૧૧૧૯ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે ઘરોઈ ડેમથી અંબાજી સુધીનો પટ્ટો ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાની જાહેરાત સરકારે કરી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઈકો ટુરીઝમ પ્રોજેક્ટનો રોડ મેપ શું છે, અને

(૩) તેમાં કેટલુ બજેટ ફળવાયું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૪-૦૨-૨૦૨૩ના રોજ માન.નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર પ્રવચનમાં આ અંગેની જાહેરાત કરવામાં આવેલ છે.

(૩) તેમાં રૂ.૩૦૦/- કરોડ બજેટ ફાળવણી પ્રસ્તાવિત છે.

**વઢવાણ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૦૪૨ **શ્રી પરસોત્તમભાઈ પરમાર** (દસાડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૫.૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે કલોનલ નીલગીરી, દેશી બાવળ, પેલ્ટોફોર્મ, બોરસલી, કાસીદ, કણજી, લીમડો, ખાટી આંબલી, ગુલમહોર, ગોરસ આંબલી, સેવન, ગરમાળો, રાયણના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪.૧૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૮.૭૧ |

---------

**પી.ડી.યુ. કોલેજ, રાજકોટનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૬૨ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પી.ડી.યુ. કોલેજ, રાજકોટનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૭૬ |
| વર્ગ-૨ | ૧૧૦ |
| વર્ગ-૩ | ૨૪૮ |
| વર્ગ-૪ | ૧૨૧ |
| **કુલ** | **૭૫૫** |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬૯ | ૧૦૭ |
| વર્ગ-૨ | ૫૧ | ૫૯ |

| | | |
|---|---|---|
| વર્ગ-૩ | ૧૬૫ | ૮૩ |
| વર્ગ-૪ | ૧૨૧ | ૦૦ |
| **કુલ** | **૫૦૬** | **૨૪૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

## રાજ્યની આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં શૈક્ષણીક મંજૂરીઓ

૧૧૨૪ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમની સરકારી અને ગ્રાન્ટેડ સહિતની કુલ-૬૫ કોલેજોને વર્ષ ૨૦૨૨-૨૩ વર્ષ માટે મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) જો હજુ સુધી મંજૂરી ન અપાઈ હોય તો કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આયુર્વેદ કોલેજોના અભ્યાસક્રમની મંજૂરી દરવર્ષે NCISM, નવી દિલ્હી દ્વારા અને હોમીયોપેથી કોલેજોના અભ્યાસક્રમની મંજૂરી દરવર્ષે NCH, નવી દિલ્હી દ્વારા આપવામાં આવે છે. ( પત્રક સામેલ છે.)

(૨) ૦૨ સેલ્ફ ફાઈનાન્સ હોમીયોપેથી કોલેજને NCH, નવી દિલ્હી દ્વારા મંજૂરી આપવામાં આવેલ નથી.

પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

## ભરૂચ જિલ્લામાં કેમ્પા યોજના

૧૦૪૩ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ સને ૨૦૨૧-૨૨માં ૨૯૪.૦૦ હેક. અને ૨૦૨૨-૨૩માં ૪૭૬.૦૦ હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) વનીકરણની કામગીરી પાછળ સને ૨૦૨૧-૨૨માં રૂ.૨૩૫.૫૯ લાખ અને ૨૦૨૨-૨૩માં રૂ.૨૬૮.૫૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

## ખેડા જિલ્લામાં મલેરિયાના કેસો

૧૦૭૭ **શ્રી કલ્પેશભાઈ પરમાર** (માતર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા અને

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરિયા અટકાવવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના નોંધાયેલ કેસ નીચે મુજબ છે.

| વર્ષ | મેલેરિયાના કેસો |
|---|---|
| ૨૦૨૧ | ૪ |
| ૨૦૨૨ | ૫ |
| કુલ | ૯ |

(૨) **મેલેરિયા નિયંત્રણ પગલાઃ**
જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ, કામગીરી, ફોગીંગ કામગીરી, પૂરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં નદી કિનારાઓને રિવરફ્રન્ટ તરીકે વિકસાવવાનું આયોજન**

૧૦૫૬ **શ્રી ભગવાનજીભાઈ કટગટીયા** (માંગરોળ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં આવેલ જુદી જુદી નદી કિનારાઓને રીવરફ્રન્ટ તરીકે વિકસાવવા અંગેની કામગીરીનું રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કઈ નદીઓનો સમાવેશ થાય છે, અને | (૨) ખારો નદી, મધુવંતી નદી તથા ઓજત નદી. |
| (૩) ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૩,૭૫,૫૧,૭૦૯/- |

---------

**દેવગઢ બારીઆ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૧૧૦ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
| --- | --- |
| ૨૦૨૧-૨૨ | ૨૪૧ |
| ૨૦૨૨-૨૩ | ૪૩૭ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
| --- | --- |
| ૨૦૨૧-૨૨ | ૨૦૯.૭૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૪૭.૭૮ |

---------

**સુરત જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેસો**

૧૦૭૪ **શ્રી સંદીપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં સુરત જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, | (૧) ૦૪. |
| (૨) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) ૦૦ |
| (૩) આ રોગને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? | (૩) પત્રક-અ મુજબના પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક-અ**

લેપ્ટોસ્પાઈરોસીસને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

- આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે આરોગ્ય કર્મચારીઓ મારફતે તેઓની ફેરણી દરમ્યાન ૧૫ જૂનથી લેપ્ટોસ્પાઈરોસીસના કેસોની સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓના સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ તમામ તાવના કેસોની બ્લડ સ્મીયર લઈ જરૂરી સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
- ૧૫ વર્ષથી મોટી ઉંમરના તાવના કેસોને લેપ્ટોસ્પાઈરોસીસની સારવાર માટે ઉપયોગી એવી

ડોક્ઝીસાયક્લીન કેપ્સુલ સાત દિવસ માટે આપવામાં આવેલ. સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના કેસોને તાકીદે ઈન્ડોર સારવાર હેઠળ આવરી લેવામાં આવેલ.

- વિનામૂલ્યે રેફરલ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ.
- લેપ્ટોસ્પાઈરોસીસના ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક લેબોરેટરી નિદાન અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ લેપ્ટોસ્પાઈરોસીસની રેપીડ ટેસ્ટ કીટ ઉપલબ્ધ કરાવવામાં આવેલ.
- આરોગ્ય કર્મચારીઓના સર્વેલન્સ દરમ્યાન જનસમુદાયમાં લેપ્ટોસ્પાઈરોસીસ સંબંધિત આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી. સર્વેલન્સ દરમ્યાન જનસમુદાયની જૂથ ચર્ચા યોજી લેપ્ટોસ્પાઈરોસીસ સંબંધી જાગૃતિ અર્થે ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા.
- લેપ્ટોસ્પાઈરોસીસના કેસોની સઘન સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સુરત મુકામે અલાયદો વોર્ડ ઊભો કરવામાં આવેલ અને તજજ્ઞ તબીબી સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

- - - - - - - - -

**વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૦૪૧ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૪.૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સરસ, પેલ્ટોફોર્મ વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬.૭૭ |
| ૨૦૨૨-૨૩ | ૨૭.૩૪ |

- - - - - - - - -

**રાજ્યમાં એમબીબીએસ કોલેજોમાં ફીનું ધોરણ**

૨૪૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં

**જવાબ**

(૧)

ફીનું ધોરણ શું છે,

| | ગર્વમેન્ટ ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | એન.આર.આઈ. ક્વોટા |
|---|---|---|---|
| સરકારી | રૂ.૨૫,૦૦૦/ - વાર્ષિક | - | - |
| ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજો | રૂ.૩,૩૦,૦૦૦/ - વાર્ષિક | રૂ.૯,૦૭,૫૦૦/ - વાર્ષિક | $ ૨૨,૦૦૦ (યુ.એસ. ડોલર) અથવા સમકક્ષ વિદેશી ચલણ વાર્ષિક |
| ખાનગી | પત્રક-૧ સામેલ છે. | | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીમાં કેટલો વધારો-ઘટાડો કરવામાં આવ્યો, અને

(૨)
- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં કોઈ ફી વધારો-ઘટાડો કરવામાં આવેલ નથી.
- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોની ફીમાં ૧૦%નો વધારો કરવામાં આવ્યો.

| કેટેગરી | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વધારેલ રકમ |
|---|---|---|---|
| ગર્વમેન્ટ ક્વોટા | રૂ.૩,૦૦,૦૦૦/ - | રૂ.૩,૩૦,૦૦૦/ - | રૂ.૩૦,૦૦૦/ - |
| મેનેજમેન્ટ ક્વોટા | રૂ.૮,૨૫,૦૦૦/ - | રૂ.૯,૦૭,૫૦૦/ - | રૂ.૮૨,૫૦૦/ - |
| એન.આર.આઈ. ક્વોટા | યુ.એસ. $ ૨૦,૦૦૦ | યુ.એસ. $ ૨૨,૦૦૦ | યુ.એસ. $ ૨૦૦૦ |

(૩) ઉક્ત ફીના ધોરણોમાં વધારો કરવાના કારણો શાં છે ?

(૩) છ વર્ષમાં ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોની ફીમાં કોઈ વધારો કરેલ ન હતો જેથી પ્રવર્તમાન પરિસ્થિતિ અને સંસ્થાના વિકાસ માટે ફી વધારો કરવાની જરૂરિયાત ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ફી વધારો કરવામાં આવેલ છે.

**પત્રક ૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| | સુરેન્દ્રનગર | | | | | | |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડો. એમ.કે.શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડો. | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| | એન.ડી.દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | | | | | | |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર, | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ,ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

---------

**અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલ ચાલુ કરવા બાબત**

૬૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરના રાયખડ ખાતે આવેલા જયશંકર સુંદરી હોલ (નાટકીયગૃહ) બંધ હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત નાટકીય ગૃહ બંધ હાલતમાં રહેવાના કારણો શાં છે, અને | (૨) જયશંકર સુંદરી નાટ્યગૃહના પેસેજમાં ફોલ્સ સીલીંગનો અમુક ભાગ તૂટી પડવાથી સલામતીના કારણોસર નાટ્યગૃહ બંધ કરવામાં આવેલ છે. |
| (૩) આ નાટકીય ગૃહને શરૂ કરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૩) આ નાટ્યગૃહને શરૂ કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે. |

---------

**ભરૂચ અને વલસાડમાં પ્રદૂષણની રજૂઆતો / ફરિયાદો**

૧૧૨૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ અને વલસાડ જિલ્લામાં છેલ્લા ૨ (બે) વર્ષમાં હવા, પાણી અને જમીનના પ્રદૂષણ સંદર્ભે કેટલી રજૂઆતો / ફરિયાદો જિલ્લાવાર મળી,

(૨) ઉક્ત સ્થિતિએ રજૂઆતો / ફરિયાદો સંદર્ભે શું શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કોની કોની સામે કયા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **મળેલ રજૂઆતો / ફરિયાદોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૯૭ |
| ૨ | વલસાડ | ૨૫૫ |
| | **કુલ** | **૫૫૨** |

(૨) રજૂઆતો / ફરિયાદો સંદર્ભે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કસુરવાર એકમોને કારણદર્શક નોટિસ, નોટિસ ઓફ ડાયરેક્શન, ક્લોઝર નોટિસ અને લીગલ નોટિસ પાઠવવામાં આવેલ

(૩)

| **ક્રમ** | **કાર્યવાહી** | **ભરૂચ** | **વલસાડ** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | કારણદર્શક નોટિસ | ૮૪ | ૬૪ | ૧૪૮ |
| ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન | ૩૪ | ૨૮ | ૬૨ |
| ૩ | ક્લોઝર નોટિસ | ૧૧ | ૧૩ | ૨૪ |
| ૪ | લીગલ નોટિસ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | દફતરે | ૧૨૪ | ૧૪૮ | ૨૭૨ |
| ૬ | કાર્યવાહી હેઠળ | ૪૬ | ૦૨ | ૪૮ |
| | **કુલ** | **૩૦૦** | **૨૫૫** | **૫૫૫** |

**જામનગર જિલ્લામાં પ્રવાસન વિકાસની કામગીરી**

૨૪૭ **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર પ્રવાસન સ્થળ તરીકે કયા સ્થળોને વિકસાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩)ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના શ્રી ઉમિયા માતાજી મંદિર, સિદસર ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવવા પ્રથમ તબક્કે મંજૂર કરેલ રૂ.૭૨૫.૦૦ લાખ સામે કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખંભાત તાલુકાના ગામોમાં આરોગ્ય કેન્દ્રોનો અભાવ**

૧૧૨૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ

**જવાબ**

(૧)

જિલ્લામાં ખંભાત તાલુકામાં વસતિના ધોરણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે, અને

| જિલ્લા | આણંદ | |
|---|---|---|
| તાલુકા | ખંભાત | |
| ૨૦૧૧ની ગ્રામ્ય વસતિ | ૧૮૬૫૧૫ | |
| વિસ્તાર | સામાન્ય | |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | જરૂરિયાત | ૬ |
| | ઉપલબ્ધ | ૯ |
| | વધ / ઘટ | ૩ વધ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | જરૂરિયાત | ૨ |
| | ઉપલબ્ધ | ૨ |
| | વધ / ઘટ | ૦ |

(૨) તેના નિવારણ હેતુ છેલ્લા એક વર્ષમાં શાં પગલા લેવામાં આવ્યા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજોમાં બેઠકો**

૯૮૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલી અને કેટલી બેઠકો ખાલી રહેલ છે, અને

**જવાબ**

(૧) કુલ-૬૯૪૧૦

(૨)

| વર્ષ | સરકારી | | અનુદાનિત | | સ્વનિર્ભર | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૭૧૫૦ | ૧૯૩૬ | ૧૪૩૭ | ૧૩૫ | ૨૬૯૧૨ | ૨૮૭૫૮ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૫૩ | ૪૮૮૬ | ૧૧૬૯ | ૪૦૩ | ૨૩૯૨૮ | ૩૪૦૭૧ |
| **કુલ** | **૧૨૧૦૩** | **૬૮૨૨** | **૨૬૦૬** | **૫૩૮** | **૫૦૮૪૦** | **૬૨૮૨૯** |

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના કારણો શા છે ?

(૩) ઉપલબ્ધ બેઠકોની સામે પ્રવેશપાત્ર લાયકાત ધરાવતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના કારણે

- - - - - - - - -

**ભરૂચ અને સુરત જિલ્લામાં એન્વાયરમેંન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ બાબત**

૭૧૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં એન્વાયરમેંન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ અંગે કેટલી કંપનીઓની તપાસ કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કંપનીઓ એન્વાયરમેંન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ, અને

(૩)આ કંપનીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં બોર્ડ દ્વારા વિવિધ સંદર્ભે/વિષય અન્વયે કુલ ૭૭૮૯ ઉદ્યોગોની તપાસ કરવામાં આવી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ ૩ (ત્રણ) કંપનીઓ તપાસ દરમિયાન એન્વાયરમેંન્ટ કલીયરન્સ સર્ટિફિકેટની આવશ્યકતા હોવા છતા તે વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ.

(૩) આ કંપનીઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કલોઝર ડાયરેક્શન, નોટિસ ઓફ ડાયરેક્શન અને લીગલ નોટિસ પાઠવવામાં આવેલ.

---------

**કેવડિયા વન વિભાગ માટે નાણાકીય જોગવાઇ**

૩૯ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના કેવડિયા વન વિભાગને રાજ્ય સરકાર દ્વારા કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે, અને | (૧) ના, જી. રાજ્ય સરકારશ્રી દ્વારા કેવડિયા વન વિભાગને કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવતી નથી. પરંતુ સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નસ ઓથોરિટીને રાજ્ય સરકારશ્રી દ્વારા સહાયક અનુદાન તરીકે નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ અને વડોદરા શહેરની સરકારી ઇજનેરી કોલેજમાં બેઠકો**

૧૧૧૭ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા શહેરમાં આવેલ સરકારી ઇજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓ માટેની કેટલી બેઠકો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ છે ?

**જવાબ**

(૧)

| શહેર | બેઠકોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૭૩૯ |
| વડોદરા | ૦ |

(૨)

| શહેર | વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૨૬૩ |
| વડોદરા | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ભરતી પ્રક્રિયા**

૮૪૩ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જી.પી.એસ.સી. એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક ૨૦૯/૨૦૦૯/૧૦ વન વિભાગની રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયા આજે ૧૩ વર્ષ પછી પણ પૂર્ણ થયેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) તેમાં પસંદ પામેલ ૬ મહિલા ઉમેદવારો પૈકી કેટલી મહિલાઓને નોકરીના હુકમો ઉક્ત સ્થિતિએ અપાયેલ નથી, અને | (૨) જાહેરાત ક્રમાંક-૨૦૯/૨૦૦૯/૧૦ વન વિભાગની રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતીમાં પસંદ પામેલી ૦૬ મહિલા ઉમેદવારો પૈકી ૦૨ મહિલા ઉમેદવારો અનુસુચિત જન જાતિ કેટેગરીની હતી. જેમાંથી ૦૧ મહિલાને વન અને પર્યાવરણ વિભાગના તા. ૩૦-૦૮-૨૦૨૨ ના હુકમથી નિમણૂક આપવામાં આવેલ છે, જ્યારે એક અનુસુચિત જન જાતિની મહિલા ઉમેદવાર નિમણૂક માટે હાજર થયેલ ન હોઇ, તેઓની નિમણૂકની વિચારણા કરવાની રહેતી નથી. તથા બાકી રહેલી ૪ SEBC મહિલા ઉમેદવારોને નિમણૂક સંબંધિત કાર્યવાહી હાલમાં ચાલુ છે. |

(૩) કેટલા સમયાં હુકમો કરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે નિમણૂક અંગે નિર્ણય લેવામાં આવશે.

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો**

૨૪૫ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો કાર્યરત છે ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૬ (છ) સરકારી મેડિકલ કોલેજ, ૨૯ (ઓગણત્રીસ) ખાનગી મેડિકલ કોલેજ (૧૩- GMERS મેડિકલ કોલેજ, ૩-મ્યુનિસિપાલિટી સંચાલિત મેડિકલ કોલેજ અને ૧૩-ખાનગી મેડિકલ કોલેજ), અનુદાનિત-૦૦ (શૂન્ય) અને રાજકોટ ખાતે ભારત સરકારશ્રી સંચાલિત ૧ (એક) AIIMS મેડિકલ કોલેજ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ છે.

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |
| સરકારી | ૦૦ | ૦૦ |
| જીએમઇઆરએસ | ૦૦ | ૦૫ |
| ખાનગી | ૦૧ | ૦૦ |
| અનુદાનિત | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટોમાં વધારો થયેલ છે-

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |
| સરકારી | ૦૦ | ૦૦ |
| જીએમઇઆરએસ | ૦૦ | ૫૦૦ |
| ખાનગી | ૧૫૦ | ૦૦ |
| અનુદાનિત | ૦૦ | ૦૦ |
| એઇમ્સ | ૫૦ | ૦૦ |

- - - - - - - - -

**રાજ્યની ઇજનેરી કોલેજોમાં બેઠકો**

૯૮૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ રાજ્યમાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઇજનેરી કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે ,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) **ડિગ્રી ઇજનેરી સંસ્થાઃ-**
કુલ – ૬૯૪૧૦
**પોલીટિકનિક સંસ્થાઃ-**
કુલ – ૬૮૧૬૧

(૨) **ડિગ્રી ઇજનેરી કોલેજોઃ-**

વર્ષવાર સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલી અને કેટલી બેઠકો ખાલી રહેલ છે, અને

| વર્ષ | સરકારી બેઠકો | | અનુદાનિત બેઠકો | | સ્વનિર્ભર બેઠકો | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૭૧૫૦ | ૧૯૩૬ | ૧૪૩૭ | ૧૩૫ | ૨૬૯૧૨ | ૨૮૭૫૮ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૫૩ | ૪૮૮૬ | ૧૧૬૯ | ૪૦૩ | ૨૩૯૨૮ | ૩૪૦૭૧ |
| **કુલ** | **૧૨૧૦૩** | **૬૮૨૨** | **૨૬૦૬** | **૫૩૮** | **૫૦૮૪૦** | **૬૨૮૨૯** |

**પોલીટિકનીક સંસ્થાઓ-**

| વર્ષ | સરકારી બેઠકો | | અનુદાનિત બેઠકો | | સ્વનિર્ભર બેઠકો | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૧૪૦૫૬ | ૫૧૧૦ | ૧૪૭૦ | ૪૫ | ૨૫૬૩૪ | ૨૦૪૮૯ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૩૬૭ | ૬૩૭૦ | ૧૪૪૪ | ૭૧ | ૨૫૩૪૫ | ૨૦૫૬૪ |
| **કુલ** | **૨૮૪૨૩** | **૧૧૪૮૦** | **૨૯૧૪** | **૧૧૬** | **૫૦૯૭૯** | **૪૧૦૫૩** |

(૩)ઉક્ત બેઠકો ખાલી રહેવાના કારણો શા છે ?

(૩) **ડિગ્રી ઈજનેરી સંસ્થા-**
ઉપલબ્ધ બેઠકોની સામે પ્રવેશપાત્ર લાયકાત ધરાવતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના કારણે

**પોલીટિકનિક સંસ્થા-**
ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓ પાસે આગળ અભ્યાસ માટે ઘણા બધા વિકલ્પ જેવા કે આઇ.ટી.આઇ., ધોરણ ૧૧/૧૨ સાયન્સ, કોમર્સ, આર્ટસ વગેરે ઉપલબ્ધ હોવાના લીધે મર્યાદિત રજીસ્ટ્રેશન થતા ડિપ્લોમા કોર્ષમાં સીટો ખાલી રહેવા પામે છે.

- - - - - - - - -

**રાજ્યની આરોગ્ય સુવિધાઓ માટે વર્લ્ડ બેંક તરફથી લોન**

૧૧૨૫ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની આરોગ્ય સેવાઓને હાઈટેકનોલોજી સુવિધાઓ આપવા વર્લ્ડ બેંક તરફથી કેટલા મીલીયન ડોલરની લોન ક્યારે મળેલ છે, અને | (૧) વર્લ્ડ બેંક તરફથી ૩૫૦ મીલીયન ડોલરની લોન મંજૂર થયેલ છે. પરંતુ, તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની આરોગ્ય સેવાઓને હાઈટેક્નોલોજી સુવિધાઓ આપવા વર્લ્ડ બેંક તરફથી કોઇ લોનની રકમ મળેલ નથી. |
| (૨) આ લોન ઉપર કેટલા ટકા વ્યાજ ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે ? | (૨) ૦.૭૬ (ફિક્સ રેટ %) + સિક્યોર્ડ ઓવરનાઇટ ફાઇનાન્સિંગ રેટ (SOFR) |

- - - - - - - - -

### તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

### રાજ્ય કક્ષાના રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

રાજ્ય કક્ષાના રમત ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

સ્પર્ધાત્મક રમતોની ઈનામોમાં વધારો કરવા બાબત

શ્રી હર્ષ સંઘવી(રા.ક.ના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખઃ ૩જીએ શુક્રવારના દિવસે ધારાસભ્યશ્રી ગૌતમભાઇ ચૌહાણના પ્રશ્નના પેટા પ્રશ્નમાં સંજયભાઇ કોરડીયા ધારાસભ્યશ્રી જૂનાગઢ અને વિરોધપક્ષના ધારાસભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા સોમનાથના ધારાસભ્યશ્રી દ્વારા સૂચનો અને જે સ્પોર્ટસ બાબતે જે ઈનામના વધારા માટેના ખાસ જે પ્રશ્નો હતા. આપણું ગુજરાત રાજ્ય અન્ય ક્ષેત્રની સાહસિક અને સ્પર્ધા ક્ષેત્રે અગ્રેસર રહે અને દેશને એક નવીન રાહ ચીંધે તે માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત અને દેશના યુવાઓ વધુને વધુ સાહસિક બને તે હેતુથી અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું. તેમાંથી એક મહત્ત્વની રમત છે વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા અને રાજયકક્ષા તેમજ રાષ્ટ્રકક્ષા ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ સ્પર્ધામાં સ્પર્ધકોની ઈનામની રકમમાં ઘણાં વર્ષોથી વધારો કરવામાં આવેલ ન હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં મને પૂછાયેલ તારાંકિત પ્રશ્નના અનુસંધાને અત્યારે એક જાહેરાત કરતાં હું ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું કે મેં ગૃહમાં રાજ્ય સરકારવતી ખાતરી આપી હતી. તેની મંજૂરી માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પક્ષ-વિપક્ષ તમામ લોકોનાં સૂચનો અને પ્રશ્નો હોય તેને ખૂબ જ સકારાત્મક રીતે જોવા જોઇએ તેવું હંમેશા તેમનું માનવું  છે અને તે દિવસે જે સૂચન આવ્યાં અને પ્રશ્નો આવ્યા તેનું તાત્કાલિક મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે રમત-ગમત વિભાગની જે ખાતરી હતી તેને માન્ય રાખીને જે ઈનામ રાજયકક્ષાના ગિરનાર આરોહણ અને અવરોહણની સ્પર્ધામાં પહેલાં કુલ મળીને જે ૬૬,૦૦૦ રૂપિયા ઈનામ આપતા હતા તે હવે વધારીને ૮,૪૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે અખિલ ભારતીય એટલે કે નેશનલ કક્ષાની જે ગિરનાર આરોહણ અને અવરોહણની સ્પર્ધા છે તેમાં ૫,૫૦,૦૦૦ રૂપિયા હતા તેમાં ચાર ગણો વધારો કરીને ૧૯ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે. મારા સાથી ધારાસભ્ય આજે છે નહીં કે જે બે વર્ષ પહેલાંની જે વાત કરી હતી. અમે તપાસ્યું તેમાં એવું કંઇ મળ્યું નહીં પરંતુ તેમનું જે સૂચન હતું, વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા તેમાં સ્પર્ધાના ટોટલ ઈનામ ૧૮૪૮૨ રૂપિયા જે હતા તેને દસ ગણાં વધારીને ૨ લાખ ૨૦ હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. હું રાજયના રમત-ગમત મંત્રી તરીકે આદરણીય મુખ્યમંત્રીશ્રી અને ફાયનાન્સ મંત્રીશ્રીનો આભાર માનું છું કે, રાજયના યુવાનોને રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન પૂરું પાડવા માટે પણ તાત્કાલિક ચોવીસ કલાકની અંદર જે વિધાનસભા ગૃહની અંદર ખાતરી આપવામાં આવી તેને ચોવીસ કલાક પૂર્ણ થાય તે પહેલાં તે ખાતરીને પૂર્ણ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : હું ખૂબ આનંદ અનુભવું છું આ બાબતમાં કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય રમત-ગમત મંત્રીશ્રીએ અહીંયા ધારાસભ્યશ્રીએ પ્રશ્ન જે પૂછયો તેના ગણતરીના કલાકોની અંદર તેનું અમલીકરણ કરવાનું કામ કર્યું આ અભિનંદનીય કામ છે. આપણે રાજ્ય સરકારને અભિનંદન આપીએ અને આ ગૃહના અધ્યક્ષ તરીકે ખૂબ રાજીપો વ્યકત કરું છું. આમાં એક-બે પ્રશ્નો પૂછી શકાય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ઈનામની રકમ વધારી તે માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું અને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આમાં જે રીતે આપે ઈનામની રકમ વધારી તે રીતે જે આખી સ્કૂલની સ્પોર્ટસ છે તેમાં જે રાજ્ય કક્ષાએ હોય કે પછી રાષ્ટ્રીય કક્ષાએ હોય તેમાં તેમને રોજના ખાવા પીવા અને રહેવા માટેની રકમ મળે છે તેમાં આ વિદ્યાર્થીઓએ નેશનલ લેવલે નંબર લેવા છતાં પણ તેને કયાંક કડકડતી ઠંડીમાં સ્કૂલોના ખુલ્લા રૂમોમાં રહેવું પડે છે કે જયાં ગરમ પાણીની પણ વ્યવસ્થા હોતી નથી.

અધ્યક્ષશ્રી : જરા શોર્ટમાં, આમાં લાંબી ચર્ચા થઇ શકતી નથી પણ કંઇ હોય તો ટુ ધ પોઇન્ટ વાત કરશો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછું છું અને તેનુ જમવાનું પણ પૂરું નીકળી શકતું નથી એટલું ભથ્થું આપવામાં આવે છે તો માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પૂછવા માગું છું કે આ બાબતે અગાઉ પણ હાઉસમાં ધ્યાન દોરાયેલું હતું અને ફરીથી ધ્યાન દોરીને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કેઅને ફરીથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીને પૂછવા માગું છું કે જે સ્કૂલની રમત-ગમત છે એના વિદ્યાર્થીઓને જે રહેવાનું અને જમવાનું ભથ્થું અપાય છે એમાં આ જ રીતે વધારો કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : અત્યારે પ્રશ્ન નિવેદન પૂરતો છે. એમાં કાંઇ વિશેષ હોય તો કહો. આમાં નિવેદન પૂરતી જ ચર્ચા કરી શકાય. એમણે નિવેદન સિવાયનો પ્રશ્ન પૂછ્યો છે. આપની પાસે વિગત હોય તો આપી શકો.

શ્રી હર્ષ સંઘવી : તેઓ સિનિયર ધારાસભ્ય છે. તેઓ તમામ નિયમો ખૂબ સારી રીતે જાણતાં જ હોય છે પરંતુ એમણે જે સૂચન આપ્યું છે. એમાં બે-ત્રણ વિષયો આપના માધ્યમથી હું એમને જણાવવા માગું છું. દેશભરમાં સૌથી પહેલાં ઈન સ્કૂલ ગેમ્સના માધ્યમથી ગુજરાતના યુવાનોને ટ્રેનિંગ મળે, ભણતર સાથે-સાથે રમતમાં એ કઇ રીતે તૈયાર થઇ શકે એની શરૂઆત કરનાર દેશભરમાં સર્વ પ્રથમ રાજ્ય એ આપણું ગુજરાત રાજ્ય છે. એમણે જે ખુલ્લા ઓરડાઓની વાત કરી એમાં મને એવું લાગે છે કે યુવાનોના રમત-ગમતના વિષયને લઇને રાજકીય વાત કરવા કરતાં એમની પાસે કોઇ ચોક્કસ વિષય હોય કે આવી કોઇ ઘટના બની છે તો એ આપે. જેમ અમે આમાં કામ પૂર્ણ કર્યું છે એટલી જ ઝડપથી એમાં પણ કામ પૂર્ણ કરીશું. આખા ગુજરાતમાં

ડી.એલ.એસ.એસ.માં જે છોકરાઓ છે એમાં એક પ્લેયર પાછળ આપણે લોકો રૂ.૧,૬૮,૦૦૦ ખર્ચ કરીએ છીએ. ભૂતકાળમાં વર્ષ ૨૦૦૨ પહેલાં જશો તો ગુજરાતમાં સરકારી સ્પોર્ટ્સ સેન્ટર શોધવા એ સપના બરાબર હતું. ૨૦૦૨ પછી મોદી સાહેબ આવ્યા. ખેલ મહાકુંભ લાવ્યા. ત્યાર પછી ડી.એલ.એસ.એસ., ઇન સ્કૂલ ગેમ્સ લાવ્યા. ગુજરાતના યુવાન ખેલાડીઓ પહેલાં નેશનલ કક્ષાએ જતા હતા તો બીજા રાજ્યના ખેલાડીઓ એવા ટોણાં મારતા હતા કે આ ફાફડા-જલેબી આવ્યા, ખમણ-ઢોકળાં આવ્યા. આજે આ ગુજરાતની દીકરીઓ હરિયાણાની દીકરીઓને કુસ્તીમાં હરાવીને આવવા લાગી છે. એ જ રીતે આજે ગુજરાતના અનેક ખેલાડીઓ માત્ર નેશનલ કક્ષા પર નહિ પણ ઓલિમ્પિકમાં મેડલ અપાવવાનું કામ કરે છે. જો આ બાબતની કોઇ પાક્કી જાણકારી આપશે તો અમે એની પર પગલાં ભરીશું અને એમાં બદલાવ પણ લાવીશું.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડબલ એન્જિનની સરકાર એટલે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં બે દિવસ પહેલાં પૂછેલા પ્રશ્નમાં આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇના માર્ગદર્શનથી ખેલ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ એમાં રસ દાખવીને ૨૪ કલાકમાં જૂનાગઢમાં ગિરનાર આરોહણ સ્પર્ધાના સ્પર્ધકો માટે ઇનામની રકમ અનેકગણી વધારી છે ત્યારે આ ભારત દેશના તમામ ખેલાડીઓ વતી અને ગુજરાતની જનતા વતી આદરણીય મુખ્યમંત્રીશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી અને આદરણીય ખેલમંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો તરણ સ્પર્ધા જૂનાગઢ જિલ્લામાંથી ચાલુ થાય છે અને ગીર-સોમનાથ જિલ્લામાં સોમનાથ ભગવાનના સાનિધ્યમાં પૂર્ણ થાય છે. ગિરનાર આરોહણ સ્પર્ધા અને તરણ સ્પર્ધાના ઇનામમાં વધારો કરવા બદલ હું આ ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઇને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. આ સાથે મારી એક વિનંતી પણ છે કે જે તરણ સ્પર્ધા યોજાય છે એનું આયોજન દર ત્રણ વર્ષે થાય છે. જો શક્ય હોય અને દર વર્ષે આ સ્પર્ધાનું આયોજન થઇ શકતું હોય તો આપણા ગુજરાતના ખેલાડીઓ વધારે સંખ્યામાં ભાગ લઇ શકે તો આપણે એવું કોઇ આયોજન કરવા માગીએ છીએ કે નહિ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ સારું સૂચન છે અને આ સૂચનનું પાલન કરવા માટે અમે પ્લાનિંગ કરી રહ્યા છીએ. આ લેબલ્ડ રમત છે એના સિવાય પણ જે ડિસ્ટ્રિક્ટના પ્લેયર છે એને તૈયાર કરવા માટે અમે આ પ્રકારની રમત ગુજરાતના અલગ-અલગ નદીઓ અને દરિયાકાંઠે કરવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ. એની ડિઝાઇન બની રહી છે. એ બનશે એટલે હું સભ્યશ્રીની જાણકારીમાં મૂકીશ.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રમત-ગમત મંત્રીશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ઝડપથી ઈનામની રકમમાં વધારો કર્યો તે બદલ હું અભિનંદન પાઠવું છું. આઝાદીના અમૃતકાળનાં ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇભાઈ મોદી સાહેબે આંદામાન નિકોબારના અનેક ટાપુઓનું શહીદોના નામથી નામકરણ કર્યું છે. વીર સાવરકરના નામથી આ સ્પર્ધા ઘણા વર્ષોથી રમાઈ રહી છે. વર્ષ ૧૯૧૧ વીર સાવરકરે આંદામાનની સેલ્યુલર જેલમાં ૫૦ વર્ષની કાળા પાણીની સજા ભોગવી હતી. વેરાવળના દરિયામાં દર વર્ષે વીર સાવરકરના નામથી સ્પર્ધા રમાડવામાં આવે છે. આવનારા દિવસોમાં જો દર વર્ષે આયોજન થાય તો આંદામાનના પોર્ટબ્લેર ટાપુથી હેવલોક ટાપુ સુધી ૨૧ નોટિકલ માઈલ સુધીની આ સ્પર્ધાનું આયોજન એક વર્ષે વેરાવળ થાય અને બીજા વર્ષે આંદામાનના ટાપુ પર થાય તો સમગ્ર ભારતના તમામ ખેલાડીઓ આ અમૃતકાળમાં વીર સાવરકરજીના આઝાદી માટેના યોગદાનનો પ્રચાર પણ થાય. આવનાર દિવસોમાં પોર્ટબ્લેર થી હેવલોક ટાપુમાં આ સ્પર્ધામાં રમાડવાનું મારું નમ્ર સૂચન છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે. આપણે રાજ્ય સરકાર તરીકે રાજ્યમાં આયોજન કરી શકતા હોઈએ છીએ પરંતુ રમત-ગમત મંત્રાલયની સાથે ચર્ચા કરીને આગળ નિર્ણય કરીશું.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયના આખા અંદાજપત્ર ઉપર અથવા તેમાં સમાવેલા કોઈ સિદ્ધાંતના પ્રશ્નો ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષયો ઉપર સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા વખતે નહિ, પણ અનુદાનોની માગણી પરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાને રાખશો તો મારે તેમને પુનઃ રોકવા માટેની કોઈ યુક્તિ ન કરવી પડે અને ચર્ચામાં પણ તે બાબત ઉપયોગી થશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ વર્ષનું જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય નાણામંત્રીશ્રી રૂ. ૩ લાખ ૧ હજાર કરોડનું બજેટ લઈને આવ્યા ત્યારે ગુજરાતની જનતાને પણ હતું કે આ ચૂંટણી પછીનું પહેલું બજેટ છે એટલે સરકાર અમારા માટે કંઈક વિશેષ પ્રાવધાન લઈને આવશે પણ કોઈ પ્રાવધાન તો જોવા ન મળ્યા, કોઈ રાહતો જોવા ન મળી પણ એટલું ચોક્કસ જોવા મળ્યું કે વર્ષ ૧૯૯૬માં રાજ્યનું જે દેવું રૂ.૧૪ હજાર ૮૦૦ કરોડ હતું તે આ ડબલ એન્જિન સરકારમાં રૂ.૪ લાખ કરોડે પહોંચ્યું છે. આજે

ગુજરાતમાં નવો જન્મ લેનાર બાળક માથે લગભગ રૂ.૬૩ હજારનું દેવું લઈને જન્મે છે. આ બજેટના આંકડા જોતાં રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થાપનની સ્થિતિ સ્પષ્ટ થાય છે. રાજ્ય સરકારે બે વર્ષમાં વ્યાજ પેટે રૂ.૪૫ હજાર ૮૬ કરોડ અને મુદ્દલ પેટે બે વર્ષમાં ૪૨ હજાર ૩૭૪ કરોડની ચૂકવણી કરી. તેનો અર્થ થાય છે કે સરકારે જે દેવું કર્યું તે પાછું ચૂકવવામાં આજે મુદ્દલ કરતાં વ્યાજ વધારે ચૂકવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આપણા ગુજરાતીમાં કહેવત છે કે ''દેવું કરીને ઘી પીવાય'' તો આ દેવું કર્યું પણ ઘી કોણ પીવે છે તે પ્રશ્ન આજે ઉપસ્થિત થયો છે. દેવું કરીએ એનો વાંધો ન હોય. કોઇપણ વ્યક્તિને ઘર બનાવવું હોય, ધંધો-વ્યાપાર કરવો હોય તો લોન લેવી પડે. આવનારી પેઢીઓને અને રાજ્યના લોકોને એનો લાભ થવાનો હોય તો વાંધો નહીં. દેવું ઉત્સવો, મહોત્સવો અને પોતાના રાજકીય એજન્ડા પૂરા કરવા માટે કરતા હોઇએ તો આ દેવું ગુજરાતની જનતાએ સહન કરવું પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ દેવું ગુજરાતીઓ માટે કરવાને બદલે મિત્રને મદદ કરવા માટે વધારે થતું હોય એવું સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. ગુજરામાં સરકાર રાહત આપે, સબસિડી આપે એના માટે દેવું થાય તો વાંધો નહીં. શિક્ષણ હોય, આરોગ્ય હોય એવા વિભાગોમાં સબસિડી કે રાહતો માટે રકમ વપરાય તો એ આવકાર્ય છે. કારણ કે, એનાથી મોટા સમૂહને ફાયદો થાય છે. પણ ઉત્સવો કે મિત્રોને મદદ કરવા માટે ખર્ચ કરો તો આ ભાર ગુજરાતના લોકો પર પડતો હોય છે અને આનાથી મુઠ્ઠીભર લોકોને જ ફાયદો થતો હોય છે. અહીંયા જે આંકડા આપવામાં આવ્યા છે કે ગુજરાતમાં કરવેરાની આવકમાં ૧૨ ટકાનો વધારો થયો અને એની સામે જી.ડી.પી.માં ૯ ટકાનો વધારો થયો. એટલે એનો સ્પષ્ટ મતલબ છે કે ગુજરાતમાં લોકોની જે આવક વધે છે એના કરતાં લોકોએ ટેક્સ વધારે ચૂકવવો પડે છે. અહીંયા વારંવાર આ ડબલ એન્જિનની સરકારનો ઉલ્લેખ થાય અને ચૂંટણી હોય ત્યારે ભાષણો પણ થાય કે વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી થઇ જશે અને ખેડૂતો ખુશહાલ થઇ જશે. પહેલાં તો એમ કહેવાતું હતું કે, મારો ખેડૂત મારૂતિ ગાડી લઇને ફરે છે. આજે ગુજરાતના ખેડૂતો આર્થિક રીતે પાયમાલ છે. આજે ખેડૂત ડુંગળી ૫૦ પૈસે કિલો, બટાકા ૨ રૂપિયે કિલો, લસણ ૧ રૂપિયે કિલો વેચવા માટે મજબુર છે. મારા વિસ્તારમાં ટામેટા રસ્તા પર નાંખવા માટે લોકો મજબુર છે. આજે ગુજરાતનો ખેડૂત રૂ. ૫૬૦૦૦નું દેવું માથે લઇને જીવવા માટે મજબુર છે. હમણાં જે માવઠું થયું એનાથી પડ્યા પર વધારે માર પડ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે આ બજેટમાં ખેડૂતોનું દેવું ઓછું થાય, ખેડૂતોને સીધો લાભ થાય અને ખેડૂતોની આવક બમણી થાય એ માટેની કોઇ જોગવાઇઓ કે નક્કર આયોજન જોવા મળ્યું નથી એનું દુઃખ છે. ગુજરાતમાં ત્રિ-સ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા અસ્તિત્વમાં છે. આપણો ભવ્ય ઇતિહાસ રહ્યો છે કે ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખૂબ સ્વાયત્તતા સાથે ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટ કરે અને છેવાડાના માણસ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડે તેમજ એમના પ્રશ્નોનું નિવારણ લાવે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે *(xxx) પણ આજે (xxx) હોય એ આ સરકારે પ્રસ્થાપિત કરી દીધું છે. ગુજરાતમાં સરકારની નીતિને કારણે, આ સરકારની ઇચ્છાશક્તિના અભાવના કારણે આજે ૭૦૦૦ જેટલી ગ્રામપંચાયતોમાં (xxx) કરે છે. ગુજરાતમાં ૭૫ જેટલી નગરપાલિકાઓમાં (xxx) છે. થોડા દિવસોમાં ગુજરાતની બે જિલ્લા પંચાયતોમાં (xxx) આવશે, ૧૭ જેટલી તાલુકા પંચાયતમાં (xxx) આવશે. એનો સ્પષ્ટ મતલબ છે કે, આખા ગુજરાતમાં આજે (xxx) છે.

અધ્યક્ષશ્રી : હું તમને કહું છું કે 'આખા ગુજરાતમાં વહીવટદારોનું રાજ છે' એમ ન કહી શકાય. પ્રજાએ ચૂંટેલી સરકાર બેઠી છે અને એના આનુષંગિક ફરીથી આ શબ્દનું પુનરુચ્ચારણ ન કરો. આ શબ્દને તમે રેકર્ડ પરથી દૂર કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની અંદર (xxx) છે એવું આ સરકારે ઇતિહાસમાં પહેલીવાર પ્રસ્થાપિત કરી દીધું છે એના માટે અભિનંદન પાઠવીએ. ભૂતકાળમાં અનેક પરિસ્થિતિઓમાં મુદત પણ વધારવામાં આવી છે. કાયદામાં જોગવાઇ છે કે વહીવટદાર છ મહિનાથી વધારે ન રાખી શકાય. પણ આ ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર એમને વિશ્વાસ નથી પણ એમના માનીતા એમના કહ્યા મુજબ ચાલનારા (xxx) પર વિશ્વાસ છે. એના કારણે જાણીબૂઝીને આ ચૂંટણીઓમાં વિલંબ કરવામાં આવે છે. કોંગ્રેસનું શાસન હતું અને દેશમાં યુ.પી.એ. ની સરકાર હતી ત્યારે વર્ષ ૨૦૦૫માં મનરેગાનો કાયદો લાવ્યા. આખા વિશ્વમાં ઐતિહાસિક કહી શકાય એવો રોજગાર ગેરંટીનો કાયદો કોંગ્રેસની યુ.પી.એ. સરકાર વર્ષ ૨૦૦૫માં લાવી હતી ત્યારે એની ખૂબ આલોચના અને ટીકા કરતાં હતા પણ, આજે આખા વિશ્વએ સ્વીકારવું પડ્યું કે, સૌથી વધારે રોજગાર આપનારો જો કોઇ કાયદો હોય તો આ મનરેગાનો કાયદો છે. આ કાયદા હેઠળ ૧૦૦ દિવસની રોજગારી આપવાની જોગવાઇ છે. કેન્દ્રની સરકારે તો હમણાં એમના બજેટમાં રૂપિયા ૩૦ હજાર કરોડનો ઘટાડો કર્યો પણ રાજ્ય સરકાર કે જે ખાલી ૨૫ ટકા રકમ ફાળવે તો ૭૫ ટકા રકમ કેન્દ્ર સરકાર આપે છે એવી જોગવાઇ હોવા છતાં પણ આપણે અહીંયા જે જોગવાઇ કરવાની હતી તે થઇ નથી. ગયા વર્ષે એની જોગવાઇ મુજબ રાજ્ય સરકારનો ફાળો જે રૂપિયા ૨૮૩ કરોડ હતો એમાં આપણે ઘટાડો કરી રૂપિયા ૧૫૧ કરોડ કરી દીધો છે. શું કામ ઘટાડો કર્યો? આનાથી આપણને કેન્દ્ર સરકાર તરફથી ઓછા પૈસા મળશે, ઓછા લોકોને રોજગારી મળશે અને આપણી જે નીતિ અને નિયત છે એના કારણે આજે રાજ્યમાં ૧૦૦ દિવસ રોજગાર ગેરંટી આપતો કાયદો હોવા છતાં પણ આપણા રાજ્યના લોકો રોજગાર માટે જાય છે એને એવરેજ ૪૪ દિવસની જ રોજગારી મળે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, લઘુતમ વેતનની વાત કરીએ તો, રાજ્યમાં રાજ્ય સરકારે જે લઘુતમ વેતન નક્કી કર્યું છે એમાં જે ખેતમજૂર હોય એનું લઘુતમ વેતન રૂપિયા ૩૨૪/ - અને મનરેગામાં જે કામ કરવા વાળા મજૂરો છે એમનું લઘુતમ વેતન તથા એને જે ચૂકવણું થાય છે તે રૂપિયા ૨૨૯/ - એવરેજ થાય છે. એટલે રૂપિયા ૯૫/ -નું ઓછું ચૂકવણું થાય છે. તો મારી તો નાણામંત્રીશ્રીને વિનંતી પણ છે કે, આપણે જયારે આ બજેટની માગણીઓ કરીએ છીએ ત્યારે એમાં જોગવાઇ કરીને મનરેગામાં કામ કરતાં મજૂરો માટેના વેતનમાં પણ વધારો કરીએ. એક ગુજરાતી તરીકે મારું, તમારું અને આપણા સૌનું માથું શરમથી ઝૂકી જાય જયારે આટલી ડબલ એન્જિનની સરકારમાં કરોડો રૂપિયાના બજેટની ફાળવણી થતી હોય, અહીંયા આગળ બહેન કહેતા હતા કે, મહિલા, બાળ વિકાસ કે આંગણવાડીમાં, વિભાગ મારફત પોષણ માટેની રકમો ફળવાય છે એનું મેનું આપવામાં આવે છે, તો આખા દેશમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં જે બાળકો છે એ ઓછાં વજનવાળાં બાળકોનો જે ડેટા બહાર પડ્યો છે એને જોઇએ તો, આખા દેશમાં બિહાર ૪૧ ટકા સાથે સૌથી હાઇએસ્ટ છે. બીજા નંબરે ગુજરાત રાજ્ય છે. આપણા પછીના રાજ્યો છે કે જે આપણી સમકક્ષ રાજ્યો છે એમાં, મધ્યપ્રદેશમાં ૩૩ ટકા, મહારાષ્ટ્રમાં ૩૬ ટકા, દિલ્હીમાં ૨૨ ટકા અને નેશનલ એવરેજ ૩૨ ટકા હોવા છતાં આપણે ૪૦ ટકા સાથે બીજા નંબરે છીએ. એ આપણા માટે શરમજનક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે રાજ્યમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજને દરેક રીતે અન્યાય કર્યો છે. એની સાથે ભેદભાવ પણ રાખ્યો છે. કોઇને વધારે આપે એની સામે વાંધો ન હોય પણ જે સમાજ પર ટકા વસતિ ધરાવતો ઓ.બી.સી. સમાજ છે એના માટે ૧૦ ટકાની જે અનામતની જોગવાઇ હતી એ તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સમાપ્ત કરી જ દીધી, પણ સાથે સાથે જયારે બજેટની ફાળવણી કરવામાં આવે ત્યારે ઠાકોર કોળી વિકાસ નિગમ હોય, અહીંયા શ્રી કુંવરજીભાઇ અને શ્રી અલ્પેશભાઇ આંદોલન કરવા વાળા છે ત્યારે ગુજરાતની ઠાકોર કોળી સમાજની વસતિ ૨૮ ટકા હોય એના નિગમ માટેની બજેટની ફાળવણી ફક્ત રૂપિયા ૨૨ કરોડ થાય. અહીંયા માનનીય ઉપાધ્યક્ષશ્રી સાથે હમણાં હું ચર્ચા કરતો હતો કે, ગોપાલક વિકાસ નિગમ હોય, સફાઇ કામદાર વિકાસ નિગમ હોય કે આવા આઠ નિગમોની બજેટની ફાળવણી રૂપિયા ૧૬૬ કરોડની થાય એ સ્પષ્ટ બતાવે છે કે આ રાજ્ય સરકાર, રાજ્યમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજ સાથે અન્યાય તો કરે છે પણ, બજેટની ફાળવણીમાં મોટો ભેદભાવ પણ રાખે છે. તે આના ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે. પહેલા એવું કહેવાતું હતું કે, આત્મા ગામડાનો અને સુવિધાઓ શહેરો જેવી, રૂર્બન પ્રોજેક્ટની વાત થઇ. ખૂબ ભાષણો થયા. ખૂબ જાહેરાતો થઇ પણ બજેટની ફાળવણી જ ઓછી કરીએ તો કેવી રીતે આત્મા ગામડાનો રહે અને શહેરો જેવી સુવિધા થાય. આજે ગામડાં તૂટી રહ્યાં છે અને સ્પષ્ટ જોવા મળે છે કે, આ વર્ષના બજેટમાં ગ્રામ વિકાસ માટે લગભગ રૂપિયા ૯૦૦ કરોડની ઓછી ફાળવણી કરવામાં આવી છે.

<u>અધ્યક્ષશ્રી :</u> માનનીય અમિતભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી રમણભાઇ પાટકર.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની બજેટ ઉપરની સામાન્ય ચર્ચામાં હું માહિતી અને પ્રસારણ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત એ વિકાસશીલ ગુજરાત છે. આપણું ગુજરાત આ દેશમાં પ્રથમ હરોળમાં આવતું ગુજરાત છે અને આ ગુજરાતની અંદર જયારે વિકાસ કરવો હોય, સમતોલ વિકાસ કરવો હોય તો બજેટ આપણા સૌના માટે ખૂબ જ મહત્ત્વની બાબત હોય છે. મેં વર્ષ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકારનું પહેલું બજેટ આપણા માનનીય નેતાશ્રી કેશુભાઇ પટેલ દ્વારા રજૂ થયું હતું. તે વખતે કોંગ્રેસ પાસેથી સત્તાનું ભારતીય જનતા પાર્ટીની પાસે પરિવર્તન થયું. એ વખતે ૧૦૩૩૮ કરોડ રૂપિયાનું પ્રથમ બજેટ એ આપણે જોયું હતું. તો પ્રશ્ન એ પણ થાય છે કે આ જે અમારા સાથે માનનીય શ્રી અમિતભાઇએ જે પ્રશ્ન રજૂ કર્યો કે ખેડૂતો પાયમાલ થઇ ગયા છે, ગામડાં તૂટયાં છે. તો આ બજેટમાં એવી કોઇ સારી નીતિ મૂકો કે જેનાથી સરકાર પ્રગતિ પણ કરે અને સરકાર મજબૂત રીતે આગળ પણ વધે. હું બે ત્રણ મુદ્દા પર વાત કરવા માગું છું. આપણે સ્વીકારીએ છીએ અને જોઇએ છીએ કે ગવર્નમેન્ટની નોકરી તમામને મળતી નથી. પણ તેની સાથે માનનીય મુખ્યમંત્રી સડક યોજના, અમારા આદિવાસી વિસ્તારમાં વાડી યોજના, અને ખેડૂતોને દિવસે વીજળી આપવા માટેની જે યોજના મૂકી તે આપણા સૌના માટે ખૂબ સારી છે. કારણ કે આજે આપણે ગામડાંની અંદર જોઇએ છીએ કે રસ્તાઓ બન્યા, વીજળી મળે છે અને એના કારણે અંતરીયાળ વિસ્તારમાં પણ ખેડૂતો પ્રગતિશીલ હોય અને પોતાના ખેતરમાં પાણી મળવાના કારણે શાકભાજી કે અન્ય કઠોળના પાક લે અને તે સીધી રીતે માર્કેટમાં વેચવા માટે લાવી શકે છે અને તેને કારણે તેમની આર્થિક ઉન્નતી થતી હોય છે અને તેનું સીધું પરિણામ અમે જોઇ શકીએ છીએ કે આ ૨૭ વર્ષના ભાજપના શાસનકાળની અંદર અમે જોયું છે કે આજે કોઇ અમારા આદિવાસીને ત્યાં લગ્ન હોય તો પહેલો પ્રશ્ન અમારે એ વિચારવો પડે કે પાર્કીંગ વ્યવસ્થા કયાં કરી છે? કારણ કે બે-બે ત્રણ-ત્રણ હજાર મોટર સાયકલો અને બીજાં સાધનો સાથે જયારે લગ્ન પ્રસંગ થતાં હોય ત્યારે આ આર્થિક ઉન્નતી છે. આ નીતિના આધાર ઉપર ગુજરાતનો વિકાસ થાય એ જરૂરી છે. પણ આ ગુજરાતના વિકાસની અંદર માહિતી અને પ્રસારણ વિભાગ એ ખૂબ જ અતિ મહત્ત્વનો વિભાગ છે. માહિતી અને પ્રસારણ વિભાગ એટલે સરકારે જે બજેટ આધારિત નીતિઓ નક્કી કરી હોય દા. ત. અમારા વલસાડના નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું, ૧૦૩૩૮ કરોડથી આ વખતે ૩ લાખ કરોડ કરતાં વધુ એટલે કે ખૂબ મોટો વધારો કરીને આ બજેટ આપ્યું છે. આ બજેટમાં ઘણી બધી યોજનાઓ

મૂકાઇ છે. એની જાણકારી પ્રજા સુધી કઇ રીતે મૂકી શકાય, તો એમાં માહિતી અને પ્રસારણ વિભાગ અતિ મહત્ત્વની કડીરૂપ સરકાર સાથેની હોય છે. આપણા ગાંધીનગર ખાતે જ્યારે એમની મુખ્ય ઓફિસ આવેલી છે, જિલ્લામાં માહિતી કેન્દ્રો છે અને દિલ્હી અને બોમ્બે, આ યુનિટોની અંદર આપણા પત્રકાર, પ્રેસ મીડિયા, તદ્ઉપરાંત અત્યારે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો છે તે દ્વારા સમગ્ર ગુજરાતના જન જન સુધી સરકારની માહિતીઓ, યોજનાઓ, નિયમો આ બધી જ માહિતીઓ જતી હોય છે અને તેના કારણે આજે ગુજરાત ખરેખર પ્રગતિશીલ ગુજરાત બન્યું છે અને લોકો તેનો ખૂબ સારા પ્રમાણમાં લાભ લઇને આગળ વધ્યા છે. એટલા માટે ગુજરાત દેશમાં પહેલી હરોળમાં આવી રહ્યું છે.

ગુજરાતમાં આધુનિક ટેકનોલોજીના યુગમાં સોશિયલ મીડિયા, ફેસબુક, ટી.વી. ......

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પવિત્ર હોળીના તહેવાર નિમિત્તે સભાગૃહના તમામ મિત્રોને હું શુભકામના અને અભિનંદન પાઠવું છું. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સાનિધ્યમાં નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં સામાન્ય ચર્ચા ઉપર હું સામાન્ય વહીવટ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

આ સમગ્ર દેશમાં ગુજરાતનો જે વિકાસ થઇ રહ્યો છે એ આજુ બાજુના રાજયના લોકો પણ ગુજરાતના વિકાસની ચર્ચા કરી રહ્યા છે. છેવાડાનાં ગામડાં સુધી જે પ્રકારે પાયાની જરૂરિયાત છે તે પ્રમાણે કામગીરી કરી રહ્યા છે. 'આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો' રાજ્ય સરકારે પાયાના સ્તરે વિકેન્દ્રિત આયોજનોને વધુ મજબૂત બનાવવાનો નવો અભિગમ અપનાવેલ છે. 'આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો' વર્ષ ૨૦૧૧-૧૨થી તેની શરૂઆત થઇ. આ યોજના દ્વારા ગ્રામ્ય કક્ષાએ પાયાની સુવિધાઓ જેવી કે ગ્રામ્યના આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ, પીવાના પાણીની યોજના જેવી સુવિધા પૂરી પાડવામાં આવે છે. તેમાં પણ કેબિનેટ સબ કમિટીની ભલામણોના આધારે વર્ષ ૨૦૦૦માં જે શાળામાં ભારત સરકારની જલમતી યોજના હેઠળ આર.ઓ. પ્લાન્ટ આપવામાં આવેલ હોય એ સિવાયની સરકારી શાળા હોય, મહાનગરપાલિકાની શાળાઓ હોય, નગરપાલિકાની શાળાઓ હોય, ગ્રાન્ટ ઇન એઇડની શાળાઓ હોય, પ્રાથમિક શાળાઓ હોય તેમાં શાળા દીઠ આર.ઓ. પ્લાન્ટનાં કામો લઇ શકાય છે. પ્રોટેક્શન વોલ, સ્મશાનગૃહનાં કામો, સ્મશાનના કમ્પાઉન્ડવોલનું કામ હોય, જાહેર રસ્તા ઉપર એલ.ઇ.ડી. લાઇટનાં કામો હોય, સરકારી શાળામાં સમૂહ કવાયત, પ્રાર્થના કરતા હોય, યોગા કરતા હોય તો એવી જગ્યાએ શેડ બનાવીને શાળાને લાભ મળે અને શેડનો ઉપયોગ કરી શકે એ પ્રમાણેની પણ યોજનાઓ છે. જાહેર રસ્તાઓ ઉપર પેવર બ્લોકનાં કામોનો પણ સમાવેશ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય પર્વોની વાત કરીએ તો ૧૫મી ઓગસ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય, ૧લી મે, ગુજરાત સ્થાપના દિન હોય. અગાઉના વર્ષોમાં આ તમામ રાષ્ટ્રીય પર્વો પાટનગર ખાતે થતા હતા. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ રાષ્ટ્રીય પર્વોની જિલ્લા કક્ષાએ ઉજવણી કરવાની પહેલ કરી. જેને લઇને જિલ્લાના પ્રજાજનો પણ ઉજવણીમાં ભાગ લઇ શકે એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય પર્વની ઉજવણી સાથે જે જિલ્લામાં રાજયકક્ષાનો કાર્યક્રમ હોય એ જિલ્લાને અઢી કરોડ રૂપિયા જિલ્લાના વિકાસ માટે આપવાની શરૂઆત કરીને અલગ ચીલો પાડ્યો છે. ૩૨ જિલ્લા પૈકી દરેક જિલ્લાના એક તાલુકામાં ટ્રાઇબલ કક્ષાના રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમ્યાન તાલુકાના વિકાસના કામ માટે તાલુકા દીઠ ૨૫ લાખ રૂપિયાની રકમ વિકાસ માટે રાજ્ય સરકાર આપે છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાની ઉજવણી, જિલ્લા કક્ષાની ઉજવણી સિવાયના રાજયના તમામ તાલુકા પૈકી વધુ વસતિ ધરાવતા એક ગામને પસંદ કરીને વિકાસ માટે ૫ લાખ રૂપિયા રાજ્ય સરકાર આપે છે. ગુજરાત ખેલકૂદ નીતિની વર્ષ ૨૦૧૬માં અમલવારી થઇ. આ રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે ઓલિમ્પિક ગેમ હોય, કોમનવેલ્થ ગેમ હોય, એશિયન ગેમ હોય, આ રમતોમાં મેડલ પ્રાપ્ત કરનાર રમતવીરને રાજ્ય સરકારની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ઉપર સીધી નિમણૂક કરવામાં આવે છે. એટલું જ નહીં, દિવ્યાંગ રમતવીરોને પણ પેરાઓલમ્પિક, કોમનવેલ્થ, પેરાસ્પોર્ટ્સ, પેરા એશિયન ગેમમાં મેડલ પ્રાપ્ત કરનાર રમતવીરોને રાજ્ય તરફથી વર્ગ-૧ અને વર્ગ-૨ની સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આજે વિધાનસભાગૃહની અંદર પ્રથમ વખત બજેટ વિશે ચર્ચા કરવાનો મોકો મળ્યો છે ત્યારે આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસનું સૌથી મોટું બજેટ આપવા બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને કનુભાઇ દેસાઇ સાહેબને અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રની ચર્ચામાં આજે પ્રથમ દિવસે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશે હું મારી વાત રજૂ કરું છું. મૃગીકુંડ કવિની કવિતા છે કે તળેટીમાં જતા એવું લાગ્યા કરે છે કે કંઇક કરતાલ વાગ્યા કરે છે, આ નરસિંહની કરતાલનો આજે આ રણકારો દેખાઇ રહ્યો છે. હું એ ધરતીનો વ્યકિત છું કે જેણે ભવનાથની તળેટીમાં રહીને તળના લોકોની વાત સમજી છે, જાણી છે અને અનુભવી છે. હું એ ભૂમિનો સંતાન છું કે જેણે ચોસઠ જોગણીના આશીર્વાદ લીધા છે, જેના માથે ગુરુ દત્તાત્રેયના આશીર્વાદ છે, જેના માથે સોમનાથ દાદાના આશીર્વાદ છે. અમારી આ ભૂમિ સાવજની એંઠાપાણી પીવાવાળી ભૂમિ છે અને આજે પણ દર વર્ષે શિવરાત્રીમાં ભારતવર્ષના સાધુ સંતો આવીને આ મૃગીકૂંડ

પાવન કરે છે. આજે મારે ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વાત કરવી છે અને એટલા માટે મારું આ બેકગ્રાઉન્ડ આપવું મને જરૂરી લાગ્યું. આપણે ત્યાં એક બહુ જ સુંદર કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય, હવે આ જે બદલાવ છે એમાં કોઇ નોખાપણાનો ભાવ નથી પણ વિવિધતાની સુંદરતા આપણી સંસ્કૃતમાં કેવી છે એની સુવાસ છે. બાર ગાઉએ બોલી બદલાય પણ એની સાથે સાથે સંસ્કૃતિ પણ બદલાય છે. સૌરાષ્ટ્રના જૂનાગઢમાં જયાં પિતૃશ્રાદ્ધ કરવા હજારો લોકો આવે છે તો પાટણના સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધ થાય છે. એક બાજુ મહાશિવરાત્રીનો મેળો ઉજવાય છે તો બીજી બાજુ ભાદરવી પૂનમ ભરવા લોકો અંબાજી પગપાળા આવે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના કાર્યક્રમના આયોજનમાં અને અમલીકરણમાં તમામ રાજય સરકારોથી લઇને તમામ સંબંધિત લોકો જોડાયા છે જેથી આ ઉત્સવ ખરા અર્થમાં જન ઉત્સવ બની રહે તેવો અભિગમ છે. ટૂંકમાં આ દરેક પ્રવૃત્તિઓમાં એ આપણા અતૂલ્ય વારસાની આપણને મળેલી ભેટ છે. મને કહેતા અત્યંત ગર્વ થાય છે કે ગુજરાત સરકાર આ દરેકે દરેક સાંસ્કૃતિક કાર્યક્રમને જાળવી રાખવા માટે અને તેની લોકપ્રિયતા હરહંમેશ વધતી રહે તેવા કાર્યો કર્યા કરે છે. અત્યારે ફાગણ મહીનો ચાલી રહ્યો છે. જયારે આખું ગુજરાત હોળીના તહેવારોની રંગેચંગે ઉજવણી કરી રહ્યું છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં ડાંગ દરબાર અને આ બાજુ પંચમહાલ, હાલોલ કે છોટાઉદેપુર, દરેક પ્રાંતમાં મોટા પાયે હોળીના ઉત્સવનું આયોજન થઇ રહ્યું છે જે આપણી માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર એની સંપૂર્ણ વ્યવસ્થાનું કાર્ય કરી રહી છે. જયારે સાંસ્કૃતિક પ્રવૃત્તિની વાત આવે ત્યારે એની સાથે શબ્દ જોડાય છે. આ વારસો જાળવી રાખવા માટે ભા.જ.પ. સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અમે કાર્યકરની ભૂમિકામાં રહીને એમને આપણી દરેકે દરેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ લેતા જોયા છે અને એ પ્રયાસોના કારણે આપણી ગુજરાતની ખ્યાતિ દરેક વિદેશમાં પહોંચી છે. વિદેશમાં રહેતા લોકો એમના આખા વર્ષના પ્લાનિંગમાં નવરાત્રી અને ઉત્તરાયણ દરમિયાન રજાઓ પહેલેથી પ્લાન કરી રાખે છે કે મારે પતંગ ચગાવવા માટે ગુજરાતમાં જવું છે. મારે નવરાત્રી માણવા ગુજરાતમાં જવું છે. આ વારસાની જાળવણી આજે જયારે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર કરી રહી છે ત્યારે બહુ જ હર્ષની વાત છે કે ગુજરાતમાં પતંગ મહોત્સવ હોય, વાઇબ્રંટ નવરાત્રી હોય કે માધુપુર કે તરણેતરનો મેળો હોય, તાનારીરી મહોત્સવ હોય કે શાસ્ત્રીય સંગીત હોય આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અત્યારે યુવાનો જે રીતે ભાગ લઇ રહ્યા છે એ આપણી ધરોહરને ખૂબ આગળ લઇ જશે. યુવાનો અને ખાસ કરીને બાળકોના મનમાં અત્યારે રોપાતા બીજ આગળ જઇને વટવૃક્ષ બનશે અને એ જયારે કયાંક બહાર જશે ત્યારે ઉન્નત મસ્તકે કહી શકશે કે હા, હું એ ગાંધીના ગુજરાતનો બાળ છું. હું એ સરદારના ગુજરાતનો બાળ છું જે નવરાત્રી ઉજવે છે, જે ડાંગ દરબારની ધુળેટી ઉજવે છે, જે વૌઠાનો મેળો ઉજવે છે અને પોતાની આગવી સંસ્કૃતિ માટે વિશ્વમાં ખ્યાતનામ છે. જયારે વાત સંસ્કૃતિની હોય ત્યારે આપણી નદીઓને આપણે ના જ ભૂલવી જોઇએ. પહેલું મહત્ત્વનું વાકય ભણવામાં આવે છે કે સંસ્કૃતિઓ નદીઓના કિનારે વિકાસ પામે છે. ગુજરાતની સૌથી પ્રમુખ નદીઓમાં માં નર્મદાને અત્યારે યાદ કરવી ઘટે. જેના માટે પૂરાણોમાં કહેવાયું છે...

ઉપાધ્યક્ષશ્રી : સંજયભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર...

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે બજેટની આ ચર્ચામાં ભાગ લેતા મને ખૂબ જ આનંદ થાય છે. સમગ્ર દેશમાં નવ દરિયાઇ રાજય પૈકીનું આપણું ગુજરાત એ એક રાજય છે અને સોળ હજાર કિલોમીટર લંબાઇનો આપણો આ સાગરકાંઠો છે. રાજયમાં બંદર આધારીત વિકાસના સુચારું અમલ માટે આ બજેટમાં ખૂબ જ સારી જોગવાઇ કરી છે અને ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૩૦, ૧૯૮૧ અન્વયે મધ્યમ તથા નાના બંદરોનો વહીવટ સંચાલન, નિયંત્રણ ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તક છે.આ અધિનિયમ અનુસાર ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા કરવામાં આવતી ઘણા બધા પ્રકારની પ્રવૃત્તિઓ છે. જેમાં માલ સામાન હેરફેર માટે જરૂરી માળખાકીય સુવિધા, મહેસૂલી ડ્યૂઝ, ચાર્જીસની વસૂલાત, મધ્યમ કક્ષાના બંદરો અને લઘુ બંદરોનો વહીવટ, નિયંત્રણ, સંચાલન, બંદરોના સ્વાસ્થ્ય નિયમો એટલે કે પોર્ટ હેલ્થ રુલ્સનું અમલીકરણ. બંદરોની સીમા મર્યાદા, માલ-સામાન ચડાવવા-ઉતારવા બંદર હસ્તકની જગ્યાઓ જાહેર કરવી, અલંગ, સોસિયા અને સચાણા ખાતે શીપ બ્રેકિંગ યાર્ડની કામગીરી કરવી. ગુજરાત મેરિટાઇમ બોર્ડ એ દેશનું સૌ પ્રથમ મેરીટાઇમ બોર્ડ છે અને તે દેશમાં મેરીટાઇમ ક્ષેત્રે અગ્રીમ સ્થાન ધરાવતા ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ રાજ્યના જાહેર તેમજ ખાનગી ટર્મિનલ્સ, કેપ્ટીવ અને પ્રાઇવેટ જેટીઓ, શીપ બિલ્ડિંગ, શીપ રિ-સાઇકલિંગ યાર્ડ, આંતરમાળખાકીય સુવિધાઓ વગેરેનું સંચાલન, નિયમન અને પ્રોત્સાહન પૂરું પાડવાની જવાબદારી નિભાવે છે. દેશભરમાં પ્રથમવાર વર્ષ ૧૯૯૫માં રાજ્યની પોર્ટ પોલિસી બનાવવામાં આવી. ત્યારબાદ વર્ષ ૧૯૯૭માં બુટ પોલિસીમાં બંદરીય વિકાસ આધારિત નીતિ, આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણ મુજબના નવા બંદરો તૈયાર કરવા, ખાનગી ક્ષેત્રની મહત્ત્વની ભૂમિકા જેવી મહત્ત્વની સેવાઓનો સમાવેશ થાય છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા પાછલા ૨૦ વર્ષમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ પ્રોજેક્ટ દ્વારા વિશ્વ સ્તરીય બંદરોની માળખાકીય સુવિધા ઊભી કરવામાં સફળતા મેળવેલ છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ બંદરો થકી નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩માં ૮૪.૧૨ મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન થયેલ. જેમાં ઉત્તરોત્તર વધારો થઇ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં અનુક્રમે ૪૦૫.૩૯ મિલિયન મેટ્રિક ટન ટ્રાફિક નોંધાઇ ગયો છે. જે છેલ્લા ૨૦ વર્ષમાં ૩૮૧.૯૨ ટકાનો વધારો દર્શાવે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ડિસેમ્બર-૨૨ સુધીમાં ૩૦૮.૭૮ મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન થયેલ છે. આમ, છેલ્લા ૨૦ વર્ષમાં રાજ્યના પોર્ટ ઉપર કરવામાં આવતા કાર્ગોના સંચાલનમાં પાંચ ગણો નોંધાઇ ગયેલ છે. રાજ્યના બંદરો ઉપરથી થતા

કાર્ગો પરિવહન સંબંધિત આવક સને ૨૦૦૮-૦૯માં રૂપિયા ૨૭૯ કરોડ હતી જેમાં વધારો થઇ આજે ૧૩૦૭.૧૯ કરોડ રૂપિયા થયેલ છે. જે છેલ્લાં ૧૪ વર્ષમાં ૩૬૮.૮૮ ટકાનો વધારો દર્શાવે છે. રાજ્ય હસ્તકના બંદરો થકી ૧૪ વર્ષમાં કુલ ૧૧,૨૮૯.૯૦ કરોડ રૂપિયાની આવક દર્શાવે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ડિસેમ્બર સુધીની આવક રૂપિયા ૧૦૭૭.૭૨ કરોડ થવા પામેલ છે. આપણા યશસ્વી વડાપ્રધાનશ્રીએ આશરે ૪ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ભાવનગર ખાતે શરૂ થનાર વિશ્વના પ્રથમ સી.એન.જી. ટર્મિનલનું ખાતમુહૂર્ત કર્યું છે. એલ.એન.જી. બાદ હવે સી.એન.જી.માં પણ ગુજરાત દેશમાં અગ્રગણ્ય રાજ્ય બની રહ્યું છે. ભાવનગર ખાતે પોર્ટ ટ્રાફિકને સરળતાથી પહોંચાડવા રિંગ રોડનો વિકાસ કરવા રૂપિયા ૨૯૭ કરોડનું આયોજન કરેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી શાહ સાહેબની દીર્ઘદષ્ટિને, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં શ્રી કનુભાઇ દેસાઇએ આ વખતનું રૂપિયા ૩ લાખ ૧૦૨૨ કરોડનું બજેટ રજૂ કર્યું છે. એક પણ રૂપિયાના કર ભારણ વગર બજેટ રજૂ કર્યું છે તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર દરેક વિસ્તારના લોકોને, દરેક વર્ગના લોકોની ચિંતા કરવામાં આવી છે. આ બજેટમાં મારે કહેવું પડે કે શ્રી મોદીજીની દિવ્ય દ્દષ્ટિ, શ્રી અમિતજીની ઇમાનદારી, શ્રી ભૂપેન્દ્રભાઇની ભાવના અને શ્રી કનુભાઇની દિલદારીથી બજેટ બનાવ્યું જાજરમાન, ખિલશે ગુજરાત અમારી. આ વખતના બજેટની અંદર દરેકે દરેક લોકોની ખૂબ જ ચિંતા કરી છે. મારા વિસ્તારની અંદર વાત કરું તો નર્મદાની ફતેહવાડી વિસ્તારની ખારીકટ કેનાલ અને બાકીના ૩૩ ગામો છે એ ૩૩ ગામોને પણ નર્મદાના કમાન્ડ એરિયામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા એ બદલ સરકારનો હું ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું. સાથે સાથે એ ફતેહવાડી વિસ્તારને નર્મદા કમાન્ડ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે તો ફતેહવાડી વિસ્તારની સોંપણી અને એનું વહીવટી સંચાલન નર્મદા દ્વારા કરવામાં આવે તો અમારા વિસ્તારના લોકોને પણ ખૂબ જ ફાયદો થશે. દરેકે દરેક વર્ગની આ વખતે ચિંતા કરીને સમગ્ર ભારતની વાત કરવામાં આવે તો ભારત મીઠાના ઉત્પાદનની અંદર પણ સમગ્ર વિશ્વની અંદર ત્રીજા ક્રમે છે અને ભારતની અંદર પણ જો સૌથી વધારે મીઠાના ઉત્પાદનની વાત કરવામાં આવે તો ભારતની અંદર ગુજરાત સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. લગભગ ૭૦થી ૮૦ ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાત દ્વારા કરવામાં આવે છે એ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કહેવાય. ખેડૂતોની પણ ખૂબ જ ચિંતા કરીને દરેક ખેડૂત માટે આ વખતે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર માટે ૨૧,૬૦૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એ બદલ સરકારશ્રીનો ફરીથી હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. કૃષિમાં પ્રાકૃતિક ખેતીની વાત કરું તો પ્રાકૃતિક ખેતી માટે આપણા રાજ્યપાલશ્રી હરહંમેશ પ્રયત્નશીલ રહેતા હોય છે અને દરેક ખેડૂતને પણ માર્ગદર્શન આપતા હોય છે અને એનાથી પ્રાકૃતિક ખેતી આગળ વધે એના માટે દરેક જગ્યાએ આયોજન પણ કરવામાં આવે છે. એના માટે પણ આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. દરેક ખેડૂત સારું ઉત્પાદન કરે અને એની આવકમાં પણ વધારો થાય અને સરકારને પણ બોજો ના પડે એના માટે પણ સરકારે આ વખતે નેનો યુરિયાનો એક પ્રોજેક્ટ લાવી, દરેક ખેડૂતના ખેતરમાં નેનો યુરિયાનો છંટકાવ કરવામાં આવે તો એનાથી ઘણો બધો ફાયદો થતો હોય છે. નેનો યુરિયાની થેલી જે હોય છે એનાથી છંટકાવ કરવામાં આવે તો પાકને નુકસાન પણ થતું હોય છે એના બદલે જો નેનો યુરિયાની બોટલ ૨૦૦ રૂપિયામાં મળે છે અને એનાથી ડ્રોન દ્વારા છંટકાવ કરી શકાય છે અને માત્ર ૧૦૦ રૂપિયામાં સમગ્ર એકરની અંદર નેનો યુરિયાથી છંટકાવ કરી શકાય છે. માત્ર ૩૦૦ રૂપિયામાં એક એકરમાં છંટકાવ કરવાથી એ ખેડૂતને અને સરકારને પણ ખૂબ જ ફાયદો થતો હોય છે અને આવકની અંદર ખૂબ સુધારો થતો હોય છે ત્યારે નેનો યુરિયા દ્વારા મારા સમગ્ર વિસ્તારની અંદર આ વખતે જે સાંસદે આદર્શ ગામ લીધેલા છે એ બંને આદર્શ ગામોની અંદર જેટલા પણ ખેડૂતોને નેનો યુરિયા નાખવાનું હતું એની યાદી તૈયાર કરીને નેનો યુરિયાનો મફતમાં છંટકાવ કરી દીધો છે જેથી કરીને આગામી સમયની અંદર બાકીના ખેડૂતો પણ નેનો યુરિયાનો છંટકાવ કરે એના માટે આ વખતે બજેટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફરીથી માનનીય નાણામંત્રી આ બજેટ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને મારો વિચાર રજૂ કરું છું.

**સૌનો વિચાર સૌની સાથે રાખે સી.એમ. અમારા રાખે અમારા હેત**
**બી.જે.પી. સરકારે આપ્યું નંબર વન બજેટ**
**હર એક ઘરના કૂળ દીપકના સપનાં પૂરાં થયાં**
**રાજ્ય સરકારે આપી મજબૂત વિદ્યા વિહાર**

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ હેઠળ ચાલતી સરકારના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે આગામી સત્રમાં ૩ લાખ ૧૧ હજાર ૨૧ કરોડનું મહાકાય બજેટને સર્વાનુમતે લોકોએ વધાવ્યું છે ત્યારે એ બજેટને હું સમર્થન આપું છું અને સાથે સાથે મારા પ્રવાસન વિભાગના વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી બે દાયકા પહેલા ગુજરાતમાં પ્રવાસન વિભાગની વાત કરું, પ્રવાસન સ્થળની વાત કરું તો પ્રવાસન ક્ષેત્રે કોઇ નોંધપાત્ર સ્થાન નહોતું. ગુજરાતના પ્રવાસન સ્થળોની ખૂબ ઓછા લોકોને માહિતી હતી. પ્રવાસન

ક્ષેત્ર જી.ડી.પી.માં ફાળો નોંધાવવાનું એક મહત્ત્વનું સ્થળ છે એવું કોઇએ વિચાર્યું નહોતું. ગુજરાતના પ્રવાસન સ્થળોએ સુવિધાનો અભાવ હતો. ગુજરાતના પ્રવાસન સ્થળોની કનેકટીવીટી યોગ્ય રીતે વિકસી નહોતી. છેલ્લાં ૨૦ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રે ખૂબ વિકાસ કર્યો છે અને પ્રવાસન ક્ષેત્રે ગુજરાતે હાંસલ કરેલી સિદ્ધિ અને સફળતા આજે ઉડીને આંખે વળગે તેવી છે. આજે ગુજરાત સમગ્ર વિશ્વમાં પ્રવાસન ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. વર્લ્ડ ટુરિઝમ મેપ ઉપર આજે ગુજરાત ચમકી રહ્યું છે. પ્રવાસન ક્ષેત્રે સ્થાનિક પ્રવાસીઓ મેળવવાની દૃષ્ટિએ ગુજરાત દેશના ટોચનું સ્થાન ધરાવે છે. જેનો શ્રેય પૂર્વ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે અને આ પ્રવાસન સ્થળ વિકસાવવા માટે હાલના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પ્રયત્નો કરી રહી છે. આ બજેટમાં પણ પ્રવાસનના વિકાસની હરણફાળ માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા રૂપિયા ૨૦૭૭ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે એ માટે કનુભાઇ દેસાઇ સાહેબને અભિનંદન આપું છું. પ્રવાસનક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે ૩૪૬ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. જે પૈકી આઇકેનિક ટુરિઝમ સ્થળોના સંકલ્પ વિકાસ માટે રૂપિયા ૭૦૬ કરોડની જોગવાઇ તેમજ ધાર્મિક, હેરિટેજ, એડવેન્ચર અને ઇકો ટુરિઝમનાં સ્થળોનો વિકાસ કરવા માટે રૂપિયા ૬૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ ખરેખર અભિનંદનને પાત્ર છે. પાવાગઢ, સાપુતારા, અંબાજી જેવા ધાર્મિક સ્થળો અને પ્રવાસનના સ્થળોના વિકાસ માટે સરકારે જે કામગીરી કરી છે એ ખરેખર નોંધ લેવાને લાયક છે. મારા વિસ્તારના વલસાડ જિલ્લાના પાનેરા ડુંગરની વાત કરું તો આ સ્થળ પૂર્વમંત્રી પૂર્ણેશભાઇ મોદીસાહેબે પ્રવાસન વિભાગમાં સમાવેશ કરીને આ પ્રવાસન સ્થળના વિકાસ માટે તે સમયના પૂર્વ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી પણ ત્યાં આવી ચૂકયા છે અને આ સ્થળના ડેવલપમેન્ટ માટે એ વખતે મેં રજૂઆત કરી હતી અને એ રજૂઆત એ માટે હતી કે આ જ પાનેરાના ડુંગર ઉપર શિવાજી મહારાજ ૨૫૦થી ૩૦૦ વર્ષ પૂર્વે આવ્યા હતા અને ઐતિહાસિક કિલ્લો બનાવ્યો હતો. આ કિલ્લો ખંડિત હાલતમાં જઇ રહ્યો હોવાથી તેનું મેન્ટેનન્સ કરવું જરૂરી છે એ વાત મેં સરકાર સમક્ષ રજૂ કરી ત્યારે પૂર્વ મંત્રીશ્રીએ એને અનુમોદન આપીને આ સ્થળના ડેવલપમેન્ટ માટે ૧૪૬,૦૦,૦૦૦ રૂપિયા મંજૂર કરાવી આજે આ સ્થળનું નિર્માણ અને ડેવલપમેન્ટ થઇ રહ્યું છે. આ સ્થળ ઉપર ગુજરાતના હજારો પ્રવાસીઓ આવે છે. હજુપણ ઐતિહાસિક કિલ્લાનું મેઇન્ટેનન્સ કરવા માટે માનનીય મંત્રીશ્રી અને કનુભાઇ દેસાઇ સાહેબને વિનંતી કરું છું કે આ સ્થળના હજુ વધારે ડેવલપમેન્ટ માટે હજુ વધારે ગ્રાન્ટ ફાળવી આપે. પાવાગઢ ખાતે મા કાળીકાના નવનિર્મિત મંદિર ઉપર ૫૦૦ વર્ષ બાદ સુવર્ણ શિખર ઉપર ધજારોહણ આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે કરવામાં આવ્યું છે એ આપણા માટે ગૌરવની બાબત છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર પરની પ્રથમ દિવસની ચર્ચામાં ભાગ લઇ શ્રમ અને રોજગાર વિભાગ ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું અને સમર્થન આપું છું. રાજ્યના યુવાનો પગભર થાય અને આર્થિક રીતે રોજગારીની તકો મેળવે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તે હેતુથી યુવાનોને કૌશલ્યબદ્ધ કરવા ભારતીય જનતા પાર્ટીની સરકાર કાર્યરત છે. ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રમાં નવા નવા કૌશલ્યની જરૂરિયાત ઊભી થાય કુશળ માનવબળની જરૂરિયાત પૂરી પાડવા કૌશલ્ય વિકાસના ક્ષેત્રનો વિકાસ કરી રોજગારીની તકો પૂરી પાડવા સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. શ્રમિકોની સુખાકારી માટે સરકાર કાયદાકીય રીતે અને કલ્યાણકારી યોજનાઓ થકી વિક્રમજનક પગલાં લઇ રહી છે. બાંધકામ શ્રમિકોના કામના સ્થળની નજીક રહેણાકની વ્યવસ્થા કરવા માટે શ્રમિક બસેરાં સ્થાપવા માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના શિક્ષિત યુવાનો કૌશલ્ય ક્ષેત્રે માહિર થઇ શકે તે માટે રાજ્યની આઇ.ટી.આઇ.ના નવા બાંધકામ તથા તેના સુદૃઢીકરણ માટે રૂ. ૨૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અદ્યતન કુશળતા પ્રદાન કરવા માટે પાંચ આઇ.ટી.આઇ.ને મેગા આઇ.ટી.આઇ.માં રૂપાંતર કરવા રૂ.૧૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના વિકાસમાં પોતાનો પરસેવો પાડતા શ્રમિકોને પોતાના કામના સ્થળે પહોંચી બપોરના સમયે પાંચ રૂપિયાના નજીવા દરે પૌષ્ટિક ભોજન કરાવવા માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રૂ.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના શ્રમિકોના આશીર્વાદ સમાન હોઇ આ માટે હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર માત્ર શ્રમિકોની ચિંતા કરે છે એવું નથી પરંતુ દેશના ભવિષ્ય એવા તેમના બાળકોની પણ ચિંતા કરે છે. શ્રમિકોના બાળકો માટે આંગણવાડી, ઘોડિયાઘર તેમજ આરોગ્ય ચકાસણી કેન્દ્રોની સ્થાપના માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. નાણાકીય વળતર આપતી એપ્રેન્ટીસની ભરતી માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ તાલીમ યોજના તે સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ લાગુ કરવામાં આવી છે. ખેતી શ્રમિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવાના હેતુસર શ્રમિક સુરક્ષા યોજના હેઠળ શહેર અને ગ્રામ્ય શ્રમિકો માટેની અકસ્માત જૂથ વીમા યોજના પણ અમલમાં છે. સરકાર દ્વારા વિવિધ ભરતી મેળા દ્વારા યોગ્ય રોજગારીની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજ્યમાં ૪૬ રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રી છેલ્લા છ વર્ષમાં ૧૯ લાખ ૭૭ હજાર ૮૭૨ ઉમેદવારોને તેમજ ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં ૨ લાખ ૪૬ હજાર ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, મુંબઇ જે દેશની આર્થિક રાજધાની ગણાય છે પરંતુ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિથી તથા ગુજરાત સરકારના ઉત્તમ પ્રયાસથી ગાંધીનગરનું ગિફ્ટ સિટી હવે ફાઇનાન્સ હબ બની ગયું છે તે આપણા માટે ગૌરવની વાત છે. હાલમાં તુર્કીમાં આવેલ વિનાશકારી ભૂકંપમાં થયેલ જાનહાનિને લીધે ભારત સરકાર દ્વારા જે મદદ કરવામાં આવેલ તેના લીધે ત્યાંના લોકો કહે છે કે, પહેલાં અમારા માટે અલ્લાહ ત્યારબાદ

બીજા શ્રી નરેન્દ્રભાઇ મોદી અમારા હૃદયમાં વસેલા છે. હું સભાગૃહને જણાવવા માગું છું કે, માનવહિતના આ કાર્ય બદલ ભારતમાં જ નહીં વિશ્વમાં આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની ખૂબ પ્રશંસા થઇ રહી છે અને ભારતનું નામ ખૂબ રોશન કર્યું છે. હું મારા એક વિસ્તારની વાત કરવા માગું છું. રાજકોટ જિલ્લાનું શાપર વેરાવળ અમારું ઔદ્યોગિક ઝોન છે. ત્યાં ૩૫૦૦ ફેકટરીઓ આવેલી છે અને ૧ લાખ ૫૦ હજારથી વધારે લોકોને અમે રોજીરોટી આપીએ છીએ. કોરોનાકાળ દરમ્યાન ત્યાં અમે ત્રણ લાખથી વધુ લોકોને ભોજનની વ્યવસ્થા કરી હતી. બસ, આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય.

શ્રી સંજયસિંહ વિ. મહિડા(મહુધા):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ સન ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર સુરાજ્યના સપનાંને સાકાર કરવા અને રાજ્યના વિકાસની પ્રક્રિયાને વધુ ગતિશીલ બનાવવા પ્રયત્નશીલ છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબજી ગુજરાતના જનહિતના નિષ્ઠાપૂર્વકના જનસેવાના અભિગમ સાથે સુશાસનના સપનાંને ચરિતાર્થ કરવા વિકાસની કેડી રાજ્ય સરકાર દ્વારા કંડારી છે. રાજ્યના પ્રત્યેક નાગરિકોને સરળતાથી સરકારી સેવાઓનો લાભ આપવાની સાથે નાગરિકોની સમસ્યાઓને નિવારવા રાજ્યભરમાં અનેકવિધ પરિણામલક્ષી કામો થઇ રહયાં છે. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજય ધોરીમાર્ગનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે આ વિભાગ દ્વારા વિભાગ અને અન્ય વિભાગોના મકાનની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. વિભાગ દ્વારા વિભાગના લાંબા કોરીડોરની પ્રગતિશીલ યોજના, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જિલ્લા મથકને બાજુના જિલ્લા મથક સાથે ૧૦ મીટર પહોળા રસ્તાનું જોડાણ, કિસાનોને ખેત ઉત્પાદનના વહન માટે કિસાન પથ યોજના, છેલ્લા ત્રણ વર્ષથી અત્યંત પ્રચલિત થયેલ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે યોજના થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહેલ છે જે દેશમાં ગણનાપાત્ર છે. માનનીય અધયક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં ૧૫૨૧ જેટલા પુલો ઉપર ૫૭ માઇનોર બ્રિજ અને ૧ લાખથી વધુ બીજા બાંધકામો આવેલા છે. મધ્ય ગુજરાતના વિકાસ માટે અમદાવાદ, મહેમદાવાદ, મહુધા, ડાકોર રસ્તાને ચાર માર્ગીય પહોળો કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લાની હદમાં રસ્તાની કામગીરી પર રૂપિયા ૭૭૫૦ લાખના ખર્ચે ચાર માર્ગીયકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે. યાત્રાધામ વડતાલ-નડિયાદ રસ્તા ઉપર આવેલ ઓવર બ્રિજનું કામ ૪૩૧૬ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. મધ્ય ગુજરાતમાં ખેતીવાડી વિસ્તાર અને યાત્રાધામોના વિકાસને ધ્યાને લઇ વડલાત-નડિયાદ રસ્તો તથા નડિયાદ-પેટલાદ રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી અનુક્રમે રૂપિયા ૧૭૦૦ લાખના અને રૂપિયા ૨૧૦૦ લાખના ખર્ચે તથા પણસોરા- અલિણાના બનેલા રસ્તા ઉપર નવા બ્રિજની કામગીરી રૂપિયા ૩૫૦ લાખના ખર્ચે હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ખેડા જિલ્લાની વાત કરું તો પવિત્ર યાત્રાધામ ડાકોર જંકશન ખાતે રૂપિયા ૭૩૨૮ લાખના ખર્ચે ફ્લાઇઓવર બ્રિજનું કામ ખેડા-ધોળકા રસ્તા ઉપર વાત્રક નદી ઉપર ૪૫૦૦ લાખના ખર્ચે અને સાબરમતી નદી ઉપર રૂપિયા ૩૪૫૦ લાખના ખર્ચે પુલનું બાંધકામ, નડિયાદ-ડાકર-પાલી રોડ ઉપર ૫૭૨૫ લાખના ખર્ચે ફોરલેનનું કામ, અમદાવાદ-મહેમદાવાદ-નડિયાદ રોડ ઉપર રૂપિયા ૩૩૫૦ લાખનું ફોરલેનનું કામ પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મહુધા વિધાનસભા મારા મત વિસ્તારના રાજય વિભાગ તથા પંચાયત વિભાગ હસ્તક હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં રૂપિયા ૫૭.૯૭ કરોડનાં કુલ ૧૩૮ કામો ૧૪૬.૮૭ કિલોમીટર લંબાઇનાં રસ્તાઓનાં કામો મંજૂર થયેલ છે તે પૈકી ૧૨.૨૯ કરોડના ૩૭ કામો ૬૬.૮૭ કિલોમીટરની લંબાઇ પૂર્ણ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫.૨૧ કરોડનાં ૪૩ કામો ૩૩.૩૦ કિલોમીટરની લંબાઇના પ્રગતિ હેઠળ છે તથા ૩૦.૪૪ કરોડનાં ૫૮ કામો ૪૬.૭૦ કિલોમીટરની લંબાઇના હવે શરૂ થનાર છે. છેલ્લાં ત્રણ વર્ષમાં મહુધા વિધાનસભા મત વિસ્તારમાં મંજૂર થયેલ સૌથી મોટાં કામો પણસોરા-અલિણા-લાડવેલ રોડ ૧૦ મીટર પહોળો અને પુલનું બાંધકામ ૩.૫૦થી શરૂ થનાર છે. વીણાથી નવાગામ વચ્ચે સબમર્સીબલ બ્રિજ ૩ કરોડથી શરૂ થનાર છે. મહુધા-રુદડ રોડ કામ પૂર્ણ છે, કંજોડા ગામે પટેલ સમાજ વાડીથી વિષ્ણુપૂરા મોટી નહેર સુધીનાં રસ્તાનું કામ ૧.૩૫ કરોડનું શરૂ થનાર છે, સિંગાલીથી રાઠોડપૂરા-કુટજને જોડતા રોડનું કામ પ્રગતિમાં છે, નંદગામથી ભૂતિયા વિસ્તારને જોડતા ડામર રસ્તાનું રૂપિયા ૮૮ લાખનું કામ પ્રગતિમાં છે. સણાલી-ઉન્દ્રા રોડ રૂપિયા ૮૪ લાખનું કામ પૂર્ણ છે, સોડપુર કલાળી રોડ કામ પૂર્ણ છે, સુડેલ-પાંચાની મુવાડી-મિયાપુર જવાનો રસ્તો કામ પ્રગતિમાં છે. મહિસા-અનારા રોડ ઉપર મહુધા તાલુકાનું રૂપિયા ૭૩ લાખનું કામ પૂર્ણ છે, શેરીથી આંબલી જોડતા ડામર રસ્તાનું કામ પ્રગતિમાં છે, કુટજ ગામે પરા વિસ્તારને જોડતા રસ્તાનું કામ પ્રગતિમાં છે, મોટી સીલોળ એપ્રોચ રોડ જોઇનિંગ મહેમદાવાદ-નડિયાદ રોડ શરૂ થનાર છે, દહેગામ ગામે હરસિદ્ધિ માતાના મંદિરથી હાથુલી રોડ જોડતા રસ્તાનું કામ પ્રગતિમાં છે. આમ, વિભાગ દ્વારા ઉત્તમ અને ખૂબ સારી કામગીરી ચાલી રહી છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના પવિત્ર મંદિરમાં આપના માધ્યમથી મને પ્રથમ વખત બોલવાનો અવસર પ્રાપ્ત થયો છે તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું તથા અહીં ઉપસ્થિત મધૂર

સ્વભાવ ધરાવનાર માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માનનીય સર્વે મંત્રીશ્રીઓનો તથા સદનના સર્વ મારા સાથી ધારાસભ્યશ્રીઓને કોટિકોટિ વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીના અમૃતકાળના ૭૫ વર્ષે ખરેખર જ્યારે લોકો આઝાદીનો અનુભવ કરી રહ્યા હોય ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મૂળ મંત્ર સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર વિઝન અને મિશન છે. આપણા સૌના માર્ગદર્શક એવા આપણા વૈશ્વિક નેતા અને દેશના લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા ૩૭૦ની કલમ દૂર કરનાર એવા દેશના સક્ષમ ગૃહ અને સહકાર મંત્રી માનનીય અમિતભાઇ શાહ સાહેબના સક્ષમ નેતૃત્વ થકી વારંવાર આપણને સૌને જનતા જનાર્દનના આશીર્વાદ મળતા રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે આપણે ભારત દેશના વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યાં છીએ ત્યારે ભારત દેશ આપણી સંસ્કૃતિમાં રહેલ વસુધૈવ કુટુંબકમ્ જેવા મૂલ્યો થકી દુનિયાને પ્રભાવિત કરવામાં સફળ થયો છે. ૧૫મી વિધાનસભા વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ અત્યાર સુધીનું ગુજરાતનું સૌથી મોટું બજેટ છે જે માટે હું નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. જે કોઇ નવા કરવેરા વિનાનું બજેટ છે, પ્રજાલક્ષી બજેટ છે, માનવ અને સમાજ સુરક્ષાની જનભાવના લઇ ૨૩ ટકાની વૃદ્ધિ સાથેનું બજેટ છે. બજેટના રૂપિયા ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું જંગી બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને મારા અને પ્રજાવતી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં માનનીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીના નેજા હેઠળની સંવેદનશીલ ગુજરાત સરકાર સર્વે ભવંતુ સર્વે સુખીના જેવા મૂલ્યો થકી છેવાડાના માનવીઓ, વૃદ્ધો, દિવ્યાંગો, વિધવાઓ, યુવાનો, મહિલાઓને, આદિવાસીઓની સામાજિક સુરક્ષા ઉપર ખાસ ધ્યાન આપીને તેના અનુરૂપ બજેટ ફાળવીને સામાજિક સુરક્ષાનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે અને આ બજેટ વિકાસલક્ષી બજેટ છે. આમ, આ બજેટ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમ પાર પાડતું ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ છે. સામાજિક સુરક્ષાની વિવિધ કલ્યાણકારી યાજનાઓ જરૂરિયાતમંદ પરિવારો સુધી સુપેરે પહોંચે તે માટે દરેક પરિવારને ફેમિલી ઓળખપત્ર આપવાની નવી બાબત આ બજેટનું અગત્યનું પાસુ છે. આમ, ગુજરાતના વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સર્વ સમાવેશી, સર્વપોષી, સર્વગ્રાહી અને સર્વાંગી વિકાસનું પથદર્શક બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા ભારતના શ્રેષ્ઠ બંધારણને બિન સાંપ્રદાયિકતા લોક કલ્યાણ હેતુ કોઇપણ પ્રકારના નાત, જાત, રંગ, લીંગ કે ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપીને નબળાં વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરીને તેને અનુલક્ષીને પછાત વર્ગો, સામાજિક શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજય સરકારે અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે અને સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોક કલ્યાણ અને સમાજ સુરક્ષા એ પાયાની બાબત છે. જયાં સુધી આ પ્રગતિ સમાજના છેવાડાના વ્યકિત સુધી નહીં પહોંચી ત્યાં સુધી આ સ્વપ્ન પૂરું નહીં થાય. અમારો ધ્યેય સત્તા નહીં પણ સુશાસન છે. સત્તાનો સદઉપયોગ છે અમે પોતાના કે કોઇ પરિવારના કલ્યાણ માટે નહીં પરંતુ જનકલ્યાણ માટે કટિબદ્ધ છીએ. અવિરત વિકાસની યાત્રા વધુ વેગવંતી અને હરણફાળ ભરાવવાના ઉદેશથી આ વર્ષનું બજેટ મુખ્યત્ત્વે પાંચ સ્તંભ ઉપર ધ્યાન કેન્દ્રીત કરતું આ બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ સતંભોમાં સૌથી પ્રથમ અને ખૂબ જરૂરી સ્તંભ એ સામાજિક સુરક્ષાનો પ્રથમ સ્તંભ છે. ગરીબ, વૃદ્ધ, વિધવા, દિવ્યાંગ અને છેવાડાના માણસો માટે પાયાની સુવિધાઓ સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કુલ રૂપિયા ૫૫૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ, વિચરતી જાતિ, વિમુકત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ લઘુમતી સમાજના શૈક્ષણિક અને આર્થિક વિકાસ થકી સામાજિક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે સરકાર સંવેદનશીલ અને કટિબદ્ધ છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લાભાર્થી સુધી પહોંચાડવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓ આ મુજબ છેઃ

નિરાધારા વૃદ્ધ યોજના, સરકારની આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, માનવ ગરિમા યોજના, કુંવરબાઇનું મામેરું યોજના, ડો.બાબાસાહેબ આંબેડકર યોજના, ગણવેશ સહાય યોજના, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજના, કોમર્શિયલ પાયલોટની યોજના, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, સાતફેરા સમૂહ લગ્ન યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યકિતઓને આર્થિક સહાય યોજના, સંકટ મોચન યોજના, ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિની વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સાઇકલ આપવાની સરસ્વતી સાધના યોજના.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભાજપ સરકાર શિલાન્યાસ કરે છે તેનું લોકાર્પણ પણ કરે છે. અમારી કથની અને કરનીમાં સહેજે પણ ફેર નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના સામાન્ય બજેટમાં ચર્ચામાં મને ભાગ લેવાની તક આપવા બદલ આપશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ગુજરાતને સ્વર્ણિમ ગુજરાત બનાવવા માટે એક મહત્ત્વની દિશા આપી છે ત્યારે હાલના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તેમના પગલે ચાલી રહી છે ત્યારે આ બજેટ બતાવી રહ્યું છે કે, સરકાર આ વર્ષે અમૃત મહોત્સવ તરીકે ઉજવી રહ્યું છે ત્યારે અમૃતકાળનું બજેટ ચોક્કસપણે ગુજરાતના વિકાસને ગતિ પ્રદાન કરશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે. ગુજરાતના વિવિધ વિભાગોમાંનો એક મહત્ત્વનો વિભાગ એટલે નાણાં વિભાગ. નાણાં વિભાગે બજેટ સમયે ખૂબ જ ધ્યાન આપવું પડતું હોય છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા આ વિભાગને ધ્યાને લઇને રજૂ કરવામાં આવેલ બજેટ ગુજરાતના વિકાસને ગતિ પ્રદાન કરશે અને સંતુલિત વિકાસ થશે તેવું મારું દ્રઢ માનવું છે. આ બજેટના વાંચનમાં માનનીય નાણામંત્રીશ્રીએ જે જણાવ્યું કે ગુજરાતના વેગવંતા વિકાસની પરિકલ્પના માટે પાંચ મુખ્ય સ્તંભોને ધ્યાને રાખેલ છે ત્યારે પહેલાં સ્તંભમાં સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પાયાની સુવિધા સાથે સામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે અને આ વિકાસયાત્રાને વેગવંતી કરવામાં સહભાગી બનવા માટેનો એક અભિગમ છે. બીજા સ્તંભમાં સંતુલિત વિકાસનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે માનવ સંશાધનોનો વિકાસ કરવાનો અભિગમ છે. ત્રીજા સ્તંભમાં જનસુખાકારી અને આંતરરાષ્ટ્રીય માળખાગત સવલતો ઊભી કરવાનો સંકલ્પ છે. ચોથા સ્તંભમાં વિવિધ ક્ષેત્રે રોકાણકારોને પ્રોત્સાહન આપી રોજગારી ઊભી કરવાનો અને પાંચમા સ્તંભમાં ગ્રીન ગ્રોથ થકી પર્યાવરણની જાળવણી માટે ઉપલબ્ધ સંશાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનો અભિગમ છે. વિવિધ વિભાગોનો સંતુલિત વિકાસ અને યોગ્ય નાણાં ફાળવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ માનનીય નાણામંત્રીશ્રીએ સુપેરે કામ કર્યું છે. કૃષિ, શિક્ષણ, આરોગ્ય, માર્ગ-મકાન, ગ્રામ વિકાસ, શહેરી વિકાસ, ઊર્જા, જળ સંપત્તિ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ઉદ્યોગ તેમજ તમામ વિભાગો માટે બજેટમાં પૂરતી જોગવાઇ કરેલ છે. ઉદ્યોગમાં જોઇએ તો ગુજરાતમાં મીઠા ઉદ્યોગનું એક આગવું સ્થાન છે. ગુજરાતના ૧૬ જિલ્લાઓમાં મીઠા ઉત્પાદનના લીધે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને ગુજરાતના લીધે વિશ્વમાં ભારતનું ત્રીજું સ્થાન છે. વર્ષ ૨૦૧૨-૧૩માં દેશનું મીઠાનું ઉત્પાદન ૨૪૫ લાખ ટન હતું. તેની સામે ગુજરાતનું મીઠાનું ઉત્પાદન ૧૯૪ લાખ ટન થયું હતું એટલે કે રાજ્યનો ફાળો અંદાજિત ૭૯ ટકા જેટલો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ની વાત કરું તો દેશનું મીઠાનું ઉત્પાદન ૨૬૫ લાખ ટન હતું જેની સામે ગુજરાત રાજ્યનું ઉત્પાદન ૨૧૬ લાખ ટન થયું હતું. એટલે કે રાજ્યનો અંદાજિત ફાળો ૮૧ ટકા જેટલો હતો. અગરિયાઓની આર્થિક સ્થિતિ સુધરે એ માટે સરકાર સૉલર પંપની યોજના અમલમાં લાવી. એમાં ગુજરાતમાં અમરેલી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં ૩૯૧૫ લાભાર્થીઓને કુલ રૂ.૯૪,૧૨,૦૬,૫૩૨ની સહાય કરી છે. તેમના આરોગ્યની ચિંતા કરતી સરકાર તેમના કામના સ્થળે મોબાઇલ મેડિકલ વાન દ્વારા શારીરિક તપાસ અને દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરે છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ લઇને આવ્યા છે ત્યારે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેવાનો અવસર મને મળ્યો તે બદલ આપનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાતના સભ્યો સમક્ષ રજૂ કરવા માગું છું કે સરકારશ્રીએ કૃષિને હંમેશા પ્રાધાન્ય આપેલ છે અને ખેડૂતોને વાવણીથી લઈને વેચાણ સુધી દરેક તબક્કે પીઠબળ પૂરું પાડેલ છે. ગુજરાત રાજ્ય એ સમગ્ર દેશના કૃષિ વિકાસનું ગ્રોથ એન્જિન સાબિત થયેલ છે. ખેડૂત કલ્યાણ માટે રાજ્ય તેમજ કેન્દ્ર સકારની વિવિધ યોજનાઓના અમલીકરણ તેમજ યોગ્ય વ્યવસ્થાપન દ્વારા રાજ્યનો ખેડૂત કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બનેલ છે. કૃષિ વિકાસની વણથંભી વિકાસયાત્રા ચાલુ રાખવા સરકારશ્રી દ્વારા વિવિધ મહત્ત્વનાં પગલાં ભરવામાં આવી રહ્યાં છે. મા નર્મદાનું પાણી ખેતર સુધી પહોંચાડી ગુજરાતને ગ્રીન ગુજરાત બનાવ્યું છે. સૂર્યોદય યોજના થકી ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા સૂક્ષ્મ ખેતીને પ્રોત્સાહન મળી રહે અને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ વધારેમાં વધારે વિસ્તાર આવરી લેવાય તે માટે વર્ષ ૨૦૦૫થી સ્પેશિયલ પરપઝ વ્હિકલ તરીકે ગુજરાત ગ્રીન વેલ્યુએશન કંપનીની સ્થાપના કરી છે. જેના પરિણામ સ્વરૂપ જોઈએ તો જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રાજ્યના ૧૩ લાખ ૬૯ હજાર જેટલા ખેડૂતોએ ૨૧ લાખ ૫૯ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. જેના માટે ભારતીય જનતા પાર્ટીએ રૂપિયા ૭.૪૫૯ કરોડથી વધુને સહાય આપી છે. રાજ્યની ખેતીમાં કૃષિ યાંત્રિકોનો વ્યાપ વધારવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ટ્રેક્ટર તેમજ ટ્રેક્ટર સંચાલિત ખેત ઓજારો, સાધનોની ખરીદી માટે કુલ-૫૭.૫૯૫ લાભાર્થીઓને રૂ.૨૪૦ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષે ૨૦૨૨-૨૩માં ૩૬.૧૩૫ લાભાર્થીઓને રૂ.૧૬૩ કરોડની નાણાકીય સહાય આપવામાં આવેલ છે. કિસાનોના મહામૂલ્ય પાકને ભૂંડ, રોઝ જેવા જાનવરો નષ્ટ ન કરે તેના માટે ખેતરને ફરતે કાંટાળી વાડ અથવા સોલાર ફેન્સિંગ બનાવવા માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકાર આપત્તિના સમયમાં હંમેશા ગુજરાતના ખેડૂતોની પડખે અડીખમ ઊભી રહી છે. રાજ્ય સરકારશ્રી દ્વારા વખતોવખત અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, માવઠું વગેરે કુદરતી આપત્તિ સમયે ખેતીના પાકોને થતાં નુકસાન અંગે રાહત પૅકેજ જાહેર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ખરીફ પાકમાં થયેલ ભારે વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાવાના કારણે ૧૬ જિલ્લાઓના ૫૨ તાલુકાઓમાં

અસરગ્રસ્ત ખેડૂતોને પાક નુકસાની અન્વયે કુલ રૂ.૬૩૦ કરોડ ૩૪ લાખનું કૃષિ રાહત પૅકેજ સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૨માં જાહેર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવ કરતાં બજારના ભાવ ઊંચા રહેતાં સમગ્ર દેશમાં ટેકાના ભાવે ખરીદી ઓછી રહેવા પામેલ છે. જ્યારે જરૂર પડે ત્યારે ટેકાના ભાવ થકી ખેડૂતોને મહામૂલા પાકની ખરીદી કરી ખૂબ પ્રોત્સાહિત કરેલા છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને વગર વ્યાજનું રૂ.૩ લાખ સુધીનું ધિરાણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આપે છે. માનનીય વડાપ્રધાનશ્રીએ ખેડૂતોના કલ્યાણને કેન્દ્ર સ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના પ્રત્યેક ખેડૂત કુટુંબોને વાર્ષિક રૂ.૬ હજાર સહાય આપવાની યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી એકંદરે ૧૩ હપ્તાથી ગુજરાતના આશરે ૬૧ લાખથી વધુ ખેડૂતોને સીધેસીધા તેમના બેંક ખાતામાં રૂ. ૧૩.૪૦૨ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવેલ છે. આજના યુગની માંગને ધ્યાને લઈ ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ, વિવિધ સ્માર્ટ ફોન, ખરીદી પર સહાય, ડ્રોનના ઉપયોગથી પ્રવાહી ખાતર અને જંતુનાશક દવાઓ છાંટવા માટે સહાય આપવાની યોજના પણ અમલમાં મૂકી છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્ર પર સામાન્ય ચર્ચામાં ભાગ લેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫માં ભાજપ સરકાર આવી ત્યાર બાદ માનનીય કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. ગામડામાં સમરસ યોજના લાવ્યા અને રૂ.૨ લાખની સહાય થકી રોડ બનાવ્યા તે ભાજપ સરકારનું કામ છે. મહેસાણા જિલ્લામાં વર્ષ ૧૯૮૭માં ૧૧ તાલુકાના રાધનપુર, ચાણસ્મા, હારીજ જેવા ગામોમાં કાચા રસ્તા હતા. વર્ષ ૧૯૮૭માં દુષ્કાળ પડ્યો તે વખતે શ્રી એ. કે. પટેલ અને હું તળાવ ઉપર દર મહિને ગોળ-ચણા આપવા જતા હતા ત્યારે બિલકુલ કાચા રસ્તા હતા અને અમારી સરકાર આવ્યા પછી તાત્કાલિક પાકા રસ્તા બનાવ્યા. હાલ પણ રાધનપુરમાં વાહ વાહ છે. વર્ષ ૧૯૯૫માં કોઇપણ સગવડો ન હતી, કાચા રસ્તાઓ- નેળીયા હતા. દર્દીઓને રેકડીઓ ઉપર દવાખાને લઇ જવામાં આવતા હતા અને દવાખાને પહોંચે ત્યાં સુધીમાં તો પ્રસૂતિ થઇ જતી હતી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સની સુવિધા ચાલુ થઇ અને હવે ૧૦ જ મિનિટની અંદર દર્દીને સારવાર મળી જાય છે. દર દસ કિલોમીટરના અંતરે સરકારી દવાખાના આવેલા છે. પહેલાં સરકાર ૧ રૂપિયો મોકલતી હતી અને ૧૫ પૈસા પહોંચતા હતા અને આજે સરકાર ૧ રૂપિયો મોકલે અને સવા રૂપિયાનું કામ થાય છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ગાદી પર બેઠા પછી મુંબઇથી દિલ્હી જવા માટે આઠ માર્ગીય રોડ બનાવ્યો. જેના થકી આજે ૨૪ કલાકના બદલે ૧૨ કલાકમાં દિલ્હી પહોંચી જવાય છે. કૉંગ્રેસની સરકાર વખતે સાડા ત્રણ મીટરના જ રસ્તા હતા અને અમારી સરકાર આવ્યા પછી રસ્તાઓનું બે માર્ગીયકરણ, ચાર માર્ગીયકરણ અને છ માર્ગીયકરણ કરવામાં આવ્યું. એ વખતે કૉંગ્રેસવાળા કહેતા હતા કે ' વિકાસ ગાંડો થયો છે. ' આ વિકાસ ગાંડો નથી થયો પણ વિકાસ ડાહ્યો થયો છે એટલે જ ૧૫૬ સીટો લાવ્યા છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ઉદ્યોગોના વિકાસની વાત કરીએ તો નવાઇ લાગે. ઉદ્યોગો સ્થાપવા માટેની જરૂરિયાતો જેવી કે, મેનપાવર, લાઇટ, પાણી એ સિસ્ટમથી વર્ષ ૨૦૨૨ પછી ઉદ્યોગોની જે પ્રગતિ થઇ છે એ આ ભારતની નંબર વન પ્રગતિ છે. હું ૧૯૯૫થી લગભગ છ વખત આ વિધાનસભામાં બેઠો છું. મોરબીમાં સિરામિકના માત્ર પાંચ કારખાના હતા. એમાં મારું પણ એક કારખાનું હતું. એ વખતે નાની ભઠ્ઠી હોય અને માત્ર ૨૦૦ પેટીનું જ ઉત્પાદન થતું હતું, જ્યારે આજે બે લાખ પેટીનું ઉત્પાદન થાય છે. મોરબીનો વિકાસ કરવામાં આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને હું અભિનંદન આપીશ. અમે રૂ.૭૦૦૦ કરોડનું બજેટ પણ જોયું અને રૂ. ૩ લાખ કરોડનું બજેટ પણ જોયું છે. નવી નવી યોજનાઓમાં ટેક્સટાઇલની વાત કરીએ તો, ખેડૂતો માટે વર્ષ ૨૦૧૨માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જે યોજના લાવ્યા હતા એ યોજનાના સમગ્ર સૌરાષ્ટ્ર અને મહેસાણામાં પ્રોજેક્ટ નંખાયા છે. કાચા માલમાંથી પાકા માલનું ઉત્પાદન થાય એ માટેની યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. ઉદ્યોગોનો વિકાસ કરવો હોય તો સરકારની મીઠી નજર હોવી જોઇએ. આપણે જો કોઇ ઉદ્યોગ સ્થાપવો હોય તો પરસેવો વળી જાય. પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જમીન પર કામ ચાલુ કરી દે અને બિનખેતી પછી કરે. આ આપણી સરકારનો સપોર્ટ છે. ઉદ્યોગપતિ ઉદ્યોગ સ્થાપે ત્યારે એને જી.ઇ.બી.માં પાંચ ટકાનો ફાયદો થાય, વ્યાજમાં બે ટકાનો ફાયદો થાય તથા અન્ય જરૂરિયાતોમાં પણ ફાયદો થાય. આ માટે હું સરકારશ્રીને અભિનંદન આપું છું. હમણાં જ અમારા મોરબીમાં રેલવે દ્વારા માલ મોકલવા માટે જે રૂ. ૧૨૫ કરોડનું બજેટ મંજૂર કર્યું છે એના માટે હું સરકારશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા વર્લ્ડમાં ૧૨૦ દેશોમાં અમારા ત્યાંથી માલ જાય છે. મીઠાની વાત કરીએ તો કાચું મીઠું બનાવી અને પાકું મીઠું બનાવીએ એ પણ રેલવેમાં જાય છે. ટાઇલ્સની જો હું વાત કરું તો આખા ભારતમાં નહીં પણ વિશ્વમાં ૪૦ ટકા ટાઇલ્સનું ઉત્પાદન મોરબીમાં થાય છે. વર્ષો પહેલા આપણે જોતાં હતા કે, ટાઇલ્સ કોના ઘરમાં હોય તો એ કરોડોપતિના ઘરમાં હોય. જે ટાઇલ્સ આજથી ૧૫ વર્ષ પહેલા રૂપિયા ૨૦૦/-માં ફૂટે વેચાતી હતી એ અત્યારે રૂપિયા ૨૫/-માં

ફૂટે વેચાય છે. શું કામ? એટલા માટે કે સરકારશ્રીનો સપોર્ટ છે. હું તાજેતરમાં જ ધારાસભ્ય થયો. અમારા ઉદ્યોગને સ્પર્શતા પાંચ પ્રશ્નો હતા. શ્રી કનુભાઇએ પાંચમાથી ચાર પ્રશ્નો પૂર્ણ કરી દીધા. અમારા ઉદ્યોગના રોડ બાકી હતા તે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે, ૨૦ ટકા ઉદ્યોગને ભરવાના અને ૮૦ ટકા સરકારશ્રીએ ભરવાના એ બધા રોડ ઉદ્યોગમંત્રીશ્રીએ અઠવાડિયામાં મંજૂર કરી દીધા. બહારના ઉદ્યોગપતિઓ અહીંયા આવે છે, તેઓ શું કામ આવે છે? એમને કનડગત નથી. એમને હપ્તા નથી. એમને જરૂર પડે ત્યારે સરકારશ્રીની કનડગત નહીં, અધિકારીની કનડગત નહીં, કોઇ લુખ્ખાની કનડગત નહીં અને તેથી ઉદ્યોગો સ્થાપવા આવે છે. હું ઉદ્યોગની વાત કરું તો, ઉદ્યોગમાં અલગ અલગ કોર્સની જરૂરિયાત છે. માનો કે આઇ.ટી.આઇ.ના કયા કોર્સની જરૂરિયાત છે? તો આ દેશના વડાપ્રધાન મુરબ્બીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એવો નિર્ણય લીધો હતો અને મને ખબર છે કે તેઓશ્રી વિધાનસભામાં બોલ્યા હતા કે, હીરાની જરૂર હોય તો આઇ.ટી.આઇ. સુરતમાં કરો. સિરામિકની જરૂર હોય તો મોરબી કરો. બ્રાસ પાટની જરૂર હોય તો જામનગરમાં આઇ.ટી.આઇ.માં કોર્સ આપો. મશીનરીની જરૂર હોય તો રાજકોટમાં કોર્સ આપો. આ દૃષ્ટિ હતી. સરકાર તો ૭૨ વર્ષથી ચાલે છે. આ ૨૦ વર્ષમાં જ કેમ ફેરફાર થયો? એ ફેરફાર થવાનું કારણ એ છે કે, પ્રજાના પૈસા તો આવતાં જ હતા પણ પ્રજાના પૈસાનો દુરુપયોગ થતો હતો. એ દુરુપયોગ થતો અટકાવી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજાના પૈસાનો દુરુપયોગ ન થાય અને સાચી દિશામાં જાય એ આ દેશના વડાપ્રધાન મુરબ્બી શ્રી નરેન્દ્રભાઇએ એ સાબિત કરી દીધું. હમણાં અમારા ધારાસભ્યશ્રી બોલ્યા કે, સ્વ. શ્રી રાજીવ ગાંધી બોલ્યા હતા કે રૂપિયો મોકલું છું અને પંદર પૈસા મળે છે. આ દેશના વડાપ્રધાનશ્રીએ ડાયરેક્ટ બધાના ખાતા ખોલાવી દીધા. સીધો રૂપિયા મોકલે અને રૂપિયો જમા થઇ જાય. જામનગરની જો વાત કરું તો બ્રાસ પાટનું ત્યાં ઉત્પાદન થાય છે. રાજકોટમાં મશીનરી થાય. મહેસાણામાં કપાસનું વધારે વાવેતર થાય છે ત્યાં કાપડ બને. અમદાવાદમાં જાઓ તો કેમિકલનું ઉત્પાદન થાય. મારાં એક-બે સૂચન છે કે દરિયાકિનારે એવી જમીનો પડી હોય ત્યાં કેમિકલનો ઉદ્યોગ સ્થાપવામાં આવે અને જી.આઇ.ડી.સી.ઓ મંજૂર કરવામાં આવે તો સમગ્ર ગુજરાતનો આધાર ૧૬૦૦ કિ.મી.ના દરિયાનો પણ લાભ મળે અને જે જે ઉદ્યોગોને ખારું પાણી મળતું હોય તો એનો પણ ઉપયોગ થાય. ઉદ્યોગની દૃષ્ટિમાં જે જરૂરિયાત છે એમાં મને તો એવું લાગે છે કે આવતા પાંચ વર્ષમાં આપણો બધો માલ હાલ રેલવેમાં તો જાય છે પરંતુ કાર્ગોમાં પણ જશે. શું કામ? આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇએ એરપોર્ટની જે વાત કરી એના ડેવલપમેન્ટ માટે પણ પૈસા ફાળવ્યા છે. બજેટમાં અલગ અલગ યોજનાઓ ફાળવી છે પણ જે યોજના ફાળવી છે એનો યોગ્ય ઉપયોગ થાય એ દિશામાં કામ કરવા વાળી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. સરકારશ્રીએ હમણાં ખાતમુહૂર્ત કર્યું અને સમયે જ કામ થઇ જાય. અમે એવું પણ જોયું છે કે વર્ષ ૧૯૯૭માં હું તાલુકા પંચાયતનો સભ્ય થયો હતો ત્યારે અમને ખાલી ૫ હળની સબસિડી આપે તે માટે કોંગ્રેસની સરકારમાં અમને ફોર્મ આપતા હતા અને અમે રાજી થતાં હતા, પણ અત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અબજો રૂપિયાની સબસિડી ઉદ્યોગવાળાઓ અને ખેડૂતોને આપે છે. એ સબસિડી ડાયરેકટ ઉદ્યોગવાળા અને ખેડૂતને મળે એ માટે આ વહીવટી કામ જે ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે એને હું અભિનંદન આપું છું. સરકારની નીતિ જો સાચી હોય તો મને સો ટકા લાગે છે કે એનો વિકાસ થાય. જયારે સમગ્ર ભારત દેશમાં અને વિશ્વમાં કોરોના હતો ત્યારે મોરબીથી ૩૮ ટ્રેન કામ કરવાવાળાની ભરીને એને અઠવાડિયાનું રોજ આપ્યું. આ ગુજરાતના મારા મતદારો આખા દેશમાં રહે છે. કોરોનામાં એક ટ્રેન પણ અહીંયા આવવાની ભરાણી હોય તો હું રાજીનામું આપી દઉં. શું કામ નથી? ગુજરાતમાં બેકારી નથી. ગુજરાતમાં કામ મળે છે. રાજસ્થાનમાં એમની સરકાર છે. ગુજરાતના કેટલા રાજસ્થાનમાં છે? અને રાજસ્થાનથી કેટલા ગુજરાતમાં કામ કરવા આવે છે? મહારાજ હોય તો રાજસ્થાનવાળા, કોન્ટ્રાકટ રાખે તો રાજસ્થાનવાળા, કામ કરવાવાળા રાજસ્થાનના, શું કામ? આ ગુજરાતમાં વિકાસ થયો છે અને તે માટે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને આ સમગ્ર સભાગૃહે અભિનંદન આપવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાન્તિલાલ, આપનું પ્રવચન પૂરુ થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ બપોરના ૩-૦૦ કલાકે ફરીથી મળશે.

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય નાણાં મંત્રી જે ઐતિહાસિક બજેટ લાવ્યા છે રૂપિયા ૩,૦૧,૦૨૨ કરોડનું. તે બજેટને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના વિકાસમાં જય જવાન, જય કિસાનનો નારો અદભૂત નારો રહ્યો. માનનીય વડાપ્રધાન મોદી સાહેબે એક રાષ્ટ્રના નિર્માણ માટે ત્રીજો નારો જય ઉદ્યોગ સાહસિકનો એડ કર્યો. એમ.એસ.એમ.ઇ. સેકટર, ખેતી પછી જો કોઇ બીજા નંબરનું રોજગાર આપતું સેકટર હોય તો એમ.એસ.એમ.ઇ. સેકટર છે. ભારતના વિકાસમાં એમ.એસ.એમ.ઇ.નું બહુ મોટું મહત્ત્વ છે અને એમાં પણ ગુજરાત રાજય એ ઉદ્યોગનું એક હબ છે. હાલની તા.૨૮.૦૨.૨૦૨૩ની સ્થિતિએ વાત કરીએ તો એમ.એસ.એમ.ઇ. એકમો ૧૧ લાખથી વધુ ગુજરાતમાં રજિસ્ટર્ડ થયેલા છે. ગુજરાત એ ઉદ્યોગકારોની ભૂમિ છે. અહીં એમ.એસ.એમ.ઇ. માટે સરકારે બહુ બધી યોજનાઓ આપી છે. એમાં પણ વર્ષ ૨૦૨૦માં જે નવી ઇન્ડસ્ટ્રીયલ પોલિસી સરકાર લાવી, એમાં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી બાયફરગેશન કર્યું કે એવા કેટલા તાલુકા કે જેમાં ઔદ્યોગિક વિકાસ ઓછો થયેલો છે, એવા કયા તાલુકા કે જેનો મધ્યમ ઔદ્યોગિક વિકાસ થયો છે અને એવા કયા તાલુકા કે જે પૂર્ણ વિકસિત છે. તો એવા ૧૧૯

તાલુકાને કેટેગરી એક આપી છે. ૭૬ તાલુકાને કેટેગરી બે આપી છે અને ૫૬ તાલુકા એવા છે વિકસીત થયા છે એને કેટેગરી ત્રણ આપી છે. સરકારે દરેક દિશામાં વિકાસ થાય, કોઇ પણ તાલુકો ઉદ્યોગોની બાબતમાં પાછળ ન રહી જાય એટલે આ ૧૧૯ તાલુકા હતા તેના માટે વિશેષ સબસિડી આપી છે. એટલે એમાં કોઇ પણ ઉદ્યોગકાર જો પોતે ટર્મ લોન લે છે, દા. ત. ૧ કરોડ ૪૦ લાખની ટર્મ લોન લે છે તે તેને ૨૫ ટકા લેખે સરકાર એને ૩૫ લાખ રૂપિયાની સહાય આપે છે. સાથે સાથે કેટેગરી વનમાં, એટલે કે જે તાલુકો મધ્યમ તાલુકો છે એમાં કોઇ વ્યાજ સહાય બેંકની લોન લે છે તો તેને ૭ ટકા લેખે ૭ વર્ષ સુધી સરકાર તેને વ્યાજ ચૂકવે છે. સાથે સાથે કેટેગરી બેમાં કે જે મધ્યમ વિકાસ થયેલો છે ત્યાં પણ જે ટર્મ લોન લે છે તેના ૨૦ ટકા એટલે કે દોઢ કરોડ રૂપિયાની કોઇ ટર્મ લોન લે છે તો તેને રૂપિયા ૩૦ લાખની સરકાર સહાય આપે છે અને સાથે સાથે ૬ વર્ષ સુધી ૬ ટકા લેખે તેનું વ્યાજ સરકાર ચૂકવે છે. એવી રીતે જે વિકસિત થઇ ગયેલા તાલુકા છે, જયાં વિકાસ થઇ ગયો છે પણ છતાં ત્યાં નાના ઉદ્યોગકારને ઉદ્યોગ કરવો છે તો તેના માટે પણ સરકારે ચિંતા કરી છે અને એ રૂપિયા ૧ કરોડની ટર્મ લોન લે છે તો તેને ૧૦ ટકા લેખે ૧૦ લાખ રૂપિયાની સહાય મળે છે. એટલે ગુજરાત સરકારે જે વિકાસ માટે, સર્વસ્પર્શી વિકાસ માટે જે બજેટ ફાળવ્યું છે તેને હું આવકારું છું. સાથે સાથે મીની ઇન્ડસ્ટ્રીયલ પાર્ક કે જે આ તાલુકા છે, જે વિકાસથી વંચિત રહી ગયેલા છે એવા તાલુકામાં કોઇ મીની ઇન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના કરે તો જમીનનો ખર્ચ, સ્ટેમ્પ ડ્યૂટીનો ખર્ચ, બાંધકામનો ખર્ચ એના ૫૫ ટકા જેટલી રકમ એ સરકાર એને રીએમ્બર્સમેન્ટના રૂપમાં આપતી હોય છે. એટલે કે ૪૫ ટકા જેટલી કિંમતમાં શેડ બની જતો હોય છે. ત્યારે હું આપના માધ્યમથી સર્વ સભ્યોને કહું છું કે દરેક સભ્ય આપણે તાલુકામાં લીડ લઇ અને જે આ સરકારની યોજના છે તેને આપણે મૂર્તિમંત કરવા માટે દરેક તાલુકો વિકાસમાં સહભાગી થાય, કારણ કે ટોટલ મૂકીએને તો કોઇ પણ ઉદ્યોગ આ જે ત્રીજી કેટેગરીમાં કરે છે તેને ટોટલ રોકાણના ૮૦ ટકા એસ.જી.એસ.ટી. પાછું મળે છે, બીજી કેટેગરીમાં ૯૦ ટકા એસ.જી.એસ.ટી. પાછું મળે છે. એટલે ટોટલ રોકાણ કર્યું હોય તેનું ૯૦ ટકા પાછું મળે, કેટેગરી વન છે અને જેને બેકવર્ડ તાલુકો કહીએ, ઔદ્યોગિક રીતે ઓછો વિકાસ થયો છે તેને સો એ સો ટકા એસ.જી.એસ.ટી. પાછું મળે છે. એટલે વિકાસ કરો કે નાના ઉદ્યોગકારને ડેવલપ કરવા માટે કેટલી સહાય કરે છે. કોઇ પણ મોટો ઉદ્યોગકાર એક સમયે નાનો હોય, શ્રી કરસનભાઇની નિરમા હોય, તો એક સમયે એ નાના જ ઉદ્યોગકાર હતા, સોની હોય, સેમસંગ, દુનિયાની કોઇ પણ મોટી કંપની એક સમયે એમ.એસ.એમ.ઇ. જ હતી, નાની જ હતી. આ સરકારે ૧૧ લાખથી વધુ રજિસ્ટર્ડ થયેલા ઉદ્યોગો માટે.......

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રકાશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ગૃહમાં હાજર તમામ સભ્યશ્રીઓને મારા જય રણછોડ. કેમ કે હું ડાકોરથી આવું છું. ફાગણી પુનમ છે એટલે ડાકોરમાં આજે ૮થી ૧૦ લાખ માણસો દર્શને આવી રહ્યા છે ત્યારે ભગવાન શ્રી રણછોડને યાદ કરું છું. બધાં બોલો જય રણછોડ.. આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબ સન ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર લઇને ગૃહ સમક્ષ આવ્યા છે, તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે રહેણાકના કાર્યક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સરકારે વિધાનસભામાં જરૂરી વિધેયક પસાર કરી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની સ્થાપના કરેલ છે અને તા.૧-૪-૧૯૭૩થી આ બોર્ડ અમલમાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડ એક્ટના સેક્શન-૨૫ અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વ્યક્તિઓને કિફાયતી દરે આવાસોની સુવિધા ઉપલબ્ધ કરાવવી અને તેના માટે રાજ્ય સરકાર દ્વારા તે મુજબની જુદી જુદી આવાસ યોજનાઓ આપવામાં આવે તેનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. આવાસ બાંધકામ અંગે જરૂરી જમીન સરકારશ્રીના મહેસૂલ વિભાગ દ્વારા તા.૧૨-૧૨-૧૯૮૬ના ઠરાવ ક્રમાંક-જમન-૩૯૮૩-યુ-ઓ-૯૮/ગ મુજબ બોર્ડને જે તે કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જમીન કિંમત વસૂલીને ગ્રાન્ટ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી માલિકીની જમીન બોર્ડ દ્વારા ગીરો/વેચાણ દસ્તાવેજથી મેળવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડનો તાજેતરનો પૂર્ણ પ્રોજેક્ટની વિગતો આપતાં જણાવવાનું કે મોજે રૂંઢ સુરત ખાતે બોર્ડની યોજના પૂર્ણ થયેલ છે, જેમાં લાભાર્થીઓને એલ.આઇ.જી. યોજના હેઠળ કુલ ૨૦૮ આવાસો બનાવેલા છે. જેમાં બે બેડરૂમ, હોલ, કિચનનું બાંધકામ આપવામાં આવે છે. તેમાં લાભાર્થીની આવક મર્યાદા ૩ લાખ રૂપિયાથી ૬ લાખ રૂપિયાની રાખવામાં આવી છે. એક આવાસની કિંમત ૨૨.૫૮ લાખ રૂપિયા રાખવામાં આવેલ છે. એલ.આઇ.જી. આવાસ માટે કુલ ૨૮૭ અરજી મળેલ, જે પૈકી ૨૨૯ અરજી માન્ય રહેતા એન.આઇ.સી. કમ્પ્યુટર ડ્રો દ્વારા ૨૦૮ લાભાર્થીને ફાળવણી કરવામાં આવેલ છે. ૧૬૨ લાભાર્થીઓને હાલ કબ્જા સુપ્રત કરી દેવામાં આવેલ છે. તા.૨૭-૮-૨૦૨૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આવાસોનું લોકાર્પણ કરવામાં આવેલ છે. આ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ માગણીને હું મારું સમર્થન જાહેર કરું છું. આભાર.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર(માતર):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબ ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું.

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવા, રાજ્યના વિકાસની પ્રક્રિયા વધુ ગતિશીલ બનાવવા પ્રયત્નશીલ છે. આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રબોધેલા ગુજરાતના જનહિતની દિશામાં નિષ્ઠાપૂર્વકના જનસેવાના અભિગમ સાથે સુશાસનના સ્વપ્નને ચરિતાર્થ કરવા વિકાસની કેડી રાજ્ય સરકાર દ્વારા કંડારવામાં આવી છે. રાજ્યના પ્રત્યેક નાગરિકને સરળતાથી સરકારી સેવાઓનો લાભ આપવાની સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવાના રાજ્યભરમાં અનેકવિધ પરિણામલક્ષી કામો થઇ રહ્યા છે. ઇ-ગ્રામ, ઇન્ફર્મેશન ટેક્નોલોજીના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઇ-સેવાઓ જેવી ઇ-સેવાઓ ગ્રામ્ય કક્ષાએ મળી રહે તે આશયથી ગુજરાત સરકાર દ્વારા ઇ-ગ્રામ,વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્યની ત્રિસ્તરીય પંચાયતીરાજની સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને ઇન્ટરનેટ દ્વારા રાજ્યના સચિવાલય સાથે સાંકળી પંચાયતીરાજની સંસ્થાઓનું સુદ્રઢીકરણ કરવાનું આયોજન ધ્યાને લઇ વર્ષ ૨૦૦૭-૦૮માં તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની અધ્યક્ષતામાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની રચના કરવામાં આવેલ. હાલ રાજ્યમાં કુલ ૧૪,૧૮૧ ઇ-ગ્રામ સેન્ટર કાર્યરત છે. જેમાં પ્રાથમિક પરંતુ મહત્ત્વની સેવાઓ જેવી કે આધારકાર્ડ, જન્મ અને મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્ય પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ. યાદી, ૭/૧૨, ૮/અના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ, ઇ-શ્રમ કાર્ડ, રજિસ્ટ્રેશન જેવી વિવિધ યોજનાઓ માટેના અરજીપત્રો/ફોર્મ્સ, ધોરણ-૧૦ અને ૧૨ના રિઝલ્ટ, મોબાઇલ રીચાર્જ વિગેરે જેવી ૩૨૧ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે અને દર વર્ષે અંદાજે ૪.૫૦ કરોડ ટ્રાન્ઝેકશન ઇ-ગ્રામ સેન્ટર થકી થાય છે. વહીવટી અને વાણિજ્ય સેવાઓ જેવી કે વીમા, નાની બચત, બેંક વગેરે સેવાઓ ગ્રામ પંચાયતો ખાતેથી પૂરી પાડવા માટે ઇ-ગ્રામ એક આઇ.ટી. હબ તરીકે કામ કરી રહેલ છે. ઇ-ગ્રામ ખાતેથી ઉપરોકત તમામ સેવાઓ આવક વહેંચણીના ધોરણે (પી.પીપી. )ગ્રામ કમ્પ્યુટર સાહસિક દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની નિમણૂક ગ્રામ પંચાયતો માટે વધારાની આવક તેમજ ગ્રામ્ય યુવકો માટે સ્વરોજગારીની તકો ઊભી કરી રહેલ છે. ગ્રામ કમ્પ્યુટર સાહસિક ગ્રામ પંચાયતની પ્રાથમિક સેવાઓ ઉપરાંત ઇન્ટરનેટ બેઇઝડ સેવાઓ, વીજળીના બિલ, ટેલિફોનના બિલ વગેરે સ્વીકારવાની સેવાઓ પૂરી પાડી રહેલ છે. આમ રાજય સરકારની વિવિધ સેવાઓ ગ્રામજનોને ગામ્ય કક્ષાએથી મળવાને કારણે તેઓના સમય અને નાણાંનો બચાવ થાય છે અને ગ્રામ્ય કક્ષાએ શહેરી વિસ્તારની સેવાઓ મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા ડિજિટલ સેવા સેતુની જેમ ગ્રામજનોને ગામમાં જ ઇ-સેવાઓ મળી રહે તે હેતુથી કોમન સર્વિસ સેન્ટર યોજના દેશભરમાં લાગુ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજય દ્વારા અગાઉથી જ ઇ-ગ્રામ યોજના શરૂ કરેલ હોઇ તેની નોંધ લઇ તા.૪-૨-૨૦૧૦થી જ તમામ ઇ-ગ્રામ સેન્ટરને કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) જાહેર કરવામાં આવેલ હતા. આમ, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી વિકાસને વરેલી આ સરકાર ડિજિટલ ઇન્ડિયા દ્વારા ડિજિટલ સેવા સેતુ થકી આત્મનિર્ભર ભારતની પ્રતિબદ્ધતા સાકાર કરી ગુજરાત દેશનું દિશા નિર્દેશક રહેલ છે. રેકર્ડ ડિજિટાઇઝેશન-૩૩ જિલ્લા પંચાયતો અને ૨૪૮ તાલુકા પંચાયતોનું રેકર્ડ, ડિજિટલ ફોર્મમાં લાંબાગાળા સુધી સચવાઇ રહે તેમજ જયારે જરૂર પડે ત્યારે તાત્કાલિક મેળવી શકાય તે હેતુસર રેકર્ડ ડિજિટાઇઝેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જિલ્લા/ તાલુકા પંચાયતનું રેકર્ડ ડિજીટાઇઝેશન ઇ-સરકાર પોર્ટલ પરની કામગીરી સરળ અને ઝડપી બનાવશે જે અંતર્ગત જુદી જુદી તાલુકા, જિલ્લા પંચાયતોમાં અંદાજે ૪ લાખ ફાઇલોના ૮.૫૦ કરોડ પૃષ્ઠોની ડિજીટાઇઝેશનની કામગીરી કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મને બોલવાની તક આપી એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૩-૨૪ માટે આ સભાગૃહ સમક્ષ અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમૃતકાળના આગામી પચ્ચીસ વર્ષ માટે રાજયના વિકાસની દીશા નિર્ધારીત કરતું અને વિકસિત ભારતના નિર્માણમાં સહયોગી બનવા માટે રૂપિયા ત્રણ લાખ એક હજાર બાવીસ કરોડનું જે ઐતિહાસિક કહી શકાય તેવું સ્વર્ણિમ બજેટ રજૂ કરવા બદલ મૃદુ અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને હ્દયપૂર્વકના અભિનંદન આપું છું. રાજયમાં શિક્ષિત યુવાનોને રોજગારી મળે તે માટે વિવિધ રીતે આ રાજય સરકાર રોજગારી નિર્માણનું કામ કરી રહી છે. ઔદ્યોગિક અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં નિપુણ કૌશલ્ય ધરાવતા યુવાનો માટે નોકરીની તકો રાજય સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે. ઉદ્યોગો અને કારખાનામાં કામ કરતાં શ્રમિકો માટે અને તેની સુખાકારી માટે તેમના હક્કો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં પણ મૂકવામાં આવી છે. અમારી સરકાર દ્વારા હાલમાં બાંધકામ શ્રમિકો અને તેના આશ્રિતો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ હાલ કાર્યરત છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ માત્ર પાંચ રૂપિયાના રાહત દરે કડિયાનાકાઓ ઉપર પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. હાલ આશરે ૧૦૦ કડિયાનાકા ઉપર આ વિતરણ કરવામાં આવે છે. ધનવંતરી આરોગ્ય રથ યોજના હેઠળ શ્રમિકો અને તેના પરિવારોના સ્વાસ્થ્ય માટે સરકાર કાર્ય કરી રહી છે. શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોના બે બાળકો માટે ધોરણ-૧થી લઇ પી.એચ.ડી. સુધીના વિવિધ અભ્યાસ માટે રૂ.૧૮૦૦થી લઇન રૂપિયા બે લાખ સુધીની શિક્ષણ સહાય આપવામાં આવે છે. પ્રસૂતિ સહાય યોજના હેઠળ નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને સરકારશ્રી દ્વારા પ્રથમ બે પ્રસૂતિ માટે પ્રતિ પ્રસૂતિ રૂ.૩૭,૫૦૦ની સહાય

આપવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અન્વયે નોંધાયેલ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ.૨૫,૦૦૦ના બોન્ડ આપવામાં આવે છે. આકસ્મિક મૃત્યુ સહાય યોજના અન્વયે નોંધાયેલ કે ન નોંધાયેલ હોય તેવા શ્રમિકના બાંધકામ સ્થળ ઉપર ચાલુ કામ દરમિયાન અકસ્માતે મૃત્યુ થતા વારસદારોને રૂ.૩ લાખની સહાય આપવામાં આવે છે.શ્રમિકના અકસ્માતના લીધે કાયમી અશક્તતા આવે તો રૂપિયા ૩ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. ગો-ગ્રીન શ્રમિક યોજના હેઠળ શ્રમિક બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર વાહનની ખરીદી કરે તો વાહનની કિંમતના ૫૦ ટકા અથવા તો રૂપિયા ૩૦ હજાર એ બેમાંથી ઓછું હોય તેની મર્યાદામાં એક વખત સબસિડી આપવામાં આવે છે. પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના હેઠળ રૂપિયા ૨ લાખના જીવન વીમા કવચ માટે ૧૮થી ૫૫ વર્ષના નોંધાયેલા બાંધકામ શ્રમિકોને વાર્ષિક રૂપિયા ૪૩૬ના પ્રીમિયમની ૫૫ વર્ષની ઉંમર સુધી રિએમ્બર્સ કરવામાં આવે છે. આ અમૃત સમા ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા લવાયેલ ખૂબ જ ઉપયોગી અને સમતોલ અંદાજપત્રને સન્માનનીય ગૃહ સમર્થન આપે તે માટે હું વિનંતી કરું છું. આભાર. ભારત માતા કી જય.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રણાલી એવી રહી છે કે જ્યારે વિધાનસભા ગૃહમાં બજેટની ચર્ચાઓ થતી હોય અને વિભાગની માગણીની ચર્ચા થતી હોય ત્યારે એ વિભાગના મંત્રીશ્રીએ સભાગૃહની અંદર હાજર રહેવું ખૂબ જ જરૂરી હોય છે. હું માનનીય દંડકશ્રીને વિનંતી કરીશ કે ફાઇનાન્સના અંદાજપત્રની ચર્ચા ચાલે છે અને માનનીય મંત્રીશ્રી કોઇ કારણસર ન આવ્યા હોય. પણ એ પ્રણાલિકા તૂટે છે એ ખોટું છે. વિપક્ષના સભ્ય તરીકે સરકારનું અમે ધ્યાન દોરીએ છીએ એની નોંધ જે તે વિભાગના મંત્રીશ્રી લેતા હોય છે. પણ કાંઇ વાંધો નહીં. જે રીતે સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્ર સાથે ગુજરાતની અંદર ઐતિહાસિક વિજય પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. સ્વભાવિક છે કે પ્રજાનો ચુકાદો એ ભારતીય જનતા પાર્ટીને મળ્યો છે ત્યારે કહેવત છે કે જે છોડ ઉપર ફળ કે ફૂલ આવતા હોય એણે હંમેશા ઝૂકવું પડે. પરિસ્થિતિ જુદી છે. સરકારમાં બહુમતી આવે એનું ગૌરવ જરૂર હોવું જોઇએ, પણ એનું અભિમાન ન હોવું જોઇએ. એ અનુસંધાનમાં હું કહેવા માગીશ કે ''કૂછ લોગો કી ખ્વાહીશ હૈ, કૂછ લોગો કે અરમાન હૈ. જિન કે પૂરે હો ગયે, ઔર જિન કે બાકી હૈ વો હી અભિમાન હૈ બાકી.'' રાજ્યના નાણાં મંત્રીશ્રી રૂપિયા ૩ લાખ ૨૨ કરોડનું બજેટ લઇને આવ્યા છે ત્યારે વિકાસની વાતો તો થઇ પણ જે રીતે ગતિશીલ ગુજરાતનું જે સૂત્ર આપ્યું એ સૂત્ર સાથે આ રાજ્યનું દેવું પણ એટલી જ ગતિથી વધી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્ર રજૂ કર્યા પછી જે માહિતી આ વિધાનસભાના દરેક સભ્યશ્રીને આપી એના અનુસંધાનમાં કહેવા માગીશ કે આ રાજ્ય સરકારની આ વર્ષે અંદાજિત આવક રૂપિયા ૨ લાખ ૯૭ હજાર ૪૯૧ કરોડ કરતાં વધારે થવા જઇ રહી છે. એટલે રોજની રૂપિયા ૫૧૫ કરોડની આવક આ સરકારને થવાની છે. આ આવકના અનુસંધાનમાં વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી ખર્ચ થતો હોય છે. એમાં વિકાસલક્ષી ખર્ચ પાછળ આ રાજ્ય સરકાર રૂપિયા ૧ લાખ ૯૧ હજાર કરોડ કરતા પણ વધારાની રકમ વિકાસલક્ષી ખર્ચની પાછળ ખર્ચ કરવાની છે એટલે રોજના રૂપિયા ૫૨૩.૩૧ કરોડ રાજ્યના વિકાસ માટે ખર્ચ કરવાની છે એની સામે બિન વિકાસલક્ષી ખર્ચ જે રાજ્ય સરકાર કરવા જઇ રહી છે એ અંદાજપત્ર મુજબ અંદાજ બતાવ્યો છે એ રૂપિયા ૭૭ હજાર ૧૪૭ કરોડ કરતા વધારાની રકમ બિન વિકાસલક્ષી ખર્ચ સરકાર રજૂ કરવા જઇ રહી છે. ગુજરાતના ઇતિહાસમાં ૧૫૬ સીટો લાવ્યા પછી ભારતીય જનતા પાર્ટી જેને કહેવાય કે પ્રજાના નાણાં એ ખોટી રીતે જ્યાં વપરાતા હોય એ બિન વિકાસલક્ષી ખર્ચમાં વપરાય છે અને આ રાજ્ય સરકાર રોજના બિન વિકાસલક્ષી ખર્ચમાં ૨૧૧.૩૬ કરોડ રૂપિયા ખર્ચ કરવા જઇ રહી છે. સરકાર દ્વારા જે આવકના સ્ત્રોત હોય એ આવકના સ્ત્રોતોમાં મેં જે રીતે વાત કરી કે ૮૧૫ કરોડ રૂપિયા રોજની આ રાજ્ય સરકારને આવક થવાની છે અને આવકના સ્ત્રોતને આધીન જે રાજ્યના કરવેરા હોય એ કરવેરામાં રોજની રાજ્ય સરકારને ૪૪૭.૮૨ કરોડ રૂપિયાની કરવેરાની આવક થવાની છે. કર સિવાયના વેરા છે એમાં પણ ૪૬.૬૦ કરોડ રૂપિયા રોજના રાજ્ય સરકારને આવક થવાની છે. આ રાજ્યમાં જી.એસ.ટી. લાગુ થયા પછી રાજ્ય સરકારને જી.એસ.ટી.ની આવક થઇ છે જે અંદાજ વર્ષ ૨૦૨૩-૨૪ માં લગાવવામાં આવ્યો છે એ ૬૬ હજાર ૩૦ કરોડ રૂપિયાની જી.એસ.ટી.ની આવક રાજ્ય સરકારને થવા જઇ રહી છે. એટલે રોજની ૧૯૦.૮૦ કરોડ રૂપિયાની આવક એ જી.એસ.ટી.ના માધ્યમથી આ રાજ્ય સરકારને થવાની છે. જી.એસ.ટી. સિવાયના વેરામાં રાજ્ય સરકારને રોજના ૧૯૯.૫૯ કરોડ રૂપિયાની આવક થવાની છે. આવકના સ્ત્રોતો સામે રાજ્ય સરકાર જે ખર્ચ કરવા જઇ રહી છે, જે રીતે મેં બિન વિકાસલક્ષી ખર્ચની વાત કરી. એ બિન વિકાસલક્ષી ખર્ચમાં ૨૧૧ કરોડ કરતા પણ વધારે રકમ વાપરવા જઇ રહી છે. રાજ્ય સરકારે જે બજેટ રજૂ કર્યું એ ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડ રૂપિયાના બજેટમાં એમ કહેવાયું કે રાજ્યના વિકાસ માટેનું આ બજેટ છે અને આ રાજ્યના વિકાસની પાછળ આ બજેટનો ઉપયોગ કરવામાં આવશે. સરકારે આપેલી માહિતીને આધીન આ રાજ્ય સરકારના જેટલા પણ વિભાગો છે એ વિભાગોના માધ્યમથી અંદાજપત્રમાં જે રકમને ફાળવવામાં આવી છે એમાં આપણે જોઇએ તો દરેક વિભાગની પાછળ મહેસૂલી ખર્ચની વાત કરું છું. મહેસૂલી ખર્ચ પાછળ ૧ લાખ ૨૨ હજાર ૪૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારાનો ખર્ચ એ ગુજરાત સરકાર તમામ વિભાગોમાં કરવાની છે. રૂપિયા ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડના બજેટની સામે રાજ્ય સરકારના વિભાગોમાં ૧ લાખ ૨૨ હજાર ૪૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારાની રકમ આ રાજ્ય સરકારે ફાળવી છે.

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, એનો મતલબ એવો થયો કે રાજ્યના અંદાજપત્રની અંદર બતાવેલી રકમ જે માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે એની પાછળ સરકારના વિભાગોના મહેસૂલી ખર્ચ માટે જે ખર્ચ થવાનો છે એ ૫૦ ટકા કરતા પણ ઓછી રકમ આ બજેટના સ્ત્રોતથી વિભાગોને ફાળવવામાં આવી છે. બીજી બાજુ આપણે જોઇએ તો રાજ્ય સરકાર જે બજેટ લઇને આવી છે એ બજેટને આધીન જે દેવાની ચૂકવણી કરવાની છે એ દેવાની ચૂકવણી રૂપિયા ૨૭૮,૦૧ કરોડ કરતા પણ વધારાની રકમ રાજ્ય સરકાર દેવાની ચૂકવણીની પાછળ કરવા જઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, એનો મતલબ એવો થયો કે રાજ્ય સરકાર રાજ્યના પ્રજાકીય નાણાંની આવક છે એ આવકની પાછળ, એ નાણાંની પાછળ ૭૬.૧૬ કરોડ રૂપિયા રોજના ફક્ત ચૂકવણી પાછળ રાજ્ય સરકાર ખર્ચવા જઇ રહી છે. સરકારે જે લોન લીધી છે. જે લોનનું વ્યાજ આવે એ વ્યાજની રકમ પણ રોજના આ રાજ્ય સરકાર ૭૮૦૪૦ કરોડ રૂપિયા ફકતને ફકત સરકારે લીધેલી લોનના વ્યાજ પાછળ ખર્ચવા જઇ રહી છે. રાજ્ય સરકાર જે રીતે દેવાના ડુંગરોમાં ડૂબેલી છે, વિકાસ કહેવાય પણ વિકાસની સામે દેવું પણ એટલું જ છે. જે દેવું વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૩,૨૦,૮૧૨ કરોડનું છે એ પાંચ વર્ષનો સરકારે જે લક્ષ્યાંક આપેલો છે વર્ષ ૨૦૨૫-૨૬માં ૪,૮૦,૩૦૨ કરોડ રૂપિયાનું દેવું આ રાજ્ય સરકાર કરવા જઇ રહી છે એવું એમણે અંદાજપત્રની અંદર જે કાગળ રજૂ કર્યા છે એમાં છે. આ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી.ની પાછળ ટેકસના જે પૈસા વસૂલ્યા છે. એ વર્ષ ૨૦૨૧માં રોજના ૫૨.૧૪ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૨માં ૫૫.૩૮ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. રાજયનું બજેટ રજૂ થયા પછી વાર્ષિક વૃદ્ધિ દર નકકી થતો હોય છે. ખાસ કરીને ઘરગથ્થુ ઉત્પાદનની પાછળ. વર્ષ ૨૦૧૨-૧૩ની અંદર આ રાજયમાં ઘરગથ્થુ ઉત્પાદન ૧૭.૭ ટકા હતું આ વખતે ૧૫.૫ ટકા થયું છે. માટે ૨.૨ ટકાનો ઘટાડો થયો છે. કૃષિની અંદર વર્ષ ૨૦૧૧-૧૨ની અંદર ૧૭.૮૦ ટકા કૃષિ...

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મહેશભાઇ ભુરિયા.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રના પ્રથમ બજેટ સત્રમાં અંદાજપત્રની સામાન્ય ચર્ચાના અનુસંધાને હું આદિજાતિ વિકાસ વિભાગની સિદ્ધિઓ અને પ્રગતિનો ચિતાર આપતા આ માનવંતા સભાગૃહમાં મારા વિચારો અને મંતવ્યો રજૂ કરવાની કોશિશ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજયના પનોતા પુત્ર આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની રાહબરી હેઠળ આપણો દેશ મહાસત્તાઓની હરોળમાં આવીને ઊભો છે. જે વિશ્વનું અધ્યક્ષપદ બતાવે છે કે દેશ પ્રગતિના પંથે છે અને તેમાં આપણા સૌનું આગવું અને અજોડ ગુજરાત સફળતાની હરણફાળ તેજગતિથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના મૃદુ અને મકકમ મનોબળ થકી વાપીથી કચ્છમાં વિકાસની વણઝાર વરસી રહી છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે આદિવાસીઓની ખૂબ જ ચિંતા કરી છે. એમણે વનબંધુ યોજના બનાવીને તેમાં ૧૦ મુદ્દાને અગ્રિમતા આપીને સર્વાંગી વિકાસની મહોર લગાવી છે. એમણે અગત્યના મુદ્દાઓ ત્વરિત હાથ ઉપર લઇને આદિવાસી સમાજની બિચારી, બાપડી, ગરીબ અને છેવાડાના ડુંગરો, જંગલોમાં વસતા અમો આદિવાસીઓને પ્રથમ હરોળમાં લાવીને વિકાસના સહભાગી બનાવ્યા છે. ડો. બાબાસાહેબ આંબેડકરજી દ્વારા આપેલા બંધારણના હકકોને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ આપણી રાજય સરકારે કર્યું છે અને બખૂબી રીતે નિભાવ્યું છે. તેના માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને સૌનો સાથ અને સૌનો વિકાસનો મંત્ર આજે ગુજરાત રાજય પૂરતો સીમિત ન રહેતા દેશના ખૂણેખૂણે ગૂંજતો થઇ ગયો છે. દેશ આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં કરીને આઝાદીના અમૃત મહોત્સવ થકી દેશ અને ગુજરાત અને સામાજિક રીતે અન્ય દેશોની તુલનાએ કદમથી કદમ મિલાવીને આગળ વધી રહ્યો છે ત્યારે આદિવાસી સમૂદાય માટે પણ રાજય સરકારે અંદાજપત્રમાં ખૂબ જ નોંધપાત્ર જોગવાઇ કરીને અમારા સૌની ચિંતા કરી છે એટલે લાગણીથી સમર્થન આપું છું. રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ અને ખાસ કરીને નરેન્દ્રભાઇ મોદીસાહેબની રાહબરી હેઠળની આ સરકાર આદિવાસી સમાજમાં આમૂલ પરિવર્તન લાવી છે. આજે અમારાં બાળકો ડોકટર, ઇજનેર, પાઇલોટ, દેશની રક્ષા કરવા માટે ફૌજી, આઇ.એ.એસ., આઇ.પી.એસ. આઇ.એફ.એસ. જેવી મોભાદાર જગ્યાઓ સુધી પહોંચી શકે છે અને ખભાથી ખભા અને કદમથી કદમ મિલાવી દેશ અને રાજ્યને પ્રગતિના પંથે લઇ જવાના આ મહાયજ્ઞમાં પોતાનો સિંહફાળો આપી રહી છે. અંબાજીથી ઉમરગામ એમ કુલ ૧૪ જિલ્લાઓ અને ૫૩ તાલુકાઓમાં અમારો આદિવાસી સમાજ વસેલો છે. રાજ્યમાં અંદાજિત એક કરોડની વસતિ ધરાવતો અમારો આદિવાસી સમાજ આદિ અનાદિકાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરતો આવ્યો છે. આદિવાસી સમાજ લડાયક સમાજ પણ છે. જરૂર પડે ત્યારે આ સમાજ દેશમાં જયાં લડવું પડે ત્યાં લડે છે. અંગ્રેજો સામેની આઝાદીની લડાઇમાં અમારા દાહોદ જિલ્લા અને રાજસ્થાન બોર્ડર ઉપર આવેલા માનગઢની લડાઇમાં બિરસા મુંડાજી જેવા અનેક મહાન શહીદ યોદ્ધાઓએ મોટું યોગદાન, બલિદાન આપ્યું છે. આ ક્ષણે તમામ શહીદવીર સપૂતોને હું ગૌરવભેર નતમસ્તક વંદન કરું છું અને તેઓએ આપેલ બલિદાનને હું બિરદાવું છું અને લાખ લાખ સલામ કરું છું. આદિજાતિ વિકાસની કલ્યાણકારી યોજનાઓ અને માળખાકીય સુવિધાઓ દ્વારા સર્વાંગી વિકાસ કરવાની રાજ્ય સરકારની નેમ છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ચાલુ વર્ષ દરમ્યાન રૂ.૧૪ હજાર ૬૩૮ કરોડ ૨૯ લાખની જોગવાઇ કરી છે. તેમજ ગુજરાત પેટર્ન હેઠળ રૂપિયા ૩૫૭ કરોડ ૪૩ લાખની જોગવાઇ કરી છે. આટલી મોટી જંગી રકમ માત્ર રાજ્યના ૧૪ જિલ્લામાં વસતા આદિજાતિઓના વિકાસ માટે વપરાશે. બોલો આવો વિકાસ અને આટલી મોટી નાણાકીય

જોગવાઇ કોઇએ કરી છે? અમારી ચિંતા અને ફીકર કરવાની કોશિશ કોઇએ કરી હોય તો રાજ્યની ભારતીય જનતા પાર્ટીની માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે કરી છે. રાજ્યના આદિજાતિઓના જિલ્લાઓમાં વસતા લોકોના સર્વાંગી વિકાસ માટે આવાસ, રસ્તા, પાણી, સિંચાઇ....

ઉપાધ્યક્ષશ્રી : શ્રી મહેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પરસોત્તમભાઇ પરમાર.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. આદિવાસી માટે મને બોલવા દો. પાંચ મિનિટ આપો. સિંચાઇ, વીજળી, શિક્ષણ, રોજગારી, આરોગ્ય માટેની યોજનાઓ અવિરત ચાલતી રહી છે. બહેનો, ધાત્રી માતાઓ માટે પૌષ્ટિક આહાર, ધોરણ- ૧થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગણવેશ સહાય, ધોરણ-૬થી ૧૨ના મેધાવી વિદ્યાર્થીઓને ટેલેન્ટ સ્કૂલ યોજના હેઠળ ઉત્તમ કક્ષાના આવાસી વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવે છે. એકલવ્ય મૉડૅલ રેસિડન્સ સ્કૂલમાં ધોરણ-૬થી ૧૨ સુધીનો અભ્યાસ, સાઇકલ આપવાની યોજના, દૂધ સંજીવની યોજના, સ્કૉલરશિપ, ગણવેશ સહાય, ભોજન, પ્રવાસનું આયોજન ઉપરાંત સિકલ સેલ એનિમિયાનો ભોગ બનેલાને સારવાર આપવામાં આવે છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ વર્ષ ૨૦૨૩-૨૪ નું રૂપિયા ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું ઐતિહાસિક અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે તેની સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરવા મને તક આપવા બદલ આપ સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દરેક ક્ષેત્રમાં થઇ રહેલો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક અને આધારસ્તંભ બની રહ્યો છે. ગતિશીલ અને પ્રગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ મારફતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પાણી પુરવઠા પ્રભાગ માટે રૂપિયા છ હજાર કરોડની જોગવાઇ કરીને લોકોના આરોગ્ય અને તેમના જીવન ધોરણમાં સુધારો આવે તે માટે પૂરતા પ્રમાણમાં સારું ગુણવત્તાયુક્ત પીવાનું પાણી નિયમિત મળી રહે તે માટે રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્નો કરી રહેલ છે ત્યારે અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભૂતકાળની અંદર કોંગ્રેસનું શાસન હતું ત્યારે પીવાના પાણી માટે મારી માતા, બહેનો, દીકરીઓએ માથે પાણીની હેલ લઇને ત્રણ-ત્રણ, ચાર-ચાર કિલોમિટર સુધી રઝળપાટ કરવી પડતી હતી. ટેન્કર રાજ હતું. પાણી માટે ટેન્કર આવે તે પહેલા એક હેલ પાણી માટે બે-બે, ત્રણ-ત્રણ કલાક સુધી લાઇનમાં ઊભા રહેવું પડતું હતું છતાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી પણ મળતું ન હતું એ સમય આપ સૌએ જોયો છે. વિશ્વના સૌથી લોકપ્રિય નેતા વિકાસ પુરુષ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ભારત સરકાર દ્વારા જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજનાની ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરૂઆત કરવામાં આવી અને જેને વર્ષ ૨૦૨૪માં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો. અમારી ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારે ૩૩ જિલ્લાઓ, ૨૪૭ તાલુકાઓ, ૧૮૧૮૭ ગામોમાં સો ટકા હર ઘર જલ તરીકેનો લક્ષ્યાંક ઓકટોબર ૨૦૨૨માં સિદ્ધ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે પાણી પુરવઠા માટે માત્ર ભૂગર્ભ જળ પર આધારીત નહીં રાખતા મહદઅંશે સરફેસ વોટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પાણીના અન્ય સ્ત્રોત આધારીત પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૧૧૨ કિલોમીટરની રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ પાઇપ લાઇન તથા ૧.૨૦ લાખ કિલો મીટરથી વધુ લંબાઇના વિતરણ નેટવર્ક દ્વારા રાજયના ૧૪૪૦૨ ગામો અને ૨૪૦ શહેરોમાં પીવા માટેના પાણીની સુવિધા પૂરી પાડવામાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર સફળ રહી છે. રાજયના તત્કાલિન મુખ્યમંત્રી વિકાસ પુરુષ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મારફતે મારા દસાડા લખતર વિધાનસભા ક્ષેત્રના લખતર તાલુકાના ઢાંકી ગામે એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન બનાવીને કચ્છ અને સૌરાષ્ટ્રાને પાણી પૂરું પાડવાની યોજના બનાવી એના કામનો શુભારંભ કર્યો અને એ કામ પણ પૂર્ણ કર્યું અને આજે કચ્છ અને સૌરાષ્ટમાં મારા મત વિસ્તાર ઢાંકી ગામના પમ્પિંગ સ્ટેશનથી પાણી પૂરું પાડી રહ્યા છે ત્યારે આ ઢાંકી ગામને વિશ્વના નકશામાં અંકિત કરવા બદલ અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં અને નાણામંત્રી કનુભાઇ દેસાઇ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાના વડપણ નીચે મારા મત વિસ્તાર પાટડી-લખતર-લીંબડીના ગામોમાં લોકોને પૂરતા પ્રમાણમાં સારી ગુણવત્તાવાળું પીવાનું પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા વિભાગ મારફતે ડબલ્યુ.એસ.એસ.-6 જનરલ કાર્યક્રમ હેઠળ એસ.બી.સી. લાઇન કેનાલ ભાસ્કર પરા off-take આધારીત એલ.સી.ડી.૪ ગ્રૃપ ૧, ૨ જૂથ પાણી પુરવઠાની યોજના મારફતે ડિસ્ટ્રિબ્યુશન પાઇપ લાઇન તેમજ એડિશનલ સ્ટૉરેજ ઘટકોના નવિનીકરણ માટે ૫૯,૯૭,૨૫,૮૦૦ તેમજ ડબલ્યુ.એસ.એસ.એસ.બી.સી. લાઇન મોઢેરા off-take મારફતે એલ.સી.ડી.૪ ગ્રૃપ-૩ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કામો શરૂ થયેલ છે અને આમ જરૂર કરતાં વધારે રકમ ફાળવવા બદલ રાજય સરકારનો હું આભાર વ્યકત કરું છું.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પર સામાન્ય ચર્ચામાં આજે મને પંચાયત વિભાગ ઉપર બોલવાનો મોકો મળ્યો છે. હું નાના ગામડામાંથી આવું છું, પંચાયત વિભાગ સાથે મારે જૂનો નાતો છે.

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચની ભલામણોની અમલવારી ૨૦૨૧-૨૨થી કરવામાં આવી રહેલ છે જે અન્વયે રાજયને મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૬૦/૪૦ ટકા સપ્રમાણ ગુણોત્તરમાં બેઝિક ગ્રાન્ટ અને ટાઇડ ગ્રાન્ટ મુજબ કરવામાં આવે છે. આ અન્વયે મળનારી કુલ ગ્રન્ટ પૈકી ૭૦ ટકા પંચાયતોને, ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને, ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયત દ્વારા કરવાનો રહે છે. જે પૈકી ગ્રામ પંચાયતોને મળવાપાત્ર ગ્રાન્ટ ૨૦૧૧ની વસતિના આંકડાઓ અને ગ્રામ્ય વિસ્તારને આધારે ૯૦/૧૦ની વસતિ વિસ્તાર મુજબ ફાળવવાની રહેશે. ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ કરીને અંડર ભૂગર્ભ ગટર, સેનિટેશન, સ્વચ્છતા, ખુલ્લામાં શૌચ મુક્તિના કામો તેમજ પીવાનાં પાણીનાં કામો કરવાનાં રહે છે. જ્યારે બૈઝિક ગ્રાન્ટનો વપરાશ પંચાયતીરાજ સંસ્થાઓની જરૂરિયાત સંદર્ભે રાજય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇ ચૂકવણાં કરવા સુધીની તમામ કામગીરી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે ઓનલાઇન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧,૩૮,૧૯૩ ઇજારદાર/કેકેદારનું ઓન લાઇન નામાંકન થયું અને તેઓને કુલ રૂપિયા ૩૦૦૦ કરોડથી વધુ રોકડ ઓન લાઇન ચૂકવણાં કરવામાં આવ્યા. ૧૫માં નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂપિયા ૩૧૯૫ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂપિયા ૨૩૬૨ કરોડ તેમજ વર્ષ ૨૦૨૩માં કુલ રૂપિયા ૧૨૨૩ કરોડ તેમ કુલ મળી રૂપિયા ૬૭૮૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. આ યોજના હેઠળ કુલ ૧૪૨૯૫ ગ્રામ પંચાયતો, ૨૪૮ તાલુકા પંચાયતો, ૩૩ જિલ્લા પંચાયતો દ્વારા ૧,૫૬,૪૫૪ જેટલાં કામો પૂર્ણ થયાં તેમજ ૭૧૭૭૭ જેટલાં કામો પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ગામ અને સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગામમાં સફાઇ યોગ્ય રીતે થાય અને ગ્રામજનોમાં સફાઇ પ્રત્યે સભાનતા, જાગૃતિ કેળવી સફાઇનું સ્તર ઊંચું લાવી, ગ્રામ્ય જીવનનું સ્તર ઊંચું લઇ જવા માટે સફાઇ સહાય આપવામાં આવે છે. આ સહાયનો ઉપયોગ ગામની સફાઇ અને સફાઇનાં સાધનો વસાવવા માટે કરવા માટે ગ્રામજનો કટિબદ્ધ થાય છે માટે વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષથી નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયતમાં ગંદકીવાળી જગ્યાએ પબ્લિક ગટર લાઇન અને માર્ગો ઉપર દવા છાંટવાની કામગીરી હાથ ધરવી. ઉકરડાનું યોગ્ય સ્થાને સ્થળાંતર કરાવવું અને તે માટે બહાર જગ્યા નક્કી કરવી. ગામમાં આવેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો, શાળાઓ, પંચાયત ઘર, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે તમામ સ્થળોએ શૌચાલયનો પ્રબંધ કરાવવો. ગ્રામ્ય વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવી. રહેણાકના સ્થળેથી યોગ્ય અંતરે પશુ જાળવણી નક્કી કરવી.

શ્રી જયસુખભાઇ વ. કાકડિયા**(**ધારી**)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પાણી પુરવઠા વિભાગમાં જે બજેટની ફાળવણી કરવામાં આવી છે તેમાં મારા વિચારો વ્યકત કરી અને તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં વધારાનું એક પણ કર વગરનું લાવ્યાં છે ત્યારે રાજયના પાણીદાર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણાં નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હું ખૂબ ખૂબ વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર સક્ષમ નેતૃત્વને લીધે રાજયને પીવાના પાણીની દૃષ્ટિએ જળ સલામતીના લીધેલાં ૨૦ વર્ષના આયોજન અને અમલને લીધે આજે દૈનિક ૩૨૦૦ એમએલડી જેટલું પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડી અને ગુજરાતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દેશના તમામ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજનાની ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરૂઆત કરવામાં આવી હતી. જેના લક્ષ્યાંક આધારે સરકારે ઓકટોબર, ૨૦૨૨માં જ આ સિદ્ધિ હાંસલ કરેલ છે જે માટે રાજય સરકારના રાજયના પ્રજાજનો વતી માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આ કામ કરતી સરકારના હિસાબે રાજયના પ્રજાજનોએ અમોને ૧૫૬ સીટ આપી છે. અમારી સરકારે પાણી પુરવઠા માટે ભૂગર્ભ જળ પર આધાર નહિ રાખતા મહદઅંશે સર્ફેસ વૉટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પાણીના અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજના માટે ૩૧૧૨ કિ.મી.ની રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રેડ લાઇન તથા ૧,૨૦,૦૦૦ કિ.મી. સુધીની લંબાઇનું વિતરણ નેટવર્ક દ્વારા કુલ ૧૪,૪૦૨ ગામો અને ૨૪૦ શહેરી વિસ્તારને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે. ઓડિટ પણ પૂર્ણ કરેલ છે. મોટા પ્રમાણમાં વૉટર ઓડિટની જાગૃતિ લાવનાર ગુજરાત રાજ્ય ભારતનું પ્રથમ રાજ્ય બનેલ છે. હાલમાં ૩૩ જિલ્લાના કુલ ૨૪૧ તાલુકામાં તાલુકા કક્ષાની આઇ.ટી.આઇ. કેન્દ્રો મારફત પ્રતિ બેચ ૨૫ ઓપરેટર પ્રમાણે તાલીમ શરૂ કરવામાં આવી છે. તાલીમ પૂર્ણ થયા બાદ આ ઓપરેટરે પોતાની ગામની યોજનાની મરામત અને જાળવણી સારી અને અસરકારક રીતે થઇ શકે તેમજ રોજબરોજનું રિપેરિંગ સમયસર થઇ શકે તે માટે જુદાં-જુદાં સાધનો માટેની ટૂલકીટ પણ આપવામાં આવી છે. તમામ હેડ વર્કસ પર ઓપરેટરોને દર ૧૫ દિવસે તાલીમ આપવામાં આવે છે. આમ, ચાલુ વર્ષે કુલ ૮,૫૦૦ ઓપરેટરોને ગ્રામીણ પાણી પુરવઠાની મરામત અને નિભાવણી માટે તાલીમ આપવામાં આવી છે અને કુલ ૩૬૦૦ ટૂલ કિટ પણ ફાળવવામાં આવી છે. આમ, અમારી સરકાર દ્વારા પીવાના પાણી ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાનું નિર્માણ કરવામાં આવેલ છે જેના પરિણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત અને પૂરતા જથ્થામાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે. શુદ્ધ અને પૂરતા પાણીની સુનિશ્ચિતતાના લીધે રાજ્યની મહિલાઓએ દૂર-દૂરથી પાણી ભરવાની

હાડમારીમાંથી સંપૂર્ણપણે મુક્તિ મેળવેલ છે. જેના લીધે માનવ વિકાસ સૂચકાંકમાં વધારો થયેલ છે. ભૌગોલિક પરિસ્થિતિની દ્રષ્ટિએ મારો બગસરા તાલુકો ઊંચા-નીચા ઢોળાવોવાળો છે. જેના કારણે જૂથ યોજનાની હયાત પાઇપ લાઇન અંદાજે ૨૦ વર્ષ જૂની હોઇ અવાર-નવાર લીકેજ હોવાના કારણે છેવાડાના ગામોને જૂથ યોજનાનું પાણી આપવામાં મુશ્કેલી અનુભવતા હતા જેથી દરેક ગામને ૧૦૦ એલ.પી.સી.ડી. મુજબ અપગ્રેડ કરવા તેમજ રો-વોટર મેળવવા માટે ગામોનું જૂથ યોજના પાણી પુરવઠા બગસરા ગ્રુપ ઓગમેન્ટેશન યોજના કાર્યરત થતાં દરેક ગામોને પાણી મળી રહેશે. આ યોજનાની અંદાજિત કિંમત રૂ.૩૯ કરોડ જેવી થાય છે. જેને વહીવટી મંજૂરી પણ આપવામાં આવી છે અને જૂથ યોજનામાં હેડ વર્કસની સબ હેડ વર્કસ રાઇઝિંગ મેઇન પાઇપ લાઇન અને ધારી તાલુકામાં ૭૪ ગામોના સંપના ડી.પી.આર.ની કામગીરી પણ પ્રગતિમાં છે. ખાંભા તાલુકામાં ઓગમેન્ટેશન યોજના અંતર્ગત હેડ વર્કસ પર ઊંચી ટાંકીની કામગીરી ચાલુ છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ પરના અંદાજપત્ર પરની ચર્ચામાં માર્ગ અને મકાન વિભાગ હું મારા વિચારો વ્યક્ત કરી એને સમર્થન આપું છું. માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૩-૨૪નું જે રૂ.૩ લાખ કરોડ કરતાં પણ વધારે રકમનું બજેટ લઇને આવ્યા છે અને આ ગૃહમાં બજેટ રજૂ કર્યું છે ત્યારે હું તેને આવકારું છું અને આપણા ઉદાર મુખ્યમંત્રીશ્રી તેમજ નાણામંત્રીશ્રી બંનેને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારાં છેવાડાનાં ગામડાઓના રસ્તા ઉબડ-ખાબડ હતા. એ ઇતિહાસ ખૂબ જૂનો છે. જ્યારે એક શહેરમાંથી બીજા શહેરમાં જવું પણ ખૂબ મુશ્કેલ હતું ત્યારે એક ગામથી બીજા ગામ જવાની તો વાત જ ક્યાં કરવાની હોય? રાજ્યના વિકાસમાં માર્ગ અને મકાન વિભાગની ભૂમિકા મહત્ત્વની છે. જો આ વિભાગ નિષ્ઠાથી ફરજ બજાવતો હોય તો આજે ગુજરાત રાજ્યનું નામ અગ્રિમ હરોળમાં આવી શક્યું હોત. પણ આજે વાત કંઇક અલગ છે. છેલ્લા બે દાયકાની વાત કરીએ તો અમારી સરકારે ગુજરાતની આખી તાસીર બદલી નાંખી છે. ભૂતકાળમાં ગામના અને શહેરોના રસ્તાઓ એટલા બધા બિસ્માર હતા કે મહિલાઓને પ્રસૂતિ માટે દવાખાને લઈ જવામાં આવે ત્યારે ઊબડખાબડ રસ્તાઓને લીધે ખૂબ મુશ્કેલી પડતી હતી તેવા રસ્તાઓ અત્યારે ભૂતકાળ બની ગયા છે. જેનો સમગ્ર શ્રેય રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વૈશ્વિક નેતા એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇભાઈ મોદી સાહેબને જાય છે. આજે ગામનો યુવાન સવારે પોતાના ગામથી નોકરી-ધંધે જવા નીકળે ત્યારે માર્ગ અને મકાન વિભાગની કૃપાથી તે સાંજે સમયસર ઘરે પહોંચે છે અને પોતાના પરિવાર સાથે આનંદભેર જીવન જીવી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યમાં પુલો અને માર્ગની સરળતાના કારણે રાજ્યની જનતાને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વિવિધ શહેરો અને ગામડાઓને જોડતા રસ્તા/પુલનું નિર્માણ કરી રાજ્યની જનતાના હિતમાં અવરજવર તેમજ વેપારી હિત માટે સલામતીની સગવડતાઓ ઊભી કરી છે. વિકાસ પથ યોજના પૂર્ણ થયા બાદ તાલુકા મથકોની હદમાં વધારો થયેલ છે. આ વધારાની લંબાઇમાં પણ વિકાસ પથ યોજના થકી સુવિધાઓ આપવા માટે કાર્યરત છે તે ખૂબ જ અભિનંદન અને ગૌરવની વાત છે. મારો પાલિતાણા વિસ્તાર એ જૈન સમાજનું એક વૈશ્વિક તીર્થધામ છે. આ તીર્થધામમાં વિશ્વના જૈન સમાજના લોકો ધાર્મિક તહેવારના દિવસે એકઠા થતા હોય ત્યારે ટ્રાફિકની ખૂબ જ સમસ્યા સર્જાતી હતી. આ સમસ્યાને ટાળવા માટે અમારી સરકારે રૂ. ૬૫ કરોડના ખર્ચે બાયપાસ રોડ મંજૂર કરાવી આપેલ છે. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં ૧૫૬ મીટરની લંબાઈના નો બોલમાં સિક્સ મારીને સાત રન લીધા છે એટલે કે સાતમી વખત સરકાર બનાવી વિક્રમ સર્જ્યો છે.

ડો. કમલેશભાઈ ર. પટેલ(પેટલાદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની સરકાર શિક્ષણ થકી સુરાજ્યની સ્થાપના કરવા જઈ રહી છે ત્યારે મૃદુ અને પ્રેમાળ કે જેમની આંખોમાંથી અમી વરસે છે તેવા આપણા માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબે રૂ. ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડના બજેટમાંથી શિક્ષણ માટે રૂ. ૪૩ હજાર ૬૫૧ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે અને શિક્ષણ થકી ગુજરાતને મજબૂત બનાવવાની નેમ રાખી છે તે બદલ હું ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વર્ષ ૧૯૬૦માં ગુજરાત અલગ પડ્યું ત્યારે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે શું પરિસ્થિતિ હતી તેનાથી બધા વાકેફ છે. ભણવું હતું પણ શાળાઓ કે યુનિવર્સિટી ન હતી. આણંદમાં માનનીય સરદાર સાહેબના ભગીરથ પ્રયાસોથી એક એન્જિનિયરિંગ કૉલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય બનેલી. યુનિવર્સિટી ઓછી, કૉલેજો ઓછી અને ગુજરાતનું યુવાધન મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં લૂંટાઇને વ્યસને ચઢતું હતું. તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રીને લાગ્યું હતું કે ગુજરાતને શિક્ષણ થકી જ આબાદ કરી શકાય. ગુજરાતમાં મારા આણંદ જિલ્લાની વાત કરું છું કે, આખા ગુજરાતમાંથી જે બાળકો ભણવા માટે આવતાં હતાં એ બાળકોને ઘેર-ઘેર પાંચ કિલોમીટરના અંતરે સ્કૂલો, યુનિવર્સિટીઓ અને કૉલેજો આપવાનું ભગીરથ કામ કર્યું હોય તો એ આદરણીય શ્રી નરેન્દ્રભાઈની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એ વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણીને ઉત્તેજન આપવા યાચક થઇ અને દીકરીઓને ઘરે લેવા જવાનું ભગીરથ કાર્ય કરીને શિક્ષણને મજબૂત કરવા માટેના પ્રયત્નો કર્યા છે. ગુજરાતની સરકાર અને નાણામંત્રીશ્રીએ મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે રૂ. ૩૧૦૯ કરોડની જોગવાઇ કરીને ગુજરાતના શિક્ષણના પાયાનું મજબૂતીકરણ કર્યું છે. આ સરકારે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે ૪૦૦ જેટલી જ્ઞાનસેતુ ડે સ્કૂલ માટે રૂ. ૬૪ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાતની સરકારે રક્ષાશક્તિ સ્કૂલ માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરી છે અને ભારતના સીમાડાની રક્ષા કરવા માટે પણ ગુજરાતનો યુવાન

રક્ષાસ્કૂલના માધ્યમથી આગળ વધે. સરકારી શાળાઓની સુવિધા, મરામત અને જાળવણી માટે રૂ.૧૦૯ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. પ્રાથમિક શાળાઓ માટે ૬૦૦૦ વહીવટી સહાયકની જોગવાઇ માટે રૂ.૮૭ કરોડની જોગવાઇ કરી છે. ધોરણ ૧થી ૮માં આર.ટી.ઇ. એક્ટની યોજના થકી સહાય આપવામાં આવે છે પરંતુ, ધોરણ ૯થી ૧૨ માટે રૂ. ૨૦,૦૦૦ ના પુરસ્કારની યોજના લઇને આ સરકાર આવી છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટું બજેટ રજૂ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે ઉદ્યોગ વિભાગ પર હું મારા વિચારો વ્યક્ત કરી તેને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ થાય અને આજના સ્પર્ધાત્મક યુગમાં તેઓ ટકી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અંતર્ગત રાજ્યના એમ.એસ., એમ.ઇ., મોટા મેગા અને અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ સ્થાપવાના થાય તે માટે તાલુકાની કૅટેગરીમાં કરવામાં આવતા મૂડી રોકાણ આધારિત કૅટેગરી નક્કી કરી પ્રોત્સાહન આપવાનું નક્કી કરેલ છે. આ યોજના થકી ગુજરાત રાજ્ય અંદાજિત રૂ. ૧ લાખ ૪૯ હજાર ૪૧૬.૦૪ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. આ યોજના થકી ૧૦૩૨ એકમોનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે અને રૂ. ૭૪૩.૨૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. સરકારે પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝની સહાય યોજના તા.૨૭-૦૧-૨૦૧૫ના ઠરાવથી અમલમાં મૂકેલ છે. આ યોજના થકી સરકાર રૂ.૪૩૮૧.૨૬ કરોડ જેટલું મૂડી રોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. આ યોજના હેઠળ ૧૯૮ એકમોનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે તથા રૂપિયા ૨૩૮.૯૧ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. સરકારે એરોસ્પેશ ડિફેન્સ સેકટર માટે પણ પ્રોત્સાહિત યોજના બહાર પાડેલ છે. આ યોજના હેઠળ ૪ એકમોને રજિસ્ટ્રેશન આપવામાં આવેલ છે તથા રૂપિયા ૧૭.૯૧ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૩ એકમોને રજિસ્ટ્રેશન આપવામાં આવ્યું છે. જેમાંથી એલ.એન્ડ.ટી.ના હજીરા ખાતેના પ્લાન્ટમાંથી નિર્મિત થયેલ ટેન્કનું માનનીય પ્રધાનમંત્રીશ્રીએ તારીખ ૧૯-૦૧-૨૦૧૯ના રોજ લોકાર્પણ પણ કરેલ છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ મારા જામનગર વિસ્તારમાં, બ્રાસ ઉદ્યોગને હૃદય માનવામાં આવે છે તેમજ બ્રાસ, સિટીની આગવી ઓળખ પણ ધરાવે છે. આ ઉદ્યોગની સાથે હું વર્ષ ૧૯૮૯થી સંકાળયેલો છું. મેં જયારે બ્રાસ ઉદ્યોગનો ધંધો ચાલુ કર્યો ત્યારે જામનગરમાં માત્ર ૭૦૦થી ૮૦૦ યુનિટો જ ચાલુ હતા. આજે ૭૦૦૦થી ૮૦૦૦ જેટલા યુનિટો કાર્યરત છે. જામનગરમાં બ્રાસ ઉદ્યોગની હરણફાળ મેં મારા સાક્ષી ભાવે જોયેલી છે. આશરે અઢીથી ત્રણ લાખ લોકોને આ બ્રાસ ઉદ્યોગ રોજગારી આપી રહ્યું છે. વર્ષ ૨૦૧૪ પહેલા આ બ્રાસ પાટના તૈયાર માલનું એક્સપોર્ટ ખૂબ નાના પાયે થતું હતું એનું મુખ્ય કારણ ટેકનોલોજીનો અભાવ હતો તથા સી.એન.સી. અને વી.એમ.સી. જેવા ઓટોમેટિક મશીનો ખૂબ જ મોંઘા ભાવથી ઇમ્પોર્ટ કરવા પડતા હતા. પરંતુ માનનીય વડાપ્રધાનશ્રીના વિઝન આત્મનિર્ભર ભારત મુજબ હવે આ મશીનો ભારતમાં જ બનવા લાગ્યા છે અને તે પણ ઘણા સસ્તા ભાવથી મળી રહયા છે. સ્કિલ ઇન્ડિયા અંતર્ગત તેના ઓપરેટરો પણ હવે આશાનીથી મળી જાય છે. સ્કિલ ઇન્ડિયાના કારણે રોજગારીની તકો પણ ખૂબ વધી છે. આ પ્રોગ્રામોને માસિક રૂપિયા ૧૫થી ૩૦ હજાર સુધીની રોજગારી પણ મળી રહી છે. મને બરાબર યાદ છે કે વર્ષ ૨૦૧૪ પહેલા યુ.એસ. અને યુ.કે. જેવા દેશો, અમારા ઉદ્યોગકારો કોઇ ઇ-મેઇલ કરે તો પણ છ- છ મહિના સુધી જવાબ આપતા ન હતા. આજે આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ વિશ્વ સ્તરે એક એવી ઓળખ આપી છે કે, આપણી વિદેશ નીતિની ુશળતાના કારણે ઇ-મેઇલનો તાત્કાલિક જવાબ પણ આપે છે અને તેના ડેલિગેશન જામનગરની મુલાકાત પણ લે છે. વર્ષ ૨૦૧૫માં હું પણ જયારે અમારા ઉદ્યોગકારો સાથે ચાઇના ફેરમાં ગયેલો હતો ત્યારે મેં ત્યાં એવું જોયું કે એ લોકો ફક્ત એક્સપોર્ટમાં જ માને છે પણ અત્યારે એનાથી ઉલટું થયું છે. ચાઇનાવાળા અમારા જામનગરથી માલ ઇમ્પોર્ટ કરે છે. એટલે આ આપણી વિદેશનીતિની એક કુશળતા છે. ગુજરાતમાં ટેક્સ્ટાઇલ પૉલિસી વર્ષ ૨૦૧૯માં આવી. હાલમાં જયારે આપણી સરકારે ઉદ્યોગ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે ત્યારે ટેક્સ્ટાઇલની વાત કરું તો નવી ટેક્સ્ટાઇલ પૉલિસી તારીખ ૧૦-૦૧-૨૦૧૯ના ઠરાવથી જાહેર કરેલ છે. તે અંતર્ગત વ્યાજ સહાય, પાવર ટેરિફ સહાય, ટેક્સ્ટાઇલ પાર્ટ મળીને કુલ પાંચ વિવિધ સહાય યોજનાઓ જાહેર કરેલ છે. આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ):માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૩-૨૪નું જે બજેટ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો અને સૂચનો રજૂ કરું છું. માનનીય નાણામંત્રીશ્રીએ કૃષિ ક્ષેત્રે ખૂબ મોટું વિશાળ બજેટ રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં રૂપિયા ૨૧૬૦૫ કરોડથી પણ મોટી જોગવાઇ કરવામાં આવી છે પણ, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે પણ ગુજરાતના ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઇ રહ્યા છે. હમણાં જ મીડિયાના માધ્યમથી એક રિપોર્ટ આવ્યો હતો કે, ભારતના અન્ય રાજયો કરતાં, ગુજરાતના ખેડૂતનું દેણું ખૂબ વધી ગયું છે. એટલે કે ગુજરાત રાજ્યનો ખેડૂતોના દેણાંમાં પ્રથમ નંબર આવ્યો છે.

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> શ્રી ઉમેશભાઇ, તમે બજેટ ઉપર બોલો. મીડિયાનું છોડો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : એટલે ખેડૂતનું દેણું રૂપિયા ૬૫ હજાર કરતાં પણ વધારે થઇ રહ્યું છે. ખેડૂતોના બજેટની વાત કરીએ તો તાજેતરમાં જ અમારા ભાવનગરમાં જોયું હશે કે, અમારા ખેડૂતોએ પકવેલી ડુંગળી રસ્તા ઉપર ઢોળવી પડે છે સાથો સાથ એના બે રૂપિયા કરતાં પણ પૂરતા ભાવ આપવામાં આવ્યા નથી. ઉત્તર ગુજરાતના અમારા ખેડૂતોની વાત

કરીએ તો એમને બટાકાના ભાવોમાં પણ પૂરતો ભાવ આપવામાં આવ્યો નથી. એટલે કે ખેડૂતો માટે જે પોષક કે ટેકાના ભાવ હોય એના માટે આ બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. આ બજેટમાં ખેડૂતોના દેણાની કોઇ વાત જ કરવામાં આવી નથી. અત્યારે જેમ ગુજરાતનો ખેડૂત દેવાના ડુંગરમાં દબાઇ ગયો છે તો એનું જે દેવું છે એના માટે આ બજેટમાં કોઇ પ્રકારની વાત કરવામાં આવી નથી. તો તેનું જે દેવું છે તે આ બજેટમાં કોઇ પ્રકારની વાત કરવામાં નથી. આવી. અત્યારે ગૃહના નેતાશ્રી હાજર નથી તેમ છતાં આપના માધ્યમથી એમનું ધ્યાન દોરવા માગું છું કે હાલ ગુજરાતના ખેડૂતે પકવેલી ડુંગળી હોય, બટાટા હોય, એને ટેકાના ભાવ માટેનો નિર્ણય હજુ સુધી નથી લઇ શકાયો. મસમોટું રૂપિયા ૧૫૦૦ કરોડ કરતાં પણ વધારે મોટું બજેટ દિવસે વીજળી આપવા માટે ફાળવવામાં આવ્યું છે પણ આજ દિવસ સુધી આજે પણ ખાસ કરીને અમારા બોટાદ જિલ્લાની વાત કરું તો એક પણ ગામમાં દિવસે વીજળી હજુ સુધી મળી નથી. જયારે વાવાઝોડું હોય, કુદરતી આપત્તી હોય, ખેડૂતોનો પાક જયારે નિષ્ફળ જાય છે ત્યારે આવા પ્રકારની વીમા ઉતારતી પ્રાઇવેટ કંપનીઓ જે છે રિલાયન્સ વગેરે, તેમણે હજુ સુધી વીમો પૂરતો આપ્યો નથી. સાથો સાથ નાણા મંત્રીશ્રીએ જે ખૂબ મોટું શિક્ષણમાં બજેટ રજૂ કર્યું છે, રૂપિયા ૪૦ હજાર કરોડ કરતાં વધારે બજેટમાં જોગવાઇ કરી છે. જયારે શિક્ષણની વાત કરીએ ત્યારે ગુજરાતમાં પ્રાઇવેટ સ્કૂલોની સંખ્યા ખૂબ વધતી જાય છે એની સાથે સાથે સરકારી સ્કૂલો મર્જ થતી જાય છે એટલે સરકારી સ્કૂલ, કોલેજ અને યુનિવર્સિટીની સંખ્યા ઘટતી જાય છે. આ ખૂબ ચિંતાનો વિષય છે. સાથોસાથ હું મારા મત વિસ્તારની વાત કરું ત્યારે બોટાદ તાલુકામાં સરવા ગામ છે એની બાજુમાં નાના પાળીયાદ ગામ છે, બે વર્ષથી આ ગામોની પ્રાથમિક શાળાઓ જર્જરિત હોવાને કારણે પાડી દેવામાં આવી છે. બે વર્ષથી આ બન્ને ગામોનાં બાળકો ખુલ્લા મેદાનમાં ભણી રહ્યા છે. સાથોસાથ સ્કૂલની જયારે વાત કરું ત્યારે આપણી રાજય સરકાર ખૂબ સારા રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે મેદાનો કરે છે. પણ આજે ૭થી ૮ વર્ષ થઇ ગયા પ્રાથમિક શાળામાં અને માધ્યમિક શાળામાં એક પણ ડી.પી.એડ કે બી.પી.એડ ની હજુ સુધી ભરતી કરવામાં નથી આવી. એટલે બજેટ તો ખૂબ મોટું લઇને આવ્યા છીએ એ બદલ હું નાણા મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું. પણ સાથો સાથ મને એવું લાગી રહ્યું છે કે જે પછાત વિસ્તારના જિલ્લાઓ છે, ભાવનગર, બોટાદ, આ બાજુના જે છેવાડાના દરિયાકિનારાના જિલ્લાઓ છે ત્યાં સરકારી સ્કૂલનો ખૂબ અભાવ જોવા મળે છે. ત્યાં સરકારે સ્પેશિયલ કોઇ જોગવાઇ કરી નથી જેના કારણે આ જે પછાત જિલ્લાઓ છે અને જયાં પછાત સમાજ વસે છે, ખાસ કરીને પછાત અને છેવાડાનો ઓ.બી.સી. સમાજ, કોળી સમાજ વસે છે એનાં બાળકો શિક્ષણથી વંચિત આજે પણ રહી જાય છે. એટલે કે આ બજેટમાં કોઇ પણ પ્રકારની પછતા સમાજ માટે અને તેનાં બાળકો ભણી તેના માટેની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જગદીશભાઇ વિશ્વકર્મા.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જગદીશ વિશ્વકર્મા(સહકાર, મીઠા ઉદ્યોગ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીને જયારે ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવમાં આપણું રાજય સૌનો સાથ, સૌના વિકાસના ધ્યેય સાથે પ્રગતિના પંથે જયારે આગળ વધી રહ્યું છે ત્યારે સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખરે લઇ જવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી કટિબદ્ધ સરકાર આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવાના આ ભગીરથ કાર્યના ભાગરૂપે માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા રાજયનું અંદાજપત્ર રજૂ થયેલ છે તેના સમર્થનમાં જે ધારાસભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા છે, લગભગ ૨૭ કરતા પણ વધારે ધારાસભ્યોએ પોતાના વિચારો મૂકયા છે, વિપક્ષના મિત્રોએ પણ વિચારો મૂકયા છે એને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા તેના પર જે મોઢેરાના સૂર્ય મંદિરની પ્રતિકૃતિ અંકિત થઇ છે એમાં સૂર્યનું પ્રથમ કિરણ સૂર્ય મંદિરના ગૃહમાં પ્રવેશે ત્યારે અંધકાર હટી અને પ્રકાશ છવાય તેમ બેરોજગારી, ખેડૂતો માટે સતત ચિંતિત, જરૂરિયાતમંદોની સાથે સાથે તેમના જીવનના અંધકારને ગુજરાત સરકારનું આ રૂપિયા ૩ લાખ કરોડ કરતા પણ વધારાનું બજેટ એ અમૃતકાળનો સૂર્યોદય લઇને આવશે એ સુનિશ્ચિત કરે છે. મારે કહેવું છે કે સ્વપ્ન ઔર લક્ષ્ય મેં એક હીં અંતર હૈ, સ્વપ્ન કે લીયે બીના મહેનત કી નિંદ ચાહીએ, ઔર લક્ષ્ય કે લીયે બિના નિંદ કી મહેનત, ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આપણો દેશ સુશાસનના આર્થિક વિકાસના લક્ષ્ય સાથે મક્કમપણે આગળ વધી રહ્યો છે ત્યારે આ વર્ષે જી-૨૦નું પ્રમુખપદ મળ્યું તે દર્શાવે છે કે સમગ્ર વિશ્વમાં ભારત પોતાની આગવી ઓળખની છાપ ઊભી કરી રહ્યું છે. જેના કારણે મેઇક ઇન ઇન્ડિયા હોય, સ્કીલ ઇન્ડિયા હોય, ડિજિટલ ઇન્ડિયા હોય, સેલ ઇન્ડિયા હોય અને ડિફેન્સ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે કાર્ય કરી રહ્યા છીએ ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી આ દિશામાં આગળ વધી રહ્યા છે. આપણો દેશ આવનારા વર્ષોમાં ફાઇવ ટ્રિલિયન ડોલર ઇકોનોમીની કલબમાં સામેલ થવા જઇ રહ્યો છે ત્યારે ગુજરાતનો હિસ્સો પણ એટલો જ અગત્યનો છે. જેમ પ્રાચીન ભારતના વિકાસમાં કશ્યપમૂનિ, અત્રિમૂનિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વશિષ્ઠ જેવા સાત ઋષિઓએ વિવિધ ક્ષેત્રમાં પ્રદાન કર્યું હતું તેમ ભારત સરકાર વિકાસને છેવાડાના માનવી સુધી પહોંચાડવા, માળખાગત વિકાસ અને રોકાણકારોના વિકાસની ક્ષમતામાં ગ્રીન ગ્રોથ એન્જિન અને યુવાશક્તિને નાણાકીય ક્ષેત્રે એવા સાત સ્તંભ પર વિકસિત ભારત બનાવવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના અને ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં કટિબદ્ધ છે. ગુજરાતના

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

નાણામંત્રીશ્રીએ  વિકાસની પરિકલ્પનાના પાંચ મુખ્ય સ્તંભ બજેટમાં રજૂ કર્યા છે તે પાંચ સ્તંભ વિકાસની નવી ઇમારત ઊભી કરવાના છે તેમાં પહેલો સ્તંભ છે સમાજના ગરીબ અને જરૂરતમંદ વર્ગની પાયાની સુવિધાઓ. ૧૭.૩૪ ટકા વધારા સાથે આવ્યા છીએ. દ્વિતીય સ્તંભ, માનવ સંસાધનનો વિકાસ. ૧૯.૯૪ ટકાના વધારા સાથે બજેટ લાવ્યા છીએ. તૃતિય સ્તંભ, વિશ્વસ્તરિય આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવી. ૨૧.૩૨ ટકા વધારો. ચોથો સ્તંભ, કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ૫૧.૯ ટકા અને જે રીતે દેશના યશસ્વી વડાપ્રધાન સમગ્ર ભારત દેશનો વિકાસ કરી રહ્યા છે, સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. ટુરિઝમ ક્ષેત્રે દેશ-વિદેશથી લોકો આવી રહ્યા છે. પાંચમો ગ્રીન ગ્રોથ કહેવાય તો લગભગ ૧૫.૧ ટકા. મને કહેતા આનંદ થાય છે કે માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વવાળી ટીમ ગુજરાત પાંચ ડીના માધ્યમથી કામ કરી રહી છે. ડિટર્મીનેશન, ડિટર્માઇન્સ, ડિરેક્શન, ડેમોન્સ્ટ્રેશન એન્ડ ડેડિકેશન. આત્મવિશ્વાસ સાથે ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કામ કરે છે. નક્કી કરેલા નિર્ણયોના આધારે કામ કરે છે. દિશાસૂચન સાથે કામ કરે છે. સાથે સાથે ગુજરાતે સમગ્ર દેશને દિશાસૂચન આપ્યું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આખા દેશને દિશાસૂચન આપ્યું હતું તે જ રીતે ગુજરાતની સરકાર કામ કરી રહી છે. સાથે સાથે સભાગૃહના તમામ સભ્યશ્રીઓએ અને ગુજરાતની સાડા છ કરોડની જનતાએ સ્વીકારવું પડશે કે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જે રીતે સમર્પણથી કામ કરી રહ્યા છે, આવું નેતૃત્વ દેશને કદાચ ક્યારેય નહીં મળે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીને અને માનનીય નાણામંત્રીને અભિનંદન આપીશ કે પ્રજાના હિત માટે, કલ્યાણ માટે, સુખાકારી માટે, બહુ આયામી વિકાસ માટે ૩ લાખ કરોડ રૂપિયાથી વધુ જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે, ગત વર્ષ કરતા ૨૩ ટકા વધારો સૂચવ્યો છે એ ખૂબ આવકારદાયક છે. સામાજિક ન્યાય અને અધિકારિતામાં ૧૬.૭ ટકાનો વધારો, આદિજાતિ વિકાસ વિભાગમાં ૧૭.૨૦ ટકાનો વધારો, શિક્ષણમાં ૨૫.૧૦ ટકા, આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં ૨૪ ટકા, મહિલા અને બાળકલ્યાણમાં ૨૧.૯૦ ટકા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમાં ૩૭.૭૦ ટકા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોમાં ૪૧.૯૦ ટકા, માર્ગ અને મકાન વિભાગમાં ૭૧.૭૦ ટકા. મારે આપના માધ્યમથી આ ગૃહને જણાવવું છે કે જે રાજ્ય કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સૌથી વધુ કરે છે એ રાજ્યનો ગ્રોથ સૌથી વધારે થાય છે અને આ જે રોકાણ કરીએ છીએ એ અઢી કે ત્રણ વર્ષમાં રીટર્ન સાથે વધારે મળે છે. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠામાં ૪૩.૪૦ ટકા વધારો અને પ્રવાસન વિભાગમાં મેં કહ્યું તેમ ગુજરાતમાં વિદેશી સહેલાણીઓ વધ્યા છે તેમાં ૧૭૦ ટકાના વધારા સાથે માનનીય કનુભાઇ બજેટ લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં જે રીતે ડિજિટલ ટ્રાન્ઝેક્શન થઇ રહ્યા છે, સૌથી વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરનાર દેશ ભારત છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હોય, ગંગાસ્વરૂપ મહિલાઓની સહાય યોજના હોય કે એલ.પી.જી.ની સબસિડી હોય, આ યોજનાનો લાભ લાભાર્થીના બેંકના ખાતામાં ડી.બી.ટી.ના માધ્યમથી આપવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુઃખ પણ થાય છે અને જણાવતા આનંદ પણ થાય છે. કે પહેલાના વડાપ્રધાનો કહેતા હતા, આ આપણા શબ્દો નથી, એમના વડાપ્રધાને જાહેરમાં કીધેલા શબ્દો છે કે કેન્દ્ર સરકાર ૧ રૂપિયો મોકલે છે અને ૧૫ પૈસા મળે છે અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની સરકારમાં સો રૂપિયા મોકલીએ છીએ અને સો એ સો રૂપિયા એ સીધા એના ખાતામાં ડી.બી.ટી.ના માધ્યમથી જમા થાય છે. દર વર્ષે ગુજરાતની વાત કરું તો લગભગ વીસ હજાર કરોડથી વધુ સહાયની રકમ સીધી ડી.બી.ટી.ના માધ્યમથી સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે. સરકારી આવકો સ્વીકારવા સાયબર ટ્રેઝરી હેઠળ ઇલેક્ટ્રોનિક પદ્ધતિ અમલમાં મૂકી સરકારે ડિજિટલ ટ્રાન્ઝેકશનને વેગ આપેલ છે. આમ, સરકારમાંથી નીકળેલો એક રૂપિયો પૂરેપૂરો લાભાર્થીના ખાતામાં પહોંચે છે અને લાભાર્થીના જનધન ખાતા સાથે જોડાયેલા હોય છે. સરકાર એક રૂપિયા પર પણ વ્યાજ ચૂકવે છે આ પારદર્શી વહીવટ છે. માનનીય વડાપ્રધાનશ્રીના શબ્દોમાં કહીએ તો આપણો સંકલ્પ છે આપણા દેશને દુનિયાની બરાબરીમાં એક ડગલું પાછળ ના રહે એના માટે તમામ ગુજરાતીઓની સૌથી મોટી જવાબદારી છે અને એ રીતે ગુજરાત આગળ વધી રહેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતે આ જવાબદારી ખૂબ સહજતાથી ઉપાડી છે. આપ અભ્યાસુ છો, આપ સારા વાચક પણ છો, સારા વકતા પણ છો અને જયારે ચાણકય કહે છે કે ''દ્રઢ ઇચ્છા શકિત કે આગે નીયત કો ભી ઝૂકના પડતા હૈ'' આપણા દેશ માટે ગૌરવની વાત હતી કે ડિજિટલ ટ્રાન્ઝેકશનના ભારતના યુ.પી.આઇ.નું આપણું જે મોડલ છે એ અને સિંગાપુરના બેની વચ્ચે હમણાં ક્રોસ બોર્ડર કનેકટીવીટી સાધવામાં આવી છે જેથી ભારતનું યુ.પી.આઇ. સિંગાપુરમાં પણ ચાલે અને સિંગાપુરનું અહીંયા પણ ચાલે એ રીતના કરારો થયા છે.  તાજેતરમાં જ રાજય સરકાર દ્વારા ૧૦૮ની સુવિધા સરળતાથી નાગરિકોને મળી શકે તે માટે માનનીય ઋષિકેશભાઇને અભિનંદન આપીશ કે ૧૦૮ સિટીઝન મોબાઇલ એપ પણ લોંચ કરવામાં આવેલ છે જેના થકી લોકોની અમૂલ્ય જિંદગી બચાવી શકાય, નજીકની ઉપલબ્ધ  એમ્બ્યુલન્સને સરળતાથી પસંદ કરી ઝડપથી સેવા મળે એ પ્રકારની સુવિધા ટેકનોલોજીના માધ્યમથી જોડવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના, આપણા સૌના આદર્શ આદરણીય પંડિત દીનદયાળજીના નામમાં જે અમારી પાર્ટીનો એકાત્મ માનવવાદનો ઉદ્દેશ સમાયેલો છે, દીનદયાળ એટલે છેવાડાના માનવીનું કલ્યાણ જેના માટે અમારી સરકાર સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહી છે ત્યારે વિશાળ પ્રતિમાના ધની એવા ડો.બાબાસાહેબ આંબેડકરની રાહબરી હેઠળ તૈયાર થયેલા બંધારણમાં ભારતે કલ્યાણ રાજયનો સિદ્ધાંત સ્વીકાર્યો. છેવાડાના

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માણસનું કલ્યાણ તેમજ માનવીના વિકાસ સુધીનો ફાળો પહોંચાડવાનો એટલે કલ્યાણ રાજય. ઉદ્યોગોની વાત કરું તો જે દિવસે દેશના યશસ્વી વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને એમણે વાઇબ્રન્ટનો વિચાર મૂકયો આ વાઇબ્રંટ થકી ગુજરાત એક ગ્રોથ એન્જિન બન્યું અને ગુજરાતના ગ્રોથ એન્જિનના કારણે, વાઇબ્રન્ટને કારણે સમગ્ર દેશ-વિદેશના લોકો ગુજરાતના ઉદ્યોગોમાં જે ઇન્વેસ્ટમેંટ કરવા માટે આવ્યા અને એના લીધે લાખો લોકોના કરોડો રૂપિયાના ઇન્વેસ્ટમેન્ટ આવ્યા, લાખો લોકોને રોજગારીની તકો ઊભી થઇ, આ ગુજરાત આખા દેશ માટે એક રોલ મોડેલ બન્યું અને વાઇબ્રન્ટથી દેશના અલગ અલગ રાજયોની અંદર ઇન્વેસ્ટમેટ સમિટો થવા લાગી અને આજે દેશના તમામ રાજયોની અંદર સમિટ થઇ, હમણાં જ યુ.પી.ની અંદર ઇન્વેસ્ટમેંટ સમિટ થઇ, મધ્યપ્રદેશમાં થઇ, રાજસ્થાનમાં થઇ, ઇવન કોંગ્રેસના રાજયોએ પણ આ ગુજરાતનું વાઇબ્રન્ટ મોડેલ સ્વીકાર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર પીન થી લઇ પ્લેન સુધી તમામ વસ્તુઓ બનતી થઇ છે. એક જમાનો હતો કે ગુજરાતમાં સાઇકલ પણ નહોતી બનતી. હરક્યુલીસની સાઇકલ છેક ઇંગ્લેન્ડથી લાવવી પડતી હતી. ઇન્ડિયાની અંદર હીરો નામની સાઇકલ કંપની છે એ રોજનું ૧૭ હજાર કરતા વધુ સાયકલોનું ઉત્પાદન કરે છે. સાથે સાથે કહું કે ઉદ્યોગની અંદર લગભગ ૧૮ ટકાના વધારા સાથે નાણામંત્રીશ્રી જે ઉદ્યોગો માટે જે કામ કરી રહ્યા છે એ બદલ માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપીશ કે, ટેક્સ્ટાઇલ નીતિ અંતર્ગત અંદર કાપડ ઉદ્યોગ હોય એમાં ૧૫૮૦ કરોડની જોગવાઇ, એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગના મેન્યુફેકચરિંગ સેકટરની કરોડરજ્જુ સમાન છે, જયારે કોઇપણ મોટો ઉદ્યોગ રાજયમાં સ્થપાય તો સાથે સાથે નાની નાની ઇન્ડસ્ટ્રી, એના એન્સીલરી યુનિટો સાથે સાથે સ્થપાય છે. એક મોટા ઉદ્યોગ માટે કરોડરજ્જુ સમાન આ એમ.એસ.એમ.ઇ. માટે રૂપિયા ૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.મોટા કદના ઉદ્યોગો માટે ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝની સ્કીમ હેઠળ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીને સહાય હોય, એર હોસ્ટેસને સહાય હોય, ડિફોલ્ટ સેકટર હોય આ તમામ સેકટરોમાં રોજગારીનું પ્રમાણ વધારવામાં સરકાર સફળ રહી છે. અમૃતકાળના વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં એમ.એસ.એમ.ઇ. સેકટરનું સૌથી મોટું માધ્યમ છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકારે નક્કી કર્યું અને ઉધમ નામનું પોર્ટલ બનાવ્યું. દેશના તમામ એમ.એસ.એમ.ઇ. સેકટરના લોકોનું એ ઉધમ નામના પોર્ટલમાં રજિસ્ટ્રેશન થાય. મને જણાવતા આનંદ થાય છે કે એમ.એસ.એમ.ઇ.નો પોર્ટફોલિયો મારી પાસે છે. આજે ગુજરાતમાં લગભગ ૧૦ લાખ કરતાં વધારે લોકોના રજિસ્ટ્રેશન એમ.એસ.એમ.ઇ.માં થયા છે. માઇક્રો અને સ્મોલ એમ.એસ.એમ.ઇ.માં વિલંબિત ચૂકવણીના કેસો. કોઇપણ વિદેશની કંપની હોય કે ઇન્ડિયાની કંપની હોય, નાની કંપની હોય અને કંઇ પણ વાટાઘાટો કરવાની થાય, પૈસાનો ડિસ્પુટ પડે તો સરકાર મધ્યસ્થી બની નાના એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગને બચાવવા માટેની સ્કીમ લાવી છે અને આ વખતના બજેટમાં માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ બીજી પાંચ જગ્યા આવા કાઉન્સિલની અમે ઊભી કરવા જઇ રહ્યા છીએ. ઔદ્યોગિક ઇકો સિસ્ટમ તથા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા કદાચ પોલિસી મેકિંગની અંદર ગુજરાત પહેલું રાજ્ય છે. ગુજરાત બાયોટેકનોલોજી પોલિસી, ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રકચર પોલિસી, સ્ટૂડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી, નવી આઇ.ટી. પોલિસી, ગુજરાત સેમી કન્ડકટર પોલિસી, ગુજરાત ટુરિઝમ પોલિસી. આ બધા કારણે ગુજરાતમાં જે ઉદ્યોગો આવ્યા છે. આપણે બધા જે મેટ્રો ટ્રેનની અંદર ફરવાના છીએ, પછી એ ભા.જ.પ.નો ધારાસભ્ય હોય કે આપનો મતદાર હોય કે કોંગ્રેસનો મતદાર હોય, એ મેટ્રો ટ્રેનનું બોમ્બાર્ડીયર એ વડોદરાની અંદર બોમ્બાર્ડીયર કંપની છે એ કંપની આપણા ગુજરાતની અંદર ગુજરાતના કામદારો દ્વારા બનાવેલ મેટ્રો ટ્રેનનો કોચ એમાં આપણે બધા મુસાફરી કરવાના છીએ. આપણને બધાને ગર્વ થવું જોઇએ કે એલ.એન્ડ ટી. એ તોપ પણ બનાવે છે. એક સ્વપ્ન હતું કે ગુજરાતની અંદર ફોર વ્હીલર ગાડીઓ બને. બહુચરાજીની અંદર તમારા અને મારા ગામની વચ્ચે આપણા ગામડાનો કારીગર ફોર વ્હીલર ગાડીઓ બનાવવાનો છે. આર્સેનલ મિત્તલ, દુનિયાની સૌથી મોટી સ્ટીલ કંપની એ આપણા ગુજરાતની છે. અત્યાર સુધીમાં કોપરની દરેક પાઇપ આપણે ઇમ્પોર્ટ કરવી પડતી હતી. એ.સી.ની અંદર જે પાઇપો વપરાય આ બધી જ પાઇપો હવે સાણંદની અંદર બનશે. એનું એમ.ઓ.યુ. હમણાં જ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ કર્યું છે. આપણને બધાને જાણીને આનંદ થાય. આપણે કદાચ ક્યારેય કલ્પના નહીં કરી હોય કે શું ભારતમાં પ્લેન બને? નામુમકીન છે. આ શબ્દો આપણે વાપરતા હતા. પણ હમણાં જ સને ૨૦૨૨ માં દેશના યશસ્વી વડાપ્રધાને વડોદરાની અંદર ટાટા એરબસ દ્વારા ટાઇઅપ કરી અને વડોદરાના આપણા ગુજરાતના કારીગરો એરબસ બનાવશે અને એક સમય એવો આવશે અઠવાડિયાની એક એરબસ, એક પ્લેન ભારતમાંથી આપણે વિદેશમાં મોકલી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી.ની વાત કરું તો આખા રાજ્યમાં સૌથી વધારે જી.આઇ.ડી.સી. ૨૪૮ કરતાં વધારે ગુજરાતની અંદર છે. ઉદ્યોગોને શ્રેષ્ઠ બનાવવા ગુજરાત સરકાર પ્રયાસ કરી રહી છે. આઝાદ ભારતના ઇતિહાસમાં ધોલેરા ખાતે સૌથી મોટું કોર્પોરેટ રોકાણ થઇ રહ્યું છે. આ ઘટના કદાચ સોનાના કાગળ ઉપર લખાય, ઇતિહાસના પાના ઉપર લખાય એટલી મોટી ઘટના સેમી કન્ડકટર પ્લાન્ટ નાખવામાં આવશે. આખા વિશ્વનું સૌથી મોટું સિન્ગલ ઇન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧ લાખ ૫૪ હજાર કરોડનું સૌથી મોટું રોકાણ ભારતની ટોચની માઇનિંગ કંપની વેદાંતા અને તાઇવાનની કંપની ફોક્સકોર્ન સાથે મળી વિશાળ સેમી કન્ડકટર પ્લાન્ટ સ્થાપવા જઇ રહી છે જે ભારતને સેમી કન્ડકટરની ડિમાન્ડમાં આત્મનિર્ભર બનાવશે. આ કોઇ સામાન્ય ઘટના નથી. દરેક ધારાસભ્ય માટે પ્રાઉડની બાબત છે કે જ્યારે હું ધારાસભ્ય હતો ત્યારે ધોલેરાની અંદર આ સેમી કન્ડકટર પ્લાન્ટ આવ્યો હતો. ગુજરાતમાં એક લાખ લોકોને રોજગારી મળવાની છે. સેંકડો એમ.એસ.એમ.ઇ. બનશે. દુનિયાના નકશામાં જે સ્થાન સિલિકોન વેલીનું છે તે સ્થાન ધોલેરાનું થવા જઇ રહ્યું છે. વેદાંતા ગૃપના ચેરમેને હમણાં જ ક્યાંક

## તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

ટિપ્પણીમાં શ્રી અનિલ અગ્રવાલજીએ કહ્યું કે આ ચીપના ઓપનિંગ બેટ્સમેન આપણે હોઇશું. ભારતને ઇકોનોસીની રેન્કમાં પહેલા નંબરે લાવશે. સાથોસાથ ભારતનો આ પ્લાન્ટ ચીનનું ચીપની અંદર જે આધિપત્ય છે એ ખતમ કરશે. ધોલેરા દેશનું મહત્વાકાંક્ષી નેશનલ ઇન્ડસ્ટ્રીઝ કોરીડોર બનશે. એક દિવસ ચોક્કસ ધોલેરા જોવા માટે આવો. ધોલેરાની કનેક્ટિવિટી સરળ છે. કાર્ગો સુવિધા માટે અમદાવાદ-વડોદરાનું એરપોર્ટ છે, પીપાવાવ, મુંદ્રા, કંડલા, ભાવનગર પોર્ટ તો ધોલેરાથી એકદમ નજીકમાં છે. લોંગ રૂટની અંદર ધોલેરા વેસ્ટર્ન પોઇન્ટ કોરિડોર પણ નજીક છે. ધોલેરા-અમમદાવાદ એક્સપ્રેસ હાઇવે પણ બની રહ્યો છે અને રેલ કનેક્ટિવિટી સપ્લાય ચેઇન માટે દરેક વસ્તુમાં  આ ધોલેરા અમારી પહેલી પસંદગીનું સ્થળ ખરું ઉતર્યું છે. આ આપણાં બધા જ માટે પ્રાઉડની બાબત છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે દેશના ટોય ઇન્ડસ્ટ્રીઝના અત્યાર સુધીમાં એવું હતું કે કોઇ પણના ઘરે બાળક જન્મે અને બાળક જન્મવાની સાથે આપણે રમકડું લાવવાની જરૂર પડે તો એ રમકડું પણ આપણે વિદેશથી મંગાવતાં હતાં.  ચાઇના જેવા આપણને ગમે તેવા રમકડાં આપી દેતાં હતાં.  આવનારા દિવસોની અંદર ગુજરાતની અંદર ટોય પાર્ક પણ બનશે અને હમણાં જ એક સરવે રિપોર્ટ થયો,  આખા વિશ્વમાં ૭૦ કરતા વધુ દેશોની અંદર ભારતમાંથી બનેલા રમકડાં  ગયાં છે અને ગુજરાતના આપણાં રમકડાં છેક વિદેશમાં પહોંચવા માંડ્યાં છે, આ કોઇ નાની ઘટના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વિનમ્રતાથી મારે કહેવું છે કે, અભિમાન બિલકુલ નથી.  ''દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ'' આ શ્લોગન કદાચ ખોટું નથી. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૪૭માં સ્વર્ણિમ ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે પંચપ્રણના પાલન થકી રાષ્ટ્રને સુસજ્જ કરવા માટે આહ્વાન કર્યું ત્યારે વધુ દૃઢ વિશ્વાસ અને વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધીએ. ગુલામીના કોઇ પણ ચિન્હોનો છૂટકારો આપણે મેળવીએ. ભારતના ઇતિહાસ ઉપર આપણે સૌ ગર્વ કરીએ. એકતાની શક્તિ બતાવીએ અને સાથે સાથે નાગરિકોની ફરજ સાથે જેમ પી.એમ. અને સી.એમ. ફરજ બજાવે છે તેવી નાગરિકોની ફરજ બતાવીએ અને આપણે સૌ સાથે મળીને આ પંચપ્રણનું પાલન કરીએ**.** એસ.ડી.એમ.ના અહેવાલ પ્રમાણે ભારત વર્ષ ૨૦૨૯ સુધી વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર છે. તાજેતરમાં જ ભારત વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બન્યું પણ એના કરતા વધારે સન્માનનીય બાબત એ છે કે પાંચમાં સ્થાને જે હતું એ કન્ટ્રીએ દોઢ સો વર્ષ સુધી રાજ કર્યું હતું એ ઇંગ્લેન્ડને પછાડીને આપણે પાંચમા સ્થાને પહોંચ્યાં છીએ.  મારા આદિજાતિ વિસ્તારો હોય કે કોઇ પણ વ્યક્તિઓમાં જે વ્યવસાય સાથે જોડાયેલા હોય અમારાં માનનીય મુકેશભાઇની સતત લાગણી રહ્યાં કરતી હતી અને શ્રી કનુભાઇએ એમની લાગણીને માન પણ આપ્યું. સી ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ, આઠ એગ્રો પ્રોસેસિંગ પ્લાન્ટ, બે જી.આઇ.ડી.સી. સ્થાપીને  દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજીનું સપનું ''વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ'' એ દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, કોંગ્રેસના મિત્રો તો ટિપ્પણી કરીને જતાં રહ્યાં છે ત્યારે મારે એમને કહેવું છે કે ડિફેન્સ એક્સપો થયો. આ ઐતિહાસિક ડિફેન્સ એક્સપો ગુજરાતની અંદર થયો. હાઉસમાં જણાવતાં મને આનંદ થાય છે કે ૧૧૦૦ જેટલી કંપની પાર્ટીશિપેટ થઇ, ૭૫ કરતાં વધુ દેશોએ ભાગ લીધો. આનંદની વાત એ છે કે ૪૫૧ જેટલા એમ.ઓ.યુ. અહીંયા થયા અને ૧૧૦૦ એ ૧૧૦૦ કંપની એ સો એ સો ટકા ઇન્ડિજીનીયસ કંપની હતી. એટલે આપણા બધા માટે આ પ્રાઉડની  બાબત છે.   આવનાર દિવસોમાં ''પાર્ટ ટુ પ્રાઇડ એન ઇન્વેસ્ટ ફોર ફિફેન્સ'' સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવામાં દેશ અને ગુજરાત અગ્રેસર છે. ભારત ૭૫ દેશોને શસ્ત્રોની નિકાસ કરનાર દેશ બન્યો છે. અત્યાર સુધી ખાલી કારતૂસ લાવવી હોયને તો એ પણ આપણે બહારથી મંગાવવી પડતી હતી. ભારત દેશ અત્યારે એટલો સક્ષમ બન્યો છે કે ૭૫ દેશોની અંદર આપણે શસ્ત્રો અહીંથી ડિસ્પેચ કર્યા છે. આનંદની વાત એ છે કે હમણાં જ દેશના યશસ્વી વડાપ્રધાને હેલ હેલિકોપ્ટર ફેક્ટરીનું વર્ષ ૨૦૧૬માં શિલાન્યાસ કર્યું હતું અને વર્ષ ૨૦૨૩માં તેનું ઉદ્‌ઘાટન કર્યું છે. આ લાઇટ કોમ્બેક હેલિકોપ્ટર એલ.સી.એચ. ઇન્ડિયન મલ્ટીસ્ટોર હેલિકોપ્ટરનું આઇ.એચ.એમ.આર.નું ઉત્પાદન અને રિપેરિંગ ભવિષ્યમાં હિન્દુસ્તાનમાં થશે અને સાથે સાથે આ હેલિકોપ્ટર આપણે એક્સપોર્ટ પણ કરીશું અને ભારતમાં બનેલા હેલિકોપ્ટરો વિદેશમાં ઉડતાં હશે, આ કાંઇ નાની ઘટના નથી. કદાચ હાઉસના ખૂબ ઓછા સભ્યોને આ વાતની ખબર હશે. મને જણાવતાં આનંદ થાય છે કે, રાજકોટની આપણી દીકરી પ્રિતિબેન પટેલ. આ દીકરીની હિંમતને દાદ દેવી જોઇએ જેણે રાસ્પીન એન્ટરપ્રાઇઝ લિમિટેડ કંપની સી.એમ.ડી. કંપની છે. રાજકોટમાં પિસ્તોલ અને એરસોલ્ડ રાઇફલ બનાવવા માટેની સ્થાપના કરી છે અને આ એક્ઝિબિશનમાં ડિફેન્સ એક્સપોમાં એ દીકરીના સ્થળ ઉપર મારે વિઝિટ કરવાનું થયું હતું. આ આપણા બધા જ માટે પ્રાઉડની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ આપનું જ વ્યક્તિત્વ રહ્યું છે કે આપ જયારે પણ કોઇની સાથે વાત કરો છો ત્યારે સામેવાળાની આંખમાં આંખ મિલાવીને વાત કરો છો. શ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશા કહેતા હોય છે કે ભારત કયારેય નીચી આંખ રાખીને વાત નહીં કરે પરંતુ ભારત આંખમાં આંખ મિલાવીને વાત કરશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના અંદર આ રૂપનું દર્શન જોવા મળે છે. આ ગુજરાતના વિધાનસભાના સભ્યોને મારે કહેવું છે કે શ્રી નરેન્દ્રભાઇનું જે સ્વપ્નું છે વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અંતર્ગત કદાચ હું આ બધા જ ડિસ્ટ્રિક્ટ વાંચવા જઉં તો સાંજના ૭-૦૦ વાગ્યે પણ પૂરું થાય તેમ નથી પણ અમુક ડિસ્ટ્રિક્ટ ખાલી કહીશ. અમદાવાદની અંદર તો ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ, એન્જિનિયરિંગ, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ. ભરૂચમાં

કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ, એગ્રીકલ્ચરમાં બનાના ઇન્ડસ્ટ્રીઝ. ભાવનગરમાં ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ. અલંગ એટલે વર્ષોથી જે બહારની બોટો આવે એને સ્ક્રેપ કરવામાં આવે એ સ્ક્રેપમાંથી લોખંડનું રો-મટિરિયલ તૈયાર થાય. એ આખા ભારતનું સૌથી મોટું અલંગ શીપ યાર્ડ આપણે ત્યાં આવેલું છે. સાથે સાથે આવનારા દિવસોની અંદર જે આપણે સ્ક્રેપ પોલિસી લઇ આવ્યા તો જે વાહનો સ્ક્રેપ થશે એ પણ ભાવનગરની અંદર થશે અને જે એક્સપોર્ટ કરવા માટે આપણે કન્ટેનર જોઇએ એ કન્ટેનર આખા ભારતની અંદર મિત્રો, આ વાત તમને એટલા માટે કહું છું આ વાત યાદ રાખવા જેવી છે કે એકપણ કન્ટેનર આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ ભારતમાં નહોતું બનતું. માનનીય મનસુખભાઇ માંડવીયાજી કેન્દ્રીય મંત્રીને શ્રી નરેન્દ્રભાઇએ સૂચના આપી અને ભાવનગરની અંદર કન્ટેનર બનાવવાનું શરૂ થયું અને ભાવનગરના યુવાનોએ એક્સપોર્ટ કરવાના કન્ટેનરો બનાવવાનું શરૂ કર્યું છે. સુરતની વાત હોય, આખા વિશ્વમાં જેટલા ડાયમન્ડ પોલિશ થાય છે એના ૬૦ ટકા ડાયમન્ડ પ્રોડકશન એટલે આખા ભારતના ૫૮ ટકા ડાયમન્ડ માત્ર સુરતમાં પોલિસ થાય છે. જર, ઝવેરાત, બહેનોનું ઘરેણું, મારી બહેનોના મંગળસૂત્ર એ સુરતની અંદર બની રહ્યા છે અને સુરતમાંથી આખા દેશ અને વિદેશમાં એકસપોર્ટ થઇ રહ્યા છે. ટેક્ષ્ટાઇલ આખા દેશનું સૌથી મોટું ટેક્ષ્ટાઇલ હબ મેનમેઇડ ફેબ્રિક ઇવન ટેકનિકલ ટેક્સટાઇલ આ બધી જ વસ્તુ આપણને બધાને પ્રાઉડ થાય, આપણા વિધાનસભાના સભ્યોને પ્રાઉડ થાય કે એ સુરતની અંદર છે. ઘણા મિત્રો કહેતા હતા હમણાં બોલીને જતા રહે છે. જે માણસની બજારમાં આબરૂ હોય એને કોઇક રૂપિયા ઉછીના દે. પહેલાની સરકારો જોઇ છે? કટોરો લઇને દેશ વિદેશ ફરતા હતા કોઇ લોન પણ નહોતું આપતું અને દેવું કરી ઘી ચોક્કસ પીવાય છે અને જે દેવું કરીને ઘી પીવે છે એ જૂની કહેવત સાચી છે પણ ભારતીય જનતા પાર્ટીએ સાર્થક કર્યું છે. મારે કહેવું છે મારા કોઇક મિત્ર આંકડા સમજાવતા હતા. મોંઘવારીની વાતો કરતા હતા. મારે કહેવું છે દેશના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ લાલ કિલ્લા ઉપરથી ભાષણ કરતા કરતા કહ્યું હતું કે કોરિયામાં યુદ્ધ ચાલી રહ્યું છે એટલે ભારતમાં મોંઘવારી વધી છે. હું બીજું પણ કહું કે સ્વર્ગસ્થ, શ્રદ્ધેય આપણા બધાના વડિલ ઇન્દીરાજી ગાંધી કહેતા હતા કે મોંઘવારીનો પ્રશ્ન એ ભારતનો નહીં પણ સમગ્ર વિશ્વનો છે. કોંગ્રેસના નાણામંત્રીશ્રી ચિદમ્બરમ કહેતા હતા. આ નિવેદન ટાંકવા જેવું એટલા માટે છે કે હાઉસના ફ્લોર ઉપર પાર્લામેન્ટમાં બોલેલા છે કે ૧૫ રૂપિયાની પાણીની બોટલ અને ૨૦ રૂપિયાનો જયૂસ કોઇને મોંઘો નથી પડતો પણ અનાજમાં વધારેલો એક રૂપિયો એ મોંઘો પડે છે. આવા કથનો એમના વડીલોએ વાપરેલા છે. (અંતરાય) આપણે એવા વડીલને, વરિષ્ઠને સંબોધીને કહ્યું છે. કોઇપણ રાજયની સરકારનું પ્રથમ બજેટ હોઇ મારે શ્રી કનુભાઇને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે કોઇપણ સરકારનું પહેલું બજેટ હોય અને પહેલું બજેટ કેવું હોય? એક રૂપિયો કરવેરો વધાર્યા વગરનું બજેટ હોય તો આ વખતનું બજેટ છે. માનનીય અધ્યક્ષશ્રી, હાઉસના મિત્રોને ઘણી બધી બાબતની જાણકારી એટલા માટે હોવી જોઇએ કે, દુનિયાની અંદર સૌથી વધુ મોંઘવારીનો દર ઝિમ્બાબ્વેમાં છે. કેટલો ? તો ૨૬૯ ટકા દર છે. જે પાકિસ્તાન હરહંમેશ આપણી સામે કંઇક નાનું મોટું કરતું હોય તેને પાછા આપણા લોકો સમર્થન આપતા હોય, ચાલીસ ટકા કરતાં વધારે ભાવવધારો ત્યાં છે. ત્યાં આગળ લોટ, લોટની થેલી-થેલાં, બ્રેડ માટે મારામારી થઇ રહી છે. આખા ભારતમાં અત્યારે વાતાવરણ સારામાં સારું છે. મોંઘવારીની વાત કરી તો પૂર્વોત્તર રાજ્યોમાં જે ભાજપની સરકારની જીત થઇ છે તે જ બતાવે છે કે મોંઘવારી છે કે સોંઘવારી છે! હમણાં એક ઉત્સવની વાત થઇ અને કહ્યું કે, ગુજરાતની સરકાર ઉત્સવ પ્રિય છે. ઉત્સવ પ્રિય સરકાર સારી કે કરફયુગ્રસ્ત સરકાર સારી? જે સરકારે કરફ્યુ ભગાડયો અને લોકોની અંદર આનંદ ઉત્સવ વેર્યો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ગુજરાતના એક કોંગ્રેસના નેતા અને મને એક ભારતીય તરીકે દુઃખ થાય કે, વિદેશની ધરતી પર જઇ તમારે ભારતમાતા, જે ભારતમાતાએ તમને જન્મ આપ્યો છે તેના માટે તમારે ખોદણું ખોદવાનું? તે ભારતમાતા વિશે તમારે બોલવાનું? દેશના દુશ્મનની તમારે ત્યાં વાહ વાહ કરવાની? જેવા ભારતમાં પાછા આવો એટલે તરત જ એ દેશ માટે પાછું કંઇક બોલવાનું? આ કયાંની રાજનીતિ છે? મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે તેઓ ઉદ્યોગપતિની વાત કરતા હોય છે. કોઇ ઉદ્યોગપતિનું નામ આપે અને કહે છે કે મિત્રોને સાચવે છે, આ કરે છે, તે કરે છે. તે ગુજરાતના ઉદ્યોગપતિ ગુજરાતના લાખો, કરોડો યુવાનોને રોજગારી આપે છે. દેશના જી.ડી.પી.નો વધારો કરવામાં તે ઉદ્યોગપતિઓ ભારતની પડખે ઊભા રહે છે. તમારા જૂના લોકો પાછા અંગત સંબંધ તો રાખે છે. જરૂર હોય ત્યારે અંગત સંબંધ અને અંગત ફોટા વાયરલ થાય છે. તે મારે નથી કહેવું કે કોના ફોટા વાયરલ થાય છે. તમારા બધાના ત્યાં ફોટા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહમાં જણાવતાં આનંદ થાય છે અને દરેક ધારાસભ્યોને મારી વિનંતી છે કે, ઉદ્યોગ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬ની અંદર દેશના યશસ્વી વડાપ્રધાને ગાંધીનગરથી માત્ર ૪૦ કિલોમિટર દૂર, યુવાનો માટે સરકાર શું કરે છે? મારી ગુજારિશ છે કે મને સમય લંબાવી આપવા વિનંતી. માનનીય દંડકશ્રીને કહું છું કે, અધ્યક્ષશ્રીને રિકવેસ્ટ કરે. દેશના યુવાનો માટે, રાજ્યના યુવાનો માટે રાજ્ય સરકાર શું કરી રહી છે? સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી ૨૦૧૬માં આપણે આઇ-ક્રિએટ નામની સંસ્થા લોન્ચ કરી. દરેક ધારાસભ્યોને મારી વિનંતી છે કે આ આઇ-ક્રિએટ નામની સંસ્થા જોઇ આવે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

અધ્યક્ષશ્રી : ભાઇ, સમય લંબાવવાનો છે? સમય પૂરો થઇ ગયો છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય મંત્રીશ્રીનું વક્તવ્ય પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે તેવી વિનંતી.

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : બે મિનિટ સમય લંબાવી દઇએ છીએ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આપે બે મિનિટ વધારી છે અને મારી ગુજારિશ છે કે મને પાંચ મિનિટ પૂરી કરી આપો. આ બધી માહિતી એટલા માટે અગત્યની છે કે, હાઉસની અંદર કદાચ આ ધારાસભ્યો માટે અગત્યનો પિરિયડ છે. આ બધી માહિતી તે પોતાના વિસ્તારના યુવાનોને કામ લાગી શકે તેવી માહિતી છે. આ આઇ-ક્રિએટની વાત કરું તો કોઇપણ વિદ્યાર્થી, કોઇપણ ગામડાંનો વિદ્યાર્થી ખાલી પેપર્સ લઇ જાય, તેને વિચાર આવે કે મારે પ્લેન બનાવવું છે, મારે આંખનો લેન્સ બનાવવો છે, મારે પીન બનાવવી છે તો આઇ-ક્રિએટ, આઇ-હબ કે જી.ટી.યુ.માં જાય અને તેને સરકાર અઢી લાખ રૂપિયાની સહાય આપે છે. તે નોન રિટર્નેબલ સહાય કરે છે. સાથે સાથે તે વિદ્યાર્થીને આઇ-ક્રિએટ, આઇ-હબ હોય કે જી.ટી.યુ. હોય તેને કોઇપણ પ્રોડકટ ડેવલપ કરવા માટે સ્પેસ ક્રિએટ કરીને આપે છે. અત્યાર સુધીમાં માનનીય પ્રધાનમંત્રીના શબ્દોમાં કહું તો Never dream to become something if you have dream than do something. દેશના યુવાનોને આઇ-ક્રિએટ, આઇ-હબ પર લગભગ ચાર-એસ પર કામ કરી રહ્યા છે. સ્ટુડન્ટસ્, સ્ટાર્ટઅપ, સપોર્ટ અને સિસ્ટમ પર કામ કરી રહ્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે ૩૩૪૮ જેટલા ઇનોવેટીવ પ્રોજેકટસ્ ગુજરાતના વિદ્યાર્થીઓએ મૂક્યા, ૪૩૩ જેટલા સ્ટાર્ટઅપ્ બની ગયા છે અને લગભગ ૧૨૭ જેટલી પેટર્ન ફાઇલ થઇ છે. આના કારણે અત્યારે જે ઇન્વેસ્ટરો આવી રહ્યા છે અને જે સ્ટાર ઇન્વેસ્ટરો આવી રહ્યા છે એના કારણે ગુજરાતના યુવાનોને ખૂબ મોટો લાભ થઇ રહ્યો છે. હું ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીની વાત કરું તો બિરસા મુંડા યુનિવર્સિટી હોય, ચિલ્ડ્રન યુનિવર્સિટી હોય, કામધેનુ યુનિવર્સિટી હોય, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી હોય, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી હોય, કૌશલ્ય યુનિવર્સિટી હોય, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી હોય કે રેલવે યુનિવર્સિટી, વડોદરા હોય એ આખા દેશમાં સૌ પ્રથમ આપણે ત્યાં સ્થપાય છે. સાથે સાથે મારે કહેવું છે કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ એક ખાદીનો વિચાર રજૂ કર્યો કે, હું ગાંધી જયંતીના દિવસે ખાદી ખરીદવા જઇશ અને એ ખાદી ખરીદવાના કારણે એમણે એક સરસ ફાઇવ એફનું વિઝન આપ્યું, ફાર્મ ટુ ફાઇબર, ફાઇબર ટુ ફેકટરી, ફેકટરી ટુ ફેશન અને ફેશન ટુ ફોરેન. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે કેન્દ્રમાં વર્ષ ૨૦૧૪માં રૂપિયા ૧૧૭૦ કરોડનું ખાદીનું વેચાણ હતું અને વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૫૦૫૧ કરોડ કરતા વધારેનું વેચાણ થયું છે અને રાજયની અંદર વર્ષ ૨૦૦૨માં રૂપિયા ૪૦ કરોડનું વેચાણ હતું એ આજે વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૪૭૬ કરોડનું વેચાણ થયું છે. આ બધી જ બાબતો આપણને કહી આપે છે કે, ગુજરાતનો જે ગ્રોથ થયો છે એ માત્રને માત્ર ગુજરાતના સુશાસનને કારણે થયો છે. છેલ્લે એક વાત કહીને મારી વાત પૂર્ણ કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે હું કહીશ કે, વિકાસ એટલે વારસો અને વારસો એટલે ભાજપ સરકાર, વિકાસની વણથંભી યાત્રા એટલે ભાજપ સરકાર, વિવાદ નહીં વિકાસ એટલે ભાજપ સરકાર અને વિકાસની રાજનીતિ એટલે ભાજપ સરકાર. "આભાર"

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં હાજર રહેવા અંગે.**

અધ્યક્ષશ્રીઃ મારે એક જાહેરાત કરવાની છે કે, આજ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ ૧૦ મિનિટની અંદર ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે તેમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજર રહેવું તેવી મારી વિનંતી છે. લગભગ ૧૦-૧૫ મિનિટનો કાર્યક્રમ છે પરંતુ એની અંદર બધા આપણે હાજર રહીએ.

**હોળીના કાર્યક્રમની ઉજવણી અંગે.**

અધ્યક્ષશ્રીઃ બીજી એક જાણકારી આપવી હતી કે આવતી કાલના હોળીના પ્રસંગ માટે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ખાસ કરીને ગુજરાતનો પૂર્વ પટ્ટીનો જે ટ્રાયબલ સમાજ છે ત્યાં બધા લોકો ખૂબ સારી રીતે હોળીનો કાર્યક્રમ ઉજવતા હોય છે. તો એના કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ સહભાગી થઇ શકે એટલે સવારના સમયે આપણે રાખેલ છે તો એ પ્રમાણેના કપડાં પહેરીને આવો એ જરૂરી છે અને બિલકુલ કેસૂડાના કલરથી જ કાર્યક્રમ રાખ્યો છે એટલે એ પ્રમાણેના યોગ્ય તમને પસંદ લાગે એવા પરંતુ ગૃહને શોભે એ પ્રકારના હળવા કપડાં પહેરીને સૌ સભ્યો આવે તો અનુકૂળતા રહેશે.

આ બે વિષયની જાણકારી મારે આપ સૌને આપવાની હતી. સભાગૃહનું આજનું કામકાજ પૂર્ણ થાય છે, વિધાનસભા ગૃહની બેઠક આવતી કાલે મંગળવારે સવારે ૯-૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૪૩ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ સવારના ૦૯-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં ગાય આધારિત ખેતી માટે ખેડૂત સહાય

* ૮૧ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત ખેતી માટે ખેડૂતોને ગાય નિભાવણી માટે મહિને રૂ. ૯૦૦ અને વાર્ષિક
રૂ. ૧૦,૮૦૦ની સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને તે અન્વયે કેટલી સહાય ચૂકવાઇ છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| ક્રમ | તાલુકો | તાલુકાવાર ખેડૂત લાભાર્થી | ચૂકવેલ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | સુઇગામ | ૪૩૯ | ૨૨.૯૬ |
| ૨ | વાવ | ૯૪૦ | ૪૯.૬૨ |
| ૩ | ભાભર | ૨૬૯ | ૧૪.૧૯ |
| ૪ | દિયોદર | ૪૪૮ | ૨૩.૧૧ |
| ૫ | થરાદ | ૧૪૯૫ | ૭૬.૯૪ |
| ૬ | વડગામ | ૩૦૨ | ૧૬.૧૬ |
| ૭ | દાંતા | ૩૪૮ | ૧૮.૭૪ |
| ૮ | અમીરગઢ | ૩૦૬ | ૧૬.૧૩ |
| ૯ | ડીસા | ૧૦૭૮ | ૫૬.૪૧ |
| ૧૦ | કાંકરેજ | ૬૮૩ | ૩૫.૫૦ |
| ૧૧ | પાલનપુર | ૯૨૧ | ૪૭.૪૧ |
| ૧૨ | દાંતીવાડા | ૫૪૩ | ૨૭.૯૦ |
| ૧૩ | ધાનેરા | ૭૫૨ | ૩૯.૦૯ |
| ૧૪ | લાખણી | ૯૭૭ | ૫૧.૩૦ |
| | **કુલ** | **૯૫૦૧** | **૪૯૫.૪૬** |

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત ખેતી માટે જે નિભાવ ખર્ચ માસિક રૂ.૯૦૦ અને વાર્ષિક રૂ.૧૦થી ૧૧ હજાર લેખે અપાય છે તે ખરેખર ખૂબ ઓછો છે તે સહાય વધારવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે દાંતા અને અમીરગઢના છૂટાછવાયા વિસ્તારમાં દેશી ગાય બહુ જ વધારે છે તેનો સરવે કરીને દેશી ગાય આધારિત ખેતી માટે સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના સાંપ્રત સમયમાં ખેતીવાડી માટે એક બાજુ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગથી ખેતીની જમીન બંજર થતી જાય છે. બીજી બાજુ જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગથી લોકો અનેક રોગોનો ભોગ બને છે તેવા સમયે આ પરિસ્થિતિમાંથી બચવા માટેનો એક માત્ર ઉપાય રાજ્યના ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે છે અને આ પ્રાકૃતિક ખેતી દેશી ગાય આધારિત થાય છે. એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી કરી શકાય છે. જેમાં ખર્ચ પણ થતો નથી અને તેની ઉત્પાદિત વસ્તુઓ તદ્દન કુદરતી હોય છે. જેના કારણે તેની ગુણવત્તા પણ સારી હોય છે, ઉત્પાદન પણ વધે છે અને જમીન પણ ફળદ્રુપ થતી જાય છે. આ બધાં કારણોસર દેશી ગાયનું મહત્ત્વ ખૂબ વધુ છે. ખાસ કરીને દાંતા માટે જે પ્રશ્ન કર્યો છે તેમાં બનાસકાંઠા જિલ્લામાં ૩ લાખ ૯૧ હજાર ૪૮૬ જેટલી દેશી ગાય છે. ૩ લાખ ૪૧ હજાર ૨૨૮ કાંકરેજ ગાય, ૨૫૧ ડાંગી ગાય, ૬ હજાર ૧૧૯ ગીર ગાય, ૪૩ હજાર ૬૪૬ અન્ય ગાય છે. ગાયને આપણે માતા કહીએ છીએ અને ગાય માતાની જાળવણી આપણી બધાની ફરજ છે, પણ સંજોગો એવા છે કે જે ગાય દૂધ આપતી નથી તેને છોડી મૂકાય છે એટલે ઉકરડો, શેરીનો કચરો અને પ્લાસ્ટિક વગેરે

ખાવાથી તેની હાલત દયનીય થતી જાય છે. આવી તમામ ગાયોને પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગમાં લઈ શકીએ તો ખેતી અને જમીન સુધરે, ઉત્પાદિત વસ્તુઓ પણ ગુણવત્તાવાળી થાય અને આવો આહાર લેવાથી લોકો રોગમુક્ત થાય. આમ, ઘણી બધી બાબતમાં દેશી ગાય આધારિત ખેતી ખૂબ મહત્ત્વની છે અને માનનીય સભ્યશ્રીના સૂચનની હું નોંધ લઉં છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત પરિવારને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજનામાં મળવાપાત્ર સહાય માટે લાભાર્થીની પાત્રતા શું છે? અને અરજી મેળવવાથી લઈ મંજૂરી મળે ત્યાં સુધીની કાર્યપદ્ધતિ શું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને પ્રાકૃતિક ખેતી કરતાં કુટુંબોને ગાય નિભાવ ખર્ચમાં આથિક સહાય આપવાની યોજનામાં લાભાર્થીની પાત્રતા અંગે જણાવું તો અરજદાર ખેડૂત દેશી ગાય ધરાવતો હોવો જોઈએ અને તેના છાણ-મૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતો હોવો જોઈએ. આ યોજનાનો લાભ દેશી ગાય ધરાવતા ખેડૂતે ધારણ કરેલ જમીન પૈકી ઓછામાં ઓછી એક એકર જમીન એટલે કે ૪૦ ગુંઠા જમીનમાં દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને મળવાપાત્ર થાય છે. અરજદાર ખેડૂતોએ માસ્ટર ટ્રેનર્સ પાસેથી પ્રાકૃતિક કૃષિની તાલીમ પણ લેવી જરૂરી છે. જો અરજદાર ખેડૂતની પાત્રતા હોય તો એને દેશી ગાય આધારિત સહાય મળવાપાત્ર થાય છે. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નમાં જણાવું તો, અરજદાર ખેડૂતે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માને 'આઇ ખેડૂત પોર્ટલ' પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી ગ્રામ્ય કક્ષાએ વી.સી. મારફતે અથવા જ્યાં કોમ્પ્યુટર ઈન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી કરી શકાશે. આ ઉપરાંત, અરજદાર રૂબરૂ જઇ સંબંધિત કચેરીમાં પોર્ટલ ખુલ્લું હોય ત્યાં સુધી સમયમર્યાદામાં અરજી કરી શકે છે. ઓનલાઇન અરજી કર્યા બાદ અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેના ઉપર સહી-અંગૂઠો કરી સાધનિક કાગળો સાથે જે-તે ગ્રામસેવક, બી.ટી.એમ., એ.ટી.એમ., પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માની કચેરીમાં રજૂ કરવાનું રહેશે. અરજદારે અરજીની પ્રિન્ટ આઉટ સાથે સાધનિક કાગળો જેવાં કે, ૮-અ ની નકલ, સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારોનું સંમતિપત્રક, બેંકની પાસબુકની નકલ, રદ કરેલ ચેક સામેલ રાખીને દિન-૭માં તાલુકામાં રજૂ કરવાના રહેશે અને ત્યારબાદ અરજીની મંજૂરી સંબંધે જણાવું તો, મળેલ અરજીઓ ઇન્વર્ડ કરી બી.પી.એમ., એ.ટી.એમ. દ્વારા પ્રથમ તબક્કે સાધનિક કાગળોની ચકાસણી કરવાની થાય. ત્યારબાદ સાધનિક કાગળોને ચકાસી તેના આધારે અરજીની પાત્રતા કે બિનપાત્રતા નક્કી કરવાની રહે અને ત્યારબાદ પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ જિલ્લાના તમામ બી.પી.એમ., એ.ટી.એમ., ગ્રામસેવક, બાગાયત અધિકારી, ફાર્મર ફ્રેન્ડ પૈકી કોઇપણ ત્રણ જણાની ટીમ બનાવી દિન-૭માં ફિલ્ડ વેરિફિકેશન કરી લાભાર્થીના ગાય સાથેના ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું રહે અને એના આધારે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ છ માસિક સહાય ચૂકવવાની રહેશે. ચકાસણી દરમિયાન ખેડૂત પાસે ગાય ન હોય અને પ્રાકૃતિક કૃષિ કરતો ન હોય તો યોજનાની સહાય બંધ કરવાની થાય છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હોળી અને ધુળેટીના તહેવારોમાં બધા કેસૂડાંના રંગથી રંગાયેલાં હતાં, ત્યારે સર્વેને પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. આજના સારા દિવસે ગાય આધારિત ખેતીનો પ્રશ્ન પણ ચર્ચામાં આવ્યો છે. હું પણ પ્રાકૃતિક ખેતી સાથે ઘણા વર્ષોથી જોડાયેલો છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા માટે રૂ.૨૦૩ કરોડની આ વખતના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે એ માટે હું અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતો જે વાવેતર કરે છે અને જે ઉત્પાદન થાય છે તેના માટે પ્રાકૃતિક ખેતીનો વિભાગ અલગ હોય અને એને યોગ્ય માર્કેટ મળી રહે એના માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે. હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું અત્યારે પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદિત થતી ચીજવસ્તુઓના ગ્રાહકોની માંગ બહુ મોટી છે અને લોકો સ્વયંભુ પોતાને જોઇતી ચીજવસ્તુ, શાકભાજી, ફળ કે અનાજ ખેડૂતના ખેતરેથી લઇ જાય છે. ખેડૂતને ઉત્પાદિત વસ્તુનું યોગ્ય માર્કેટ મળી રહે એ માટે રાજ્ય સરકારે તમામ મહાનગરો અને શહેરોમાં આના પ્રાકૃતિક કૃષિ મૉલ ઊભા કરવા માટેનું આયોજન પણ કર્યું છે. જેથી, ખેડૂતો પોતાની ઉત્પાદિત ચીજવસ્તુઓ મૉલમાં પહોંચાડી શકે અને ત્યાંથી ગ્રાહકોને આ માલ સરળતાથી ખરીદી શકે. ૮૪ જેટલા એફ.પી.ઓ.ની નોંધણી થઇ છે. એના દ્વારા પણ આ ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની વ્યવસ્થા થઇ શકે છે. આમ, ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે અને સાથો સાથ એ પ્રાકૃતિક ખેતી ઉત્પાદિત વસ્તુઓના વેચાણની કાર્યવાહીમાં મદદરૂપ થવા માટે સરકાર આવા ખેડૂતો તથા એફ.પી.ઓ.ને પૂરતી મદદ અને માર્ગદર્શન કરે છે અને એનો લાભ રાજ્યમાં પૂરતા પ્રમાણમાં લોકો તથા ખેડૂતો લઇ રહ્યા છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાય આધારિત ખેતી માટે રૂપિયા ૨૦૩ કરોડની પ્રાકૃતિક ખેતી માટે બજેટમાં જોગવાઇ કરેલી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી અને માગણી કરું છું કે, ગાય આધારિત ખેતી કરવા માટે જિલ્લાઓમાં સરવે કરવામાં આવે અને જે જિલ્લામાં ગૌવંશ વધારે હોય ત્યાં વિશેષ પેકેજ આપીને સરકાર મદદ કરે તો જેમ, ડાંગ જિલ્લો પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર છે એ પ્રમાણે બનાસકાંઠા જિલ્લો પણ આવી શકે તેમ છે. બીજું, જે ગાયો રેઢી હોય એના માટે પાંજરાપોળ બનાવેલ છે. ગઇ વખતે સરકારે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરી હતી પણ મોટાભાગની ગૌશાળાઓને એની સબસિડી આપવામાં આવી નથી, એટલે રખડતાં ઢોર ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન કરે છે. એટલે બજેટમાં જે જોગવાઇ કરી છે એ ગૌશાળા અને પાંજરાપોળને

આપવા માગીએ છીએ કે કેમ? બીજું, છત્તીસગઢની સરકાર જે રીતે ગાયોનું ગોબર ખરીદે છે, તો ગુજરાત સરકાર પણ ગાયોનું છાણ, ગોબર ખરીદે તો રખડતી ગાયો ઉપર નિયંત્રણ આવશે. આવું કંઇ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, પશુઓના છાણ અને મૂત્રના ઉપયોગથી ગેસ ઉત્પન્ન થાય, કુદરતી ખાતર ઉત્પન્ન થાય અને લોકોને એનો સીધો ફાયદો થાય એના માટે ગોવર્ધન યોજના રાજ્યમાં અમલમાં છે. ખેડા જિલ્લામાં અમૂલ ડેરી દ્વારા આ કાર્યક્રમ ખૂબ મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં માનનીય અધ્યક્ષશ્રી, આપ જે સંસ્થાના અધ્યક્ષશ્રી છો એ બનાસ દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા પણ મોટા પ્રમાણમાં આ યોજના અમલમાં મૂકાયેલી છે. પશુઓના છાણની ખેડૂતોને કિંમત મળે અને એનાથી ગેસ અને ખાતર ઉત્પન્ન થાય એટલે આપણા બળતણનો પ્રશ્ન હલ થાય, ખેડૂતોને પૂરક આવક થાય અને આ બાબતમાં રાજ્ય સરકાર પૂરતા પ્રયત્નો કરે છે. માનનીય વડાપ્રધાનશ્રીની પણ નેમ છે કે, દરેક ગામડાં આ રીતે સ્વનિર્ભર થાય. દરેક ગામડે આવા પ્રોજેક્ટ થાય. ખાસ કરીને, જયાં મોટા પ્રમાણમાં ગૌશાળા અને પાંજરાપોળો છે, ત્યાં પણ આવા પ્રોજેક્ટો અમલી બને એના માટે રાજ્ય સરકારશ્રી પાસે યોજનાઓ પણ છે અને આવી યોજના આપશ્રીએ તો અમલમાં મૂકી છે અને બીજી સંસ્થાઓ પણ આવી યોજનાઓ અમલમાં મૂકવાનો પ્રયત્ન કરી રહી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કાંકરેજી અને ગીર ગાય જે આપણી પ્રાકૃતિક ખેતી માટે છે. એ જ રીતે એનું ઘી, દૂધ, દહીં એક દવા તરીકે જયારે ઉપયોગમાં આવે છે તો વધારેમાં વધારે દૂધ જર્સી ગાય અને એચ.એફ. ગાયનું હોય છે. તો કાંકરેજી અને ગીર ગાય માટે સરકારશ્રી દ્વારા વધારે સહાય આપવામાં આવે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે અને એની ઉપર યોગ્ય વિચારણા કરવામાં આવશે.

### સુરત શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે આર.ટી.ઇ. એક્ટ હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ

* ૧૧૬૬ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટે સુરત શહેરમાં કેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ માટે સુરત શહેરમાં ૩૦,૨૨૬ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ? | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ૯૯૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનું મહત્ત્વ શું છે? સુરત શહેર અને જિલ્લામાં કેટલી અરજીઓ મળી છે? અને એમાંથી સિટી તથા જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર એજ્યુકેશન માટે હંમેશા જાગૃત રહી છે ત્યારે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ પ્રમાણે સરકારે બાળકો માટે ખૂબ જ સરસ પ્લાનિંગ કરીને આજ સુધી વિભાગ દ્વારા ખૂબ જ સફળતાપૂર્વક કામગીરી થઇ રહી છે. આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રનું સૌથી મોટું બજેટ આપણા સંવેદનશીલ અને મૃદુ એવા મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી કનુભાઇ દ્વારા જયારે ફાળવવામાં આવ્યું છે, ત્યારે એમને હૃદયપૂર્વક નમન કરું છું. અમારા બન્ને કેબિનેટ મંત્રી વડીલ શ્રી ઋષિકેશભાઇ અને ડો. ડીંડોર સાહેબ પણ શિક્ષણ ક્ષેત્રે ખૂબ જાગૃતિથી ગુજરાતના અંત્યોદય સુધીના એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે એના માટે સતત જાગૃત રહી માર્ગદર્શન આપી રહ્યાં છે ત્યારે બહેન શ્રીમતી સંગીતાબેન કે જેઓ ગરીબ બાળકોના શિક્ષણ માટે સુરતમાં સારી પ્રવૃત્તિ કરે છે અને એમણે જ આ પ્રશ્ન પૂછયો છે, ત્યારે હું જણાવીશ કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ સુરત શહેરમાં ૩૦૨૨૬ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરેલ હતી અને ઉક્ત સ્થિતિએ તે પૈકી ૯૯૩૫ વિદ્યાર્થીઓને રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રાઇવેટ શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આર. ટી.ઇ. એક્ટ ૨૦૦૯ની કલમ ૧૨/૧-સી હેઠળ પ્રવેશ આપવા માટેની અગ્રતા શું છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, આર. ટી. ઇ. એક્ટ નીચે ગરીબ બાળકો માટે જે યોજનાઓ બની છે, પણ એમાં પણ ૧૨/૧-સી કલમ હેઠળ પ્રાયોરિટી નક્કી કરવામાં આવેલી છે કે કયા બાળકોને આમાં પ્રાયોરિટી આપવી જોઇએ. સર્વ પ્રથમ અનાથ બાળક, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત હોય તેવાં બાળક, બાલ ગૃહનાં બાળકો, બાલ મજૂરો, સ્થળાંતરિત મજૂરોનાં બાળકો, મંદ બુદ્ધિના અને દિવ્યાંગ શારીરિક રીતે દિવ્યાંગ બાળકો ધારા ૨૧૬ની કલમ

૩૪(૧)માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો, એ. આર. ટી.ની સારવાર લેતાં બાળકો, ફરજ દરમ્યાન શહીદ થયેલા લશ્કરી જવાનો, અર્ધ લશ્કરી જવાનો અને પોલીસ દળના જવાનોનાં બાળકો, જેના માતા પિતાનું એક માત્ર સંતાન દીકરી હોય એટલે કે માત્ર એક દીકરી જ હોય તો તેને પ્રાયોરિટીમાં લેવામાં આવશે. રાજ્ય સરકારના હસ્તગત શાળાની આંગણવાડીમાં અભ્યાસ કરનાર બાળકને પ્રાયોરિટી આપવામાં આવે છે. ઝીરોથી વીસનો આંક ધરાવતા તમામ કેટેગરીના એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી., જનરલ તથા બી.પી.એલ. કુટુંબનાં બાળકો, અન્ય પછાત વર્ગ, વિચરતી અને વિમૂક્ત જાતિનાં બાળકો, જનરલ કેટેગરી - બિન અનામત વર્ગનાં બાળકોને માટે આ ૧૨ / ૧ - સી હેઠળ આયોજન કરવામાં આવ્યું છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ, વર્ષ ૨૦૦૯ જયારે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો, ત્યારે હું પણ લોકસભામાં હતો અને એનું મને ગૌરવ છે. આ કાયદાનો હેતું એવો હતો કે ગરીબમાં ગરીબ કે મધ્યમ વર્ગના માણસ હોય, એનાં બાળકોને પણ સારામાં સારું ઉચ્ચ શિક્ષણ સારી શાળામાં મળે, એ માટે આ એક્ટ બનાવવામાં આવ્યો હતો. અત્યારે જવાબમાં જણાવવામાં આવ્યું છે કે લગભગ ૩૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી છે અને તેની સામે ૯ હજાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળ્યો છે. એટલે ૩૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે. હું પણ સુરત શહેર સાથે જોડાયેલો છું અને ઘણીબધી ફરિયાદો મળતી હોય છે કે ખાનગી શાળાઓ આ એક્ટની સદંતર અવગણના કરીને પ્રવેશ આપવાનો ઇન્કાર કરે છે. ઘણીવાર પ્રવેશ આપ્યા પછી એની પાસે ફી ન લેવાની હોય તેમ છતાં ફી પણ ઉઘરાવવામાં આવે છે. તો આ પ્રકારની પ્રવેશ ન આપવાની અને ફી લેવાની ફરિયાદ માનનીય મંત્રીશ્રીને મળી છે કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા: માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી કે પ્રાઇવેટ શાળામાં એમને પ્રવેશ આપવાનો ઇન્કાર અથવા તો ફી ઉઘરાવવાની. આવી એક પણ ફરિયાદ હોય તો અમને આપે. ચોક્કસ પ્રકારે એના ઉપર એકશન લેવામાં આવશે. માનનીય અધ્યક્ષ મહોદય, જે પ્રવેશ માટે અરજી કરતા હોય એમને ઓનલાઇન તમામ ડોક્યુમેન્ટ જમા કરાવવાના હોય છે. એના નીતિ નિયમો પ્રમાણે કેવા બાળકો જેની અરજી નથી સ્વીકારાતી, ત્યારે ઘણીવાર એવું થાય છે કે બાળકે એક શાળા પસંદ કરી હોય પરંતુ એ નિશ્ચિત પસંદ કરેલી શાળામાં એમને એડમિશન ન મળતા તે પછી એમની નજીકની બીજી શાળામાં પ્રવેશ લેવાનો પ્રયાસ કરતા હોય છે. બીજી વાત એ છે કે જે શાળામાં ભાઇ કે બહેન ભણતા હોય અને ત્યાં જ એડમિશન લેવું હોય અને તે ન મળતા એ બીજી શાળામાં જતા રહે છે. ઘણાં બાળકોને એડમિશન કન્ફર્મેશન આપી દીધું હોવા છતાં એ શાળામાં બાળક એડમિશન નથી લેતું. આવા તમામ કિસ્સાઓની માહિતી રાજ્ય સરકાર પાસે છે. ૬ કિલોમીટરની ત્રિજિયામાં આ શાળા આવતી હોય, પરંતુ એ શાળાથી થોડીક દૂર હોય કે અંદરની શાળા હોય ત્યારે પણ વાલી ઘણીવાર બાળકનું એડમિશન લેતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફત હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે એક પણ બાળકે કે જેમણે આર.ટી.ઇ. એક્ટ - ૨૦૦૯ હેઠળ શાળામાં એડમિશન લીધું હોય અને એમની પાસે કોઇ શાળા ફી માગતી હોય તો એ અમારા ધ્યાન ઉપર મૂકજો અમે ચોકકસ એનું સોલ્યુશન કરીશું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું સયાજીરાવ ગાયકવાડના સ્ટેટ મહેસાણા જિલ્લાનો છું. આ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત હતું. બાળકોને ભણવા ન મોકલે તો વાલીને દંડ થતો હતો. એટલે જે બાળકોની વ્યાખ્યા ગણાવી છે કે આ પ્રકારનાં બાળકોને આર.ટી.ઇ. એક્ટ પ્રમાણે એડમિશન આપવામાં આવે છે, પરંતુ એ પ્રાઇવેટ સ્કૂલમાં એ બાળક જાય છે ત્યારે તેનું યુનિફોર્મ, તેને બૂટ, મોજા અને જે કંઇ વ્યવસ્થા જોઇએ તે વ્યવસ્થા ગરીબ બાળકની પાસે નહીં હોવાને કારણે તે બાળક લઘુતાગ્રંથીથી પીડાતું હોય છે અને તેને કારણે સારા અને હોંશિયાર વિદ્યાર્થી હોવા છતાં કયારેક એમને નુકસાન થવાનો ડર રહે છે. એટલે હું એટલું જ કહેવા માગું છું કે આર.ટી.ઇ. એક્ટ હેઠળ જે બાળકોને તમે એડમિશન આપો છો તે બાળકોને બીજી આવી કોઇ વિશિષ્ટ સવલતો આપવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત રાજ્ય એક એવું રાજ્ય છે કે જયાં આર.ટી.ઇ. એક્ટ નીચે પ્રવેશ તો આપવામાં આવે જ છે અને તેની ફી પણ રાજ્ય સરકાર ભરે છે. પરંતુ માનનીય સભ્યશ્રી દ્વારા જે પૂછવામાં આવ્યું છે કે વિશિષ્ટ સવલતો શું આપીએ છીએ, તો આપણે વર્ષના ૩૦૦૦ રૂપિયા જે તે બાળકના વાલીના ખાતામાં પણ જમા કરીએ છીએ કે જેમાંથી એ બૂટ, યુનિફોર્મ વગેરે જે તે જરૂરિયાત મુજબની ચીજો લઇ શકે છે. એટલે એ બાળકને બીજાં બાળક વચ્ચે ફર્ક ન દેખાય એવો પ્રયોગ આ પ્રમાણે આપણે કરી રહ્યા છીએ.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશની પ્રક્રિયા ચાલે છે તેમાં ગત પાંચ વર્ષથી મારી ઓફિસમાંથી અમે આ પ્રક્રિયા ચલાવતા હતા અને દર વર્ષે ૪૦૦થી ૫૦૦ ફોર્મ અમે ભરીએ છીએ. મારે એ જાણવું છે કે આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ માટે કરવામાં આવતી અરજીઓ નામંજૂર થવાનાં કારણો કયા કયા છે અને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ પ્રક્રિયા કયારથી ચાલુ થવાની છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આ બાબતમાં જે જાગૃતતા દર્શાવી છે તે બદલ એમને અભિનંદન આપું છું. આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ માટે આવતી અરજી નામંજૂર થવાનાં કારણો એ છે કે આ ટોટલ પ્રક્રિયા ઓન લાઇન છે. તો પણ નિયત આવક મર્યાદા કરતા વધુ આવક ધરાવતા હોય, જે તે કેટેગરીમાં આવતા બાળકે સક્ષમ અધિકારીનો દાખલો રજૂ ન કરેલ હોય, પ્રવેશ માટે નિયત વય મર્યાદા કરતા વધારે અથવા ઓછી વય મર્યાદા ધરાવતા

હોય, રહેઠાણ માટે ભાડાનો રજિસ્ટર્ડ કરાર ન કર્યો હોય, સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજૂ ન કરેલ હોય, ઓન લાઇન અરજીમાં જરૂરી આધારો નિયમ મુજબ અપલોડ ન થયા હોય તો એવી અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સુરત શહેરમાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ ખાનગી શાળામાં ૨૫ ટકાનો પ્રવેશનો રેશિયો છે તે મુજબ સુરત શહેરની ખાનગી શાળાઓના કેટલા વિદ્યાર્થીઓ આર.ટી.ઇ. એક્ટ હેઠળ એડમિશન લઇ શકે છે? એ રેશિયો જળવાય છે કે નહીં અને બીજો પ્રશ્ન એ છે કે એડમિશન ફોર્મ ૩૦,૦૦૦થી ઉપર ભરાયા હતા પણ ૯૯૦૦ જેટલા વિદ્યાર્થીઓને એડમિશન મળેલ છે. તો તેમાં પ્રાઇવેટ સ્કૂલોમાં કેટલા એડમિશન થયા, સી.બી.એસ.સી.માં કેટલા એડમિશન થયા? ઇન્ટરનેશનલ સ્કૂલમાં કેટલા એડમિશન થયા?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ ખૂબ લાંબી વિગતવાર માહિતી છે. થોડી માહિતી આપું, બાકી તેમના ટેબલ પર મૂકીશ. ૨૦૨૧-૨૨માં પ્રવેશ આપવાપાત્ર શાળાઓની સંખ્યા ૯૧૩ હતી. ઉપલબ્ધ જગ્યાઓ ૯,૨૭૯ હતી. કુલ મળેલી અરજી ૨૪,૯૦૨ હતી. માન્ય અરજી ૨૧,૨૨૩ હતી. અમાન્ય અરજી ૩,૬૭૯ હતી. ફાળવવામાં આવેલ પ્રવેશની સંખ્યા ૭,૯૫૬ હતી. ફાઇનલ મેળવેલ પ્રવેશ ૭,૪૬૩. ૨૦૨૨-૨૩માં ૯૧૮ શાળાઓ પસંદ થયેલ હતી. તેમાં ઉપલબ્ધ જગ્યાઓ ૧૦,૪૭૫ હતી. કુલ મળેલી અરજી ૩૦,૨૨૬ હતી. માન્ય અરજી ૨૬,૦૯૬ હતી. તેમાંથી ૪,૧૩૦ અરજી નામંજૂર થઇ હતી અને ૯,૯૩૫ અરજી માન્ય થઇ હતી. તેમાંથી આપણે એડમિશન આપી દીધા હતા, પરંતુ બધી શાળાઓમાં હાજર થયેલા બાળકોની સંખ્યા ૮,૮૬૨ હતી. બાકીની માહિતી હું તેમના ટેબલ પર આપી દઇશ.

**સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓની સંખ્યા**

* ૧૧૭૩ **શ્રી શામજીભાઇ ચૌહાણ** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને | (૧) ૯૮૦ ખેડૂતો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી મહિલા અને કેટલા પૂરૂંષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ? | (૨) ૬૧૪ મહિલા અને ૩૬૬ પૂરૂંષ. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સંસ્થાકીય કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ તાલુકાવાર કેટલા ખેડૂતોને આપવામાં આવી છે અને કૃષિ વિષયક તાલીમ આપવાથી ખેડૂતોને શું ફાયદો થાય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ચાર કૃષિ યુનિવર્સિટી આવેલી છે. આ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોએ જે સંશોધનો કર્યા હોય, ખેતી ક્ષેત્રે અમલમાં મૂકી શકાય એવી નવી ટેક્નોલોજીની શોધ કરી હોય આ શોધ અને સંશોધનોથી રાજ્યના ખેડૂતો વાકેફ થાય, ખેતીમાં તેનો ઉપયોગ કરે અને કૃષિ ક્ષેત્રે આપણું રાજ્ય આત્મનિર્ભર થાય એવા હેતુથી અગાઉ રાજ્યમાં નેધરલેન્ડ સરકારની સહાયથી રાજ્યના કૃષિ ખાતા દ્વારા આ યોજના અમલમાં હતી. સમયાંતરે એ પ્રોજેક્ટ પૂરો થયો પણ રાજ્ય સરકારે આ યોજના રાજ્યના ખેડૂતોના હિતમાં ચાલુ રાખી છે. આ યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨૬ જેટલાં તાલીમ કેન્દ્રો આવેલાં છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આ કેન્દ્ર વર્ષ ૧૯૮૦-૮૧થી કાર્યરત છે. આ ખેડૂત ભાઇઓ, મહિલાઓ અને વિવિધ ઘટકો જેવા કે સંસ્થાકીય તાલીમ, યુવા સંસ્થાકીય તાલીમ, પ્રિ-સિઝનલ કેમ્પ, શેરિંગ ફોલોઅપ, કૃષિ મેળા અને રાજ્યની અંદર અને બહાર પ્રેરણા પ્રવાસ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ આ કૃષિલક્ષી કૌશલ્ય તાલીમ કાર્યક્રમ દ્વારા સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવી રહી છે. સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સંસ્થાકીય કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ તાલુકાવાર કેટલા ખેડૂતોને આપવામાં આવી છે તેની વિગતો કહું તો ધ્રાંગધ્રામાં ૯૦ મહિલા ખેડૂત, વઢવાણમાં ૧૯૧ પુરુષ અને ૨૩૧ મહિલા, મૂળીમાં પુરુષ ખેડૂત ૮૩, મહિલા ખેડૂત ૯૦, સાયલામાં પુરુષ ખેડૂત ૨૮, ..

અધ્યક્ષશ્રી : એમણે પૂરૂંષ કે મહિલા એવું નથી પૂછયું. તાલુકાવાઇઝ કેટલા એટલું જ પૂછયું છે. બન્નેનો ભેગો સરવાળો આપી દેશો તો પણ ચાલશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : લખતર તાલુકામાં ૮૭, લીમડી તાલુકામાં ૫૬, ચૂડા તાલુકામાં ૮૬ એમ કુલ મળી ૩૬૬ પૂરૂંષ અને ૬૧૪ મહિલા કૃષિકારોને આ તાલીમ કેન્દ્રો દ્વારા તાલીમ આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ આ કૃષિ તાલીમના ફાયદા અંગેની વાત કરી છે, એની માહિતી એમને જોઇએ છે તો જણાવું કે કૃષિ વિષયક તાલીમ દ્વારા ખેડૂતોને ખેતી વિષયક માહિતી, માર્ગદર્શન, જ્ઞાન, ચાતુર્ય અને કૌશલ્ય પૂરા પાડવામાં આવે છે જેના ઉપયોગથી ખેડૂતો વધુ સારી અને સક્ષમ રીતે પોતાની ખેતી, બાગાયત પશુપાલન સંલગ્ન વ્યવસાય કરી શકે છે. રાજ્યમાં આવેલ ખેડૂત તાલીમ કેન્દ્રો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, સરદાર સ્મૃતિ કેન્દ્રો ઉપર સમયાંતર થતા સંશોધનની અદ્યતન માહિતી મળતી રહે છે જેના દ્વારા ખેત ઉત્પાદનમાં

વધારો થાય છે. આ ઉપરાંત મહિલાઓ માટે ખાસ કીચન ગાર્ડનિંગ, બેકરી, ગૃહ વિજ્ઞાન, અનાજ, ફળફળાદીમાંથી બનતી બનાવટો જેવી કે જામ, જેલી, અથાણાં, મુરબ્બા વગેરે વિષયો ઉપર વિવિધ તાલીમોનું આયોજન કરવામાં આવે છે અને આવી મૂલ્ય વર્ધિત તાલીમોથી ખેડૂતોને વધારાની રોજગારી પણ પૂરી પાડવામાં આવે છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ ખેતીમાં તાલીમનું મહત્ત્વ શું છે અને આ ખેડૂત તાલીમ કેન્દ્રો ઉપર ખેડૂતોને કયા કયા વિષયની તાલીમ આપવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમના મહત્ત્વ અંગે મેં હમણાં જ વાત કરી અને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે એની વાત કરું તો સંસ્થાકીય તાલીમ વર્ગ, યુવા સંસ્થાકીય મહિલા અને પુરુષ તાલીમ વર્ગ, પ્રિ-સિઝનલ કેમ્પ, શેરિંગ ફોલોઅપ કાર્યક્રમ, રાજયની અંદરનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ, રાજયની બહારનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ, આવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી અને ખેડૂતોના જ્ઞાન અને ટેકનોલોજીમાં વધારો થાય એના માટેના સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે તાલીમાર્થી ખેડૂતો છે એમાં પારદર્શકતા જળવાય એના માટેના પસંદગીના ધોરણો શું છે અને જે ખેડૂતો તાલીમ લે છે એમની ખેતીમાં અને તાલીમ નહીં લીધેલા એમની ખેતીમાં કંઇ તફાવત જણાય છે એવો કોઇ સરવે થયો છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નમાં જણાવું તો સ્વાભાવિક પણે કોઇપણ વ્યકિત ખેડૂત હોય, કારીગર હોય કે આપણે હોઇએ, તાલીમ જયારે મળતી હોય છે ત્યારે આપણી કાર્યશકિત, આવડત અને કૌશલ્યમાં વધારો થાય આ સર્વ વિદિત વાત છે અને બીજી વાત કે તાલીમાર્થીની પસંદગીમાં કઇ રીતે પારદર્શિતા રાખવામાં આવે છે તો હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે ખેડૂત પરિવારના સભ્ય હોવું જરૂરી છે, ઉંમર ૧૮થી ૫૫ વર્ષની હોવી જરૂરી છે, ઓછામાં ઓછું ધો.૫ની શૈક્ષણિક લાયકાત હોવી જરૂરી છે, તાલીમના દિવસોમાં દરરોજ હાજર રહેવા જે સમર્થ હોય તેમને જ તાલીમ માટે પસંદ કરવામાં આવે છે. સંસ્થાકીય તાલીમમાં વર્ગ દીઠ ૩૦ લાભાર્થીઓની સંખ્યા રાખવામાં આવે છે. ખેડૂતો ખેતી, પશુપાલન, બાગાયત, ગૃહ વિજ્ઞાન, ઊર્જા સ્ત્રોત વગેરે વિષયોમાં રસ ધરાવતા તેમજ તે પ્રકારના કાર્ય કરતા ખેડૂતની જ આ તાલીમમાં પસંદગી કરવામાં આવે છે. ખેડૂતની પસંદગી વિસ્તરણ અને શૈક્ષણિક સંસ્થા દ્વારા કરવામાં આવે છે જેના કારણે ખરેખર જે ખેડૂત હોય એને પોતાની ખેતીમાં અને ખેતીને લગતા આનુસાંગિક વિષયોમાં રસ હોય અને આ તાલીમમાં પૂરો સમય હાજરી આપી તાલીમ લેવાની ઇચ્છા ધરાવતા ખેડૂતોને જ આ તાલીમ વર્ગમાં પસંદ કરવામાં આવે છે અને એમાં તમામ પારદર્શિતા રાખવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તાલીમ લીધા પછી એમાંથી કોઇ ફાયદો થતો હોય એવો સરવે કરાવવાનો કોઇ વિચાર છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આવો કોઇ સરવે કરવામાં આવ્યો નથી. સભ્યશ્રીનું સૂચન છે પણ હું ચોક્કસપણે કહેવા માગું છું કે, તાલીમથી કોઇપણ વ્યક્તિને કોઇપણ ક્ષેત્રના વ્યક્તિને ફાયદો થતો જ હોય છે અને એ સર્વવિદિત વાત છે. છતાં માનનીય સભ્યશ્રીનું સૂચન છે એને હું ધ્યાનમાં લઇશ.

**પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલ રાજયના માછીમારો**

*૨૪૯ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજયના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, | (૧) ૫૬૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમારોને પાકિસ્તાની તંત્ર દ્વારા પકડવામાં આવ્યા છે, અને | (૨) |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજયના કેટલા માછીમારોને પાકિસ્તાનની જેલમાં છોડવામાં / મુક્ત કરવામાં આવ્યા ? | (૩) |

(૨)

| વર્ષ | પકડાયેલ માછીમારોની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧ | ૧૯૩ |
| ૨૦૨૨ | ૮૧ |
| **કુલ** | **૨૭૪** |

(૩)

| વર્ષ | માછીમારોની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧ | ૨૦ |
| ૨૦૨૨ | ૩૫ |
| **કુલ** | **૫૫** |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે અને મત્સ્યોદ્યોગમાં આપણું ખૂબ મોટું કોન્ટ્રિબ્યુશન પણ છે. પરંતુ ડીઝલના ભાવો વધવાથી અને આંતરરાષ્ટ્રીય ભાવો ન મળવાથી અત્યારે ૫૦ ટકા જેટલી બોટો બંધ હાલતમાં પડી છે અને બેકારી છે. એ સમયે આ પાક મરીન સિક્યોરિટી એજન્સી

છે એ જ્યારે સિઝન ટોપ ઉપર હોય ત્યારે એ આપણી ફિશર બોટોને પકડી જાય છે અને સાથે એ ફિશરમેનોને પણ પકડી જાય છે. અગાઉ જે ફિશરમેનો હતા એને બન્ને દેશોની સુપ્રીમકોર્ટે ઓર્ડર કરેલો એટલે એક વર્ષમાં આદાન-પ્રદાન થઇ જતા હતા અને અહીં આવી જતા હતા. પણ પાકિસ્તાન આપણી બોટો પાછી આપતું નથી. ૧૨૦૦ જેટલી બોટો એમના કબજામાં પડેલી છે ત્યારે મારે ફિશરીઝ મંત્રીશ્રી જે આ ક્ષેત્રના અનુભવી નહીં પણ એના વિશે જ્ઞાન ધરાવે છે અને અભ્યાસુ છે ત્યારે એમને પ્રશ્ન પૂછવો છે કે એક તો આ ફિશરમેનો છૂટતા નથી એનું કારણ, કેમ કે પાંચ-પાંચ વર્ષ સુધી આ બન્ને જેલોમાં સબડતા રહે છે. એનું કારણ કોન્સ્યુલર એકસેસ નથી થતું. એ આઇડેન્ટિફાઇ થવા જોઇએ કે આ આપણા જ ફિશરમેનો છે. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં દર વર્ષે ૨૦, ૩૫ જેટલી સંખ્યામાં છૂટ્યા છે. તો કોન્સ્યુલર એક્સેસ તાત્કાલિક કેન્દ્ર સરકાર તરફથી થાય એના માટે આપે રજૂઆત કરેલ છે? રજૂઆત કરવા માગો છો કે કેમ? બીજું આપણી ૧૨૦૦ જેટલી બોટો પણ ત્યાં પડેલી છે અને બોટ પરત આપતા નથી એના માટે કોઇ પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેમ? અને ત્રીજું કે જે લોકોએ બોટો ગુમાવી છે એના કારણે ૧૨થી ૧૩ લોકોની રોજીરોટી જાય છે. અગાઉ જે રીતે જે લોકોની બોટો પાકિસ્તાન ઉઠાવી ગયું છે એ લોકો માટે કેન્દ્ર સરકારે નવી બોટ બનાવવા માટે એક પેકેજ આપ્યું હતું. વર્તમાન સરકારે એ બંધ કરેલ છે એ પુનઃ ચાલુ કરાવવા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બહુ મહત્ત્વનો છે. આપણા માછીમારો આંતરરાષ્ટ્રીય સીમા છે, ક્યારેક એને ઓળંગી અથવા ક્યારેક સીમામાંથી પકડી જતા હશે પણ આવા માછીમારોનું પાકિસ્તાનની મરીન બોટો દ્વારા અપહરણ થાય છે એ હકીકત છે. પણ આ અપહરણના બનાવો બનતા ઓછા થાય એના માટે કેન્દ્રની મરીન સિક્યોરિટી એજન્સી હોય કે રાજ્યની મરીન સિક્યોરિટી આ બધા સંપૂર્ણ સજાગ છે. એના માટે પૂરતાં પગલાં લીધાં પણ છે. માછીમારોને આ માટે જાગૃત કરીએ છીએ. અવેરનેસના કાર્યક્રમો પણ રાખીએ છીએ. વધારામાં જી.પી.એસ. સિસ્ટમ જો દરેક માછીમારની બોટ ઉપર લગાડવામાં આવે તો એના માટે સરકાર ૨૦ હજાર રૂપિયા જેવી સહાય આવી બોટોના માલિકને આપે છે. રાજ્ય સરકાર દ્વારા આના માટેના પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. માનનીય સભ્યશ્રીએ જે ડીઝલની વાત કરી અને એના કારણે ૫૦ ટકા બોટો બંધ છે એ વાત કરી પણ આ વિષય રાજ્ય સરકારનો છે નહીં, એટલા માટે હું એનો કોઇ જવાબ આપી શકતો નથી. પણ ૧૨૦૦ જેટલી બોટો પાકિસ્તાન સરકાર હસ્તક જપ્ત થયેલી છે એ બોટો છોડાવવા માટે અમે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે. માછીમારોને છોડાવવા માટે હું મત્સ્યોદ્યોગ ખાતાનો હવાલો સંભાળ્યા પછી રૂબરૂ મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલા સાહેબને મળ્યો હતો. કેન્દ્રના વિદેશ મંત્રીશ્રીને મેં આ પ્રશ્ને લેખિતમાં પત્ર પાઠવીને રજૂઆત કરી છે. રાજ્ય સરકાર દ્વારા પણ આ પ્રશ્ને વારંવાર ફોલોઅપ કરવામાં આવે છે. માછીમારોને પાકિસ્તાનની જેલોમાંથી છોડાવવા અને એમની બોટો એમને પરત મળે એટલા માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે અને કરવામાં આવશે. બીજું, કેન્દ્ર સરકાર દ્વારા આ પકડાયેલી બોટના માલિકોને નવી બોટ વસાવવા માટે આર્થિક પેકેજ સહાય કે લોન માટેનું જે માનનીય સભ્યશ્રી કહે છે કે ભૂતકાળમાં કેન્દ્ર દ્વારા અમલમાં હતું. આ પેકેજ ફરીથી શરૂ થાય એના માટે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને રજૂઆત કરશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ચિંતા એ છે કે આ માછીમારો જેલમાં એટલો લાંબો સમય એટલા માટે રહે છે કે આપણાં વિદેશ વિભાગ મારફત કોન્સ્યુલર એક્સેસ મુચ્યુઅલી હોવું જોઇએ. પાકિસ્તાનના બહુ ઓછા ફિશરમેન અહીંયા આપણે ત્યાં હોય છે. એક તો કોન્સ્યુલર એક્સેસમાં બહુ સમય જાય છે એના કારણે પાંચ વર્ષ સુધી ત્યાં માછીમારો જેલમાં રહેતા હોય છે. એટલે કોન્સ્યુલર એક્સેસ ઝડપથી થાય એના માટે આપ રજૂઆત કરવા માગો છો કે કેમ? માનનીય મંત્રીશ્રી પાસે મારો બીજો પ્રશ્ન એ હતો કે આપણી બોટ પાકિસ્તાન મરીન સિક્યુરિટી પકડી જાય છે કે બોટ ઉઠાવી જાય છે અથવા તો બોટ પાછી આવે છે ત્યારે આપણે ઉલટાનું એના ડીઝલ પાસ લઇ લઇએ છીએ અને પનીશમેન્ટ કરીએ છીએ. આ પ્રવૃત્તિ ફિશરીઝ વિભાગ અને ઇન્ડિયન કોસ્ટલ ગાર્ડ તરફથી અટકાવવી જોઇએ એમાં આપ કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં હું સ્વીકારું છું અને સજા માટે જે કાંઇ કાર્યવાહી થઇ રહી છે એના માટે અમે ચર્ચા-વિચારણા કરીને યોગ્ય નિર્ણય લઇશું. આખરે તો આ ઉદ્યોગ રાજ્યના ઘણા બધા લોકોને રોજગારી આપે છે અને વિદેશી હૂંડિયામણ પણ કમાઇને આપે છે. આ ઉદ્યોગનો પૂરતા પ્રમાણમાં વિકાસ થાય અને વધુમાં વધુ માછલી નિકાસ કરી શકીએ એના માટે કેન્દ્ર સરકાર તરફથી અમને પૂરતી મદદ અને માર્ગદર્શન મળી રહે છે. માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં અમારું ખાતું અને અમે હકારાત્મક રીતે તમામ કાર્યવાહી કરવાના છીએ. આખરે તો આપણા માછીમારો છે અને એ રોજગારી માટે દેશને વિદેશી હૂંડિયામણ મળે એના માટે આ કામગીરી જ્યારે કરી રહ્યા છે ત્યારે અમારાં ખાતા તરફથી તમામ રીતે સકારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મત વિસ્તારમાં માંગરોળ અને ચોરવાડ બે મોટા બંદરો આવેલા છે અને ત્યાં પણ ત્રણથી ચાર હજાર માછીમારો માટેની બોટો આવેલી છે એ જ્યારે જખૌ બંદર ઉપર માછીમારી કરવા જાય છે ત્યારે મરીન સિક્યુરિટીવાળા એનું અપહરણ કરી જાય છે તો આ અપહરણની પ્રવૃત્તિ અટકાવવા માટે સરકાર કેવાં પગલાં ભરવાં માગે છે અને પાકિસ્તાનની જેલમાં જે માછીમારોના મૃત્યુ

થાય છે એને સરકાર કેટલી સહાય આપે છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે જે માછીમાર ભાઇઓ પકડાય છે તેને છોડાવવા માટે સરકાર કેવા કેવા પગલા ભરે છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની જેલમાં જે માછીમારો મૃત્યુ પામે છે એની સહાય માટેની વાત કરી છે તો એના માટે રાજ્ય સરકાર મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ચાર લાખ રૂપિયા જેટલી સહાય આપવામાં આવે છે. બીજો એમણે પ્રશ્ન કર્યો કે, જખૌ બંદરે સિક્યુરિટી એજન્સી દ્વારા જે માછીમારોની બોટો પકડવામાં આવે છે, આ બાબતે માનનીય સભ્યશ્રીને જણાવું કે આપણી મરિન સિક્યુરિટી છે. અને જખૌ બંદર ખાતે આપણા કોઇ માછીમારોને હેરાનગતિ થતી હોય તો એના માટેની વિગતો મને આપશે તો ચોકકસ આ બાબતમાં અમે કાર્યવાહી કરીશું અને પકડાયેલા માછીમારોને જે સહાય આપવામાં આવે છે એનું ધોરણ શું છે? તો પાકિસ્તાનના સત્તાવાળાઓ દ્વારા પકડવામાં આવેલ માછીમારોને જે દિવસથી પકડાય તે દિવસથી એમને પરત મુકત કરવામાં આવે ત્યાં સુધી એના કુટુંબના વડાને દૈનિક રૂ. ૫૦ ભથ્થું આપવા માટે સરકારે તા.૨૭-૮-૨૦૦૩ના રોજ આ રકમ મંજૂર કરી હતી, ત્યારબાદ એમાં સુધારો કરી તા.૧૯-૮-૨૦૧૨ પછી આ સહાય રૂ.૧૫૦ પ્રતિદિન કરવામાં આવી હતી અને ત્યારબાદ તા.૧-૪-૨૦૧૯થી આવા માછીમાર કુટુંબોને આ સહાય પકડાયેલા માછીમાર દીઠ દૈનિક રૂપિયા ૩૦૦ની આર્થિક સહાય ચૂકવવા માટેનું ધોરણ છે.

ડો. કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન આંતરરાષ્ટ્રીય સીમાના ઉલ્લંઘન થકી કેટલા માછીમારોને બોટ સહિત પકડવામાં આવ્યા? ગુજરાત સરકારની જે તે સમયની વિનંતીને કેન્દ્ર સરકારે ગ્રાહ્ય રાખીને કેટલી ઝડપથી છોડાવ્યા અને વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાનના માછીમારો બોટ સહિત અત્યારે પાકિસ્તાનની જેલમાં કેટલા છે એ જણાવવા વિનંતી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન પકડાયેલા માછીમારો વર્ષ ૨૦૨૧માં ૧૯૩, ૨૦૨૨માં ૮૧ કુલ ૨૭૪ એટલે આ છેલ્લાં બે વર્ષમાં ૨૦૨૧માં ૨૦ અને ૨૦૨૨માં ૩૫ એમ કુલ ૯૫ જેટલા માછીમારો પકડવામાં આવ્યા હતા અને આ વર્ષ ૨૦૧૪ની વિગતો બહુ લાંબી છે. જો આપ સંમતિ આપો તો હું માનનીય સભ્યશ્રીને ટેબલ ઉપર આપી દઇશ.

**બનાસકાંઠા જિલ્લામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવા બાબત**

*૧૨૩૫ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવામાં આવી છે ? | (૨) ૧૬૨૨ |

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબથી સંતોષ છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જનજાતિની દીકરીઓને જે સાઇકલો આપવામાં આવે છે એ સાઇકલો આપવાના નિયમો શું છે? જિલ્લામાં કુલ ૧૬૨૨ ની સંખ્યા દર્શાવવામાં આવી છે તો આ સાઇકલો આપવામાં આવે છે એ દર સત્રમાં આપવામાં આવે છે અને આ સાઇકલો આપવા માટે કોઇ એજન્સી નકકી કરવામાં આવી છે? જો એજન્સી નકકી કરવામાં આવી હોય તો એજન્સી કઇ છે એ જાણવા માગું છું?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સવાલ કર્યો છે એનો જવાબ આપતા આ ગૃહમાં મારા મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપવા માગું છું કે રાજયમાં આદિવાસી દીકરીની જો કોઇએ કદર કરી હોય તો આ સરકારે કદર કરી છે અને સાઇકલ આપવાની યોજના લાવ્યા એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એમણે જે પાત્રતાની વાત કરી છે તો પહેલી વસ્તુ એ દીકરી આદિવાસી હોવી જોઇએ. આદિવાસી કન્યાઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે અને જે બીજો સવાલ એમણે પૂછ્યો છે કે સાઇકલ ખરીદવા માટેની કોઇ એજન્સી હોય છે કે કેમ? તો ગ્રીમકો કંપની મારફતે આ રાજય સરકાર ખરીદી કરીને સાઇકલ આપે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું આદિવાસી દીકરીઓ ભણવા જઇ શકે, ડુંગરાળ વિસ્તારમાંથી પણ ભણવા જઇ શકે તે માટે આ જે સાઇકલ આપવાની યોજના શરૂ કરી છે તેના માટે ભાજપ

સરકારને અભિનંદન પાઠવું છું. છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આવી કેટલી વિદ્યાર્થીનીઓને સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું છે અને તેમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠામાં ૭૯૦ જેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૧ની અંદર બનાસકાંઠામાં કુલ ખર્ચ ૩૩ લાખ ૪૦ હજાર ૭૧૯ રૂપિયાનો કરવામાં આવ્યો છે. સાબરકાંઠામાં ૧૫૪૭ સાઇકલો પાછલ ૬૫ લાખ ૫૪ હજાર ૬૮૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વિદ્યા સાધના યોજના હેઠળ કોના દ્વારા સાઇકલો પૂરી પાડવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ જવાબ આપ્યો છે કે, આ સાઇકલો ગ્રીમકો કંપની પાસેથી ખરીદી કરીને આપવામાં આવે છે. રાજ્ય સરકારની એક કમિટી બનાવી છે તેના દ્વારા આ કંપની પાસેથી ખરીદી કરીને સાઇકલ આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બહુ સરસ ટૂંકમાં અને સીધા જવાબ આપ્યા. માનનીય મંત્રીશ્રી તમને અભિનંદન.

## આણંદ અને ખેડા જિલ્લામાં જંગલી પશુઓના કારણે ખેતીના પાકને થતું નુકસાન

* ૧૧૨૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જંગલી પશુઓના કારણે ખેતીના પાકને ભારે નુકશાન થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, પરંતુ ભારે નુકસાન થયાનો કોઇ રિપોર્ટ રેકર્ડ પર નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોના પાકને નુકશાન થતાં અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવ્યા, અને | (૨) છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોના પાક ને નુકશાન થતાં અટકાવવા સરકાર દ્વારા લેવાયેલા પગલાઃ<br>(૧) સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ થી વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોનાં પાકને નુકસાન થતું અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવા માટે ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજના અમલી કરવામાં આવી.<br>(૨) વર્ષ ૨૦૨૨-૨૩ થી વન્ય / રખડતા પશુઓ દ્વારા ઊભા પાકને નુકસાન થતું અટકાવવા ખેતરની ફરતે સોલર પાવર યુનિટ/કીટ ખરીદીમાં નાણાંકીય સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતોના પાકોને થતાં નુકસાન સંદર્ભમાં વીમા કવચ/વળતર આપવાનું સરકારનું આયોજન છે કે કેમ ? | (૩) ના, જી. |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખેડૂતોને જીવવું મુશ્કેલ છે. એક બાજુ મોઘું ઇનપુટસ બીજી બાજુ કુદરત રૂઠે અને સરકાર વ્હારે પણ ના આવે. ખાતર મોઘું, બિયારણ મોઘું.

અધ્યક્ષશ્રી : તમે અહીં જંગલી પશુનો પ્રશ્ન છે તેના ઉપર આવો. તમે બહુ સિનિયર સભ્ય છો. તમે દર વખતે પોલિટિકલી ઓબ્ઝર્વેશન કરીને જ વાત કરવાની ટેવ રાખો છો એના કરતાં પ્રજાના પ્રશ્નોનો ઉકેલ આવે તેના ઉપર ધ્યાન રાખો માનનીય સભ્યશ્રી. આપ પ્રશ્ન પૂછી શકો છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પાંચ ટર્મથી આવું છું. આ જ પ્રશ્ન પૂછાય છે અને સરકારનો આ જ જવાબ હોય છે એટલા માટે ખૂબ ગંભીર પ્રશ્ન છે અને ખેડૂતોને મોટા પ્રમાણમાં અસર કરતો છે. એકબાજું મોઘવારીની અસર ખેડૂતને થતી હોય, ખૂબ મહેનત, પરિશ્રમ કરીને પાક તૈયાર કરે અને પાકને રોઝ, ભૂંડ અને વાંદરા ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન કરે છે. સરકાર છેલ્લાં વીસ વર્ષથી આ જ પ્રશ્નનો એક જ જવાબ આપે છે કે, તારની વાડ કરવાની યોજના છે. એક પરિવારે પોતાનો પાક સાચવવો હોય તો એક વ્યક્તિએ ચોવીસ કલાક ખેતરમાં રહેવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે. એવા સંજોગોમાં આ પ્રશ્નનું કાયમી નિરાકરણ થાય તેના માટે રોઝ હોય, વાંદરા હોય, ભૂંડ હોય કે બીજા અન્ય પશુઓ આમાં નુકસાન કરે છે તેની વસતિ કંટ્રોલ કરવા માટે અને પહેલાં વર્ષ ૨૦૦૫ માં હું પહેલી વખત ધારાસભ્ય બન્યો ત્યારે મને યાદ છે કે આના માટે કોઇ સંસ્થાએ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. તે રીતે તેની વસતિ કંટ્રોલ થાય તે માટેની કોઇ લાંબાગાળાની યોજના સરકાર કરવા માગે છે કે કેમ? આમાં જે લાગણી વ્યક્ત કરી છે કે, નુકસાન થાય છે તો તેમાં આર્થિક રીતે નુકસાનીનું વળતર મળે કે રક્ષણ માટે તે માટેની કોઇ યોજના કરવા માગીએ છીએ કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આ પ્રશ્ને ખૂબ ચિંતિત છે અને એટલા માટે છે કે, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેમાં અમે પોતે સ્વીકાર્યું છે કે, ખેડૂતોના ઊભા પાકને જંગલી રોઝ, ભૂંડ અને તેને વાંદરા કહ્યા. આ બધાથી નુકસાન થાય છે તે હકીકત છે. જે નુકસાન થાય છે તેને અટકાવવા માટે રાજ્ય સરકાર પૂરતા પ્રયત્નો કરે છે. તેના માટે કાંટાળા તારની વાડ માટે ખેડૂતોને સહાય આપવામાં આવે છે. બીજી નવી એક વ્યક્તિગત યોજના કે કોઇ ખેડૂતને આ યોજનાનો લાભ લેવો હોય તો સોલાર ફેન્સિંગ યોજના પણ અમલમાં છે. મારે કહેવું જોઇએ કે, આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અમે વાત કરી કે આ મોટો પ્રશ્ન છે, વિકટ પ્રશ્ન છે, ખેડૂતો આનાથી ખૂબ હેરાન થાય છે. ખેડૂતોના પાકને નુકસાન થાય છે. આના માટે તમે જે આર્થિક ફાળવણી કરો છો તેમાં તમે અમને વધારો કરી આપો. માનનીય અધ્યક્ષશ્રી, મારે આનંદ સાથે કહેવું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, ગયા વર્ષે આ કામો માટે જે ફાળવણી કરવામાં આવી હતી એના કરતા ત્રણ ગણાથી પણ વધુ રકમ ફાળવી અને રાજયનો કોઇ ખેડૂત જે અરજદાર બને કે મારે મારા ખેતરની ફરતે કાંટાળા તારની વાડ કરવી છે એના માટે મને સહાય આપો એવા એક પણ ખેડૂતની અરજી પેન્ડિંગ ન રહે, એ ખેડૂત એના ખેતર ફરતે કાંટાળા તારની વાડ બનાવે, એના પાકનું રક્ષણ કરે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ઉદાર હાથે આમાં બજેટરી ફાળવણી પણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે કે આવા જે ઉપદ્રવી વાંદરા, રોઝ, ભૂંડ વગેરે પશુઓની વસતિ નિયંત્રણ માટે કોઇ સરકાર યોજના અમલમાં મૂકે છે કે કેમ? તો હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે, અમે ગમે તે ભોગે ખેડૂતોના ઊભા પાકને આવા જંગલી પ્રાણીઓના કારણે જે નુકસાન થાય છે એ અટકાવવા માગીએ છીએ. તમારું સૂચન છે એને કઇ રીતે અમલમાં મૂકવું એ બાબતમાં અમે વિચારણા કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી હું માનનીય અધ્યક્ષશ્રીને કહેવા માગું છું કે, જેમ તમારી ચિંતા છે એમ આ રાજયના ખેડૂતો ભારતીય જનતા પાર્ટીને મત આપે છે અને એની ચિંતા અમે પણ કરીએ છીએ. તમે કહ્યું કે માવઠું થયું છે હકીકત છે માવઠું થયું છે તો એના માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તાત્કાલીક સરવે કરાવો આની કેટલી અસર થઇ છે ખેડૂતોને? માનનીય અધ્યક્ષશ્રી, બીજા કોઇ પ્રશ્નો હોય તો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અમને કહે છે કે, આ રાજયનો ખેડૂત આત્મનિર્ભર બને, આ રાજયનો ખેડૂત સુખી સમૃદ્ધ થાય એ દિશામાં તમારે જે કાંઇ કરવું હોય એ કરો અને એના માટે આવી જે યોજનાઓ છે એ યોજના માટે રાજય સરકાર યોગ્ય કાર્યવાહી કરી રહી છે. તમને પણ વિનંતી કરું છું કે, આવા જંગલી રોઝડા, ભૂંડ અને વાંદરાના ત્રાસથી ખેડૂતોના ઊભા પાકને થતું નુકસાન કઇ રીતે અટકાવવું કારણ કે, આપ તો કોંગ્રેસ પક્ષના સન્માનનીય નેતા છો અને આપનો લાંબો અનુભવ છે ત્યારે તમે પણ આવો અમને સૂચનો કરો, આપણે સાથે બેસી અને આ પ્રશ્ને ખેડૂતોને વધુમાં વધુ ઉપયોગી થઇએ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, અહીંયા ભારતીય જનતા પાર્ટીની સરકારે કાંટાળા તારની યોજનાની વાત કરી છે એ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ ખેડૂતોને આ ભૂંડ, રોઝ અને નીલગાય વગેરે પ્રાણીઓનો ખૂબ ત્રાસ છે અને એને કારણે ઘણા નાના ખેડૂતો કે જેમને ટૂંકી જમીન હોય એવા ખેડૂતો તો ખેતી કરવાનું પણ છોડી દે છે તો હજુ પણ આ તારની વાડ તાત્કાલિક થાય એ જરૂરી છે, કારણ કે રસ્તા ઉપર જતા હોઇએ ત્યારે એક નીલગાય હોય તો એની પાછળ બીજી દસ નીલગાય આવતી હોય છે અને એને કારણે ઘણા અકસ્માતો થાય છે અને એને કારણે એક ગામથી બીજે ગામ જતા શિક્ષકોના મોટર સાઇકલ નીલગાય સાથે અથડાવાને કારણે અકસ્માતમાં મૃત્યુ પામતા મેં જોયા છે. તો આ તારની વાડની કંઇ સરળતા થાય એવું ચોક્કસ આયોજન કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : તમારો જવાબ માનનીય મંત્રીશ્રીના પહેલા જવાબમાં લગભગ આવી ગયો છે. ત્રણ ગણી જોગવાઇ સરકારે કરી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ બાબતમાં સરકાર પૂરેપૂરી ચિંતિત છે અને ખેડૂતોને મદદરૂપ થઇ શકાય એના માટે આ યોજનામાં કોઇ પણ સરળતા કરવી હોય તો તમે મને સૂચન કરજો આપણે સાથે બેસીને એની ચર્ચા કરીને એનો ઉકેલ લાવીશું.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના મારી રજૂઆતથી વર્ષ ૨૦૦૭માં ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી હતી એ પહેલા કોંગ્રેસની સરકારો હતી ત્યારે કોંગ્રેસ ક્યાં ગઇ હતી? માનનીય અધ્યક્ષશ્રી, તારની તો સબસિડી આપી..

અધ્યક્ષશ્રી : ટૂંકમાં હવે પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમુક વિસ્તારમાં અમુક માણસો હોય એ વાંદરાથી પણ ખરાબ હોય છે, ચોરી કરતા હોય છે એને રોકવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, બેસો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ચિંતા વ્યક્ત કરી, અમારી ચિંતા ગુજરાતના ખેડૂતો વતી છે અને આજથી નહીં છેલ્લાં ઘણાં વર્ષોથી છે, ખેડૂતો આર્થિક રીતે બરબાદ થઇ રહ્યા છે, તમે કહ્યું તેમ મેં પહેલા જ કહ્યું કે, વર્ષ ૨૦૦૫માં હું પહેલી વખત ધારાસભ્ય બન્યો ત્યારે લગભગ ગૃહના બધા પક્ષના ધારાસભ્યો સાથે મળીને આના માટે ચિંતા

કરીને પ્રોજેકટ માટે વાત થઇ હતી હજુ સુધી એના માટે અમલ ન થયો. માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીથી ખેડૂતોના મત લેતા લેતા વડાપ્રધાન થઇ ગયા પણ ખેડૂતોના ખેતરનું રક્ષણ થાય એના માટેની યોજનાનો અમલ ન થયો.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે પ્રશ્ન ઉપર આવો, સમય ઓછો છે પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે,

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી શીપ કાર્ડ યોજના**

૨૮૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૨.૫ લાખની કુંટુંબની આવક મર્યાદા ધરાવતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફ્રી માટેની કાર્યરત ફ્રી શીપ કાર્ડ યોજનાની આવક મર્યાદા વધારીને ૮ લાખ કરવાનું શું આયોજન છે?

**જવાબ**

ભારત સરકારના પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના (કેંદ્ર સરકાર ૭૫% હિસ્સો અને રાજ્ય સરકાર ૨૫% હિસ્સો) અંતર્ગત પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓને ફ્રી શીપ કાર્ડનો લાભ આપવા આદિજાતિ બાબતોના મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૩ ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી આવક મર્યાદાનું ધોરણ રૂ. ૨.૫૦/- લાખ નિયત કરેલ છે.

પરંતુ રાજ્ય સરકાર દ્વારા તા.૧૦/૦૭/૨૦૧૮ના ઠરાવથી અનુસુચિત જનજાતિની વિદ્યાર્થીનીઓ માટે રૂ. ૨.૫૦ લાખ કરતા વધારે આવક ધરાવતા કુટુંબોને આવક મર્યાદાના બાધ વિના ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે. જેનો ૧૦૦% ખર્ચ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લામાં કઠોળના પાકમાં આંતર પાક ખેત પધ્ધતિ નિદર્શન યોજના**

૧૧૭૧ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કઠોળના પાકમાં આંતરપાક ખેત પધ્ધતિ નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૩૫૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૮,૪૦,૦૦૦/- |

---------

**અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ-૨.૦ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

૧૨૫૮ **શ્રી અમીત શાહ** (એલીસબ્રિજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨.૦ અંતર્ગત અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ |
|---|---|---|---|

| | | થયેલ શાળાઓ | શાળાઓ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૨૧-૨૨ | ૧૧૪૧ | ૧૧૪૧ |
| | ૨૦૨૨-૨૩ | ૧૧૪૭ | ૮૯૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો-ઓર્ડીનેટર, સી.આર.સી કો-ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

**ભાવનગર શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના**

૧૧૬૭ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઉક્ત સ્થિતિએ ભાવનગર શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬/૦૮/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ અનુસાર RTE એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.૧૩,૬૭૫/- અથવા જે તે બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી ફી રિએમ્બર્સમેન્ટ ચૂકવવામાં આવે છે.

(૨) ભાવનગર શહેરમાં કુલ ૮૩૯૨ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

---------

ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય**

૧૨૧૧ **શ્રી આર.સી. પટેલ** (જલાલપોર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં નવસારી જિલ્લામાં કુલ-૫૧૬ લાભાર્થીઓને રૂ.૨૮,૯૫,૨૨૮/- રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ક્ષેત્રિય નિદર્શનો**

૧૧૪૪ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૯૮૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૩૮,૭૮,૪૮૬/- |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજના**

૧૨૧૪ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં સાબરકાંઠા જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) કુલ-૧૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૧,૬૫,૪૫,૨૯૧/- |

---------

**અમદાવાદ જિલ્લામાં કઠોળ પાકમાં આંતર પાક ખેત પદ્ધતિ નિદર્શન યોજના**

૧૨૪૨ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપૂરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કઠોળ પાકમાં આંતર પાક ખેત પદ્ધતિ નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૧૧૧૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પેટે સહાયની કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૩૮,૪૯,૪૪૯/- |

---------

તા.૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં કઠોળ પાકમાં આંતર પાક ખેત પદ્ધતિ નિદર્શન યોજના**

૧૧૭૨ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કઠોળના પાકમાં આંતર પાક ખેત પદ્ધતિ નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૧૧૧૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૩૮,૪૯,૪૪૯/- |

- - - - - - - - -

**તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ક્ષેત્રિય નિદર્શનો**

૧૧૭૫ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૨૬૯૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૧,૦૭,૧૧,૬૦૦/- |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

૧૨૫૩ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૫૧૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ? | (૨) ૧૫,૪૮,૦૦૦ |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં પપૈયાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત**

૧૨૪૮ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને પપૈયાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પપૈયાના વાવેતર માટે વર્ષ-૨૦૨૨-૨૩માં ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ખેડા જિલ્લામાં કુલ-૧૪૪ લાભાર્થીઓને કુલ રૂ.૩૩,૫૫,૭૧૮/-ની સહાય ચૂકવવામાં આવી. |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો**

૧૨૩૬ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે અને તે પૈકી કુમાર અને કન્યા છાત્રાલયો આવેલ છે, | (૧) કુલ ૧૧ સરકારી છાત્રાલયો<br>૬ કુમાર છાત્રાલયો<br>૫ કન્યા છાત્રાલયો |
| (૨) ઉક્ત છાત્રાલયો ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૧૩૪૨ |
| (૩) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયોમાં કેટલા નવા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા છે ? | (૩) ૦૧ (એક) |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ સહાય**

૧૨૦૪ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કોલ્ડ સ્ટૉરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સહાય પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૨) રૂ.૧,૪૨,૬૨,૫૪૯/- |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં ફળ પાકોના વાવતેર માટે સહાય**

૧૨૪૯ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૨૨-૨૩માં અમરેલી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) અમરેલી જિલ્લામાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ ફળપાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા કુલ-૧૭૦ લાભાર્થીઓને કુલ રૂ.૨૫,૩૩,૩૫૧/-ની સહાય ચૂકવવામાં આવી. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

૧૨૫૨ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો, | (૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો. |

| ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી | |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |

| | |
|---|---|
| ૯૨૦૧૭૦ | ૮૪૬૭૦૮ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૯૧૦૯૨૮ | ૮૦૩૩૫૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૩૯૫૪૧૦ | ૩૪૯૨૦૮ |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો**

૧૧૪૭ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે અને તે પૈકી કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત આદિજાતિના વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ૪ સરકારી છાત્રાલયો
૨ કુમાર છાત્રાલય અને
૨ કન્યા છાત્રાલય

(૨) ૩૫૩

(૩) શૂન્ય.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો**

૧૧૪૮ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત આદિજાતિના વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૧૧ સરકારી છાત્રાલયો
(૬ કુમાર અને ૫ કન્યા)

(૨) ૧૩૪૨

(૩) ૦૧ (એક).

અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય**

૧૨૪૧ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૭ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭૭ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૩૮.૦૦ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં પશુઓનું રસીકરણ**

૧૨૫૬ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬,૮૫,૯૬૦ |
| (૨) ઉક્ત રસીકરણ ક્યા પ્રકારના રોગો માટે કરવામાં આવ્યું ? | (૨) જીવાણુંજન્ય અને વિષાણુંજન્ય. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પશુપાલન શિબિરો**

૧૨૦૨ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૬ |
| (૨) ઉક્ત શિબિરોમાં કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને | (૨) ૨,૧૩૩ |
| (૩) ઉક્ત શિબિરો પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ૭.૦૦ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત તાલીમ શિબિરો**

૧૧૭૦ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) ૧૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) ૪૩૦ |
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૨,૮૬,૩૬૯/- |

---------

તા.૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ખેડૂત ખાતેદાર**

૯૮૯ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ક્યા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદાર નોંધાયેલ છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ) ૨૦૧૫-૧૬ મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદારના પ્રકાર અને સંખ્યા નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** |
|---|---|
| સીમાંત | ૨૦,૧૮,૮૨૭ |
| નાના | ૧૬,૧૫,૭૮૮ |
| અર્ધ-મધ્યમ | ૧૧,૫૦,૨૫૪ |
| મધ્યમ | ૪,૯૫,૮૬૯ |
| મોટા | ૩૯,૮૮૮ |
| **કુલ** | **૫૩,૨૦,૬૨૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એગ્રી સેન્સસ મુજબ ક્યા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધ-ઘટ થઈ, અને

(૨) રાજ્યમાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં ખાતેદાર ખેડૂતોના પ્રકારવાર થયેલ વધારો/ઘટાડો નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યામાં થયેલ વધારો(+)/ઘટાડો(-)** |
|---|---|
| સીમાંત | (+) ૨,૦૩,૧૯૩ |
| નાના | (+)૧,૮૬,૭૬૭ |
| અર્ધ-મધ્યમ | (+) ૭૦,૭૨૧ |
| મધ્યમ | (-) ૧૬,૭૮૨ |
| મોટા | (-) ૮૮૮૩ |
| **કુલ** | **(+) ૪,૩૫,૦૧૬** |

(૩) ઉક્ત એગ્રી સેન્સસની સરખામણીએ ખેડૂતોની ઘટ થઈ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ઘટ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત**

૧૨૪૫ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં મોરબી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં મોરબી જિલ્લામાં કુલ-૧૯ લાભાર્થીઓને રૂ.૨૭,૪૭,૦૨૦/- રકમની સહાય ચૂકવવામાં આવી.

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લામાં મધ્યાહન ભોજન કેન્દ્રો**

૧૧૭૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** જમાલપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં મધ્યાહન ભોજન તૈયાર કરીને વિદ્યાર્થીઓને શાળામાં પહોંચાડતા કેટલા કેન્દ્રો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરની ૪૬૮ અને અમદાવાદ જિલ્લાની ૦૮ એમ કુલ ૪૭૬ શાળાઓમાં ધી અક્ષયપાત્ર ફાઉન્ડેશન અને સ્ત્રી શક્તિ

| | |
|---|---|
| | સંસ્થાના સેન્ટ્રલાઇઝ કિચનમાં ભોજન તૈયાર કરી પહોંચાડવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રો દ્વારા કેટલા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન પૂરું પડાયું, અને | (૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેરના ૧,૨૮,૮૬૮ વિદ્યાર્થી અને અમદાવાદ જિલ્લાના ૧૪૪૭ વિદ્યાર્થી એમ કુલ ૧,૩૦,૩૧૫ વિદ્યાર્થીઓને સેન્ટ્રલાઇઝ કિચન દ્વારા મધ્યાહન ભોજન પૂરું પાડવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર અને જિલ્લામાં મધ્યાહન ભોજન પૂરું પાડતા કેટલા કેન્દ્રોમાં વધારો કે ઘટાડો કરાયેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં સેન્ટ્રલાઇઝ કિચન દ્વારા મધ્યાહન ભોજન પૂરું પાડવામાં આવતી શાળાઓની સંખ્યામાં ૭૮ શાળાઓનો વધારો થયેલ છે. |

\- - - - - - - - -

### બનાસકાંઠા જિલ્લામાં ધો.૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવાની યોજના

૧૧૫૩ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવા માટે યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવામાં આવી છે ? | (૨) ૧૬૨૨ |

\- - - - - - - - -

### પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવા બાબત

૧૧૫૯ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨ના લક્ષ્યાંક પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને વર્ષવાર ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો ?

**જવાબ**

| વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|
| ત્રીજો હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા. | ૯૬૫૨ | ૨૦૮૮ |

\- - - - - - - - -

### અમદાવાદ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

૧૨૨૬ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૩૩૮ |
| (૨) તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ? | (૨) ૧૦,૧૪,૦૦૦ |

\- - - - - - - - -

તા.૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપવા સહાય યોજના**

૧૨૧૫ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૧-૨૨માં આણંદ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન માટે ડેરી ફાર્મની સ્થાપનાની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) કુલ-૫૬ |
| (૨) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) ૩.૪૬,૮૮,૭૭૫/- |

---------

**આણંદ જિલ્લામાં ખંભાત તાલુકામાં ફીશરીઝ પાર્ક બાબત**

૧૨૬૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મત્સ્યોગદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં ફીશરીઝ પાર્ક બનાવવાની સરકાર દ્વારા મંજૂરી અપાયેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ફીશરીઝ પાર્ક ઉક્ત તાલુકામાં કયા સ્થળે અને કેટલા વિસ્તારમાં બનાવવાનું આયોજન છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલું કામ પૂર્ણ થયેલ છે અને બાકી કામ પૂર્ણ કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) લાગુ પડતું નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં પશુ દવાખાનાઓનું મહેકમ**

૧૨૨૨ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪) |
|---|---|---|
| ૩૧ | ૧૧ | ૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | | ડ્રેસર (વર્ગ-૪) | | પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૨ | ૯ | ૨ | ૯ | ૨૩ | ૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩)

(૧) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ સરકારશ્રીના દસ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગીની કાર્યવાહી હાલ ચાલી રહેલ છે.

(૨) ડ્રેસર (વર્ગ-૪) અને પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪)ની મંજૂર થયેલ ખાલી જગ્યાઓ પર જિલ્લા પંચાયત મારફત આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૯૬૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)નો લાભ લેવા લાભાર્થીની આવક મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)નો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી.

**પ્રશ્ન**

(૨) ઉક્ત યોજનાનો લાભ મેળવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૨)

**જામનગર**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૦ |
| ૨ | જામજોધપુર | ૩ |
| ૩ | જામનગર | ૪ |
| ૪ | જોડીયા | ૨ |
| ૫ | કાલાવડ | ૮ |
| ૬ | લાલપુર | ૪ |

**દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૨૮ |
| ૨ | કલ્યાણપુર | ૧૪ |
| ૩ | ખંભાળીયા | ૪૬ |
| ૪ | ઓખામંડળ | ૯૫ |

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે અરજીઓ મંજૂર, નામંજૂર કરવામાં આવી.

**જામનગર**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર કરેલ અરજી |
|---|---|---|---|
| ૧ | ધ્રોલ | ૦ | ૦ |
| ૨ | જામજોધપુર | ૩ | ૩ |
| ૩ | જામનગર | ૪ | ૪ |
| ૪ | જોડીયા | ૨ | ૨ |
| ૫ | કાલાવડ | ૮ | ૮ |
| ૬ | લાલપુર | ૪ | ૪ |

**દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર કરેલ અરજી |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૨૮ | ૨૮ |
| ૨ | કલ્યાણપુર | ૧૪ | ૧૪ |
| ૩ | ખંભાળીયા | ૪૬ | ૪૬ |
| ૪ | ઓખામંડળ | ૯૫ | ૯૫ |

મળેલ તમામ અરજી મંજૂર કરેલ હોઈ, નામંજૂર કે પડતર અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન**

(૪) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ માટે કેટલા હપ્તાઓ ચૂકવવામાં આવ્યા ?

**જવાબ**

(૪) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી તાલુકાવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર હપ્તા ચૂકવવામાં આવ્યા.

**જામનગર**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી | ચૂકવેલ હપ્તાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ધ્રોલ | ૦ | ૦ |
| ૨ | જામજોધપુર | ૩ | ૪ |
| ૩ | જામનગર | ૪ | ૯ |
| ૪ | જોડીયા | ૨ | ૧ |
| ૫ | કાલાવડ | ૮ | ૨૦ |
| ૬ | લાલપુર | ૪ | ૨ |

**દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી | ચૂકવેલ હપ્તાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૨૮ | ૫૮ |
| ૨ | કલ્યાણપુર | ૧૪ | ૩૬ |
| ૩ | ખંભાળીયા | ૪૬ | ૫૬ |
| ૪ | ઓખામંડળ | ૯૫ | ૨૧૦ |

- - - - - - - - -

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં આશ્રમશાળાઓ અને ઉત્તર બુનીયાદી શાળાઓ**

૪૦ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કેટલી આશ્રમશાળાઓ અને કેટલી ઉત્તર બુનીયાદી શાળાઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં સંવર્ગવાર શિક્ષકો તેમજ ગૃહપતિની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ખાલી છે, તે માટેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ અને ઉત્તર બુનીયાદી આશ્રમશાળાઓની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | આશ્રમશાળા | ઉ.બુ.આશ્રમશાળા |
|---|---|---|
| નર્મદા | ૪૪ | ૧૧ |
| ભરૂચ | ૧૧ | ૬ |

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| જિલ્લો-નર્મદા | | | જિલ્લો-ભરૂચ | | |
|---|---|---|---|---|---|
| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
| મદદનીશ શિક્ષક (ધોરણ ૧ થી ૮) આશ્રમ શાળા | ૧૮૦ | ૮૪ | મદદનીશ શિક્ષક (ધોરણ ૧ થી ૮) આશ્રમ શાળા | ૪૮ | ૧૮ |
| મદદનીશ શિક્ષક (ધોરણ ૯ થી ૧૦) ઉ.બુ.આશ્રમ શાળા | ૩૮ | ૭ | મદદનીશ શિક્ષક (ધોરણ ૯ થી ૧૦) ઉ.બુ.આશ્રમ શાળા | ૧૬ | ૩ |

❖ આશ્રમશાળા તથા ઉત્તર બુનીયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીએ શાળામાં જ નિવાસ કરવાનો હોય છે તથા ગૃહપતિ/ગૃહમાતાની ફરજ બજાવવાની હોય છે.

(૩) આશ્રમશાળાના કર્મચારીઓના સાતમા પગાર પંચની મંજૂર અન્વયે સ્થગિત કરવામાં આવેલ જગ્યાઓ

ભરવા તા.૨૬-૦૯-૨૦૨૨ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે. સદર ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ-૨.૦ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

૧૨૩૦ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨.૦ અંતર્ગત અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૨૧-૨૨ | ૧૧૪૧ | ૧૧૪૧ |
| | ૨૦૨૨-૨૩ | ૧૧૪૭ | ૮૯૩ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો-ઓર્ડીનેટર, સી.આર.સી કો-ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં ગુણોત્સવ-૨.૦ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

૧૧૬૩ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે

**જવાબ**

(૧)

વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨.૦ અંતર્ગત બોટાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| બોટાદ | ૨૦૨૧-૨૨ | ૨૪૭ | ૨૪૭ |
| | ૨૦૨૨-૨૩ | ૨૪૭ | ૨૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો-ઓર્ડીનેટર, સી.આર.સી કો-ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

- - - - - - - - -

**સુરત શહેરમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ**

૧૨૨૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટે સુરત શહેરમાં કેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ માટે સુરત શહેરમાં ૩૦,૨૨૬ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ૯૯૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લામાં ફળ પાકોના વાવતેર માટે સહાય**

૧૨૦૫ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૨૨-૨૩માં અમરેલી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) અમરેલી જિલ્લામાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ ફળપાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા કુલ-૧૭૦ લાભાર્થીઓને કુલ રૂ.૨૫,૩૩,૩૫૧/-ની સહાય ચૂકવવામાં આવી. |

**પાટણ જિલ્લામાં ગુણોત્સવ-૨.૦ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

૧૧૬૪ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨.૦ અંતર્ગત પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| પાટણ | ૨૦૨૧-૨૨ | ૮૨૨ | ૮૨૨ |
| | ૨૦૨૨- | ૮૨૪ | ૮૨૪ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો.ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

તા.૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા બાબત**

૧૧૫૮ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) તેની સામે તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો.

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૯૨૦૧૭૦ | ૮૪૬૭૦૮ |

(૨) તેની સામે તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૯૧૦૯૨૮ | ૮૦૩૩૫૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૩૯૫૪૧૦ | ૩૪૯૨૦૮ |

\- - - - - - - - -

**આણંદ જિલ્લામાં અનુ.જાતિના લાભાર્થીઓ માટે બકરા એકમ યોજના**

૧૨૨૦ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૫

(૨) રૂ.૨,૨૫,૦૦૦/-

\- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા બાબત**

૧૧૫૪ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો.

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૭૦૪૮૭૩૧ | ૮૭૩૨૨૯૬ |

(૨) તેની સામે તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

| તાલુકો | જર્જરિત ઓરડાવાળી શાળાની સંખ્યા | જર્જરિત ઓરડાની સંખ્યા | ઘટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | ઘટતા ઓરડાની સંખ્યા | લાઇટની સુવિધા વગરની શાળાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| પોરબંદર | ૦૩ | ૦૯ | ૦૪ | ૧૧ | ૦ |
| રાણાવાવ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૯ | ૦૭ |
| કુતિયાણા | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦ |

(૨) -જર્જરિત અને ઘટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન છે.

- લાઇટની સુવિધા વગરની સાત શાળાઓમાં સોલર પેનલ દ્વારા વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

- - - - - - - - -

### રાજ્યના ખેત પેદાશોના મૂલ્યનિર્ધારણ પંચ-દ્વારા લઘુત્તમ ટેકાના ભાવની દરખાસ્ત કરવા બાબત

૧૧૮૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્યના ખેત પેદાશોના મૂલ્યનિર્ધારણ પંચે વર્ષ-૨૦૨૩માં ઉત્પાદિત થનારી ખેત પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવા ભારત સરકારના કેન્દ્રીય પંચને ભલામણ કરવાનું તાજેતરમાં નક્કી કર્યુ છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, વર્ષ-૨૦૨૩ના ખરીફ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવા ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવ પંચને ભલામણ કરેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કઇ ખેત પેદાશોના કેટલા લઘુત્તમ ટેકાના ભાવ સૂચવવાની કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે ?

(૨) દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી નથી. પરંતુ રાજ્ય કૃષિ ભાવ પંચ દ્વારા વર્ષ-૨૦૨૩ના ખરીફ પાકો માટે નીચે મુજબ લઘુત્તમ ટેકાના ભાવ ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવ પંચને સુચવેલ છે.

| **પાક** | **સુચવેલ ટેકાના ભાવ (રૂ./ક્વિ.)** |
|---|---|
| ડાંગર | ૨૭૫૦ |
| બાજરી | ૩૨૦૦ |
| જુવાર | ૫૪૦૦ |
| મકાઈ | ૪૫૦૦ |
| તુવેર | ૮૦૦૦ |
| મગ | ૯૩૦૦ |
| અડદ | ૮૮૦૦ |
| મગફળી | ૭૫૦૦ |
| તલ | ૧૦૫૩૦ |
| કપાસ (લંબતારી) | ૮૯૦૦ |

- - - - - - - - -

## આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

૧૨૬૨ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| અ.ન. | તાલુકાનું નામ | પશુ આરોગ્ય મેળાની સંખ્યા તા.૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨ | પશુ આરોગ્ય મેળાની સંખ્યા તા.૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૧ | ૨૪ | ૪૫ |
| ૨ | ઉમરેઠ | ૨૦ | ૨૦ | ૪૦ |
| ૩ | આંકલાવ | ૧૯ | ૨૦ | ૩૯ |
| ૪ | બોરસદ | ૧૭ | ૩૦ | ૪૭ |
| ૫ | પેટલાદ | ૧૭ | ૨૮ | ૪૫ |
| ૬ | ખંભાત | ૨૬ | ૩૭ | ૬૩ |
| ૭ | તારાપુર | ૧૧ | ૧૮ | ૨૯ |
| ૮ | સોજીત્રા | ૧૫ | ૧૮ | ૩૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૨)

| અ.ન. | તાલુકાનું નામ | પશુ આરોગ્ય મેળામાં સારવાર કરવામાં આવેલ પશુઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨ | તા.૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩ | |
| ૧ | આણંદ | ૫,૫૬૯ | ૭,૨૪૦ | ૧૨,૮૦૯ |
| ૨ | ઉમરેઠ | ૬,૦૬૨ | ૫,૧૫૦ | ૧૧,૨૧૨ |
| ૩ | આંકલાવ | ૩,૯૭૨ | ૪,૬૧૭ | ૮,૫૮૯ |
| ૪ | બોરસદ | ૩,૮૫૯ | ૫,૭૬૯ | ૯,૬૨૮ |
| ૫ | પેટલાદ | ૨,૪૪૨ | ૫,૪૬૧ | ૭,૯૦૩ |
| ૬ | ખંભાત | ૭,૨૮૫ | ૮,૯૯૩ | ૧૬,૨૭૮ |
| ૭ | તારાપુર | ૧,૭૯૦ | ૫,૨૩૦ | ૭,૦૨૦ |
| ૮ | સોજીત્રા | ૩,૯૩૨ | ૬,૬૦૮ | ૧૦,૫૪૦ |

(૩) તે પેટે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| અ.ન. | તાલુકાનું નામ | પશુ આરોગ્ય મેળામાં થયેલ ખર્ચ (રૂ.માં) | કુલ |
|---|---|---|---|

| | | તા.૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨ | તા.૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩ | |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧,૪૭,૦૦૦ | ૧,૬૮,૦૦૦ | ૩,૧૫,૦૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧,૪૨,૦૦૦ | ૧,૪૧,૦૦૦ | ૨,૮૩,૦૦૦ |
| ૩ | આંકલાવ | ૧,૩૩,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | ૨,૭૩,૦૦૦ |
| ૪ | બોરસદ | ૧,૧૯,૦૦૦ | ૨,૧૧,૦૦૦ | ૩,૩૦,૦૦૦ |
| ૫ | પેટલાદ | ૧,૧૯,૦૦૦ | ૧,૯૬,૦૦૦ | ૩,૧૫,૦૦૦ |
| ૬ | ખંભાત | ૧,૮૦,૦૦૦ | ૨,૪૨,૦૦૦ | ૪,૨૨,૦૦૦ |
| ૭ | તારાપુર | ૭૭,૦૦૦ | ૧,૨૬,૦૦૦ | ૨,૦૩,૦૦૦ |
| ૮ | સોજીત્રા | ૧,૦૧,૦૦૦ | ૧,૨૬,૦૦૦ | ૨,૨૭,૦૦૦ |
| | **કુલ** | **૧૦,૧૮,૦૦૦** | **૧૩,૫૦,૦૦૦** | **૨૩,૬૮,૦૦૦** |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં ખરીફ અને રવી પાકની ટેકાના ભાવે ખરીદી**

૯૬૬ **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ખરીફ અને રવી પાકોની ટેકાના ભાવ વધારવાની ભલામણ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે કરવામાં આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યા ખરીફ અને રવી પાકનો કેટલો ટેકાનો ભાવ જાહેર કર્યા છે, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) ઉક્ત જાહેર કરેલ ટેકાના ભાવોએ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા પાકના કેટલા જથ્થાની ખરીદી કરવામાં આવી ? | (૩) પત્રક-૩ મુજબ |

**પત્રક-૧**

ગુજરાત કૃષિ ભાવ પંચ દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે નિયત પધ્ધતિ અનુસાર ખરીફ અને રવી પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

| **વર્ષ ૨૦૨૧-૨૨** | | **વર્ષ ૨૦૨૨-૨૩** | |
|---|---|---|---|
| **ખરીફ પાકો તા. ૧૦-૦૨-૨૦૨૧** | **રવી પાકો તા. ૦૪-૦૩-૨૦૨૧** | **ખરીફ પાકો તા. ૨૧-૦૨-૨૦૨૨** | **રવી પાકો તા. ૦૯-૦૬-૨૦૨૨** |
| ડાંગર | ઘઉં | ડાંગર | ઘઉં |
| જુવાર | ચણા | જુવાર | ચણા |
| બાજરી | રાયડો અને સરસવ | બાજરી | રાયડો અને સરસવ |
| મકાઇ | શેરડી | મકાઇ | શેરડી |
| તુવેર | | તુવેર | |
| મગ | | મગ | |
| અડદ | | અડદ | |
| મગફળી | | મગફળી | |
| તલ | | તલ | |
| કપાસ લંબતારી | | કપાસ લંબતારી | |

**પત્રક-૨**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા પાકવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત

| **સીઝન** | **જણસી** | **વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ખરીફ/રવી પાકોના કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ ટેકાના ભાવો (રૂ./ક્વિ.)** |
|---|---|---|

| | | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|
| ખરીફ પાક | ડાંગર (કોમન) | ૧૯૪૦ | ૨૦૪૦ |
| | ડાંગર (ગ્રેડ ''એ'') | ૧૯૬૦ | ૨૦૬૦ |
| | જુવાર | ૨૭૩૮ | ૨૯૭૦ |
| | બાજરી | ૨૨૫૦ | ૨૩૫૦ |
| | રાગી | ૩૩૭૭ | ૩૫૭૮ |
| | મકાઇ | ૧૮૭૦ | ૧૯૬૨ |
| | તુવેર | ૬૩૦૦ | ૬૬૦૦ |
| | મગ | ૭૨૭૫ | ૭૭૫૫ |
| | અડદ | ૬૩૦૦ | ૬૬૦૦ |
| | મગફળી | ૫૫૫૦ | ૫૮૫૦ |
| | સુર્યમુખી બીજ | ૬૦૧૫ | ૬૪૦૦ |
| | સોયાબીન (પીળા) | ૩૯૫૦ | ૪૩૦૦ |
| | તલ | ૭૩૦૭ | ૭૮૩૦ |
| | રામતલ | ૬૯૩૦ | ૭૨૮૭ |
| | કપાસ(લંબમતારી) | ૬૦૨૫ | ૬૩૮૦ |
| | કપાસ (મધ્યમતારી) | ૫૭૨૬ | ૬૦૮૦ |
| રવી પાક | ઘઉ | ૨૦૧૫ | ૨૧૨૫ |
| | જવ | ૧૬૩૫ | ૧૭૩૫ |
| | ચણા | ૫૨૩૦ | ૫૩૩૫ |
| | મસુર | ૫૫૦૦ | ૬૦૦૦ |
| | રાયડો અને સરસવ | ૫૦૫૦ | ૫૪૫૦ |
| | કસુંબી | ૫૪૪૧ | ૫૬૫૦ |

**પત્રક-૩**

છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર, પાકવાર ખરીદ થયેલ જથ્થાની વિગત (જથ્થો, મે.ટન)

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૨૧-૨૨** | | | |
|---|---|---|---|---|
| | **મગફળી** | **તુવેર** | **ચણા** | **ઉનાળુ મગ** |
| જામજોધપુર | ૭૪૮ | ૧૧૪૧ | ૧૨૦૫૩૬ | ૯ |
| લાલપુર | ૪૦૦૦ | ૧૦૩૩ | ૨૧૯૫૭૨ | ૪ |
| જોડિયા | ૨૬૧૫ | ૫૨૬ | ૧૧૩૭૫૭ | ૫ |
| ધ્રોલ | ૪૪૪૦ | ૧૩૧૮ | ૧૭૪૩૭૨ | ૭ |
| કાલાવાડ | ૨૭૦૪ | ૫૧૩ | ૨૫૯૩૧૨ | ૧૦ |
| જામનગર | ૩૧૬૧ | ૮૪ | ૧૩૮૨૭૪ | ૧ |

નોંધઃ વર્ષ ૨૦૨૨-૨૩ ખરીફ સીઝનમાં જામનગર જિલ્લામાં કોઇ પાકની ખરીદી કરવાની સ્થિતિ ઉપસ્થિતિ થયેલ ન હતી.

---------

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન માટે નાણાકીય જોગવાઇ**

૪૨ **શ્રી ચૈતરભાઇ વસાવા** દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન માટે નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા

(૨) યોજનાવાર જોગવાઇ નાણાકીય વર્ષવાર કરવામાં આવે છે. તા. ૩૧-૦૧-૨૦૨૩ની અંતિતિ સ્થિતિએ જોગવાઇ નીચે મુજબ છે.

| **ક્રમ** | **યોજનાનું નામ** | **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ** |
|---|---|---|---|

| | | (રૂ. લાખમાં) | ૨૦૨૨-૨૩ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વકીલ સહાય | ૪૬.૮૦ | ૨૩.૪૦ |
| ૨ | બજાર વ્યવસ્થાપન | ૧.૦૦ | ૩૦૦.૦૦ |
| ૩ | બેંક મારફતે સ્વરોજગારી યોજના માટે લીધેલ લોન ૬% વ્યાજ સબસિડી | ૧૨૬.૦૦ | ૯૦.૦૦ |
| ૪ | બેંક મારફતે વાહન ખરીદી માટે લીધેલ લોન ૬% વ્યાજ સબસિડી | ૯૪.૫૦ | ૯૦.૦૦ |
| ૫ | વિદેશ અભ્યાસ | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૬ | પાયલોટ ટ્રેનિંગ | ૫૦.૦૦ | ૧૨૫.૦૦ |
| ૭ | માછીમારી | ૧.૦૦ | ૬૦૦.૦૦ |
| ૮ | સ્વરોજગારી | ૧૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| ૯ | નાહરી કેન્દ્ર | ૧૦૦.૦૦ | ૮૦.૦૦ |

(૩) ઉક્ત મળેલ રકમ ક્યા જિલ્લાઓને ફાળવવામાં આવેલ છે ?

(૩) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન તરફથી જિલ્લાઓને કોઇ નાણાકીય ફાળવણી કરવામાં આવતી નથી, આદિજાતિના લાભ લીધેલ લાભાર્થીઓને યોજનાવાર સીધું ચુકવણું કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ લાભાર્થીઓના ચૂકવણા**

૧૨૬૫ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ મહેસાણા જિલ્લાને જાહેર શૌચ મુક્ત (ઓડીએફ) જાહેર કરવા માટે બનાવવામાં આવેલ શૌચાલયો પૈકી કેટલા લાભાર્થીઓને ચૂકવણા કરવાના બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેલ ચૂકવણા કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૨૪૮

(૨) સંબંધિત લાભાર્થીઓ તરફથી શૌચાલય બાંધકામ પૂર્ણ કરી જરૂરી આધાર-પૂરાવા સાથે સહાય મેળવવા અરજી કર્યાથી ચૂકવણા માટે આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ છે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં બિન-વારસી ગૌ-વંશ પશુઓને સહાય**

૮૭ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિ રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા અને બિન વારસી ગૌવંશના પશુઓનો દૈનિક રૂ. ૩૦ની સહાય આપવાનો નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી પાંજરાપોળ અને ગૌશાળાઓને કેટલા પશુઓ માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જૂનાગઢ જિલ્લામાં સહાય ચૂકવવા માટે જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ ન હોઇ સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે
## કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ - ૪૪)

માનનીય કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ - ૪૪)
લાલ ડુંગળીના બજાર ભાવ સંદર્ભે

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર અગત્યની બાબત પર વિધાનસભાના નિયમોના નિયમ - ૪૪ હેઠળ હું નિવેદન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં તા.૧૪-૦૨-૨૦૨૩થી બજારમાં લાલ ડુંગળીના રાશભાવ વધુ માલના ભરાવાના કારણે ઓછા જણાયેલ છે તે પરત્વે લાલ ડુંગળીના બજાર ભાવ સંદર્ભે ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબતે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબત પર અગત્યનું નિવેદન કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડુંગળીના બજાર ભાવ બાબતે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ સંદર્ભે જાહેરાત કરતા હું હર્ષની લાગણી અનુભવું છું. અમારી સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા રાજયના ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લેતા પ્રસ્તુત બાબતે ખૂબ જ અગત્યની મંજૂરી આપવામાં આવેલ છે તે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું. સરકાર હંમેશા ખેડૂતોને પડખે રહી તે આ બાબત આ નિર્ણયથી પ્રસ્થાપિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાલ ડુંગળીની હાલની પરિસ્થિતિ પ્રસ્તુત બાબતે માહે ફેબ્રુઆરી-૨૦૨૩માં લાલ ડુંગળીના રાશ ભાવ રૂપિયા ૬૭૧ પ્રતિ કિવન્ટલ જોવા મળેલ છે. તા.૧૪-૦૨-૨૦૨૩થી ૨૮-૦૨-૨૦૨૩ સુધીમાં માર્કેટમાં વધુ માલના ભરાવાના કારણે લાલ ડુંગળીના ભાવ ઓછા જણાયેલ છે, પરંતુ ફેબ્રુઆરી-૨૩માં લાલ ડુંગળીના રૂપિયા ૬૭૧ કિવન્ટલના રાશ ભાવ છે. સામાન્ય રીતે લાલ ડુંગળીનો પાક માર્કેટમાં ફેબ્રુઆરીથી મે માસ સુધી વેચાણ અર્થે એ.પી.એમ.સી.માં આવે છે. ચાલુ વર્ષે ડુંગળીનો અંદાજિત વાવેતર વિસ્તાર ૦.૮૦ લાખ હેકટર અને અંદાજિત ઉત્પાદન ૧૯.૨૮ લાખ મે.ટન થવાની શકયતા છે. ચાલુ વર્ષે રવી ઋતુમાં અંદાજિત ૭ લાખ મે.ટન લાલ ડુંગળીનું ઉત્પાદન થવાની શકયતા છે. આ વર્ષે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ડુંગળીમાં સહાય ચૂકવવાના અનુભવ ગત વર્ષના ધ્યાને લેતા સરકારશ્રીના તા.૯-૦૫-૨૦૨૨ના ઠરાવથી રાજયના સૌરાષ્ટ્રના જિલ્લાઓની તમામ એ.પી.એમ.સી. માં ડુંગળી વેચનાર ખેડૂતોને એક કટ્ટાદીઠ રૂપિયા ૧૦૦ એટલે કે એક કિલોગ્રામે રૂપિયા ૨ અને વધારેમાં વધારે ખેડૂત દીઠ ૫૦૦ કટ્ટા ૨૫૦ કિવન્ટલની મર્યાદામાં આર્થિક સહાય આપવાનું ઠરાવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૨૦૨૩માં લાલ ડુંગળીનું અંદાજિત ૭ લાખ મે.ટનના ઉત્પાદનની શકયતા રહેલ છે. ફેબ્રુઆરી-૨૦૨૩ માસમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં અંદાજિત લાલ ડુંગળીની ૧.૬૦ લાખ મે.ટન લાલ ડુંગળીની આવક થવા પામેલ છે. તેમજ કુલ ૭ લાખ મે.ટન લાલ ડુંગળીના ઉત્પાદન સામે સૌરાષ્ટ્ર વિસ્તારની એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે ૩.૫૦ લાખ મે.ટન જથ્થા માટે ગત વર્ષની સહાય યોજનાના ધોરણે સહાય આપવાનો નિર્ણય કરતા અંદાજિત રૂપિયા ૭૦ કરોડ રકમની સહાય જાહેર કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડુંગળીમાં વાહતુક સહાય અંતર્ગત- રાજય સરકારને મળેલ રજૂઆત પરત્વે રેલ્વે મારફત ડુંગળીના નિકાસમાં સહાય આપવા રજૂઆત કરેલ છે, જે અન્વયે અગાઉ અપાયેલ બટાકાની વાહતુક સહાયના ધોરણે લાલ ડુંગળી માટે વાહતુક સહાય યોજના માટે રાજયની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એ.પી.એમ.સી.માં નોંધાયેલ ખેડૂતો / વેપારીઓને લાલ ડુંગળી અન્ય રાજયો દેશ બહાર નિકાસ માટે વાહતુક ખર્ચમાં (૧) રોડ ટ્રાન્સપોર્ટથી કરે તો રૂપિયા ૭૫૦ પ્રતિ મે.ટન (૨) રેલ્વે મારફતે કરે તો વાહતુક ખર્ચના ૧૦૦ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧૧૫૦ પ્રતિ મેટ્રિક ટનની મર્યાદામાં, બેમાંથી જે ઓછું હોય તે, અને (૩) દેશ બહાર નિકાસ કરે તો કુલ વાહતુક ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૧૦ લાખની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે, ખેડૂત / વેપારીઓ દીઠ ટ્રાન્સપોર્ટ સબસિડી (વાહતુક સહાય) આપવાની રહેશે. જે માટે પ્રથમ તબક્કે અંદાજિત ૨.૦૦ લાખ મેટ્રિક ટન લાલ ડુંગળી અન્ય રાજ્યો / દેશ બહાર નિકાસ કરવાની વિચારણા કરતાં જે માટે અંદાજિત રકમ રૂ.૨૦.૦૦ કરોડની સહાય જાહેર કરીએ છીએ.

આમ, ઉક્ત વિગતોએ રાજ્યમાં ઉપસ્થિત થયેલ લાલ ડુંગળીના ભાવ પરત્વે તાકીદના પ્રશ્ને ઉક્ત જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

બટાટાના ભાવમાં ઘટાડો થતાં ખેડૂતો માટે વાહતુક સહાય જાહેર કરવા બાબત

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં હાલમાં બટાટાના વધુ ઉત્પાદનના કારણે બજાર ભાવ ઓછા જણાયેલ છે. તે પરત્વે બટાટાના બજાર ભાવ સંદર્ભે ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબતે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબત પર અગત્યનું નિવેદન કરવા માગું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બટાટાના બજાર ભાવ સંદર્ભે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ સંદર્ભે જાહેરાત કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું. અમારી સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા રાજ્યના ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવા પ્રસ્તુત બાબતે ખૂબ જ અગત્યની મંજૂરી આપવામાં આવેલ છે. તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. સરકાર હંમેશા ખેડૂતોના પડખે રહી તે બાબત આ નિર્ણયથી પ્રસ્થાપિત થાય છે.

તા.૭મી માર્ચ, ૨૦૨૩

કૃષિ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

**બટાટાની હાલની પરિસ્થિતિ :**

ગુજરાત રાજ્યમાં સરેરાશ બટાટાનું વાવેતર અંદાજિત ૧.૨૫ લાખ હેક્ટરમાં થાય છે અને તેમાંથી અંદાજિત ૩૮.૪૨ લાખ ટન કુલ ઉત્પાદન મળતું હોય છે. ચાલુ વર્ષે અંદાજિત ૧.૩૧ લાખ હેક્ટર બટાટા પાકનું વાવેતર થયેલ છે, જેમાંથી અંદાજિત ૪૦.૨૬ લાખ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થવાની શક્યતા છે. જે સામાન્ય સંજોગો કરતાં ૨ લાખ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન વધારે થવાની સંભાવના છે. પરિણામે રાજ્યની વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એ.પી.એમ.સી.) બટાટાના જથ્થાબંધ સરેરાશ રૂ.૫૪૪/- સુધી પ્રતિ ક્વિન્ટલ ભાવ જોવા મળેલ છે. જે સામાન્ય સંજોગો કરતાં આવનારી સિઝનમાં ખરીદ ભાવોમાં મોટો ઘટાડો થશે તેવું સરકારશ્રીને રજૂઆત મળતાં બટાટાના ભાવમાં ઘટાડો અટકાવવાના આગોતરાં પગલાં તરીકે બટાટા અન્ય રાજ્યો/દેશમાં નિકાસ થાય તો ખેડૂતોને સારા બજાર ભાવ મળી રહે તે માટે અન્ય રાજ્યો/દેશમાં બટાટાની નિકાસના વાહતુક ખર્ચમાં સહાય તથા ખેડૂતો દ્વારા કોલ્ડ સ્ટૉરેજમાં ખાવાના બટાટાનો સંગ્રહ કરે તેમજ રાજ્યની અન્ય એ.પી.એમ.સી.માં વેચાણ કરે તો સહાય આપવા માટે જાહેરાત કરું છું.

ચાલુ વર્ષમાં બટાટાના ભાવ હાલમાં ઉત્પાદન ખર્ચથી ઓછા હોઇ, ત્રણ પ્રકારની ખેડૂતલક્ષી સહાય જાહેર કરું છું.

**(૧) બટાટાને અન્ય રાજ્યોમાં/દેશ બહાર નિકાસ કરવા માટે વાહતુક સહાય અંતર્ગત :**

ખેડૂતો/વેપારીઓને બટાટા અન્ય રાજ્યો/દેશ બહાર નિકાસ માટે વાહતુક ખર્ચમાં સહાય (૧) રોડ ટ્રાન્ટપોર્ટથી કરે તો રૂ. ૭૫૦/- પ્રતિ મેટ્રિક ટન (૨) રેલવે મારફત કરે તો વાહતુક ખર્ચના ૧૦૦ ટકા અથવા રૂ.૧૧૫૦/- પ્રતિ મેટ્રિક ટનની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે અને (૩) દેશ બહાર નિકાસ કરે તો કુલ વાહતુક ખર્ચના ૨૫ ટકા અથવા રૂ.૧૦/- લાખની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે, ખેડૂત/વેપારીઓ દીઠ ટ્રાન્ટપોર્ટ સબસિડી (વાહતુક સહાય) ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૩૦/૪/૨૦૨૩ સુધી આપવામાં આવશે. આ સહાય માટે પ્રાથમિક અંદાજિત રૂ.૨૦/- કરોડ રકમની સહાય જાહેર કરીએ છીએ.

**(૨) રાજ્યના બટાટા ઉત્પાદન કરતાં ખેડૂતોને સહાય અંતર્ગત :**

રાજ્યના બટાટા ઉત્પાદન કરતાં ખેડૂતો કોલ્ડ સ્ટૉરેજમાં માત્ર ખાવા માટેના બટાટા (ટેબલ પર્પઝ) સંગ્રહ કરે તો પ્રતિ કિલો રૂ.૧/-લેખે ખેડૂતને એક કટ્ટા દીઠ રૂ.૫૦/- અને વધારેમાં વધારે ૬૦૦ કટ્ટા (૩૦૦ ક્વિન્ટલ)ની મર્યાદામાં આર્થિક સહાય તા.૧/૨/૨૦૨૩ થી તા.૩૧/૩/૨૦૨૩ સુધીમાં કોલ્ડ સ્ટૉરેજમાં સંગ્રહ કરવામાં આવે તો સહાય આપવામાં આવશે. આ સહાય માટે પ્રાથમિક અંદાજિત રૂ.૨૦૦/- કરોડ રકમની સહાય જાહેર કરીએ છીએ.

**(૩) રાજ્યના એ.પી.એમ.સી.માં બટાટા વેચનાર ખેડૂતને સહાય :**

રાજ્યના એ.પી.એમ.સી.માં બટાટા વેચનાર ખેડૂતને એક કટ્ટા દીઠ રૂ.૫૦ એટલે કે એક કિલોગ્રામે રૂ.૧/- અને વધારેમાં વધારે ખેડૂત દીઠ ૬૦૦ કટ્ટા (૩૦૦ ક્વિન્ટલ)ની મર્યાદામાં આર્થિક સહાય તા.૧/૨/૨૦૨૩ થી તા.૩૧/૩/૨૦૨૩ સુધીના સમયગાળા માટે આપવામાં આવશે. આ સહાય માટે પ્રાથમિક અંદાજિત રૂ.૨૦/- કરોડ રકમની સહાય જાહેર કરીએ છીએ.

આમ, ઉક્ત વિગતોએ રાજ્યમાં ઉપસ્થિત થયેલ બટાટાના ભાવ પરત્વે તાકીદના પ્રશ્ને ઉક્ત જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. આ સહાય માટે પ્રાથમિક અંદાજિત રૂ.૨૦ કરોડની રકમની સહાય જાહેર કરીએ છીએ. આમ, ઉક્ત વિગતોએ રાજ્યમાં ઉપસ્થિત થયેલ લાલ ડુંગળી અને બટાટાના ઉપસ્થિત થયેલા તાકીદના પ્રશ્ને ઉક્ત જાહેરાત કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી ઘણા બધા પ્રતિનિધિઓ ભાવનગર જિલ્લા અને ગોંડલ તાલુકાના શ્રી શિવાભાઈ, શ્રી ગૌતમભાઈ, શ્રી ભીખાભાઈ, શ્રીમતી ગીતાબા, મહુવા યાર્ડના ચેરમેન, એ.પી.એમ.સી. ગોંડલના ચેરમેન અને ઉત્તર ગુજરાતના અનેક ખેડૂતો અને ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને મળવા ગયા હતા. હું પણ એ પ્રતિનિધિ મંડળમાં સામેલ હતો. આદરણીય કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઇભાઈએ હકારાત્મક રીતે ખેડૂતોને ડુંગળી અને બટાટાના ભાવ માટે જે જાહેરાત કરી છે તે બદલ રાજ્યના ખેડૂતો અને સૌ પ્રતિનિધિ વતી ખૂબ ખૂબ આભાર માનું છું. ખેડૂતોને આ પ્રકારની મદદ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા આ પ્રકારના નિર્ણયો કરીને ખેડૂતોની મદદે આવી છે તેના માટે વિશેષ અભિનંદન આપું છું અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ડુંગળી અને બટાટા ખેડૂતોને અને ગ્રાહકોને દર વર્ષે રડાવે છે. તેનો જો કાયમી ઉકેલ કરવો હોય તો ડુંગળી માટે મેળાવાળા ગોડાઉન અને બટાટા માટે કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થા ખૂબ જરૂરી છે. જેથી ગ્રાહક અને ખેડૂત બંનેને પ્રોટેક્શન મળી રહે. મારું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે દર વર્ષે સહાયની જે જાહેરાત કરવામાં આવે છે તેનો લાભ બહુ ઓછા ખેડૂતોને મળે છે અને જેને મળે છે તેને પણ નહિવત મળે છે. તેના માટે ડુંગળી ઉત્પાદક વિસ્તારોમાં મેળાવાળા ગોડાઉન અને બટાટા ઉત્પાદિત વિસ્તારોમાં કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થામાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું જે સૂચન છે તે દિશામાં હકારાત્મક વિચારણા કરી કાર્યવાહી કરીશું.

ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે

## કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ - ૪૪)

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કૃષિ મંત્રીશ્રીએ ડુંગળી અને બટાટાના ભાવ માટે જાહેરાત કરી અને આ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ અને નાણામંત્રી શ્રી કનુભાઇએ ખેડૂતો માટે ઉદાર નીતિ રાખી અને સમગ્ર ગુજરાતમાં બટાટા અને ડુંગળી માટે જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તેને મદદ કરવાનું કામ કરી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું અભિનંદન આપું છું અને ભૂતકાળમાં જ્યારે જ્યારે બટાટા અને ડુંગળી માટે આ પરિસ્થિતિ ઊભી થઈ હતી ત્યારે રાજ્ય સરકારે આ પ્રકારની સહાય કરી છે. ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય તે માટે છેલ્લા ૧૦ દિવસથી સૌ સન્માનનીય ધારાસભ્યશ્રીઓ, માર્કેટ યાર્ડના ચેરમેન સાથે મળી પાંચથી છ વખત કૃષિમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રી સાથે મિટિંગ કરી. એટલું બધું પારદર્શક કે સન્માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ વાત કરી તે પ્રમાણે ભૂતકાળમાં પણ વધુમાં વધુ ખેડૂતોને ફાયદો થયો છે અને આ વખતે છેક ખેડૂતોના ઘર સુધી ૭/૧૨નો ઉતારો અને જે ખેડૂતે કોલ્ડ સ્ટોરેજમાં બટાટા ભર્યા હોય તે ખેડૂતને સીધેસીધો ફાયદો થાય અને તેના ખાતામાં પૈસા જમા થાય તે પ્રકારનું કામ કરી અને ખૂબ સરાહનીય કામ કર્યું છે. બટાટાના ભાવ વધે તે માટે એક્સપોર્ટ પૉલિસી પણ કરી. એક્સપોર્ટ થવાથી બટાટાના હાલના ભાવ કરતાં તેને મળનારા ભાવમાં વધારો થાય તે પ્રકારની નીતિ અપનાવી અને ત્રણ પ્રકારની નીતિ કરી. એક્સપોર્ટ પૉલિસી, જે ખેડૂતોના બટાટા અત્યારે ખેતરમાં પડ્યા છે અને કોલ્ડ સ્ટોરેજમાં ભાડું ભરી શકતા નથી તે ખેડૂતો માટે કોલ્ડ સ્ટોરેજ ભાડા માટેની પૉલિસી અને એ.પી.એમ.સી.માં જે માલ વેચે છે એને પ્રતિ પેકેટ દીઠ ૫૦ રૂપિયા એટલે એક કિલોએ એક રૂપિયાનો જે ભાવવધારો કર્યો છે એના થકી ખેડૂતો માટે ખૂબ આશીર્વાદરૂપ કામ કર્યું છે ત્યારે આ ગૃહના માધ્યમથી સન્માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ગૃહના વડા એવા માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરવા માગું છું કે એમણે સતત ખેડૂતોની ચિંતા કરીને ભૂતકાળમાં પણ ખેડૂતોને સહાય આપી છે. મારા અરવલ્લી જિલ્લાની વાત કરું કે સમગ્ર ગુજરાતના ખેડૂતોની વાત કરું તો, ગુજરાતના ખેડૂતોને એવું સ્પષ્ટ દેખાઇ રહ્યું છે કે આ સરકાર ખેડૂતોની ચિંતા કરતી સરકાર છે અને ખેડૂતો માટે હરહંમેશ જાગૃત સરકાર છે. ખેડૂતોને જે પ્રકારે સહાય કરી છે એ સહાયને આવકારું છું અને મારા જિલ્લાના ખેડૂતોને ટૂંક સમયમાં નિર્ણય લઇને જે સહાય આપી છે એ બદલ ખેડૂતો વતી સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિજાપુર તાલુકામાં અને ખાસ કરીને લાડોલ અને તેની આજુબાજુના ગામોમાં બટાટાનું બહુ મોટું ઉત્પાદન થાય છે. આ વખતે બજારકિંમતના લીધે ખેડૂતોના જે પ્રશ્નો ઊભા થયા એના અનુસંધાને મેં માનનીય કૃષિમંત્રીશ્રીને રજૂઆત કરી હતી અને તેમણે હકારાત્મક વલણ દાખવ્યું હતું અને બટાટાના ખેડૂતોને જે લાભ કરી આપ્યો છે એ માટે વિજાપુર, ડીસા અને તેની આજુબાજુના જે ખેડૂતો બટાટા પકવે છે એમના વતી હું ખૂબ ખૂબ આભાર માનું છું. બટાટા પકવવા માટેનો જે ઉત્પાદન ખર્ચ છે એ ઉત્પાદન પાછલી તારીખથી વેચવું હોય તો પણ તમે રાહત આપવાના છો. ધારો કે, ઉત્પાદનમાં ૧૦૦ રૂપિયાનો ખર્ચ થયો હોય તો એમાં કોઇ રાહત આપવા માંગો છો કે કેમ?

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના છ જિલ્લાઓમાં સૌથી મોટાપાયે ડુંગળીનું ઉત્પાદન થાય છે અને એનું વેચાણકેન્દ્ર મહુવામાં છે. સમગ્ર સૌરાષ્ટ્રની મોટાભાગની ડુંગળી વેચાણ માટે મહુવામાં આવે છે. દરરોજના એક લાખ થેલાથી માંડીને પાંચ લાખ થેલા ડુંગળી વેચાણ માટે આવે છે. આ ડુંગળી ચોમાસાની સિઝનની શરૂઆત થતાં જ જે કાજીની ડુંગળી હોય છે એનો ૧૫ દિવસથી વધારે સંગ્રહ થઇ શકતો નથી. એટલે ઉનાળાની ડુંગળી વેડાની અંદર રાખી શકાય છે. આ ડુંગળીનો તાત્કાલિક નિકાલ ન થાય તો ખૂબ બગાડ થાય છે. સમગ્ર દેશના અન્ય રાજ્યો જેવા કે, રાજસ્થાન, નાસિક અને મહારાષ્ટ્રમાં ડુંગળીનું ઉત્પાદન થાય છે ત્યારે સૌરાષ્ટ્રની ડુંગળીનો વાહતુક ખર્ચ બહુ વધારે હોવાથી વેચાણ ઓછું થાય છે અને ખૂબ ભરાવો થાય છે. ગયા વર્ષે અને એના આગલા વર્ષે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા મહુવા યાર્ડમાં રૂ. ૫૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે અને આ વર્ષે એમાં વધારો કરી રૂ. ૭૦ કરોડની સહાય કરી છે અને ખાસ કરીને આ જે વાવાઝોડું આવ્યું એમાં ઘણા ખેડૂતોની ડુંગળીઓ પલળી ગઇ છે અને આ સહાય આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને અમારા જીતુભાઇ વાઘાણી સાહેબને મારા અને સમગ્ર સૌરાષ્ટ્રના ડુંગળી પકવતા ખેડૂતો તરફથી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતની બટાટાનગરી ડીસાથી આવું છું. જ્યારે જ્યારે ખેડૂતો ઉપર આવી આફતો આવી છે ત્યારે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે અને આજે ફરી એકવાર પડખે ઊભી રહી છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. આપણે એ જગ્યાએ બેઠા છીએ કે જયાં આ રાજ્યમાંથી સાત રાજ્યોને બટાકા પૂરા પડાય છે. માનનીય અર્જુનભાઇએ જે સવાલ કર્યો કે, પાંચ વર્ષ પહેલા ભારત એ ફ્રેન્ચ-ફ્રાઇઝનું ઇમ્પોર્ટર હતું. આજે ગુજરાતના ખેડૂતો દ્વારા આ બટાકા પકવવાના લીધે પાંચ વર્ષમાં એક્સપોર્ટર બન્યું છે. આપણી ફ્રેન્ચ-ફ્રાઇઝ ૫૬ દેશોમાં જઇ રહી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે ઉદ્યોગોની વેલ્યું એડિશન કરવા પ્લાન્ટોને જે સબસિડી આપી છે અને પ્રોત્સાહન આપવાની વાત કરી છે એના લીધે આ શક્ય બન્યું છે પણ, ખાવાના બટાકામાં જે તકલીફ હતી ફકત આ રાજ્યમાં જ નહીં પણ યુ.પી., પશ્ચિમ બંગાળ અને હરિયાણા જેવાં રાજ્યો કે જયાં પાક વધુ થયો છે એના લીધે પણ ભાવ નથી. પરંતુ એ સામે પણ ખાવાના બટાકામાં રાજ્ય

સરકાર ખેડૂતોની પડખે જે રીતે ઊભી રહી છે તેનો મને આજે ખેડૂત તરીકે આનંદ થાય છે. એ બદલ હું ફરીથી રાજ્ય સરકારનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જે રીતે ડુંગળી અને બટાકાનો મબલખ પાક થયો અને ખેડૂતોને જે તકલીફ પડતી હતી એ તકલીફના વારે તમામ ધારાસભ્યશ્રીઓની લાગણી હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદાર દિલે ખેડૂતોના હિતમાં જે બટાકા અને ડુંગળી માટેનો નિર્ણય લીધો છે એ માટે કોંગ્રેસ પાર્ટી વતી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. બટાકા અને ડુંગળી પકવતાં ખેડૂતોની વાત કરીએ, તો જે ઉદારતાથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે એને અમે આવકારીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે ખેડૂતોને આમાં જેટલો ફાયદો થવાનો છે તે રીતે જે ખાનાર વર્ગ છે એને પણ ફાયદો થાય. એ સાથે હું અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : આજે વિશ્વ મહિલા દિન છે એટલે મારું મન પણ એવું કહે છે કે, બંને પક્ષોના મહિલા ધારાસભ્યશ્રીઓ બોલે અને ચેર ઉપર પણ મહિલા સભ્યશ્રી બેસે. ઉપાધ્યક્ષશ્રી, આપણે આપણી ચેમ્બર બાજુ જઇએ અને મહિલાઓને કામ સોંપીએ. બધા સભ્યશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

**અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આવતીકાલે ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ત્યારે આવતીકાલે વિધાનસભા ગૃહમાં રજા હોવાથી એડવાન્સમાં સમગ્ર વિશ્વ અને દેશની તથા ખાસ કરીને, વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી તરીકે ૧૫ મહિલાઓ ચૂંટાઇને પ્રતિનિધિત્વ કરે છે એમને હું શુભેચ્છાઓ પાઠવું છું. એ પૈકીમાં, આઠ ધારાસભ્યશ્રીઓ ફરી વખત ચૂંટાઇને આવ્યા છે અને સાત ધારાસભ્યશ્રીઓ આ ૧૫મી વિધાનસભામાં નવા ધારાસભ્યશ્રી તરીકે પ્રથમ વખત ચૂંટાઇને આવ્યા છે. હું માનનીય મંત્રીશ્રીને પણ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવું છું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઊજવણીના ભાગરૂપે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી દર વર્ષે આ ગૃહની મહિલાઓને કંઇકને કંઇક ભેટ આપે છે અને ખાસ કરીને, એમના વિસ્તારના ડેવલપિંગ માટે રસ્તાઓમાં જોબ નંબરમાં એકાદ કરોડનો જોબ નંબર વધારે આપે છે તો આ વખતે અપેક્ષા રાખું કે, ગુજરાતની જનતાએ ૧૫૬ સીટો આપી છે અને એમાં ૫૦ ટકા મહિલા મતદારો છે એટલે જેમ, તમારી સીટોમાં વધારો થયો, એ રીતે મહિલાઓની ગ્રાન્ટમાં પણ વધારો કરે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આ દેશની અંદર કોંગ્રેસ પાર્ટીની એ વિચારધારા સાથે હું સંકળાયેલી છું અને એ માટે હું ગૌરવ અનુભવું છું કે આ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરાજીએ આ દેશ અને દુનિયામાં ભારતનું નામ રોશન કર્યું. વર્ષ ૧૯૭૧નું યુદ્ધ આજે સુવર્ણ અક્ષરે લખાઇ ગયું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જયારે દેશની સુરક્ષા માટેની વાત આવે ત્યારે ચોક્કસથી આપણે ઇન્દિરાજીને યાદ કરીએ છીએ. એ વખતે પાકિસ્તાનના ૧ લાખ સૈનિકોએ શરણાગતિ સ્વીકારી અને બાંગ્લાદેશનું નિર્માણ કર્યું અને સમગ્ર વિશ્વમાં ભારત દેશને ગૌરવ અપાવ્યું છે. એ વખતે વિરોધ પક્ષના નેતા શ્રી અટલ બિહારી બાજપાઇજીએ ઇન્દિરાજીને મા દુર્ગાના અવતાર સાથે સરખાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે વિશ્વના અનેક દેશોમાં એ દિવસે જાહેર રજા તરીકે ઉજવવામાં આવે છે અને ભારતમાં મહિલાઓના અભિનંદન અને ગૌરવ તરીકે દિવસની ઉજવણી કરવામાં આવે છે. અનેક મહિલાઓ એ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ હોય કે લોકસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ હોય કે કલ્પના ચાવલા હોય, ત્યાગની મૂર્તિ કે જેણે સત્તા છે એ ખુરશી માટે નહીં, પણ સત્તા છે એ સેવા માટે છે એવી દેશની અંદર કોઇએ પ્રેરણા પૂરી પાડી હોય તો એ અમારા નેતા શ્રીમતી સોનિયા ગાંધીએ પૂરી પાડી છે, કે ખુરશી એ માત્ર સત્તા માટે નથી પણ આ દેશ માટે અને દેશની મહિલાઓ માટે છે અને એમણે અનેક રીતે આ દેશની મહિલાઓને ગૌરવ અપાવવા માટેનું કામ એ સોનિયા ગાંધીએ કર્યું છે.

સભાપતિશ્રી: વચ્ચે ડિસ્ટર્બ ન કરો.

ગેનીબેન ન. ઠાકોર : યુદ્ધના મોરચાની વાત કરીએ ત્યારે વર્ષ ૧૮૫૭ની વાત કરીએ કે એ વખતે ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ કે જેમણે અંગ્રેજો સામે લોહા લઇને યુદ્ધની ભૂમિમાં એમણે રણશીંગુ ફૂંકીને પોતાનું રાજ્ય બચાવવા માટે યુદ્ધમાં લડાઇ લડી અંતિમ ક્ષણ સુધી લડાઇ લડીને યુદ્ધના મેદાનમાં પણ મહિલાઓનું કેટલું યોગદાન છે એની આપણને પ્રેરણા પૂરી પાડી છે. એ વખતે રાણી લક્ષ્મીબાઇની સેનામાં જલકારીબાઇ હતા. એમણે દુર્ગા સેના તરીકેની સ્થાપના કરી હતી. એ જલકારીબાઇ કે જેમણે એક વફાદાર સૈનિક તરીકે ઝાંસીની રાણી લક્ષ્મીબાઇને એટલી મદદ કરેલી. જલકારીબાઇનો ચહેરો અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનો ચહેરો એક જેવો હતો. જયારે યુદ્ધ ચાલ્યું એ ટાઇમે જલકારીબાઇએ કહ્યું કે હવે આ યુદ્ધની અંદર પહેલા હું આગળ થઇશ. અંગ્રેજોનું ધ્યાન એ રીતે કેન્દ્રિત થાય કે ઝાંસીની રાણી છે ત્યારે પહેલું બલિદાન કદાચ આપવું પડે તો પહેલા હું આપીશ અને પાછળથી તમે. એટલે આવા વફાદારીના ગુણ માટે જલકારીબાઇને આપણે આજે પણ યાદ કરીએ છીએ. વર્તમાન સમયમાં કદાચ વફાદારીનું સ્ટેચ્યૂ બનાવવાનું થાય તો હું માનું છું ત્યાં સુધી જલકારીબાઇનું બનાવવાનું થાય. એ કોળી સમાજની દીકરી હતી. એનું આપણને સૌને ગૌરવ છે.

ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે ગુજરાતમાં મહિલાઓ ઉપરના અત્યાચારો કે ક્રાઇમ વગેરે માટે જયારે આ બજેટ ઉપર જયારે ચર્ચા થઇ ત્યારે મહિલાઓ માટે કયાંક થોડીઘણી રાહત આપવામાં આવી હોત તો પણ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થઇ ગણાત. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બીજા રાજ્યોના ઘણા બધા દાખલા અહીં આપવામાં આવે છે, પણ જેમ રાજસ્થાનની સરકાર મહિલાઓને ૫૦૦ રૂપિયામાં ગેસનો બાટલો આપે છે, એ રીતે ગુજરાતની સરકારે પણ મહિલાઓને ૫૦૦ રૂપિયામાં ગેસનો બાટલો આપવાની ઉદારતા બતાવી હોત તો મહિલાઓનું પણ સન્માન રહેત અને મહિલાઓ માટે સરકારે કાંઇક વિચાર્યું છે એ રીતે કદાચ અમારે આભાર માનવો પડત તો આભાર માનત. એ રીતે લાખો રેશનકાર્ડ ધારકો કે જે ગેસના કનેકશન ધરાવે છે, એમાં કેટલાયે એવા હશે કે જે બીજી વખત બાટલો ભરાવવા પણ ગયા નથી. એના હિસાબે પર્યાવરણને મોટું નુકસાન થતું પણ અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર મહિલાઓને સહાય જ નહીં, પણ આવનાર સમયની અંદર ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણ બચાવવા માટે પણ ગેસના બાટલાની અંદર સબસિડી આપવી ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસમાં જયારે આપણા ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ હોય. અલગ અલગ રાજ્યોના મુખ્યમંત્રીઓએ અનેક રીતે સારું કામ કરીને મહિલાઓનું ગૌરવ વધાર્યું છે. ત્યારે વર્તમાન સમયની અંદર મહિલાઓને ગૌરવ અપાવવા માટે, તેને સલામતી પૂરી પાડવા માટે, સો ટકા આપણે માનીએ છીએ કે આપણે ગાંધીના ગુજરાતમાં રહીએ છીએ, સત્ય અને અહિંસા આપણા વારસામાં રહેલું છે, પણ કયાંક બહેન દીકરીઓની સુરક્ષા માટે વીરતા પરમો ધર્મ નિભાવવો પડે તો પણ જે તે વિસ્તારમાં નિભાવવો જોઇએ એવું મારું પોતાનું માનવું છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એડવાન્સમાં તમામ મહિલાઓને શુભેચ્છાઓ સાથે સરકારને પણ વિનંતી કરું છું કે જયાં જયાં મહિલાઓને લગતી યોજનાઓ હોય, એને સ્વરોજગારીની વાત હોય, શિક્ષણ માટેની વાત હોય, જેમ છતીસગઢની સરકાર આંગણવાડીની બહેનોને, તેડાગરને, આંગણવાડી કાર્યકરને ૧૦ હજાર રૂપિયા અને તેડાગરને ૩૫૦૦થી ૪ હજાર રૂપિયા વેતન આપે છે. એમ ગુજરાતની સરકાર પણ આંગણવાડી, તેડાગર અને આશાવર્કરો માટે કંઇક માનદ વેતનમાં વધારો કરે એવી હું સમગ્ર ગુજરાતની મહિલાઓ વતી સરકાર પાસે અપેક્ષા રાખું છું. વિધવા સહાયની અંદર પણ ઉમેરો કરવો જોઇએ, કારણ કે આજે મોંઘવારી વધે એમ વિધવા મહિલાને ઘર ચલાવવું, ગુજરાત ચલાવવું પણ મુશ્કેલ થતું હોય છે. એવા સમયની અંદર વિધવા સહાયની રકમમાં પણ વધારો કરે એવી મારી સરકાર પાસે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ખાસ કરીને આજે બજેટની અંદર મારા પોતાના વિચારો રજૂ કરું છું કે, વર્તમાન ગુજરાત સરકારનું બજેટ વર્ષ ૨૦૨૩-૨૪નું છે તે રૂપિયા ૩,૦૧,૦૨૨ કરોડનું બજેટ છે. તે બજેટની અંદર વિવિધ ક્ષેત્રમાં જે જોગવાઇ કરવામાં આવેલી છે એમાં ખાસ કરીને કૃષિ વિભાગ માટે રૂપિયા ૨૧૬૦૫ કરોડની જોગવાઇ કરેલી છે. આ રૂપિયા ૨૧૬૦૫ કરોડની જોગવાઇની સામે ખેડૂતોની જે માગણી હોય, ખેડૂતો જે ટેક્સ ભરે છે એના પ્રમાણમાં એ બજેટ ઘણું ઓછું છે. બનાસકાંઠા જિલ્લાની વાત કરું તો બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના તાલુકા, એ નર્મદાના કમાન્ડ એરિયાની અંદર આવે છે. આ ખેડૂતોને ટપક પદ્ધતિ અને ફુંવારા પદ્ધતિ માટે ૯૦ ટકા સબસિડી આપવામાં આવે તો એમને પાણીનો વપરાશ પણ ૫૦ ટકા ઓછો થાય અને પાણીની બચત કરી શકીએ, વધારે પડતા પાણીનો ઉપયોગ કરવાથી જમીનની નીચે જે વિસ્તારોમાં જમીન ખારી છે તે જમીનના તળ પણ ખારા થાય છે, એને પણ અટકાવી શકાય. એટલે ખેડૂતોને ટપક પદ્ધતિ માટે વધારે સહાય આપવામાં આવે તેવી પણ હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રખડતાં ઢોરો અંગેની અગાઉ ચર્ચા થઇ, તો રખડતાં ઢોરોના કારણે ખેડૂતોને થતું નુકસાન અટકાવવા માટે વધુમાં વધુ ફેન્સિંગ થાય તે માટે પ્રયત્નો કરીએ તો ખેડૂતોનો પાક બચાવી શકાય. આ ઉપરાંત હું વ્યક્તિગત અપેક્ષા રાખું કે રખડતાં ઢોરો માટે ખાસ કરીને પાંજરાપોળો અને ગૌશાળાને સબસિડી આપવામાં આવતી નથી, રાજસ્થાનની સરકાર પશુદીઠ ૫૦ રૂપિયા રોજની સબસિડી આપે છે એ રીતે ગુજરાત સરકાર પણ જો પશુદીઠ ૫૦ રૂપિયા લેખે સબસિડી આપે તો આ રખડતાં ઢોરોનો પ્રશ્ન હલ થઇ જાય એવી મારી માગણી છે. આ સાથે પશુપાલન ક્ષેત્રે અનેક જોગવાઇઓ કરેલી છે એમાં પ્રાકૃતિક ખેતી માટે રૂપિયા ૨૦૩ કરોડની જોગવાઇ કરેલી છે એમાં વધારો કરવામાં આવે એ પણ મારી માગણી છે. ખાસ કરીને ખેડૂતોને ટૂંકી મુદતના ધિરાણ માટે રૂપિયા ૧૨૭૦ કરોડની જોગવાઇ કરેલી છે, એમાં રૂપિયા ૩ લાખની મર્યાદા કરેલી છે તેને વધારીને રૂપિયા પાંચ લાખની મર્યાદા ટૂંકી મુદત માટેના ધિરાણ માટે કરવામાં આવે એ પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે ૪૩૬૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. આ જોગવાઇમાં સ્કૂલના રૂમ હોય, ભૌતિક સુવિધાઓ હોય તેની ટેન્ડર પ્રક્રિયા અને અમલીકરણની જે સિસ્ટમ છે તે એક એક વર્ષ સુધી ચાલે છે, એટલે એકદમ ધીમી પ્રક્રિયા હોવાના કારણે આજે ગુજરાતની ઘણી સ્કૂલો માત્ર એક ઓરડે અને એક શિક્ષકે ચાલે છે. એટલે આવી શાળાઓમાં ક્વોલિટી આવતી નથી. પ્રાથમિક શિક્ષણની જે ગુણવતા પ્રાઇવેટ સ્કૂલોમાં હોય છે તેના પ્રમાણમાં ઘણી ઓછી હોવાના કારણે સરકારી પ્રાથમિક શિક્ષણ તૂટી રહ્યું છે અને એમાં ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકો મોંઘી ફી ન ભરી શકવાના કારણે પ્રાઇવેટ સ્કૂલોમાં જઇ શકતા નથી. એટલે સરકારી પ્રાઇમરી સ્કૂલોનું શિક્ષણ ગુણવત્તાવાળું બને તેના માટે રેગ્યુલર શિક્ષકોની ભરતી કરવાની થતી હોય તે કરવી જોઇએ, એનું મેનેજમેન્ટ કરીને વ્હાલા દવલાની જે નીતિ અપનાવવામાં આવે છે, આજે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ આપવાનો હોય તો તો સરકારની વાહ વાહ

કરવાવાળાને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ આપવામાં આવે છે. એટલે ઈમાનદારીથી સારું કામ કરવાવાળા શિક્ષકો ક્યાંકને ક્યાંક માનસિક રીતે ડેમેજ થાય છે અને તેના કારણે જે દિલથી કામ કરવું જોઈએ તેમાં અભાવ આવે છે. ગુજરાતમાં શ્રી માધવસિંહ સોલંકીની સરકાર વખતે દીકરીઓને મફત શિક્ષણ આપવાનું કર્યું હતું. અત્યારે સમય પરિવર્તિત થયો છે ત્યારે તાલુકા કક્ષાએ અલગથી ૧૦ ગામો વચ્ચે એક શૈક્ષણિક સંકુલ એવું હોવું જોઈએ કે માત્રને માત્ર દીકરીઓ જ હોય અને તેનો બધો જ મહિલા સ્ટાફ હોય તો ભૂતકાળમાં પાટણ યુનિવર્સિટી અને વડોદરાની યુનિવર્સિટીમાં જે ઘટનાઓ બની એ ઘટનાઓ આવનારા સમયમાં ન બને એ માટે રાજ્ય સરકારે વિચારવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની રોજગારી માટે આ બજેટમાં ડાયમન્ડ માટે ૨૩ કરોડ રૂપિયા જેવી જોગવાઈ કરવામાં આવેલી છે એ પ્રમાણમાં ઘણી ઓછી છે. સરકાર પાસે અપેક્ષા રાખીએ કે મહિલા પોતે સ્વનિર્ભર બને તેના માટેની જે યોજનાઓ હોય તેના બજેટમાં વધારો કરે. ખાસ કરીને મહિલા અને બાળ વિકાસની જે યોજનાઓ છે તેમાં આંગણવાડી મારફત જે યોજનાઓ ચાલે છે એ યોજનાઓ આપણે વિધાનસભા ગૃહમાં સાંભળીએ, ફંક્શનોમાં સાંભળીએ પણ લોકલ લેવલે જે અમલીકરણ થવું જોઈએ એ થતું નથી. બાળકો કુપોષિત છે તેનું કારણ આ છે. આપણે કિશોરીઓની વાત કરીએ, આશાવર્કરોની વાત કરીએ. આપણી પાસે ગવર્નમેન્ટનો મહિલા સ્ટાફ ઘણો બધો છે. મહિલા લેબર વર્કર છે એ નાનું મોટું વ્યસન કરતાં હોય, તમાકુની બનાવટો ખાતા હોય તેમાંથી કઈ રીતે મુક્ત થાય જેથી કરીને બાળકો જન્મજાત સક્ષમ બને. જેનો પાયો મજબૂત હોય તેના ઉપર ઇમારત મજબૂત બને. તેના માટે મહિલાઓમાં વ્યસન દૂર કરવા માટે સરકારે સ્વૈચ્છિક સંસ્થાઓ કે ધર્મગુરુઓના માધ્યમથી કાર્ય કરવું જોઈએ આવી પણ મારી સરકાર પાસે આ તબક્કે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં પી.એચ.સી. કે સી.એચ.સી. હોય, સબ સેન્ટર હોય તેના ખાતમુહૂર્ત પાંચ-છ વર્ષ પહેલાં કરવામાં આવેલા છે અને આજ સુધી આના કામ કરવામાં આવેલા નથી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, આવતીકાલે એટલે કે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે આપણે સૌ ઊજવવાના છીએ ત્યારે અહીં બધી મહિલા ધારાસભ્ય, સમગ્ર ગુજરાત અને દેશની બહેનોને વિશ્વ મહિલા દિન નિમિત્તે હું ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવું છું અને માનનીય અધ્યક્ષશ્રી, આપ જ્યારે ત્યાં (સભાપતિ તરીકે) બિરાજમાન છો ત્યારે અહીં બેઠેલી બહેનો પણ આપને શુભેચ્છા પાઠવે છે.

સભાપતિશ્રી : ધન્યવાદ.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, યુનોમાં ઘણા વખતથી ૮ માર્ચ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે પણ આપણી સંસ્કૃતિમાં અનાદિકાળથી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે અને પુરુષ સમોવડી ગણવામાં આવે છે. ત્યાં સુધી કે ઇશ્વરના સ્વરૂપમાં પણ મહિલાઓને પૂજવામાં આવે છે. માં જગદંબા, માં ભગવતી, કાલીમાં, લક્ષ્મીના રૂપે આપણે શક્તિને પૂજતા હોઈએ છીએ. એટલે જ આપણે ત્યાં 'નારી તું નારાયણી' એ ભાવથી આપણો સમાજ આગળ વધી રહ્યો છે. બ્રહ્મ ભગવાને પણ નારી શક્તિનું મહત્ત્વ સમજીને મહત્ત્વના ખાતાઓ આપ્યા છે. માતા સરસ્વતીને શિક્ષણ વિભાગ આપ્યો છે. માતા દુર્ગાને સંરક્ષણ વિભાગ આપ્યો છે. નાણાં વિભાગ લક્ષ્મી માતાને આપ્યો છે. નારી શક્તિ માટે હું બે પંક્તિ કહેવા માગું છું.

फूलों की मुस्कान है नारी, कोमलता का प्रतीक भी नारी,
अपनी ज़ीद पर आ जाये जब, प्रतिज्ञा का प्रतीक भी है नारी।
बिजली की गरज भी नारी, बादल की आवाज़ भी नारी,
धरती का सम्मान भी नारी, देवी का अवतार है नारी।
यही है चंड़ी, यही है काली, हर रूप सुहाना, अदा निराली,
काट कर अपने अंग ये, जन्म देती नयी ज़िंदगी को,
ब्रह्मांड की शोभा है नारी, घर की लक्ष्मी है नारी।
इस शोभा की हमें करनी है रखवाली, बेटी, बहन, मां,
हर रूप में खिलती है नारी।

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. એકવીસમી સદીમાં ભારતના ઝડપી વિકાસ માટે મહિલાઓના સર્વાંગી વિકાસ સાથે સશક્તિકરણ પણ જરૂરી છે અને મહિલાઓની આશા, અપેક્ષાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને તેમના માટે અનેકવિધ યોજનાઓ બનાવી, નિર્ણયો કરી તેમના પસંદગીના ક્ષેત્રમાં કામ કરવાના તમામ દરવાજા આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીની સરકારે ખોલી દીધા છે, ત્યારે મહિલાઓ અને બાળકોના સ્વરૂપમાં, એમનું સ્વાસ્થ્ય કેવી રીતે જાળવે અને માતાઓનું નબળું

પોષણ સ્તર ગર્ભમાં રહેલા બાળકના વિકાસને અવરોધે છે, તે આગળ જતા બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓના કુપોષણના લીધે બાળકના વૃદ્ધિ અને વિકાસને પણ ગંભીર અસર કરે છે, એટલે જ સ્વસ્થ પેઢી તૈયાર થાય એટલા માટે રાજયમાં બાળકોને પોષણયુકત આહાર મળી રહે એ ખૂબ જરૂરી છે. મહિલા અને બાળકોનું પોષણ સ્તર સુધારવાના હેતુસર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા તા. ૮ માર્ચ, ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો અને વડાપ્રધાનશ્રીએ ''સહી પોષણ, દેશ રોશન'' ના સંકલ્પને ચરીતાર્થ કરવા મુખ્યમંત્રી માતૃશકિત યોજનાની શરૂઆત થઇ.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, તા.૮મી માર્ચ એટલે વિશ્વ આંતરાષ્ટ્રીય મહિલા દિવસ એ નિમિત્તે આજે સન્માનનીય ગૃહમાં તમામ મહિલા ધારાસભ્યશ્રીઓને આજે પોતાના વિસ્તાર અને બેજટ સત્ર ઉપર બોલવા માટેની એક તક આપી છે એ બદલ આ સન્માનનીય ગૃહ અને માનનીય અધ્યક્ષશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને એની સાથે આ ગૃહમાં ઉપસ્થિત મારી તમામ ધારાસભ્યશ્રી બહેનો જે બજેટ ઉપર પ્રથમ વખત પોતાનું વક્તવ્ય, પોતાના વિચારોનું મનોમંથન જે રજૂ કરવાના છે એને પણ હું આજે અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી એટલે શું? મહિલા એટલે શું તો એ કે જે બીજાને હાસ્ય સાથે પોતાના આંસુને છુપાવે છે, સ્ત્રી જ છે જે મકાનને ઘર બનાવે છે, સર્જે પણ છે, પોષે પણ છે, સ્ત્રી જ સંસારને વિકસાવે છે અને સંસારમાં જે છે તે સ્ત્રી વડે છે અને સ્ત્રી જ વ્યકિત, સમાજ અને રાષ્ટ્રને ઘડે છે. આ જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બજેટ સત્રમાં કુલ રૂપિયા ૧૫,૧૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇસાહેબ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. '' સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયઃ '' અર્થાત બધા જ સુખી રહે, બધા જ મંગળ રહે, બધા જ રોગમુકત રહે, બધા મંગળ ઘટનાઓના સાક્ષી બને અને કોઇ દુઃખ ભોગવવું ન પડે. આ ભારતીય દર્શનના આ વાકય સાથે ચરિતાર્થ કરવા માટે દેશના વડાપ્રધાન મોદી સાહેબે અનેક શરૂઆતો કરી. હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું એટલે ૧૦૮ની પરિકલ્પના અને સંકલ્પના શું છે એ મને કહેતા ગર્વની અનુભૂતિ થાય છે કે ગ્રામીણ વિસ્તારમાં ૧૦૮ એ જરૂરિયાતમંદ લોકો એટલે કે સગર્ભા બેનને જયારે જરૂર પડે ત્યારે ૧૦૮નો નંબર લગાવે અને ૧૦૮ સગર્ભા બહેનને ઘર આંગણેથી લઇ જઇને નવજાત શિશુને ઘરે મૂકવા સુધીનું કામ જો કોઇએ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે દ્વારા કર્યું છે.આ ૧૦૮ની સેવા હોય કે પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના, સુવ્યવસ્થિત પોલિસી અને ઉત્તમ રીતે અમલીકરણના કારણે આ યોજના આજે લોકોના જીભ ઉપર છે. આ યોજના વિશે આજે જરૂરિયાતમંદ નાનામાં નાના અને ગરીબ લોકો પણ બોલી શકે છે. આજે મને કહેતા આનંદ થાય છે કે આપણી કસ્તુરબા પોષણ સહાય અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજના જે મહિલાલક્ષી યોજનાઓ છે, આ બજેટમાં રૂપિયા ૩૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બાળકોની વાત કરું તો બાળક એ ભારતનું આવતું ભવિષ્ય છે. જ્યારે બાળક જન્મે છે ત્યારે મહત્તમ બાળમરણ છે એ બાળકના જન્મના ૨૪ કલાક દરમિયાન થતા હોય છે. નવજાત બાળકને જો જન્મના ૨૪ કલાકમાં એને જરૂરી સારવાર મળી રહે તો બાળ મૃત્યુદર ઘટાડી શકાય છે. જેના માટે સ્પેશિયલ ન્યુ બોર્ન યુનિટ અંતર્ગત ગંભીર બીમાર હોય તેવા નવજાત શિશુને સારવાર આપવા માટે ગંભીર બીમારીવાળાં બાળકોની તપાસ કરી એને જરૂરી સારવાર મળે અને બચાવી શકાય એ પ્રકારનું મેનેજમેન્ટ કરી શકાય એના માટે આ વર્ષે નવજાત શિશુને જરૂરી તમામ આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા માટે એસ.એન.સી.યુ.ની સંખ્યામાં ૫૦નો વધારો કરીને રૂપિયા ૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. લોકોની સુખાકારી વધે અને ગંભીર બીમારીના કિસ્સામાં મજબુર ગરીબ લોકો હોય છે એને એમાંથી બહાર લાવવા માટે આપણો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કામ કરી રહ્યો છે. ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામ એ એવો કાર્યક્રમ છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિને જ્યારે કિડનીના દર્દનો સામનો કરવાનો થાય ત્યારે ડાયાલીસીસ માટેની વ્યવસ્થા સારું ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદના નેજા હેઠળ સરકાર સાથેના સંકલનથી ચાલી રહ્યો છે. આ બજેટને હું અનુમોદન આપું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આવતી કાલના મહિલા દિવસની ઉજવણી આજે થતી હોય ત્યારે આ ગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું. કારણ કે મહિલાઓ વિશે બોલવાની, અમારા વિચારો જ્યારે આપ સૌ સુધી પહોંચાડવાની એક તક મળી છે ત્યારે ફરી એક વખત આપ સૌનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દિવસે મને એક વાત કહેતા ખૂબ આનંદની લાગણી થાય છે કે જે બહુ સામાન્ય બાબત છે અને આપણે ત્યાં એક સામાન્ય કહેવત પણ છે કે જ્યારે કોઇ પુરુષ સફળ થતો હોય ત્યારે એની પાછળ હરહંમેશ એક સ્ત્રીનો, એ ચાહે માતા હોય, પત્ની હોય, બહેન હોય એમનો બહોળો હાથ રહેલો હોય છે. એવી જ રીતે આજે જ્યારે આ ગૃહમાં અમે આ જગ્યા ઉપર ઊભા છીએ અને જનહિતના પ્રશ્નોની ચર્ચા કરીએ છીએ ત્યારે તમામ બહેનોની પાછળ આવી જ રીતનો એક પુરુષનો પૂરક હાથ અને સહકાર રહેલો છે ત્યારે આ ક્ષેત્રને આપણે દીપાવી શકીએ છીએ. મહિલા દિવસ નિમિત્તે હરહંમેશ યુનાઇટેડ નેશન્સ દ્વારા પણ દર વર્ષે એક થીમની જાહેરાત થતી હોય છે. આ વખતે પણ ડિઝિટ ઓલ એટલે કે ઇનોવેશન એન્ડ ટેકનોલોજી ફોર જનરલ ઇક્વાલિટી, ઇનોવેશન અને ટેકનોલોજીના ક્ષેત્રે પણ ક્યાંકને ક્યાંક જનરલ ઇક્વાલિટીને પ્રાધાન્યતા

મળે એવી આ વખતની યુનાઈટેડ નેશન્સની વિશ્વભરની એક થીમ આ મહિલા દિને લાગુ કરવામાં આવેલી છે. આ અંદાજપત્ર અંતર્ગત મારો વિષય છે એ માહિતી અને પ્રસારણનો છે અને એ અંગે મારા વિચારો આ સભાગૃહ સમક્ષ મૂકવા જઇ રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાનો બીજો દિવસ છે ત્યારે રાજ્યના નાણામંત્રી માનનીયશ્રી કનુભાઇ દેસાઇનું સન ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર વિધાનસભા સમક્ષ મંજૂરી માટે રજૂ થયું છે એને હું અનુમોદન આપું છું અને માહિતી અને પ્રસારણ વિભાગ વિશે મારા વિચારો રજૂ કરું છું. માહિતી અને પ્રસારણ વિભાગ માટે સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં લગભગ ૨૫૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે જે ગયા વર્ષ કરતાં ૨૨.૫૬ ટકા વધુ છે. માહિતી અને પ્રસારણની વાત કરીએ તો આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત આ ગુજરાત રાજ્યનું માહિતી ખાતું સકારાત્મકતાના અભિગમ સાથે સરકારની કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની સશક્ત કામગીરી કરી રહ્યું છે. સરકારશ્રીની યોજનાઓનો લાભ લોકો મેળવી શકે એ માટે સરકાર પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક્સ અને સોશિયલ મીડિયાનો સમુચિત ઉપયોગ કરી અને આ કેન્દ્રલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહી છે અને એને બીજા શબ્દોમાં કહીએ તો સરકારના વિવિધ વિભાગો અને પ્રજાજનો વચ્ચે સેતુરૂપ એવી પાયાની કામગીરી અદા કરવા માહિતી વિભાગ સુપેરે કામગીરી કરી રહ્યું છે અને એ પણ ટેન્વટી ફોર બાય સેવન અવિરતપણે. આ ખાતાના તમામ કર્મયોગીઓ તેમજ અધિકારીઓને હું હૃદયપૂર્વક બિરદાવું છું. પરિવર્તન એ જીવનનો ક્રમ છે. કોમ્યુનિકેશનની દુનિયામાં પ્રતિ દિન નવા નવા ટૂલ્સ આવતા જાય છે અને વિકસતાં જાય છે. આધુનિક સેવાના યુગમાં વેબસાઇટ, ફેસબુક, ટ્વીટર હેન્ડલ, યુ ટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવા સોશિયલ મીડિયાની પ્રસાર-પ્રચારની દુનિયામાં ખૂબ ઉપયોગ થતો હોય છે. ગુજરાત સહિત દેશમાં ૬૫ ટકા કરતા વધુ યુવાનો છે અને યુવાનો સોશિયલ મીડિયાનો સૌથી વધારે પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે ત્યારે માહિતી ખાતું પણ ટેકનોલોજી સાથે કદમથી કદમ મિલાવીને ઉપરોક્ત તમામ ટૂલ્સના માધ્યમથી સોશિયલ મીડિયાનો અસરકારક ઉપયોગ કરી ઘડીના છઠ્ઠા ભાગમાં સરકારશ્રીની તમામ યોજનાઓ પ્રજા સુધી અપડેટ પહોંચાડી પ્રચાર-પ્રસારની કામગીરી સુપેરે નિભાવી રહ્યું છે એના માટે ગુજરાત ઈન્ફર્મેશન.ગવર્નમેન્ટ.ઇન વેબસાઇટ પણ એક હેન્ડલ દ્વારા જનજન સુધી પહોંચાડવામાં એક મહત્ત્વની પાયારૂપ કામગીરી કરી રહી છે. ખાસ એ વાત કહેતા મને ગર્વની લાગણી થાય છે કે પ્રતિ વર્ષ નવી દિલ્હી ખાતે યોજાતી ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં વિવિધ રાજ્યોના ટેબ્લો રજૂ થતા હોય છે. ચાલુ વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩માં ગુજરાત સરકાર તરફથી ''ક્લીન ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત'' વિશેષ ટેબ્લોને ભારત સરકાર તરફથી નવી દિલ્હી ખાતે રજૂ કરવામાં આવેલ જેમાં પોપ્યુલર ચોઇસ કેટેગરીમાં બેસ્ટ ટેબ્લોનો એવોર્ડ ગુજરાત રાજ્યના ''ક્લીન ગ્રીન ગુજરાત ટેબ્લો''ને આપેલો છે. આ ઉપરાંત અંદાજપત્રની વાત હોય ત્યારે સેવા સેતુ, ગરીબ કલ્યાણ મેળા, કૃષિ મેળા, શાળા પ્રવેશોત્સવ હોય આ તમામને લગતા અસરકારક પ્રસાર-પ્રચાર દ્વારા જનતાને સંપૂર્ણ લાભ મળે તેની પણ માહિતી પ્રસારણ વિભાગ દ્વારા પૂરી નોંધ રાખવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકલાડિલા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા ગુજરાતના અમૃતકાળ તરફ લઇ જતું અને વિકાસલક્ષી પાંચ સ્તંભ ઉપર આધારિત બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેમાં આરોગ્ય વિભાગના બજેટ અંતર્ગત મારા વિચારો રજૂ કરું છું અને એને સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી કહેવાય છે ને કે -

**''વિધાતાના નવ નિર્માણની કલાકૃતિ તુ**
**એક દિવસ તો કર તારા અસ્તિત્ત્વની ઊજવણી તુ''**

અને એના ભાગરૂપે આપના માધ્યમથી આવતીકાલે જ્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે વિશ્વના ઘડતરમાં જે પણ બહેનોએ ફાળો આપ્યો છે એ તમામ નારી શક્તિને વંદન અને સાદર પ્રણામ કરું છું. કહેવાય છે કે કુદરતની સર્વશ્રેષ્ટ કૃત્તિ એટલે નારી, અદભૂત શક્તિ સ્વરૂપા એટલે નારી અને એટલે જ આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા કહે છે કે-

''अगर देश को आगे बढ़ाना है तो उसके लिये महिला को अपना एक कदम आगे बढाना होगा। अगर
महिला एक कदम आगे बढ़ाएगी को उसके साथ उसका परिवार,
परिवार के साथ समाज और समाज के साथ पूरा राष्ट्र विकास की ओर चल पड़ेगा।हम फूल नहीं चिंगारी
हैं, हम भारत की वह नारी हैं''

એટલા માટે થઇને જ ભારતના સર્વોચ્ચ હોદ્દા ઉપર રાષ્ટ્રપતિ અને નાણા મંત્રી જેવા બે સર્વોચ્ચ હોદ્દા ઉપર પણ મહિલાઓ બિરાજમાન છે. આજે જ્યારે હું આરોગ્ય બાબત વિષે વાત કરવા જઇ રહી છું, ત્યારે માત્ર મહિલા દિવસની વાત નહીં, માત્ર મહિલાના માન-સન્માનની વાત નહીં પણ મહિલાને સાચા અર્થમાં સશક્ત અને સમર્થ બનાવવા માટે થઇને આરોગ્ય બજેટમાં પણ મહિલા લક્ષી અનેકવિધ યોજનાઓ મૂકવામાં આવી છે જેથી મહિલાઓ વધુ સશક્ત અને સમર્થ બને. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને આરોગ્ય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું

છું કે ગત વર્ષે કરતા આ વર્ષે આરોગ્યના બજેટમાં ૨૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને અંદાજિત રૂપિયા ૯,૨૬૩ કરોડની જોગવાઇ બજેટમાં રાખવામાં આવી છે. માતા સશક્ત હશે તો એનું બાળક સશક્ત થશે અને બાળક સશક્ત હશે તો આવતી કાલનો ભારતનો નાગરિક શ્રેષ્ઠ નાગરિક બની શકશે એના માટે થઇને અનેકવિધ મહિલાલક્ષી યોજનાઓ કસ્તુરબા પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, જનની સુરક્ષા યોજના જેવી યોજનાઓના માધ્યમથી અંદાજે રૂપિયા ૩૨૪ કરોડની જોગવાઇ બજેટમાં રાખવામાં આવી છે. મને કહેતા ખૂબ ગર્વ થાય છે કે સમગ્ર ભારતમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે જે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલમાં પ્રથમ ક્રમાંકે છે અને એમ જ સમગ્ર ગુજરાતમાં કોમ્પોઝીટ હેલ્થ ઇન્ડેક્ષમાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે છે એ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ આરોગ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. બાળક જન્મે છે ત્યારે સૌથી વધુ આનંદ માતાને થતો હોય છે. પરંતુ જો એ બાળકને કોઇપણ જાતની ખોડખાંપણ હોય તો ત્યારે એ માતાના ઉપર વજ્રઘાત થતો હોય છે. બાળકની, માતાની આને પરિવારની આ વેદના આપણા મુખ્યમંત્રીશ્રી દ્વારા અનુભવવામાં આવી છે અને એટલા માટે થઇને જ આર.બી.એસ.કે એટલે રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ સ્વાસ્થ્ય કાર્યક્રમ આપણે ગુજરાતમાં લાવ્યા છીએ. આ કાર્યક્રમ અંતર્ગત નવજાત શિશુથી લઇને ૧૮ વર્ષ સુધીનાં બાળકોમાં રહેલી તમામ ખામીઓ 4-Dના માધ્યમથી એટલે કે birth defect, development delay, disease, deficiencyના માધ્યમથી તમામ બાળકોની ચકાસણી કરવામાં આવે છે. મફત સારવાર કરવામાં આવે છે અને હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. અંદાજીત એક બાળક પાછળ પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના અંતર્ગત કરવામાં આવે છે. આપને જણાવતા મને ખૂબ આનંદ થાય છે કે ગત દિવસોમાં અંદાજિત ૨૮૦૦ જેટલા જન્મજાત બહેરાશ અનુભવતાં બાળકોને કોક્લિયર ઇમ્પ્લાન્ટની સર્જરી કરવામાં આવી છે. આ એક સર્જરીનો ખર્ચ ખૂબ મોટો થતો હોય છે. ૨૨૮ કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૮ લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૧૯૮ બોનમોરો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, મૃદુ મિતભાષી એવા માનવંતા રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજીના નેતૃત્વમાં સુશાસન આપીને ગુજરાતનો આ જે વિકાસ થયો છે તેના થકી ગુજરાત દેશના અગ્ર હરોળના રાજય તરીકે શાખ પામેલ છે. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇજી અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. ૮મી માર્ચ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આપ જે સ્થાન ઉપર બિરાજયા છો એ અમારા માટે ખૂબ જ ગૌરવની લાગણી પ્રદાન કરે છે એના માટે હું આપને અને આ વિધાનસભાગૃહમાં ઉપસ્થિત સર્વે ધારાસભ્ય બહેનશ્રીઓને હું મારા કોટિ કોટિ વંદન કરું છું અને આ જગતની સર્વે મહિલાઓને મારા વંદન અને પ્રણામ કરું છું.

સભાપતિશ્રી : ધન્યવાદ.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ઓરિસ્સા રાજયના એક આદિવાસી પ્રતિનિધિત્વ કરતા એવા શ્રીમતી દ્રૌપદી મૂર્મુજીને રાષ્ટ્રપતિના સ્થાન ઉપર બિરાજમાન કરીને આદિવાસી સમાજને ગૌરવ પ્રદાન કર્યું છે. એવી જ રીતે આ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના ઉત્તર પ્રદેશના રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલજીએ પણ આ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે ત્યારે આ બંનેને પણ હું મારા કોટિ કોટિ વંદન અને પ્રણામ કરું છું. મારો વિષય છે કલાઇમેટ ચેઇન્જ. આ કલાઇમેટ ચેઇન્જ એટલે શું કે માનવ જાત એક ઓઇલનો ભરપૂર ઉપયોગ કરતો હોય છે. ઘર હોય કે ફેક્ટરી હોય અને વાહન વ્યવહારમાં પણ ગેસ અને કોલસાના ઉપયોગ થકી વાતાવરણમાં જયારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે ત્યારે એમાં કાર્બન ડાયોકસાઇડ, મિથેન, નાઇટ્રિટસ, ઓઝોન અને જળબાષ્પનો એક વધારો થતો હોય છે. જે સૂર્યની ગરમીને ઘેરી લે છે અને તેના થકી ગ્રહનું તાપમાન વધે છે. અશ્મીભૂત ઇંધણના દહનને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડનું ખૂબ જ પ્રમાણ વધવા માંડે છે અને આ કલાઇમેટ ચેઇન્જનું નિવારણ કરવા માટે જયારે ધરતી શોષાઇ રહી હોય, વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું હોય અને કુદરતી વનોની જાળવણી કરવી એ ગુજરાતી તરીકે આપણા સૌની જવાબદારી છે. વૃક્ષોના વાવેતર થકી વનોને અને ભવિષ્યને આપણે સુદ્રઢ બનાવી શકીએ છીએ. સંસ્કૃતમાં કહેવાયું છે કે-

" પંચ કુપ સમો વાપી, પંચ વાપી સમો રુદહ
પંચ રુદહ સમ પુત્ર, પંચ પુત્ર સમ વૃક્ષ."

વૃક્ષો એ પાંચ પુત્રો કરતા પણ સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે તો આ વૃક્ષોની જાળવણી કરવી અને પર્યાવરણની જાળવણી કરવી એ આપણા સૌની નૈતિક જવાબદારી છે. કલાઇમેટ ચેઇન્જ વિભાગના પડકારોને અસરકારક રીતે ઝીલવાની દિશામાં આગવી પહેલ કરતા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા સમગ્ર દેશમાં જ નહીં પરંતુ આખા એશિયા ખંડમાં રાજય સ્તરે પ્રથમ અને ૨૦૦૯માં અલાયદા કલાઇમેટ ચેઇન્જ વિભાગની સ્થાપના કરેલ છે. ભારતના નીતિ આયોગ દ્વારા કલાઇમેટ અને એનર્જી ઇન્ડેક્ષને ગુજરાતમાં પ્રથમ ક્રમ આપેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેઇન્જના પડકરોને પહોંચી વળવા માટે સરકાર એક આયોજનબદ્ધ રીતે કામ કરી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય ઊર્જામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે કલાઇમેટ ચેઇન્જ માટે બજેટમાં રૂપિયા ૯૩૭ કરોડની જોગવાઇ કરી છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. રિન્યુએબલ ઊર્જા સ્ત્રોતોના વિકાસ કરી સરકારે ૧૯૦૦૦ મેગાવૉટની ક્ષમતા

સ્થાપિત કરી દેશના અગ્રગણ્ય રાજ્યોમાં ગુજરાતનું સ્થાન સુનિશ્ચિત કરેલ છે. ૪ લાખ ઉપરાંત ઘરોમાં સોલાર રૂફટોપ, ૧૦ હજાર વિદ્યાર્થીઓને દ્વિચક્રી વાહન ખરીદવા માટેની સહાય અને આગામી પાંચ વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં સ્મશાનગૃહોને સુધારેલ સ્મશાનભઠ્ઠી યોજના હેઠળ આવરી લેવામાં આવશે. ગૌશાળા હોય કે અન્ય સંસ્થાઓ હોય જેમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. સરકારી ઇમારતો પર સોલાર રૂફટોપ બનાવવામાં આવ્યા છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટની યોજના પણ કાર્યાન્વિત છે. સરકારી શાળાઓમાં ઊર્જા કાર્યક્ષમ પંખા અને એલ.ઇ.ડી. લાઇટ લગાવવાની યોજના કાર્યરત છે. ઇશા આઉટરીચ સંસ્થા સાથે સેવ ઓઇલ અંતર્ગત એમ.ઓ.યુ. કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નેટ ઝીરો કાર્બન એમિશન અને ગ્રીન ક્લિન એનર્જી માટે આપેલા અભિગમને સાકાર કરવાની દિશામાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ કદમ છે. એક મિલિયન ટન પ્રતિવર્ષ ક્ષમતાના ગ્રીન એમોનિયા પ્રોજેક્ટની ગુજરાતના કચ્છ જિલ્લામાં સ્થાપના કરવામાં આવશે. ઓક્યિોર એનર્જી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહજી રાજપૂતની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. રૂપિયા ૪૦ હજાર કરોડના રોકાણ સાથે ગુજરાતમાં ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયા ઉત્પાદન તથા જરૂરી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ વર્ષ ૨૦૩૦ સુધીમાં બે તબક્કામાં શરૂ કરાશે. આમાં ૧૦૪૦૦ જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનો અવસર મળશે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા):માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન આપણી વિધાનસભાગૃહમાં ઉજવવા જઇ રહ્યા છીએ ત્યારે વિશ્વ મહિલા દિન નિમિત્તે દરેક મહિલાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિભાગ આ વિભાગ આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી બન્યા ત્યારે એમને એવું લાગ્યું કે, સરકારમાં મહિલાઓને અને બાળકોની ચિંતા કરવા માટે અલગ વિભાગ હોવો જોઇએ. મને કહેતાં આનંદ થાય છે કે, આપણા એ વખતના મુખ્યમંત્રીએ આ વિભાગની અલગ રચના કરી. હું વધારે કહીશ કે આ વિભાગના તે વખતના મંત્રી આપણા પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ હતા. તેમણે આ વિભાગને ખૂબ સરસ રીતે ચલાવ્યો અને મહિલા અને બાળકો માટે ખૂબ કામ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, હું તમને ખાસ વિનંતી કરું છું કે, આજે દેશના સર્વોચ્ચ હોદ્દા રાષ્ટ્રપતિના પદ પર આપણા શ્રીમતી દ્રૌપદીજી મૂર્મુજી બિરાજમાન છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આપણા વડાપ્રધાન એક આદિવાસી મહિલાને તે હોદ્દા પર બિરાજમાન કર્યા છે ત્યારે મને કહેતાં દુઃખ થાય છે કે, એક આદિવાસી મહિલા અને દેશના સર્વોચ્ચ હોદ્દા પર જે મહિલા બિરાજમાન છે તેનું અપમાન આ કોંગ્રેસના લોકોએ કર્યું હતું અને તેમને એક રાષ્ટ્રપતિ નહીં, પરંતુ રાષ્ટ્રપત્ની તરીકે સંબોધન કર્યું માટે મહિલા માટે બોલવાનો તમને કોઇ હક્ક નથી. (અંતરાય)તમે જ હમણાં જ વાત કરી અને તમારા લોકોએ ત્યારે અમારા એ બહેનનું અપમાન કર્યું હતું.

સભાપતિશ્રી : તમે, અહીં જોઇને બોલો. શ્રીમતી દર્શનાબેન, તમે અહીં જોઇને બોલો.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : તમારા લોકોને તમે સમજાવો.

સભાપતિશ્રી : ગેનીબેન, બેઠાં બેઠાં બોલશો નહીં.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની યોજનાઓ વિશે વાત કરીશ. હું બેટી બચાવો અને બેટી પઢાઓ એ યોજનાની સિદ્ધિ વિશે વાત કરવા જઇ રહી છું. બેટી બચાવો અને મને ખબર છે કે, તે વખતે એક હજારે આઠસો દીકરીઓનો જન્મ થતો હતો. તે વખતના આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આ વિષય ધ્યાન પર આવ્યો અને તેમણે તે વખતે એક અભિયાન ચલાવ્યું કે, દીકરીઓનો જન્મ થવો જોઇએ. દીકરીઓની ભૃણહત્યા ન થવી જોઇએ. તે અભિયાનના ભાગરૂપે આજે આપણી ઘણીબધી દીકરીઓનો જન્મ થઇ રહ્યો છે. હું આજે એ વાત ચોક્કસ કહીશ કે દીકરીઓનો જન્મદર વધે તે માટે આપણી સરકાર ખૂબ સારું કામ કરી રહી છે અને તેના માટે પ્રોત્સાહન પણ આપી રહી છે. બીજી વાત બેટી પઢાઓ, દીકરીઓ ભણી સમાજમાં માન અને સન્માન સાથે જીવી શકે તે માટે તે વખતે શ્રી નરેન્દ્રભાઇ મોદી કે જે ગામડે ગામડે ફરી દીકરીઓ પોતે સ્કૂલમાં એડમિશન લે અને દીકરીઓ પોતાના અભ્યાસ પૂરો કરે, તેનો ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટે, મને ખ્યાલ છે કે, ગ્રામ્ય વિસ્તારમાં તો દીકરીઓ પ્રાથમિક શિક્ષણ પણ પૂરું કરી શકતી ન હતી. તે વખતે આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક અભિયાન ચલાવ્યું અને અહીં બેઠેલા દરેક મંત્રીશ્રીઓ અને દરેક આઇ.એ.એસ. અધિકારીશ્રીઓ ગામડે ગામડે જઇ દીકરીઓને ભણાવવા માટે પ્રોત્સાહન આપતા હતા. તેના ભાગરૂપે આપણી સરકારમાં ઘણી બધી યોજનાઓ હતી. તે યોજનાઓ દ્વારા આજે દીકરીઓ ભણી રહી છે. મને હર્ષ સાથે કહેતાં આનંદ થાય છે કે, આજે એસ.એસ.સી.નું કે બારમા ધોરણનું પરિણામ જયારે આવતું હોય છે ત્યારે દીકરીઓનો પહેલો નંબર આવતો હોય છે. હું બીજી એક યોજનાની વાત કરીશ જે નારી વંદના યોજના છે. જે બહેનો આ સમાજમાં ખૂબ સારું કામ કરી રહી છે તે બહેનોને આપણે બિરદાવવી પણ જોઇએ. તેના જ ભાગરૂપે આપણી સરકારમાં એક સપ્તાહ ૧લી ઓગસ્ટથી ૭મી ઓગસ્ટ સુધી નારી સન્માન દિવસો તરીકે ઉજવીએ છીએ. આ દિવસોમાં ૧લી, ઓગસ્ટ મહિલા સુરક્ષા દિવસ, ૨જી ઓગસ્ટ બેટી બચાવો અને બેટી પઢાઓ, ૩જી ઓગસ્ટ મહિલા સ્વાવલંબન દિવસ, ૪થી ઓગસ્ટ એટલે મહિલા નેતૃત્વ દિવસ, ૫મી ઓગસ્ટ મહિલા કર્મયોગી દિવસ, ૬ઠ્ઠી ઓગસ્ટ મહિલા કલ્યાણ દિવસ અને ૭મી ઓગસ્ટ મહિલા અને બાળ કલ્યાણ દિવસ.

## ફાલ્ગુન ૧૬, ૧૯૪૪ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્યના વિધાનસભાના ગૃહના માધ્યમથી વિશ્વની સમગ્ર મહિલાને વિશ્વ મહિલા દિનની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

હું નારી છું અને નારી જન્મ પર ખૂબ ગર્વ છે ત્યારે મહિલા ગૌરવ પર ચાર લાઇન કહેવા માગું છું.

''વાતો મારી વેદ વખાણે હું ગાયત્રી કહેવાણી છું,
તીરને માથે તાંડવ કરતી કાલરાત્રી મહાકાલી છું,
કાળા વિષને ધોળા કરતી અર્ધલક્ષ્મી કહેવાણી છું,
બની સરસ્વતી જ્ઞાન વેચતી બ્રહ્માણી હું નારી છું.
રક્તબીજથી રોડ્યો મેં મહિસાસૂર કહેનારી છું,
મહિસાસૂર હણનારી છું, ચંડમૂંડના મસ્તક કાપી ચામૂંડા કહેવાણી છું.
બની સાવિત્રી યમને ભગાડું મોતને જીતનારી છું,
બ્રહ્મા-વિષ્ણુ-મહેશને સાથે રમાડી અનસૂયા કહેવાણી છું.
નદીઓનો હું પાલવ પાથરી પોષણને ભરનારી છું,
મારા હાથે કરવત શોભે ના ડરનારી નારી છું.
સુખ-દુઃખમાં સાથે રહીને અર્ધાંગિની કહેવાણી છું,
મમતાનો હું મોલ ન લેતી, મમતાનો હું મોલ ન લેતી ભૂખી છતાં ધરાણી છું.
ખૂબ લડી મર્દાની હું તો ઝાંસીવાલી રાણી છું, હું ઝાંસીવાલી રાણી છું.''

માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિને દેશના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુજી અને આ ગૃહના પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન તથા આ ગૃહના પ્રથમ મહિલા અધ્યક્ષ માનનીય ડો.નીમાબેન આચાર્યને યાદ કરી ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની યોજના ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાં વસતા લોકોની મૂળભૂત પાયાની જરૂરિયાતો પાણી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ, સ્વચ્છતા અને સ્ટ્રીટલાઇટ છે. આ જરૂરિયાતોને પહોંચી વળવા છેલ્લા બે દાયકાથી ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે, કોઇ મોટો પરિવાર હોય અને એમાં વધારે બાળકો હોય તો જે સૌથી નાનો બાળક હોય એના લાડકોડ પહેલા પૂરાં થાય એની જરૂરિયાતો પહેલી પૂરી થાય, એમ અમે ગાંધીનગરવાસીઓ નસીબદાર છીએ કે અમે ગુજરાતના પાટનગરમાં રહીએ છીએ. વસતિની દૃષ્ટિએ ગાંધીનગર શહેર નાનું છે પણ ગુજરાતનું પાટનગર હોવાથી પાટનગરને શોભે તેવાં તમામ વિકાસનાં કામો આપણા શહેરમાં કરવામાં આવ્યા છે અને વસતિની દૃષ્ટિએ નાનું હોવા છતાં સ્માર્ટ સિટીમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેરમાં છેલ્લાં ૧૦ વર્ષમાં રૂપિયા ૧૬૭૫.૩૧ કરોડના ખર્ચે થયેલા વિકાસનાં કામો પૂર્ણ થયાં છે. સ્માર્ટ સિટી અંતર્ગત આશરે રૂપિયા ૨૨૫ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટરના નવીનીકરણનું કામ અને આશરે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે પીવાના પાણીની નવી લાઇનોનું કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર શહેરમાં રૂપિયા ૧૮.૫૦ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ, રૂપિયા ૭૯૦ કરોડના ખર્ચે ઇન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટ, રૂપિયા ૨૨૨ કરોડના ખર્ચે ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં કામ પૂર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકામાં લોકોને હરવા-ફરવા માટે રમણીય સ્થળોનું નિર્માણ કરવા બગીચા બનાવવાની જોગવાઇ હેઠળ ગાંધીનગરમાં રૂપિયા ૧૪૪ કરોડના ખર્ચે બગીચાઓના નિર્માણ અને નવીનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને બીજા આશરે રૂપિયા ૭૦ કરોડના બગીચાનાં નિર્માણના કામ પ્રગતિ હેઠળ છે. રૂપિયા ૨૨૮ કરોડના ખર્ચે રોડ નેટવર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, પાટનગર ગાંધીનગરને દેશની આર્થિક રાજધાની મુંબઇ સાથે જોડતી સેમી હાઇ સ્પીડ વંદે માતરમ્ ટ્રેનની ભેટ પણ વડાપ્રધાનશ્રીએ ગુજરાતની જનતાને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર અને ગિફ્ટ સિટીને જોડતા મેટ્રો રેલ ફેઝ-૨ મેટ્રો રેલના નિર્માણને બહાલી આપવામાં આવેલ છે. ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ અને એક માત્ર કાર્યરત એવું આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાનું કેન્દ્ર છે. ગિફ્ટ સિટી ખાતે એક વિશિષ્ટ પ્રકારનું ફીનટેક હબ સ્થાપવામાં આવશે. આ હબનો ઉદ્દેશ ભારતમાં ફીનટેક શિક્ષણ અને સંશોધનની ગુણવત્તામાં સુધારો કરવાનો ફીનટેક start-up તથા implementationને પ્રોત્સાહિત કરવા ટેકનોલોજીમાં પૂરાવા આધારિત સંશોધન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંશોધનકારોને પ્રોત્સાહિત કરવા માટેનો છે. ગિફ્ટ સિટી માટે આ બજેટમાં રૂપિયા ૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. હું આ અંદાજપત્રને આવકારું છું.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ, વિશ્વ મહિલા દિવસ તરીકે આજના આ સભાગૃહની અંદર સર્વે માત્ર અને માત્ર મહિલાઓને બોલવાની તક આપી તે બદલ આપશ્રીનો અને આ સભાગૃહના સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી શરૂઆત એક પંક્તિથી કરું છું. "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા " જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આ વાત આપણાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મહિલાને સન્માન આપી સાર્થક કરી છે. આગામી પાંચ વર્ષમાં ૧ લાખથી વધુ મહિલાઓને સરકારી નોકરી મળી રહે તેવી યોજનાઓ હાથ ધરવામાં આવી છે. આખા ગુજરાતમાં સિનિયર સિટીઝન મહિલાઓને ફ્રી બસ ટ્રાન્સપોર્ટેશન મળશે. આર્થિક રીતે પછાત ઘરની કોલેજ જતી તેજસ્વી વિદ્યાર્થીનીઓને શારદા મહેતા યોજના અંતર્ગત ફ્રી ઇલેકટ્રિક સ્કૂટર આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તમામ દીકરીઓને કે.જી.થી પી.જી. સુધી મફત શિક્ષણ આપવામાં આવશે. ૩૬ લાખ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે. રાજયમાં ૧૪.૪૧ લાખથી વધુ સુકન્યા યોજના, સમૃદ્ધિ યોજના ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં રૂપિયા ૫ કરોડ ૫૫ લાખ જેટલી રકમ જમા કરાવવામાં આવી છે. આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં મહિલા સશકિતકરણનો નવો અધ્યાય શરૂ થયો છે. આજે દેશની દીકરીઓ ફાઇટર જેટ ઉડાવી રહી છે અને સેનામાં ભરતી થઇને સીમાઓ સુરક્ષિત કરી રહી છે. આપણી આ ડબલ એન્જિનની સરકાર લોકોના સપના સાકાર કરી રહી છે. મહિલાઓના સશક્તિકરણ માટે ગુજરાત સરકારે જેન્ડર બજેટ તૈયાર કરી ૯૯૧ જેટલી મહિલાઓ લક્ષી યોજનાઓ શરૂ કરી છે. એમાં કુલ ૧૭૮ જેટલી માત્ર મહિલાલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં રૂપિયા ૮૯.૩૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે દર વર્ષે રાજ્યના શહેરોમાં પ્રદર્શન અને વેચાણનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ મહિલાઓને ફ્રીમાં સ્ટૉલ ફાળવવામાં આવે છે. જેથી તેઓને ઓછા ખર્ચે વેચાણની તક મળે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨ મેળાઓનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં ૮૯૫ મહિલાઓને લાભ આપવામાં આવ્યો છે. જેમાં રૂ.૩૧૪.૯૯ લાખનું વેચાણ થયેલ છે. મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે દીવાદાંડીરૂપ મિશન મંગલમ યોજના ગુજરાતે અમલમાં મૂકી છે. એક દાયકા પહેલાં ૨૫ લાખ સખી મંડળો અને ૨૬ લાખ બહેનોને રૂ.૧૬૦૦ કરોડનો કારોબાર સોંપવામાં આવ્યો છે. મહિલાઓની કાનૂની સમસ્યાઓનો ઉકેલ આપતી નારી અદાલતો માટે રૂ.૫૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યારે કુલ ૨૭૦ નારી અદાલતો કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં નારી અદાલતના માધ્યમથી ૫,૦૦૦થી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા સ્વાવલંબન યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબની મહિલાઓને આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે. જે અંતર્ગત મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે રૂ.૨ લાખની લોન આપવામાં આવે છે. આ યોજનામાં ૧૫ ટકા અથવા મહત્તમ રૂ.૩૦,૦૦૦ બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ સબસિડીનો લાભ મળે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૫૮ મહિલા લાભાર્થીઓને લાભ મળેલ છે. તેમાં રૂ.૭૦.૫૪ લાખની સબસિડીની સહાય મળેલ છે. છેલ્લે હું કહીશ કે, ''હમ ફૂલ નહિ ચિંગારી હૈ, હમ ભારત કી સન્નારી હૈ.''

ડો. પાયલ મ. કુકરાની(નરોડા) : माननीय अध्यक्ष श्री, आनेवाले कल आंतरराष्ट्रीय दिवस है। और संजोग की बात है मुझे महिला और बालविकास पे बोलने का मौका मिला। मैं उसके लिए खूब-खूब आभारी हूं। यहां उपस्थित, सभी महानुभावों को आंतरराष्ट्रीय महिला दिवस की ढ़ेर सारी शुभकामनाएं। महिला कि बात आइ है तो दो लाइनें माता के लिए कहना चाहूंगी।

''મીઠા મધુ ને મીઠા મોરલા રે, મીઠા મધુ ને મીઠા મોરલા રે, એથી મીઠેરી મોરી માત જો''

माननीय वीत्तमंत्री श्री कनुभाई देसाईजी ने तीन लाख एक हजार बाईस करोड़ का जो बजट गृह में पेश किया है उसके मैं मेरा समर्थन करती हूं। महिला एवं बाल विकास के लिए छे हज़ार चौसठ करोड़ का आवंटन किया गया है। जो पिछले साल के बजट से 20 प्रतीशत ज्यादा है। माननीय अध्यक्ष श्री, महिला एवं बच्चों की बात कि जाए तो आधे से भी ज्यादा पोप्युलेशन इस में आ जाती है। मतलब के more than 50% population comprises of women and child. इतने इम्पोर्टेंट समूह की समस्या को समज कर और उसके integrated soultion के लिए हमारे तत्कालिन मुख्यमंत्री और हमारे हाल के यशस्वी प्रधान मंत्री नरेंद्र मोदीजी ने इस के लिए एक अलग महिला एवं बाल विकास विभाग शुरु किया।

माननीय अध्यक्ष श्री, एक महिला अगर कुपोषित है, तो ज़ाहिर सी बात है की pregnancy के दौरन उनकी nutrition requirement बढ़ जाएगी। उस परिस्थिति में स्वाभाविक है कि बच्चा भी कुपोषित ही रहे। और अगर बच्चा किशोरी है तो यह विशेष साइकल फोर्म होगा और ये रिपीट ही होते रहेगा। तो सब से पहले महिला कुपोषित ना रहे उसके लिए मुख्यमंत्री मातृशक्ति योजना के तहत टेक होम राशन दिया जाता है। माननीय अध्यक्ष श्री, पर हमारे यहां आज भी कई जगहों पर महिला खुद से

पहले फेमिली को खाना खिलाती है। जिस वजह से उसको कहीं न कहीं किसी कारणवश पोषण नहीं मिल पाता। इसको ध्यान में रखते हुए गुजरात पोषण सुधा योजना लाइ गई। जिस में pregnanant and lactating females को हररोज दोपहर का खाना आंगणवाडी पर दिया जाता है। इस वजह ने महिला एवं बाल विकास के हर स्टेज कि requirement को ध्यान में रखते हूए उनके लिए possible प्रयास किए गए हैं। और फिर भी अगर बच्चा कुपोषित रहता हौ तो उसके लिए 6 महिने से लेकर 3 साल तक आंगणवाडी में टेक होम राशन दिया जाता है। 3 साल से 6 साल तक के बीच टेक होम राशन के साथ-साथ सुबह - दोपहर का नाश्ता, प्लस हफ्ते में दो दिन फल दिए जाते हैं। और पेश्चराईज्ड़ फ्लेवर्ड मिल्क भी दिया जाता है। किशोरी कुपोषित न रहे उसके लिए पूर्ण शक्ति योजना के तहत टेक होम राशन दिया जाता है। माननीय अध्यक्ष श्री, दुःख के साथ कहना पड़ रहा है कि विपक्ष ने कभी भी महिला एवं बाल population जो 50 प्रतिशत से ज्यादा है उसको समझने का प्रयास नहीं किया। अगर उन्हों ने समझने का प्रयास किया होता तो यही 50 प्रतिशत से ज्यादा population आपको 10 पर्सेंट से कम नहीं रहने देती। मात्र nutrition पर ही काम नहीं किया जा रहा है। किसी भी स्टेज पे female child neglect ना हो उसके लिए व्हाली दीकरी योजना के तहत तीन स्टेज में एक लाख दस हजार रुपए कि सुविधा दी जाती है। जो gender ratio को इम्प्रूव करने में भी मददरूप है। आभार, अध्यक्ष श्री।

શ્રીમતી સેજલબેન ર. પંડ્યા(ભાવનગર-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે ગૃહમાં ઉપસ્થિત તમામ મહિલા, રાજ્યની મહિલા અને આપણા ભારત દેશની દરેક મહિલાને હું આપના માધ્યમથી ખૂબ ખૂબ શુભકામના આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન બધે ન જઈ શકે એટલે તો મા બનાવી છે. પ્રેમ, કરુણા, પોષણ, ઘરની આબરુ છે એટલે સ્ત્રીને ઘરની લક્ષ્મી કહેવાય છે. આજે વિશ્વ હોય, શહેર હોય, ગ્રામ્ય હોય દરેક કક્ષાએ મહિલાઓએ પોતાનો મહત્ત્વનો ફાળો આપ્યો છે એટલે ફરીથી આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે હું દરેક મહિલાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. આપણો ભારત દેશ વર્ષ ૨૦૧૪ પછીથી વિશ્વની સૌથી ઝડપી વિકાસ પામી રહેલી અર્થવ્યવસ્થા પૈકીનો છે. આપણે આઝાદીના અમૃતવર્ષમાં એટલે કે વર્ષ ૨૦૪૭માં વિશ્વની સૌથી મોટી ત્રણ અર્થવ્યવસ્થા પૈકી હોવાની મહત્ત્વકાંક્ષાઓ સાથે કામ કરી રહ્યા છીએ. મારે ગર્વ સાથે કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારનો શહેરી વિકાસ વિભાગ આ મહત્ત્વકાંક્ષાને ફળીભૂત કરવા વ્યવસ્થિત આયોજન અને મક્કમ નીતિથી આગળ વધી રહ્યો છે. વિશ્વના અને ભારતના આર્થિક વિકાસમાં શહેરોની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી છે. શહેરો આર્થિક વિકાસમાં પાવર હાઉસની ભૂમિકા ભજવે છે અને વધુ સારું અને સુવિધાયુક્ત જીવન જીવવા માટે ગ્રામીણ ક્ષેત્રના લોકો સતત શહેરમાં વસવાટ માટે આકર્ષણ અનુભવે છે. આ બધી વાસ્તવિકતાને ધ્યાને લઈ આ સરકાર દ્વારા શહેર અને તેના નિવાસીઓના વિકાસ માટે પ્રયત્નશીલ રહી ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ભારત દેશની ભૂમિના માત્ર ૩ ટકા જેટલી ભૂમિ પર જ શહેરો વસેલાં છે, પરંતુ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ એટલે કે જી.ડી.પી.માં ૭૦ ટકા જેટલું શહેરોનું યોગદાન રહેલું છે. જેથી ગુજરાતના વિકાસમાં શહેરોનું અનન્ય યોગદાન રહેલું છે તે બાબતને આ સરકાર સારી રીતે સમજે છે અને તે અનુરૂપ યોજના બનાવી વિકાસના આયામોને કાર્યાન્વિત કરવા સુનિયોજિત સ્વરૂપે કામગીરી કરી રહી છે. મારી જાણ મુજબ વર્ષ ૨૦૧૯માં રાષ્ટ્રીય જન સંખ્યા આયોગે અનુમાન લગાવ્યું કે ઈ.સ. ૨૦૧૧થી ૨૦૩૬ દરમિયાન ભારતની જનસંખ્યા રૂપિયા ૧૨૦ કરોડથી ૧૫૨ કરોડ થઇ જશે. આ ૭૩ ટકા જેટલા વસતિ વધારામાં શહેરોનું યોગદાન રહેશે. આ વાસ્તવિક હકીકતને ધ્યાને લઈ ગુજરાતનાં શહેરોનો વિકાસ આ સરકાર દ્વારા ખૂબ જ સુંદર રીતે થઈ રહ્યો છે તેનો શ્રેય માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દીર્ઘદષ્ટિ, ક્ષમતા અને તેના નેતૃત્વમાં ચાલતી આ ગુજરાત સરકારને આપવો જોઈએ. આ સરકારે પ્રત્યેક ઘર અને તેમાં વસતા પ્રત્યેક વ્યક્તિને પાયાની સુવિધાઓ મળી રહે અને તેમની શહેરી સમસ્યાઓને ધ્યાને લઈ ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રકચરની સક્ષમતા વધે તે દિશામાં ઘણું કામ કર્યું છે. તેમાં નીચેની બાબતો આવરી લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપનાના સુવર્ણજયંતિ વર્ષે શરૂ થયેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં આંતરમાળખાકીય વિકાસનાં કામો આવરી લેવામાં આવ્યાં છે. અમૃત અને અમૃત-૨ આ બંને યોજનાઓ દ્વારા શહેરી જીવનની ગુણવત્તા સુધારવા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી કુલ રૂ.૫૩૬૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. એ જ રીતે, સ્માર્ટ સિટી મિશન અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને રૂ.૪૮૦૦૦ કરોડની

માતબર રકમની ફાળવણી થયેલ છે. એ જ રીતે, રેલવે અન્ડર બ્રિજ અને રેલવે ઓવર બ્રિજ યોજના અંતર્ગત આજના ઝડપી જીવનમાં રેલવે ફાટક બંધ રહેવાથી લોકોને પડતી મુશ્કેલીઓને પહોંચી વળવા અને સમયના બચાવ માટે આજદિન સુધીમાં અંદાજિત રૂ.૨૦૦૬ કરોડ ફાળવ્યા છે. એ જ રીતે, સોલાર પાવર પ્રોજેક્ટ, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સ્વચ્છ ભારત મિશન, અર્બન રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન, ટાઉન પ્લાનિંગ અંતર્ગત ગુજરાત સરકાર શહેરી વિકાસ ક્ષેત્રે લોકોના સર્વાંગી વિકાસ માટે અંત્યોદયની ભાવના સાથે સુંદર આયોજન અને અમલીકરણ કરી રહી છે. ધન્યવાદ. જય જય ગરવી ગુજરાત.

<u>સભાપતિશ્રી :</u> આજે હું પણ અધ્યક્ષસ્થાન પરથી વિશ્વની તમામ મહિલાઓ, સભાગૃહની તમામ મહિલા ધારાસભ્યશ્રીઓને તેમજ ગુજરાતના સુરત શહેરની તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. મને પણ થોડીક પંક્તિઓ યાદ આવે છે ત્યારે હું પણ કંઇક કહેવા માગું છું.

**आया समय उठो तुम नारी, युग निर्माण तुम्हें करना है।**

**आज़ादी की खुदी नींव में, तुम्हें प्रगति पथ्थर भरना है।**

**अपने के कमज़ोर न समझो, जननी हो संपूर्ण जगत कि।**

**गौरव हो अपनी संस्कृति कि, आहट हो स्वर्णिम स्वागत कि।**

**तुम्हें नया इतिहास देश का अपने कर्मों से करना है।**

આ સાથે જ વિશ્વની અને દેશની તમામ મહિલા સભ્યશ્રીઓને હોળી-ધુળેટીના પાવન પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું.

શ્રી બળવંતસિંહ રાજપૂત **(**ઉદ્યોગ મંત્રીશ્રી**)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે પરિવર્તનકારી રાજ્યના વિકાસમાં મહત્ત્વનું એવું રૂ.૩ લાખ ૧ હજાર ૨૬ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું છે તેને હું સમર્થન આપું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે એના અનુસંધાને આજે જ્યારે અધ્યક્ષ તરીકે મહિલા બિરાજમાન છે ત્યારે સમગ્ર વિશ્વની, સમગ્ર ભારતની, સમગ્ર ગુજરાતની મહિલાઓને અને ગૃહના ૧૫ જેટલા મહિલા ધારાસભ્યશ્રીઓને હું દિલથી શુભેચ્છા પાઠવું છું અને આજના દિવસે આ બધી જ મહિલાઓ માટે ''યા દેવી સર્વભૂતેષુ સર્વશક્તિરૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ'', ''જ્યાં નારીઓનું સન્માન થાય છે ત્યાં જ દેવતાઓનો વાસ થાય છે અને જ્યાં નારીનું અપમાન થાય છે ત્યાં સઘળાં કામ અસફળ થાય છે .''આજના દિવસે હું એટલું ચોક્કસ કહીશ કે, ''**ये आप की कठोर महेनत, और लगन का ये परिणाम है। आज सबकी नज़रों में आप के लिए सम्मान, सम्मान है।**''

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં આપણા દેશ અને વિશ્વમાં આ પૃથ્વી ઉપર માનવીનું અસ્તિત્વ મહિલાઓને આભારી છે. ભારત દેશમાં પ્રાચિન કાળથી મહિલાઓને શકિત અને માતા એ બે રૂપમાં સન્માનનીય દૃષ્ટિથી જોવામાં આવે છે. માટે તો રાધા-ક્રિષ્ણ હોય, સીતા-રામ હોય, ઊમા-મહેશ્વર હોય, લક્ષ્મી-નારાયણ હોય તે તમામ દર્શાવે છે કે, મહિલાઓનું સ્થાન સર્વોપરી છે. આજે આપણા યુગમાં ભારતના ઈતિહાસમાં પણ ઝાંસીની રાણી, અહલ્યાબાઈ, સરોજીની નાયડું, કસ્તુરબા ગાંધી અને ઉષ્મા મહેતા જેવી મહિલાઓએ સક્રિયપણે ભાગ ભજવ્યો છે. આજે ભારતના લોકમંદિર એવા લોકસભામાં પણ ૫૪૫માંથી ૮૨ મહિલાઓ સંસદ સભ્યશ્રી તરીકે છે. આજે મને કહેતા આનંદ થાય છે કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી, રાજકીય ક્ષેત્રે મહિલાઓના યોગદાન માટે સતત પ્રયત્નશીલ રહ્યા અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલને સફળ સુકાન સોંપી રાજયનો વહીવટ સોંપ્યો હતો. આજે ભારત દેશના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુ નારીશકિતનું એક ઉત્તમ ઉદાહરણ છે કે તેઓશ્રી આપણા દેશના રાષ્ટ્રપતિ છે. આજે ગૌરવ સાથે કહી શકાય કે, આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ નારી શકિત માટે આપણી ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકારમાં હર ઘર શૌચાલય યોજના મારફત દરેક ઘરમાં શૌચાલય બને તથા દીવાલો ઉપર મહિલાઓ સાથે એવા સૂત્રો આપી મહિલાઓની ચિંતા કરી છે. પ્રત્યેક ઘરમાં નળ સે જળ યોજના લાગુ કરી અને મહિલાઓને પાણી ભરવા માટે ચાલીને જવું પડતું હતું એ વ્યથા દૂર કરી છે. પ્રધાનમંત્રીશ્રીએ આવાસ યોજના મારફતે પ્રત્યેક વ્યકિતનું ઘરનું ઘર થાય તે માટે કેન્દ્ર સરકારની યોજના ચલાવી છે. આજે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના મારફતે આઠ કરોડથી વધારે મહિલાઓને રાંધણગેસની સુવિધા પૂરી પાડી, ધુમાડાથી મુક્તિ આપી મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી છે. ગુજરાત રાજ્યની વાત કરીએ ત્યારે હમણાં જેમ કહેવામાં આવ્યું કે આ બજેટમાં મહિલા અને બાળ વિકાસ માટે રૂપિયા ૬૦૬૪ કરોડની ફાળવણી કરી છે એટલે કે ૨૨ ટકાનો બજેટમાં વધારો આપણા મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇ સાહેબે આપ્યો છે એના માટે હું અભિનંદન આપું છું. ગંગા સ્વરૂપ યોજના અંતર્ગત વિધવા બહેનોને મદદરૂપ થવા માટે રૂપિયા ૧૮૯૭ કરોડ આ સરકારે આપ્યા છે. બાલ કિશોર ગર્ભ મહિલા અને ધાત્રી માતાઓના રાશનને લઇ જવા માટે રૂપિયા ૧૪૯૨ કરોડ રાજ્ય સરકારે આપ્યા છે એને પણ આપણે બિરદાવીએ છીએ. માતા જશોદા તરીકેની આંગણવાડી બહેનોને માનદવેતન તથા અન્ય સુવિધાઓ માટે રૂપિયા ૭૫૦ કરોડ આપ્યા છે. કિશોરીઓને

પોષણયુકત આહાર પૂરો પાડવા માટે રૂપિયા ૩૯૯ કરોડ આપ્યા છે. વહાલી દીકરીની યોજના અંતર્ગત દીકરીના જન્મદરમાં વધારો કરવા માટે તથા શિક્ષણના ડ્રોપ આઉટનો રેશિયો ઘટાડવા માટે રૂપિયા ૧૫૦ કરોડ આપ્યા છે. પોષણ સુવિધા યોજના મારફત ધાત્રી મહિલાઓમાં પાંડુરોગ ઘટાડવા માટે તથા મુખ્યમંત્રી માતૃ શકિત યોજના દ્વારા તેમની પોષણ સ્થિતિને સુધારવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અભયમ્-૧૮૧ મહિલા હેલ્પ દ્વારા જરૂરિયાતવાળી મહિલાઓ અને કિશોરીઓને સુરક્ષા પૂરી પાડવા માટેનું માર્ગદર્શન અને સહાય પણ આપવામાં આવે છે. બેટી બચાવો બેટી પઢાવો યોજના દ્વારા ઘટતા જતાં કન્યા જન્મદરને અટકાવવા માટે પણ કન્યાઓને શિક્ષણ પૂરું પાડવાની કામગીરી રાજય સરકારે કરી છે. સખી વન ટોપ સેન્ટર મારફતે મહિલાઓને કાયદાકીય માર્ગદર્શનની સહાય આપવામાં આવે છે. આજે મહિલા દિવસ છે. ગુજરાત સરકારે મહિલાઓ માટે અનેક યોજનાઓ કરી છે. મહિલા બાળ વિકાસ વિભાગની અનેક મહત્ત્વની યોજનાઓ છે. જેમાં, બેટી બચાવો સર્વ કુળ કલ્યાણ યોજના, નારીની ગૌરવ નીતિ, મહિલાઓનું ગૌરવ અને જાતિ સન્માનની યોજના, બાલિકા સમૂહ યોજના, કિશોરી શકિત યોજના, કિશોર વય શકિત જાગૃતિ યોજના, સ્વયંશિસ્ત યોજના સાચા અર્થમાં શક્તિ સ્વરૂપ યોજના છે. વિધવા સહાય તાલીમ યોજના, સરસ્વતી ધામ યોજના, કુંવરબાઇનું મામેરું યોજના, સાત ફેરા સમૂહ યોજના, મહિલાઓના વૃદ્ધાશ્રમ છે. ચિરંજીવી યોજના છે. નારી અદાલત છે. સખી મંડળ યોજના અને કૃષિ તાલીમ યોજના છે. મત્સ્યોદ્યોગ અને સાહસિક યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે ગુજરાત સરકારે મહિલાઓ માટે અનેક પ્રકારનું કામ જયારે કર્યું છે, ત્યારે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે મહિલાઓ માટે જે કર્યું છે, તેને હું દિલથી બિરદાવું છું. સાથે સાથે અમારા મંત્રાલયમાં શ્રીમતી ભાનુમતીબેન પણ અનેક પ્રકારનાં કામ કરે છે, ત્યારે એમને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય કનુભાઇ સાહેબે જયારે બજેટ રજૂ કર્યું છે, ત્યારે મારે માત્ર એટલું જ કહેવું છે કે સમગ્ર વિશ્વમાં ભારતની દૃષ્ટિથી, સમાન દૃષ્ટિથી જોવાઇ રહ્યું છે. વિકાસ માટે 'વસુધૈવ કુટુંબકમ્' ની આપણી પ્રાચીન અને જન કલ્યાણની ભાવનાને વરેલી આ દુનિયાની આગેવાની કરનાર આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ગુજરાતના વિકાસનો કાળ આજે પણ શરુ થયેલો છે. એને સુવર્ણયાત્રા કરાવીને ગુજરાતની આંતરમાળખાકીય સુવિધાને વિશ્વ કક્ષાની બનાવવાની કલ્પના કરી. જે આજે પરિપૂર્ણ કરવા સાથે ભારતના વડાપ્રધાન બન્યા પછી સતત ગુજરાતના વિકાસનું માર્ગદર્શન આપણને આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આપને હું શુભકામના એટલા માટે આપવા માગું છું કે ગુજરાતની અંદર આવડું મોટું બજેટ જે કહી શકાય. ૨૩.૮૧ ટકા વધારો. એટલે કે જે ગુજરાતનું બજેટ છે, એ ભૂતકાળ કરતા ૨૪ ટકાથીયે વધારે જયારે આપ્યું છે. આ માટે હું આપણા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇને દિલથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે એ પણ કહેવા માગું છું કે ગુજરાતમાં આટલું મોટું બજેટ આપવા છતાં એકપણ રૂપિયાનો કર નહીં નાંખીને આજે ગુજરાતનો વિકાસ આગળ વધે એવી સ્થિતિ આજે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા આનંદ થાય છે કે હું વર્ષ ૨૦૦૨માં ગુજરાતની વિધાનસભામાં પ્રથમવાર ચૂંટાયો ત્યારે માત્ર રૂપિયા ૨૬ હજાર કરોડ ગુજરાતનું બજેટ હતું. આજે એમાં ૧૧૦૦ ટકાનો વધારો. એટલે આજે આપણે કલ્પના બહારનું કહી શકાય, એવી પ્રગતિ ગુજરાતે કરી છે. રૂપિયા ૩,૦૧,૦૦૦ કરોડ એ ખરેખર ગુજરાતનું ગૌરવ કહી શકાય એટલી અદભૂત પ્રગતિ જયારે આપણી સરકારે કરી છે, ત્યારે મારે કહેવું છે કે એ વખતે આપણા વડાપ્રધાન જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે પાંચ શક્તિઓ એ વખતે લઇને ચાલતા હતા. ઊર્જા, જલ, જન, રક્ષા અને જ્ઞાન મારફત વિકાસની જે શરૂઆત કરી હતી. આજે ધીમે ધીમે એ જ રાહ ઉપર ચાલીને અમારા શ્રી કનુભાઇ સાહેબે મુખ્યત્વે પાંચ વર્ષની વિકાસની યોજના માટે આજે ગુજરાત સરકાર આગળ ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના અંતિમ વ્યક્તિ સુધી પાયાની સુવિધા પંહોચે, એ માટે સામાજિક સુરક્ષા ઉત્પન્ન થાય એ અમારું પ્રથમ લક્ષ્ય છે. તાલીમબદ્ધ યુવાનો અને કૌશલ્યયુકત માનવો અને સમતુલિત સમાજની રચના થાય એ અમારું બીજું લક્ષ્ય છે. વિશ્વની સ્પર્ધામાં ઉદ્યોગ ટકી રહે અને જન સુખાકારી વધે તે માટે વિશ્વ કક્ષાની અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ પ્રાપ્ત થાય તે અમારું ત્રીજું લક્ષ્ય છે. કૃષિ, ઉદ્યોગ, સર્વિસ અને ખાસ કરીને પ્રવાસન ક્ષેત્રે રોજગારી ઊભી કરીને લોકોનું જીવન ધોરણ ઊંચું લાવી શકાય, એ અમારું ચોથું લક્ષ્ય છે. માનવી સાથે તમામ જીવો અને પર્યાવરણ જળવાય, આપણી વિશ્વ કલ્યાણની ભાવનાને ટેકો આપી ગ્રીન ગ્રોથ ગુજરાતનો વિકાસ કરવો એ અમારું પાંચમું લક્ષ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૧૦ વર્ષમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લગાતાર છેલ્લાં ૧૦ વર્ષમાં ૧૨.૫૬ ટકાનો સરેરાશ વાર્ષિક વિકાસ દર નોંધાવીને ગુજરાતે સાબિત કરી દીધું છે કે વિકાસની બાબતમાં દેશનું ગ્રોથ એન્જિન કોઇ હોય તો એ ગુજરાત છે. એ બાબત આપણા સૌના માટે ગૌરવ લઇ શકાય તેવી બાબત કહી શકાય તેમ છે. ગુજરાતની રાહે અન્ય રાજયોએ પણ વાયબ્રન્ટ સમિટ અને વિકાસની અનેક યોજનાઓ જયારે વિકાસ મોડલ તરીકે આગળ વધતી હોય, ત્યારે બીજા લોકો પણ આપણી રાહે આગળ ચાલે છે, ત્યારે દુનિયાની વસતિમાં બીજા ક્રમે આપણે છીએ અને દુનિયાની પાંચમી મોટી અર્થ વ્યવસ્થા જયારે આપણો દેશ બની છે, ત્યારે એમ કહી શકાય કે જે રીતે ગુજરાત વિકાસ મોડલ બન્યું. દુનિયામાં ભારતનું નામ આજે દિન પ્રતિદિન આગળ વધ્યું છે અને ભારત એક મહાસત્તા બનવા જઇ રહ્યું છે, ત્યારે ૨૦ દેશો. એ પૈકી ૧૯ દેશોની જે શક્તિ છે, એની વસતિની જે તાકાત છે. એમ કહી શકાય કે એની ૬૫ ટકા વસતિ, ૭૫ ટકા વેપાર અને ૮૫ ટકા જી.ડી.પી. જે

આ દેશોની હોય. એમાં ભારતને આજે પ્રમુખ સ્થાન મળ્યું છે. એ જ બતાવે છે કે ભારત એક મહાસત્તા છે અને ભારત વિશ્વમાં આગળ વધી રહ્યું છે તે આપણા દેશ માટે ગૌરવની વાત છે. જયારે વિશ્વની આટલી મોટી ઇવેન્ટ થતી હોય ત્યારે ગુજરાતમાં પણ પંદર થવાની છે, અત્યાર સુધીમાં આપણે ૩ કરી ચૂકયા છીએ, ગુજરાતની વસતિ માત્ર ૫ ટકા જ છે અને ગુજરાતનો જી.ડી.પી. ૮.૩૬ ટકા છે. એટલે વસતિ પાંચ ટકા છે અને આપણો જી.ડી.પી. જયારે ૮.૩૬ છે ત્યારે દરેક બજેટની અંદર ગરીબ, શ્રમિક, વંચિત, પીડિત વર્ગને આવરી લેતું બજેટ છે. અને તમામ સુવિધાઓ સાથે આગળ વધતું આ બજેટ છે. માટે મને કહેતા આનંદ થાય છે કે, શિક્ષણ વિભાગની અંદર એમ કહેવાય છે કે શિક્ષણનું આવડું મોટું બજેટ, ૪૩૬૫૧ કરોડ રૂપિયાનું બજેટ જયારે શિક્ષણ વિભાગ માટે પ્રાપ્ત થયું હોય ત્યારે રાજયમાં આંગણવાડીથી માંડીને યુનિવર્સિટી સુધીની ગુણવત્તા જો કોઇ રાજયમાં અપાતી હોય તો એ આજે ગુજરાતમાં અપાય છે. એના માટે જેટલું ગૌરવ લઇએ એટલું ઓછું છે. શિક્ષણની સુવિધા વધે તેના માટેની અનેક પ્રકારની ગ્રાન્ટ આ સરકાર આપી રહી છે. મિશન સ્કૂલ હેઠળ માળખાકીય સુવિધાઓ માટે ૩૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી આ ગુજરાત સરકારે સુવર્ણ કડી ભારતીય જનતા પાર્ટીએ જયારે ચાલુ રાખી છે ત્યારે જે બાળકોમાં છૂપાયેલી શક્તિ છે એને કોઇ કારણસર પોતાની શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ ન મળી શકે તો ધોરણ ૬થી ૧૨માં શ્રેષ્ઠ ગુણવત્તાનું શિક્ષણ વિના મૂલ્યે મળે તેના માટે ૪૦૦થી વધારે જ્ઞાન સેતુ ડી સ્કૂલ બનાવવાનું સરકારે વિચાર્યું છે. દરેક તાલુકે આવી એક સ્કૂલ થશે અને જેટલા હોંશિયાર વિદ્યાર્થીઓ હશે એને આ પ્રકારની વ્યવસ્થા મળવાની છે. રાઇટ ઓફ એજયુકેશન હેઠળ જે બાળકોને પ્રવેશ મળ્યો હોય તેમને ખાનગી શાળામાં અભ્યાસ કરવો પડે તે પ્રતિભાશાળી વિદ્યાર્થીને ૨૦ હજાર રૂપિયા શાળાનું વાઉચર આપવાની નવી શરૂઆત પણ સરકારે કરી છે. ૧૦ રક્ષા સેતુ સ્કૂલની શરૂઆત પણ આ સરકારે આયોજનમાં કરી છે. છેલ્લાં ૩ વર્ષમાં સ્ટાર્ટઅપ એન્જિન ગુજરાતમાં પ્રથમ સ્થાને છે, વિદ્યાર્થીમાં સર્જન ક્ષમતાનો વધારો કરવા માટે ડેવલપમેન્ટ કર્યું છે. ઉચ્ચ શિક્ષણ માટે સંસ્થાની મરામત, બાંધકામ માટે પણ પૂરું બજેટ આપવામાં આવ્યું છે. શિક્ષણ માટે એમ કહી શકાય કે આજની ટેકનોલોજીના જમાનાની અંદર અત્યારે ટેકનોલોજીનો જમાનો છે, તેની સાથે સાયબર ક્રાઇમ અને સાયબર ફ્રોડ જેવા અનેક ગુનાઓ બનતા હોય ત્યારે આપણા ગુજરાતના યુવાનોને પણ એ તરફનું સારું ડેવલપમેન્ટ મળે અને આ ફ્રોડનો ભોગ ન બને તેની જાગૃતિ માટેનું કેન્દ્ર સ્થાપવા માટે પણ સરકારે વ્યવસ્થા કરી છે. આજે ભણવા માટે રાઇટ ઓફ એજયુકેશન હેઠળ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં પાંચ લાખથી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે. આ પ્રવેશની કામગીરી ઓન લાઇન કરવામાં આવી છે. શિક્ષકોની બદલીઓ માટે પણ ઘણા બધા પ્રશ્ન અગાઉ હતા. આજે ઓન લાઇન પોર્ટલ અને મદદ કરવા માટે એમને ડેવલપમેન્ટ કરીને એ કામગીરી થઇ રહી છે. આજે નર્મદા વિભાગની વાત કરું તો એમ કહી શકાય કે પાણી એ દુનિયાની અંદર ૯૭ ટકાથી વધારે પૃથ્વી ઉપર છે. પણ માત્ર ૩ ટકા પાણી પીવાલાયક છે. આવી સ્થિતિમાં સરકાર હંમેશા સિંચાઇના પ્રશ્નો હોય ત્યારે રાજયના ભૂગર્ભ જળના તળ જળવાઇ રહે તે માટેની વ્યવસ્થા માટે પાણીના અછતવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટેની અનેક પ્રકારની યોજનાઓ આજે આ સરકારે કરી છે. આજે મને કહેતા આનંદ થાય છે કે નર્મદા યોજના માત્ર છ હજાર કરોડ રૂપિયાની હતી. જો ટાઇમસર એ યોજના બની ગઇ હોત તો એ યોજનાનો આજે અનેક ક્ષેત્રે લાભ મળી શકતો હોત. ધીમે ધીમે એ યોજના કરતા આજે એ જમાનો આવ્યો કે વર્ષ ૧૯૮૦ કે ૧૯૯૦ના દસકા સુધી એ યોજના આગળ વધી શકી નહોતી. આજે એ નર્મદા યોજના આદરણીય પ્રધાનમંત્રીશ્રીનું જે લક્ષ્ય હતું કે ગુજરાતની અંદર નર્મદા યોજના પૂરી કરવી અને એ યોજનામાં જે પાણી છે એ છેવાડાના માનવી સુધી મળે. તેના કારણે ગુજરાતમાં નર્મદાના નીર આજે છેવાડાના વાવ હોય, બનાસકાંઠા હોય, એમ કહી શકાય કે અમદાવાદના પીવાના પાણી હોય તેવા અનેક ક્ષેત્રે, અનેક જગ્યાએ ગુજરાત સરકાર આપી શકી છે. ગુજરાતમાં નલ સે જલ યોજના ૧૦૦ ટકા પૂરી થાય તેના માટે સરકાર વિચારી રહી છે. મોટા ભાગનો લક્ષ્યાંક પૂર્ણતાના આરે છે. કચ્છ સુધી નર્મદાના નીર પહોંચાડવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે. સૌરાષ્ટ્રની તમામ નદીઓમાંથી આપણે સિંચાઇ કરીએ છીએ. સૌરાષ્ટ્રમાં અનેક ચેકડેમો જોડીને પાણી પહોંચાડ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌની યોજના પૂરી કરી છે તેના લીધે સૌરાષ્ટ્રમાં પાણીની સરસ વ્યવસ્થા થઇ છે. ઉત્તર ગુજરાતમાં પાણીની તકલીફ હતી, ૧૦૦૦ ફૂટે પાણી હતા. દર વર્ષે ૫ મીટર પાણીના તળ નીચા જતા હતા ત્યારે સરકારે ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા પીવાના પાણીની અદ્યતન વ્યવસ્થા કરી છે. ધરોઇ ડેમના માધ્યમથી પણ પાણીના સ્ત્રોત લોકો સુધી પહોંચાડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે જ્યારે રિવરફ્રન્ટ બનતો હતો ત્યારે લોકોને એમ લાગતું હતું કે આટલો મોટો ખર્ચ. આજે અમદાવાદમાં રિવરફ્રન્ટની શોભા ગુજરાતનું ગૌરવ બની ગયેલ છે. આપણા સૌ માટે ગૌરવ લઇ શકાય એવું ગાંધીનગરમાં પણ સાબરમતીથી રિવરફ્રન્ટ બને તેની જાહેરાત આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગિફ્ટ સિટી આપણાં માટે ગૌરવની વાત છે. ગિફ્ટ સિટીના કારણે પરદેશથી બેંકોથી માંડીને અનેક કંપનીઓ આવે છે. ગિફ્ટ સિટીમાં રોજગારી અને સુવિધા પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. દરિયાનું પાણી આગળ વધે નહીં અને ક્ષારવાળું ન થાય તેના માટે પણ ગુજરાત સરકાર યોજના કરે છે. તેના માટે બજેટમાં ૧૪૦૦ કરોડ રૂપિયાથી વધારે ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે પણ નં.૧ છે. રોજગારી ક્ષેત્રે ભૂતકાળમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા. આજે હું ગૌરવ સાથે કહી શકું કે વર્ષ ૨૦૦૨થી માંડીને આજ સુધી ગુજરાત રોજગારી ક્ષેત્રે નં. ૧ છે. આજે વધુમાં વધુ

રોજગારી આપનાર રાજ્ય ગુજરાત છે. ગુજરાતની ઉદ્યોગનીતિ છે તેના કારણે પરદેશથી અનેક લોકો આવે ત્યારે સમગ્ર ભારતમાં અલગ-અલગ રાજ્યની વ્યવસ્થા અને સુવિધાઓ તપાસતા હોય છે. આ મારો જાત અનુભવ રહ્યો છે. બધે ફરતાં ફરતાં બીજાં રાજ્યોનો દાખલો આપી શકે પણ અંતે એમ કહે કે ગુજરાત એ ગુજરાત છે. ગુજરાતમાં જે મળે છે એ ક્યાંય ન મળે. ગુજરાતની પોલિસીમાં નાના ઉદ્યોગો માટે પણ જે વ્યવસ્થા છે. માનનીય કનુભાઇ સાહેબને એટલા માટે અભિનંદન આપવા પડે કે આ બજેટમાં ૧૫૦૦ કરોડ રૂપિયાથી વધારે જોગવાઇ નાના ઉદ્યોગો માટે કે જેમાં ૧૧ લાખથી વધારે લોકો જોડાયેલા છે અને ૭૦ લાખથી વધારે લોકો રોજગારી પ્રાપ્ત કરે છે. તે આપણા માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ભારતની અંદર નાનામાં નાના ઉદ્યોગોમાં પ્રથમ કોઇ રાજય હોય તો આજે ગુજરાત છે એ આપણા માટે ગૌરવ લેવાની વાત છે. વિશ્વમાં જયારે કોરોનાની સ્થિતિ આવી ત્યારે દવાઓ બનાવવાની હતી અને એની અંદર આપણે કોઇકની ઉપર નિર્ભર હતા, માનનીય વડાપ્રધાનશ્રીનું સપનું હતું કે દરેક વસ્તુ છે એ ભારતમાં બને, આત્મનિર્ભર બને એવી અદ્યતન વ્યવસ્થા સાથેનો બલ્ક પાર્ક જયારે કર્યો હોય ત્યારે મને ગૌરવ થાય કે હવે આપણા ગુજરાતનો હરીફાઇમાં નંબર આવે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. નિર્માણના ભાગરૂપે બલ્ક પાર્ક, આખા ભારતની અંદર ત્રણ રાજયોને પાર્ક મળવાના હતા એમાં ગુજરાતનો નંબર લાગ્યો, આજે હું ગૌરવ સાથે કહી શકું કે આવનારા સમયમાં જંબુસરની અંદર બલ્ક પાર્ક બનશે અને વિશ્વના લોકો જોશે કે ભારત આત્મનિર્ભર બનીને દવા ઉત્પાદનમાં સૌથી અગત્યનું સ્થાન મેળવવાનું છે. મારે કહેવું છે કે ગુજરાતમાં પારદર્શકતા છે, હમણાં જ જી.આઇ.ડી.સી.માં કહેવામાં આવ્યું એમ આજે પણ જી.આઇ.ડી.સી.માં પારદર્શકતા છે. તમે એના પોર્ટલ ઉપર ખાલી અરજી કરો અને અરજી કરીને તમે ઘરે બેઠા બેઠા જોઇ શકો આવું આખા ભારતમાં બીજે કયાંય જોવા ના મળે કે એક માણસ એપ્લીકેશન કરે, એની ફાઇલ કયા ટેબલ ઉપર પડી છે, કયા ટેબલથી કયા ટેબલ ઉપર જતા કેટલો સમય પડી રહી એ આખા ભારતમાં ઘેર બેઠાં બેઠાં જોઇ શકાય એવું આપણા રાજયમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર જ કરી શકે અને એમ કહી શકાય કે પારદર્શકતાથી છેક છેલ્લી ઘડી સુધી ઘેર બેઠાં ઓર્ડર આવે ત્યાં સુધી તમે ગૌરવભેર એવું કહી શકો કે આ અદભૂત વ્યવસ્થા આ ગુજરાત સરકારે કરી છે. મારે તો એટલું જ કહેવું છે કે ગુજરાત દિન-પ્રતિદિન આગળ વધી રહ્યું છે, બજેટના ક્ષેત્રે આટલી હરણફાળ ભરતું હોય, ગુજરાતમાં તમામ સેવાઓ જયારે ડેવલપ થતી હોય ત્યારે આજે ગુજરાત એ નંબર-વન તરીકે અનેક ક્ષેત્રે ખૂબ સારી સ્થિતિમાં હોય, પ્રાકૃતિક ખેતીમાં જોડી શકવા માટેનું ગુજરાત હોય, આંતરરાષ્ટ્રીય સોલાર પોલિસીમાં તો એમ કહી શકાય કે આપણા જી.ઇ.બી.ની અંદર આદરણીય કનુભાઇ સાહેબ જાણે છે કે આવનાર સમયમાં આપણે ખૂબ જ વિશાળ ફલક ઉપર સોલારથી વીજળી આપણે ઉત્પન્ન કરવાના છીએ અને આપણું લક્ષ્ય છે એ સન ૨૦૭૦ સુધીમાં ઝીરો પોલ્યુટેડ વીજળી પેદા કરીશું. કોઇપણ પ્રદૂષણ વગર ગુજરાતનું ડેવલપમેન્ટ થશે, વાહનો બેટરીથી ચાલશે, ગુજરાતની આખા વિશ્વએ નોંધ લેવી પડશે, ગુજરાતે એક લક્ષ્ય બનાવ્યું છે કે સન ૨૦૩૦ સુધીમાં આટલું કરીશું અને સન ૨૦૭૦ સુધીમાં આટલું કરીશું. સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ગુજરાતમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ સરદાર વલ્લભભાઇ પટેલની સૌથી ઊંચામાં ઊંચી પ્રતિમા બનાવવાનું નક્કી કર્યું ત્યારે હું પણ ગુજરાત વિધાનસભામાં હતો, આજે ફોરેનના અનેક લોકો જોવા આવે છે, ગુજરાતનું એ ગૌરવ છે અને ગુજરાતના લોકોને રોજગારી મળે છે. શ્રી શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે એ પણ આપણા માટે ગૌરવ છે. ઇન્ડિયા ગેટ ઉપર શ્રી સુભાષચંદ્ર બોઝની જે પ્રતિમા મૂકી છે એ પણ અદભૂત છે એ પણ આપણા માટે ગૌરવની બાબત છે. ભારતની સાચી સંસ્કૃતિ એ અયોધ્યા હોય, કાશી હોય, ઉન યાત્રાધામ હોય, સોમનાથ હોય, દ્વારકા હોય, અંબાજી હોય એવા મંદિરો માટે ગૌરવ લઇ શકાય. હમણાં જ તમે જોયું હશે કે અંબાજીમાં એકાવન શકિતપીઠ એટલે એવું કહેવાય છે કે એક જ દિવસની અંદર તમે એકાવન માતાજીના એકી સાથે દર્શન કરી શકો એ માટે અંબાજીની અંદર હમણાં જ ગુજરાત સરકારે દર્શનની વ્યવસ્થા કરી એના કારણે ચારથી પાંચ લાખ લોકોએ એકી સાથે ગુજરાતની અંદર દર્શન કર્યા છે.આજે જે અંબાજીનો વિકાસ થયો છે એ ખરેખર અહીંયા બેઠેલા બધાનું અને ખાસ કરીને બનાસકાંઠાનું ગૌરવ છે. ૫૧ શક્તિપીઠની વાત આપણા ગૌરવની વાત આપણે ચોક્કસ કરવી જોઇએ. હું કહીશ કે વિશ્વાસનું અટલ એ ગુજરાત છે, અચલ અને અટલ ગુજરાતનું નિર્માણ થયું હોય ત્યારે આવનારા સમયમાં અમારા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે પ્રમાણેનું બજેટ રજૂ કર્યું છે અને એનાથી લોકોને ફાયદો થવાનો છે. આવનારા સમયમાં સરકાર છેવાડાના માનવી સુધી પહોંચશે અને આવનારી ચૂંટણીઓમાં આજે જે સ્થિતિ છે એના કરતાં જંગી બહુમતીથી જીતીને આવીશું એની ચોક્કસપણે મને ખાતરી છે. મહિલા દિવસ નિમિત્તે રાજ્યની તમામ મહિલાઓને એડવાન્સમાં હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૧.૫૬ વાગ્યે પૂરું થતા સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૯૬ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર પટેલ | વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | 171 |
| અનંત પટેલ | નવસારી અને ડાંગ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ હેઠળ ખેડૂતોના પેન્ડિંગ કેસ | 29 |
| | અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી - શિપ કાર્ડ યોજના | 349 |
| | અનુ.જનજાતિ પ્રમાણપત્ર આપવા અને ખરાઇ કરવા બાબત | 47 |
| | ગીર, નેશડામાં વસતા રબારી, ચારણ અને ભરવાડ જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા બાબત | 40 |
| | રાજ્યમાં કંપનીઓ પાસેથી વેટની બાકી વસૂલાત | 228 |
| અનિકેત ગિ. ઠાકર | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | 317 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 60 |
| | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ક્ષેત્રિય નિદર્શનો | 351 |
| | બનાસકાંઠા જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | 283 |
| અનિરૂધ્ધ દવે | કચ્છ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 181 |
| | કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના | 35 |
| | કચ્છ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો | 5 |
| | કચ્છ જિલ્લામાં રાયપનીંગ એકમ પેટે સહાય | 367 |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ | 93 |
| | લખપત તાલુકામાં જુથ સુધારણા પાણી પુરવઠા યોજના | 224 |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં ધો.૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવાની યોજના | 371 |
| | છોટા ઉદેપુર જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | 110 |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ | 24 |
| | મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ | 179 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 251 |
| અમૃતજી ઠાકોર | બનાસકાંઠા જિલ્લામાં આત્મહત્યાના બનાવો | 173 |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય માર્ગો પાકા બનાવવા બાબત | 185 |
| | બનાસકાંઠા જિલ્લામાં પાક નુકસાની વળતર | 379 |
| | બનાસકાંઠા જિલ્લામાં પાંજરાપોળ અને ગૌશાળાઓને ફાળવેલ રકમ | 17 |
| | બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ યોજના | 225 |
| અમુલ ભટ્ટ | કર્મચારી / અધિકારીના પેન્શનના પડતર કેસો | 215 |
| | રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ | 108 |
| | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર મહેકમ | 276 |
| અમિત ચાવડા | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | 129 |
| | ૧૧૬ ની નોટિસ પર ચર્ચા કરવા સમય ફાળવવા બાબત | ૪૮ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | 233 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં જંગલી પશુઓના કારણે ખેતીના પાકને થતું નુકસાન | 347 |
| | ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષાના પેપરલીક થવા બાબત | ૧૭૪ |
| | ભરૂચ અને વલસાડમાં પ્રદૂષણની રજૂઆતો / ફરિયાદો | 307 |
| | રાજ્યનું કુલ દેવું | 243 |
| | રાજ્યમાં સિંહોની વસતી ગણતરી | 279 |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | 313 |
| | કેન્દ્ર સરકારનાં જાહેર સાહસોમાં રાજ્યનાં સ્થાનિકોને રોજગાર | ૯૬ |
| | તાપી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ હેઠળના દાવા / અરજીઓ | 11 |
| | નિગમ - બોર્ડ માટે નાણાકીય જોગવાઈ | 118 |

| | | |
|---|---|---|
| | મનરેગા યોજના અન્વયે માનવદિનની રોજગારી | 35 |
| | રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો બાબતે | 113 |
| | રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના | 43 |
| અમિત ઠાકર | અમદાવાદ જિલ્લામાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના | 34 |
| | અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના | 103 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | ૬૫ |
| અમિત શાહ | અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય | 155 |
| | ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક, ૨૦૨૩ | 202 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 66 |
| | અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ - ૨.૦ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન | 349 |
| | અમદાવાદની કેન્સર હોસ્પિટલને નાણાકીય સહાય | 281 |
| અર્જુનભાઇ દે. મોઢવાડિયા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૯૧ |
| | પ્રશ્નોતરી બાબતમાં સભ્યશ્રીઓને સૂચના આપવા અંગે | 247 |
| | સસ્પેન્શન નિયમ મુજબ ન હોવા અંગે | 119 |
| | ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ ન મળવા બાબત | 21 |
| | ટાટા મોટર્સ લી.ની નેનો કારના ઉત્પાદન બાબત | 118 |
| | પ્રીમીક્ષ પેકેટના કોન્ટ્રાકટ બાબત | 116 |
| | રાજ્યમાં સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો | 310 |
| | સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા જમીન માંગણી | 186 |
| | સાંસદ આદર્શ ગ્રામ યોજના માટેની રાજ્યકક્ષાની સમિતિની મળેલ બેઠકો | 39 |
| | પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલ રાજ્યના માછીમારો | 344 |
| | પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ | 386 |
| | રાજ્યમાં ડીપ - સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટ | 103 |
| | રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ - ૨ અને પશુધન નિરીક્ષકની જગ્યાઓ | 45 |
| | નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત | 163 |
| | મહેસાણા જિલ્લામાં પાકા ડામરના રોડ બનાવવાની કામગીરી | 182 |
| | રાજ્યમાં એમબીબીએસ કોલેજોમાં ફીનું ધોરણ | 303 |
| | રાજ્યમાં સરકારી પોલીટિકનિક કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | 266 |
| | પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબ માટે સહાય | 382 |
| | રાજ્યમાં વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા | 231 |
| | પોરબંદર જિલ્લામાં સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરતા ઇસમો | ૨૪૨ |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં આંતરીક પેયજળ યોજના | ૨૩૭ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૩૪ |
| | ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળસંગ્રહના કામો | 371 |
| | ભરૂચ જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | 96 |
| | રાજ્યની પુન:પ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા | 264 |
| અરવિંદ પટેલ | અરવલ્લી જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના | 367 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 254 |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો | 217 |
| | વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત | 180 |
| | વલસાડ જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | 110 |

| | | |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં પશુ દવાખાનાનું મહેકમ | 22 |
| અરવિંદ રાણા | સુરત જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય | 25 |
| | સુરત શહેરમાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ | 362 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 253 |
| અરવિંદભાઇ લાડાણી | જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી | 238 |
| | જૂનાગઢ જિલ્લામાં બિન-વારસી ગૌ-વંશ પશુઓને સહાય | 390 |
| | જૂનાગઢ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | 105 |
| | જૂનાગઢ જિલ્લામાં લમ્પી વાયરસના કારણે થયેલ પશુઓના મૃત્યુ સંબંધમાં વળતર બાબત | ૪૪ |
| | માણાવદર તાલુકામાં નવા નાળા, પુલીયા કે સીસીડીપ બનાવવાની કાર્યવાહી | 187 |
| | જૂનાગઢ જિલ્લામાં ખેતરોની તારની ફેંસિગ સહાય | 378 |
| | જૂનાગઢ જિલ્લામાં ગાય આધારિત ખેતી માટે ખેડૂત સહાય | 385 |
| | જૂનાગઢ જિલ્લામાં મગફળી અને કપાસના પાક વિમાના વળતર બાબત | 38 |
| | જૂનાગઢ જિલ્લામાં વાડા કબજા કરવાની પડતર અરજીઓ | 167 |
| | જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | 15 |
| | માણાવદર તાલુકાના ગામોના રસ્તાઓને નોન પ્લાનમાંથી પ્લાનમાં ફેરવવા બાબત | 183 |
| | માણાવદર તાલુકાના ચેકડેમો અને તળાવો ભરવાની મંજૂરી | 243 |
| અલ્પેશ ઠાકોર | એફ. એસ. એલ. દ્વારા બાયોડીઝલને લગતાં કેસોનું પૃથક્કરણ | 172 |
| | ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ સહાય | 353 |
| | ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ માટેની સહાય યોજના | 12 |
| | ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | 109 |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ અનાજ વિતરણ | 211 |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજ જોડાણો | ૨૨૯ |
| | નવસારી જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત | 164 |
| | નવસારી જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય | 351 |
| ઇમરાન ખેડાવાલા | કેન્દ્ર સરકાર તરફથી અલ્પસંખ્યકોના કલ્યાણ માટે ગ્રાન્ટની ફાળવણી | 113 |
| | અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલ ચાલુ કરવા બાબત | ૩૦૬ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ | 240 |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં બાળમજૂર બાબતે | 117 |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં મધ્યાહન ભોજન કેન્દ્રો | 356 |
| | અમદાવાદના કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી દૂષિત પાણી પૂરું પાડવા બાબત | 183 |
| | જી.એસ.ટી. ની ચોરી અંગેની તપાસ | 216 |
| | ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદો | 383 |
| | ધો-૧૦ અને ધો-૧૨ના પરીક્ષાર્થીઓને રાજ્ય સરકાર તરફથી પાઠવવામાં આવતા શુભેચ્છા પત્રો | 39 |
| | રાજ્યમાં કોવેક્સીનના બુસ્ટર ડોઝની માંગણી | ૨૭૧ |
| | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને ગ્રાન્ટની ફાળવણી | 94 |
| | ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩ | 201 |
| | ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, ૨૦૨૩ | 203 |
| | ગુજરાત રોજગારી બાંયધરી વિધેયક, ૨૦૨૩ | 201 |
| | પીરાણા ખાતે કોમન એફ્લ્યુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | 166 |
| | રાજ્યના ખેત પેદાશોના મૂલ્યનિર્ધારણ પંચ-દ્વારા લઘુત્તમ ટેકાના ભાવની દરખાસ્ત કરવા બાબત | 386 |
